શ્રી ઋષિકેશ ગ. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક રીતે નબળા હોય, આર્થિક રીતે સક્ષમ ના હોય એવા લોકો માટેની આ યોજના છે અને કુટુંબની વાર્ષિક આવક ત્રણ લાખ રૂપિયા કરતા ઓછી હોય એવા અને જેમની પાસે કાચું પાકું મકાન હોય એવા લોકોને ૩૦ ચોરસ મીટર સુધી આપણે આ સહાય આપીએ છીએ અને આવાસના બાંધકામ માટે કેન્દ્ર સરકારના દોઢ લાખ અને ગુજરાત સરકારના બે લાખ એમ કુલ મળીને સાડા ત્રણ લાખ રૂપિયાની મદદ આપણે એમને કરીએ છીએ જેથી એ પોતાના ઘરના ઘરમાં રહી શકે અને સન ૨૦૧૫માં હાઉસિંગ ફોર ઓલ, દરેકના માથે છત હોય એનો દઢ વિશ્વાસ અને સંકલ્પ આદરણીય મોદી સાહેબે કર્યો હતો અને એમાં ગુજરાત સરકારે વધુમાં વધુ જે મહત્તમ ફાળવણી થઇ છે એનો વધુમાં વધુ ઉપયોગ કર્યો છે અને આ તમામ રૂપિયા આપણે ડીબીટીથી ખાતામાં આપીએ છીએ એટલે વચ્ચે કોઇ જ નહીં, તમામ રૂપિયા જે લાભાર્થી હોય એના ખાતામાં ત્રણ તબક્કામાં આ રૂપિયા આપણે પહોંચાડીએ છીએ.

અધ્યક્ષશ્રી : આમાં પેટા પ્રશ્ન કોઇને પૂછવો હોય તો પૂછી શકશે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૨માં ગુજરાતમાં કોઇપણ ઝૂંપડામાં નહીં રહે એમ કરીને સરવે કરવામાં આવ્યો હતો અને એ વખતે ૫૦ લાખ કુટુંબો કાચા મકાનમાં, ઝૂંપડામાં રહે છે એવો સરવે થયો હતો. આજે સન ૨૦૨૪માં પણ આપણે પૂરા મકાન આપી શકયા નથી ત્યારે માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી એમાંથી એટલું જ પૂછવું છે કે શહેરી વિસ્તારમાં આપણે જે સહાય આપીએ છીએ, દોઢ લાખ વત્તા બે લાખ એટલે સાડા ત્રણ લાખ રૂપિયા આપીએ છીએ અને ગ્રામ્ય વિસ્તારમાં જે પ્રધાન મંત્રી આવાસ યોજના છે એમાં ૧ લાખ અને ૨૦ હજાર રૂપિયા સહાય આપવામાં આવે છે. તો શહેરમાં રૂપિયા ૩.૫૦ લાખ અને ગામડામાં રૂપિયા ૧.૨૦ લાખ આપીએ છીએ તો ગામડામાં રેતી, કપચી, સિમેન્ટ, સ્ટીલ વગેરે એટલા જ ભાવે મળે છે?

## તા. ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૪

## ટૂંકી મુદતના પ્રશ્નો

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન માત્ર શહેરી વિકાસ વિભાગનો છે. આપના પ્રશ્નનો જવાબ ગ્રામ વિકાસ મંત્રીશ્રી અથવા પંચાયત મંત્રી આપી શકે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આટલો ભેદભાવ શા માટે કરવામાં આવે છે? બન્નેને સમાન ધોરણે સહાય આપવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે એ બી.એલ.સી. પૂરતો વિષય છે. ચાર કોમ્પોનન્ટ પૈકી એક જ કોમ્પોનન્ટનો આ પ્રશ્ન છે. આથી સ્વભાવિક છે કે આ પ્રશ્ન એની લિમિટમાં આવતો નથી.

ડો. પાયલ મ. કુકરાની : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજ્યમાં અત્યાર સુધી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બેનિફિશિયરી લેડ કન્સ્ટ્રકશન ઘટક અંતર્ગત કુલ કેટલા આવાસો મંજૂર કરવામાં આવેલ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં અત્યાર સુધી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બેનિફિશિયરી લેડ કન્સ્ટ્રકશનમાં કુલ ૧ લાખ ૫૬ હજાર ૯૭૮ આવાસો મંજૂર કર્યા છે. એમાં કુલ રૂપિયા ૪૫૯૫ કરોડની સહાય ફાળવી છે. એમાં રાજ્ય સરકારે રૂપિયા ૨૬૫૬ કરોડનો ફાળો આપ્યો છે અને કેન્દ્ર સરકારે રૂપિયા ૧૯૩૮ કરોડનો ફાળો આ ગરીબોના ઘર બને એના માટે આપ્યો છે. જેથી કરીને હાઉસિંગ ફોર ઓલની યોજના છે એના ૩ કરોડ નવા ઘરો આવતા પાંચ વર્ષમાં આપવાનો પણ કેન્દ્ર સરકારે નિર્ધાર કર્યો છે ત્યારે ગુજરાત પણ આમાં મહત્ત્વનો રોલ પ્લે કરી ગુજરાતમાં બધા જ લોકોને પાકું છત મળે એ દિશામાં આદરણીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર અગ્રેસર છે.

શ્રી યોગેશભાઈ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શહેરોમાં પ્રધાનમંત્રી આવાસ અને અન્ય આવાસો જે લાભાર્થીઓ મેળવે છે ત્યારપછી એ મકાનો ભાડે આપી દે છે એવું મારા ધ્યાનમાં છે. આવા મકાનો ખાલી કરાવવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન સ્કોપ બહારનો છે. પરંતુ આવી બાબતો જ્યાં જ્યાં ધ્યાનમાં આવશે ત્યાં સરકાર કાર્યવાહી કરતી જ હોય છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સ્કોપ બહારનો પ્રશ્ન ન કહેવાય. આ મકાનો બનાવીએ છીએ એ ખાલી પડે અને ભાડે આપે એ સ્કોપ બહારનો નથી. સંલગ્ન પ્રશ્ન છે. આપની પાસે માહિતી હોય તો આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બેનિફિશિયરી લેડ કન્સ્ટ્રકશન ઘટકનો વિષય છે છતાં આમાં જેટલા મકાનો બન્યા છે એ ખાલી રહ્યા હોય અને ભાડે આપ્યા હોય એવો એક પણ કિસ્સો સરકાર સમક્ષ આવ્યો નથી. પરંતુ ક્યાંય ધ્યાનમાં આવશે તો સરકાર ચોક્કસ પગલાં ભરશે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં આર્થિક સરવેના આધારે લાભાર્થીઓ નક્કી કરાતા હોય છે. છેલ્લાં કેટલાય વર્ષોથી આવો આર્થિક સરવે નગરપાલિકા વિસ્તારોમાં થયો નથી. આના કારણે જે ખરેખર ગરીબ છે અને જેને ઘરની જરૂર છે એ લોકો લાભ લઇ શકતા નથી. તો ફરી આર્થિક સરવે કરાવવા સરકાર વિચારી રહી છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જૂના એસ.ઇ.સી.સી.ના ડેટા હતા, આર્થિક સરવે થયો હતો એના આધારે એના ડેટાના આધારે યાદી મંજૂર થાય છે અને એ યાદીમાં જે નામો છે એમને મકાન આપવાનું કામ કરીએ છીએ. નવો સરવે થશે એ વખતે નવી વિચારણા કરવામાં આવશે.

### રાજ્યના ખેડૂતોને ખાતર પૂરતા પ્રમાણમાં મળવા બાબત

15/5/5 **શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા** (હિંમતનગર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૭/૨૦૨૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના ખેડૂતોને ખાતર પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે સરકારે શી કાર્યવાહી કરી છે, | (૧) સિઝનમાં ખાતરની જરૂરીયાત અંગે ખાતા કક્ષાએ ખાતર કંપનીઓ તથા ટેકનીકલ અધિકારીઓ સાથે પ્રિ–સિઝનલ બેઠક કરવામાં આવે છે. |

| સિઝન | બેઠકની તારીખ |
|---|---|
| ખરીફ–૨૦૨૩ | ૦૬/૦૨/૨૦૨૩ |
| રવી–૨૦૨૩ | ૨૮/૦૮/૨૦૨૩ |
| ખરીફ–૨૦૨૪ | ૦૩/૦૨/૨૦૨૪ |

ખાતરની જરૂરીયાત નક્કી કરવા રાજ્ય ખાતર સલાહકાર સમિતિની બેઠક બોલાવવામાં આવે છે અને તે આધારિત સિઝનની માંગણી કેન્દ્ર સરકારશ્રીમાં મોકલવામાં આવે છે.

| સિઝન | બેઠકની તારીખ |
|---|---|
| ખરીફ–૨૦૨૩ | ૧૦/૦૨/૨૦૨૩ |

## ટૂંકી મુદતના પ્રશ્નો

| | |
|---|---|
| રવી–૨૦૨૩ | ૧૨/૦૯/૨૦૨૩ |
| ખરીફ–૨૦૨૪ | ૦૫/૦૨/૨૦૨૪ |

ભારત સરકારશ્રી સાથે સિઝન શરૂ થતા પહેલા ઝોનલ કોન્ફરન્સ થાય તેમાં ખાતરની જરૂરીયાત બાબતે ચર્ચા અને રજૂઆત કરવામાં આવે છે.

| સિઝન | બેઠકની તારીખ |
|---|---|
| ખરીફ–૨૦૨૩ | ૧૫/૦૨/૨૦૨૩ |
| રવી–૨૦૨૩ | ૦૪/૦૯/૨૦૨૩ |
| ખરીફ–૨૦૨૪ | ૦૭/૦૨/૨૦૨૪ |

–સપ્લાયના મોનિટરિંગ માટે ખાતર કંપનીઓ સાથે માસિક સમીક્ષા બેઠક કરવામાં આવે છે.

–ભારત સરકારશ્રી દ્વારા આયોજીત અઠવાડિક વિડિયો કોન્ફરન્સમાં ખાતરની જરૂરીયાત બાબતે સમીક્ષા કરવામાં આવે છે.

– જિલ્લા કક્ષાએ ખેતીવાડી ખાતાના અધિકારીઓ દ્વારા સપ્લાય, જરૂરિયાત અને વિતરણનું મોનિટરિંગ કરવામાં આવે છે.

– ભારત સરકારશ્રી દ્વારા રાસાયણિક ખાતરનો સપ્લાય મુજબનો જથ્થો મેળવી ઓફ સિઝનને અનુરૂપ આગોતરા આયોજન માટે સંગ્રહ કરવામાં આવે છે અને જરૂરિયાતના આંકલન મુજબ જિલ્લા કક્ષાએથી જથ્થો છૂટ્ટો કરવામાં આવે છે.

આ ઉપરાંત ખાસ સંજોગોમાં ખાતર કંપનીઓ સાથે સંકલન રાખવામાં આવે છે અને કેન્દ્ર સરકાર સાથે સંકલન કરવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા યુરીયા અને ડી.એ.પી. ખાતરના કેટલા જથ્થાની માંગણી કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવી અને તેની સામે કેન્દ્ર સરકાર દ્વારા કેટલો જથ્થો મંજૂર કરવામાં આવ્યો? (૨)

| **સિઝન** | **ખાતરનુંનામ** | **કેન્દ્રસરકારસમક્ષકરેલમાંગણી (મેટ્રિક ટન)** | **કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરેલજથ્થો (મેટ્રિક ટન) (સિઝનના ઉઘડતા સ્ટોક સાથે)** |
|---|---|---|---|
| **ખરીફ–૨૦૨૩** | યુરિયા | ૧૨,૭૫,૦૦૦ | ૧૪,૦૦,૮૨૩ |
| | ડી.એ.પી અને અન્ય ફોસ્ફેટીક | ૬,૨૫,૦૦૦ | ૮,૯૦,૧૫૩ |
| **રવી–૨૦૨૩** | યુરીયા | ૧૩,૭૫,૦૦૦ | ૧૫,૨૮,૧૩૪ |
| | ડી.એ.પીઅનેઅન્ય ફોસ્ફેટીક | ૬,૦૦,૦૦૦ | ૮,૩૫,૨૯૩ |
| **ખરીફ–૨૦૨૪** | યુરીયા | ૧૨,૭૫,૦૦૦ | ૧૪,૯૫,૩૨૩ |
| | ડી.એ.પીઅનેઅન્ય ફોસ્ફેટીક | ૬,૪૫,૦૦૦ | ૮,૯૦,૫૨૮ |

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી તથા માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલને અભિનંદન પાઠવું છું કે એમણે રાજ્યને ઓર્ગેનિક તરફ વાળવા માટે નેનો ખાતરનો પહેલો પ્રયોગ કર્યો છે. એ માટે હૃદયપૂર્વક હું ગુજરાત સરકાર અને ભારત સરકારને અભિનંદન પાઠવું છું. મારો પ્રશ્ન છે કે છેલ્લા એક વર્ષમાં રાસાયણિક ખાતરની ગુજરાતને કેટલી જરૂરિયાત હતી? આપણે કેટલી માગણી મૂકી છે અને ભારત સરકાર તરફથી યુરિયા અને નેનો ખાતર અથવા તો ડી.એ.પી. ખાતરનો કેટલો જથ્થો આપણને ઉપલબ્ધ થયો છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પહેલા પ્રશ્નના જવાબમાં જણાવું તો એક વર્ષમાં કુલ ૫૯,૮૨,૦૦૦ મેટ્રિક ટનની માગણી કરવામાં આવેલ અને એની સામે યુરિયા ડી.એ.ટી. અને નેનો યુરિયા અને અન્ય ખાતર મળી કુલ ૬૨,૬૦,૦૦૦ મેટ્રિક ટનનો જથ્થો કેન્દ્ર દ્વારા આપણને પૂરો પાડવામાં આવેલ છે.

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે યુરિયા ખાતર સાથે અન્ય ખાતર ખરીદવાની ફરજ ન પડે એ માટે સરકારે શું વ્યવસ્થા કરી છે અને એ માટે શું આદેશ કરેલા છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, યુરિયા ખાતરની સાથે ફરજિયાતપણે જે ખેડૂતોને જરૂરિયાત નથી એવા ખાતરો ખાતર વિક્રેતા દ્વારા ફાળવવામાં ન આવે એના માટે ખાતર કંપનીઓ સાથે મીટિંગ યોજીને સૂચના આપવામાં આવી

છે અને જરૂર પડે જો કોઇ ફરજિયાતપણે આવી પ્રવૃત્તિ કરતું હશે તો એનું લાઇસન્સ રદ કરવા સુધીની કાર્યવાહી હાથ ધરવાનું સરકાર વિચારી રહી છે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જયારે રાજયની અંદર ખેડૂતોના હિત માટેની સરકાર છે, કેન્દ્રમાં પણ માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્ત્વમાં સતત ખેડૂતોના હિત માટેના નિર્ણય લેવાઇ રહ્યા છે અને ગુજરાતની અંદર ઇશ્વરની કૃપાથી વરસાદ પણ ખૂબ સારો છે એટલા માટે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પ્રકારે ખેડૂતને સમયાંતરે આ સિઝનમાં ખાતરની જરૂરિયાત ઊભી થાય છે તો ખેડૂતોને સમયસર ખાતર સરળતાથી મળી રહે એ માટે શું વ્યવસ્થા કરી છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે છેલ્લા એક વર્ષમાં રાજયમાં ખાતરની જે જરૂરિયાત છે એના કરતા પણ કેન્દ્ર સરકારે આપણને વધુ જથ્થો ફાળવ્યો છે અને કયાંય ખાતરની અછત ઊભી થઇ નથી અને ખેડૂતોને સમયસર ખાતર મળી રહે એના માટેની તમામ વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો રાજયમાં ખેડૂતોને સરળતાથી ખાતર મળી રહે એના માટે ૧૭ જેટલી મુખ્ય ખાતર વિતરણ સંસ્થાઓ જેવી કે ગુજકોમાસોલ, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી. વગેરે મારફત ૮૫૦ થી વધુ હોલસેલર વિક્રેતા મારફત ગુજકોમાસોલ અને ગુજરાત એગ્રો લી.ના ડેપો અને અન્ય મળી કુલ ૯૦૦૦ થી વધુ સહકારી મંડળીઓ તથા ખાનગી ખાતર વિક્રેતા દ્વારા રાસાયણિક ખાતરના વેચાણની વ્યવસ્થા કરવામાં આવેલી છે. આમ રાજયમાં ખેડૂતોને સરળતાથી ખાતર મળી રહે એના માટેની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે યુરિયાની સાથે નેનો યુરિયા કે અન્ય કોઇ યુરિયા કોઇ વિક્રેતા ખેડૂતોને જબરજસ્તીપૂર્વક વેચાણ કરતા હોય તો એવી ફરિયાદ કયાં નોંધાવવાની હોય અને છેલ્લા એક વર્ષમાં આવી કેટલી ફરિયાદ નોંધાઇ છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના પ્રશ્નના જવાબમાં મેં આ ઉત્તર આપી દીધો છે.

**બનાસકાંઠા જિલ્લામાં પાયલોટ પ્રોજેકટ અંતર્ગત દૂધ સહકારી મંડળીઓના ખાતા**

૧૫/૫/૧૬ **શ્રી પ્રવિણકુમાર માળી** (ડીસા):**માનનીય સહકાર મંત્રીશ્રી(રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૦૨૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પાયલોટ પ્રોજેકટ અંતર્ગત દૂધ સહકારી મંડળીઓના ખાતા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક , બનાસકાંઠામાં ખોલાવવામાં આવ્યા છે, તે વાત સાચી છે, અને | (૧) | હા,જી |
| (૨) | જો હા, તો બનાસકાંઠા જિલ્લામાં એપ્રિલ-૨૦૨૩ થી જુલાઇ-૨૦૨૪ સુધીમાં કેટલી દૂધ સહકારી મંડળીઓના નવા ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક , બનાસકાંઠામાં ખોલાવવામાં આવ્યા છે? | (૨) | કુલ- ૬૧૬ દૂધ સહકારી મંડળીઓનાં નવા ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, બનાસકાંઠામાં ખોલાવવામાં આવ્યા છે. |

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૭-૨૦૨૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પાઇલોટ પ્રોજેકટ અંતર્ગત દૂધ સહકારી મંડળીઓના ખાતા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં બનાસકાંઠામાં ખોલવામાં આવ્યા છે એ ખૂબ સારો નિર્ણય લીધો છે તો હું જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં એપ્રિલ-૨૦૨૩થી જુલાઇ-૨૦૨૪ સુધીમાં કેટલી દૂધ સહકારી મંડળીઓના નવા ખાતા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક બનાસકાંઠામાં ખોલવામાં આવ્યા છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા(સહકાર મંત્રીશ્રી (રાજયકક્ષા): માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ સહકારી ક્ષેત્રે જોડાયેલા છો ત્યારે મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે આ પાઇલોટ પ્રોજેકટ એટલે શું? તો એક કો-ઓપરેશન એમાઉન્ટ કો-ઓપરેટિવ આ દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદી સાહેબે જે ફાઇવ ટ્રિલિયન ઇકોનોમીની જયારે વાત કરી છે. ખેડૂતોની આવક બમણી કેવી રીતે થાય અને એના માટે દેશના યશસ્વી ગૃહપ્રધાન શ્રી અમિતભાઇ શાહ સાહેબે એક પાઇલોટ પ્રોજેકટ રૂપે બનાસકાંઠા જિલ્લો અને પંચમહાલ જિલ્લાની અંદર આ પ્રોજેકટને લોંચ કરવામાં આવ્યો.ત્યારબાદ આખા ગુજરાતમાં તમામ

જિલ્લા અને તાલુકા લેવલે અમે કામ કરી રહ્યાં છીએ. જેટલી પણ કો–ઓપરેટિવ સંસ્થાઓ છે, જેટલા પશુપાલકો છે, જેટલી દૂધની ડેરીઓ છે આ તમામે તમામ લોકોના બેન્કના એકાઉન્ટ અને તેમનો બેન્કનો સંપૂર્ણ વ્યવહાર તે ડિસ્ટ્રિક્ટ બેન્કના માધ્યમથી થાય તેના માટેનો એક પાઇલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. બનાસકાંઠાની ૬૧૬ સહકારી મંડળીઓના નવા ખાતાઓ ડિસ્ટ્રિક્ટ બેન્કમાં ખોલવામાં આવ્યા. માત્ર ૬૧૬ ખાતા જ નહીં પણ મને જણાવતાં આનંદ થાય છે અને આ ગૃહના નેતા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ જ્યારે બેઠા છે ત્યારે કહું તો બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં ત્રણ મહિનાની અંદર લગભગ ૪.૫૦ લાખ કરતાં વધારે બેન્ક એકાઉન્ટ તે વખતે ખોલવામાં આવ્યા હતા. તે વખતે લગભગ ૧૨૦૦ કરોડ રૂપિયાની નવી ડિપોઝિટો આવી હતી. આજે આખા રાજ્યની અંદર અમારા શ્રી જયેશભાઇ રાદડીયા બેઠા છે, બીજા ઘણા બધા સહકારી આગેવાન મિત્રો બેઠા છે ત્યારે કહું તો લગભગ ૨૨ લાખ જેટલા નવા બેન્ક એકાઉન્ટ ખોલ્યા છે અને સાડા છ હજાર કરોડ રૂપિયાની નવી ડિપોઝિટો તે બેન્કોમાં જમા થઇ છે. આ જ કહી આપે છે કે, સહકારી ખાતું માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિઝનથી અને દેશના યશસ્વી ગૃહપ્રધાન અને સહકારપ્રધાનની લીડરશિપથી ચાલી રહ્યું છે તે આખા દેશમાં સૌથી મજબૂત માળખું ગુજરાતમાં પારદર્શક રીતે ચાલી રહ્યું છે. તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખ–લાખ અભિનંદન પાઠવું છું.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતની અંદર અને તેમાંય ખાસ કરીને બનાસકાંઠાની અંદર સહકારી માળખાની વાત કરી તેમાં માનનીય અમિતભાઇ શાહ સાહેબ સહકારિતા મંત્રી તરીકે આવ્યા ત્યારથી માંડીને સહકારી માળખાની જેટલી સંસ્થાઓ છે તેની ડિપોઝિટ, તેના એકાઉન્ટ ડિસ્ટ્રિક્ટ બેન્કોની અંદર ખોલવામાં આવ્યા. તેનાથી ખેડૂતો અને ગામડાંઓનો વિકાસ થાય, ખૂબ મોટી ડિપોઝિટો આવે અને તેનાથી ખેડૂતોને ધિરાણ થાય તેમાં ખૂબ સફળ થયા છીએ. મારે પ્રશ્ન એ પૂછવો છે કે, માર્કેટ યાર્ડો અને તાલુકા સંઘો છે તેના એકાઉન્ટ ડિસ્ટ્રિક્ટ બેન્કમાં ખોલવામાં આવે છે કે કેમ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માવજીભાઇ પણ સહકારી આગેવાન છે. આપણે ત્યાં ૮૫ હજાર જેટલી સહકારી મંડળીઓ છે. આ ૮૫ હજાર સહકારી મંડળીઓ, તમામ દૂધ ડેરીઓ તેમજ સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલ તમામ સભાસદો આ બધા જ લોકો ડિસ્ટ્રિક્ટ બેન્ક સાથે જોડાશે, અર્બન બેન્ક સાથે જોડાવવું હોય તો તે સાથે જોડાશે. આનંદની વાત એ છે કે, દરેકે દરેક ગામડામાં આપણે એક બેન્ક મિત્ર બનાવવાના છીએ અને દરેક ગામને એક માઇક્રો એટીએમ આપવાના છીએ. જયાં ગ્રામ પંચાયત હશે ત્યાં માઇક્રો એટીએમ આપીશું. આપે તો ખૂબ ઝીણવટભરી રીતે આનો અભ્યાસ કર્યો છે. આ ગૃહના નેતા જ્યારે બેઠા છે ત્યારે સભ્યશ્રીઓને જણાવવું છે કે, આ બેન્ક મિત્ર શું કામ કરશે? માઇક્રો એટીએમ શું કામ કરશે? બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ બેન્ક પાલનપુર ખાતે છે. તાલુકા લેવલ સુધીમાં જેટલી બ્રાન્ચો છે તે સિવાય છેવાડાના ગામડાઓ છે ત્યાં દરેકે દરેક ગામની અંદર આપણે બેન્ક મિત્ર આપીશું અને તેને એક માઇક્રો એટીએમ આપીશું. ગામના કોઇપણ વ્યક્તિને પૈસા ઉપાડવા હશે કે જમા કરાવવા હશે તો તે બેન્ક મિત્ર પાસે જશે અને જમા કરાવી શકશે કે ઉપાડી પણ શકશે. ગામના દરેક વ્યક્તિને તાલુકા લેવલ સુધી કે જિલ્લા લેવલ સુધી આવવું નહીં પડે. આ પ્રમાણેની સુવિધા રાજ્ય સરકાર કરી રહી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સહકારી માળખું મજબૂત થાય તે આવકાર્ય છે. જે ગ્રામ્ય વિસ્તારની સાચી પરિસ્થિતિ એવી છે કે, કેટલાય ગામ એવા છે કે જ્યાં નેશનલાઇઝ બેન્કો છે પણ તે ગામમાં સહકારી બેન્કો નથી. આજે આપણે ઝુંબેશ સ્વરૂપે બધા જ ખાતાંને સહકારી બેન્કોમાં લઇ જવાની વાત કરીએ છીએ. જેના ગામમાં નેશનલાઇઝ બેન્ક છે અને તેના ખાતાં ત્યાં ચાલુ છે, તેને પણ ફરજ પાડવામાં આવે છે કે, આ બેન્કના બદલે હવે તમે પાંચ કે દસ કિલોમિટર દૂર સહકારી બેન્કમાં જઇને ખાતું ખોલાવો. બનાસકાંઠાની જ વાત કરીએ તો બેન્કની કુલ કેટલી બ્રાન્ચો છે? અને તેની સામે ગામ કેટલા છે ? તો હું માનું છું કે, ૫થી ૧૦ કિલોમીટર દૂર જઇને ખાતું ખોલાવવુ પડે છે, વ્યવહાર કરવો પડે છે એટલે બેન્ક મિત્ર જે છે તે પ્રેક્ટિકલ જે લોકો સહકારી સંસ્થા સાથે જોડાયેલા છે તેને તેની તકલીફોની ખબર છે. મારે ખાલી એટલું જ માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આપણે અત્યારે આ ઝુંબેશના સ્વરૂપમાં કરીએ છીએ તો પોતાના ગામમાં નેશનલાઇઝ બેન્ક હોય તેમ છતાં તે મંડળીને બાજુના ગામમાં સહકારી બેન્કમાં ખાતું ખોલાવવાની ફરજ પાડવામાં આવે છે તો આ ખાતું ખોલાવવું ફરજિયાત છે કે મરજિયાત છે ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રી અમિતભાઇને અભિનંદન આપીશ કે તેમણે કો–ઓપરેટિવ માટે આટલી ઝીણવટભરી તકેદારી રાખી. શ્રી અમિતભાઇ જે જિલ્લામાંથી આવે છે તે જિલ્લાની કે.ડી.સી.સી.બેન્ક, ખેડા બેન્ક આપણે જેમ સરકારે આખી ઇ–વિધાનસભા કરી છે તેમ ગુજરાત રાજયનું સહકારી માળખું પણ ઇ થઇ રહ્યું છે. લેપટોપ લઇ, આઇપેડ લઇ અને ખેડા ડિસ્ટ્રિક્ટ બેન્કના તેમના જિલ્લાની અંદર બેન્ક મિત્રો જાય છે, ગામની અંદર કોઇ પણ કાગળીયા એ ત્યાં આપે અને ત્યાં અને ત્યાં અમારો કો–ઓપરેટિવ બેન્કનો કર્મચારી સ્કેન કરી લે અને ત્યાં જ તેનો ફોટો પાડી લે એટલે તેનું બેન્ક એકાઉન્ટ ઓપન થઇ જાય છે. તમારી બિલકુલ બાજુની સીટમાં આપણા ઉપાધ્યક્ષ બેઠાં છે. પંચમહાલ ડિસ્ટ્રિક્ટની અંદર એટલું એવું કહેવાતું હતું કે જયારે દેશ આઝાદ થયો ત્યારે જે વિદેશીઓને આપણે સાચવતા હતા, વિદેશથી જે સિગરેટો આવતી હતી, આપણાં કપડાં વિદેશ ધોવા જતાં હતાં અને એ લોકોએ જે આપણા પછાત જિલ્લાઓ કહેવાતા હતા તે જિલ્લાએ સૌથી પહેલું કામ કર્યું છે એટલે મારે આ ગૃહના માધ્યમથી અધ્યક્ષ છે એટલે ઉપાધ્યક્ષને અભિનંદન પાઠવવા છે કે આવા જે છેવાડાના

જિલ્લાઓમાં પણ ઇ–બેન્કિંગનું કામ થઇ રહ્યું છે અને આખા વિશ્વની અંદર સૌથી વધારે જો નેટવર્કીંગ કામ કરતું હોય તો એ ભારતની અંદર ગુજરાતની અંદર થઇ રહ્યું છે. મને જણાવતાં આનંદ થાય છે કે, ૪૩ લાખ કરતા પણ વધારે આ છેલ્લાં છ મહિનામાં કો–ઓપરેટિવ બેન્કના માધ્યમથી ઇ–બેન્કિંગમાં લેવડ–દેવડ થઇ છે. એટલે ૧૮ કિલોમીટર દૂર હોય કે ૮ કિલોમીટર દૂર હોય. સાથે સાથે મારે કહેવું છે કે ઝીરો ઇન્ટરેસ્ટ પણ આ મારી કો–ઓપરેટિવ બેન્કો આપી રહી છે. પ્રાઇવેટ બેન્કોની અંદર જે માનનીય ખેડૂતો છેતરાય છે અને દેશના યશસ્વી ગૃહમંત્રી અને સહકાર મંત્રી એ બનાસકાંઠાના સામાન્ય ગામડામાં જાય છે જે આપણે કાર્ડ આપ્યું છે તે કાર્ડ આપેલી બહેનો એ કઇ રીતે કાર્ડ વાપરે છે, કઇ રીતે કાર્ડ સ્કેચ કરે છે, પૈસા રસ્તામાં લૂંટી જાય, પૈસાનો હિસાબ ખોટો આપે, છેતરી જાય એવું નહીં, પણ ગજવામાંથી કાર્ડ કાઢે એટલે પેલી બહેન વહેવાર કેવી રીતે કરે છે, તેને કોઇ મુશ્કેલી પડે છે કે કેમ? આની ઝીણવટભરી તપાસ અધ્યક્ષશ્રીની હાજરીમાં, ઉપાધ્યક્ષશ્રી, મેં અને માનનીય અમિતભાઇ સાહેબે જોયું છે કે બહેન જાય કે મારે સાબુ લેવો છે, સેમ્પુ લેવું છે, દવા લેવી છે તો તરત જ તે કાર્ડ સ્કેચ કરાવે છે અને તેના પૈસા કપાય છે અને તેના જ મોબાઇલમાં ઓટીપી આવે છે. આ તમામે તમામ ટ્રાન્સફરન્સી વાળા વહેવારો એ ગુજરાતની કો–આપરેટિવ બેન્કમાં થઇ રહ્યા છે. આ દેશનું પ્રથમ મૉડેલ એવું છે એટલે કોઇને દૂર જવાની જરૂર નથી. તમારા ગામની અંદર પણ માઇક્રો એટીએમ આવશે અને આ ૧૮૨–૧૮૨ના સભ્યશ્રીઓના મતદારોને આનો લાભ મળવાનો છે.

અધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, તમે બાજુમાં પૂછી લેશો તો પણ મળી જશે.

શ્રી અમિત ચાવડા : તેમણે એમ કહ્યું કે આવું પૂછો.

અધ્યક્ષશ્રી : એમની પાસેથી ઘણું બધુ શીખવા જેવું છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન એટલો જ હતો કે શ્રી જગદીશભાઇને મારે કહેવું છે હું વીસ વર્ષથી એ જ બેન્કનો ડાયરેકટર છું અને શું હકીકત છે તે જાણું છું, એટલે લોકોને તકલીફ ના પડે એટલી લાગણી છે, એટલે હાલ પૂરતી જયાં સુધી આપણે બ્રાન્ચો ના વધારીએ, સ્ટાફ ના વધારીએ, માઇક્રો એટીએમ ના આપીએ ત્યાં સુધી તમે ખાતા ફરજિયાત શિફ્ટ કરાવો છો એનાથી જે તકલીફ પડે છે. રોજીંદો દૂધ ભરનાર હોય એ તો એક દિવસના પૈસા ભરાય અને બીજા દિવસે તેને ઉપાડવા હોય છે તો એટલા માટે મેં એમ કહ્યું કે ફરજિયાત છે કે નથી એટલું જ જાણવું છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અમિતભાઇની વાત એટલી જ છે કે દૂર પડે છે. દરેકે દરેક ડિસ્ટ્રિકટ બેન્કને શ્રી જયેશભાઇ બેઠાં છે રાજકોટ જવાનું થયું, માનનીય અધ્યક્ષશ્રી, આપને ત્યાં પંચમહાલમાં બધી જ જગ્યાએ આપણે જેટલી પણ એપીએમસી છે જેટલી પણ આપણે એવું કહેવાય એક્સ્ટેન્શન આપવાની પણ સુવિધા આપણે કરી છે અને આખા રાજ્યમાંથી એક પણ ફરિયાદ મળી હોય એવું નથી. ૧૮ જિલ્લાઓમાં મારો વ્યક્તિગત પ્રવાસ થયો છે. અમારા અધિકારી/સચિવશ્રીઓનો પણ પ્રવાસ થયો છે અને ૨૫૧ તાલુકાઓમાં પણ આ પ્રમાણે માઇક્રો પ્લાનિંગ થયું છે. કોઇ પણ વ્યક્તિને કોઇ પણ પ્રકારની મુશ્કેલી પડે એ શક્ય નથી.

અધ્યક્ષશ્રી : માનનીય ઉપાધ્યક્ષશ્રીને એમના નામનો ઉલ્લેખ થયો એના માટે એક ક્લૅરિફિકેશન કરવું છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇએ ''મેં કહ્યું છે'' એમ કરીને જે ઉલ્લેખ કર્યો છે એ તદ્દન ખોટી વાત છે. આવું કંઇ મેં કહ્યું નથી. મેં એમને એવું કહ્યું કે, ''દરેક જગ્યાએ આઉટ સાઇડ એ.ટી.એમ. મૂકવા માટેની યોજના છે અને દરેક દૂધ મંડળીને માઇક્રો એ.ટી.એમ. આપીને દરેક દૂધ મંડળીના તમામ ગ્રાહકોને કોઇ પણ જાતની તકલીફ ના પડે એવી વ્યવસ્થા સરકારશ્રી તરફથી કરવામાં આવી છે.''

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાઇલટ પ્રોજેક્ટ અંતર્ગત કેટલા માઇક્રો એ.ટી.એમ. સ્થાપવામાં આવ્યા છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, દેશના યશસ્વી સહકાર મંત્રીની લાગણી છે કે દરેક ગામમાં માઇક્રો એ.ટી.એમ. પહોંચવું જોઇએ. બેંકના માધ્યમથી જેટલી પણ રજૂઆતો આવી છે એમાં અત્યાર સુધી આખા રાજ્યમાં ૭૮૦૦ જેટલા એ.ટી.એમ. કાર્યરત થઇ ચૂક્યા છે. આ વિષય કો–ઓપરેટિવનો છે પણ દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદી સાહેબ અને સહકાર મંત્રી માનનીય અમિતભાઇનો આભાર એટલા માટે માનીશ કે એમણે કો–ઓપરેટિવના મૉડલને અભિનંદન આપતા આપણા જ ગૃહના એક સભ્યને નાફેડના ચૅરમૅન બનાવ્યા છે અને એ બદલ એમને પણ અભિનંદન પાઠવું છું. આગામી દિવસોમાં રાજ્યની તમામ પંચાયતોમાં માઇક્રો એ.ટી.એમ. પહોંચી જશે.

શ્રાવણ ૩૦, ૧૯૪૬ શાકે

## ટૂંકી મુદતના પ્રશ્નો

### બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં વિદેશમાં રહી પગાર મેળવતા શિક્ષકો

15/5/26 **શ્રી** કાન્તિભાઈ કા. ખરાડી**(**દાતા) **: માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે **:**

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૧૦-૦૮-૨૦૨૪ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા છ માસમાં વિદેશમાં રહી સરકારનો પગાર મેળવતાં હોય તેવા સરકારી પ્રાથમિક શાળાઓ તથા સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કેટલા શિક્ષકો ધ્યાને આવ્યા, | (૧) 'પત્રક-૧' મુજબ |
| (૨) ઉકત શિક્ષકો કેટલા સમયથી વિદેશમાં હોવા છતાં પગાર લેતાં હોવાનું સામે આવ્યું, અને | (૨) 'પત્રક-૨' મુજબ |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત શિક્ષકો સામે શી ખાતાકીય તેમજ અન્ય કાર્યવાહી કરવામાં આવી ? | (૩) 'પત્રક-૩' મુજબ |

પત્રક-૧

| જિલ્લો | તાલુકો | વિદેશમાં રહેનાર **સરકારી પ્રાથમિક** શિક્ષકોની સંખ્યા | વિદેશમાં રહેનાર **સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક** શિક્ષકોની સંખ્યા | વિદેશમાં રહેનાર **ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક** શિક્ષકોની સંખ્યા | તે પૈકી પગાર લીધેલ શિક્ષકો |
|---|---|---|---|---|---|
| બનાસકાંઠા | કાંકરેજ | **૨** | વિદેશમાં રહેનાર સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની સંખ્યા શૂન્ય (૦) છે. | ૦ | ૦ |
| | દાંતા | **૩** | | **૧** | ૦ |
| | દિયોદર | **૨** | | ૦ | ૦ |
| | ધાનેરા | **૨** | | ૦ | ૦ |
| | ભાભર | **૧** | | ૦ | ૦ |
| | વાવ | **૧** | | ૦ | ૦ |
| | થરાદ | **૧** | | ૦ | ૦ |
| પાટણ | પાટણ | **૩** | | ૦ | ૦ |
| | સરસ્વતી | **૧** | | ૦ | ૦ |
| | સિધ્ધપુર | ૦ | | ૦ | ૦ |
| | ચાણસ્મા | **૧** | | ૦ | ૦ |
| | હારીજ | ૦ | | ૦ | ૦ |
| | સમી | **૧** | | ૦ | ૦ |
| | શંખેશ્વર | ૦ | | ૦ | ૦ |
| | રાધનપુર | **૧** | | ૦ | ૦ |
| | સાંતલપુર | ૦ | | ૦ | ૦ |

## તા. ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૪
## ટૂંકી મુદતના પ્રશ્નો

પત્રક–2

| જિલ્લો | તાલુકો | **વિદેશમાં રહેનાર સરકારી પ્રાથમિક શિક્ષકોની સંખ્યા** | વિદેશ ગયેલ હોવાની તારીખ | તે પૈકી પગાર લીધેલ શિક્ષકો | **વિદેશમાં રહેનાર ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની સંખ્યા** | વિદેશ ગયેલ હોવાની તારીખ | તે પૈકી પગાર લીધેલ શિક્ષકો |
|---|---|---|---|---|---|---|---|
| બનાસકાંઠા | કાંકરેજ | **૧** | ૧૦/૧૨/૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | **૧** | ૧૫/૦૨/૨૦૨૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| | દાંતા | **૧** | ૦૧/૦૧/૨૦૨૪ | ૦ | **૧** | ૦૪/૦૬/૨૦૨૩ | ૦ |
| | | **૧** | ૦૬/૦૬/૨૦૨૩ | ૦ | | | |
| | | **૧** | ૧૮/૦૬/૨૦૨૩ | ૦ | | | |
| | દિયોદર | **૧** | ૨૨/૦૭/૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | **૧** | ૦૧/૦૨/૨૦૨૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ધાનેરા | **૧** | ૨૫/૦૭/૨૦૨૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | **૧** | ૧૦/૦૭/૨૦૨૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ભાભર | **૧** | ૦૭/૧૨/૨૦૨૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| | વાવ | **૧** | ૧૦/૧૧/૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| | થરાદ | **૧** | ૦૪/૦૯/૨૦૨૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| પાટણ | પાટણ | **૧** | ૧૩/૦૬/૨૦૨૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | **૧** | ૧૩/૦૭/૨૦૨૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | **૧** | ૨૬/૦૭/૨૦૨૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| | સરસ્વતી | **૧** | ૦૭/૦૮/૨૦૨૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| | સિધ્ધપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ચાણસ્મા | **૧** | ૨૨/૦૭/૨૦૨૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| | હારીજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | સમી | **૧** | ૧૪/૦૬/૨૦૨૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| | શંખેશ્વર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | રાધનપુર | **૧** | ૧૨/૦૮/૨૦૨૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| | સાંતલપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **વિદેશમાં રહેનાર સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની સંખ્યા શૂન્ય (૦) છે.** | | | | | | | |

પત્રક–3

## ટૂંકી મુદતના પ્રશ્નો

| જિલ્લો | તાલુકો | વિદેશમાં રહેનાર શિક્ષકોની સંખ્યા | વિદેશ ગયેલ હોવાની તારીખ | તે પૈકી પગાર લીધેલ શિક્ષકો | ઉક્ત શિક્ષકો સામે ખાતાકીય તેમજ અન્ય કરેલ કાર્યવાહીની વિગત |
|---|---|---|---|---|---|
| **સરકારી પ્રાથમિક શિક્ષકોની મહિતી** | | | | | |
| બનાસકાંઠા | કાંકરેજ | ૧ | ૧૦/૧૨/૨૦૨૨ | ૦ | આખરી નોટિસ આપવામાં આવેલ છે. |
| | | ૧ | ૧૫/૦૨/૨૦૨૩ | ૦ | આખરી નોટિસ આપવામાં આવેલ છે. |
| | દાંતા | ૧ | ૦૧/૦૧/૨૦૨૪ | ૦ | કારણદર્શક નોટિસ આપેલ છે. |
| | | ૧ | ૦૬/૦૬/૨૦૨૩ | ૦ | આખરી નોટિસ આપવામાં આવેલ છે. |
| | | ૧ | ૧૮/૦૬/૨૦૨૩ | ૦ | આખરી નોટિસ આપવામાં આવેલ છે. |
| | દિયોદર | ૧ | ૨૨/૦૭/૨૦૨૨ | ૦ | રાજીનામુ મંજૂર કરેલ છે. |
| | | ૧ | ૦૧/૦૨/૨૦૨૩ | ૦ | રાજીનામુ મંજૂર કરેલ છે. |
| | ધાનેરા | ૧ | ૨૫/૦૭/૨૦૨૩ | ૦ | આખરી નોટિસ આપવામાં આવેલ છે. |
| | | ૧ | ૧૦/૦૭/૨૦૨૩ | ૦ | આખરી નોટિસ આપવામાં આવેલ છે. |
| | ભાભર | ૧ | ૦૭/૧૨/૨૦૨૩ | ૦ | કારણદર્શક નોટિસ આપવામાં આવેલ છે. |
| | વાવ | ૧ | ૧૦/૧૧/૨૦૨૨ | ૦ | ૨૦૦૬ના ઠરાવ અન્વયે ફરજિયાત રાજીનામુ ગણેલ છે. |
| | થરાદ | ૧ | ૦૪/૦૯/૨૦૨૩ | ૦ | કારણદર્શક નોટિસ આપવામાં આવેલ છે. |
| પાટણ | પાટણ | ૧ | ૧૩/૦૬/૨૦૨૪ | ૦ | NOC મેળવી વિદેશ પ્રવાસ ગયેલ છે. ૮૯ દિવસની મર્યાદા પૂર્ણ થયેલ ન હોઇ કાર્યવાહી કરવાની રહેતી નથી. |
| | | ૧ | ૧૩/૦૭/૨૦૨૪ | ૦ | |
| | | ૧ | ૨૬/૦૭/૨૦૨૪ | ૦ | |
| | સરસ્વતી | ૧ | ૦૭/૦૮/૨૦૨૪ | ૦ | |
| | સિધ્ધપુર | ૦ | ૦ | ૦ | |
| | ચાણસ્મા | ૧ | ૨૨/૦૭/૨૦૨૪ | ૦ | |
| | હારીજ | ૦ | ૦ | ૦ | |
| | સમી | ૧ | ૧૪/૦૬/૨૦૨૪ | ૦ | |
| | શંખેશ્વર | ૦ | ૦ | ૦ | |
| | રાધનપુર | ૧ | ૧૨/૦૮/૨૦૨૪ | ૦ | |
| | સાંતલપુર | ૦ | ૦ | ૦ | |
| **સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની મહિતી** | | | | | |
| બનાસકાંઠા | તમામ તાલુકા | ૦ | ૦ | ૦ | ૦ |
| પાટણ | તમામ તાલુકા | ૦ | ૦ | ૦ | ૦ |
| **ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની મહિતી** | | | | | |
| બનાસકાંઠા | દાંતા | ૧ | ૦૪/૦૬/૨૦૨૩ | ૦ | આખરી નોટિસ આપવામાં આવેલ છે. |
| | દાંતા સિવાય અન્ય તમામ તાલુકાની માહિતી શૂન્ય (૦) છે. | | | | |
| પાટણ | તમામ તાલુકા | ૦ | ૦ | ૦ | ૦ |

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી **(**દાતા) : માનનીય અધ્યક્ષશ્રી**,** બનાસકાંઠા અને પાટણ જિલ્લાના શિક્ષણનો પ્રશ્ન છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ મુદ્દો દાંતા તાલુકામાંથી ઊભો થયો છે. દાંતા તાલુકામાં છ માસ કરતાં વધારે સમયથી પગાર લેતાં અને વિદેશમાં રહેતા શિક્ષકો કેટલા છે? એમની ખાતાકીય તપાસ કરાવવા માગો છો કે કેમ? સાથે-સાથે આ શિક્ષકોના નામ જાહેર કરવા માગો છો કે કેમ?

ડો. કુબેરભાઇ ડીંડોર **(**શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી**,** બનાસકાંઠા જિલ્લાના કાંકરેજમાં ૨ શિક્ષકો**,** દાંતામાં ૩ શિક્ષકો**,** દિયોદરમાં ૨ શિક્ષકો**,** ધાનેરામાં ૨ શિક્ષકો**,** ભાભરમાં ૧ શિક્ષક**,** વાવમાં ૧ શિક્ષક**,** થરાદમાં ૧ શિક્ષક એમ કુલ મળીને બનાસકાંઠામાં ૧૨ શિક્ષકોની ગેરહાજરી છે. પાટણમાં ૩ શિક્ષકો**,** સરસ્વતીમાં ૧ શિક્ષક**,** ચાણસ્મા તાલુકામાં ૧ શિક્ષક**,** હારીજમાં ૧ શિક્ષક**,** રાધનપુરમાં ૧ શિક્ષક એમ કુલ મળીને ૭ શિક્ષકની ગેરહાજરી છે. દાંતામાં ઉચ્ચતર માધ્યમિક શાળામાં તા.૪/૬/૨૦૨૩ના રોજ સ્વામી અખંડ આનંદ ઉચ્ચતર માધ્યમિક શાળા**,** હડાદથી ૧ શિક્ષક વિદેશ પ્રવાસે છે. માનનીય સભ્યશ્રીનું કહેવું છે કે જે શિક્ષકો ગેરહાજર છે એમને પગાર ચૂકવવામાં આવ્યો છે. જે શિક્ષકો ગેરહાજર છે એ પૈકી એક પણ શિક્ષકને આપણે પગાર ચૂકવ્યો નથી. તેઓ રજા મૂકીને ગયા છે. એમણે 'સજા કરવા માગો છો કે કેમ?'' એવી બાબત કહી છે. કાંકરેજના એક શિક્ષકને આખરી નોટિસ આપવામાં આવેલ છે. સાથે બીજા શિક્ષકને પણ આખરી નોટિસ આપવામાં આવેલ છે. તે નોટિસ અમને પરમ દિવસે મળી એટલે ગ્રાહ્ય રાખી નથી. ગઇ કાલે બનાસકાંઠાના ૬ શિક્ષકોને બરતરફ કર્યા છે. દિયોદરના ૨ શિક્ષક મિત્રોએ રાજીનામું મોકલી આપ્યું છે અને રાજીનામું મંજૂર કરેલ છે. પાટણ જિલ્લાના ૭ શિક્ષકો નિયમ પ્રમાણે પોતાની પૂરા પગારી**,** અર્ધપગારી અને મળવાપાત્ર રજાઓ મૂકીને એન.ઓ.સી. મેળવી ૯૦ દિવસના વિદેશ પ્રવાસે ગયેલ છે. ૮૯ દિવસ પૂર્ણ થયા બાદ આગળની કાર્યવાહી કરીશું. તેમની સમયમર્યાદા પૂરી થતી ન હોવાથી તેમની સામે કોઇ કાર્યવાહી કરેલ નથી. પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ઉક્ત ગેરહાજર શિક્ષકો પૈકી ૬ શિક્ષકોને ફરજ પરથી બરતરફ કરેલ છે. ૨ શિક્ષકોના રાજીનામા મંજૂર કરેલ છે અને ૪ શિક્ષકો સામે નિયમોનુસાર કાર્યવાહી કરવા માટે લીગલ ઓપિનિયન લઇને આગળની કાર્યવાહી કરવા તેમને નોટિસ આપી છે. તેમને પણ સાંભળવા પડે. આમ**,** કુલ ૧૨ શિક્ષકો છે.

## તા. ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૪

## ટૂંકી મુદતના પ્રશ્નો

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પૂરક પ્રશ્નનો જવાબ મંત્રીશ્રીના અગાઉના જવાબમાં આવી ગયો છે. મીડિયા અને વિપક્ષ દ્વારા કહેવામાં આવતું હતું કે અહીંયા પગાર લે અને વિદેશમાં પણ લે પરંતુ મંત્રીશ્રીએ જવાબમાં કહ્યું છે કે, એક પણને પગાર આપ્યો નથી. તેના માટે હું રાજ્ય સરકાર અને મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વિદ્યા સમીક્ષા દ્વારા રીઅલ ટાઇમ એટેન્ડન્સ અને રીઅલ ટાઇમ મોનિટરિંગનું જે કાર્ય કરવામાં આવેલ છે તેનું કોઇ નક્કર પરિણામ મળેલ છે કે કેમ? વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં ક્યા ક્યા પ્રકારની કામગીરી કરવામાં આવે છે?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થીઓની રીઅલ ટાઇમ એટેન્ડન્સ અને શિક્ષક મિત્રોની હાજરી મેન્યુઅલી અને ઓનલાઇન ભરીએ છીએ. તેમાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર આશીર્વાદરૂપ બન્યું છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતા માટે અને શિક્ષણની ગુણવત્તામાં સુધારો લાવવા માટે નિયમિત હાજરી એક સૌથી મહત્ત્વ પરિબળ છે.

અધ્યક્ષશ્રી : આપ સ્કોપ ઓપન કરી રહ્યા છો એટલે વિદ્યા સમીક્ષાના પ્રશ્ન પૂછી શકાશે. શિક્ષકો પૂરતા જવાબની લિમિટ રાખો.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે પ્રાપ્ત શિક્ષકોની હાજરીના રિપોર્ટના આધારે નિયમોનુસાર કાર્યવાહી કરી સતત ગેરહાજર રહેતા શિક્ષકોને કારણદર્શક નોટિસ આપવાથી લઇને વર્ષ ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૧ આમ દર વર્ષે જ્યારે તા.૩૧/૦૭ એ વધ-ઘટના કેમ્પ કરીએ છીએ. તે સમયે દરેક જિલ્લામાંથી મહેકમ મંગાવતા હોઇએ છીએ. મીડિયામાં આવ્યું એટલે આપણે જાગૃત થયા છીએ તેવું નથી. દર વર્ષે આવી બાબતો ધ્યાને આવતી હોય છે ત્યારે સરકાર અને વિભાગ દ્વારા કાર્યવાહી થતી જ હોય છે. તેના ભાગરૂપે વર્ષ ૨૦૧૯ થી લઇને આજદિન સુધીમાં નિયમોનુસાર સતત કાર્યવાહી કરી છે. ગેરહાજર શિક્ષકોને કારણદર્શક નોટિસ આપીને તેમના ખુલાસા લઇ અત્યાર સુધીમાં આ વિદ્યા સમીક્ષા કેન્દ્રના માધ્યમથી સતત ગેરહાજર રહેતા કુલ-૧૩૪ શિક્ષકો સામે ફરજમાંથી બરતરફી સુધીના વિવિધ પગલાંઓ ભરવામાં આવ્યાં છે. આ દૈનિક ઓનલાઇન હાજરી લેવાનું શરૂ કર્યા બાદ ૮૦ ટકા કરતાં વધુ હાજરી ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. માત્ર હાજરી લઇએ છીએ તેટલું જ નહીં, તેનું આઉટકમ, વિદ્યાર્થીઓનો પ્રોગ્રેસ રિપોર્ટ મળે તે માટેના અમારા પ્રયત્નો છે. રાજ્યના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં અમલમાં મૂકવામાં આવેલી તમામ યોજનાઓ જેવી કે, મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ, નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, મુખ્યમંત્રી જ્ઞાનસેતુ યોજના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના યોજના, જ્ઞાનશક્તિ રેસિડેન્સ સ્કૂલ ઓફ એક્સલન્સ, એન.એમ.એસ. પરીક્ષા માટે સપોર્ટ, વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન લર્નિંગ કન્ટેન્ટ તૈયાર કરીને આપીએ છીએ. જ્ઞાન સહાયક ભરતી માટેનું પોર્ટલ તૈયાર કરવું જેવી અનેક કામગીરી વિદ્યા સમીક્ષા કેન્દ્રના માધ્યમથી કરીએ છીએ.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો એમાં મને એટલા માટે સંતોષ નથી કે આ શિક્ષક દાંતા તાલુકાની પાન્છા પ્રાથમિક શાળામાં ભણાવતા હતા. હકીકત કંઇક અલગ જ છે. આ શિક્ષક વર્ષ ૨૦૧૩થી વિદેશમાં જતા-આવતા હતા. મેં પ્રશ્નમાં આ અંગે તપાસ કરવા માટે કહ્યું છે. વર્ષ ૨૦૧૩ પછી ઘણો સમય વીતી ગયો. શિક્ષક વર્ષમાં એક-બે મહિના આવે છે અને બાકીનો સમયગાળો વિદેશમાં ગાળે છે. એટલું જ નહીં, વર્ષોથી શિક્ષક વિદેશમાં રહેવાથી અભ્યાસ કરતાં નાનાં બાળકોના ભવિષ્ય માટે હું વિનંતી કરવા માગું છું. આપણે મીડિયાના મિત્રોનો આભાર માનવો જોઇએ કે એમણે આ જાહેર કર્યું. આ પછી મેં શિક્ષણ અધિકારીને ફોન પણ કર્યા છે.

અધ્યક્ષશ્રી : સીધા પ્રશ્ન પર આવો.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, મેં પોતે શિક્ષણ અધિકારીને ફોન કર્યા છે. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ઘણી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો હાજર રહેતા નથી. આ શિક્ષકો બહાર રહે છે. આ અંગે તપાસ કરાવવા માંગો છો કે કેમ? અને આ માટે કોઇ શિક્ષાત્મક પગલાં લેવાં માંગો છો કે કેમ?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા છ માસમાં વિદેશમાં રહી સરકારનો પગાર મેળવતા શિક્ષકો અંગે પ્રશ્ન પૂછ્યો છે. એમણે દાંતાનો જે ઉલ્લેખ કર્યો છે એ પાન્છાની પ્રાથમિક શાળા છે. ત્યાંથી જ આ પ્રશ્ન ઉપસ્થિત થયો છે. પટેલ ભાવનાબેન બિનઅધિકૃત રીતે ગેરહાજર રહ્યા હતા અને સદરહું શિક્ષકને તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા કારણદર્શક નોટિસ આપવામાં આવેલ હતી. જે અન્વયે તેમના દ્વારા ખુલાસો રજૂ કરવામાં આવેલ હતો. પરંતુ ખુલાસો ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી દ્વારા શ્રીમતી ભાવનાબેન પટેલને કારણદર્શક નોટિસ આપીને તેમની સામે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા સંયુકત તપાસ સોપવામાં આવેલ અને આ તપાસનો અહેવાલ આવ્યેથી આગળની કાર્યવાહી કરેલ હતી. ગઇકાલે અહેવાલ આવી ગયેલ છે અને એમને બરતરફ કરેલ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠાના દાંતા તાલુકાના પાન્છા ગામમાં શિક્ષિકા ગેરહાજર હતા અને મીડિયાના માધ્યમથી સમગ્ર રાજ્યમાં શિક્ષણ વિભાગ જાગ્યું છે. વર્ષ ૨૦૧૩માં શિક્ષિકા વિદેશ ગયેલા હતા અને આજે વર્ષ ૨૦૨૪ ચાલુ છે. આવા રાજ્યમાં ૧૭૬ કરતાં પણ વધારે શિક્ષકો છે જે વિદેશ પ્રવાસે ગયા છે. સ્વાભાવિક છે કે, કોઇ શિક્ષક વિદેશ પ્રવાસે જાય તો ૯૦ દિવસની રજા ડી.ઓ. સમક્ષ મૂકતા હોય છે. ૯૦ દિવસની રજા પર કોઇ શિક્ષક ગયા હોય તો

ડી.ઓ.માં એનો રેકોર્ડ હોય. આ શિક્ષિકા ૯૦ દિવસ કરતાં પણ વધારે દિવસ વિદેશમાં રહેલા છે અને મીડિયાના માધ્યમથી વર્ષ ૨૦૧૩નો શિક્ષકનો દાખલો ઉજાગર થાય તો ગુજરાતમાં આવા ૧૭૬ શિક્ષકો છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, સમગ્ર રાજ્યમાં આવા  વિદેશ ગયેલા કેટલા શિક્ષકો છે? અને આ શિક્ષકો સામે શું કાર્યવાહી કરવામાં આવી? આજે રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ છે. ખાસ કરીને *(xxx) ગણિત–વિજ્ઞાનના શિક્ષકો વિદેશ પ્રવાસમાં છે તો ગુજરાતનાં બાળકોના ભણતરનું શું? અધિકારીઓના ધ્યાનમાં હોવા છતાં પણ આ અધિકારી સામે કેમ પગલાં લેવામાં આવેલ નથી? અને સરકારશ્રી આવા અધિકારીઓ સામે પગલાં લેવા માંગે છે કે કેમ?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી કે, વર્ષ ૨૦૧૩થી શિક્ષક ગેરહાજર છે એ તદ્દન ખોટી વાત છે. વિદેશ પ્રવાસમાં હોય તેવા માત્ર ૬૦ શિક્ષકો છે. વર્તમાન દૈનિક પત્રોમાં આ બાબત આવી એ સાચી વાત છે પણ આ સતત ચાલતી પ્રક્રિયા છે. આ બાબત વર્તમાનપત્રોમાં અને પ્રિન્ટ મીડિયામાં આવી છે. દર વર્ષે જ્યારે વધ–ઘટના ક્લેઇમ થતા હશે ત્યારે વિભાગની બાબતો ધ્યાન પર આવે છે. અમે એ દિશામાં કામગીરી કરી રહ્યા છીએ. વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે શિક્ષકોની પ્રાપ્ત થયેલ ઓનલાઇન હાજરીના રિપોર્ટના આધારે વર્ષ ૨૦૧૯થી વર્ષ ૨૦૨૨ દરમિયાન ગેરહાજર શિક્ષકોની માહિતીનો ડેટા લેવામાં આવે છે. સદર ગેરહાજર શિક્ષકોની માહિતીનો એનાલીસીસ કરીને તે અંગેની વિગતો સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને નિયમોનુસારની કાર્યવાહી કરવા મોકલી આપવામાં આવે છે. જેમાંથી બિનઅધિકૃત ગેરહાજર અને વિદેશ પ્રવાસના કારણે ગેરહાજર રહેલા ૧૩૪ શિક્ષકોની સામે નિયમોનુસારની કાર્યવાહી કરી, આપણે ફરજમાંથી બરતરફ કર્યા છે.

આપે ચાલુ વર્ષની વાત કરી તો ચાલુ વર્ષે સમગ્ર રાજ્યમાં જિલ્લા નગર શિક્ષણ સમિતિમાં વર્ષ ૨૦૨૩–૨૪થી વર્ષ ૨૦૨૪–૨૫માં ત્રણ માસ કે તેથી વધુ સમયથી ગેરહાજર રહેલ હોય તેવા શિક્ષકોની વિગતો મેળવવામાં આવેલ. આપશ્રી જે ૧૭૫ની વાત કરો છો એમાં બિન અધિકૃત ગેરહાજર હોય તેવા ૭૦ શિક્ષકો અને વિદેશ પ્રવાસના કારણે ગેરહાજર હોય તેવા ૬૦ શિક્ષકો એમ કુલ ૧૩૦ શિક્ષકોની સામે નાણા વિભાગના તારીખ ૦૧/૧૨/૨૦૦૬ના જાહેરનામા મુજબ નિયમોનુસારની કાર્યવાહી કરતા ચાર જિલ્લા અને એક નગરશિક્ષણ સમિતિમાંથી કુલ ૧૦ શિક્ષકોને બરતરફ કરવામાં આવેલ છે. બાકી રહેલા શિક્ષકો સામે નિયમોનુસારની બરતરફ કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીએ એવું કહ્યું કે ગણિત, વિજ્ઞાનના *(xxx) શિક્ષકો વિદેશમાં છે. એ બાબતે માનનીય મંત્રીશ્રી, આપ સહમત છો?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ગણિત, વિજ્ઞાનના જે શિક્ષકો છે એનો અલગ રિપોર્ટ કાઢીને સભ્યશ્રીને આપીશ. આમાં ગણિત, વિજ્ઞાનના નથી.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીએ આક્ષેપ કર્યો છે કે આવું છે. કોઇ એક કે બે શિક્ષકો હોય પરંતુ *(xxx) શિક્ષકો વિદેશમાં ન હોઇ શકે.

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ–૧થી ૫ના શિક્ષકો છે. ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો વિદેશમાં છે એવું નથી. ટેટ–૧ અને ટેટ–૨ પાસ થયેલા શિક્ષકો છે. સભ્યશ્રીએ જે વધઘટની વાત કરી એમાં આપણે ૨૪૭૦૦ જગ્યાઓ ભરવાની છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો વિદેશમાં છે, એવો આક્ષેપ હતો. એવું ન હોઇ શકે. આ મીડિયાના માધ્યમથી ઉજાગર થયું છે. પરંતુ જે આંકડો આપ્યો એ પ્રમાણે એમાં થોડા ઘણા કદાચ હશે એમાં ના નથી, પણ ગણિત અને વિજ્ઞાનના તમામ શિક્ષકો વિદેશમાં છે, એ કહેવું ખોટું ગણાશે.

અધ્યક્ષશ્રી : *(xxx) એટલે બહુમતી કહેવાય. માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, જ્યારે આપણે વિધાનસભામાં ચર્ચા કરીએ છીએ ત્યારે આપણા શબ્દની ખૂબ કિંમત હોય છે. આપણે એનો અર્થ પણ સમજતા જ હોઇએ છીએ. આપણે જ્યારે આક્ષેપ કરીએ છીએ ત્યારે આપણી પાસે પ્રૂફ કે ડેટા હોવા જોઇએ. આપણે ગમે તે રીતે બોલીએ તો મને લાગે છે કે એ ચર્ચા યોગ્ય નહીં ગણાય. માનનીય સભ્યશ્રીએ *(xxx) જે શબ્દો  કહ્યા છે એને હું પ્રશ્ન તરીકે રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારા વિસ્તારમાં બે શિક્ષકોને આખરી નોટિસ અને કારણ દર્શક નોટિસ આપી છે. દુઃખદ બાબત એ છે કે, ધારાસભ્યશ્રી સચિવશ્રી કક્ષાએ માહિતી માગે તો માહિતી સમયમર્યાદામાં આપવામાં આવે છે. મારા વિસ્તારની ઉંદરીયાવાસ અને વડા પ્રાથમિક શાળામાં છેલ્લાં છ–સાત મહિનાથી શિક્ષકો ગેરહાજર છે. ઉંદરીયાવાસ પ્રાથમિક શાળામાં ૧૫૦થી વધુ બાળકો અભ્યાસ કરે છે. ઉંદરીયાવાસ પ્રાથમિક શાળા અંગે તાલુકા શિક્ષણ અધિકારીશ્રી અને જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીને પત્ર લખવા છતાં અને ટેલિફોનિક વાત કરવા છતાં આજદિન સુધી યોગ્ય પ્રત્યુત્તર મળેલ નથી. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પત્રકમાં બે શિક્ષકો બતાવ્યા છે, એમાં ઉંદરીયાવાસ પ્રાથમિક શાળા અને વડા પ્રાથમિક શાળાનો સમાવેશ છે કે કેમ?

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અને જિલ્લા કક્ષાના અધિકારીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓને વ્યવસ્થિત જવાબ આપતા ન હોય તો એમના ઉપર કોઇ પગલાં ભરવા માગો છો કે કેમ? શિક્ષક સી.એલ.નો કઇ રીતે ઉપયોગ કરી શકે છે? અમે વાત સાંભળી છે કે ઘણી જગ્યાએ શિક્ષકની સી.એલ. પડી છે, એ સી.એલ.માં શિક્ષક રજા ઉપર છે. શિક્ષક વિદેશ જઇ શકે તેમજ દેશમાં ગમે ત્યાં જઇ શકે પરંતુ શિક્ષક એક મહિનાથી વધુ સમય માટે જતો હોય તો પ્રાઇમરી ધોરણે એ શાળામાં શિક્ષકોની વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપે ચાર પ્રશ્નો પૂછી લીધા છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ બાળકોના ભવિષ્યની વાત છે. ૨૦૦ બાળકોની વચ્ચે એક જ શિક્ષક હોય તો ભણશે કઇ રીતે ગુજરાત? અને રમશે કઇ રીતે ગુજરાત? અધિકારીશ્રીઓ સાંભળતા નથી. એવો તો સત્તાધારી પક્ષના માનનીય ધારાસભ્યશ્રીઓએ પણ મીડિયા સમક્ષ એમનો આક્રોશ વ્યકત કર્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય અમૃતજીભાઇ, આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એક બાજુ શાળાના ઓરડાઓ જર્જરિત છે, શાળાના મકાનો જર્જરિત છે, સમયસર શિક્ષકોની ભરતી નથી થતી. જયાં પ્રાથમિક શાળાઓમાં બાળકો છે એ બાળકોને એમના ભણતર માટે વાલીઓ જયારે મોકલતા હોય, આપણે કહીએ છીએ ''ભણશે ગુજરાત, જીતશે ગુજરાત ''પણ ..

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦–૨૦૦ બાળકો જયાં અભ્યાસ કરતા હોય ત્યાં આટલા મહિનાઓથી શિક્ષક મૂકવામાં ન આવે આ તો બહુ દુઃખદ બાબત છે.

અધ્યક્ષશ્રી : માનનીય અમૃતજીભાઇ, આવી ગયું. આપનો પ્રશ્ન આવી ગયો. આપે ઘણા બધા લાંબા પ્રશ્નો પૂછયા એમાં બધી વિગત આવી ગઇ. હવે માનનીય મંત્રીશ્રી જવાબ આપશે.

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે બે પર્ટીકયુલર શાળાઓની વાત કરી ઉંદરીયા અને વડા અને એમાં બે શિક્ષકો જે ગેરહાજર છે એના માટે અમે કાર્યવાહી કરી છે અને બાકીની આપ જે વાત કરો છો કે બીજા ગેરહાજર છે, આવતા નથી એ વિદ્યા સમીક્ષા કેન્દ્રના માધ્યમથી ઓનલાઇન હાજરી અને સમયસર એનું કેલેન્ડર અમે મેળવીએ છીએ અને દર મહિને એનો રિપોર્ટ લઇએ છીએ એટલે આટલું જે મહેકમ છે એમાં એક ટકો ગેરરીતિ કરે કે બિનઅધિકૃત ગેરહાજર રહે છે એના કારણે આખો શિક્ષણ વિભાગ બદનામ થાય છે, શિક્ષકો બદનામ થાય છે એ વાત ખોટી છે. આપણે સારામાં સારી કામગીરી આપણા શિક્ષક મિત્રો કરી રહ્યા છે અને સાથેસાથે આવનારા સમયમાં આ એક ટકો જે બિનઅધિકૃત ગેરહાજર રહે છે અને બિન અધિકૃત રજા લીધા વગર જાય છે એના માટે વિભાગ કાયદેસરની કાર્યવાહી કરશે અને વિશેષમાં આપે જે પ્રશ્ન કર્યો તો એમનો એ પ્રશ્ન સ્કોપ બહારનો હતો.

અધ્યક્ષશ્રી : આપે સ્પષ્ટતા ઘણી બધી કરી છે. ઘણું બધું કિલયર કરી દીધું છે. મોટા ભાગે એમણે કહી દીધું કે એક પણ શિક્ષક એવો નથી કે ફોરેન રહીને અહીંયાથી પગાર લેતો હોય એવી સ્પષ્ટતા ફલોર ઉપરથી કરી દીધી અને બીજું જેટલા શિક્ષકો લાંબા સમયથી ગેરહાજર હોય એમની સામે પગલાં લેવાનું પણ સરકારે નક્કી કરી લીધું છે આ બન્નેનો જવાબ એમણે આપી દીધો છે. આમાં ઘણો બધો સમય આપ્યો છે. પ્રશ્ન ક્રમાંકઃ ૫...

## ચાંદીપુરા વાયરસથી બાળકોના મોત

15/5/44 **શ્રી ઉમેશભાઇ મકવાણા** (બોટાદ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ચાંદીપુરા વાયરસથી કુલ કેટલાં બાળકોના મૃત્યુ થયાં, અને | (૧) તા.૩૧/૦૭/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ચાંદીપુરા વાયરસથી કુલ–૨૧ બાળકોના મૃત્યુ થયા. |
| (૨) ઉક્ત વાયરસને અટકાવવા સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યા છે? | (૨) ઉક્ત વાયરસને અટકાવવા સરકારશ્રી દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.<br>• આ રોગને અટકાવવા આરોગ્યની ટીમ દ્વારા સઘન સર્વેલન્સની કામગીરી કરવામાં આવેલ છે.<br>• વાયરલ એન્કેફેલાઈટીસના પોઝિટિવ આવેલ તમામ ઘર, આજુબાજુના વિસ્તાર અને ગામોના કાચા ઘરોમાં તાત્કાલિક મેલેથિયોન પાવડરથી ડસ્ટિંગ અને આલ્ફાસાઇપરમેથ્રીનથી સ્પ્રેઈંગ કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવેલ છે.<br>• વાહજ જન્ય રોગ અટ્કાયતી પગલાં લેવાં કાચા ઘરોમાં ડસ્ટિંગ અને સ્પ્રેઈંગ કામગીરી તથા શાળામાં, આંગણવાડીમાં પણ ડસ્ટિંગ અને |

સ્પ્રેઇંગ કામગીરી કરવામાં આવેલ છે.

- માન. મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીશ્રી (આરોગ્ય), ગુજરાત રાજ્ય દ્વારા જિલ્લા કલેક્ટરશ્રી,જિલ્લા વિકાસ અધિકારીશ્રી,કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનરશ્રી, ઉપરાંતજિલ્લા/કોર્પોરેશનની મેડિકલ કોલેજ સલગ્ન હોસ્પિટલ,ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ,સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના અધિક્ષકશ્રી,મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,આરોગ્ય અધિકારીશ્રી મહાનગરપાલિકા,મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી વગેરેની વિડિયો કોન્ફરન્સના માધ્યમથી દૈનિક મોનિટરિંગ અને સુપરવિઝન કરવા તેમજ જાહેર જનતાને રોગચાળા નિયંત્રણ અને અટકાયતી કામગીરીથી માહિતગાર કરવા જણાવેલ.
- માન. આરોગ્ય મંત્રીશ્રી દ્વારા આ બાબતે દૈનિક મોનિટરિંગ અને સુપરવિઝન કરવામાં આવેલ છે, તેમજ જાહેર જનતામાં ભયનો માહોલ ના થાય તે માટે પ્રેસ મિડિયાના માધ્યમથી અને ન્યૂસપેપરના માદયમથી જાહેર જનતાને માહિતગાર કરેલ છે.
- તા. ૧૯/૦૭/૨૦૨૪ ના રોજ સાબરકાંઠા જિલ્લામાં જીએમઇઆરએસ મેડિકલ કોલેજ સલગ્ન હોસ્પિટલ ખાતે આરોગ્ય મંત્રીશ્રી દ્રારા વાયરલ એન્કેફેલાઇટીસના શંકાસ્પદ કેસો ની રૂબરૂ મુલાકાત લઇ સારવાર વ્યવસ્થા અને રોગચાળા અટકાયત અને નિયંત્રણની કામગીરી માટે સમીક્ષા કરેલ.
- સચિવશ્રી અને કમિશનરશ્રી દ્વારા તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને પત્ર દ્વારા રોગ અટકાયતી અને નિયંત્રણની કામગીરી કરવા માટે જણાવેલ છે. રાજ્યકક્ષાએથી ગાઇડ લાઇન અને રોગચાળા નિયંત્રણ અને અટકાયતી કામગીરી કરવા દ્વારા પત્ર દ્વારા જણાવવામાં આવેલ છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા.૩૧/૭/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંદર ગુજરાતમાં ચાંદીપુરા વાયરસથી કુલ કેટલાં નાનાં બાળકોના મૃત્યુ થયાં છે અને આ ચાંદીપુરા વાયરસને અટકાવવા માટે રાજય સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યાં છે એ જણાવે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, ચાંદીપુરા વાયરસ એ એકયુટ વાયરસ એન્ફેલાઇટીસ એટલે કે એક પ્રકાર એમાં ચાંદીપુરાનો પણ આ વાયરસ આવી જાય છે કે જે ચાંદીપુરા નામના રેતીના માખથી થતો આ રોગ છે અને એના કારણે આ કેવળને કેવળ ચાંદીપુરા આપણે કહીએ છીએ પરંતુ એની અંદર એકયુટ વાયરલ સિન્ડ્રોમ છે એ ૩-૪ પ્રકારના હોય છે એ પૈકીનો એક ચાંદીપુરા છે, પરંતુ હું એમને ગઇ કાલ સુધીની લેટેસ્ટ વિગત આપું. કુલ ૧૬૪ કેસ આપણે ત્યાં નોંધાયા છે. આપણે જી.બી.આર.સી. અને પુનાના માધ્યમથી આપણે આ તમામ ટેસ્ટિંગ કરાવ્યા છે એટલે ચાંદીપુરા જે કન્ફર્મ થયા હોય એવા કેસોમાં જે મૃત્યુ થાય એવા ૨૮ છે, જે એન્ફેલાઇટીસ વાયરલ સિન્ડ્રોમથી જે મૃત્યુ થયા હોય એવા ૭૩ છે. આમ કુલ ૧૦૧ છે અને ૧૬૪માંથી ૧૦૧ મૃત્યુ બાદ કરતા ૬૩ જેટલાં બાળકો આપણે બચાવી શકયા છીએ અને ૪ બાળકો અત્યારે સારવાર હેઠળ છે એટલે લગભગ ૫૯ બાળકોને આપણે સારવાર આપી અને એમને ઘરે મોકલી શકયા છીએ. અને આનો જે ફેલાવો છે એ ફેલાવો રોકવા માટે રાજય સરકારે જયારથી આપણને આ ખબર પડી ત્યારથી પૂરતા પ્રમાણમાં આપણે પગલાં લીધાં અને આપણે સમગ્ર રાજયની અંદર પોઝિટિવ અને શંકાસ્પદ જે દર્દીઓ હતા એના આસપાસના વિસ્તારોમાં કુલ ૫૩,૯૯૯ ઘરોમાં સર્વેલન્સની કામગીરી કરી. કુલ ૭ લાખ ૪૬ હજાર ૯૨૭ ઘરોમાં મેલેથિયોન પાવડરથી ડસ્ટિંગ કર્યું અને ૧ લાખ ૫૮ હજાર ૭૪ કાચા ઘરોમાં સ્પ્રેઇંગની કામગીરી કરી. બધી જ સ્કૂલોને આવરી લઇ ૮૬૪૯ જેટલી શાળાઓમાં જ્યાં જરૂર હતી ત્યાં સ્પ્રેઇંગની કામગીરી કરી છે. જ્યાં નાનાં બાળકો હોય, પ્રાથમિક શાળાઓ અને આંગણવાડીઓમાં મળીને ૩૬૧૫૦ જેટલી જગ્યાઓએ મેલેથિયોન પાવડરથી ડસ્ટિંગ અને ૮૬૯૬ આંગણવાડીઓમાં સ્પ્રેઇંગની કામગીરી કરી. વિડિયો કોન્ફરન્સથી રાજયના તમામ કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, જિલ્લા અને કોર્પોરેશન હસ્તકના આરોગ્યના અધિકારીઓ સાથેની કામગીરીની સમીક્ષા કરી દૈનિક મોનિટરિંગ માટે તમામને જાણ કરી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ આ તમામ સાથે તમામ જિલ્લાઓના તમામ ગામોની માહિતી લીધી હતી. મેં પણ સાબરકાંઠામાં જઇ આ બાબતે ત્યાં ચેક કર્યું અને ચાંદીપુરા એ એક એવો રોગ છે કે એની સારવારની કોઇ પદ્ધતિ નથી. એની સારવાર સિમ્ટોમેટિક હોઇ જેને તાવ હોય તો તાવની દવા, ઝાડા ઉલ્ટી હોય તો એની દવા થાય. મગજનો સોજો હોય તો એની દવા, તાવ અને ખેંચ આવતી હોય તો એની દવા થાય. સિમ્ટોમેટિક સારવાર જ એક ઉપાય છે. આપણે અત્યારે જી.બી.આર.સી.માં જે સેમ્પલો મોકલીએ છીએ એમાં ચાંદીપુરા સિવાય પણ બાકીના કયા પ્રકારના કારણોસર આ કયો વાયરસ છે એનું સંશોધન ચાલી રહ્યું છે. એટલે ચાંદીપુરા સિવાયના એન્ફિલાઇટીસ, જે વાયરસ છે જે એક્યુટ સિન્ડ્રોમ એ પૂરતું નહીં પરંતુ એ કયા કારણોસર આ વાયરલ થયો એ ૦થી ૧૪ વર્ષનાં બાળકો માટે સરકારે પૂરતી ચિંતા કરી છે.

તા. ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૪
શોકદર્શક ઉલ્લેખો

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આ ચાંદીપુરા વાયરસ છે એ બાબતે માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે દીવાલમાં માખી દ્વારા ફેલાતો ચેપી રોગ છે. હું પૂછવા માગું છું કે, આ ચાંદીપુરા વાયરસના કારણે જે બાળકો મૃત્યું પામ્યાં, સામાન્ય રીતે ગરીબ માણસોને જ કાચા માટીની દીવાલવાળા મકાન હોય, એ ગરીબ માણસો હોઇ એને આપણે રાજય સરકાર દ્વારા કોઇ સહાય ચૂકવી છે? ન ચૂકવી હોય તો રાજ્ય સરકાર કે મુખ્યમંત્રી સહાય યોજનામાંથી સહાય ચૂકવવા માગીએ છીએ કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્કોપ બહારનો પ્રશ્ન છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીની સતર્કતાને કારણે આ રોગ હિંમતનગર સિવિલમાં આવતાં જ તાત્કાલિક માનનીય આરોગ્ય મંત્રીશ્રી અને એમની સમગ્ર ટીમને લઇને હિંમતનગર આવેલા અને બે કલાક સુધી દરેક વોર્ડની સંપૂર્ણ માહિતી લઇ બેઠક કરી. સામાજિક સંસ્થાઓ સાથે પણ બેઠક કરી. અમારા પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહજી રાજપૂત, મંત્રીશ્રી ભીખુસિંહ પરમારે પણ મુલાકાત લીધી અને ઇન્ટરીઅર પોશીનાનાં ગામડા સુધી મેડિકલ ટીમ પહોંચી. એના કારણે હિંમતનગર સિવિલમાં આ રોગ તાત્કાલિક અટક્યો છે અને તાત્કાલિક સારવાર કરીને બાળકોને સાજા કર્યાં છે. આ માટે રાજ્ય સરકારને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. મારો પ્રશ્ન છે કે આ ચાંદીપુરા વાયરસ છે એ કઇ રીતે થાય છે અને કેટલી ઉંમર સુધીનાં બાળકોને આ રોગ થાય છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : એમણે કહ્યું એમ છેલ્લા ૮–૯ દિવસથી એકપણ નવો કેસ આવ્યો નથી અને એકપણ મૃત્યુ થયું નથી એટલે આપણા રાજ્ય માટે આરોગ્ય વિભાગે કરેલ કામગીરી અને બાકીના સરકારી તંત્રે કરેલ કામગીરી સરાહનીય છે. રાત–દિવસ ડસ્ટિંગ અને સ્પ્રેઇંગની કામગીરી કરવાની હોય, દરેક ઘરે જઇને સરવેની કામગીરી કરવાની હોય એક મુહીમના સ્વરૂપે કામગીરી કરી એના કારણે આ રિઝલ્ટ લાવી શક્યા છીએ. આનું નિદાન બ્લડ સેમ્પલ લઇને લેબોરેટરી ખાતે લઇ ગયા પછી ટેકનિકલ વિષય છે. મોલેકયુલર ટ્રેસ વાઇરસના આરએનએપીસીઆરની ચકાસણી અને સીરમ સેમ્પલ દ્વારા આઇ.જી.એમ. એન્ટી બોડીની ચકાસણી કરવામાં આવે છે અને એના પછી આપણે નક્કી કરીએ છીએ કે શું છે અને એમાં જે મેં સારવારની વાત કરી તો સારવાર માટે કોઇ સ્ટાન્ડર્ડ પ્રોસિઝર નથી પરંતુ એ સિમ્ટોમેટિક સારવાર આપણે કરતા હોઇએ છીએ. અને રાજય સરકારે આ જે સર્વેલન્સની કામગીરી, સ્પ્રેઇંગની કામગીરી કરી, મેલેથિયોન પાઉડર છાંટવાની કામગીરી કરી એના કારણે એકયુટ વાઇરલ સિન્ડ્રોમ એન્ફેલાઇટીસના કારણે આ કાબુમાં આવ્યો છે અને ૮થી ૯ દિવસમાં એક પણ નવો કેસ નોંધાયો નથી. એક પણ મૃત્યુ નોંધાયું નથી.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરી પૂર્ણ થાય છે.

**શોકદર્શક ઉલ્લેખો**

ગુજરાતના રાજ્યપાલ સ્વ. ડો. કમલાજી બેનીવાલ, ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રી સ્વ. શ્રી બિપીનભાઇ ઇશ્વરભાઇ શાહ તથા ગુજરાતના પૂર્વ સભ્યો સ્વ. શ્રી શિવભદ્રસિંહજી કૃષ્ણકુમારસિંહજી ગોહિલ, સ્વ. શ્રી રત્નાભાઇ મનજીભાઇ ઠુમ્મર, સ્વ. શ્રી રામસિંહજી રૂપસિંહજી સોલંકી, સ્વ. શ્રી નંદકિશોર ત્રંબકલાલ દવે, સ્વ. શ્રી ખુરશીદહૈદર અબ્દુલમુત્તલીબ પીરઝાદા, સ્વ. શ્રી સામતભાઇ આલાભાઇ રાઠોડ અને સ્વ. શ્રી કરશનભાઇ દુલાભાઇ ઓડેદરાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ(મુખ્યમંત્રીશ્રી) :

**ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યપાલશ્રી ડૉ. શ્રીમતી કમલાજીના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યપાલશ્રી ડૉ. શ્રીમતી કમલાજીનું ૧૫મી મે, ૨૦૨૪ના રોજ ૯૭ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ડૉ. શ્રીમતી કમલાજીનો જન્મ ૧૨મી જાન્યુઆરી, ૧૯૨૭ના રોજ રાજસ્થાનના ઝુનઝુનુ જિલ્લાના ખેત્રી તાલુકાના ગોરિર મુકામે થયો હતો. તેઓશ્રી બી.એ.(અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને ઇતિહાસ) તેમજ એમ.એ.(ઇતિહાસ)ની પદવી ધરાવતા હતા. તેઓશ્રી ખેતીવાડી તથા સહકારી ચળવળ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ડૉ. કમલાજી સન ૧૯૫૪માં માત્ર ૨૭ વર્ષની વયે રાજસ્થાન વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાઈ આવી રાજસ્થાન રાજ્યના પ્રથમ મહિલા મંત્રી રહ્યા હતા અને સન ૧૯૫૭ સુધીના સમયગાળા સુધી તબીબી અને આરોગ્ય, શિક્ષણ અને જાહેર બાંધકામ વિભાગની કામગીરી સંભાળી હતી. તેઓશ્રીએ સન ૧૯૬૨ થી સન ૧૯૬૭ તથા ૧૯૭૨ થી ૧૯૭૭ના સમયગાળા માટે રાજસ્થાન રાજ્યના વિવિધ વિભાગોના મંત્રી તરીકે બહુમુલ્ય સેવાઓ આપેલ હતી.

સ્વર્ગસ્થશ્રી ડૉ. કમલાજીએ સન ૧૯૮૦થી ૧૯૮૫ અને સન ૧૯૮૫થી ૧૯૯૦ સુધી ૧૦ વર્ષના સમયગાળા માટે રાજસ્થાન રાજ્યના કેબિનેટ મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળીને વિવિધ વિભાગોમાં કુશળતાપૂર્વક કામગીરી કરેલ હતી. તેઓશ્રીએ રાજસ્થાન રાજ્યના નાયબ મુખ્યમંત્રી તરીકે પણ ઉમદા કામગીરી બજાવેલ હતી. સ્વર્ગસ્થશ્રી ડૉ કમલાજીએ સૌ પ્રથમ ત્રિપુરા રાજ્યના રાજ્યપાલ તરીકે અને ત્યારબાદ તા.૨૭/૧૧/૨૦૦૯થી તા.૦૭/૦૭/૨૦૧૪ સુધીના સમયગાળા

માટે ગુજરાત રાજ્યના રાજ્યપાલ તરીકે પદ ગ્રહણ કરેલ હતું. ત્યારબાદ તેઓશ્રીએ મિઝોરમ રાજ્યના રાજ્યપાલ તરીકે પણ સુંદર કામગીરી કરેલ હતી.

તેઓશ્રીના અવસાનથી ભારતની આઝાદીની લડત સાથે સંકળાયેલા અને સમાજના વિવિધ વર્ગોના ઉત્થાન માટે આજીવન પ્રવૃત્ત એવા મહિલા અગ્રણી ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી બિપીનભાઇ ઇશ્વરલાલ શાહના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી બિપીનભાઇ ઇશ્વરલાલ શાહનું ૧૨મી જુલાઇ, ૨૦૨૪ના રોજ ૮૬ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી શાહનો જન્મ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૩૭ના રોજ ભરૂચ મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ. (ઓનર્સ), બી.એડ.ની પદવી મેળવેલ હતી. તેઓશ્રી શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થશ્રી શાહે આઠમી, નવમી અને દસમી ગુજરાત વિધાનસભા દરમ્યાન ભરૂચ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતું તથા વિવિધ સામાજિક પ્રવૃતિઓ થકી લોકજાગૃતિ લાવવામાં મહત્ત્વનું યોગદાન આપેલ હતું. તેઓશ્રીએ સન ૧૯૯૯થી ૨૦૦૧ સુધી ગુજરાત સરકારમાં રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી તરીકે નોંધપાત્ર સેવાઓ આપેલ હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્ર સાથે આજીવન સંકળાયેલ એવા ઉમદા નેતા ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**સ્વ. શ્રી શિવભદ્રસિંહ કૃષ્ણકુમારસિંહજી ગોહિલના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી શિવભદ્રસિંહજી કૃષ્ણકુમારસિંહજી ગોહિલનું તા.૩૧મી મે, ૨૦૨૪ ના રોજ ૯૧ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી ગોહિલનો જન્મ ૨૨મી ડિસેમ્બર. ૧૯૩૩ના રોજ ભાવનગર મુકામે થયો હતો. તેઓશ્રીએ ધી દૂન સ્કૂલ દહેરાદૂન ખાતેથી શિક્ષણ મેળવેલ. તેઓશ્રીએ ઇન્ડિયન મિલિટરી એકેડમીમાં એક વર્ષ સુધી સેવાઓ આપેલ હતી. સ્વ.શ્રી ગોહિલ બીજી ગુજરાત વિધાનસભામાં તળાજા દાઠા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને સામાજિક ઉત્કર્ષની સાથોસાથ ભાવનગરના ખેડૂતોની આર્થિક ઉન્નતિ માટે વિશેષ કાર્યો કર્યા હતા. તેઓશ્રી એક સારા પક્ષીવિદ્ હતા અને પક્ષીઓની ફોટોગ્રાફી તેમજ ભારતીય શાસ્ત્રીય સંગીતનો શોખ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક વિદ્વાન અને લોકહિતના કાર્યો કરનાર ઉમદા રાજવી નેતા ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**સ્વ.શ્રી રત્નાભાઇ મનજીભાઇ ઠુંમરના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી રત્નાભાઇ મનજીભાઇ ઠુમરનું ૧૨મી મે, ૨૦૨૪ના રોજ ૯૪ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી ઠુમરનો જન્મ જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાના છોડવડી ગામ મુકામે થયો હતો. તેઓશ્રી ખેતી અને સમાજસેવાના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી ઠુમર પાંચમી ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણીમા મેંદરડા– માળિયા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા અને સમાજના વિવિધ વર્ગો માટે વિકાસના કાર્યો હાથ ધર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ લોકહિતના અનેક કાર્યો કરનાર સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**સ્વ.શ્રી રામસિંહજી રૂપસિંહજી સોલંકીના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે. ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી રામસિંહજી રૂપસિંહજી સોલંકીનું ૩જી, ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ ૮૭ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી સોલંકીનો જન્મ ૮મી મે, ૧૯૩૭ના રોજ સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના આમોદરા મુકામે થયો હતો. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષણ મેળવેલ અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વ.શ્રી રામસિંહ સોલંકી છઠ્ઠી, સાતમી, નવમી અને અગિયારમી ગુજરાત વિધાનસભામાં બાયડ મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા અને મતવિસ્તારના પાયાના પ્રશ્નોના નિરાકરણ લાવવાની દિશામા હકારાત્મક અભિગમ ધરાવતા હોવાના કારણે જનમાનસમાં આગવી ઓળખ ઊભી કરેલ હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ પ્રજાના ઉત્કર્ષ માટે સતત કાર્યશીલ એવા સામાજિક કાર્યકર ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

તા. ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૪

શોકદર્શક ઉલ્લેખો

**સ્વ.શ્રી નંદકિશોર ત્ર્યંબકલાલ દવેના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી નંદકિશોર ત્ર્યંબકલાલ દવેનું ૧૫મી માર્ચ, ૨૦૨૪ ના રોજ ૭૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી દવેનો જન્મ ૨જી સપ્ટેમ્બર, ૧૯૪૭ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ મુકામે થયો હતો. તેઓશ્રીએ સ્નાતક સુધીનું શિક્ષણ મેળવેલ હતું અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વ.શ્રી દવે સાતમી ગુજરાત વિધાનસભામાં વઢવાણ મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને તેમના મતવિસ્તારના વિકાસ અર્થે અનેક કામ કર્યાં હતાં. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલ એક સામાજિક કાર્યકર ગુમાવ્યા છે. પ્રભુ સદ્દગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**સ્વ.શ્રી ખુરશીદહૈદર અબ્દુલમુત્તલીબ પીરઝાદાના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે. ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ખુરશીદહૈદર પીરઝાદાનું ૯મી માર્ચ, ૨૦૨૪ ના રોજ ૮૦ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી પીરઝાદાનો જન્મ ૩૧ મી ડિસેમ્બર, ૧૯૪૩ના રોજ સુરત મુકામે થયો હતો. તેઓશ્રીએ એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓશ્રી ખેતીનો વ્યવસાય અને સમાજસેવા સાથે સંકળાયેલા હતા. સ્વ.શ્રી પીરઝાદા દશમી ગુજરાત વિધાનસભામાં વાંકાનેર મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા અને મતવિસ્તારના પ્રશ્નોના ઉકેલની કામગીરીને પ્રાધાન્ય આપેલ હતુ. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ પ્રજાકીય કાર્યો કરનાર સામાજિક કાર્યકર ગુમાવ્યા છે. પ્રભુ સદ્દગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**સ્વ.શ્રી સામતભાઇ આલાભાઇ રાઠોડના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે. ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી સામતભાઇ આલાભાઇ રાઠોડનું ૪ માર્ચ, ૨૦૨૪ ના રોજ ૭૭ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી રાઠોડનો જન્મ ૧લી જુલાઇ, ૧૯૪૬ના રોજ જૂનાગઢ જીલ્લાના કેશોદ તાલુકાના મંગલપુર મુકામે થયો હતો. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષણ મેળવેલ અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વ.શ્રી રાઠોડ દસમી ગુજરાત વિધાનસભામાં કેશોદ મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને તેમના મતવિસ્તારના વિકાસ અર્થે અનેક કામ કર્યાં હતાં. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક સામાજિક કાર્યકર ગુમાવ્યા છે. પ્રભુ સદ્દગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**સ્વ.શ્રી કરશનભાઇ દુલાભાઇ ઓડેદરાના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કરશનભાઇ દુલાભાઇ ઓડેદરાનું ૪ મે, ૨૦૨૪ ના રોજ ૬૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી ઓડેદરાનો જન્મ ૮ માર્ચ, ૧૯૫૯ના રોજ પોરબંદર જિલ્લાના બોરીચા મુકામે થયો હતો. તેઓશ્રીએ એસ.એસ.સી. સુધીનું શિક્ષણ મેળવેલ અને ખેતી તથા ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વ.શ્રી ઓડેદરા દસમી, અગિયારમી અને બારમી ગુજરાત વિધાનસભામાં કુતિયાણા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને તેમના મતવિસ્તારના વિકાસ અર્થે અનેક કામો કર્યાં હતાં. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક સામાજિક કાર્યકર ગુમાવ્યા છે. પ્રભુ સદ્દગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી અમિત ચાવડા(ભા.રા.કોં.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે માનનીય પૂર્વ રાજયપાલશ્રી અને આ ગૃહના પૂર્વ સભ્યશ્રીઓના અવસાન અંગે જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના પૂર્વ રાજયપાલશ્રી ડો. શ્રીમતી કમલાજી જે સ્વાતંત્ર્ય સેનાની ચૂસ્ત ગાંધીવાદી વિચારને વરેલા અને છેલ્લા સમય સુધી એ વિચારો સાથે લોકોની વચ્ચે કામ કરતાં કરતાં ૯૭ વર્ષની જૈફ વયે વિદાય લીધી છે. ડો.શ્રીમતી કમલાજીએ બી.એ., એમ.એ. સુધીના અભ્યાસ બાદ ખેતીવાડી અને સહકારી ચળવળ સાથે જોડાયેલાં રાજસ્થાન જેવા રાજયમાં જે તે વખતે જયારે પછાત ગણાય એવા સમયમાં ૨૭ વર્ષની નાની ઉંમરે વિધાનસભાના સભ્ય પણ ચૂંટાયા એટલે રાજયના પ્રથમ મહિલા મંત્રી પણ બન્યા અને એ વર્ષ ૧૯૯૭ના સમયગાળામાં તબીબી અને આરોગ્ય, શિક્ષણ અને જાહેર બાંધકામ જેવા વિભાગોની જવાબદારી પણ સંભાળી. વિવિધ વિભાગોના મંત્રી તરીકેની પણ જવાબદારી સ્વીકારી અને રાજયના નાયબ મુખ્યમંત્રી તરીકે પણ એમણે ઉમદા કામગીરી બજાવી. ડો.કમલાજીએ ત્રિપુરામાં પણ રાજયપાલ તરીકેની સેવાઓ આપી અને ત્યારબાદ ગુજરાતમાં પણ વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૪ સુધી લાંબો સમય આ રાજયમાં પણ સેવાઓ આપી. એ સમયગાળા દરમિયાન વિપક્ષ તરીકે અનેકવાર સરકારનું ધ્યાન દોરવા માટે અનેક રજૂઆતો કરવા માટે બીજાં કારણોસર પણ તેમને મળવાનું થતું ત્યારે હંમેશા નાનામાં નાની વાત હોય ત્યારે ખૂબ ઝીણવટથી એની તપાસ પણ કરાવે અને જ્યારે જ્યારે વિધાનસભાના બિલને લગતા કે બીજા કોઇ પ્રશ્નો ઊભા થાય અને એમની પાસે રજૂઆત લઇને જઇએ તો તેઓ ચોક્કસ

સરકારના ધ્યાન પર લાવે અને જરૂર પડે તો એના માટે કાર્યવાહી પણ કરાવે. એક ઉમદા રાજ્યપાલ તરીકે એમણે ગુજરાત રાજ્યમાં સેવાઓ આપી છે. એમના અવસાનથી આપણે આઝાદીની લડાઇ સાથે સંકળાયેલા અને સમાજના વિવિધ વર્ગોના ઉત્થાન માટે આજીવન સેવા પ્રવૃત્ત એવા મહિલા અગ્રણી ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ. આ ગૃહના પૂર્વ સભ્ય અને પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી એવા સ્વ.શ્રી બિપીનભાઇ ઇશ્વરભાઇ શાહનું પણ ૮૬ વર્ષની જૈફ વયે અવસાન થયું છે. ભરૂચ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતાં સામાજિક પ્રવૃત્તિ અને લોક જાગૃતિ માટે સતત કાર્યરત એવા સ્વ.શ્રી બિપીનભાઇ શાહના અવસાનથી રાજ્યએ સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે આજીવન સેવાઓ કરતાં એક ઉમદા નેતા ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ. આ રાજ્યના પૂર્વ સભ્ય સ્વ.શ્રી શિવભદ્રસિંહ કૃષ્ણાકુમારસિંહજી ગોહિલનું પણ ૯૧ વર્ષની જૈફ વયે અવસાન થયું છે. લોકો વચ્ચે સતત કામ કરતાં અનેક ઉત્કર્ષના તથા ખેડૂતલક્ષી કામો સાથે જોડાયેલા અને એક રાજવી પરિવારમાંથી આવતા હોવા છતાં સામાન્ય લોકોની ચિંતા કરતાં વિદ્વાન રાજનેતા અને આગેવાન આપણે ગુમાવ્યા છે એનું આપણને સૌને દુ:ખ છે. એ જ રીતે આ ગૃહના પૂર્વ સભ્ય સ્વ.શ્રી રત્નાભાઇ મનજીભાઇ ઠુંમરનું પણ ૯૪ વર્ષની જૈફ વયે અવસાન થયું છે. લોકોના હિત માટે સતત કામ કરતાં એક સામાજિક કાર્યકર અને નેતા આપણે ગુમાવ્યા છે અનું આપણને સૌને દુ:ખ છે. જાહેરજીવનમાં કામ કરતાં રાજકારણીઓ ખૂબ પૈસાદાર હોય છે અને લોકોની વચ્ચે રોફ જમાવતા હોય છે એવી લોકો પર સામાન્ય છાપ હોય છે, પણ આજ ગૃહના પૂર્વ સભ્ય સ્વ.શ્રી રામસિંહજી રૂપસિંહજી સોલંકીએ ચાર-ચાર વખત સાબરકાંઠા-બાયડ વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. મારા સહિત આમાંથી કેટલાંય લોકોને એમની સાથે કામ કરવાનો મોકો મળ્યો. ગરીબમાં ગરીબ માણસના ઘરે જઇને એની સેવા કઇ રીતે થઇ શકે એવું ઉમદા એમનું જાહેરજીવન રહ્યું. છેલ્લા સમયમાં એમને મળવાનું થયું ત્યારે એમની સ્થિતિ જોઇને એવું થાય કે જેમણે આખી જિંદગી સમર્પિત કરી એમને પોતાનું ઘર ચલાવવામાં અને બે ટંકના રોટલા માટે પણ તકલીફ પડે એવી દુ:ખભરી સ્થિતિ હતી. એ સમય દરમિયાન પણ તેઓ પ્રમાણિક હતા અને લોકો માટે કામ કરવાની ધગશ હતી. એમણે છેલ્લા સમય સુધી લોકોની સેવા કરવાનો પ્રયત્ન કર્યો. એક જમીન સાથે જોડાયેલા નેતા અને સાચા અર્થમાં સામાજિક કાર્યકર ગુમાવ્યાનું આપણને સૌને દુ:ખ છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ આપે. એ જ રીતે સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતાં પૂર્વ સભ્યશ્રી નંદકિશોર ત્ર્યંબકલાલ દવેનું પણ ૭૬ વર્ષની જૈફ વયે અવસાન થયું છે. છેલ્લી ઉંમર સુધી એમણે પણ શિક્ષણમાં સામાજિક સુધારમાં અને રાજકીય પ્રવૃત્તિ સાથે સક્રિય રહીને ખૂબ મોટું યોગદાન આપ્યું છે. આજે એમના જવાથી એક સમાજ સાથે જોડાયેલા જમીની નેતા આપણે ગુમાવ્યા છે. એનું આપણને સૌને દુ:ખ છે. એ જ રીતે આ ગૃહના પૂર્વ સભ્યશ્રીઓ સ્વ.શ્રી ખુરશીદહૈદર પીરઝાદા અને સ્વ.શ્રી સામતભાઇ રાઠોડ પણ આપણી વચ્ચે નથી રહ્યા ત્યારે એના માટે પણ આપણે સૌ દુ:ખ વ્યક્ત કરીએ છીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ. એ જ રીતે કુતિયાણાના પૂર્વ ધારાસભ્ય સ્વ.શ્રી કરશનભાઇ ઓડેદરા સાથે પણ આ ગૃહમાં કામ કરવાની તક મળી. હંમેશા નિખાલસ રીતે પોતાની વાત રજૂ કરતાં અને બધા સાથે સુમેળથી કામ કરતાં કરશનભાઇનું પણ દુ:ખદ અવસાન થયું છે ત્યારે આ તમામ મૃતક આત્માઓને પ્રભુ શાંતિ અર્પે અને આપશ્રી મારફત તેઓના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ તેવી વિનંતી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય નેતા અને રાજ્યના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું. રાજ્યના પૂર્વ રાજ્યપાલ સ્વ. ડૉ. કમલા બેનીવાલજી, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી બિપીનભાઇ શાહ તથા પૂર્વ સભ્યો સ્વ. શ્રી શિવભદ્રસિંહ ગોહિલ, સ્વ. શ્રી રત્નાબાપા ઠુંમર, સ્વ. શ્રી રામસિંહજી સોલંકી, સ્વ. શ્રી નંદકિશોરભાઇ દવે, સ્વ. શ્રી ખુરશીદહૈદર પીરઝાદા, સ્વ. શ્રી સામતભાઇ રાઠોડ અને સ્વ. શ્રી કરશનભાઇ દુલાભાઇ ઓડેદરાના નામના શોકદર્શક પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

સ્વર્ગસ્થ સભ્યો પૈકી સ્વ. રત્નાભાઇ ઠુંમર સાથે મારે ખૂબ નજીકનો પરિચય હતો. ૧૦૩ વર્ષની વયે તા.૧૨/૦૫/૨૦૨૪ના રોજ સ્વ. રત્નાબાપાનું અવસાન થયું. એક સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવેલા જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાના છોરવડી ગામમાં તેમનો જન્મ થયો હતો. પાંચમી વિધાનસભાની પેટા ચૂંટણી વખતે ધારાસભ્ય તરીકે આ ગૃહના સભ્ય બન્યા હતા. રત્નાબાપા મળવા જેવા માણસ હતા. તેઓ ઉમરાળા ગામના સરપંચ પદે ૧૦ વર્ષ રહ્યા. પંચાયત રાજ્યની સ્થાપના થઇ એટલે તે જ વખતે જૂનાગઢ જિલ્લા પંચાયતના સભ્ય પણ બન્યા. પાંચ વર્ષ રાજ્ય ખેતી બેંકના ડિરેક્ટર તરીકે સહકારી ક્ષેત્રે પણ સેવા બજાવી અને સૌરાષ્ટ્ર રાજ્યમાં શ્રી ઢેબરભાઇની સરકારમાં ઘરખેડ કમિટીના સભ્ય તરીકે તેઓએ 'ખેડે તેની જમીન'ના કાયદાનો અમલ કરાવવામાં ખૂબ મોટો રસ લીધો. વર્ષ ૧૯૭૫ની કટોકટી બાદ તુરત યોજાયેલી પેટા ચૂંટણીમાં જનતા મોરચાના ઉમેદવાર તરીકે માળિયા-મેંદરડા વિધાનસભા સીટ ઉપરથી પાંચમી વિધાનસભામાં તેઓ ચૂંટાયા હતા. વર્ષ ૧૯૮૦થી ૧૯૮૬ સુધી અખંડ જૂનાગઢ જિલ્લા ભાજપના સ્થાપક પ્રમુખ તરીકે રહ્યા હતા. ત્યારબાદ પ્રદેશ ભાજપની કારોબારીમાં પાર્ટીનું કામ કર્યું અને સેવા બજાવી. તેઓ જૂના જનસંઘ વખતથી ભાજપામાં રાજકીય રીતે કાર્યરત રહ્યા હતા. તેઓએ સમાજસેવા ક્ષેત્રે અનેક કામો કર્યાં છે. બિલખા ગામે બિલખા ગૌરક્ષા પાંજરાપોળના ટ્રસ્ટી પ્રમુખ તરીકે સેવા બજાવી. જૂનાગઢ જિલ્લા મથકે સમાજના શિક્ષણ, પ્રવાસન, આરોગ્ય, અને સમાજ સુધારણા ક્ષેત્રે મોટું યોગદાન આપ્યું છે. સરદાર પટેલ

એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, ભોજલરામ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, પટેલ વિદ્યાર્થી આશ્રમ, લેઉવા પટેલ કેળવણી મંડળ વગેરેમાં ટ્રસ્ટી તરીકે તેમજ મંત્રી તરીકે નિષ્ઠાપૂર્વક પોતાની સેવા બજાવી. જૂનાગઢ ખાતે કન્યા કેળવણી ક્ષેત્રે સમાજની દીકરીઓના અભ્યાસ માટે અદ્યતન હાઇસ્કૂલ બિલ્ડિંગનું નિર્માણ કાર્ય પૂર્ણ કરી ખૂબ મોટું કામ કર્યું. આમ, સ્વ. રત્નાબાપાએ તેમની ખેતીની આવકની બચત મૂડીમાંથી ફંડ એકત્રિત કરી તેમના માતૃશ્રી જીવીબાના નામનું ટ્રસ્ટ બનાવી પશુ–પંખી, ગરીબ વિદ્યાર્થીઓ અને દીકરા–દીકરીઓને શિષ્યવૃત્તિ, નાનાં બાળકોને બટુક ભોજન, નિરાધાર વિધવાઓને મદદરૂપ થવાની સેવાકીય પ્રવૃત્તિ કરી હતી. કર્તવ્ય નિષ્ઠા સાથે સમાજ સેવાનો સુમેળ સધાય તેવા પ્રેમાળ પ્રતિભાના ઉત્તમ વ્યક્તિત્વનું ઉત્તમ ઉદાહરણ એટલે સ્વ. રત્નાભાઇ હતા. કોરોના મહામારી વખતે સી.એમ. ફંડમાં પોતાની મરણ મૂડીમાંથી રૂ.૫૧ હજારનો ચેક જૂનાગઢ કલેક્ટરશ્રીને આપ્યો હતો. એની જાણ થતાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ રત્નાબાપાને ફોન કરી ખબરઅંતર પૂછ્યા હતા અને આભાર માન્યો હતો. શ્રી નરેન્દ્રભાઇ અને રત્નાબાપાએ ઘણાં વર્ષો સુધી પાર્ટીમાં સાથે કામ કર્યુ હતું. શ્રી નરેન્દ્રભાઇ અવારનવાર રત્નાબાપાના ઘરે બિલખા પણ જતા હતા. રામ જન્મભૂમિ તીર્થ મંદિરના યોગદાનમાં રૂ.૨૧ હજારનો ચેક આર.એસ.એસ. કાર્યાલયમાં પ્રચારકજીને સુપરત કરેલ. વીર શહીદ જવાનોના કલ્યાણ અર્થે સ્થાપેલ આર્મી વેલ્ફેર ફંડમાં પણ રૂ.૫૧ હજારનો ચેક જામનગર ઓફિસના વડાને સુપરત કર્યો. આમ, પોતાની મહામૂલી મરણમૂડીની બચતમાંથી પણ સમાજોપયોગી કાર્યો માટે તેઓએ ઉદાર હાથે આર્થિક સહયોગ આપ્યો. ભૂતકાળમાં બહારવટિયા ગેંગ અને ધાડપાડુઓનો હિંમતભેર સામનો કરવા બદલ રત્નાબાપાને જે–તે સમયે ગૃહ વિભાગે બહાદુરીના પ્રમાણપત્રો આપીને સન્માનિત કરેલ છે. ધારાસભ્ય તરીકે મળતાં પગાર–ભથ્થાં ગરીબ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તરીકે આપી દેતા હતા. દરેકના જીવનમાંથી હંમેશા સારપને લઇ મીઠાશને અનુરૂપ મધુરપ વેરતા એવા રત્નાભાઇ ઠુંમરના જવાથી કાઠિયાવાડના જાહેરજીવનમાં સમાજરત્નોમાં એક મોટી ખોટ પડી છે. આવું સાદગીભર્યું, સરળ અને સત્યનિષ્ઠ જીવન જીવતા મૂલ્યનિષ્ઠ વ્યક્તિત્વ ધરાવતા રત્નાબાપાના આત્માને સદગતિ મળે, ચિર શાંતિ મળે એવી પ્રભુને પ્રાર્થના. એમના કુટુંબીજનોને આવી પડેલ આફતને જીરવવાની શક્તિ આપે એવી હું ઇશ્વરને પ્રાર્થના કરું છું અને આપશ્રી એમના કુટુંબીજનોને શોક સંદેશો મોકલો એવી વિનંતી કરું છું.

શ્રીજિતેન્દ્રભાઇ સ.વાઘાણી(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ આપણા પૂર્વ સભ્યશ્રીઓ અને પૂર્વ રાજ્યપાલ સ્વ. ડૉ. કમલાજી બેનીવાલ, સ્વ. શ્રી બિપીનભાઇ, સ્વ. શ્રી શિવભદ્રસિંહ કૃષ્ણકુમારસિંહજી ગોહિલ, સ્વ. શ્રી રત્નાભાઇ, સ્વ. શ્રી રામસિંહજી, સ્વ. શ્રી નંદકિશોરજી, સ્વ. શ્રી ખુરશીદ હૈદરજી, સ્વ. શ્રી સામતભાઇ અને સ્વ. શ્રી કરશનભાઇના અવસાનના શોકદર્શક ઉલ્લેખો સાથે પ્રસ્તાવ લાવ્યા છે. હું તમામ પૂર્વ સભ્યશ્રીઓને શોકાંજલિ અર્પુ છું. હું ભાવનગર જિલ્લામાંથી આવું છું એ ગોહિલવાડની કૃષ્ણકુમારજીની ધરતી છે. સૌથી પહેલું રજવાડું ભારતદેશને અર્પણ કર્યું એવા પૂર્વ સભ્ય શ્રી શિવભદ્રસિંહજી એમના વારસ શિવાબાપાના હુલામણાં નામથી હંમેશા ઓળખાયા. આજથી વીસ વર્ષ પહેલાં પણ એમને ભારતીય જનતા પાર્ટીના અભિયાનો હોય ત્યારે એને બનાવવાનો મોકો મને પ્રાપ્ત થયો. છેલ્લે સુધી સદસ્યતા અભિયાનની નોંધણી હોય ત્યારે એ અવશ્ય સામેથી સભ્ય થતા. એક વિચાર સાથે દેશની સંસ્કૃતિ અને ધરોહર સાથે તેઓ એમના પરિવાર સાથે જોડાયા. બોરતળાવ એક વિઝનરી મહારાજાઓ ભાવનગરમાં થયા. આજે એ ગૌરીશંકર તળાવ તરીકે ઓળખાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો હું વિશેષ ઉલ્લેખ એટલા માટે કરું છું કે, સુંદર આવાસ બંગલો બોરતળાવની બાજુમાં જ છે અને એમના મૃત્યુ સુધી તેઓ ત્યાં રહ્યા. સુંદર આવાસ બંગલા પ્રત્યે એમનો અપ્રિતમ પ્રેમ રહ્યો. બોરતળાવના બરોબર કાંઠે રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા સૌની યોજનામાં દોઢસો કરોડના ખર્ચે પાણી લાવવામાં આવ્યું. લગભગ અઢી કરોડના ખર્ચે આ બંગલાની બાજુમાં કે જ્યાં શિવાબાપા રહ્યા છે ત્યાં રૂ. ૧૫ કરોડના ખર્ચે એક સુંદર મજાના મ્યુઝિકલ ફાઉન્ટેનનું લોકાર્પણ કર્યું. આ આખો એરિયા શિવાબાપાના એરિયા તરીકે ઓળખાય છે. શિવાબાપાની સાથે ભાવનગર કાર્નિવાલની ઊજવણી અમે કરતા હોઇએ છીએ. મારા મત વિસ્તારમાં એમનો બંગલો વિગેરે આવે છે. એ પણ બોર તળાવમાં કરીએ છીએ. એમને કેક કટિંગ કરવા માટે લાવીએ ત્યારે ભાવનગર માટેનો, રાજ્ય માટેનો અને ભારત માટેનો ભાવ અને ચર્ચા કરવાનો મોકો અનેકવાર મળ્યો છે. મારે એકવાર ગાંધીનગર એમની સાથે આવવાનું થયું છે. સમગ્ર ગૃહને દુઃખ તો થાય સાથે સાથે આનંદ પણ છે કે, સ્વ. શ્રી કૃષ્ણકુમારજીની સમાધિએ આજે પણ કોઇને ઘરે પારણું બંધાતું ન હોય તો ત્યાં એની માનતા માને. એ સંકલ્પ કરે અને આજે પણ ઘોડિયા મૂકી જાય. એવા પ્રજાવાત્સલ્ય રાજવી અને એમના પરિવારમાંથી સ્વ.શ્રી શિવાબાપા આવતા હતા. વિશેષ તમામ સભ્યશ્રીઓ આપણી વચ્ચે રહ્યા નથી. તમામ સભ્યશ્રીઓએ પોતપોતાની રીતે રાજ્યમાં જનતાની અને દેશની સેવા કરી છે, એ કયારેય ભૂલી નહીં શકીએ. તમામ સભ્યશ્રીઓને હું મારી શોકાંજલિ અર્પણ કરું છું. સ્વ. શ્રી શિવાબાપાના વારસમાં કોઇ ન હતું. આજના રાજકુંવર યુવરાજ સાહેબ, શ્રી જયવીરસિંહજીને સંપૂર્ણ વારસો આપીને ગયા છે. તમામ સભ્યશ્રીઓએ કઇને કઇ રીતે પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે એને કયારેય ગૃહ, રાજ્ય અને દેશ ભૂલી નહીં શકે. આપના મારફત તમામ સભ્યશ્રીઓના પરિવારોને શોકાંજલિનો સંદેશો મળે એવી હું આપને વિનંતી કરું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીજી જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે, એમાં હું મારો સૂર પૂરાવું છું. ડૉ. કમલા બેનીવાલ આ રાજ્યના રાજ્યપાલ રહ્યા. એનાથી વિશેષ એ ખૂબ બહુમુખી પ્રતિભા હતા. જે જમાનામાં બાળકોને શાળાએ મોકલતા ન હતા અને દીકરીઓ માટે તો શાળાના દરવાજા બંધ રહેતા

હતા એ જમાનામાં, આઝાદી સંગ્રામના લડવૈયાઓએ સ્થાપેલી 'બનાસ્થલી' વિદ્યાપીઠમાં પહેલી વિદ્યાર્થીની તરીકે એમણે પ્રવેશ મેળવ્યો અને ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કરી, રાજ્યમાં દાયકાઓ સુધી જાહેરજીવનમાં રહ્યા. મહિલાઓને કેળવણી મળે તો કયા સ્તર સુધી પહોંચી શકે? એનો ઉત્તમ દાખલો ડૉ. કમલા બેનીવાલે અહીંયા પ્રસ્થાપિત કર્યો. આપણા રાજ્યના ગવર્નર હતા એ વખતે એમને ઘણીવખત મળવાનું થયું હતું. ખૂબ વિદ્ધવતાસભર એમનું વ્યકિતત્ત્વ હતું. એમણે સદીની ઉપરનું આયુષ્ય પ્રાપ્ત કર્યું છે. સ્વ. શ્રી રત્નાભાઇ થુંમરનું સદીની નજીક એટલે કે ૯૪ વર્ષની વયે અવસાન થયું છે. આ સભ્યશ્રીઓની હારમાળા છે એમાં અમુક સભ્યશ્રીઓ તો એવા છે કે ભાવિ પેઢી માની ન શકે કે આવા ઓછું ભણેલા પરંતુ કોઠાસૂઝથી આગળ આવીને પ્રજાની સેવા કરનારા મહાનુભાવો આપણા બધાની વચ્ચે હતા. સ્વ.શ્રી રત્નાભાઇ થુંમરે આખી જિંદગી ખેતી કરી. તેઓશ્રી સહકારી, પંચાયત અને બીજી સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લઇ જીવનના અંતિમ શ્વાસ સુધી પોતાનું કામ કરતાં રહ્યાં. સ્વ. શ્રી રામસિંહજી સોલંકી આ ગૃહના સભ્યશ્રી હતા. મારે એમની સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો. આવા ઓછાબોલા ધારાસભ્યશ્રી ભાગ્યે જ હશે. હવે તો એ પેઢી જ નીકળી ગઇ છે કે માત્ર કામ કરીને, પગપાળા ચાલીને કે બસમાં આવીને, પ્રજાની સેવા કરનારો એક વર્ગ હતો. એના કદાચ આ સ્વ.શ્રી રામસિંહજી સોલંકી આપણા છેલ્લાં પ્રતિનિધિ હતા. તેઓશ્રી જીવનના છેલ્લા તબક્કા સુધી સેવામાં કાર્ય કરતાં રહ્યા. સ્વ.શ્રી નંદકિશોરભાઇ દવેનો આઝાદી સંગ્રામના લડવૈયા પરિવારમાં જન્મ થયો. નગરપાલિકામાં, તાલુકા પંચાયતમાં અને ધારાસભ્યશ્રી તરીકે એમને સુરેન્દ્રનગર જિલ્લાની સેવા બજાવી. તેઓશ્રી આજે આપણા બધાની વચ્ચે રહ્યા નથી. સ્વ.શ્રી ખુરશીદહૈદર પીરઝાદા વાંકાનેરના એક બહુ સન્માનનીય નાગરિક હતા અને વાંકાનેરની પ્રજાની સેવા કરવાની સાથે આ ગૃહમાં પણ પાંચ વર્ષ રહ્યા હતા. શ્રી સામતભાઇ આલાભાઇ રાઠોડ, મારા પાડોશી કેશોદના ધારાસભ્યશ્રી રહ્યા અને પંચાયત, ખેતી અને બીજી જે ગામડાની પ્રવૃત્તિઓ હોય એમાં અગ્રેસર રીતે એમણે ભાગ ભજવ્યો. સ્વ. કરસનભાઇ ઓડેદરાનું અણધાર્યું મૃત્યુ થયું. આ ગૃહના સભ્ય તરીકે લગભગ ચાર ટર્મ સુધી રહ્યા અને ચાર ટમ સુધી એમણે કુતીયાણા વિસ્તારની પ્રજાના અનેક કામો કર્યાં. જીવનના છેલ્લા શ્વાસ સુધી રાજનીતિમાં અને પ્રજાકીય સેવાકાર્યોમાં કાર્યરત રહ્યા. પશુપાલન, ઘોડેસવારી અને ખેતી એમનો પ્રિય વિષય રહ્યો છે અને આ વખતે લોકસભાની ચૂંટણી વખતે અમારા બધાની સાથે ખભે ખભા મિલાવીને આગલા દિવસ સુધી કામ કરતાં હતાં અને ઓચિંતાજ આપણા બધાની વચ્ચેથી એમણે વિદાય લીધી. આ બધાના પરિવાર ઉપર ખુબ મોટું દુઃખ આવ્યું છે. પરમાત્મા એમને આ દુઃખ સહન કરવાની શકિત આપે અને આપના મારફતે એમના પરિવારજનોને આપણો શોકસંદેશો મળે એવી વિનંતી કરું છું.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(અપક્ષ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ જે શોકપ્રસ્તાવ લાવ્યા છે એમાં ગુજરાતના પૂર્વ રાજયપાલ સ્વ.ડો. કમલાજી બેનીવાલ, પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી સ્વ. બિપીનભાઇ, ગુજરાતના પૂર્વ સભ્યશ્રીઓ સ્વ. શિવભદ્રસિંહ, સ્વ. શ્રી રત્નાભાઇ, સ્વ. રામસિંહજી, સ્વ. નંદકિશોરજી, સ્વ.શ્રી ખુરશીદ હૈદર સ્વ.શ્રી સામતભાઇ, સ્વ.શ્રી કરશનભાઇ તમામના પરિવારને દુઃખ સહન કરવાની શકિત આપે, સાથેજ મારા મતવિસ્તારના પૂર્વ ધારાસભ્ય તરીકે રહી ચૂકેલા એવા વિધાનસભા ગૃહના બાયડના પૂર્વ ધારાસભ્યશ્રી સ્વ. રામસિંહજી સોલંકીના અવસાનથી ઉદભવેલી અપૂર્ણીય ખોટને અનુભવીએ છીએ. તા.૩–૮–૨૦૨૪ના રોજ તેમનું દુઃખદ અવસાન થયું છે. તેમનો પરિવાર ખુબ દુઃખની લાગણી અનુભવી રહ્યું છે. આમોદરા અને ઇન્દ્રાણની આજુબાજુના તમામ મારા બાયડ મતવિસ્તારના નાગરિકો પણ તે દિવસે ખૂબજ દુઃખી દેખાતા હતા. રાજકારણના ધુરંધર કહી શકાય અને પોતાના રાજકીય કાર્યકાળ દરમિયાન તેઓ સાત વખત વિધાનસભાનું ઇલેકશન લડ્યા અને એમાંથી ચાર વખત વિજય પ્રાપ્ત કરીને બાયડની જનતાની સેવા કરી છે. સ્વ. રામસિંહ સોલંકીની કામગીરી એટલી સુંદર કે તેમને લોકો બાપુના નામથી ત્યાં વિસ્તારની અંદર લોકો ઓળખે. મારા પિતાશ્રી નરેન્દ્રસિંહજી ઝાલા પણ તેમની સાથે આજ ગૃહની અંદર ધારાસભ્યશ્રી તરીકે કામ કરી ચૂકયા છે. એમના મોંઢે પણ એમની ઘણી બધી વાતો સાંભળી છે. એમની સાથે વિસ્તારની અંદર પણ હું જતો હતો અને વિસ્તારમાં કયાંક પ્રચાર અર્થે ગયા હોઇએ ત્યારે બધા વાતો કરતા હતા અને કહેતા હતા પણ ખરા કે માનનીય રામસિંહજી જે ધારાસભ્ય હતા ત્યારે તેઓના કાર્યકાળ દરમિયાન ખેતરની અંદર પાણી વાળતા હોય અને કોઇ કાર્યકર્તા કે કોઇ નાગરિક ત્યાં કામ લઇને આવ્યો હોય તો પાણી વાળવાનું મૂકીને જે પણ વ્હીકલ હોય એ વ્હીકલલ ઉપર બેસીને તાત્કાલિક એમનું કામ કરતાં. આજે પણ લોકો ત્યાં વિસ્તારની અંદર એમને યાદ કરે છે. એમના કાર્યકાળની અંદર એમણે આમોદરાથી લઇને તમામ વિસ્તારોનો વિકાસ કરવાની ખૂબ ચિંતા રાખી. પગપાળા ગમે ત્યારે ગમે ત્યાં જતા રહે. એમના ઘણા બધા ઉદાહરણો છે. એક ઉદાહરણ હું આ ગૃહ સમક્ષ મૂકવા માગું છું કે એ જયારે પણ કામ કરતાં હોય અને કોઇ ગરીબ એમની સમક્ષ આવી જાય, એ પોતે પણ ગરીબ તો હતા જ પરંતુ કયાંક એમની સમક્ષ કોઇ ગરીબ આવી જાય, કોઇ ગરીબ જરૂરિયાત માટે માગણી કરે કે મારે પૈસાની તકલીફ પડી છે, કોઇ એમ કહે કે મારે ૧૦૦ રૂપિયા જોઇએ છે, કોઇ એમ કહે કે મારે ૨૦૦ રૂપિયા જોઇએ છે એવી માગણી કરી હોય પરંતુ ખિસ્સામાં હાથ નાખે અને ખિસ્સામાંથી ૫૦૦ રૂપિયા નીકળે, ૧૦૦૦ રૂપિયા નીકળે તો એ એવું ના પૂછે કે તારે કેટલા રૂપિયાની જરૂર છે? ૨૦૦ રૂપિયા માગ્યા હોય તો ૧૦૦૦ રૂપિયા આપી દે.એક સરળ સ્વભાવના, એકદમ ઉદાર દિલના વ્યક્તિ જ્યારે અહીંયા આપણી વચ્ચે રહ્યા નથી ત્યારે મને ખૂબ જ દુઃખ છે. એમને સાહસિક એટલા માટે કહી શકાય કે બે વખત પાર્ટીએ જયારે ટિકિટ આપી ન હતી ત્યારે એ અપક્ષ તરીકે ચૂંટાયા અને એમના વિસ્તારની ખૂબ જ સેવા કરી. સ્વર્ગસ્થ શ્રીમતી ઇંદિરા ગાંધી સ્પેશિયલ ત્યાં માર્કેટ યાર્ડમાં સભામાં જાહેરમાં બોલ્યા હતા કે આ બાપુ કોણ છે? આ બાપુને જોવા અહીંયા આવી

છું. એમણે બાપુનું જાહેરમાં સાફો બાંધીને સન્માન કર્યું હતું. આ વાતને આજે પણ ત્યાની જનતા યાદ કરે છે. એમની કામગીરીની વાત કરીએ તો એમની રાજકીય કોઠાસૂઝ જોઇએ તો હમણાં જ વર્ષ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીના ૭–૮ દિવસ પહેલાં એક આગેવાને રોડ ઉપર બાપુને જોયા અને એમણે સ્વ.શ્રી રામસિંહ બાપુનો વિડિયો બનાવી લીધો અને પૂછ્યું કે બાપુ, આ ચૂંટણીમાં શું લાગે છે? તો એમણે કહ્યું કે સારું કામ કરતાં હોય એ જ ચૂંટાય. એ માણસે પૂછ્યું કે કોણ ઇલેકશન જીતશે? એટલે કોઠાસૂઝ ધરાવતા એ વ્યક્તિએ સાત દિવસ પહેલાં એમ કહ્યું કે ધવલસિંહ ઝાલા ૫–૭ હજાર મતથી જીતશે. બીજા ક્રમે ભારતીય જનતા પક્ષના અને ત્રીજા ક્રમે કોંગ્રેસના ઉમેદવાર જીતશે. આ ક્ષમતા, કામ કરવાની પદ્ધત્તિ એમની હતી. તેઓ પગપાળા પણ નીકળી જાય. ધારાસભ્ય ન હતા તો પણ વિધાનસભામાં અધિકારીઓ પાસે એ અવાર–નવાર નાનાં મોટાં કામ લઇને આવતાં જોયા છે. ઘણા અધિકારીઓ બતાવતા કે લેટરપેડ ઉપર ચિઠ્ઠી લખીને આપી છે. અમે કહેતા પણ ખરા કે અમારા બાયડ વિધાનસભાનું આ રતન છે. અમારી વિધાનસભાની અંદર ગરીબો માટે અને ખેડૂતોના બેલી છે. આવા રામસિંહ બાપુને ક્યારેય ભૂલી ન શકાય. એમનો પરિવાર એમને હરહંમેશ યાદ કરતો રહેશે. આ ગૃહ એમને ક્યારેય ભૂલી નહીં શકે. એમના જવાથી આપણને મોટી ખોટ પડી છે. આપશ્રી મારફત તેમના પરિવારજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ તેવી આપને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : આ સન્માનનીય સભાગૃહના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના પૂર્વ રાજ્યપાલ સ્વર્ગસ્થ શ્રીમતી ડો. કમલા બેનીવાલજી, પૂર્વ મંત્રી સ્વ.શ્રી બિપીનભાઇ શાહ, પૂર્વ સભ્ય સ્વ.શ્રી શિવભદ્રસિંહજી ગોહિલ, સ્વ.શ્રી રત્નાભાઇ ઠુમ્મર, સ્વ.શ્રી રામસિંહજી સોલંકી, સ્વ.શ્રી નંદકિશોર દવે, સ્વ.શ્રી ખુરશીદ હૈદર પીરઝાદા, સ્વ.શ્રી સામંતભાઇ રાઠોડ, સ્વ.શ્રી કરશનભાઇ ઓડેદરાના અવસાનનો શોકપ્રસ્તાવ લઇને આવ્યા છે, જેને આ ગૃહના સભ્યો માનનીયશ્રી અમિતભાઇથી લઇને બાકીના સિનિયર સભ્યો, માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ, માનનીયશ્રી જીતુભાઇ, માનનીયશ્રી અર્જુનભાઇ, માનનીયશ્રી ધવલસિંહભાઇ, બધાએ જેને અનુમોદન આપ્યું છે, હું પણ આ પ્રસ્તાવને મારું અનુમોદન આપું છું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ઉલ્લેખ કર્યો એમ એમના મનનો ભાવ પણ દરેકે કામ કરતાં કરતાં જવાનું તો છે જ પરંતુ એની સુવાસ મૂકીને બધા જતા હોય છે. ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યપાલ માનનીય શ્રીમતી કમલા બેનીવાલજીનું તા. ૧૫મી મે, ૨૦૨૪ના રોજ દુઃખદ અવસાન થયું. તેઓ માત્ર ૨૭ વર્ષની ઉંમરે સને ૧૯૫૪માં રાજસ્થાન રાજ્યના પ્રથમ મહિલા મંત્રી બન્યા. સ્વ.ડો. શ્રીમતી કમલા બેનીવાલ એક પ્રતિષ્ઠિત ખેડૂત અને સ્વાતંત્ર્ય સેનાનીના કુટુંબમાં જન્મ્યા હતા. ડો. કમલાજીએ ઝુનઝુન અને સિકર જિલ્લામાંથી જાગીરદારી પ્રથાના વિરોધમાં જયપુર રાજ્યના રાજ્યકર્તાઓ તથા અંગ્રેજ શાસન સામે વિશાળ લોક આંદોલનનું આયોજન અને નેતૃત્વ કર્યું હતું. તેઓએ વર્ષ ૧૯૫૪થી ૨૦૦૩ સુધી રાજસ્થાન વિધાનસભામાં ચૂંટાઇને વિવિધ મંત્રાલયનો હવાલો પણ તેમણે સંભાળ્યો હતો.છેલ્લે તેઓ વર્ષ ૨૦૦૯થી ૨૦૧૪ સુધી ગુજરાત રાજ્યના રાજ્યપાલ પદે નિયુકત થયા હતા. તેઓ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. તેઓ પ્રકૃતિના ચાહક અને ચિત્રકલાના ઉત્તમ વિદ્યાર્થી હતા. સંગીતા અને નૃત્યમાં પણ ઊંડી અભિરુચિ હતી. સારા ઘોડેસવાર હતા. રમતગમતમાં પણ આગવું સ્થાન ધરાવતા હતા. તરણનો પણ તેમને શોખ હતો. સ્વ. ડો. કમલા બેનીવાલને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું. ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બિપીનભાઇ શાહનું તા. ૧૨ જુલાઇ, ૨૦૨૪ ના રોજ ૮૬ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલું છે. તેઓશ્રીએ વર્ષ ૧૯૯૦માં પ્રથમવાર આ વિધાનસભામાંથી ચૂંટાઇને ભરૂચ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું. તેઓ આજીવન સામાજિક અને સહકારી પ્રવૃત્તિમાં વ્યસ્ત રહ્યા. સ્વ. શ્રી બિપીનભાઇ શાહને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું. ગુજરાત વિધાનસભાના પૂર્વસભ્યશ્રી શિવભદ્રસિંહજી ગોહિલનું તા. ૩૧મી મે, ૨૦૨૪ના રોજ દુઃખદ અવસાન થયું. સ્વ. શિવભદ્રસિંહજી ભાવનગરના રાજવી સ્વ. મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગોહિલના નાના પુત્ર હતા. સ્વ.શ્રી શિવભદ્રસિંહજીએ બીજી અને ત્રીજી ગુજરાત વિધાનસભામાં તળાજા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું. સ્વર્ગસ્થશ્રીનું સામાજિક ઉત્કર્ષ અને ભાવનગરના ખેડૂતોની આર્થિક ઉન્નતિ માટે મોટું યોગદાન રહ્યું. તેઓ પશુપક્ષીઓની ફોટોગ્રાફી અને વનસંરક્ષણની પ્રવૃત્તિમાં પણ સક્રિયતાથી ભાગ લેતા. તેઓ જીવનના અંતિમ વર્ષોની અંદર પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી પ્રેરિત સ્વાધ્યાય પરિવારની પ્રવૃત્તિની અંદર રત રહ્યા. સ્વ.શ્રી શિવભદ્રસિંહજીને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું. ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય રત્નાભાઇ ઠુમ્મરનું તા.૧૨ મે, ૨૦૨૪ના રોજ ૯૪ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયું. પાંચમી વિધાનસભાની પેટાચૂંટણીમાં માળીયા મતવિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કર્યું. તેઓ ધારાસભ્ય તરીકે તેમને મળતા પગાર ભથ્થાની રકમ ગરીબ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટે આપતા. તેઓ કાયમી એસ.ટી.બસમાં અને ટ્રેનમાં મુસાફરી કરતા. રત્નાબાપાનું જીવન સાદગીભર્યું, સરળ, સત્યનિષ્ઠ, પરિશ્રમી, પ્રમાણિકતા અને નીડરતાવાળું હતું. તેઓ એક મૂલ્યનિષ્ઠ વ્યક્તિ હતા. ખેડૂતોના પ્રશ્ને ખેડૂતોના હિતમાં તેઓ કિસાન સંઘના આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવતા હતા. સ્વ.શ્રી રત્નાબાપાને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું. ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી રામસિંહભાઇ સોલંકીનું તા. ૩ ઓગષ્ટ, ૨૦૨૪ના રોજ ૮૭ વર્ષની જૈફ વયે અવસાન થયું. રામસિંહભાઇએ વિધાનસભા ગૃહમાં ચાર વખત બાયડ વિધાનસભાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. સ્વ.શ્રી રામસિંહભાઇ સાદુ જીવન જીવનાર હતા અને નાનામાં નાના માણસની મદદમાં રહેતા હતા. તેઓના કાર્યકાળ દરમિયાન બાયડ વિધાનસભામાં તેઓ ખૂબ લોકપ્રિય રહ્યા હતા. સ્વ. શ્રી રામસિંહભાઇને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું. ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી નંદકિશોરભાઇ દવેનું ૧૫ મી માર્ચ, ૨૦૨૪ના રોજ ૭૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ. તેઓએ રાષ્ટ્રિય અને રાજ્યસ્તરે વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. વર્ષ ૧૯૬૫માં પટણા ખાતે યોજાયેલ નેશનલ ગેમ્સમાં

તેઓએ ગુજરાતની હોકી ટીમના કેપ્ટન તરીકે ભાગ લીધો હતો. તેઓએ વિવિધ સામાજિક અને સેવાકીય સંસ્થાઓમાં પોતાનું યોગદાન આપેલું. એમના વિસ્તારમાં તેઓના પ્રયત્નોથી ચેકડેમ થકી સંપૂર્ણ બીનપિયત વિસ્તારમાં સિંચાઇની તેમણે શરૂઆત કરાવી હતી. સ્વ. શ્રી નંદકિશોરભાઇને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું. ગુજરાત વિધાનસભાના પૂર્વસભ્યશ્રી ખુરશીદહૈદર પીરઝાદા જેમનું અવસાન ૯મી માર્ચ, ૨૦૨૪ના રોજ થયું. સ્વ.શ્રી પીરઝાદાનો જન્મ સ્વતંત્ર સેનાનીના કુટુંબમાં થયો હતો. તેઓએ દશમી ગુજરાત વિધાનસભામાં વર્ષ ૧૯૯૮માં ચૂંટાઇને વાંકાનેર વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. જનસેવા એ પ્રભુસેવા મંત્રને ચરિતાર્થ કરવા તેઓનું કાર્યક્ષેત્ર ફકત રાજકીયક્ષેત્ર પૂરતું સિમિત ન રહેતા સમાજના તમામ વર્ગના ઉત્થાન માટે શૈક્ષણિક, સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ કરી હતી. સ્વ.શ્રી પીરઝાદાને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું. ગુજરાત વિધાનસભાના પૂર્વસભ્યશ્રી સામતભાઇ રાઠોડનું ૪ માર્ચ, ૨૦૨૪ના રોજ દુઃખદ અવસાન થયેલું. વર્ષ ૧૯૯૮માં આ વિધાનસભામાં ચૂંટાઇને કેશોદ વિધાનસભા વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. એમના મતવિસ્તારમાં પાણીની ખૂબ મોટી સમસ્યા હતી. તેઓના પ્રયત્નોથી કેશોદ વિસ્તારમાં પાણીની સમસ્યા દૂર થઇ હતી. તેઓ જીવન પર્યન્ત ભારતીય જનતા પાર્ટીના સંનિષ્ઠ કાર્યકર તરીકે રહ્યા, સંગઠન ક્ષેત્રે પણ તેમણે ઉમદા સેવાઓ બજાવી હતી. સ્વ.શ્રી સામતભાઇ રાઠોડને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી કરશનભાઇ ઓડેદરાનું તારીખ ૪થી મે, ૨૦૨૪ના રોજ ૬૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. તેઓએ સતત ત્રણ ટર્મ સુધી આ સભાગૃહમાં પોરબંદર જિલ્લાના કુતિયાણા વિધાનસભા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને પ્રતિનિધિત્વ કર્યુ હતું. તેઓ તેમના જીવન દરમ્યાન અનેક સામાજિક, શૈક્ષણિક, રાજકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેઓ ધાર્મિક પ્રવાસ કરવામાં ખૂબ રૂચિ ધરાવતા હતા. તેઓએ કૈલાસ માનસરોવર અને અમરનાથ તથા બે વખત ચાર ધામની યાત્રા કરી હતી. સ્વ.શ્રી કરશનભાઇ ઓડેદરાને હું હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવું છું. ઉકત તમામ સદ્દગતોના અવસાનથી તેઓના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફત સહન કરવાની પરમ કૃપાળું પરમાત્મા શકિત આપે તેવી પ્રાર્થના કરું છું. આપણે સભાગૃહના તમામ સભ્યશ્રીઓ સદ્દગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ આપે તે માટે પોતાની જગ્યા ઉપર ઊભા થઇ બે મિનિટનું મૌન પાળીશું. (બે મિનિટ મૌન બાદ) માનનીય સભ્યશ્રીઓ સૌ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદગતોના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

**અધ્યક્ષશ્રીની ટકોર**

**શોકદર્શક ઉલ્લેખો વખતે સભ્યશ્રીએ પોતાનું સ્થાન ન છોડવા અંગે**

અધ્યક્ષશ્રી : મારે આજે એક ટકોર કરવી છે. આ વિધાનસભાના સન્માનનીય સભ્યશ્રીઓ હવે નવા સભ્યશ્રીઓ નથી. એટલે વિધાનસભાના નિયમો અને તેની ગરિમાની જાણકારી તેમને હોય જ. શોકદર્શક ઉલ્લેખની ચર્ચા ચાલતી હોય ત્યારે વાતો કરવી અથવા તો પોતાનું સ્થાન છોડવું તે બાબત ઉચિત નથી. આ શિસ્ત જાળવવાની સભ્યશ્રીઓની પોતાની નૈતિક જવાબદારી છે. મારી બંને પક્ષના દંડકશ્રીઓને વિનંતી છે કે, જો સભ્યશ્રીઓ ભૂલી ગયા હોય તો એકાદ વખત ફરીથી જાણકારી આપવી જોઇએ. જ્યારે શોકદર્શક ઉલ્લેખ ચાલતો હોય ત્યારે આવી રીતે વચ્ચેથી ઊભા ન થઇ શકે.

શ્રી પુર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે શોકદર્શક ઉલ્લેખની વાત થતી હોય ત્યારે જે સભ્યશ્રીઓ આ ગૃહના સદસ્ય રહ્યા હોય તેમનો એક ફોટો પણ સ્કીન ઉપર મૂકવામાં આવે તેવું સૂચન છે.

અધ્યક્ષશ્રી : હું ફોટા સાથે અત્યારે તેમના કુટુંબીજનોને સભાગૃહની લાગણી પહોંચાડું છું. પરંતુ આપની વાત સાચી છે. એક ફોટો સ્કીન ઉપર આવે તેવું કરીએ. તે ટેકનોલોજીથી કેવી રીતે થઇ શકે તે જોઇ લઇએ.

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬)**

**ભારે વરસાદના કારણે થયેલ નુકસાનથી અસરગ્રસ્ત ખેડૂતોને વળતર ચૂકવવા અંગે**

ડો. મહેન્દ્રભાઇ પાડલિયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

"તાજેતરમાં પડેલ ભારે વરસાદના કારણે જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ વગેરે જિલ્લાઓમાં કપાસ અને મગફળીના પાકને વ્યાપક નુકસાન થયેલ છે. તેના પરિણામે ખેડૂતોમાં ચિંતાની લાગણી ફેલાયેલ છે. આથી ખેડૂતોમાં ફેલાયેલ ચિંતાની લાગણી દૂર કરવા સર્વેની કામગીરી તાત્કાલિક હાથ પર લઈ અસરગ્રસ્ત ખેડૂતોને વળતર ચૂકવવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાંઓ"

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, કપાસ અને મગફળીના પાકને વ્યાપક નુકસાન અંગેની વિગતો–:

**ભારે વરસાદ અંગે પ્રાથમિક માહિતી**

તાજેતરમાં જુલાઇ–૨૦૨૪ માસના બીજા પખવાડીયામાં તા.૧૮/૦૭/૨૦૨૪થી તા.૨૪/૦૭/૨૦૨૪ દરમિયાન જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને રાજકોટ જિલ્લાના કુલ ૧૬ તાલુકાઓમાં સતત એકધાર્યો વરસાદ નોંધાયેલ હતો. આ ઉપરાંત આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાઓમાં આ સમયગાળા દરમ્યાન ભારે વરસાદ નોંધાયેલ હતો.

તા. ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૪

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

જૂનાગઢ જિલ્લાના આઠ તાલુકાઓમાં જૂનાગઢ, કેશોદ, માળીયા, માણાવદર, માંગરોળ, મેંદરડા, વંથલી અને જૂનાગઢ સિટી, પોરબંદર જિલ્લાના ત્રણ તાલુકાઓમાં પોરબંદર, કુતિયાણા અને રાણાવાવ, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ત્રણ તાલુકાઓમાં દ્વારકા, ખંભાળીયા અને કલ્યાણપુર અને રાજકોટ જિલ્લાના બે તાલુકાઓમાં ઉપલેટા અને ધોરાજી એમ મળીને કુલ ૧૬ તાલુકાઓમાં સતત એકધાર્યો વરસાદ નોંધાયેલ છે. તા.૨૪.૦૭.૨૦૨૪ સુધીમાં જૂનાગઢ જિલ્લામાં ૧૨૦૭ મી.મી (૧૧૯.૭૧%), પોરબંદર જિલ્લામાં ૯૭૫ મી.મી. (૧૨૧.૩૦%), દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૦૯૦ મી.મી. (૧૪૧.૮૦%) અને રાજકોટ જિલ્લામાં ૪૧૫ મી.મી. (૫૭.૬૧%) વરસાદ નોંધાયેલ હતો.

**ખરીફ ૨૦૨૪ માં જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને રાજકોટ જિલ્લામાં થયેલ મુખ્ય પાકોના વાવેતર વિસ્તારની માહિતી**

જુલાઇ માસના અંત સુધીમાં જૂનાગઢ જિલ્લામાં કુલ ૩,૧૭,૪૭૪ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ. જેમાં મુખ્ય ખરીફ પાકો જેવા કે મગફળી પાકનું ૨.૦૯ લાખ, કપાસ પાકનું ૩૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે . પોરબંદર જિલ્લામાં કુલ૧,૧૧,૩૮૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. જેમાં મુખ્યત્વે મગફળી પાકનું ૭૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૨,૩૫,૨૩૧ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલછે . જેમાં મુખ્યત્વે મગફળી પાકનું ૨.૧૭ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. રાજકોટ જિલ્લામાં કુલ ૫,૧૦,૮૪૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. જેમાં મુખ્ય ખરીફ પાકો જેવા કે મગફળી પાકનું ૨.૬૮ લાખ, કપાસ પાકનું ૧.૮૩ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલછે .

**ભારે વરસાદ અન્વયે ખેતી અને બાગાયતી પાકોને થયેલ અસર**

જુલાઇ માસ દરમિયાન મોટા ભાગના પાકો સ્કુરણ/ઉગાવા/વનસ્પતિક વૃધ્ધિ અવસ્થાએ હતી. શરૂઆતના તબક્કામાં ખેડૂતો દ્વારા બિયારણ ખર્ચ, રાસાયણિક ખાતર ખર્ચ, વાવણી ખર્ચ જેવા ઇનપુટ ખર્ચ કરવામાં આવતા હોય છે. ખરીફ ઋતુની શરૂઆતમાં ભારે વરસાદને કારણે પાક નુકસાન જોવા મળેલ છે. આવા કિસ્સામાં જો વાવેતર નિષ્ફળ જાય તો બીજા પાક લેવાની ખેડૂતો જોડે શક્યતા રહેલી હોય છે .તેથી આ તબક્કાના પાક નુકસાનમાં ખેડૂતોને બિયારણ ખર્ચ, રાસાયણિક ખાતર ખર્ચ, વાવણી ખર્ચ જેવા ઇનપુટ ખર્ચનું નુકસાન થતું હોય છે.

**ભારે વરસાદ અન્વયે લેવામાં આવેલ પગલાં**

જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને રાજકોટ જિલ્લામાં તા.૨૦/૦૮/૨૦૨૪ સુધીમાં થયેલ વાવેતર પૈકી ૩,૫૮,૩૪૮ હેક્ટર વિસ્તાર વરસાદથી અસરગ્રસ્ત થયેલ હતો. જેમાં જૂનાગઢ જિલ્લામાં ૧,૯૯,૭૫ હેક્ટર, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૧,૯૨૫ હેક્ટર, પોરબંદર જિલ્લામાં ૮૪,૧૨૦ હેક્ટર અને રાજકોટ જિલ્લામાં ૨૫,૨૩૪ હેક્ટરમાં સરવે પૂર્ણ થયેલ છે. હાલના તબક્કે જૂનાગઢ જિલ્લામાં ૬૪, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૧, પોરબંદર જિલ્લામાં ૨૨ અને રાજકોટ જિલ્લામાં ૮ એમ કુલ ૧૦૫ ટીમોની રચના કરી કુલ ૧૬ તાલુકાઓમાં વિગતવાર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જૂનાગઢ, રાજકોટ અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં ખેતરોમાં વરસાદના પાણી લાંબા સમય સુધી ભરાયેલા હોઇ સરવેની કામગીરી ચાલુ છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં ૩૫૯ ગામોમાં, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૯૦ ગામોમાં, પોરબંદર જિલ્લામાં ૧૫૨ ગામોમાં અને રાજકોટ જિલ્લામાં ૩૦ ગામોમાં સરવે પૂર્ણ થયેલ છે. વિગતવાર સર્વેમાં નોંધપાત્ર પાક નુકસાની જણાયેથી રાજ્ય સરકારશ્રી દ્વારા પાક નુકસાન અંગે નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાઓમાં તા.૨૦/૦૮/૨૦૨૪ સુધીમાં થયેલ વાવેતર પૈકી ૪૮,૧૬૯ હેક્ટર વિસ્તાર વરસાદથી અસરગ્રસ્ત થયેલ છે. આણંદ જિલ્લામાં ૧૯૧ હેક્ટર ,ભરૂચ જિલ્લામાં ૩૯,૦૦૨ હેક્ટર, સુરત જિલ્લામાં ૫૨૦૨ હેક્ટર ,નવસારી જિલ્લામાં ૨૩૬૨ હેક્ટર અને તાપી જિલ્લામાં ૧૪૧૨ હેક્ટરમાં સરવે પૂર્ણ થયેલ છે .હાલના તબક્કે આણંદ જિલ્લામાં ચાર, ભરૂચ જિલ્લામાં ૮૯, સુરત જિલ્લામાં ૧૭, નવસારી જિલ્લામાં ૩૧ અને તાપી જિલ્લામાં ૨૬ એમ કુલ ૧૬૭ ટીમોની રચના કરી કુલ ૨૯ તાલુકાઓમાં પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિગતવાર સરવેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આણંદ જિલ્લામાં ૦૪ ગામોમાં, ભરૂચ જિલ્લામાં ૫૦૯ ગામોમાં, સુરત જિલ્લામાં ૪૦૮ ગામોમાં, નવસારી જિલ્લામાં ૧૯૯ ગામોમાં અને તાપી જિલ્લામાં ૧૪૩ ગામોમાં સરવે પૂર્ણ થયેલ છે. જે અંગે આખરી અહેવાલ મળ્યેથી પાક નુકસાની સહાય અંગે નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે .

**ભાવિ આયોજન**

શ્રાવણ ૩૦, ૧૯૪૬ શાકે

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

હાલમાં, કુદરતી આપતિને લીધે ખેતી પાકોમાં નુકસાન થાય તો સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૫ તેમજ તા.૧૦/૧૦/૨૦૨૩ના ઠરાવ મુજબ સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (SDRF)ના ધારાધોરણો મુજબ જે કિસ્સાઓમાં પાકમાં ૩૩ % અને ૩૩ % કરતાં વધારે નુકસાન થાય તો SDRFના ધારાધોરણ મુજબ સહાય મળવાપાત્ર થાય છે.

આમ, રાજ્ય સરકારશ્રી દ્વારા સદર કિસ્સામાં જિલ્લા તંત્ર સાથે સંકલન કરી કાર્યવાહી હાથ ધરાયેલ છે અને તે મુજબ નિયમોનુસાર નુકસાનીની તીવ્રતા ધ્યાને લઈ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય ચૂકવવા બાબતે નિર્ણય લેવામાં આવશે.

માનનીય સભ્યશ્રી, મહેન્દ્રભાઇ પાડલિયાએ જે વાત રજૂ કરી છે તેના અનુસંધાને જણાવવાની રજા લઉં છું કે, આ રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળની આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કાયમ માટે કુદરતી આફતોની સ્થિતિ હોય કે અછતની સ્થિતિ હોય હંમેશા ખેડૂતોને ઉદાર હાથે મદદરૂપ થવાનો પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે માગણી કરી છે તે મુજબ જૂનાગઢ જિલ્લાના પોરબંદર જિલ્લાના અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના તાલુકાઓમાં જે અતિવૃષ્ટિના કારણે જે પરિસ્થિતિ ઊભી થઇ તેના કારણે ખેડૂતોના પાકને જે કંઇ નુકસાન થયુ હોય તેના માટે તાત્કાલિક અસરથી સરવેની કામગીરી અમારા ખેતીવાડી ખાતાના અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવી છે તે લગભગ પૂર્ણતાના આરે છે અને આ કામગીરી પૂર્ણ થયે તેનો અહેવાલ સરકારશ્રીને મળ્યેથી સરકારશ્રીના ધારા–ધોરણ મુજબ ખેડૂતોને ઉદારતાથી સહાય કરવાની રાજ્ય સરકારની નેમ છે અને ખેડૂતોને જરૂરી તમામ પ્રકારની મદદ રાજ્ય સરકાર કરશે.

શ્રીઅર્જુનભાઇ દે. મોઢવાડિયા (પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, જે સૌરાષ્ટ્રના લગભગ ૧૬ તાલુકાઓ અને મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના અમુક જિલ્લાઓમાં જે ભારે વરસાદ થયો એમાં ખાસ કરીને અમારા જે ઘેડ વિસ્તાર છે પોરબંદર, જૂનાગઢ અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં લાંબો સમય સુધી પાણી ભરાઇ રહેતાં પાકને ભારે નુકસાન થયું છે અને લગભગ પાક નિષ્ફળ ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘેડની સ્થિતિથી ઘણાં મારા સાથી મિત્રો પરિચિત નહીં હોય પણ ઘેડનો જે ભૌગોલિક વિસ્તાર છે એ રકાબી આકારનો છે એટલે એક વખત પાણી ભરાય એ પછી પાણી નીકળવાની પૂરતી વ્યવસ્થા ના હોય તો અઠવાડિયા સુધી પાણી ભરાઇ રહેતું હોય છે અને તેના કારણે આ ચોમાસામાં આવી સ્થિતિ ઊભી થતી હોય છે. આ વારંવાર બનાવો બનતા હોય એમાં હું વિપક્ષમાં જ્યારે બેસતો હતો ત્યારે પણ મેં આ ઘેડ વિસ્તારનું પ્રતિનિધિ મંડળ લઇ ત્યાં મુલાકાત લીધી હતી અને તે પછી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ આ વિસ્તારની અંદર હવાઇ નિરીક્ષણ કર્યું હતું અને તેમણે ખાતરી આપી હતી કે આ પાણીનો નિકાલ જલદીથી કરાવીને ઘેડ વિસ્તારને કાયમી મુશ્કેલીઓમાંથી અમે દૂર કરીશું અને એ અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપણાં જળસંપત્તિ વિભાગના મંત્રીશ્રી કુંવરજીભાઇને સૂચના આપી મને ખૂબ આનંદ છે કે તેના પછી એક આખો સર્વગ્રાહી અભ્યાસ કરવામાં આવ્યો. રાષ્ટ્રની એક સૌથી જે શેખોન પ્રાઇવેટ લિમિટેડ નામની પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ કંપની છે તેના મારફત આખો અભ્યાસ અહેવાલ તૈયાર થયો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી પણ વારંવાર જ્યારે મળીએ ત્યારે એમ કહે છે કે આ ઘેડનો પ્રશ્ન છે તે કાયમી ઉકેલવાનો છે અને તેના માટે નાણાની કોઇ ચિંતા કરવાની નથી આના માટે એક સર્વગ્રાહી પ્રોજેક્ટ તૈયાર થવાના અંતિમ તબક્કામાં છે અને ભવિષ્યમાં જ્યારે આ પ્રોજેક્ટનો અમલ થશે પછી પાણી ભરાવાનો પ્રશ્ન નહિ રહે, એટલું જ નહિ પણ આપણે સિંચાઇ માટે પાણી રોકી પણ શકીશું. આ વરસાદ થયો એના કારણે જે નુકસાન થયું છે એ સંદર્ભે પણ માનનીય રાઘવજીભાઇ કૃષિ મંત્રી તરીકે સતત આ વિસ્તારના સંપર્કમાં હતા અને કેટલા પાકને નુકસાન થયું છે એની માહિતી તંત્ર મારફત મેળવી હતી. અમને પણ વારંવાર એ બાબતે તાકીદ કરી હતી. એ સંદર્ભે તેઓ ઘેડ વિસ્તારના ગામડાઓની માહિતી પણ લઇ આવ્યા છે. મારે માનનીય કૃષિ મંત્રીશ્રીને વિનંતી કરવાની છે કે જ્યારે મોટા પાયે ઇનપુટ લૉસ થયો છે ત્યારે સરકાર આ બધા જ તાલુકાઓમાં ઇનપુટ લૉસની સહાય આપવા માગે છે કે કેમ? અત્યારે ખેડૂતોનો પાક લગભગ નિષ્ફળ ગયો છે. મારે માનનીય કૃષિ મંત્રીશ્રીને બીજો એક પ્રશ્ન પૂછવો છે કે જો ખેડૂતોને એસ.ડી.આર.એફ. પ્રમાણે સહાય આપવા માગતા હોય તો કેટલી સહાય મળવાપાત્ર છે? એનો જવાબ આપે અને બીજું એ કે એસ.ડી.આર.એફ. ઉપરાંત ખેડૂતોને વધારે નુકસાન થયું હોય તો રાજ્ય સરકાર એમાં પણ સહાનુભૂતિપૂર્વક વિચાર કરીને એના ધોરણોથી વિશેષ સહાય આપવા માગે છે કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એ મુજબ આ ઘેડ પંથકના લગભગ ૧૬ જેટલા તાલુકાઓમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ નિરીક્ષણ કર્યું છે. કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયાએ પણ માહિતી મેળવવા માટે મુલાકાતો લીધી છે અને મેં પોતે પણ મોટા ભાગની જગ્યાઓએ મુલાકાત લઇ પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું છે. હું માનનીય અર્જુનભાઇની એક વાત સાથે સંમત છું કે પાણી ભરાવવાના કારણે વાવણી થઇ ગયેલ હતી અને પાક ઊગી રહ્યો હતો એ દરમિયાન પાણી ભરાઇ જતા અને ઉપર કાંપ આવી જતા મોટા ભાગનો પાક નિષ્ફળ ગયો છે. એના સરવેની કામગીરી ચાલુ છે. ખેડૂતોને ઇનપુટ લૉસ તરીકે જે નુકસાન થયું છે એમાં ઉદાર હાથે સહાય આપવાનું સરકારની

વિચારણા હેઠળ છે. માનનીય સભ્યશ્રીને સહાયના ધોરણો વિશે જણાવું તો નાના અને સીમાંત ખેડૂતોને ઇનપુટ સબસિડી ૩૩ ટકા અને તેથી વધુ નુકસાનના કિસ્સામાં બિનપિયત પાકો માટે વિસ્તારની મર્યાદામાં રૂ.૮૫૦૦/– પ્રતિ હેક્ટર અને ઓછામાં ઓછી રૂ.૧૦૦૦/–થી ઓછી નહિ તેટલી સહાય આપવામાં આવે છે. પિયત પાકો માટે રૂ.૧૭,૦૦૦/– પ્રતિ હેક્ટર અને રૂ.૨,૦૦૦/–થી ઓછી નહિ તેટલી સહાય આપવામાં આવે છે. બારમાસી પાકો માટે વાવેતર વિસ્તારની મર્યાદામાં રૂ.૨૨,૫૦૦/– પ્રતિ હેક્ટર અને રૂ.૨૫૦૦/–થી ઓછી નહિ તેટલી સહાય આપવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં જરૂર જણાય તો રાજ્ય સરકાર એસ.ડી.આર.એફ.ના ધોરણોથી ઉપર જઇને પોતાના ભંડોળમાંથી ખેડૂતોને મદદરૂપ થઇ શકે છે અને આ રીતની મદદ રાજ્ય સરકારે ખેડૂતોને કરેલી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીનો નિર્ધાર છે કે ઘેડ પંથકમાં દર વર્ષે પાણી ભરાવાના કારણે જે પ્રશ્ન ઉપસ્થિત થાય છે તેનાથી ખેડૂતોને નુકસાન થાય છે અને લોકોને હાલાકી ઊભી થાય છે એ પ્રશ્નનો કાયમી ધોરણે ઉકેલ લાવવો છે અને એના માટેની કામગીરી પણ શરૂ કરી દીધી છે. હું આ સન્માનનીય સભાગૃહને અને સન્માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે રાજ્ય સરકાર ખેડૂતોના પાકને જે નુકસાન થયું છે એના માટે ઉદાર હાથે સહાય આપવા માટે કટિબદ્ધ છે અને શક્ય એટલી વહેલી તકે સહાય આપવાની કામગીરી પૂર્ણ કરશે.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી(માણાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય કૃષિમંત્રીશ્રીને પૂછવા માગું છું કે, છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાત રાજ્યમાં કુદરતી આપત્તિના કારણે થયેલ પાક નુકસાન અંતર્ગત કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં કુદરતી આપત્તિના કારણે થયેલ પાક નુકસાન અંતર્ગત એસ.ડી.આર.એફ.માંથી રૂ.૫,૧૪૮ કરોડથી વધુ સહાય ઉપરાંત રાજ્ય બજેટમાંથી વધારાની સહાય તરીકે રૂ.૨,૦૯૪ કરોડથી વધુ એમ કુલ રૂ.૭,૨૪૩ કરોડની માતબર સહાયની રકમ ચૂકવેલ છે. ૬૪ લાખ ૩૮ હજાર ૩૦૦ જેટલા ખેડૂતોને આ સહાયનો લાભ મળેલ છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગીર સોમનાથ, જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં કૃષિ પાકોને જે નુકસાન થયું છે તેનો સરવે કોના દ્વારા કરવામાં આવશે અને કેટલા સમયમાં સહાય ચૂકવવામાં આવશે? કારણ કે ગીર સોમનાથમાં ગયા વર્ષે થયેલ નુકસાનનો સરવે કરવામાં આવેલ હતો પણ આજ દિન સુધી પાકના નુકસાનની સહાય ચૂકવવામાં આવેલ નથી એટલે માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરે કે કેટલા સમયમાં ચૂકવવા માગે છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે સરવે કરવામાં આવ્યો હતો પણ અગાઉ જણાવ્યું તેમ એસ.ડી.આર.એફ.ના ધોરણ મુજબ વાવેતર વિસ્તારમાંથી ૩૩ ટકા અથવા ૩૩ ટકા કરતાં વધુ નુકસાન થયું હોય તો જ સહાયની ચૂકવણી કરી શકાય. ગયા વર્ષે આ ધોરણોમાં ન આવવાના કારણે સહાય ચૂકવી શકાય નહીં હોય. આ વર્ષે તાત્કાલિક અસરથી સરવે કરવાનું કામ ખેતીવાડી ખાતા મારફત શરૂ કરાવી દીધું છે. ટૂંક સમયમાં કામ પૂર્ણ થઇ જશે અને એસ.ડી.આર.એફ.ના ધોરણ મુજબ જે કોઇ ખેડૂતોને પાક નુકસાનની સહાય મળવાપાત્ર હશે તેમને વહેલામાં વહેલી તકે સહાય ચૂકવવાની કાર્યવાહી હાથ ધરીશું.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ વર્ષે નવસારી અને વલસાડ જિલ્લામાં કયા કયા પાકોને કેટલી નુકસાની થયેલ હતી અને અત્યાર સુધીમાં કેટલા ખેડૂતોને સહાયની રકમ ચૂકવવામાં આવી અથવા ચૂકવવામાં આવશે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ માહિતી હાલ મારી પાસે ઉપલબ્ધ નથી. હું સભ્યશ્રીને પહોંચાડીશ.

અધ્યક્ષશ્રી : આજે ગાંધીનગરના માનનીય ધારાસભ્ય શ્રીમતી રીટાબેનનો જન્મદિવસ છે. તેમને વિધાનસભા ગૃહ વતી અભિનંદન આપીએ.

**(વિરામ બપોરના ૨.૦૩થી ૩.૦૦)**

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

**સન ૨૦૨૪નો ગુજરાત કાયદા(જોગવાઇઓના સુધારા) વટહુકમ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૪નો વટહુકમ ક્રમાંક–૧–સન ૨૦૨૪નો ગુજરાત કાયદા(જોગવાઇઓના સુધારા)વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

શ્રાવણ ૩૦, ૧૯૪૬ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૨૦૨૪નો ગુજરાત નશાબંધી(સુધારા)વટહુકમ**

શ્રી હર્ષ સંઘવી(ગૃહ મંત્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૪નો વટહુકમ ક્રમાંક-૨-સન ૨૦૨૪નો ગુજરાત નશાબંધી(સુધારા)વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**સન ૨૦૨૨-૨૩નો ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(જળસંપત્તિ મંત્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**સન ૨૦૨૨-૨૩નો ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી મુળુભાઇ હ.બેરા(આયર)(વન મંત્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૨૨-૨૩ના ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના વાર્ષિક હિસાબો**

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૧૯૭૨નું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું જાહેરનામું**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજના દિવસના કામકાજની યાદીની બાબત ક્રમાંક-૪ની પેટા બાબત-૬માં દર્શાવેલ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું જાહેરનામું સભાગૃહના મેજ પર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**અનુમતિ મળેલાં વિધેયકો**

ઇન્ચાર્જ સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક-૫, ૭, ૮ અને ૯ વિધાનસભાના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**સભ્યશ્રીના રાજીનામા અંગે**

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે, ૮૩ પોરબંદર મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવેલ ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ તા.૦૪/૦૩/૨૦૨૪ના રોજ બપોર બાદ તેમજ ૮૫ માણાવદર મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવેલા ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી અરવિંદભાઇ લાડાણીએ તા.૦૬/૦૩/૨૦૨૪ના રોજ બપોર બાદ અને ૦૭ વાવ મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવેલા ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી ગેનીબેન ઠાકોરે તા.૧૩/૦૬/૨૦૨૪ના રોજ બપોર બાદ સભ્ય પદેથી રાજીનામા આપેલ છે, તેનો મેં સ્વીકાર કરેલ છે. ત્યારબાદ સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા તેમજ સભ્યશ્રી અરવિંદભાઇ લાડાણી પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના સભ્યપદેથી ચૂંટાઇને આવેલ છે.

**વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

**કામકાજ સલાહકાર સમિતિનો સાતમો અહેવાલ**

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો સાતમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તા.૨૦મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

તા. ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૪

સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦)

**૧.** બુધવાર, તા.૨૧/૦૮/૨૦૨૪ના રોજ નિયમ-૧૨૦ અન્વયેનો માનનીય મુખ્યમંત્રીશ્રીનો સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦) હાથ ઉપર ધરવો તથા તેના પર ચર્ચા માટે ૯૦ મિનિટનો સમય ફાળવવો. ત્યારબાદ સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૪નું ગુજરાત માનવ બલિદાન તેમજ બીજા અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક ચર્ચા માટે હાથ ધરવું અને જરૂર પડ્યે સભાગૃહનો સમય લંબાવીને પણ તેની વિચારણા પૂર્ણ કરવી.

**૨.** ગુરુવાર, તા.૨૨/૦૮/૨૦૨૪ના રોજ નિયમ-૧૦૦ અન્વયેનો માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઇ બેરાનો ભારતના બંધારણના અનુચ્છેદ-૨૫૨)૧ (અન્વયેનો પાણી )પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ (સુધારા અધિનિયમ, ૨૦૨૪નો ગુજરાત રાજ્યમાં અમલ કરવા બાબતના પ્રસ્તાવને વિચારણા માટે હાથ ધરવો અને તેને ૬૦ મિનિટનો સમય ફાળવવો. ત્યારબાદ નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવાં અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૨૪નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક.

(૨) ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૪નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક.

**૩.** શુક્રવાર, તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવાં અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૪નું ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક.

(૨) ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પહેલો અહેવાલ

શ્રી શ્રી અભેસિંહ તડવી**(**સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પંદરમી ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પહેલો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી ઋષિકેશ ગ. પટેલ**(**વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦)**

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપવા અંગે**

**શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ** (મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે, તાજેતરમાં વિશ્વની સૌથી મોટી લોકશાહીનું મહાપર્વ આપણે સૌએ ધામધૂમથી ઉજવ્યું. આ લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ભારતના નાગરિકોએ વિકસિત ભારતના સ્વપ્નદ્રષ્ટા, મહાન વિચારક, વિશ્વના સર્વાધિક લોકપ્રિય નેતા, ઉત્તમ પ્રશાસક, વિકાસ પુરુષ એવા શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને ભારતના પ્રધાનમંત્રી તરીકે ત્રીજી વખત દેશનું સુકાન સોંપ્યું છે. જેગુજરાતના પ્રત્યેક નાગરિક માટે ગૌરવ અને આનંદનો વિષય છે.

વિશ્વભરમાં આપણા તિરંગાનું સન્માન વધારનાર, ગુજરાતના પનોતાપુત્ર અને ભારતનાં યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને વિશ્વની સૌથી મોટી લોકશાહીના સતત ત્રીજી વખત વડાપ્રધાન બનવા માટે આ ગૃહના નેતા તરીકે સમગ્ર ગુજરાત વતી હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

આઝાદી પછી જન્મેલા ભારતનાં પ્રથમ પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ વર્ષ 2014થી 2019 દરમિયાન બે વખત દેશના સફળ સુકાની તરીકે દેશને નિર્ણાયક નેતૃત્વનો અહેસાસ કરાવ્યો છે. વિશ્વભરમાં ભારતની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવાની સાથે આ દેશના છેવાડાના માનવીની ચિંતા કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ લગભગ દોઢ દાયકા જેટલા દીર્ઘકાળ સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અને આ ગૃહના નેતા તરીકે તેમનું અપ્રતિમ યોગદાન આપ્યું છે. માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં આપણું ગુજરાત આગવું ગુજરાત બન્યું. માનનીય નરેન્દ્રભાઈ મોદીજીએ એક સફળ મુખ્યમંત્રી તરીકે વાઇબ્રન્ટ ગુજરાતના નૂતનમંત્રથી વિકાસની આગવી કેડી કંડારી ગુજરાતને વૈશ્વિક કક્ષાએ હરિફાઈ કરવા માટે સક્ષમ કર્યું. આજે ગુજરાત વિકાસના રાજમાર્ગ પર જે રીતે હરણફાળ ભરી રહ્યું છે તેનો સઘળો શ્રેય માનનીય નરેન્દ્રભાઈને જાય છે.

શ્રાવણ ૩૦, ૧૯૪૬ શાકે

સરકારી સંકલ્પ (નિયમ–૧૨૦)

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હર ઘર તિરંગાથી લઈને ચાંદ પર પણ તિરંગો લહેરાવીને દેશવાસીઓમાં રાષ્ટ્રભક્તિની નવીન ચેતના જગાડી છે. ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ'' નાં મંત્ર સાથે છેલ્લા દસ વર્ષમાં વિશ્વની સૌથી મોટી જનકલ્યાણ યોજનાઓને અમલમાં મૂકી અપ્રતિમ સમર્પણ અને નિષ્ઠા સાથે રાષ્ટ્ર પ્રથમની ભાવનાને ચરિતાર્થ કરી છે. ગરીબો, વંચિતો, દલિતો, શોષિતો પ્રત્યે ઘેરી સંવેદના અને કંઇક કરી છૂટવાની લાગણી તેમના હૈયે સદાય વહેતી રહે છે. માનનીય મોદીજીના નેતૃત્વનો એક દાયકો એટલે વિરાસત, વિકાસ અને વિશ્વાસનો દાયકો છે. આ એક દાયકામાં નિર્માણ થયેલ નવ્ય ભારતની નોંધ સમગ્ર વિશ્વ એ લીધી છે. માનનીય મોદીજીએ ત્રીજા કાર્યકાળમાં પ્રવેશ કર્યો છે. છેલ્લા બે કાર્યકાળમાં માનનીય નરેન્દ્રભાઈ મોદીજીના પરિશ્રમ, પ્રતિબદ્ધતા અને પારદર્શિતાના ત્રિવેણી સંગમથી ભારત અનેક મહાન સંકલ્પોથી સિદ્ધિ સુધી પહોચી શક્યું છે તેનું આપણને સૌને ગૌરવ છે.

સ્વચ્છ ભારતથી સ્વસ્થ ભારત બનાવવા માટે પ્રધાનમંત્રીજીએ જનભાગીદારીથી સ્વચ્છતાને ભારતનો સ્વભાવ બનાવ્યો છે. માનવીય સંવેદના સાથે સુશાસનના વૈશ્વિક માપદંડો ચરિતાર્થ કરી વિશ્વની સૌથી મોટી આરોગ્ય યોજના "આયુષ્યમાન ભારત" દેશના દરેક નાગરિકને સ્વાસ્થ્ય સુરક્ષાની ગેરંટી આપે છે.

એકવીસમી સદી એ જ્ઞાનની સદી છે અને જ્ઞાનનો આ અરુણોદય ગુજરાતમાંથી થયો છે. મને આ ગૃહને જણાવતા અત્યંત ગૌરવ થાય છે કે આપણા પ્રધાનમંત્રી મોદીજીએ જ્ઞાન એટલે કે નોલેજની મહત્તા તો વધારી જ પણ સાથે–સાથે આપણને જ્ઞાનની એક નવી પરિભાષા પણ આપી. આ નયા ભારતમાં જ્ઞાન એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને મહિલા. આપણા દેશના ગરીબ, યુવા, અન્નદાતા, મહિલાઓને મુખ્ય ધારામાં લાવવા અને સર્વસમાવેશી નીતિઓ તૈયાર કરવી એ નયા ભારતનો વિકાસ મંત્ર છે. દરિદ્રનારાયણની સેવાને સમર્પિત 'વન નેશન વન રાશન' એ વિશ્વની સૌથી મોટી પોષણ યોજના છે. છેલ્લા દસ વર્ષમાં પ્રત્યેક ક્ષેત્રમાં ભારતે મેળવેલ અભૂતપૂર્વ સિદ્ધિ એ પ્રધાનમંત્રીશ્રીની દીર્ઘદ્દષ્ટિનું સુખદ પરિણામ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હોય કે પી. એમ. ગરીબ કલ્યાણ અન્ન યોજના હોય કે પછી આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરતી મુદ્રા લોનની યોજના હોય; આ દરેક યોજનાઓમાં મોદીજીના પારસ સ્પર્શની અનુભૂતિ થાય છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા, સેમીકોન ઈન્ડિયા જેવી પ્રગતિશીલ નીતિઓથી ભારતની યુવાશક્તિને નવી પાંખો મળી છે.

માનનીય નરેન્દ્રભાઈએ દેશભરમાં નવીન IIT, IIM, અને વૈશ્વિક સ્તરની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપીને 'જય અનુસંધાન' ના મંત્રને સાર્થક કર્યો છે. તેજસ્વી, સામર્થ્યવાન ભારતનું સ્વપ્ન સેવતી રાષ્ટ્રીય શિક્ષા નીતિ ૨૦૨૦ના સુચારુ અમલ દ્વારા યુવાનો અને આવતી પેઢીને ૨૦૪૭ના વિકસિત ભારતના અગ્રેસર બનવાનો મોકો આપ્યો છે.

કૃષિ પ્રધાન એવા ભારત દેશમાં કિસાન સન્માન નિધિથી અન્નદાતા એવા ખેડૂતના ખેડ, ખાતરની ચિંતા પ્રધાનમંત્રી મોદીજીએ કરી છે. વૈજ્ઞાનિક અભિગમથી ખેડૂતોની આવકને બમણી કરવાના લક્ષ્ય સાથે કઠોળથી લઇ ખાદ્ય તેલમાં ભારત દેશને આત્મનિર્ભર બનાવવાનું લક્ષ્ય પ્રધાનમંત્રીજીએ રાખ્યું છે. એક સમયે બહારથી અનાજની આયાત કરતો દેશ આજે અનાજની નિકાસ કરતો દેશ બન્યો છે.

ભારતની સાંસ્કૃતિક ચેતનાને પુન: જાગૃત કરવા માટે સતત પ્રયાસરત એવા પ્રધાનમંત્રીશ્રી આપણી વિરાસતની વંદના કરી રહ્યા છે. ભવ્ય–દિવ્ય રામમંદિરનું નિર્માણ હોય કે કાશી વિશ્વનાથ કોરિડોરનું નિર્માણ હોય. ઉજ્જૈનમાં મહાકાલ મંદિરના જીર્ણોદ્ધારથી લઇ મા મહાકાળીના પાવાગઢ ઉપર ૫૦૦ વર્ષ પછી ધ્વજારોહણ કરવાનું ભગીરથ કાર્ય માનનીય નરેન્દ્રભાઈના કાર્યકાળમાં થયું છે. સાંસ્કૃતિક ચૈતન્યને જાગ્રત કરવાની સાથે –સાથે ભારત વિશ્વ બંધુત્વની ભાવના થકી વૈશ્વિક સોફ્ટ પાવર તરીકે વિકસી રહ્યું છે. G–ટવેન્ટી સમિટનું નેતૃત્વ કરવા સાથે G–સેવન સમિટમાં ભારતનો વૈશ્વિક સ્વીકાર થવો એ માનનીય પ્રધાનમંત્રીશ્રીના પ્રમાણિક પ્રયાસોનું જ પરિણામ છે.

ભારતની આ ભવ્ય વિકાસયાત્રામાં દેશની નારીશક્તિ એક પણ ડગલું પાછળ ન રહી જાય તે માટે પ્રધાનમંત્રીજીના સતત પ્રયત્નો રહ્યા છે. ઉજ્જવલા યોજના થકી મહિલાઓને ધુમાડામાંથી મુક્તિ આપી મોદીજીએ, શૌચાલય સ્વરૂપે સન્માન ઘર આપ્યું મોદીજીએ, નળથી જળ જેવી યોજનાથી બહેનોનું જીવન સરળ બનાવ્યું મોદીજીએ, નારી શક્તિ વંદન અધિનિયમથી પંચાયતથી પાર્લામેન્ટ સુધી નેતૃત્વ કરવાની તક આપી મોદીજીએ, ત્રણ તલાક જેવો અન્યાયી કાયદો નાબૂદ કરીને મહિલાઓને સુરક્ષા આપી મોદીજીએ.

પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ પોતાના દેશ માટે, દેશના લોકો માટે સમર્પિત કરતાં આપણા યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ભારતને વૈશ્વિક હરીફાઈ માટે સક્ષમ બનાવ્યું છે. કોરોનાના કપરા સમયે દુનિયાના દેશોને રસી પહોંચાડી

ભારતે વિશ્વ બંધુત્વની ભાવનાને સાર્થક કરી છે. G –ટવેન્ટીનું સફળ આયોજન હોય કે વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને સુરક્ષિત પરત લાવવાની વાત હોય દરેકમાં આજે દુનિયા ભારતની વિરાટ શક્તિને જોઈ રહ્યું છે.

એક ભારત, શ્રેષ્ઠ ભારતના સ્વપ્નને સાકાર કરવા કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ નાબૂદ કરી, વર્ષો જૂના પ્રશ્નનો અંત લાવવા માટે ભારતના લોકો તેમને શતાબ્દીઓ સુધી યાદ કરશે. આજે કાશ્મીર ઘાટીમાં આઝાદી અને આબાદી બંનેનો અનુભવ થઈ રહ્યો છે. વર્ષો જૂની ગુલામીની માનસિકતામાંથી દેશને મુક્ત કરી ભારતીય ન્યાય સંહિતા લાગુ કરી, સર્જિકલ સ્ટ્રાઈક જેવા મજબૂત નિર્ણયથી આતંકવાદને કડક ભાષામાં જવાબ આપી, ભારતને બદનામ કરવાના કાવતરા કરતી ઈકો સિસ્ટમ સામે લાલ આંખ કરીને ગુજરાતના પનોતા પુત્ર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના નેતૃત્વમાં ભારતનો પ્રત્યેક નાગરિક સુરક્ષા, શાંતિ અને સલામતીની અનુભૂતિ કરી રહ્યો છે. એટલે જ કહેવાય છે "**सपने नहीं हक़ीक़त बुनते है, तभी तो हम सब मोदी को चुनते हैं**" 'નેશન ફર્સ્ટ'ના મંત્ર સાથે વિકસિત ભારતનું સ્વપ્ન લઈને પોતાનું તન– મન અને સર્વસ્વ ભારતમાતાના ચરણે સમર્પિત કરનાર યુગદ્રષ્ટા એવા શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના બે સ્વર્ણિમ કાર્યકાળની સિદ્ધિઓ ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થઈ છે અને તેનું આપણને સૌને ગૌરવ છે. મને પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે કે માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ટીમ મોદી સરકારના ત્રીજા અમૃતકાળમાં ભારત અનેક નવી સિદ્ધિઓ હાંસલ કરશે અને વિકસિત ભારતના લક્ષ્ય તરફ ઊંચી ઉડાન ભરશે. રાજપથ નહીં કર્તવ્યપથ અને પ્રધાનમંત્રી નહીં પ્રધાનસેવક તરીકે પોતાની ઓળખ આપતા મોદીજીના નેતૃત્વમાં આવો આપણે સૌ અમૃતકાળને કર્તવ્યકાળ બનાવીને ૨૦૪૭માં ભારતને વિકસિત ભારત બનાવવા માટે વિકસિત ગુજરાતના સ્વપ્નને સાકાર કરીએ. પુન: એક વાર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને ત્રીજા યશસ્વી કાર્યકાળ માટે હું અભિનંદન પાઠવવાનો સંકલ્પ પ્રસ્તુત કરું છું.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર–પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નિયમ–૧૨૦ મુજબ સન્માનનીય સભાગૃહ સમક્ષ માનનીય વડાપ્રધાનશ્રી ત્રીજીવાર ચૂંટાયા છે અને જે પ્રકારે દેશની સરકાર મોદીજીના નેતૃત્વમાં ચાલી છે એને અભિનંદન આપતો પ્રસ્તાવ રજૂ કર્યો છે ત્યારે એમને હું સમર્થન કરું છું અને મારી વાત કરતા ગૌરવની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે ઈતિહાસ લખાતો હોય છે ત્યારે આપણને પણ ખબર હોતી નથી. માનનીય નરેન્દ્રભાઇ મોદીજીના નેતૃત્વમાં ઈતિહાસ લખાઇ રહ્યો છે કે જયારે આવનારી પેઢી પાના ખોલશે ત્યારે આપનું અને સન્માનનીય સભાગૃહ ગુજરાતનું છે એમનું અને ભારત વર્ષમાં મોદીજીની સાથે દેશની જનતા અને પ્રતિનિધિઓની જે લાગણી રહી છે, જે ભાવ રહ્યો છે એ જયારે પણ નવી પેઢી પાના ખોલશે ત્યારે કદાચ વિપક્ષને ગમે કે ગમે પણ એના પણ આ પાનાઓમાં નામ લખાવાના છે અને ઈતિહાસનું ગૌરવ લેતી પેઢી આપણે આવનારા દિવસોમાં જોવાના છીએ. મુખ્યમંત્રીશ્રીએ આખું સભાગૃહ સમક્ષ મૂકયું છે. આટલા ટુંકાગાળામાં દેશની પ્રગતિ કરવી, આપણી સંસ્કૃતિ, સંસ્કાર, ઘરોહરને જાળવી રાખવાનું કોઇએ કામ કર્યું હોય તો આ દેશના વડાપ્રધાન પનોતા પુત્ર, આપણા ગુજરાતનું ગૌરવ એવા સિંહપુરુષ આ સભાગૃહના મુખ્યમંત્રી તરીકે રહી ચૂકયા છે. આથી વધારે ગૌરવ શું હોઇ શકે? અભિનંદન આપીએ એટલા ઓછા છે. પુસ્તકો લખાય એટલા ઓછા પડવાના છે. રીસર્ચ થાય એટલું ઓછું પડવાનું છે. આપણા સંસ્કાર અને સંસ્કૃતિ જયારે દેશ આઝાદ થયો ત્યારે પશ્ચિમ સંસ્કૃતિ તરફ લઇ જવાનો પ્રયાસ કોઇ એક વિચારધારાની પાર્ટીના આગેવાનોએ કર્યો. આપણી સંસ્કૃતિ અને સંસ્કાર નીચે દબાઇ ગયા. એક એવા મહાપુરુષ આપણને મળ્યા કે વિશ્વને ભારતની સંસ્કૃતિનું દર્શન કરાવીને વિકાસ કઇ રીતે થાય. અન્ય દેશની અંદર જે સગવડો છે એનો વિરોધ નથી પણ આપણી સંસ્કૃતિ, ધરોહર અને સંસ્કાર જે આપણા સંતો મહંતો આપતા ગયા છે એને વિશ્વગુરુના સ્થાને સાથે લઇને બેસાડવાનું કામ માનનીય વડાપ્રધાનશ્રી કરી રહ્યા છે ત્યારે ત્રીજી વખત ચૂંટાયા છે જનતાના આશીર્વાદથી ચૂંટાયા છે. આ લોકો તો ઇચ્છતા નહોતા પણ દેશની જનતાને ખબર છે કોના હાથમાં આ દેશ સલામત અને સુરક્ષિત રહેવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મંદિરોની આપણી પરંપરાઓ, પરંપરાગત નૃત્યો, ગીતો, ઉત્સવો અને આ ધર્મને સાથે લઇને મોદીજીની આપણી સરકારે આસ્થાને શ્રદ્ધાના કેન્દ્રો બનાવ્યા. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે શ્રાવણ મહિનો છે ત્યારે કાશી વિશ્વનાથ મહાદેવ હોય, સોમનાથ મહાદેવ હોય, મહાકાલેશ્વર મહાદેવ હોય, મા અંબાજી હોય, દ્વારકાધીશ હોય તેનો વિકાસ કરવાનો શ્રેય અને ઈશ્વરે પણ નક્કી કર્યુ હશે કે મોદીજી વડાપ્રધાન હોય ત્યારે જ શક્ય બનશે. આપણી સંસ્કૃતિ, ધરોહળ અને સંસ્કાર સાથે નવી પેઢી આગળ વધે તેના પણ વિરોધો થયા. આ તો અડીખમ ગુજરાતી અને અડીખમ ભારતીય કે જેના ક્ષણ ક્ષણ અને કણ કણમાં મા ભારતીય વસે છે. એ જીવે છે તો પણ મા ભારતી માટે અને કંઇક કરી રહ્યા છે તો પણ મા ભારતી માટે. એકબાજુ સંસ્કાર અને સંસ્કૃતિની વાત થતી હોય અને બીજી બાજુ લોકસભામાં પશ્ચિમની સંસ્કૃતિને લઇને ચાલનારી કોંગ્રેસની પાર્ટી, શરમ આવે તે પ્રકારના કૃત્યો, બહેનોની હાજરીમાં તે પ્રકારના ઈશારાઓ દેશ ક્યારે ભૂલી ન શકે તે પ્રકારની પ્રવૃત્તિઓ. આપણી સંસ્કૃતિ અને સંસ્કારને લઇને તેમાં ગીતાજી હોય, આપણી સંસ્કૃતિનું જતન કરવા માટે વિદેશમાં

જતા હોય ત્યારે ગીતાજીને ભેટમાં આપે છે અને આપણા સંસ્કાર અને સંસ્કૃતિ બતાવી રહ્યા છે અને કહી રહ્યા છે કે, ભારત આ પ્રકારે આગળ વધી રહ્યું છે. યુક્રેન-રશિયાનું યુદ્ધ પણ આપણા સૌના ધ્યાનમાં છે. ભારતીયો નીકળી શકે તેના માટે યુદ્ધ બંધ રહે. આવો દેશ બનાવવાનું શ્રેય માનનીય વડાપ્રધાનશ્રીને જાય છે. જી-૨૦ વસુધૈવ્ કુટુંબકમની ભાવના સાથે યોજાય. સમગ્ર વિશ્વની અંદર ભારતની સંસ્કૃતિના દર્શન કોઇએ કરાવ્યા હોય તો તે આપણા વડાપ્રધાનશ્રીએ કરાવ્યા છે. રમત ગમત હોય, સ્વચ્છતાની વાત હોય. વર્ષ ૨૦૧૪માં સ્વચ્છતા અભિયાન શરૂ કરાવ્યું. તે દેશમાં તો પૂરું થયું પણ અહીં સ્વચ્છતા એવી બધી થઇ ગઇ કે સામે બધા સાફ થઇ ગયા. મનથી સ્વચ્છ અને તનથી પણ સ્વચ્છ. બધી જ બાબતોમાં દેશ આગળ વધી રહ્યો છે. સમગ્ર દેશ ઓડીએફ જાહેર થયો.

અધ્યક્ષશ્રી : હમણાંથી શ્રી જીતુભાઇ પણ વધારે હેલ્ધી થયા છે. બોડી ઘટાડીને વધારે યંગ લાગે છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, બ્રિટિશરોએ વર્ષો સુધી શાસન કર્યું. તેને યાદ ન આવ્યું. કર્તવ્ય પથ નામ, રાજપથ નહીં. સાચા સેવક અને લાઇટો નહીં રાખવાની. સામાન્ય માણસની જેમ જીવવાનું પછી તેમાં પ્રતિનિધિ હોય, મંત્રી હોય, વડાપ્રધાન હોય, લોકસભાની અંદર આપણો દંડ પ્રસ્થાપિત કરીને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરી છે. એક મિનિટ લઇશ. મોદીજીને સલાહ આપવાવાળા લોકોને હું કહેવા માગું છું કે, લઘુમતી તુષ્ટિકરણથી રાજનીતિ ન થાય. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે પ્રકારે વાત કરી છે કે, સૌનો સાથ સૌનો વિકાસ, સૌનો સહકાર અને સૌનો પ્રયાસ. આ અમારા માટે એક મંત્ર છે. માત્ર લઘુમતી તુષ્ટિકરણની રાજનીતિ અને વોટબેંકથી કયારેય દેશ નહીં ચાલે. *(xxx) આપણા સંસ્કારોમાં કેટલો દમ છે, આપણી તાકાત કેટલી છે. સ્વચ્છતા માટે સુરતના સૌ મિત્રો અહીં બેઠા છે તેમને અભિનંદન આપું છું. સુરતની ટીમ, મેયર, કમિશનરશ્રી, ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રીઓને અભિનંદન આપું છું. સ્વચ્છતામાં સુરત દેશમાં નંબર વન આવ્યું છે. આ પ્રકારે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વની અંદર ગુજરાત આગળ વધી રહ્યું છે. મોદીજી આપણા ભારતને વિશ્વગુરુના સ્થાને બેસાડશે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમને હું અભિનંદન આપું છું અને આવકારું છું. વડાપ્રધાનશ્રીને લખલખ વધાઇ આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય અનિરુદ્ધભાઇ. આ લખલખ વધાઇવાળા હવે આવ્યા કચ્છી. શ્રી જીતુભાઇની સાત મિનિટ થઇ એટલે પાંચ-પાંચ મિનિટમાં જ બધા પૂરું કરજો. પાછળથી કંઇક ઓછું કરવું પડશે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી) : ધન્યવાદ અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે અભિનંદન પ્રસ્તાવ લાવ્યા છે તે અભિનંદન પ્રસ્તાવના સમર્થનમાં હું ઊભો થયો છું.

આ દેશના વડાપ્રધાન આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ ત્રીજી વખત ચૂંટાઇને ઇતિહાસ રચ્યો છે. અગાઉ ત્રણ વખત વડાપ્રધાન બનવાનો એક કિસ્સો છે પરંતુ એ તો પહેલ વહેલાં મૂકાયા હતા. પરંતુ ૩ વખત આશીર્વાદ પ્રાપ્ત કરી અને જો વડાપ્રધાન બન્યા હોય તો એ આપણાં રાષ્ટ્રના પનોતા પુત્ર આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી બન્યા છે તેમને અભિનંદન આપતો પ્રસ્તાવ જયારે મુખ્યમંત્રી લાવ્યા છે અને લોકો શા માટે આશીર્વાદ આપે? અનેક કારણો છે એ કારણો પૈકી એક કારણ છે કારણ કે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ સનાતન સંસ્કૃતિએ ચાલીને ચાલવાવાળા છે.

**सर्वेभवन्तुसुखिनः। सर्वेसन्तुनिरामयाः। सर्वेभद्राणिपश्यन्तु।माकश्चित् दुःख भाग्भवेत् ॥**

આ વિચારધારા એ સનાતન સંસ્કૃતિની વિચારધારા છે કોઇ જાતિ, પાતી, ઊંચ, નીચ, ભેદ-ભાવ, ધર્મ, કોમ આ બધાને પર મૂકીને મારો ભારતીય સ્વસ્થ રહે, સુખી રહે તેના માટે તેમણે આયુષ્યમાન ભારતની જે યોજના લાવ્યા તે આયુષ્યમાન ભારત ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના દિવસે તેમણે ગરીબ માણસ માટે આ યોજના ખુલ્લી મૂકી. અગાઉ વિશ્વમાં આવી મેડિકલની યોજનાઓ જે હતી તેના કારણે વિચાર થતો હતો કે ભારતમાં આવી યોજના થાય કે કેમ? પરંતુ માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વએ એ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ આ આયુષ્યમાન ભારત આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ આયુષ્યમાન ભારત એક એવું છે ભગવાન ના કરે અને કયારે કોઇને આ કાર્ડનો ઉપયોગ કરવો પડે ભલે એક્સ્પાયર્ડ થઇ જાય ઘરમાં રાખી દેવામાં આવે પરંતુ જયારે ગરીબ માણસને ન કરે નારાયણ અને કંઇ થાય અને તેને કાંઇક જરૂરિયાત ઊભી થાય ત્યારે સાહેબ તેને ખબર પડે છે કે મારી પાછળ આ દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીનો હાથ છે અને કંઇ પણ થશે તો મારો નાથ આ બચાવશે. આ જે યોજના છે તે કોઇ પણ જાતના ધર્મ, કોમ વગર માત્ર ગરીબ હમણાં આદરણીય મુખ્યમંત્રીશ્રીએ પોતાની વાતમાં જે ચાર જ્ઞાતિ વર્ણવી તેમાં જે ગરીબ શબ્દનો ઉલ્લેખ થયો તે ગરીબ શબ્દની અંદર આ ગરીબોના માટે આયુષ્યમાન ભારતની યોજના માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ લાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાથી અનેક ગરીબોના કાર્યો થયા છે. જન પ્રતિનિધિ હોવાના નાતે વિસ્તારમાં ફરતો હોઉં છું અને હમણાં મારા પૂર્વ વકતા માનનીય જીતુભાઇએ જે વાત કરી લખલખ વધાયુ તો અમારા કચ્છના લોકો તો અવાર નવાર કહેતા હોય છે કે અસી માનનીય મોદી સાહેબે લખલખ વધાયુ દીવતા અને આશીર્વાદ દીવતા હેડો માલિક દીનો અસાયો માથ નાથ દીને અને એનામાં એમણે એવી વાત કરી મારા મત વિસ્તારમાં સાહેબ એક વ્યકિત એવા હતા તેમણે મને ફોન કરીને કહ્યું કે મારા ઉપર બાયપાસ સર્જરી કરવી પડી અને તેમાં પ્રાઇવેટ હોસ્પિટલમાં ચાર લાખ રૂપિયાનો ખર્ચો થયો. હું અગાઉ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રદ કરવામાં આવ્યા.

કયારેય માનતો નહોતો ભાજપને અને તમને કોઇને મત નહોતો આપતો પરંતુ હવે મને ખબર પડી કે શ્રી નરેન્દ્રભાઇએ આવી સરસ સેવા કરી અને આવી સગવડ કરી આપી છે. આવનારા દિવસોમાં મારા તમામ આશીર્વાદ ભારતીય જનતા પાર્ટીને મળતા રહેશે. આવી યોજનાઓ તે ગરીબોના આંસુ લૂછવાં માટેની હોય છે. આ યોજનાઓ અનેક રીતે ઉપયોગી થાય છે. સાથે સાથે કોરોનારૂપી વાસુકી નાગે ભરડો લીધો હતો. આપણી સનાતન સંસ્કૃતિમાં મંથન થતું હતું અને એ મંથનમાંથી વિષમાંથી અમૃત નીકળે એ રીતે આખા વિશ્વને ભરડો લીધો હતો. કોરોનાની ભયાનક મહામારી હતી અને એ મહામારીની અંદર લોકો સ્તબ્ધ હતા, લોકડાઉન થઇ ગયા હતા, લોકો ઘરમાં બેસી ગયા હતા કે શું થશે? એવામાં આપણા દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીએ હિંમતપૂર્વક વૈજ્ઞાનિકોની પીઠ ઉપર હાથ ફેરવી અને તેને કહ્યું તમે આગળ વધો ભારત દેશ તમારી સાથે છે. અને એના કારણે જે પ્રકારે મંથન થયું અને તે મંથનમાંથી ધન્વંતરી જેમ અમૃત પ્રગટ કરીને લાવ્યા તે પ્રકારે ભારત દેશના વૈજ્ઞાનિકોએ આ વેક્સિન લાવી અને માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના હાથમાં મૂકી કે આપણા ભારતીયોને બચાવીએ. સાથે સાથે મેં જે વાત કરી સનાતન સંસ્કૃતિ તે સનાતન સંસ્કૃતિ હંમેશા, સદૈવ બધાનું ભલું કરવામાં માને છે "**સબકા ભલા હો** **"** એટલે તો મોદી સાહેબે કહ્યું છે કે, **"સબકા સાથ સબકા વિકાસ."** (સમય-સૂચક ઘંટડી ) અડધી જ મિનિટ સાહેબ. આ વેક્સિન જે લાવ્યા તે વેક્સિનને કોરોનાની અંદર વિશ્વને જયારે અચંબિત કર્યુ હતું. વિશ્વ જયારે લોકડાઉનમાં હતું ત્યારે વિશ્વના અનેક નાના નાના ગરીબ દેશોને મૈત્રી વેક્સિન કરી અને ભારત દેશે વિશ્વના દેશોને પણ બચાવ્યા છે ત્યારે તેનો ધર્મ નથી પૂછયો, ત્યારે તેની જાતિ નથી પૂછી, ત્યારે તેનુ કાર્ય નથી પૂછયું. આ સનાતન સંસ્કૃતિને ઉજાગર કરતા આપણા દેશના વડાપ્રધાનને જયારે ત્રીજી વખત ભારતે ચૂંટીને મૂકયા છે અને આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી જે અભિનંદન પ્રસ્તાવ લાવ્યા છે તેમાં હું મારું સમર્થન વ્યકત કરું છું, ધન્યવાદ.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ સરકારી સંકલ્પ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે. આપણા નરેન્દ્રભાઇ મોદી સાહેબ સતત ત્રીજી વખત દેશના વડાપ્રધાન બન્યા એ બદલ એમને અભિનંદન આપતો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ એક ખેતી પ્રધાન દેશ છે. ખેડૂત જગતનો તાત ગણાય છે. ખેતી સમૃદ્ધ તો દેશ સમૃદ્ધ. ધંધામાં ખેતી ઉત્તમ ગણાય છે. ખેતી અને ખેડૂતની ઓળખ કાયમ રાખવા માટે મા ભારતીના સંતાન એવા આપણા દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારે ખેડૂતો માટે અનેક યોજનાઓ અને ઐતિહાસિક પગલાં લીધાં છે. રાજ્યમાં કૃષિ મહોત્સવ જેવા કાર્યક્રમો થકી કૃષિ ક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ આવી છે. દેશના બાકીના રાજ્યો માટે ગુજરાત દીવાદાંડી સમાન બન્યું છે. આપણે ત્યાં કહેવત છે કે ''ખેડ, ખાતર અને પાણી ખેડૂતના કરમને લાવે તાણી.'' ખેડૂત સમયસર ખેડ કરાવી શકે, સમયસર ખાતર, બિયારણ અને દવા જેવી સામગ્રી ખરીદી શકે અને પોતાની આવક વધારી શકે એ ઉદ્દેશથી ૧૦૦ ટકા કેન્દ્રની સહાયવાળી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના તા.૧/૨/૨૦૧૯થી અમલમાં છે. આ યોજના દર વર્ષે ત્રણ સરખા હપ્તામાં ચાર માસના અંતરે વાર્ષિક રૂ.૬૦૦૦/- ડી.બી.ટી.ના માધ્યમથી દરેક ખેડૂતને ચૂકવવામાં આવે છે. ખેડૂતોની સૌથી લોકપ્રિય યોજના એટલે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના. ખેડૂતો માટે ખૂબ જ સહાયરૂપ યોજના એટલે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના. તુલસીદાસજીએ કહ્યું છે કે, ''**तुलसी हाय गरीब की कभी खाली न जाय। मुए चरम के ढोर से लोहा भी भस्म हो जाय।**'' ખેડૂતોના આશીર્વાદથી આપણા નરેન્દ્રભાઇ મોદી સાહેબ સતત ત્રીજી વખત દેશના વડાપ્રધાન બન્યા છે. ખેડૂતો માટેની આ કલ્યાણકારી યોજનાઓ મૂકવા બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને કોટિકોટિ વંદન કરું છું. ખેડૂતો વતી આ ગૃહના માધ્યમથી, આપના માધ્યમથી એમને લાખ-લાખ અભિનંદન પાઠવું છું. ખેતી માટે પાણી અનિવાર્ય છે. ગુજરાતના ખેડૂતોને ખેતી માટે પૂરતું પાણી મળી રહે તે માટે આપણા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની આગેવાનીવાળી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારે અભૂતપૂર્વ આયોજન કર્યું છે. પ્રજાના કલ્યાણ માટે ભગીરથજીએ તપ કર્યું તો ગંગાજી પ્રગટ થયા હતા એમ કહેવાય છે. ગંગાજીમાં ન્હાવાથી જિંદગીના બધા પાપ ધોવાઇ જાય છે પણ નર્મદાજીના દર્શન કરવાથી બધા પાપ ધોવાઇ જાય છે. આવી પવિત્ર નર્મદા યોજનાને સાકાર કરવાનું કાર્ય આપણા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. નર્મદા યોજના સાકાર બનતાં નર્મદાના નીર કચ્છ, સૌરાષ્ટ્ર અને અમારી ઉત્તર ગુજરાતની સૂકી ધરતી સુધી પહોંચ્યા છે. ગુજરાતની સમૃદ્ધિ નર્મદા યોજનાને આભારી છે. મારા ૧૪-દિયોદર વિધાનસભા મત વિસ્તારમાં આવતાં દિયોદર, લાખણી અને ડીસા તાલુકાના જે ગામોમાં નર્મદાનું પાણી નથી પહોંચ્યું ત્યાં પણ પાણી પહોંચશે. આપણા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના આ સંકલ્પને સાકાર કરવા માટે નવા એચ.આર. સાથે દિયોદર-લાખણીમાં નવી પાઇપલાઇનના સરવેની કામગીરી પૂર્ણ થયેલ છે. આ પ્રોજેક્ટ ઝડપથી શરૂ થાય તે માટે રાજ્યનો સિંચાઇ વિભાગ અને નિર્મદા નિગમ યુદ્ધના ધોરણે કામગીરી કરી રહેલ છે. તે બદલ રાજ્યના મુખ્યમંત્રી, સિંચાઇ વિભાગ, નર્મદા નિગમ અને સમગ્ર વહીવટી તંત્રને મારા વિસ્તારના ખેડૂતો વતી ખૂબ-ખૂબ અભિનંદન આપું છું અને એમનો આભાર પણ વ્યક્ત કરું છું. અને તેમનો આભાર પણ વ્યક્ત કરું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી જે સરકારી સંકલ્પ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે તેને હું હ્રદયથી આવકારું છું અને આદરણીય મોદી સાહેબને લાખ-લાખ વાર અભિનંદન આપું છું. આઝાદીના ઇતિહાસની લોકશાહી રાજ્ય વ્યવસ્થામાં ચૂંટાયેલી સરકારના સતત ત્રીજી વખત વડાપ્રધાન બનવાનું સૌભાગ્ય આ ગૃહના સભ્ય એવા

આપણા શ્રી નરેન્દ્રભાઈને મળ્યું છે તે આપણા સૌના માટે ગૌરવની વાત છે. આ સંકલ્પને મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

શ્રી પુર્ણેશ મોદી(સુરત –પશ્ચિમ) : आदरणिय नरेन्द्र मोदी साहब चुनाव लडके निरंतर तीसरीबार प्रधानमंत्री बने ये घटना पूरे भारत वर्ष में ऐतिहासिक है। ये पहेलीबार की घटना है। इस तीसरे कालखंड में मैं आदरणीय प्रधानमंत्री नरेन्द्र मोदी साहब को अभिनंदन देने के हेतु और सदन के नेता हमारे राज्य के मुख्यमंत्री आदरणीय भूपेन्द्रभाई पटेल साहब ने जो अभिनंदन संकल्प पेश किया है, मेरा संपूर्ण समर्थन है। सन 1857 हिन्दुस्तान के स्वातंत्र्य संग्राम की पहेली लडाई, कमनसीब हम हारे। किंतु दुसरी ओर अंग्रेज़ सतर्क हो गए। इस देश में हिंदुस्तान में राज करने के लिए, हिंदुस्तान के नागरिकों को गुलाम बनाने के लिए और हिंदुस्तान के नागरिकों को निःशस्त्र करने के लिए अनेक कानून बनाए गए। लेकिन सन 1947 में हम आज़ाद हुए। अंग्रेज़ चले गए, लेकिन अंग्रेज़ो का बनाया कानून केन्द्र की कांग्रेस सरकार ने खत्म नहिं किया। वो इरादा रखते तो खत्म कर सकते थे। किंतु नहिं हुआ। कांग्रेस भी अंग्रेज़ो के रास्ते चल पडी थी। सन 1947 के बाद पूरे देश में नए कानून ला कर भारतीय नागरिकों को सुरक्षा देने में कांग्रेस विफल रही। मानो कांग्रेस और अंग्रेज़ों में कोई अंतर नहीं था। इन्डियन पीनल कोड (आईपीसी-1860), क्रिमिनल प्रोसिजर कोड (सीआरपीसी-1973), इन्डियन एविडंस एक्ट - 1872, ये तीनों कानून में संशोधन करते हुए नए कानून 1 जुलाई, 2024 से लागु किया। इस घटना में आदरणीय प्रधानमंत्री नरेन्द्र भाई मोदी साहब को मैं शुभेच्छा देता हूं। शुभकामना व्यक्त करता हूं। अभिनंदन देता हूं।

साहब, इन्डियन पीनल कोड- 1860, भारतीय दंड संहिता, फोजदारी कानून धारा- 511 में संशोधन कर के मोदी सरकार ने 358 धारा लागु की गई। शिकायत करनेवाले नागरिकों को न्याय मिलना चाहिए, इस हेतु भारतीय न्याय संहिता (बीएनएस) का कानून लाया गया। क्रिमिनल प्रोसिजर कोड, फोजदारी प्रक्रिया, सीआरपीसी - धारा - 482 संसोधन कर के, धारा-531 लागु की गई। शिकायत करनेवाले नागरिक को सुरक्षा मिले इस हेतु भारतीय नागरिक सुरक्षा संहिता-बीएनएसएस का कानून लाया गया। इस कानून में धारा बढ़ाने का जो हेतु है, बच्चे, बूढ़े, महिला, वरिष्ठ नागरिकों कि शिकायत पर पुलीस गहराई से जांच-पडताल करे, इस प्रकार का प्रावधान इस कानून में किया गया है। बच्चे, महिला, वरिष्ठ नागरिक की सुरक्षा के लिए ये कानून लाया गया। आज हमारे पश्चिम बंगाल में क्या हो रहा है। पश्चिम बंगाल की सरकार क्या कर रही है। जब शिकायत करने वाले, साक्षी, वो सब आज भय के साम्राज्य से पीडित है। और पश्चिम बंगाल की यह घटना दुर्भाग्यपूर्ण है। इन्डी सरकार में कांग्रेसवाले, आपवाले सब लोग सामेल थे। इस गठबंधन को आज पश्चिम बंगाल की जो घटना है, उस घटना के परीप्रेक्ष्य में देश के कानून में जो बदलाव लाया है, वो सचमुच में बहोत बडा काम हुआ है।

और मैं कहना चाहूंगा, हिन्दू हिंसक... हिंसक... कौन बोल रहे थे। मैं पुछना चाहता हूं। जब बांग्लादेश में हिन्दू पर अत्याचार होने लगे, बांग्लादेश में हिन्दुओं के घर जलाने लगे, तब वो नेता कहां थे। क्यों चूप हैं। क्यों नहीं बोलते। बांग्लादेश में हिन्दु पर अत्याचार की घटना

में सारे ईन्डी गठबंधन मौन हैं। साहब, इन्डियन एविडंस एक्ट- 1872- सबूत का कानून, धारा-182 में संशोधन कर के मोदी सरकार ने धारा-170 लागु की गई। धारा बढ़ाने का जो हेतु है, आधुनिक टेक्नोलोजी का उपयोग। ईलेक्ट्रोनिक साईबर क्राईम- साहब, शिकायत करनेवाले नागरिकों को सुरक्षा मिले। इस हेतु भारतीय साक्ष्य अधिनियम का कानून लाया गया। गंभीर अपराध में आरोपी की जांच पडताल, उलटे रस्ते पर आरोपी ले जाते थे। तो हमने उस कानून में बदलाव लाकर एक ही अपराध में कोई आरोपी पहले पुलीस स्टेशन में पेश हो जाते हैं। बाद में वही अपराध में दुसरा आरोपी पेश होकर जो पहलेवाला आरोपी जेल में होता है, तब जांच-पडताल ठीक तरह से नहीं होती। और इसी लिए हमने अभी गिरफ्तार होने के बाद 15 दिन में जो पुलीस के रीमांड कोर्ट में पेश करने पडते हैं, अब हम 40 से 60 दिन में पुलीस के रिमांड के लिए कोर्ट में पेश कर सकते हैं।

इसी लिए मैं पूरे भारत में 140 करोड देशवासीऔं के लिए जो कानून बनाया गया है, जो सुरक्षा प्रदान की गई है, इस के लिए आदरणीय प्रधानमंत्री नरेन्द्र मोदी साहब को कोटि-कोटी वंदन है। हमारा संकल्प सुरक्षित भारत से विकसित भारत। हमारा संकल्प, सुरक्षित भारत से विकसित भारत। हम सब मिलकर उसको आगे बढाएं। धन्यवाद।

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સંકલ્પ લઇને આવ્યા છે ત્યારે હું વ્યક્તિગત રીતે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીને દેશના ત્રીજી વખત વડાપ્રધાન બનવા બદલ અભિનંદન આપું છું. સાથે–સાથે છેલ્લા દસ વર્ષથી દેશના ગરીબો, વંચિતો, પીડિતો, દલિતો, પછાત, ખેડૂત, યુવાનો, મહિલાઓ હોય કે અગ્નિવીર હોય એવા સમાજના બધા વર્ગનો અવાજ સંસદમાં રજૂ થઇ શકતો નહોતો પણ આ અવાજને બુલંદીથી રજૂ કરવાવાળા વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી પણ મળ્યા છે એમને પણ આ તબક્કે હું અભિનંદન આપું છું. જે રીતે ચારસો પારની વાત થઇ એ વ્યક્તિની ગેરંટીની વાત થઇ હતી. દેશે જે જનાદેશ આપ્યો એ વ્યક્તિની ગેરંટીને નકારવાવાળો જનાદેશ આપ્યો છે. ભારતીય જનતા પાર્ટીનું જે શાસન હતું એને પણ નકારતો જનાદેશ આપ્યો છે. આજે ટેકાવાળી બૈસાખીવાળી સરકાર છે અને એના જ કારણે એક પછી એક નિર્ણયો પાછા ખેંચવા પડે છે એ આપણે બધાએ જોયું છે. મને યાદ છે કે, માનનીય નરેન્દ્રભાઇ પહેલીવખત વડાપ્રધાન બન્યા ત્યારે આ જ ગૃહમાં કહેવાતું હતું કે, ''હવે તો આપણા વડાપ્રધાન છે મોસાળમાં મા પીરસવાવાળી એટલે ગુજરાતને કોઇ ચિંતા કરવાની નહીં રહે.'' ૨૬–૦ બે વખત આપી. આ વખતે બ્રેક આવી પણ આ ત્રીજી વખત વડાપ્રધાન બન્યા પછી પણ ગુજરાતને શું મળ્યું? ગુજરાતમાં જ્યારે માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારે જે મુદ્દાઓ માટે આંદોલનો થતા હતા, વિરોધ થતો હતો, અન્યાય થાય છે એવા ભાષણો થતા હતા અને પેલી થપ્પડની જાહેરાતો આવતી હતી એ થપ્પડની જાહેરાત આજે પણ એવી ને એવી ઊભી છે. એ મુદ્દાઓ આજે પણ એવા ને એવા ઊભા છે. જે–તે સમયે ગુજરાત સરકારના તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ વર્ષ ૨૦૦૪થી વર્ષ ૨૦૧૪ સુધી નર્મદા યોજના રાષ્ટ્રીય યોજના જાહેર કરવી જોઇએ એવી અનેકવાર માંગણીઓ કરી. એમાં અન્યાય થાય છે એવા અનેકવાર ભાષણો પણ થયા. અન્યાયની જાહેરાતો પણ થઇ. આ દસ વર્ષ શાસન રહ્યું અને આ ત્રીજી વખત વડાપ્રધાન બન્યા તો નર્મદા યોજના રાષ્ટ્રીય યોજના શા માટે જાહેર થતી નથી? એ જ રીતે આપણા પાડોશી રાજ્યો મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર જેવાં રાજ્યોમાં પણ તમારા પક્ષની સરકાર છે અને દેશમાં વડાપ્રધાન પણ ગુજરાતી છે તો ગુજરાતના બાકી નીકળતા નાણાં શા માટે આવતા નથી?એ જ રીતે હમણાં ચાલુ વર્ષની જ વાત કરીએ તો ત્રીજી વખત વડાપ્રધાન બન્યા પછી જે બજેટ રજૂ થયું એમાં આંધ્રપ્રદેશ અને બિહાર રાજ્યોને મળ્યું એની સરખામણીમાં ગુજરાત રાજ્યને શું મળ્યું? જો વધારે મળ્યું હોત અને આપણે અભિનંદન પ્રસ્તાવ લાવ્યા હોત તો અમે સમર્થન કરતા. જયારે માનનીય વડાપ્રધાન આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે ગુજરાત રાજ્યને પશ્ચિમ રેલવેનું વડુ મથક મળવું જોઇએ એવી માગણી હતી. ત્યાર પછી જાહેરાતો થઇ, ભાષણો થયા, અને વચનો અપાયા પણ ત્રીજી વખત વડાપ્રધાન થયા તો પણ ગુજરાત રાજ્યને પશ્ચિમ રેલવેનું વડુ મથક ના મળ્યું. અહીંયા છપ્પનની છાતી અને લાલ આંખ બતાવવાની વાતો થતી હતી. આજે પાકિસ્તાનની જેલમાં આપણા માછીમારો સબડે છે. આજે આપણી બોટો ત્યાંથી છૂટતી નથી. શું કામ લાલ આંખ બતાવતા નથી? શું કામ આપણી બોટો કે માછીમારોના આ પ્રશ્નનું કાયમી નિવારણ થતું નથી?

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા કુપોષણ એ આપણા બધા માટે શરમનો વિષય છે. ડબલ એન્જિનની સરકાર છે, તેમ છતાં આજે ત્રિપુરા અને ઝારખંડ જેવાં પછાત રાજ્યો કરતાં ગુજરાત રાજ્યમાં કુપોષણ વધારે છે. આ વર્ષના આંકડાઓની વાત કરીએ તો કુપોષણવાળાં બાળકોની સંખ્યા ૪૦ ટકા અને ઓછાં વજનવાળાં બાળકોની સંખ્યા ૨૧ ટકા જેટલી છે. આટલા લાંબા સમયથી કરોડો રૂપિયા ખર્ચ્યા પછી પણ કુપોષણમાં કેમ મુક્તિ મળતી નથી? એ આપણો મોટો સવાલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની આવક બમણી થશે. ખેડૂત મારૂતિ ગાડી લઇને ફરતો થઇ ગયો છે. આજે ડબલ એન્જિનની સરકાર થઇ, ત્રણ વખત વડાપ્રધાન થયા પણ ગુજરાત રાજ્યનો ખેડૂત દેવાદાર છે. એના દેવા માફ કરવા માટે શું કામ કેન્દ્ર સરકાર તરફથી કોઇ માફીની યોજના આવતી નથી? યુ.પી.એ. સરકારે ખેડૂતોના દેવા માફ કર્યા હતા એટલે આપણને અભિનંદન આપવાનું મન થાય. કદાચ કેન્દ્ર સરકારે ગુજરાત રાજ્યના ખેડૂતોના દેવા માફ કર્યા હોત તો અભિનંદન પ્રસ્તાવમાં અમે જોડાતા. ગુજરાત વિકસિત રાજ્ય કહેવાય છે. આજે શિક્ષણની પરિસ્થિતિ શું છે? આખા દેશમાં શિક્ષણ ક્ષેત્રે આજે ગુજરાત રાજ્ય ૧૮મા ક્રમે ધકેલાઇ ગયું છે. એસ.ડી.જી., ઇન્ડિયા ઇન્ડેક્ષ વર્ષ ૨૦૨૩–૨૪ મુજબ જોઇએ તો વર્ષ ૨૦૧૮માં ગુજરાત રાજ્ય, ફ્રન્ટ રનર એટલે કે શિક્ષણમાં હાઇ પરફોર્મર કેટેગરીમાં હતું. આજે પાછું ધકેલાઇને પરફોર્મરની કેટેગરીમાં આવી ગયું છે. આજે ગુજરાત રાજ્યમાં ધોરણ–૯ અને ૧૦નો ડ્રોપ આઉટ રેશિયો ૧૭.૯ ટકા છે અને દેશની સરેરાશ ૧૨ ટકા છે. એ જ રીતે શિક્ષણ ક્ષેત્રે આપણે ધીમે–ધીમે પાછા પડતાં જઇએ છીએ. આ ગુજરાતની વિધાનસભા છે. ગુજરાતની પ્રજાના ટેક્સના પૈસાથી આપણને બધાને પગાર મળે છે. આનો ખર્ચો થાય છે. ત્યારે ગુજરાત રાજ્યને શું મળ્યું? એની વાતને લઇને જો આ અભિનંદન પ્રસ્તાવમાં વાત થઇ હોત તો ચોક્કસ આનંદ થાત. આ પ્રસ્તાવમાં લગભગ ૨૪ વખત નરેન્દ્રભાઇ મોદીનું નામ લખ્યું છે અને ગુજરાતનું નામ ફક્ત ૬ વખત લખ્યું છે. આખા પ્રસ્તાવમાં છેલ્લાં દસ વર્ષમાં ગુજરાત રાજ્યને શું ફાયદો થયો? એનો એકપણ જગ્યાએ ઉલ્લેખ નથી. ગુજરાત રાજ્યમાં અત્યારે હીરા ઉદ્યોગ મંદીમાં છે. એના માટે કોઇ વિશેષ પેકેજ કે બજેટ આવ્યું હોત અને અભિનંદન પ્રસ્તાવ લાવ્યા હોત તો આવકાર્ય હોત. નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરીને આપણે અભિનંદન આપ્યા હોત તો આવકાર્ય હોત. ગુજરાત રાજ્યનું પશ્ચિમ રેલવેનું વડુ મથક જાહેર થયું હોત અને અભિનંદન પ્રસ્તાવ લાવ્યા હોત તો આવકાર્ય હોત. ગુજરાત રાજ્યના ખેડૂતોના દેવા માફ થયા હોત અને અભિનંદન પ્રસ્તાવ લાવ્યા હોત આવકાર્ય હોત. ગુજરાત રાજ્યને કુપોષણમાંથી મુક્ત કરવા માટે કોઇ યોજના આવી હોત અને અભિનંદન પ્રસ્તાવ લાવ્યા હોત તો આવકાર્ય હોત. મોસાળમાં મા પીરસનારી હોય તેમ છતાં બાળક ભૂખ્યું રહેતું હોય અને ગુજરાત રાજ્ય કુપોષિત રહેતું હોય તેના માટે હું માનું છું કે, અભિનંદન પ્રસ્તાવ કરતાં ફરીથી ભેગા થઇને કેન્દ્ર સરકારમાં ગુજરાતીઓની જે પડતર માગણીઓ છે, એનું નિવારણ થાય અને ત્યારપછી અભિનંદન પ્રસ્તાવ લાવીએ તો ચોક્કસ અમે બધા એમાં સમર્થન કરી શકીએ. આભાર.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ(રાજકોટ –પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના આ સત્રમાં માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા રજૂ થયેલ સરકારી સંકલ્પ હેતુ મને જયારે માનનીય પ્રધાનમંત્રીશ્રીને અભિનંદન આપતા પ્રસ્તાવ ઉપર બોલવાનો અવસર મળ્યો છે ત્યારે એ અવસર પ્રદાન કરવા બદલ હું આ સદન પ્રત્યે મારી હાર્દિક ધન્યવાદની લાગણી વ્યકત કરું છું. સૌ પહેલાં તો હું આ સદનના માધ્યમથી દેશના ગૌરવશાળી પ્રધાનમંત્રી તરીકે સતત ત્રીજી વખત શપથ લેવા બદલ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબને અને એમને સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. દેશની જનતાએ જયારે સતત ત્રીજી વખત આદરણીય નરેન્દ્રભાઇ મોદીસાહેબ ઉપર ભરોસો મૂકી અને એમને દેશનું સુકાન સોંપ્યું છે એ માટે હું દેશની પ્રજાને પણ સદનના માધ્યમથી અભિનંદન આપું છું. એક શાહબુદ્દીનભાઇ રાઠોડ, થાનના વતની, એમનો વનેચંદનો વરઘોડો મને યાદ આવી જાય છે. વનેચંદનો વરઘોડો. એક પરીક્ષા ચાલતી હતી. ગુજરાતનું ૨૦૨૪નું પેપર હતું એમાં ૨૬ માર્કનું પેપર હતું. એક વિદ્યાર્થી હોંશિયાર હતો એને ૨૫ માર્ક મળ્યા અને જે ઠોઠ હતો એને એક માર્ક મળ્યો પણ વનેચંદનો વરઘોડો એ ઠોઠ વિદ્યાર્થીએ કાઢ્યો. આ ગુજરાતની આ જે કંઇ સન ૨૦૨૪ની ચૂંટણીની પરિસ્થિતિ છે એ આ પરિસ્થિતિ છે. ભારત વર્ષની જડોને નબળી પાડવાના આશયથી અને દેશને અંદરથી ખોખલો કરવાની મેલી મુરાદથી દેશ બહારની તાકાત દેશના કેટલાક ભટકી ગયેલા લોકોનો સહારો લઇ, એમને અંધારામાં રાખીને દેશને નુકસાન કરવાનાં સપનાં જુએ છે અને નકસલી પ્રવૃત્તિઓ દ્વારા દેશના વિકાસને રુંધવાના પ્રયાસો કરે છે. એક દસકા પહેલાં સુધી આ બધું બહુ ચાલ્યું, આતંકીઓને, નકસલીઓને દેશમાં ત્રાસ ફેલાવતા રોકવાને બદલે કેટલીક સરકારોએ આવા લોકો સામે આંખ આડા કાન કર્યા. પરિણામ સ્વરૂપ આવા લોકોને મોકળું મેદાન મળી રહેતા દેશમાં છાશવારે આતંકી ઘટનાઓ મોટા પાયે બનતી રહેતી હતી. કાશ્મીરમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ અને દૂરના પૂર્વના રાજયોમાં નકસલવાદે રીતસરનો ભયનો માહોલ પેદા કર્યો હતો. દસ વર્ષના શાસનમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબના શાસનમાં દેશની નીતિ અને રીતિમાં અભૂતપૂર્વ બદલાવ લાવીને આતંક અને નકસલવાદ પર કરેલા પ્રહારથી બંન્ને આતંકી પ્રવૃત્તિઓની કમર તોડી નાખી છે. નકસલવાદી પ્રવૃત્તિઓમાં સામેલ લોકોને સમજાવી, તકોનું નિર્માણ કરી એ લોકોને મુખ્ય ધારામાં પુનઃ લાવવાનું કાર્ય સફળતાપૂર્વક સંપન્ન કરવાનો શ્રેય કેન્દ્રની શ્રી મોદી સાહેબની સરકારને જાય છે. એ માટે હું દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબને સદનના માધ્યમથી ગુજરાતની પ્રજા વતી અભિનંદન પાઠવું છું.

મને કહેતા આનંદ થાય છે કે છેલ્લા ૫૦ વર્ષમાં, ગયા વર્ષે સન ૨૦૨૩માં પ્રથમ વખત નકસલાઇઝ એરિયા જે કહેવાય એમાં ખાસ કરીને બસ્તર વિસ્તારમાં ૨૩ જગ્યાએ ૫૦ વર્ષ પછી રાષ્ટ્રધ્વજ ફરકયો હોય તો એ શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબની સરકારમાં ફરકયો છે. સન ૨૦૧૦ની તુલનામાં વર્ષ ૨૦૨૩માં બસ્તરનું પ્રવાસન ૯૦ ટકા જેટલું વધ્યું. સન ૨૦૧૦ની સરખામણીમાં નકસલ હુમલામાં સન ૨૦૨૩માં ૭૦ ટકાનો ઘટાડો થયો છે. જયારે નકસલવાદ પૂરજોશમાં હતો અને આસપાસની શાળાઓ જે બસ્તર વિસ્તારમાં તોડી નખાઇ હતો એમાંથી છેલ્લાં દસ વર્ષમાં નકસલ વિસ્તારમાં ૨૬૬ સ્કૂલો ફરીથી

શરૂ થઇ ગઇ છે. સન ૨૦૧૦માં દેશના નકસલ પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા ૧૮૦ હતા અને આજે એ સંખ્યા ૪૩ જિલ્લા સુધી સીમિત થઇ ગઇ છે અને અત્યારે એવી કાર્યવાહી ચાલે છે કે થોડાં જ વર્ષોમાં નકસલવાદ શું હતો એ આપણે શોધવો પડશે. દેશનું સુકાન મોદીસાહેબે સંભાળ્યા પછી હકારાત્મક બદલાવ આપણે ત્યાં લાવી શકાયો છે. અનેક નકસલીઓએ આત્મસમર્પણ કરી પુનઃ જીવનની મુખ્ય ધારામાં ભળી જવાનું પસંદ કર્યું છે. આ માટે સદનના માધ્યમથી પુનઃ દેશના વડાપ્રધાનશ્રી મોદીસાહેબ અને ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહસાહેબને અભિનંદન આપું છું. જમ્મુ કાશ્મીરની આતંકી પ્રવૃત્તિઓ દાયકાઓથી ફૂલીફાલી હતી. પાકિસ્તાન પ્રેરિત આતંકવાદને સ્થાનિક કેટલાક લોકો સ્લીપર સેલ જેવી મદદ મળી રહેતી હતી. વળી ૩૭૦ની કલમને કારણે રાજયને મળેલા કેટલાક વિશેષાધિકારનો દુરુપયોગ પણ થતો હતો. આપણા સૈનિકો ઉપર પત્થરબાજીની ઘટના બનતી હતી. અગાઉની સરકારો મૂક પ્રેક્ષક બનીને જોઇ રહેતી હતી, જેથી આતંકી લોકોને છૂટો દોર મળી રહેતો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, મોદી સાહેબે દેશનું સુકાન સંભાળ્યું પછી ત્રાસવાદને ડામવાના નક્કર પગલાં લીધાં. ૩૭૦ની કલમને બંધારણીય રીતે સંસદના માધ્યમથી એક ઝાટકે સમાપ્ત કરી દીધી. અનુચ્છેદ ૩૭૦ની વિશિષ્ટ જોગવાઇઓના કારણે ભારતીય સંસદ, જમ્મુ–કાશ્મીર વિધાનમંડળની સહમતિ વિના સંરક્ષણ, વિદેશી બાબતો અને સંદેશાવ્યવહાર અંગેના કાયદા બનાવવાના અધિકાર સિવાય બીજા કોઇપણ કાર્ય કરી શકતી ન હતી. રાજ્ય તથા રાજયને પ્રભાવિત કરનારી કોઇપણ આંતરરાષ્ટ્રીય સંધી કે બંધારણના અનુચ્છેદ–૩૫૨ અંતર્ગત રાષ્ટ્રપતિ દ્વારા આંતરિક અશાંતિના આધાર પર કટોકટીની ઘોષણા રાજ્ય સરકારની સહમતિ વિના જમ્મુ–કાશ્મીરમાં લાગુ પાડી શકાતી ન હતી. આવી અનેક સમસ્યાઓનો એક સુચારુ ઉકેલ જ્યારે લઇ આવ્યા છે ત્યારે આપણા ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાહેબ જે આ અભિનંદન પ્રસ્તાવ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(**મોરવાહડફ**) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ માટે આજે જે આપણા લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અભિનંદન પ્રસ્તાવ લાવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રીનરેન્દ્રભાઇ મોદી સાહેબ અને આપણા લોકલાડીલા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ નારી સશક્તિકરણને લગતી વિવિધ નીતિઓ અને વિવિધ યોજનાઓ છેવાડાના વ્યક્તિ અને છેવાડાની મહિલા સુધી પહોંચે એના માટે સતત પ્રયત્નશીલ છે. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ત્રીજી વખત દેશના વડાપ્રધાન બન્યા એ મહિલા સશક્તિકરણના કારણે બન્યા અને એમના આશીર્વાદના કારણે બન્યા છે. ભૂતકાળની સરકારો હતી ત્યારે એક તો મહિલા અને બાળ વિકાસ વિભાગની રચના જ કરવામાં આવી ન હતી. મહિલાઓ માટેની યોજનાઓ વિચારવાનું તો બાકી, પણ એમના માટે બજેટ પણ બનાવવામાં આવતું ન હતું. જેન્ડર બજેટ અલગ બનાવ્યું અને મહિલા અને બાળ વિકાસ વિભાગની અલગ રચના થઇ. આથી કહી શકાય કે મહિલાઓને ખરેખર સશક્ત કરવાની નેમ જે છે એ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સાર્થક કરી છે. આદરણીય શ્રી નરેન્દ્ર મોદી સાહેબ સશક્ત ભારત માટે મહિલા સશક્તિકરણને વેગ આપવા માટે રાષ્ટ્રના વિકાસ માટે મહિલાઓનું અમૂલ્ય યોગદાન પણ એટલું જ રહેવું જરૂરી છે. સ્થાનિક સ્વરાજ્યની ૫૦ ટકા અનામત આપીને ગ્રામીણ વિસ્તારની બહેનોને પણ એમનું આત્મસન્માન વધે એના માટે અને પોતાના દેશ માટે યોગદાન આપી શકે એના માટે કામ કર્યું છે. એની સાથે સરકારી નોકરીમાં ૩૩ ટકા અનામત આપી હોય, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીથી પાર્લામેન્ટ સુધી અને પાર્લામેન્ટથી દેશનું સર્વોચ્ચ બંધારણીય પદ રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુજી સુધી મહિલા સશક્તિકરણનું બિરુદ, એક મોટું કામ થઇ રહ્યું છે. આપણા માટે એક સન્માનની વાત છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહિલાઓનું નેતૃત્વ વધે, એનું યોગદાન વધે, ગ્રામીણ વિસ્તારોમાં પોતાના વિચારોનું આદાન–પ્રદાન કરી શકે, પોતાના વિસ્તારનો વિકાસ કરી શકે, શૈક્ષણિક અને આર્થિક રીતે પગભર થઇ શકે એના માટે સમરસ ગ્રામ પંચાયતનું પણ સરસ મજાનું આયોજન કરેલ છે. આની સાથે મને કહેવાનું મન થાય કે જે ઘરમાં નારીનું સન્માન કરવામાં આવે છે ત્યાં ખરેખર દેવતાઓનો વાસ થાય છે. એટલા માટે જ આપણી સંસ્કૃતિમાં નારી તું નારાયણી કહેવામાં આવ્યું છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ મુખ્યમંત્રી તરીકે ગુજરાત રાજ્યમાં જ્યારે કામ કરતાં હતાં, ત્યારે નારી ક્ષેત્રમાં પ્રોત્સાહન પૂરું પાડવા માટે અને દીકરીઓના શિક્ષણ માટે કન્યા કેળવણી નિધિ હોય, બેટી બચાવો, બેટી પઢાવો અભિયાન હોય એના પાયામાં એમણે કામગીરી કરેલ. હમણાં જ કુપોષણની વાત કરી. મારે કહેવું છે કે મહિલા અને બાળ વિકાસ વિભાગની રચના પહેલા ન હતી પણ હવે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વ હેઠળ ગુજરાતના માતા, બાળકો કુપોષણમાંથી મુક્ત થાય, કુપોષણનો દર ઘટાડવા માટે સગર્ભા માતા હોય કે ધાત્રી માતા હોય એને પોષણક્ષમ એના આરોગ્ય અંગેની તમામ પ્રકારની સુવિધા મળે, ચાહે પૂર્વ પ્રસૂતિની સેવાઓ હોય કે અથવા જે હાયરીસ મધર છે એને ઓળખીને તમામ પ્રકારની સેવાઓ છે એ એને પૂરી પાડવામાં આવે એવી તમામ પ્રકારની યોજનાઓ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વ હેઠળ મળી છે. ચાહે ચિરંજીવી યોજના હોય, કન્યા કેળવણી રથ હોય, માતા યશોદા એવોર્ડ હોય, ૧૮૧ અભયમ હેલ્પ લાઇન હોય આ તમામ પ્રકારની યોજનાઓ થકી મહિલાઓ સ્વનિર્ભર બને એ માટે પ્રેરણારૂપ બન્યા છે. આપણો દેશ આઝાદ થયો પણ ગ્રામીણ વિસ્તારની બહેનો હતી એને ધુમાડામાંથી મુક્તિ નહોતી મળી. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઉજવલા યોજના આપી. મહિલાઓને માન સન્માન આપીને

એમને થતી પીડામાંથી, આરોગ્યને લગતી સમસ્યાઓ હતી એમાંથી મુક્તિ અપાવવાનું કામ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના લાવીને કર્યું છે. માતૃત્વ ભગવાનનું સ્વરૂપ છે. નાનાં બાળકને પોષણ આપવાનું કામ, એની તંદુરસ્તી સાચવવી એના માટે જે મહિલાઓ કામગીરી કરે છે જે ઓફિસ જાય છે, નોકરી કરે છે એના માટે પણ મેટરનિટી લીવ ૯૦ દિવસની હતી એને વધારીને ૧૮૦ દિવસની કરવામાં આવી છે. સ્વસ્થ અને તંદુરસ્ત વ્યક્તિ સ્વસ્થ સમાજનું ઘડતર કરી શકે છે અને એના માટે તમામ સમાજના, તમામ વર્ગના, મહિલાઓને જન્મથી માંડીને મરણ સુધી ગુણવત્તાયુકત આરોગ્યની સારવાર મળે એના માટે અનેક કલ્યાણકારી યોજનાઓનાં પગલાં લીધેલાં છે. સુકન્યા સમુદ્ધિ યોજના એટલે કે દીકરીઓના ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટે સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ દીકરીઓ ભણીગણીને આગળ વધે એના માટે કામગીરી કરી છે. વુમનના ડેવલપમેન્ટ માટે સતત પ્રવૃત્તિશીલ છે ત્યારે અભિનંદન પ્રસ્તાવને હું મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું.

નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગૃહના નેતા અને લાડીલા મુખ્યમંત્રીશ્રી નિયમ–૧૨૦ હેઠળ આદરણીય પ્રધાનમંત્રીશ્રીને અભિનંદન આપતો સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું સમર્થન પણ આપું છું અને મારા વિચારો પણ વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારો આદિવાસી પટ્ટો એટલે કે ઉમરગામથી અંબાજી સુધીનો પટ્ટો. આદિવાસીની વસ્તી એક કરોડ થવા જઇ રહી છે અને પૂરા ભારતમાં ૧૧ કરોડથી પણ વધારે વસ્તી જયારે અમારા સમાજની હોય હું શ્રી નરેન્દ્રભાઇને એક તત્કાલીન મુખ્યમંત્રી તરીકે અમારા આદિવાસી સમાજના ધારાસભ્યો કે આદિવાસી સમાજના લોકો કયારેય ભૂલી શકે તેમ નથી. આ ગૃહની અંદર તમામ સભ્યશ્રીઓને ખબર છે કે જે ઉમરગામથી અંબાજી સુધીનો આદિવાસી પટ્ટો હતો એ પટ્ટાનો સર્વાંગી વિકાસ કરવો હોય તો એ નાનીસૂની ઘટના નહોતી. વર્ષો સુધી આદિવાસી સમાજ પહેલા આઝાદીની લડાઇમાં પણ અમારા આદિવાસી લોકો ખપી ગયા છે. પરસેવો પાડનારા લોકો છે. છતાં પણ આદિવાસી સમાજના લોકોની ચિંતા જે રીતે થવી જોઇએ એ થઇ નથી. પરંતુ આદરણીય શ્રી નરેન્દ્રભાઇને અભિનંદન આપવા જોઇએ કે જયારે એમણે વનબંધુ કલ્યાણ યોજના કેન્દ્રમાં પણ પ્રથમ હતી અને આપણા રાજયમાં પણ પ્રથમ હતી. અમે વનબંધુ કલ્યાણ યોજનાને કયારેય ભૂલી શકીએ તેમ નથી. અમારા આદિવાસી સમાજનો માળખાકીય વિકાસ થવો જોઇએ. રસ્તાઓ હોય, વીજળી હોય, શિક્ષણ હોય, પાણી હોય, આરોગ્ય હોય, સિંચાઇ હોય તો દરેક રીતે ૧૦ મુદ્દાને ધ્યાનમાં રાખીને શ્રી નરેન્દ્રભાઇએ ગુજરાતની અંદર પણ યોજના બનાવી અને એ જ રીતે આજે ગુજરાતનો જે વિકાસ થયો છે. શિક્ષણની વાત કરું તો આઇ.ટી.આઇ.થી લઇને આઇ.આઇ.ટી. સુધી અમારા આદિવાસી સમાજની દીકરી કે દીકરો અભ્યાસ કરતો થયો છે. આદિવાસી વિસ્તારની અંદર વલસાડ હોય, દાહોદ હોય કે આદિવાસી જિલ્લાઓ છે એણે કયારેય મેડિકલ કોલેજનું સ્વપ્નું જોયું નહીં હોય. આજે અમારે ત્યાં મેડિકલ કોલેજ ચાલે છે ત્યારે નરેન્દ્રભાઇ મોદીને અમે કયારેય ભૂલી શકીશું નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના વડાપ્રધાન બન્યા પછી આજે કહેતાં મને ગર્વ થાય છે કે, ૧૫મી નવેમ્બર આદિવાસી દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય લીધો છે તે કયારેય ભૂલી શકાય તેમ નથી. એટલું જ નહીં વિકસિત ભારતની યાત્રા પણ ત્યાંથી જ શરૂ થઇ. મારે આજે એક આદિવાસી આગેવાન તરીકે અભિનંદન આપવા જોઇએ કે, પૂરા ભારતની અંદર આદિવાસી સમાજની અંદર કચડાયેલો વર્ગ એટલે કાથુડી, કોટવાડીયા, કોચા, કોટવાજાથી લઇને જે ૭થી ૮ જ્ઞાતિઓ આમાં આવે છે. તેના તરફ કોઇએ ધ્યાન નહીં આપ્યું. તેનું ઘર કેવું, તેની માળખાકીય સુવિધા કેવી? કોઇએ તેના પર ધ્યાન આપ્યું નહીં. જયારે માનનીય મુખ્યમંત્રીશ્રી આ અભિનંદનનો સંકલ્પ લઇને આવ્યા છે ત્યારે મારે શ્રી નરેન્દ્રભાઇને લાખ લાખ અભિનંદન આપવા છે. આ જ્ઞાતિઓ માટે સ્પેશિયલ રૂપિયા ૨૪ હજાર કરોડની યોજના બનાવી. તેમાં આવાસ હોય, પીવાના પાણી, રસ્તા, વીજળીની તમામ માળખાકીય સુવિધાઓ આ કચડાયેલા વર્ગને પૂરી પાડી. અત્યારે શ્રી અમિતભાઇ વાત કરતા હતા કે ગુજરાતને શું આપ્યું? અમે આદિવાસી પટ્ટામાંથી આવીએ છીએ. આદિવાસીઓની સ્થિતિ શું હતી તેનો અમને બરાબર ખ્યાલ છે. હું આવાસ યોજના જ નહીં પણ સૌથી વધારે પી.એમ. ગરીબ કલ્યાણ અન્ન યોજનાની વાત કરીશ. આ યોજનાનો સૌથી વધારે ફાયદો અમારા આદિવાસી સમાજને થાય છે. આ સમાજ રોજ મજૂરીએ જાય છે. તે સવારે મજૂરીએ જાય તો સાંજે તેના ઘરનો ચૂલો સળગે. તેમના પરિવારના ગુજરાન માટે મુખ્યત્ત્વે તેના પેટની ચિંતા કરવી પડે. તેના માટે અમારો આદિવાસી સમાજ દાહોદ હોય કે ડાંગ હોય ત્યાંથી માઇગ્રેટ થતો હતો. આજે આ યોજનાના કારણે તે લોકો સારી રીતે ભોજન લઇ શકે છે અને તેના બાળકને ભણાવવાની ચિંતા કરતો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ. અમારા આદિવાસી સમાજના એક ૭/૧૨માં ૩૦, ૪૦ કે ૫૦ નામ હોય છે. અમારી એટલી મોટી જમીન હોતી નથી. તેમ છતાં તમામ ખેડૂતોના ખાતામાં છ હજાર રૂપિયા આ આદિવાસી સમાજના ખેડૂતોને મળે છે. એક–એક યોજનાઓ આદિવાસી સમાજ માટે કરી છે તે કયારેય ભૂલી શકાય તેમ નથી. આયુષ્યમાન કાર્ડની વાત કરીએ તો તે ભલે બધા સમાજને મળે છે. આદિવાસી સમાજ માટે આ આશીર્વાદરૂપ યોજના છે. ગામડાના આદિવાસીને હોસ્પિટલ જવું હોય તો દસવાર વિચાર કરે છે. આ કાર્ડ થકી સારી રીતે સારવાર લઇ શકે છે અને તેનું જીવન બચાવી શકે છે. આદિવાસી સમાજ માટે શ્રી નરેન્દ્રભાઇએ જે રીતે ચિંતા કરી છે તેનું વર્ણન કરીએ તો અમને કલાકોના કલાકો જોઇએ. પરંતુ આ પાંચ મિનિટમાં અમે તે વર્ણન નહીં કરી શકીએ. માનનીય મુખ્યમંત્રીશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું. સતત ચૂંટણી લડીને જીતવું તે કોઇ નાનીસૂની વાત નથી. હજી કહું છું કે, ત્રીજી વખત ચૂંટણી લડીને

આપણા પ્રધાનમંત્રી ત્રીજી વખત પ્રધાનમંત્રી બન્યા છે ત્યારે આ ગૃહના તમામ સભ્યો વતી લાખ લાખ અભિનંદન આપીએ છીએ. ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : શ્રી નરેશભાઇને સરસ બોલવું છે, પણ પાંચ મિનિટનો સમય છે.

શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ જે અભિનંદન પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રક્ષાબંધનનો તહેવાર હમણાં જ ગયો. બહેનોએ એમના ભાઇઓને રાખડી બાંધી, રિટર્નમાં ભેટ પણ મળી. મને કહેતાં આનંદ અને ગર્વ થાય છે કે, આ દેશની બહેનોના લાડલા ભાઇ એટલે કે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ એડવાન્સમાં જ ભેટ આપી છે. બધી બહેનો માટે નારી શકિત વંદન અધિનિયમના રૂપમાં એક ભેટ આપી છે. ભારતીય જનતા પાર્ટીનો ૨૦૧૪નો મેનિફેસ્ટો, ૨૦૧૯ના ઇલેકશનનો મેનિફેસ્ટો હતો તેમાં પણ આ ઉલ્લેખ થયો હતો. જેટલું જ કલમ ૩૭૦ જરૂરી છે એટલું જ વુમેન્સ રિઝર્વેશન બિલ પણ જરૂરી છે. જે સંકલ્પ લીધો તે પૂરો કર્યો. સંકલ્પ સે સિદ્ધિ આનું આ ઉત્તમ ઉદાહરણ છે. નવી સંસદમાં પહેલા જ દિવસે નારી શક્તિ વંદન અધિનિયમ બિલ પસાર થયું. લોકસભામાં ટોટલ ૫૪૩ સાંસદ ચૂંટાઇને આવે છે અને હવે જયારે આ રીઝર્વેશન બિલ પસાર થયું છે એટલે ૧/૩ એટલે લગભગ ૩૩ ટકા બહેનોને રીઝર્વેશન મળવાનું છે એટલે ૧૮૧ બહેનો લોકસભામાં જશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ આ ગૃહ માટે પણ લાગુ પડે છે. એટલે મને કહેતા આનંદ થાય છે અને અભિનંદન આપું છું હમણાં અમારી ૧૩ બહેનો હતી, હવે ૧૨ છે એ વધીને હવે ૩૩ ટકા જયારે ગુજરાત વિધાનસભામાં લાગુ પડશે ત્યારે બહેનોની સંખ્યા વધશે અને લગભગ ૬૦ જેવી સંખ્યા થશે તેના માટે બહેનો વતી હું આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બહેનો માટે તો આનંદો આનંદો જ છે. એવી જ રીતે મારી મુસ્લિમ બહેનો માટેનો ત્રિપલ તલાકનો કાયદો. આપણા દેશને આઝાદી ૧૫મી ઓગસ્ટ,૧૯૪૭માં મળી પણ મારી આ મુસ્લિમ સમાજની બહેનોને ખરા અર્થમાં આઝાદી તો ૩૦મી જુલાઇ, ૨૦૧૯માં મળી. આ આઝાદી એટલે ત્રિપલ તલાકના કાયદામાંથી છુટકારો. આને જશ્ન-એ-આઝાદી કહેવાય. જશ્ન-એ-આઝાદી મારી મુસ્લિમ બહેનો માટે આ ૧૪૦૦ વર્ષ જૂની પ્રથાનો અંત એટલે મુકિત દિવસ. હવે જુઓ કોઇ પણ વ્યકિત તલાક શબ્દ ત્રણ વખત કહેશે તો તેને સજા થશે અને તે ગુનાને પાત્ર બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીથી વર્ષ ૨૦૧૯ સુધી કેટલી કેટલી પાર્ટીઓ આવી અને કેટલી ચૂંટણીઓ જીતી અને સરકાર બનાવી દુઃખની વાત છે કે આ વર્ગને માત્ર અને માત્ર વોટ બેન્કની રાજનીતિ માટે જ ઉપયોગ કરવામાં આવ્યો. અને જે પાર્ટી secularismની વાત કરે છે, secularism આને કહેવાય જયારે બધા જ ધર્મના બહેનોને ન્યાય મળે આ તેનું ઉત્તમ ઉદાહરણ છે. મારી ઓફિસમાં પણ મુસ્લિમ વિસ્તારની બહેનો આવી તેમણે કહ્યું કે આપ વડાપ્રધાનશ્રીને અમારો મેસેજ આપશો અને તેમને કહેજો કે અમે ખૂબ ખૂબ આભાર વ્યકત કરીએ છીએ. અને આ મુસ્લિમ બહેનોએ કહ્યું કે ફેમિલી મેટર્સ માટેનું બંધારણમાં કોઇ અમારા માટે જગ્યા નહોતી અને માત્ર અને માત્ર અમારો ઉપયોગ થતો હતો ત્યારે આ દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીજીએ એમના માટે વિચાર્યું અને તેમને ન્યાય આપ્યો છે. એવી જ રીતે સ્ટાર્ટઅપની વાત કરીએ તો મહિલાઓએ લગભગ ૩૩ ટકા યોગદાન સ્ટાર્ટઅપ દ્વારા આ દેશને આપ્યું છે. ૩૩ ટકા જેટલી બહેનો સ્ટાર્ટઅપમાં ભાગ લે છે અને સ્ટાર્ટઅપ ઇન્ડિયા અભિયાન અંતર્ગત ઇનોવેટીવ આઇડિયાનું એક પ્લેટફોર્મ આપ્યું છે, તેમના ફંડિંગના સોર્સથી કનેક્ટ થયા છે અને એજયુકેશનલ ઇન્સ્ટિટ્યૂટમાં પણ ઇનક્યુબેટર સ્થાપિત કર્યું છે. જી-૨૦નું સબમિટ અને તેમાં એક બૂથ યુપીઆઇનું પણ હતું અને યુપીઆઇના બૂથમાં કેવી રીતે કામગીરી થાય છે તેના માટે અલગ અલગ દેશના એમ્બેસીના અધિકારીઓ તેમના દેશના નેતાઓને લઇ જતા હતા. આપણા દેશની ગામની બહેન હોય, સબજી મંડીમાં બેસતી બહેન હોય, ચા-લારી ઉપર ચા વેંચતો ભાઇ હોય બધા યુપીઆઇનો ઉપયોગ કરે છે, સ્કેનિંગ મશીનનો ઉપયોગ કરે છે અને આજે ડિજિટલાઇઝેશન ઇન્ડિયા તરફ આપણે આગળ વધી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ ડિજિટલાઇઝેશનની વાત આવી છે ત્યારે Haves અને Haves Not બહુ ચાલતું હતું એવુ કહેતા હતા કે આ કેવી રીતે આ પોસીબલ છે અને કોઇને છૂટ્ટા જોઇતા હશે તો એ કેવી રીતે છૂટ્ટા લેશે. (સમય સૂચક ઘંટડી)માનનીય અધ્યક્ષશ્રી, બહેનોનો વિષય છે એક જ મિનિટ. સોશિયલ ડિવિઝન સુધીની વાત આવી હતી. આ ટેકનોલોજી દ્વારા બધાને બધુ જ મળશે એ સાબિત કર્યું છે. હમણાં અર્થતંત્રની વાત ચાલે છે વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે •(xxx) ચાલતો હતો. બધા કૌભાંડો જ એટલે અર્થતંત્ર ભાંગી પડયુ હતું. વર્ષ ૨૦૧૪ પછી વર્ષ ૨૦૨૩ સુધી અમૃતકાળ ચાલે છે અને હજી પણ અમૃતકાળ ચાલવાનો છે અને દેશનું અર્થતંત્ર ખૂબ આગળ વધવાનું છે. હું આ ગૃહ વતી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીનો ખૂબ-ખૂબ આભાર વ્યક્ત કરું છું.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ હું રેકર્ડ પરથી દૂર કરું છું.

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રાવણ ૩૦, ૧૯૪૬ શાકે

સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦)

શ્રી જગદીશ વિશ્વકર્મા(રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને ગુજરાતના મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીની સરકાર ત્રીજી વખત બની એ માટે જે અભિનંદન પ્રસ્તાવ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

સતત ત્રીજી વખત દેશના વડાપ્રધાન બનવા માટે ગુજરાતના સપૂત, સાડા છ કરોડ જનતાનું ગૌરવ, આ ગૃહનું ગૌરવ એવા દેશના યશસ્વી વડાપ્રધાન જ્યારે આ ગૃહના પણ સભ્ય રહ્યા છે ત્યારે આપણે સૌ ૧૮૨ ધારાસભ્યો સાથે મળી એમને અભિનંદન પાઠવીએ. મને જણાવતા આનંદ થાય છે કે ગરીબ, યુવા, કિસાન કે મહિલાઓના કલ્યાણ દ્વારા 'સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો પ્રયાસ'નો મંત્ર સાચા અર્થમાં રંગ લાવ્યો છે, ત્યારે વડાપ્રધાન મોદીજીની નેશન ફર્સ્ટની ભાવનાને અસાધારણ લક્ષ્ય હાંસલ કર્યું તે માટે હિંમત આપે છે અને આપણી અંદર કંઇક કરી છૂટવાની ઇચ્છા પેદા કરે છે. મને આ ગૃહમાં જણાવતા આનંદ થાય છે કે છેલ્લાં દસ વર્ષમાં વિશ્વની સૌથી મોટી જનકલ્યાણકારી યોજના થકી ૨૫ કરોડ પરિવારોને ગરીબી રેખાથી ઉપર લાવવાનો ભગીરથ પ્રયાસ કર્યો હોય તો દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યો છે. ૭૦મા સ્વાતંત્ર્ય દિવસના અવસર પર આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ લાલ કિલ્લા પરથી દેશવાસીઓને વિશ્વકર્મા યોજના શરૂ કરવાનું વચન આપ્યું હતું. ૧૭ સપ્ટેમ્બરને 'વિશ્વકર્મા પૂજન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસનો ઇતિહાસ કોઇ નહિ ભૂલી શકે. આ દિવસે હીરા બાની કૂખે જન્મેલા વડનગરના આપણા પોતિકા શ્રી નરેન્દ્ર મોદીનો જન્મ દિવસ છે અને એ દિવસે રાષ્ટ્રને 'વિશ્વકર્મા યોજના' સમર્પિત કરી. ભગવાન વિશ્વકર્મા શિલ્પકારના દેવતા છે. મને જણાવતાં આનંદ થાય છે કે વિશ્વકર્માના હાથમાં કળા છે, કારીગરી છે. જેણે હસ્તિનાપુર બનાવ્યું, લંકા બનાવી, વિધાનસભાનું સ્ટેન્ડ બનાવ્યું અને સાથે-સાથે આખા દેશની ૧૪૦ કરોડ જનતાનું પ્રતિક, વિશ્વનું સૌથી ઊંચું સરદાર સાહેબનું સ્ટેચ્યૂ પણ રામચંદ્ર સુથારે બનાવ્યું છે. આનાથી મોટી ઐતિહાસિક ઘટના કઇ હોઇ શકે? એના કરતાં પણ મોટી ઘટના જોઇએ તો હિંદુ ધર્મની આસ્થાનું કેન્દ્ર, સાડા પાંચસો વર્ષથી જેની લડત ચાલતી હતી એવા અયોધ્યાના રામ મંદિરની મૂર્તિ પણ વિશ્વકર્માના દીકરાએ બનાવી છે. આ નાની ઘટના નથી. માછીમારીની વાત ચાલતી હોય તો માછીમાર માટે નૌકા કોણ બનાવશે? તો મારો સુથાર ભાઇ બનાવશે. ખેતરમાં ઘાસ કાપવા માટે દાતરડું જોઇશે તો એ લુહાર બનાવશે. પાણી ભરવાના માટલા કોણ બનાવશે? ઇમારત કોણ બનાવશે? એ બનાવવાનું કામ મારો કુંભાર કરશે. કપડાં કોણ સીવશે? દરજી સિવશે. સોની હોય, બખ્તર બનાવનાર હોય, કડિયાકામ કરનાર હોય, રોજ સવારે ભગવાનને ચડાવવા માટે ફૂલની માળા બનાવનાર માળી જેવા નાનામાં નાના માણસની ચિંતા પણ દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદી સાહેબ કરે છે. '**सो सुनार की, एक लुहार की**' તે હથોડી બનાવવાનું કામ પણ લુહાર કરી રહ્યા છે. મને જણાવતાં આનંદ થાય છે કે સમગ્ર ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧ લાખ ૭૭ હજાર જેટલી એપ્લિકેશન અંતિમ સ્ટેજમાં મંજૂર કરવામાં આવી છે. હું તમામ ૧૮૨ ધારાસભ્યશ્રીઓને કહેવા માગું છું કે આપના મત વિસ્તારમાં રહેતાં તમામ ૧૮ વર્ણના કારીગરોને તમારે જો ૧૦૦ ટકા સાચા અર્થમાં મદદ કરવી હોય તો આ મદદ કરવા માટેનું ખૂબ ઉત્તમ સાધન છે. આ પોલિટિક્સ કરવાનું સાધન નથી. કદાચ નવાઇ લાગશે પણ માનનીય મુખ્યમંત્રીશ્રી દર અઠવાડિયે, ૧૫ દિવસે રિવ્યુ લેતાં હોય છે કે વિશ્વકર્મા યોજના છેવાડાના ગામડાના વ્યક્તિ સુધી પહોંચી કે કેમ? આ બાબતની સતત ચિંતા કરતાં આ દેશના યશસ્વી વડાપ્રધાન અને આપણા માનનીય મુખ્યમંત્રી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પેનથી લઇને પ્લેન સુધી બનાવનાર કદાચ કોઇ હોય તો આ વિશ્વકર્મા સમાજ છે. એલ. એન્ડ ટી.માં તોપ બનતી હોય તો તોપનો હેડ પણ ગુજરાતમાં અમદાવાદની ફેક્ટરીઓમાં એ લુહારના કારખાનામાં બની રહ્યો છે. ડિફેન્સ ઇન્ડસ્ટ્રીઝમાં પણ ગુજરાતના વિશ્વકર્મા સમાજે/સમગ્ર દેશના વિશ્વકર્મા સમાજે કાઠું કાઢ્યું છે. લોકલ ટુ વોકલ, આત્મનિર્ભર ભારત આ શબ્દને સાચા અર્થમાં સાકાર કેવી રીતે થાય તો આ તમામ આર્ટિસ્ટ પોતાના ત્યાં જે પ્રોડક્ટ બનાવતા હોય તે પ્રોડક્ટ એક્સપોર્ટ થાય તે માટે જે દિવસથી ગુજરાતના મુખ્યમંત્રી હતા અને દેશના વડાપ્રધાન બન્યા ત્યારથી વિદેશથી કોઇ પણ મહેમાન આવે તો કોઇ પણ કારીગર વર્ગ દ્વારા બનાવેલી આર્ટિજની વસ્તુ દ્વારા તેનું સન્માન કરવામાં આવે. જેથી વિદેશમાં જાય તો ખંભાતના કારીગરો દ્વારા બનાવેલી પ્રોડક્ટ હોય, કચ્છના કારીગરો દ્વારા બનાવેલી શાલ હોય, પાટણનું પટોળું હોય કે આપણા થરાદ જિલ્લાની આપણી બહેનો જે વણાટ કરતી હોય તે શાલથી વિદેશીઓનું સન્માન થયું અને આ કારણે માત્ર સન્માન નહીં પણ એમાં લખેલું હોય કે થરાદ ગામની આ બહેનો આ હાથવણાટનો વ્યવસાય કરી રહી છે. મારા ખાદીના ભાઇઓ આ કામ કરી રહ્યા છે. સાથે સાથે તેને ઉજાગર કરવાનું કામ દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદી સાહેબે કર્યું છે. ભાજપ સરકારનો કાર્યમંત્ર રહ્યો છે કે '**हर हाथ को काम, हर काम को सम्मान**'ને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યો છે. દેશની ૧૪૦ કરોડની આબાદીના વિકાસ માટે ભગવાન વિશ્વકર્માને યાદ કરવા માટે એક વૈશ્વિક નેતા અને યશસ્વી વડાપ્રધાન મોદી સાહેબને આપીએ તેટલા અભિનંદન ઓછા છે. પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર એટલે પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના, નાના વેન્ડરોનું કોણ, નાના લોકોનું કોણ, જે વ્યાજખોરો હતા તેને બંધ કરવાનું કામ કર્યું હોય તો આ પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અંતર્ગત થયું છે. અત્યાર સુધીમાં લગભગ સાડા ચાર લાખ કરતાં વધારે નાના શેરી-ફેરિયાઓને લગભગ રૂ.૭૭૩ કરોડની લોન આપવાનું કામ માનનીય ગુજરાત સરકારે કર્યું છે. દુનિયાની સૌથી મોટી આરોગ્યની યોજના માત્રને માત્ર ભારતમાં ચાલી રહી છે. ૫૦ કરોડ પરિવારોને સૌથી વધારે કોઇ યોજના અંતર્ગત આવરી લીધા હોય તો આ યોજનામાં આવરી લીધા છે. અત્યાર સુધીમાં ગુજરાતમાં ૨ લાખ ૩૮ હજાર કરતાં વધારે લોકોએ લાભ લીધો છે. માથે આકાશ,

નીચે ઘરતી એવા લોકોને પૂછો કે છાપરું એટલે શું? અને કૉંગ્રેસના જમાનામાં છાપરામાં રહેવાની નીતિ હતી, છાપરામાં રાખવાની નીતિ હતી. ઘરનું ઘર બનાવવું હોય તો આખી જિંદગી નીકળી જાય, લોકોની આંખમાં પાણી આવી જાય. મને કહેતાં આનંદ થાય છે કે લોકોના ઘરના ઘર બનાવવાનું કામ દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ કર્યું છે. હમણાં શ્રી અમિતભાઇએ કહ્યું કે મોસાળમાં મા પીરસનાર હોય તો વર્ષ ૨૦૧૪ પહેલાં તમારા વડાપ્રધાન હતાં, તમારી સરકાર હતી. ગુજરાતના આંસુ લૂંછવા કોઇ આવ્યું ન હતું. ઇતિહાસમાં પ્રથમવાર એક મુખ્યમંત્રીએ ગુજરાતની જીવાદોરી નર્મદા માટે ઉપવાસ પર બેસવું પડ્યું હોય ત્યારે આંસુ લૂંછવા માટે એક પણ કૉંગ્રેસી કે એક પણ વ્યક્તિ આવ્યા ન હતા. હું આપના માધ્યમથી દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદી સાહેબની સરકારને લાખ લાખ અભિનંદન પાઠવું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને ગુજરાત રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી આજે ગૃહ સમક્ષ સંકલ્પ લઇને આવ્યા છે ત્યારે પ્રધાનમંત્રી શ્રી મોદીસાહેબને ત્રીજી વખત સતત વડાપ્રધાન બનવાનો યશ, જશ અને કામ આ બધાના ત્રિવેણી સંગમ સમાન ફરીથી વડાપ્રધાન બન્યા છે ત્યારે જે પ્રસ્તાવ લઇને આવ્યા એને કેવળ ગુજરાત કે આ સભાગૃહ જ નહીં પણ સમગ્ર દેશ અભિનંદન આપે છે અને હું સમર્થન પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૬૦ વર્ષની રાજનીતિ કેવી ચાલતી રહી એની વાત કરું તો, તૃષ્ટીકરણની રાજનીતિ, જ્ઞાતિવાદની રાજનીતિ, ગરીબને ગરીબ રાખવાની રાજનીતિ, પરિવારવાદ, કોમવાદ, વિભાજનની રાજનીતિ માત્રને માત્ર સત્તાપ્રાપ્તિની રાજનીતિ આમાં નીતિ ગાયબ છે અને કેવળ રાજ કરવું એ જ સંકલ્પ સાથેના ૬૦ વર્ષ વીત્યાં. પહેલી વખત રાજનીતિ શું હોય છે અને કેવળ મત આધારિત રાજનીતિ નહીં પરંતુ લોકો માટેનું ભલું કરવું એની યોજનાઓ બનાવવી અને આ યોજનાઓ થકી દેશ, રાષ્ટ્ર મજબૂત થાય, સરહદો મજબૂત થાય, ઇન્ટરનલ સિક્યુરિટી વધે અને સાથે જ દેશને અનેકવિધ સુવિધાઓ પ્રાપ્ત થાય એ પ્રકારની રાજનીતિની કોઇએ શરૂઆત કરી હોય તો એકવીસમી સદીમાં ગુજરાતથી એની શરૂઆત થઇ. આજે દેશ સમક્ષ ૪૭નું વિઝન પહોંચી ચૂક્યું છે. ૪૭ વિકસિત દેશ બનાવવાનું સ્વપ્ન કોઇએ જોયું હોય તો એ માનનીય શ્રી નરેન્દ્રભાઇએ જોયું છે. આ દસ વર્ષના સમયગાળામાં સમગ્ર દુનિયાને બતાવ્યું છે કે ભારત હવે દોડતું થયું છે. પહેલાં ભારતીયો કોઇ બીજા દેશમાં વસતા હોય તો એ દેશમાં વસતા ભારતીયો માટેનું માન–સન્માન નહોતું. આજે એવો દિવસ આવ્યો છે કે, ઇન્ડિયન પાસપોર્ટવાળો અમેરિકા, યુ.એસ.એ. અને યુરોપમાં ગર્વથી કહી શકે છે કે, હું ભારતીય છું. એ પ્રકારનું ભારતનું ગૌરવ વધ્યું છે. નૈતિક ધારામાં ગરીબોના કલ્યાણની વાત છે, વંચિતોના વિકાસની વાત છે, ખેડૂતોની ખુશહાલીની વાત છે, મહિલાઓના સન્માનની વાત છે અને યુવાશક્તિના વિકાસની વાત છે. માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી એટલે, 'દેશ માટે કણ–કણ, ક્ષણ–ક્ષણ સમર્પિત હોય તેવું વ્યક્તિત્વ.' મિશન ફર્સ્ટની થિયરી સાથે દેશ માટે સતત સમર્પિત એવા વડાપ્રધાનશ્રીએ ભારતીય રાજનીતિના ઇતિહાસમાં અનેક નવી ઊંચાઇઓ હાંસલ કરી છે. માનનીય શ્રી નરેન્દ્રભાઇ માટે કહેવું હોય તો, 'લોકો માટે જીવવું, દેશ માટે હર શ્વાસ એવા જણને કાજ તો સમય લખે ઇતિહાસ.' ભારતીય ઇતિહાસના રાજનેતાઓ ઘણા બધા થઇ ગયા. પરંતુ, આફતને અવસરમાં પલટવાનું સામર્થ્ય જો કોઇમાં હોય તો એ આદરણીય શ્રી નરેન્દ્રભાઇમાં છે અને મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢવાની કુનેહ પણ એમની આત્મસૂઝને આભારી છે. કોરોનાના કપરાકાળમાં પણ શ્રી નરેન્દ્રભાઇનું કૌશલ્ય વિશ્વનું સૌથી મોટું રસીકરણ અને વિશ્વના અનેક દેશોને આપેલી રસીની ભેટ તેમની કાબેલિયતનું ઉત્તમ ઉદાહરણ છે. આજે કોઇને 'આયુષ્યમાન ભવ'ના આશીર્વાદ આપવા હોય તો એના આરોગ્યની ચિંતા કરવી પડે. એના દીકરા–દીકરીઓ, એના ઘરની ચિંતા કરવી પડે. એના માટે આયુષ્યમાન કાર્ડ આપવાની ચિંતા આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ કરી છે. આપણને કહેતા ગર્વ થાય કે, ગુજરાતના એક સભ્ય તરીકે ચાહે આ પક્ષે બેઠા હોય કે સામે પક્ષે બેઠા હોય. ગુજરાતીઓના સ્વાસ્થ્ય માટે આજે ગુજરાત રૂ.૩૨૦૦થી ૩૫૦૦ કરોડ વાપરી રહ્યું છે. તમે કલ્પના તો કરો કે, બે મહત્ત્વના દેશો રશિયા અને યુક્રેન લડતા હોય અને સાહેબ યુક્રેનના પ્રવાસે જાય એટલે સમગ્ર વિશ્વની મીટ શ્રી નરેન્દ્રભાઇ ઉપર મંડાયેલી રહે. આશા છે કે શ્રી નરેન્દ્રભાઇ યુક્રેન ગયા છે, રશિયા જઇને આવ્યા છે. ક્યાંકને ક્યાંક સમાધાનનો રસ્તો નીકળશે. એવી આશા જગાવવાવાળું ભારત આજે નેતૃત્વમાં ફરીથી માનનીય નરેન્દ્રભાઇ મોદી ઉપર વિશ્વાસ મૂકી રહ્યું છે, ત્યારે આપણા માટે ખૂબ ગૌરવનો વિષય છે. માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકારનો આ દાયકો વિકાસનો દાયકો છે. વિશ્વાસનો દાયકો છે. રિફોર્મ અને ટ્રાન્સફોર્મના મંત્ર સાથે અવિરત કાર્યરત એવા માનનીય મોદી સાહેબના છેલ્લાં દસ વર્ષના શાસનમાં ૫૦૦થી વધુ નવી મૅડિકલ કોલેજ બની છે. આઇ.આઇ.ટી. ત્રણ ગણી થઇ છે. મૅડિકલ સીટ ડબલ થઇ છે. ભારતની નિકાસ ૪૫૦ બિલિયન ડોલરથી વધીને ૭૭૫ બિલિયન ડોલર થઇ છે. એફ.ડી.આઇ.અગાઉની સરખામણીએ બમણું થયું છે. ખાદી અને ગ્રામોદ્યોગના ઉત્પાદનના વેચાણમાં ચાર ગણાથી વધુનો વધારો થયો છે. ઇન્કમટેક્ષ રિટર્ન સવા ત્રણ કરોડથી સવા આઠ કરોડે પહોંચ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઋષિકેશભાઇ, આપ બેસો. તમારે જો બે મિનિટ વધારે લેવી હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રી માટે દસ મિનિટનો સમય ફાળવેલો છે, એમનું વકતવ્ય પૂરું થાય અને બે મિનિટ તમને વધારે આપીએ ત્યાં સુધીની જો દરખાસ્ત મૂકતા હોય તો દરખાસ્ત કરો.

**સરકારી સંકલ્પનો સમય લંબાવવા બાબત**

## સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦)

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીનું વકતવ્ય પૂર્ણ કરી સંકલ્પ મત ઉપર મૂકવામાં આવે ત્યાં સુધી સરકારી સંકલ્પનો સમય લંબાવવામાં આવે તેવો હું પ્રસ્તાવ રજૂ કરું છું.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : (કોંગ્રસ પક્ષના દંડકશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, અમે આ પ્રસ્તાવને સમર્થન આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રીનું સંબોધન તથા સરકારી સંકલ્પનું મતદાન પૂર્ણ થાય ત્યાં સુધીનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ હાઇવેની લંબાઇ ૯૦,૦૦૦ કિ.મી.થી વધીને ૧,૪૬,૦૦૦ કિ.મી. થઇ, ચારમાર્ગીય લંબાઇ અઢી ગણી થઇ, હાઇસ્પીડ કોરિડોર ૫૦૦ કિ.મી. હતો જે આજે ૪૦૦૦ કિ.મી. થઇ ગયા છે અને એરપોર્ટો ૭૪ હતા એ ૧૪૯ એટલે કે તેની સંખ્યા બમણી થઇ ગઇ છે. દેશના મુખ્ય બંદરો ઉપર કાર્ગોની હેન્ડલિંગ ક્ષમતા બમણી થઇ ગયેલ છે. બ્રોડબેન્ડ યુઝરમાં ૧૪ ગણો વધારો, દેશની લગભગ ર લાખ ગ્રામ પંચાયતો ઓપ્ટિકલ ફાયબર, દેશમાં ૧૦૦૦૦ કિ.મી.ની ગેસ પાઇપલાઇન, ૪ કરોડ ૧૦ લાખ ગરીબ પરિવારોને ઘર, ૧૧ કરોડ ગરીબ ગ્રામીણ પરિવારો સુધી પ્રથમ વખત પાઇપથી પાણી, તાજેતરમાં ૧૦ કરોડ ગેસ કનેકશન વિગેરે બાબતો પ્રગતિ માટેના અનેક પ્રયાસોનું પરિણામ છે. એમ જ લોકો કહેતા નથી કે, 'मेरा देश आगे बढ रहा है, बदल रहा है'. આપણે જાણીએ છીએ કે, પરીક્ષામાં પાસ થવા માટે ૩૫ ટકા લાવવા જરૂરી છે. તેમના નેતા માત્ર ૧૮ ટકા લાવી શક્યા છીએ. વિરોધપક્ષના નેતાને અભિનંદન આપ્યા તેમાં ૫૪૩માંથી ૧૦૦ ગુણ લાવવાવાળા નપાસ વિદ્યાર્થીને અભિનંદન આપવા સમાન છે. જેઓને કોગ્રેંસ રિપિટર વિદ્યાર્થી તરીકે વારંવાર પરીક્ષાઓ આપવા બેસાડી રહી છે. જયારે કોઇપણ ઘરમાં કોઇ વિદ્યાર્થી કે કોઇ ગરીબ પરિવારનું સંતાન આગળ વધે તો ઈર્ષા કોને થાય? એ પરિવારમાંથી જ થતી હોય છે. ગુજરાત રાજ્યનું સંતાન અને દીકરા એવા માનનીય નરેન્દ્રભાઇ મોદી આખા દેશ અને દુનિયાનું નેતૃત્વ કરી રહ્યા હોય ત્યારે આપણા માટે ખૂબ જ ગૌરવનો વિષય છે. ગુજરાતમાં નવી એઇમ્સ આવી નથી? ગુજરાતમાં વંદે ભારત ટ્રેન શરૂ નથી થઇ? શું મુંબઇ-દિલ્હી કોરિડોર ગુજરાતમાંથી પસાર નથી થતો? આયુષ્યમાન યોજનાનો લાભ ગુજરાતના નાગરિકોને નથી મળતો? પી.એમ. સ્કોલરશીપ ગુજરાતને નથી મળતી? કિસાન સન્માનનિધિનો લાભ ગુજરાતને નથી મળતો? બુલેટ ટ્રેનનો લાભ ગુજરાતને નથી મળતો? પ્રાંતવાદના કારણે દેશના ભાગલા પાડવાની નીતિ વર્ષોથી ચાલી રહી છે. આજે આખો સમય પરિવર્તિત થઇ રહ્યો છે. વિકસિત ભારતના સંકલ્પના દસ વર્ષ પૂરા થયા છે અને આગામી પાંચ વર્ષ તથા વર્ષો સુધી વિકસિત ભારત નહીં બને ત્યાં સુધી ભારતીય જનતા પાર્ટી અને માનનીય નરેન્દ્રભાઇનું નેતૃત્વ જે રીતે દેશને દિશાદર્શન બતાવી રહ્યું છે, એ પ્રમાણે આગળ વધશે. વર્ષ ૨૦૪૭નો સંકલ્પ પૂરો કરવાની પ્રતિબદ્ધતા માનનીય નરેન્દ્રભાઇએ બતાવી છે ત્યારે અમે સૌ સૈનિકો એમાં સામેલ છીએ, સહમત છીએ અને સંકલ્પિત છીએ. ત્યારે હું આ પ્રસ્તાવને ખૂબ જ દિલથી આવકારું છું અને ફરીથી એક વખત ધન્યવાદ આપું છું.

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ (મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મારો સ્વભાવ નથી પણ તમે કહ્યું કે કેન્દ્રમાંથી કેટલા પૈસા આવ્યા એટલે હું તમને એક ખાલી આંકડો આપી દઉં, બીજું કામ આપણે ડિસ્ટર્બ કરતા નથી. સન ૨૦૧૦થી સન ૨૦૧૪ સુધી રૂ.૨૩,૪૦૯ કરોડ કેન્દ્રમાંથી આવ્યા અને સન ૨૦૧૫થી સન ૨૦૨૪માં રૂપિયા ૧, ૯૩, ૨૩૮ કરોડ. તમે આંકડા પછી શાંતિથી જોજો. (અંતરાય) પેલામાં પણ ઉમેરીને જ બોલ્યો હોઇશ.

માનનીય અધ્યક્ષશ્રી, એક સામાન્ય અદના કાર્યકર્તાથી ૩-૩ વખત આ ભારત દેશના વડાપ્રધાન બનવું એ ખરેખર એક અસામાન્ય ઘટના છે. માનનીય નરેન્દ્રભાઇના શિસ્ત, અનુશાસન, કર્તવ્ય પરાયણતા, દઢ નિશ્ચય, મક્કમ મનોબળ અને આવા અનેક ગુણોને કારણે આજે ભારતમાં નવી ઊર્જા આવી છે. दिव्य ध्येय की ओर तपस्वी जीवन और अविचल चलता है, સંઘની આ પંકિત શ્રી નરેન્દ્રભાઇના જીવનકથનમાં અક્ષરશઃ સાચી પડે છે. એક સમયે અંગ્રેજોની ગુલામીમાંથી દેશને મુકત કરવાના આઝાદી જંગનો મંત્ર હતો ડાય ફોર ધ નેશન, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ હવે આપણને જીવવવાનો, જાણવાનો એટલે કે દેશ માટે, લીવ ફોર ધ નેશનનો મંત્ર આપ્યો. જો એક વખતે દેશ માટે કુરબાન થઇ અને કુરબાન થવાની પ્રતિબદ્ધતા અને તમન્ના એ ધ્યેય દેશવાસીઓની અંદર જાગી અને જો આપણને આઝાદી મળતી હોય તો મને લાગે છે ત્યાં સુધી જો આપણા બધાયની અંદર દેશ માટે જીવવાની પ્રતિબદ્ધતા અને તમન્ના હશે તો માનનીય વડાપ્રધાનશ્રીએ જે સંકલ્પ આપ્યો છે કે આપણે વિકસિત ભારત બનાવવું છે તો આપણે વિકસિત ભારત સો ટકા બનાવી શકીશું. માનનીય નરેન્દ્રભાઇએ જયારે દેશનું શાસન સંભાળ્યું ત્યારે ભારત વિશ્વમાં ૧૧મા ક્રમની અર્થવ્યવસ્થા ધરાવતો દેશ હતો, પાછલા દસ જ વર્ષમાં વડાપ્રધાનશ્રીની વિઝનરી, લીડરશિપમાં ભારત પાંચમા ક્રમની અર્થવ્યવસ્થા બની ગયું અને તેના પાયામાં જો કંઇ હોય તો વડાપ્રધાનશ્રીની ગુડ ગવર્નન્સ માટેની પ્રતિબદ્ધતા અને પ્રતિબદ્ધતાના કારણે જે ૫ મુખ્ય મુદ્દાઓ છેઃ જી.ડી.પી. ગ્રોથ રેટ, દેશમાં ટેક્સ રિફોર્મથી ટેકસ ગ્રોથ રેટ, ક્રેડિટ ગ્રોથ રેટ, ફાયનાન્શિયલ ઈન્ફલુઝન અને ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપરના કેપિટલ એકસપેન્ડિચરમાં વૃદ્ધિનો સમાવેશ થાય છે. આ ૫ મુદ્દા આધારિત જે દેશ અત્યારે આગળ વધી રહ્યો છે એના કારણે આપણે પાંચમી મોટી અર્થવ્યવસ્થા બન્યા છીએ અને આપણને વિશ્વાસ છે કે આપણે માનનીય નરેન્દ્રભાઇના ત્રીજા કાળમાં, અમૃતકાળમાં આપણે ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનવા જઇ રહ્યા છીએ અને બનીને જ રહીશું.

તા. ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૪

ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક, ૨૦૨૪

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના કપરા કાળમાં પણ બે વર્ષ જો કાઢી નાંખીએ તો ૮ વર્ષમાં દેશનો જી.ડી.પી. ગ્રોથ રેટ સરેરાશ ૭.૫ ટકા રહ્યો છે. આ વધારાનો લાભ દેશના સામાન્ય માનવીને પણ મળ્યો છે. તેની આવકમાં વૃદ્ધિ થવાથી માથાદીઠ આવક પણ વધી છે. રોજગારી વધી અને મધ્યમવર્ગીય પરિવાર વધુ આકાંક્ષી એટલે કે એક્સપ્રેન્શિયલ ફેમિલી બન્યો છે. એવી જ રીતે દેશમાં ટેક્સ રિફોર્મસ અને સરળ નીતિઓના પરિણામે સરકારની મહેસૂલી આવકમાં પણ વડાપ્રધાનશ્રીના શાસનમાં પાછલા ૧૦ વર્ષમાં નોંધપાત્ર વધારો થયો છે. ઇન્કમ ટેક્સ, જી.એસ.ટી., એકસાઇઝ અને સેસ એમાં પાછલા દશકામાં લગભગ અઢી ગણો વધારો થયો છે અને આ વધારાના પરિણામે મહેસૂલી આવક રાષ્ટ્ર નિર્માણ અને અંત્યોદયના કલ્યાણ માટે માનનીય નરેન્દ્રભાઇએ વાપરી છે. પાછલા દશકામાં આદરણીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે બેન્કોમાં કરેલા મહત્ત્વના સુધારાઓથી દેશની બેન્કોની ધિરાણ આપવાની કેપેસિટીમાં વધારો થયો છે. એના કારણે કૃષિ ધિરાણ હોય, એમ.એસ.એમ.ઇ.ને ધિરાણ હોય, પી.એમ.સ્વનિધિ હોય, મુદ્રા યોજના હોય આ બધાની અંદર સરળતાથી લોન મળતી થઇ છે.

આદરણીય નરેન્દ્રભાઇએ દેશમાં કરોડો લોકો નાના વેપારીઓ તથા શેરી ફેરિયાઓને આર્થિક આધાર આપીને આત્મનિર્ભર બનાવવા લોન સહાય પર વિશેષ ફોકસ કર્યું છે. પાછલા ૧૦ વર્ષમાં જનધન યોજના દ્વારા દેશમાં ૫૩ કરોડ લોકોના નવા ખાતા ખોલવામાં આવ્યા છે. આજે દેશના લોકોના જનધન બેન્ક એકાઉન્ટમાં રૂપિયા ૨.૩ લાખ કરોડની ડિપોઝિટનું બેલેન્સ છે. તે આપણી ફાઇનાન્શિયલ ઇન્ક્યુઝનની એક મોટી સફળતા છે. માનનીય નરેન્દ્રભાઇના પાછલા ૧૦ વર્ષના સુશાસન ટ્રેક રેકોર્ડમાં ઇન્ફ્રાસ્ટ્રકચર માટેના કેપિટલ એક્સપેન્ડિચરની રકમમાં વાર્ષિક ૧૮ ટકાના દર સાથે આ વર્ષના બજેટમાં ૧૧ લાખ કરોડ રૂપિયા છે તે પણ વિકાસની પ્રેરક બાબત છે. કેપિટલ એક્સપેન્ડિચરના આ ગ્રોથના કારણે રોડ-રસ્તા, વીજળી, પાણી, શિક્ષણ, આરોગ્ય જેવા ઇન્ફ્રાસ્ટ્રકચરનાં કામો ઉપરાંત લોકોનું ઇઝ ઓફ લિવિંગ ઊંચું ગયું છે અને તેની સાથે વેપાર ઉદ્યોગ, લોજિસ્ટિકમાં પણ ઉલ્લેખનીય વધારો થયો છે.

આદરણીય નરેન્દ્રભાઇ મોદીની વિઝનરી કેડીમાં ભારત આજે વિકાસના રાજમાર્ગ ઉપર પૂરપાટ વેગે દોડી રહ્યું છે. પાછલા ૧૦ વર્ષમાં તેમના નેતૃત્વમાં ભારત સ્થિરતા અને સાતત્યનો પર્યાય બન્યું છે. એનું મૂળ કારણ સેમી કન્ડકટર હોય, એ.આઇ. થિન્ક ટેન્ક હોય કે ગ્રીન એનર્જી, ઓટો મેન્યુફેકચરિંગ હોય કે ઇલેકટ્રોનિક્સ, આવા ઉભરતા ક્ષેત્રોમાં પણ વિશ્વમાં આજે અગ્રેસર બનવા તરફ ભારત દેશ આગળ વધી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સોલાર વિન્ડ અને ગ્રીન હાઇડ્રોજન સહિતના વૈકલ્પિક ઊર્જાના સ્ત્રોતના વિકાસને પ્રોત્સાહન આપીને પર્યાવરણની જાળવણી માટે તેમણે ગ્રીન ગ્રોથ અને ગ્રીન એનર્જીની દિશા આપણને દર્શાવી છે. પી.એમ. સૂર્યઘર, મફત વીજળી યોજનાથી દેશના સામાન્ય માનવીના ઘર ઉપર આપણને સોલાર રૂફ ટોપ યોજનાથી વીજળી ઉત્પન્ન કરવામાં સફળતા મળેલ છે. દેશનો સામાન્ય નાગરિક આના કારણે પોતાના ઘર ઉપર સૂર્ય ઊર્જાના ઉત્પાદનથી પોતાનું વીજબિલ તો ઝીરો કરે જ છે. એ ઉપરાંત વધારાની વીજળી ગ્રીડમાં આપીને આવક પણ મેળવી શકશે. ખૂબ મોટી યોજના માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં સામાન્ય અને નાના માણસ માટે બની છે.

આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ આવા તો અનેક દેશ હિતના અને લોક હિતના કામોથી રાષ્ટ્રને અહર્નિશ સમર્પિત રહ્યા છે. પાછલા દશકામાં મજબૂત રાષ્ટ્રનિર્માણનો પાયો નાંખ્યો અને દેશની આઝાદીની શતાબ્દી સુધીમાં સ્વર્ણિમ ભારત બનાવવા માટે જે પંચ પર્ણ આપ્યા છે એ પંચ પર્ણ એટલે વિકસિત ભારતનું નિર્માણ, ગુલામીની દરેક માનસિકતામાંથી મુક્તિ, દેશની વિરાસત પર ગર્વ, એકતા અને અખંડિતતા અને નાગરિક કર્તવ્ય ભાવના આ પંચ પર્ણશક્તિથી શ્રી નરેન્દ્રભાઇના ઐતિહાસિક એવા સતત ત્રીજા કાર્યકાળમાં દેશ વિકાસની નવી ઊંચાઇઓ સર કરશે એવા આપણને સૌને દઢ વિશ્વાસ છે. ગુજરાતનું ગૌરવ અને વિશ્વના નેતા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીને સતત ત્રીજીવાર દેશને અડગ નેતૃત્વ પૂરું પાડવા બદલ ફરી એકવાર સભાગૃહના માધ્યમથી હાર્દિક અભિનંદન પાઠવું છું.

**સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને સ્વીકાર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

**વિધેયકો (સરકારી)**

**સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૨**

**ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક, ૨૦૨૪**

ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક, ૨૦૨૪

**સમાજમાં અજ્ઞાનના કારણે ફૂલતાફાલતી અનિષ્ટ અને દુષ્ટ પ્રથાની સામે સામાન્ય લોકોને રક્ષણ આપવાના હેતુથી, સમાજમાં સામાજિક જાગૃતિ અને સભાનતા લાવવા અને સ્વસ્થ અને સુરક્ષિત સામાજિક પર્યાવરણનું નિર્માણ કરવા અને લેભાગુઓ દ્વારા સમાજના સામાન્ય લોકોનું શોષણ કરવા અને તેમ કરીને, સમાજના મૂળ સામાજિક માળખાનો વિચ્છેદ કરવાના દુષ્ટ ઉદ્દેશ્યથી, કાળા જાદુ તરીકે સામાન્ય રીતે જાણીતી થયેલી કહેવાતી અલૌકિક અથવા જાદુઇ શક્તિ અથવા પ્રેતાત્માના નામે પ્રચાર કરવામાં આવતા માનવ બલિદાન અને બીજી અમાનુષી (અમાનવીય), અનિષ્ટ, દુષ્ટ અને અઘોરી પ્રથાનો પ્રતિકાર કરવા અને તેનું નિર્મૂલન કરવા માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે (જોગવાઇ કરવા બાબત) વિધેયક.**

**શ્રી હર્ષ સંઘવી (રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક-૧૨, સન ૨૦૨૪ના ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક, ૨૦૨૪ આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૨- સન ૨૦૨૪ નું ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આપણા પરિવારના રક્ષણ કાજે પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાનના મુખારવીંદથી જે ગીતા શબ્દ સ્વરૂપે પામી તેમાં પણ ભગવાન શ્રીકૃષ્ણ આપણા યોગક્ષેમ અને કુશળ મંગલ માટે કહે છે કે,

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते। तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्।।

ભાગવત ગીતાના અધ્યાય-૯માં શ્લોક-૨૨ માં એમ કહેવા માગે છે કે અનન્ય ભાવથી જે ભક્ત મારું ચિંતન કરે તેના યોગક્ષેમની જવાબદારી મારી છે એટલે કે શ્રીકૃષ્ણ ભગવાનની છે. ધર્મ અને અધર્મ. ધર્મને અધર્મ ન કહી શકાય અને અધર્મને ધર્મ ન કહી શકાય. આજના સમયે અનેક બનાવો અનેકવાર દૈનિક પત્રમાં વાંચતા હોઇએ છીએ. નાનીમોટી ઘટનાઓ સમાજ જીવનમાં તમામ લોકોના ધ્યાનમાં આવે છે. પરંતુ આ ઘટનાઓ એ માત્ર કોઇ સામાન્ય ઘટના નથી હોતી. અનેક લોકોએ પોતાના જીવનના સાથીઓ ગુમાવ્યા છે તો અનેક લોકોએ પોતાનાં બાળકોને ગુમાવ્યા છે. આજે ૨૧મી ઓગસ્ટ છે એટલે કે આજના દિવસે ૧૯૭૨ની સાલમાં ભારત સરકારે વન્ય જીવોના રક્ષણ માટે વાઇલ્ડ લાઇફ પ્રોટેકશન એકટ પસાર કર્યો હતો તેવી જ રીતે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં હું આ ગૃહ સમક્ષ ગુજરાતની ૬ કરોડ જનતાની મૂળ સંસ્કૃતિ અને પરંપરાઓના રક્ષણ માટે આ કાયદો લઇને આવ્યો છું. હાલમાં આપણા રાજયમાં બ્લેક મેજિક જેવી પ્રવૃત્તિઓ હેઠળ ચાલતા કૃત્યને રોકવા માટે કોઇ ખાસ કાયદો અમલમાં નથી. પરંતુ આ પ્રકારની અંધશ્રદ્ધાના કારણે બનતા બનાવો બાબતે અગાઉ ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૫૬ અને હાલમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ હેઠળ બનાવ મુજબના ગુનાઓ નોંધવાની કાર્યપદ્ધતિ અનુસરવામાં આવી રહી છે. આ બિલ રજૂ કરતાં પહેલાં આ ગૃહના ધ્યાન પર મૂકવા માગું છું અને કહેવા માગું છું કે, ભારત એક જ દેશ એવો નથી કે જયાં અંધશ્રદ્ધા પ્રવર્તી રહી છે. ભારતમાં જ નહીં પણ દુનિયાના જે વેસ્ટર્ન કન્ટ્રીઝ કે જે ડેવલપ કન્ટ્રીઝ કહેવાતા હતા તેવા દેશોની અંદર ત્યાંની માન્યતા પ્રમાણે બ્લેક મેજિક પ્રવર્તે છે. માત્ર ભારત અને ગુજરાતમાં જ નથી. દરેક જગ્યા પર આવી પ્રવૃત્તિઓ ચાલે છે ત્યાં તેને રોકવા માટે અલગ અલગ કાયદાઓ લાવવામાં આવ્યા છે. આજે આઝાદીનાં ૭૮ વર્ષ બાદ પણ આપણા સૌ લોકોના ધ્યાન પર આ પ્રકારની ઘટનાઓ ધ્યાને આવતી હોય છે. તેને રોકવી આવશ્યક છે. હું અમુક ઘટનાઓ આ સભાગૃહના ધ્યાને મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લાના એક ગામની વાત કરું તો નરબલિ આપવાથી પોતાના લગ્ન થઇ જશે તેવું વહેમ રાખી એક બાળકની હત્યા કરી નાંખવામાં આવે છે. આ ઘટના આપના ધ્યાનમાં હશે અને સભાગૃહના અનેક લોકોના ધ્યાનમાં હશે. આ ઘટનાના કારણે માત્ર લગ્ન થઇ જશે અને લગ્ન થઇ જશે તે પ્રકારની વાતો કરીને તેની પાસેથી રૂપિયા પડાવવામાં આવે છે. તેની બચતની રકમ તો વપરાઇ જાય છે પણ સાથે સાથે બાળકનો જીવ ગુમાવવાનો વારો આવે છે. આખા પરિવારની પરિસ્થિતિ બગડી જતી હોય છે. ગીર સોમનાથ જિલ્લામાં પોતાની ૧૪ વર્ષની દીકરીને કોઇ વળગાડ છે તેવી મનમાં શંકા રાખીને આ વળગાડ દૂર કરવા માટે પોતાના ખેતરમાં આગ લગાડીને બે કલાક સુધી આગ પાસે આ દીકરીને ઊભી રાખવામાં આવે છે. બાદમાં દાઝેલી દીકરીને ચાર-પાંચ દિવસ સુધી ખેતરમાં ભૂખી બાંધીને રાખવામાં આવે છે અને છેવટે આ દીકરીએ પોતાનો જીવ ગુમાવવો પડે છે. આ પ્રકારની અંધશ્રદ્ધાને કારણે એક પિતા પોતે પોતાની બાળકીના હત્યારા બને છે. આજના જમાનામાં ભાવુક લોકો છે તેમને ખોટી દિશામાં લઇ જવા માટેનો પ્રયાસ કરવામાં આવે છે. આવા પ્રયાસો થકી પોતાની નામના મેળવવી, રૂપિયા કમાવવાની અનેક પ્રકારની ઘટનાઓ સામે આવી છે. અરવલ્લી જિલ્લામાં ડાકણ હોવાના વહેમ રાખીને

* વિધેયક તા. ૧૪મી ઓગસ્ટ, ૨૦૨૪ના ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

૭૦ વર્ષની દાદીમાની હત્યા કરી દેવામાં આવે છે. ખેતરમાં સોનાના ચરું તેમજ અન્ય ખજાનો દટાયેલો છે તેવું કહીને ખેડૂતોની આખા વર્ષની મહેતનથી જે પાક મેળવ્યો હોય તે વેચીને જે થોડાઘણા રૂપિયાની બચત થઇ હોય, પ્રધાનમંત્રીશ્રી દર વર્ષે જે છ હજાર રૂપિયા સારાં કામ માટે આપે છે તે કયાંકને કયાંક આવા ખેડૂતોને ઉંધા રસ્તે દોરીને રૂપિયા પડાવવાની કામગીરી અનેક જિલ્લામાં ધ્યાન પર આવી છે. સુરતમાં એક દીકરીએ પોતાના ગુમ પિતાની ભાળ મેળવી આપવાના બહાને ઢોંગી વ્યક્તિએ તેની પાસેથી રૂપિયા તો પડાવ્યા, નાબાલિક દીકરી હતી એટલે તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા અને અનેક પ્રકારની યાતનાઓ દીકરીએ ભોગવવી પડી. પોલીસે તેની ઉપર ગુનો દાખલ કર્યો અને કાર્યવાહી પણ કરવામાં આવી. આ પ્રકારના લોકોને રોકવા માટે...

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ : (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક ઉપરની ચર્ચા પૂરી થાય અને તેના પર મતદાન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

ડો. કિરીટકુમાર ચી. પટેલ ( કોંગ્રેસ પક્ષના દંડકશ્રી): અમે સંમત છીએ.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) વિધેયક ઉપરની ચર્ચા અને તેના પર મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ ઘટનામાં એક નાબાલિક દીકરીની જિંદગી બરબાદ થઇ ગઇ. આ જ પ્રકારે અમદાવાદમાં એક દીકરીની માતાને કેન્સર હોય છે. તે કેન્સર સારું થઇ જાય તેવું કહીને દીકરી પાસે વિધિ કરવા માટે રકમ માગવામાં આવે છે. તે રકમ મેળવવા માટે આ દીકરી જયાં નોકરી કરતી હતી તે જ ઘરમાં ચોરી કરે છે અને બંને બહેનો ઉપર કેસ કરવામાં આવે છે અને બંને દીકરીના જીવન બરબાદ થઇ જાય છે. તે જ પ્રકારે અમદાવાદમાં નારણપુરા પોલીસ સ્ટેશનમાં એક કેસ દાખલ કરવામાં આવે છે જેમાં ૪૫ વર્ષનો એક ઢોંગી ૨૫ વર્ષની દીકરીને લઇને ભાગી જાય છે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે આપણા પોતાના પરિવારમાં સૌથી વધારે વ્હાલી નાની સરખી દીકરી હોય છે. જયારે દીકરીના લગ્ન થાય છે ત્યારે કવિ જીતુદાનનું ગીત વારંવાર સાંભળીએ છીએ, " **કાળજા કેરો કટકો મારા હાથથી છૂટી ગયો."** આપણા ગુજરાતના મુકેશ માલવંકર કવિએ દીકરી માટે એક હાલરડું ગાયું છે મારું માનવું છે કે આ ગૃહમાં બેઠેલાં જેને જેને દીકરી હશે તેમણે બધાએ આ ગીત, આ હાલરડું ગાયું હશે કે, **"દીકરી મારી લાડકવાયી લક્ષ્મીનો અવતાર, તે સૂવે રાત પડે અને જાગે તો સવાર"** આ આપની દીકરીઓ સાથે બનતી આ દુઃખદ ઘટનાઓથી આપણને સૌને સંવેદના હોય છે પરંતુ આ બધી ઘટનાઓ આપણને અપાર વેદનાઓ આપે છે. આ બધી બાબતોમાં મુખ્ય ભોગ બનનાર તો આપણી દીકરીઓ કે મહિલાઓ હોય છે તેથી આ બિલ લઇને આવ્યો છું. બે દિવસ પહેલાં રક્ષાબંધનનું પર્વ હતું જે આપે સર્વેએ ઊજવ્યું છે. ગુજરાતની અનેક બહેનોએ તેમના ભાઇને રાખડી બાંધી છે તે દરેક બહેનોને આપણા મુખ્યમંત્રીશ્રીની તેમની સુરક્ષા માટેનો આ કાયદો, આ બિલ એક ભેટ છે. નવા કાયદા અંતર્ગત મહત્ત્વના જે કૃત્ય જેના કારણે અનેક લોકોના જીવન બરબાદ થાય છે એ સામેલ કરવામાં આવ્યા છે. આપણો દેશ એ એક આસ્થા સાથે જોડાયેલો દેશ છે. આસ્થા અને આપણી જે માન્યતા છે તેને કોઇ પણ પ્રકારે ઠેસ ના પહોંચે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યુ છે. આ બધા જ વિષયોને લઇને આ બિલ લાવવામાં આવ્યું છે. મારી સભાગૃહના સૌ સભ્યોને બે હાથ જોડીને વિનંતી છે કે આ બિલ એ ગુજરાતના સૌ નાગરિકોના હિતમાં છે, અનેક ગરીબ પરિવારોના હિતમાં છે, અનેક પરિવારોનું જીવન ધૂંધળું થતું અટકાવવા માટે ખૂબ મહત્ત્વનું બિલ છે. આપ સૌ લોકો આ બિલને સહયોગ આપો એવી મારી આપ સૌને વિનંતી છે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક−૧૨, સન ૨૦૨૪નું ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયકમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેમાં સભાગૃહનું હું ધ્યાન દોરવા માગું છું. મને બરાબર યાદ છે કે, ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૮ની અંદર આ જ પ્રકારનું એક બિલ જે પ્રાઇવેટ બિલ તરીકે હાલના આપણા પ્રધાન અને તે વખતના કોંગ્રેસના ધારાસભ્ય કુંવરજીભાઇ બાવળિયાએ આ વિધાનસભા ગૃહની અંદર રજૂ કર્યું હતું. અને ૧૫મી માર્ચ, ૨૦૧૨ના રોજ આ જ પ્રાઇવેટ બિલની ચર્ચા આ વિધાનસભા ગૃહની અંદર થઇ હતી અને ગૃહની વિધાનસભાની ચર્ચા તે વખતના અમારા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અને હાલના ભાજપના ધારાસભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ આ વિધાનસભા ગૃહની અંદર કરી હતી અને તે વખતના તત્કાલીન ગુહમંત્રીશ્રી પ્રફુલભાઇ પટેલ હતા અને તેમણે એમ કહ્યું હતું કે રાજય સરકાર અને કેન્દ્ર સરકારના અનેક એવા કાયદા છે કે જે કાયદાને આ રાજયમાં એ કાયદાનું પાલન થાય છે માટે રાજય સરકારની એવી કોઇ જરૂર નથી કે આ પ્રકારનું બિલ કોઇ પ્રાઇવેટ બિલ એ પાસ કરી શકાય અને કાયદાની કલમો તેની આઇપીસીની કલમો હતી તે કલમો તેમણે ટાંકી અને આ બિલ તે વખતે આ સભાગૃહ સમક્ષ જયારે રજૂ થયું ત્યારે તેની ચર્ચા પણ થઇ પણ તે વખતે આ બિલ નામંજૂર થયું હતું તે વખતે પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી. માનનીય મંત્રીશ્રી પણ

## ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક, ૨૦૨૪

ભારતીય જનતા પાર્ટીના જ હતા જે બે બિલ રજૂ કરનારા જે વ્યકિત હતા તે કોંગ્રેસ પાર્ટીના હતા. આજે જે પણ કાળા જાદુ થયો કે આજે બંને સભ્યો ભારતીય જનતા પાર્ટીના છે. એ વખતે આ બિલ સભાગૃહે પાસ ના કર્યું. માનનીય મંત્રીશ્રીએ ચિંતાજનક રીતે ગુજરાતમાં થયેલી બે–પાંચ ઘટનાઓને યાદ કરીને આ બિલની વાત કરી છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી સમક્ષ બે–ચાર મુદ્દાઓ રજૂ કરવા છે. મેં બંને બિલનો અભ્યાસ કર્યો. આપશ્રી દ્વારા સભાગૃહ સમક્ષ જે બિલ રજૂ થયું છે એનો પણ મેં અભ્યાસ કર્યો અને વર્ષ ૨૦૦૮માં વિધાનસભા ગૃહમાં જે બિલ રજૂ થયું હતું એ બિલનો પણ મેં પૂરો અભ્યાસ કર્યો. આ બંને બિલો જોઇએ તો બંને બિલોની ટૂંકી સંજ્ઞા, એનો આરંભ, બિલની થોડી ઘણી કલમો, નિયમો કરવાની સત્તા, એનો અપવાદ, એના ઉદ્દેશો, એના કારણો લગભગ સરખા છે. આ બિલ વર્ષ ૨૦૦૮નું પ્રાઇવેટ બિલ હોય એની વિભાગ દ્વારા સીધે–સીધી કૉપી કરી દેવામાં આવી હોય એમ કહું તો પણ ખોટું નથી. આપ અભ્યાસ કરશો તો આપને અંદાજ આવશે કે વર્ષ ૨૦૦૮ના પ્રાઇવેટ બિલ અને આજનું ગુજરાત સરકારનું વર્ષ ૨૦૨૪નું જે બિલ રજૂ થાય છે એ બંને બિલ મોટા ભાગે એક સરખા છે. ભૂતકાળમાં પણ ચર્ચા થઇ છે અને હું અત્યારે પણ ચર્ચા કરવા માગું છું. વર્ષ ૧૯૫૪નો ડ્રગ્સ એન્ડ મેજિક રેમિડિઝ એક્ટ આ રાજ્ય સરકારમાં લાગુ છે. ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ આ રાજ્ય સરકારમાં લાગુ છે. કૉડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૯૭૩ આજની તારીખમાં લાગુ છે અને હમણાં જ વર્ષ ૨૦૨૩માં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાનો જે કાયદો રજૂ થયો એ કાયદો પણ ગુજરાત સરકારમાં લાગુ છે. આ દેશના જે રાજ્યો પછાત કહેવાતા હતા એ રાજ્યોમાં અંધશ્રદ્ધાને આધીન આ બિલ લાવવામાં આવ્યું હોય એવું પહેલાં દેખાતું હતું. સમગ્ર દેશમાં આ પ્રકારનું બિલ લાવનાર પ્રથમ રાજ્ય બિહાર હતું. એ બિલ રજૂ થયા પછી ઝારખંડ, છત્તીસગઢ, આસામ, મહારાષ્ટ્ર, કર્ણાટક જેવાં તમામ રાજ્યોમાં આ પ્રકારનું બિલ લાગુ કરીને કાયદો બનાવવામાં આવ્યો. આજે માનનીય મંત્રીશ્રી વિધાનસભા ગૃહ સમક્ષ આ બિલ લઇને આવ્યા છે અને આ બિલ વિધાનસભા ગૃહ સમક્ષ પાસ થશે ત્યારે ગુજરાત રાજ્ય દેશનું સાતમું રાજ્ય બનશે જેણે અંધશ્રદ્ધા અને કાળાજાદુને આધીન બિલ બનાવ્યું હોય. હું અભ્યાસને આધીન વાત કરું છું. દરેક ધર્મના લોકોની અલગ–અલગ આસ્થા હોય છે. એ મંદિરમાં જાય, મસ્જિદમાં જાય, ચર્ચમાં જાય, ગુરુદ્વારામાં જાય છે. એમના ધર્મગુરુઓ હોય છે. આપણા હિન્દુ ધર્મમાં ભૂવાજી હોય છે, સંતો હોય છે, મહંતો હોય છે. આ બિલને બે રીતે જોઇ શકાય. એક, બિલકુલ અંધશ્રદ્ધાને આધીન જોઇ શકાય અને બીજું બિલકુલ ગુજરાતની સંસ્કૃતિ, આસ્થા, શ્રદ્ધા તમામ ધર્મના લોકોને સાથે રાખીને તેની આસ્થાને ઠેસ ન પહોંચે તે પ્રકારની વાત પણ માનનીય મંત્રીશ્રીએ કરી છે. આ બિલના બે પાસા છે. ખાસ કરીને માનનીય મંત્રીશ્રી જે ઉદેશથી આ બિલ લઇને આવ્યા છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે જે રીતે આ બિલને આધીન આપ કહી રહ્યા છો ત્યારે નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરોના આધારે વર્ષ ૨૦૨૦માં ભારતમાં મેલી વિદ્યાના કારણે કુલ ૮૮ લોકોના મૃત્યુ થયા હતા અને માનવબલિના ભાગરૂપે કુલ ૧૧ લોકોના મૃત્યુ થયા હતા. વર્ષ ૨૦૨૧માં મેલી વિદ્યાના લીધે છત્તીસગઢમાં ૨૦, મધ્યપ્રદેશમાં ૧૮, તેલંગણામાં ૧૧ અને કેરલમાં ૨ લોકોનો મૃત્યુ થયા હતા. નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરોના આધારે વર્ષ ૨૦૨૨માં ગુજરાતમાં હત્યાના હેતુથી મેલી વિદ્યાના લીધે પાંચ મૃત્યુ થયા અને બાળક અને માનવનું બલિદાન લેવાયું હોય તેવો આંકડો ગુજરાતમાં બે છે. આ જ રીતે છ રાજ્યમાં આ કાયદો અમલમાં છે. કેન્દ્ર સરકાર હોય કે રાજ્ય સરકાર હોય તેના કાયદા ઓલરેડી લાગુ જ છે તેમ છતાં વર્ષ ૨૦૨૦ના નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરોના આધારે ઝારખંડ, છતીસગઢ, આસામ, મહારાષ્ટ્રમાં જે બિલ પાસ થયું ત્યાં મેલીવિદ્યાઓના લીધે બિલ પાસ થયું હોવા છતાં પણ ઝારખંડમાં ૧૧, છત્તીસગઢમાં ૨૫, મહારાષ્ટ્રમાં ૩ અને આસામમાં એક છે. જે રાજ્યોએ પોતાની ઇચ્છા દર્શાવી હતી કે કોઇ માનવબલિ ન થવી જોઇએ કે મેલી વિદ્યા ન થવી જોઇએ તેના માટે આ કાયદો બન્યો પણ તેમ છતાં પણ બિલ પાસ થયા પછી પણ તે રાજ્યોમાં આ બનાવો ચાલુ છે. વર્ષ ૧૯૫૪ના એક્ટમાં જ અનેક જોગવાઇઓ કરેલી છે. પોલીસ અધિનિયમ,૧૯૫૧નો ઓલરેડી સમાવેશ થયેલો જ છે. કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (સીઆરપીસી) ૧૯૭૩નો જે કાયદો છે તે કાયદામાં ૧૯૫૪ના કાયદા મુજબ કલમ–૧૫૪ મુજબ પણ તેમાં ક્લિયરલી લખેલ છે કે આ કલમ મુજબ પોલીસ નિયમોની કોગ્નિઝેબલ ગુન્હાની માહિતી મેળવી હેન્ડલ કરવી, વોરન્ટ કાઢી શકે છે, ધરપકડ કરી શકે છે. સન ૧૯૭૩ના કાયદા મુજબ પરફેક્ટલી લખેલું જ છે. આવી રીતે આપણી અલગ અલગ આઇપીસીની કલમો છે. તે વખતના મંત્રીશ્રીએ કહ્યું હતું કે રાજ્ય સરકારમાં આ કલમો લાગુ છે. આ બિલ લાવવાથી રાજ્ય સરકારને કે ગુજરાતની પ્રજાને કોઇ ફાયદો થવાનો નથી. કારણ કે રાજ્ય સરકારમાં જે કલમો લાગુ છે તે કલમોનો જ ઉલ્લેખ કરેલો હતો. આઇપીસીની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૪૨, ૩૫૪, ૫૦૦, ૫૦૬, ૫૦૮વગેરે. આપ તો બધી કલમો જાણો જ છો. આ રીતે કલમ–૧૦૯, ૧૧૫, ૧૧૭, ૨૦૮, ૨૦૯ આઇ.પી.સી.ની બધી જ કલમોનો ઉલ્લેખ જે–તે વખતે માનનીય મંત્રીશ્રીએ કર્યો હતો. ગુજરાત રાજ્યમાં આ કલમો અમલમાં હોવાથી આવો કોઇ કાયદો લાવવાની જરૂર નથી. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩માં તમામ કલમોની વાત કરી, ટૅકનોલોજીનું એકત્રીકરણ, પીડિત અધિકારોનું રક્ષણ કરવું, ઝડપી ન્યાય મળવો, જામીન અટકાયત, ધરપકડમાં સુધારા–વધારા જેવી અનેક બાબતો છે. કાર્યદક્ષતામાં દંડની પણ જોગવાઇ છે અને સમયમર્યાદા નક્કી કરી પ્રક્રિયાગત વિલંબને ઘટાડીને ઝડપથી ન્યાયની ખાતરી કરવા ન્યાયપ્રણાલિ પર બોજો ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવશે એવું લખેલું છે. માનનીય મંત્રીશ્રી બિલ લઇને આવ્યા છે એને અમે સો ટકા ટેકો આપીએ છીએ પણ આ બિલને ટેકો આપતા પહેલાં મારે થોડી માહિતી જોઇએ છે. કલમ–૯૭ મુજબ ઉલ્લેખ કરવામાં આવ્યો છે એમાં ક્લિયરલી લખેલું છે. આપણી ભારતીય

## ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક, ૨૦૨૪

નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૯૭માં કમ્પ્લિટલી એની જોગવાઇ છે. દરેક ધર્મના સમાજની આસ્થા રહેલી છે. આપણા ધાર્મિક પ્રસંગોમાં જુદા–જુદા સમાજમાં ભૂવાજી હોય છે અને ભૂવાજી દ્વારા રમેલ થતી હોય છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતમાં જાતર કે રમેલ થાય છે. અહીંયા બેઠેલા ઘણા લોકો આ જાતર અને રમેલમાં જતા હોય છે. આ અંગેના વીડિયો પણ મારી પાસે છે. આપણે ધાર્મિક આસ્થા સાથે જોડાયેલા લોકો છીએ. સૌરાષ્ટ્રમાં માંડવો કરતા હોઇએ છીએ, દક્ષિણ ગુજરાતમાં ભૂવા–ભગત તરીકે ઓળખાય છે. આ આસ્થાના પ્રતિક તરીકે થતું હોય છે અને લોકો જતા પણ હોય છે. બધા ઢોંગી હોતા નથી. માનનીય મંત્રીશ્રીએ ચિંતા કરી કે, 'બનાસકાંઠામાં લગ્નની વિધિમાં મૃત્યુ થયું હતું.' મને બરાબર યાદ છે. એવા જ બે બાળકોની બલિ આસારામની પાછળ લેવામાં આવી હતી. રાજ્ય સરકાર એ વખતે આ બિલ લાવી હોત તો આસારામ જયપુરમાં ન હોત એ સાબરમતી જેલમાં હોત. બે નાનાં બાળકોની બલિ લેવામાં આવી હતી. આપણા રાજ્યમાં બીજાં રાજ્યોની સરખામણીમાં બહુ ઓછા બનાવો બન્યા છે. તેમ છતાંપણ રાજ્ય સરકાર આ બિલ લાવવા જઇ રહી છે ત્યારે ઘણા બધા ધાર્મિક પ્રસંગો થતા હોય છે અને આ પ્રસંગોમાં શું વિધિ થાય એ આપણે નક્કી કરી શકીએ નહીં. માનનીય મંત્રીશ્રી મને જણાવે કે, કોઇ ધૂણતું હોય અને કોઇને ભૂત વળગ્યું હોય, ડાકણ વળગી તો કયો કાયદો લાગુ પડશે? આ કાયદાથી તો કોઇ ભૂત કે ડાકણ બહાર આવવાની નથી. રાજ્ય સરકારની કઇ મેડિકલ દવા લાગુ કરશો? ભૂત કે ડાકણ વળગી હોય તો આપણે મેટાસીન આપી દો તો મટી જશે? આની તો કોઇ દવા જ નથી. એની વિધિ થશે. માનનીય મંત્રીશ્રી, હું ઓપનલી, સારી ચર્ચાના ભાગરૂપે કહી રહ્યો છું. ભૂત કે ડાકણ કોઇને વળગ્યા હશે તો એની વિધિ થશે. પોલીસ ત્યાં જશે અને એને પકડશે. જો પોલીસ પકડશે અને છાપા તથા ટી.વી.માં આવ્યું કે, કોઇ વ્યકિત ભૂત અને ડાકણની તાંત્રિક વિધિ કરતો હતો એને પોલીસે પકડીને જેલમાં પૂરી દીધો તો તાંત્રિક વિધિ કરનારા લોકોની સંખ્યા ઘટી જશે. રાજ્યમાં ભૂત અને ડાકણ જેને વળગ્યા હશે એમની સંખ્યા વધી જશે. એની ચિંતા રાજ્ય સરકારે કરવી પડશે. કારણ કે, આનો કોઇ ઓપ્શન જ નથી. કાયદો બનાવવો એ સારી વસ્તુ છે પણ જે દેખાતું નથી એને કાયદા સાથે કઇ લેવાદેવા નથી. હું માનનીય મંત્રીશ્રીની ઉદારતાને માન આપું છું કે, એમણે નાની ઉંમરમાં પિતાશ્રી ગુમાવ્યા છે તેમ છતાં તેઓશ્રી જાહેર જીવનના વ્યકિત છે અને મહત્ત્વની જવાબદારી નિભાવી રહ્યા છે. એમનું પોતાનું જ પહેલું બિલ છે એ બિલમાં પોતે વિધાનસભા ગૃહમાં આજે પોતાના શોકને સાઇડમાં મૂકીને, પ્રજાના પ્રશ્નો માટે વિધાનસભા ગૃહમાં આવ્યા છે. માનનીય મંત્રીશ્રી, મેં આપને જે વાત કરી છે એ ધ્યાનમાં લેવી જોઇએ. અમને બિલમાં સંમતિ આપવામાં, ટેકો આપવામાં કે તમારી સાથે રહેવામાં કોઇ વાંધો નથી. અંધશ્રદ્ધાને સાઇડમાં રાખીને, ધાર્મિક લોકો સાથે જોડાયેલી પ્રવૃત્તિ કરનારા ભૂવાજી કે બીજા અનેક લોકો હોય છે. રાજ્ય સરકાર પાસે પોલીસનું આટલું મોટું તંત્ર છે તો શું સરકારશ્રી એ ન કરી શકે કે, દરેક જિલ્લામાં ધાર્મિક સંસ્થાઓ સાથે સંકળાયેલા આગેવાનો કે જેને આપણે ભૂવાજી કહીએ, મહંત કહીએ કે સંત કહીએ કે જે પણ કહેતા હોય એ બધાનો એક ડેટા આપણી પાસે પોલીસ સ્ટેશનમાં હોવો જોઇએ. જેથી કરીને કોઇ જગ્યાએ કોઇ એવો બનાવ બને તથા પોલીસ વિભાગ પાસે ડેટા હોય કે આ જિલ્લાના તાલુકાના આ ગામમાં આ વ્યકિત કે જે ધાર્મિક વ્યકિત છે, દરેકના ધર્મ સાથે જોડાયેલા વ્યકિત આ રીતનું સારુ કાર્ય કરે છે, સમાજના હીતનું કાર્ય કરે છે એવા લોકો ખોટી રીતે એરેસ્ટ ન થાય એની તકેદારીના ભાગરૂપે રાજ્ય સરકાર આ બિલમાં એવા લોકોની નોંધણી કરવાનું એડ કરે એવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. માનનીય મંત્રીશ્રી, આપના જવાબમાં અમને ચોક્કસ એ જણાવજો કે, ભૂત અને ડાકણ વળગેલી હોય એની વિધિ કઇ દવાથી કરશો? કે પોલીસની કઇ કલમથી એ જશે? આ ધાર્મિક આસ્થા છે. મને યાદ છે કે, અમદાવાદ શહેરમાં રિવરફ્રન્ટ પાસે સમગ્ર રબારી સમાજ અને માલધારી સમાજના ભૂવાજીનું બહુ મોટુ ફંકશન હતું એમાં માનનીય મંત્રીશ્રી સ્વયંમ ત્યાં પ્રગટ થયા હતા અને એમણે પોતે એમાં લાભ લીધેલો હતો. આ ધાર્મિક બાબતની સારી વાત છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સૌથી સારો જવાબ તમે જ આપી શકો એમ છો. એ જે ભૂવાજીની વાત કરે છે, એ ભૂવાજીની આપણે કયારેય વાત કરી જ નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી બે ત્રણ સિરિયસ વાતો છે એને માનનીય મંત્રીશ્રી ધ્યાનમાં લે એવી મારી વિનંતી છે. હું તો આ બાબતનો તાજનો સાક્ષી છું. હું એ વાત કરવાનું ભૂલી ગયો. હું એટલા માટે આ બિલને ટેકો આપું છું કે મારી ઉપર જ કાળો જાદુ થયો હતો. રાજકોટમાં કોઇકે મારી ઉપર વિધિ કરી હતી. અમારા એક કોર્પોરેટર બેન હતા. મારે એમનું નામ આપવું નથી. હું એમાં ભોગ બનેલો છું. પરંતુ મેં બે–ત્રણ સિરિયસ પાસાઓની જે વાત કરી છે એને માનનીય મંત્રીશ્રી ધ્યાનમાં લે એવી મારી વિનંતી છે. માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એને અમે ચોક્કસ ટેકો આપીએ છીએ

શ્રી ડી.કે.સ્વામી(જંબુસર) : માનનીય અધ્યક્ષશ્રી,

**सर्व मंगल मांगल्ये शिवे सर्वार्थ साधिके, शरण्ये त्र्याम्बिके गौरी,**

**नारायणी नमोस्तुते, नारायणी नमोस्तुते ॥**

માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે પંદરમી વિધાનસભાના પાંચમા સત્રના પહેલા દિવસે પવિત્ર શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે એવા સમયે આપણા સૌના આદરણીય એવા નરેન્દ્રભાઇ મોદીસાહેબને આજે જયારે ત્રીજી વખત ભારતના વડાપ્રધાન બન્યા છે ત્યારે આપણે સૌએ અભિનંદન પાઠવ્યા અને સાથેસાથે આજે હું પણ માનનીય નરેન્દ્ર મોદીસાહેબને ખૂબ ખૂબ

## ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક, ૨૦૨૪

અભિનંદન પાઠવું છું. શુભેચ્છા પાઠવું છું. આજે જયારે ગુજરાતના ગૃહમંત્રી વિધેયક લઇને આવ્યા છે જેમાં ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી અને અઘોરી પ્રથા અને કાળાજાદુ બાબતનું જે વિધેયક અત્રે રજૂ કરવામાં આવ્યું છે એ વિધેયકને હું હૃદયપૂર્વક હું મારું સમર્થન કરું છું, અભિનંદન પાઠવું છું. હમણાંજ શૈલેષભાઇ કહેતા હતા કે ભૂત હોય, પ્રેત હોય તો એનું નિરાકરણ શું તો આપણા ભારતીય સંસ્કૃતિની અંદર લખ્યું છે અને એમાં કહ્યું છે કે જયારે તમને કોઇ કાળા જાદુનો પ્રભાવ હોય, તમને કોઇ કાળો જાદુ પરેશાન કરતો હોય ત્યારે શાસ્ત્રોની અંદર લખ્યું છે કે નારાયણ કવચનો પાઠ કરવો, હનુમાનજીનો પાઠ કરવો, ગાયત્રી મંત્રનો જપ કરવો, ગાયત્રી મંત્રનો પાઠ કરવો છે અને કહ્યું છે કે '' ભૂત પિશાચ નિકટ નહીં આવે, મહાવીર જબ નામ સુનાવે '' એટલે એના માટે કોઇ કાળો જાદુ કે કોઇ અઘોરી કે કોઇ મંત્ર, તંત્રની આજના સમયમાં જરૂર પડતી નથી. તો જયારે આવું સરસ મજાનું આવું વિધેયક લઇને આવ્યા છે અને તંત્ર, મંત્ર અને જાદુ એનો સૌથી વધારે જો કોઇને પરેશાન કરતો હોય તો વંચિત છે, શોષિત છે આવા ગરીબ વર્ગને એના સકંજામાં લઇને આવા કામણ, ટૂમણવાળા લોકો છે, તંત્રવિદ્યા વાળા લોકો છે એને ભરમાવીને એ લોકો એનો દુરુપયોગ કરે છે. જેમ વિધેયકમાં લખ્યું છે કે માનવ બલિદાન, એ માનવ બલિદાન પણ એમાં લેવામાં આવતું હોય છે એ આપણી સંસ્કૃતિ માટે ધિક્કારને પાત્ર છે, તો હું માનનીય ગૃહમંત્રીસાહેબને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છે કે તમે આ પવિત્ર શ્રાવણ મહિનામાં જે વિધેયક લઇને આવ્યા છો એ વિધેયકને હું સાધુ સમાજ અને અખિલ ભારતીય સંતસમાજ તેમજ અનેક સાધુ સંતો સનાતન ધર્મ વતી હું આ વિધેયકને મારું અનુમોદન કરું છું. હું એને ધન્યવાદ આપું છું. હું એને સાધુવાદ આપું છું.

**सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामया।**
**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखभाग् भवेत्।।**

આ વિધેયક જયારે કાયદો બનશે ત્યારે આખાએ ગુજરાતની અંદર ખૂબ શાંતિનું વાતાવરણ સર્જાશે એવી મને આશા છે તો હું આ વિધેયકને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી અને મારું સમર્થન કરું છું. અસ્તુ , ધન્યવાદ, વંદે માતરમ ભારત માતાકી જય, જય જય શ્રી રામ.

ડો. સી.જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગૃહમંત્રીશ્રી ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી અનિષ્ઠ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા માટેનું અને નિર્મૂલન કરવા બાબતનું વિધેયક-૨૦૨૪ લઇને આવ્યા છે એને હું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આ ગૃહના વિદ્વાન ધારાસભ્યશ્રી માનનીય શૈલેષભાઇ પરમાર ચિંતા વ્યકત કરતા હતા કે શ્રી અર્જુનભાઇ અને સી.જે. ચાવડા ઉપર કાળાજાદુ ચાલ્યો હોય એવું લાગે છે પણ હું એમ કહું છું કે હું કાળાજાદુમાંથી છૂટયો છું. આજે આવા કાળા જાદુ કરવાવાળા લોકો ઉપર માનનીય ગૃહમંત્રીશ્રી જે કાયદો લઇને આવ્યા છે એને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના ધારાસભ્યશ્રી ચિંતા કરતા હતા. પરંતુ કોઇ ધર્મ અને કોઇપણ શ્રદ્ધા ધરાવનાર વ્યક્તિ મંદિરમાં જાય, મહાદેવમાં જાય, ચર્ચમાં જાય, મસ્જિદમાં કે ગુરુદ્વારામાં જાય, શક્તિપૂજા કરે, આરાધના કરે, દેવની ઉપાસના કરે એના માટે યજ્ઞ કરે, કોઇ ટેક રાખે, પોતાના કોન્ફિડન્સમાં વધારો કરવા માટે પોતાને જે શ્રદ્ધા છે એ કરે એના ઉપર કોઇ પ્રતિબંધ નથી. આ પ્રતિબંધ કાળોજાદુ કરીને માનવ વધ સુધી લઇ જાય છે. આખું સાઇકોલોજિકલ વોર ઊભું કરવામાં આવ્યું છે. બનાસ ડેરીમાં ૧૦ લાખ લિટર દૂધ રોજનું આવે છે. સાબર ડેરીમાં રોજનું ૫ લાખ લિટર દૂધ આવે છે. ક્યાંક કૃત્રિમ દૂધ ૫૦૦ કે ૧૦૦૦ લિટર પકડાય તો એને અટકાવવા માટેનો કાયદો લાવીએ છીએ. કારણ કે ૧૦ લાખ લિટર દૂધમાં ૫૦૦ લિટર કૃત્રિમ દૂધ ભળે તો બધું દૂધ બગડે. ૫ લાખ કર્મચારીઓ અને અધિકારીઓ આ રાજ્યમાં સેવા આપે છે. ક્યાંક ભ્રષ્ટાચારમાં એકાદ બે અધિકારી કે કર્મચારી મહિને દાડે પકડાતા હોય છે. તેમ છતાં આપણે એન્ટી કરપ્શન એક્ટ લાવીએ છીએ. કારણ કે એનું પ્રભુત્વ આગળ ન જાય. એટલા માટે જો સમાજની શ્રદ્ધાને અંધશ્રદ્ધાની ખાઇમાં ધકેલી દઇશું તો ભવિષ્ય અંધકારમય બનશે. ગુજરાતની પ્રજા અંધકારમય ન બને એની ચિંતા આજે રાજ્યના ગૃહમંત્રીશ્રીએ કરી છે. એમને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. કાયદામાં બહુ સ્પષ્ટ જોગવાઇ છે. કલમ-૨(૧)માં કહેવામાં આવ્યું છે કે કાયદાની સાથે એક અનુસૂચિ જોડવામાં આવી છે. આ અનુસૂચિમાં જે વસ્તુઓ અને જે કાર્ય પ્રણાલિકાઓ બતાવી છે જે અંધશ્રદ્ધાન બતાવી છે એવું થશે તો કાયદો કાયદાનું કામ કરશે. માનનીય શૈલેષભાઇ જે ચિંતા કરતા હતા એમાં કાયદો કામ કરવાનો નથી. એ તો હિન્દુ સંસ્કૃતિ, આર્ય સંસ્કૃતિ, ભારતીય સંસ્કૃતિ, વિવિધતામાં એકતા અને જ્યાં જેની શ્રદ્ધા હશે એ તો ચાલ્યા કરવાનું. પણ ભક્તિ અને શ્રદ્ધાનો અને માનવ સ્વભાવનો અને ૬ કરોડની જનતાનો આ સ્વભાવ છે એનો ગેરલાભ ઉઠાવીને કેટલાક તત્ત્વો રાતોરાત પૈસા કમાવા માટે, ધન કમાવા માટે કેટલીક પ્રવૃત્તિઓ કરે એની સામે લાલ આંખ કરતો આ કાયદો છે. દા.ત. ભૂત અને ડાકણ ભગાડવાના બહાના હેઠળ જે તાંત્રિકો જે વિધિઓ પૈસા કમાવા અપનાવે છે એની સામે લાલ આંખ છે. એક બાજુ ૨૧મી સદી, જ્ઞાનની સદી, માનવ ચંદ્ર પર પહોંચ્યો, આપણા ભારતનો વૈજ્ઞાનિક ચંદ્ર પર રાષ્ટ્રધ્વજ લહેરાવે, મંગળ તરફ પ્રયાણ કર્યું, વિજ્ઞાને સીમાડા ખોલી નાખ્યા છે. આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સનો જમાનો, ડ્રાયવર વગરની ગાડીઓ જોવા મળશે. રોબોટ દ્વારા ઓપરેશન થવાના, રોબોટ દ્વારા ઘર કામ અને સફાઇ કામ થવાનું. તમે ન કલ્પેલી દુનિયા આગામી ૧૦ વર્ષમાં આવવાની છે અને બધું બદલાઇ જવાનું છે. એવા સમયે ભારતની સરકાર અને ગુજરાતની સરકાર વિશ્વગુરુ બનવા અને વિશ્વની સાથે

તાલમેલ મેળવવા ક્યાંક મારો ભારતીય, મારો ગુજરાતી પાછળ ન રહી જાય એના માટેની ચિંતા કરતો આવ્યો છે. એ ચિંતામાં જે લોકો હવનમાં હાડકા નાખે છે, યજ્ઞમાં હાડકા નાંખે છે. શ્રદ્ધા અને શક્તિને તોડવાના પ્રયત્નો પોતાની તાંત્રિક વિદ્યાઓ દ્વારા કેળવીને માનવ સ્વભાવ ઉપર રાજ કરવા માટે સંકલ્પો કરીને બેઠા છે એવા લોકોને તોડવાનું, પકડવાનું અને જેલના સળીયા પાછળ મોકલવાનું છે. તમે પેટા કલમ-૧, ૨, ૩, ૪, ૫ વાંચશો તો બહુ સ્પષ્ટ બાબત છે. કયાંક કયાંક રાતના ૧૨ વાગ્યે, ૨ વાગ્યે, ગામડાંમાં દૂરદૂરથી કિકિયારીઓ સંભળાતી હોય, બહેન, દીકરી, માતા બુમો, ચીચીયારીઓ પાડતી હોય, જોરદાર અવાજ થતો હોય આપણે જઇને જોઇએ તો કોઇ તાંત્રિક ભૂત કાઢી રહ્યો છે. આગ લગાડી છે. મરચાની ભૂકી નાખે છે અને ચોટલા પકડી પકડીને, વાળ પકડી પકડીને એમાં ડુબાડે છે. આવી સત્તા? એ સત્તામાંથી મુક્તિ અપાવવી છે અને ભૂત અને ડાકણો કાઢવાવાળા લોકોને આ કાયદા દ્વારા પોલીસ તંત્ર અને તકેદારી અધિકારીઓ શોધી કાઢવાના છે. જે જાતરમાં જઇને બેઠા છે, જે મા ભક્તિની આરાધના કરી રહ્યા છે, જે યજ્ઞમાં હોમહવન કરી રહ્યા છે, જે મંદિરમાં જઇને ઉપાસના કરી રહ્યા છે. એના માટે વિરોધમાં કાયદો નથી પણ પોતે જ સર્વશક્તિમાન છે, પોતે જ અલૌકિક શક્તિ છે, પોતે દિવ્ય શક્તિ છે, હું જ શક્તિ છું. હું જ ભગવાન છું. હું જ દેવીદેવતા છું. અને મારાથી બધા કન્ટ્રોલ છે. ભૂત, પિશાચ, ડાકણ આદિ અને દિવ્ય શક્તિઓ આ બધી જ મારા કન્ટ્રોલમાં છે. મારે ત્યાં આવો અને ૪-૫ વ્યક્તિઓ એના વિશે વાત કરે કે અહીં જાવ તો ભૂત નીકળી જશે. આ અંધશ્રદ્ધાનો વિષય એટલો ફાલ્યોફુલ્યો છે કે એની ચિંતા કરવી જરૂરી છે. જે રાજ્ય જાપાન બનવા જઇ રહ્યું છે, જે રાજય રાતદિન મહેનત કરીને વાઇબ્રન્ટ ગુજરાત દ્વારા અને અનેકવિધ યોજનાઓ દ્વારા અનેક વ્યક્તિની પ્રગતિથી વિશ્વના સોપાનો સર કરી રહી છે ત્યારે આપણે આ અંધશ્રદ્ધાથી આપણે સરકારનો, સરકારે કરેલી મહેનતનો લાભ ન પહોંચે અને તાંત્રિકો એનો લાભ ઉઠાવી જાય એ ચલાવી લેવાય નહીં. સરકારે એક આયુષ્યમાન ભારતની યોજના ઘડી હોય અને દરેક વ્યક્તીને જે દુઃખ કે દર્દ થાય, એનું શરીર ન બનતું હોય, એ બીમારીથી પીડાય, અસાધ્ય રોગથી પીડાય એનામાં કેલ્શીયમ ઘટી ગયું, વિટામીન ડી ઘટી ગયું તો આયુષ્યમાન ભારત દ્વારા ગુજરાત સરકાર સ્વસ્થ ભારત મિશન લઇને બેઠી હોય અને કેટલાક અસામાજિક તત્ત્વો દ્વારા કોઇનો જીવ લઇ લેવામાં આવે. ગાય કે ભેંસને સવારે ઘાસ નાખ્યું નથી, સરપંચની ચૂંટણીમાં ૨૪ કલાક પ્રચાર કર્યા કરે છે અને પછી દૂધ ન આપ્યું તો પડોશીએ દોરોધાગો કર્યો લાગે છે. આના ઉપર કંઇક બાધા કરી લાગે છે. અરે ભાઇ, આ સરપંચની ચૂંટણી બાજુમાં મૂકીને તું ગાયને ઘાસ આપ, ૨૪ કલાક માવજત કર કોઇએ કાળો જાદુ કર્યો નથી પણ એવી અંધશ્રદ્ધા કરીને દોરો આપે કે શીંગડે બાંધજે, ગળે બાંધજે આવી અંધશ્રદ્ધામાંથી બહાર કાઢવા જ પડે. અમે નાના હતા ત્યારે એક વાત નીકળી હતી. ઉત્તર ગુજરાતમાં ખેરાલુના બાપુ તરીકે પ્રખ્યાત જાદુગર હતો. ઘણા લોકોને ખબર હશે કે ખેરાલુના બાપુ હતા. પાણીની બોટલ લઇને બેસે અને જે વ્યક્તિ જે દર્દ લઇને આવે એને મોઢામાં પાણી ભરીને ફૂંક મારે જા તારું મટી ગયું. કલ્યાણ થાય. એક આવ્યો, બે આવ્યા, ચાર આવ્યા આ સાઇકોલોજીકલ છે કે જે જઇને આવ્યું એ બીજાને મોકલેજ કે બાપુથી સારું થઇ જાય છે પાણી કુંકાઇ આવો. ૧૦૦૦૦ કે ૧૫૦૦૦ લોકો આવે. બાપુ પછી તો પાણીની નળી લઇને બેસતા હતા પછી આખું સ્કેન્ડલ પકડાયું. પોલીસ તંત્રે સ્કેન્ડલ પકડયું પછી એ જેલના સળીયા પાછળ ગયા આ રીતે અંધશ્રદ્ધા ઊભી કરનાર વ્યક્તિઓને ૨૧મી સદીમાં, વિજ્ઞાનની સદીમાં સરકારે જાગૃત બનીને થોડી તો થોડી પણ એને અટકાવવી જરૂરી છે. એને અટકાવવા માટે જે કાયદો લઇને આવ્યા છે એને ખરેખર હું દિલથી ટેકો આપું છું. આમાં ઘણીબધી પ્રવૃતિઓ લખી છે અને આપણે જોઇએ પણ છીએ. ભૂત અને ડાકણ ભગાડવાના બહાના હેઠળ વ્યક્તિને દોરડાં, સાંકળથી બાંધીને તેની ઉપર હુમલો કરવાનો, લાકડીઓ અને કોરડા મારવાના, વ્યક્તિને જૂતાં બોળેલું પાણી ચખાડવાનું, બળજબરીથી બોચી પકડીને તાંત્રિકો પાણી પીવડાવે. તેનાથી છૂટવા માટે તે વ્યક્તિ કહે કે મને મટી ગયું છે, મને આરામ થઇ ગયો છે પણ મને અહીંથી છોડો. બીજી વખત જવું ના પડે એટલે ઘરે કહે નહીં. એટલે આવી અંધશ્રદ્ધા ફેલાવનારી જે ટોળકીઓ છે તેના માટે જે કાયદો લઇને આવ્યા છે તેના માટે દિલથી સમર્થન આપું છું. માનનીય શૈલેષભાઇ બહુ ચિંતા કરવાની જરુર નથી. માનનીય ગૃહમંત્રીશ્રી જે કાયદો લઇને આવ્યા છે તેને દિલથી ટેકો આપું છું. જય હિન્દ, જય ભારત.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, કાળો જાદુ દેખાઇ ગયો છે. આ ગૃહના માનનીય ગૃહમંત્રી હર્ષભાઇ સંઘવીના પિતા શ્રી રમેશભાઇ સંઘવીનું હમણાં જ દુઃખદ અવસાન થયું છે અને આજે તેઓ બિલ લઇને આવ્યા છે તેના માટે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ અને રાજ્યની અંદરથી અંધશ્રદ્ધા દૂર થાય, લોકો સાચી શ્રદ્ધા તરફ વળે તેના માટે જે કાયદા લઇને આવતા હોય તેમને અમે સમર્થન કરતા હોઇએ છીએ. કાયદાની અંદર વાત થઇ છે કે, અજ્ઞાન લોકો આવા અનિષ્ટોનો ભોગ બને છે પણ તેવું નથી. ઘણાબધા ભણેલા ગણેલા લોકો, શિક્ષિત લોકો, કેટલાય સરકારી અધિકારીઓને આનો ભોગ બનતા જોયા છે. આવા લોકો બાધાઓની અંદર છેતરાય છે. ગરીબ કે સીધોસાદો માણસ છેતરાઇ જાય તો બધાને કહી દે. આપણા જેવા અધિકારી કે ધારાસભ્ય કોઇને કહે નહીં. એટલે આ જે કાયદો લઇને આવ્યા છે તેને સમર્થન કરીએ છીએ. આ ગૃહની અંદર કાયમ માટે કહું છું કે, કોઇપણ કાયદો લાવવો એટલે act is not necessary, action is necessary. Will is necessary then bill. આટલા બધા કાયદાઓ લાવ્યા. વર્ષ ૨૦૧૭થી હું ધારાસભ્ય છું. આ વિધાનસભાની અંદર પ્રોહિબિશન એકટની અંદર સુધારો લાવ્યા, પ્રિવેન્શન ઓફ એન્ટિસોશિયલ એક્ટિવિટી લાવ્યા, લેન્ડ ગ્રેબિંગ જેવા ઘણાબધા

કાયદાઓ લાવ્યા. પરંતુ શું આવા કાયદાઓ લાવવાથી ગુજરાતની અંદર ગુનાઓનું પ્રમાણ ઘટી ગયું? એટલા માટે કહું છું કે, તમે કાયદો લાવો પણ તેનું ઇમ્પ્લિમેન્ટેશન, તેનું ઇન્વેસ્ટિગેશન અને તમે તો સારી રીતે જાણો છો કે, ગુનો નોંધાયા પછી તેનું ઇન્વેસ્ટિગેશન થાય, ચાર્જશીટ થાય, તેનું પ્રોસિકયુશન થાય અને તેના પછી જવાબદાર હોય તેને સજા થાય. પરંતુ કહેવાય છે કે, justice delayed is justice denied– ન્યાય મોડો મળે તે ન્યાય ન મળવા બરાબર છે. આ કાયદાની સાથે સાથે તેનું ઇમ્પ્લિમેન્ટેશન થાય અને લોકોને ઝડપી ન્યાય મળે તે બહુ જરૂરી છે. કોરોનાની વાત કરું. અન્ય દેશોની અંદર કોરોના માટે લોકો લડી રહ્યા હતા ત્યારે પાંચમી એપ્રિલ ૨૦૨૦ના રોજ રાત્રે નવ વાગ્યે અને નવ મિનિટે દીવા પ્રગટાવવાની વાત થાય, મિણબત્તી પ્રગટાવવાની વાત થાય. ૨૨મી માર્ચ ૨૦૨૧ રવિવારે સાંજે સાત વાગ્યા સુધી કોરોનાને ભગાડવા થાળી અને તાળી વગાડવાની વાત થાય. આવી અંધશ્રદ્ધા લોકો લઇને આવતા હોય...

ઉપાધ્યક્ષશ્રી : ડો. કિરીટભાઇ બિલ ઉપર બોલો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ અંધશ્રદ્ધાની જ વાત છે.

ઉપાધ્યક્ષશ્રી : તેમાં આ નથી આવતું. તમે બિલ ઉપર બોલો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ થાળી વગાડવાની વાત થાય.

ઉપાધ્યક્ષશ્રી : બિલ ઉપર બોલો. સ્કોપમાં બોલો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : આના ઉદ્દેશોની અંદર લખ્યું છે, અનુસૂચિ–૩ની અંદર લખ્યું છે. કે, અલૌકિક શકિતના આશીર્વાદ મેળવવાના હેતુથી કોઇ કાર્ય કરવામાં આવે, કોઇ પોતાની જાતને નોન બાયોલોજીકલ જણાવતા હોય, કોઇ પોતાની જાતને એમ કહેતું હોય કે મારે તો જગન્નાથ ભગવાન સાથે સીધો સંપર્ક છે.

ઉપાધ્યક્ષશ્રી : આ બધુ બિલમાં આવતું નથી. તમે બિલ ઉપર બોલો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર આવું. આ જ ગૃહના અમારા સિનિયર સભ્ય હતા અમારા સભ્યશ્રી શૈલેષભાઇએ વાત કરી કે, વર્ષ ૨૦૦૮ની અંદર તે આ જ બિલ લઇને આવ્યા હતા. ગુજરાત કાળા જાદુ અને અનિષ્ટ અને અઘોરી વ્યવસાયનું નિર્મૂલન કરવા માટેનું વિધેયક–૨૦૧૮. ત્યારે આ જ ગૃહના માનનીય સભ્યશ્રી આત્મારામભાઇ પરમાર અને પ્રફુલભાઇ પટેલ મંત્રી હતા ત્યારે તેમણે કહેલું અને આ ઓન રેકર્ડ છે એમણે કહેલું કે, આ એક કો–ઇન્સિડન્સ છે જે મહારાષ્ટ્રમાં આવો કાયદો લાવવો પડયો. સૌથી પહેલાં આ કાયદો મહારાષ્ટ્રની અંદર લાવેલા. મહારાષ્ટ્રની અંદર તમારી જ સરકાર છે અને તમારે કાયદા લાવવા પડે છે. હજુ પણ ૪૦ વર્ષ પછી પણ અંધશ્રદ્ધા, વહેમ અને ઉંટવૈદ્યમાં જ જીવો છો. આ આજે જે બિલ લઇને આવ્યા છે ત્યારે અર્જુનભાઇ મારે એટલું જ કહેવુ છે કે, આ એમના બિલની જે જોગવાઇઓ છે તે જોગવાઇઓ કરતા વર્તમાન જે કાયદાઓ છે આઇપીસી જે અમારા શ્રી શૈલેષભાઇએ કહ્યું કે આઇપીસીની અંદર પણ ઘણી બધી જોગવાઇઓ કરેલી છે. હમણા જ વાત થઇ ભારતીય દંડ સહિતા સુધારવાની. ભારતીય દંડ સહિતાની કલમ–૩૫૪, કલમ–૧૦૩(૧),૧૦૯ અને ૧૧૦ જેની અંદર પણ આ બધી બાબતોની જોગવાઇ કરેલી છે અને તેની અંદર ત્રણ વર્ષથી માંડી અને આજીવન કેદ સુધીની જોગવાઇ કરેલી છે. આ બહુ ગંભીર પ્રકારની બાબત છે. માત્ર ભારતની અંદર જ નહીં ભારતના બંધારણની અંદર પણ ભારતના બંધારણના આર્ટીકલ–૧૪,૧૫ અને ૧૯ એની અંદર જે મૂળભૂત અધિકારો આપેલા છે તે અધિકારોનું ઉલ્લંઘન આવી બધી બાબતોથી થાય છે. આના સિવાય આંતરરાષ્ટ્રીય લેવલે જે International Treaty આંતરરાષ્ટ્રીય સંધીઓ થઇ તેની અંદર Universal Declaration of Human Rights, International convention on civil and political rights, Convention on elimination of forms of discrimination aginst women, આ તમામ International Treaty ની અંદર આ બધી બાબતો ઉપર પ્રતિબંધ છે અને વર્ષ ૨૦૦૩ની અંદર પણ કેન્દ્ર સરકારે આ કાયદો બનાવવાનું વિચાર્યુ હતું અને વર્ષ ૨૦૦૩ની અંદર તેનું બિલ બન્યું અને ૨૦૦૫ની અંદર તે રજૂ થયું, પણ તે કાયદાની અંદર અમલમાં ના આવ્યું. સૌથી પહેલાં વર્ષ ૨૦૧૩ની અંદર મહારાષ્ટ્રની અંદર, વર્ષ ૨૦૧૭ની અંદર કર્ણાટક પછી કેરલ, હરિયાણા આ તમામ રાજયોની અંદર આ કાયદો થયો અને હવે છેલ્લે છેલ્લે ગુજરાતની અંદર માનનીય મંત્રીશ્રી જે કાયદો લઇને આવ્યા છે તે માટે અભિનંદન આપીએ છીએ, પરંતુ મારી પાસે બન્ને કાયદા મહારાષ્ટ્રનો અને ગુજરાતનો કાયદો આ બન્નેની કોપી મારી જોડે છે. The Maharashtra Prevention and Eradication of Human Sacrifice and other Inhuman, Evil and Aghori Practices and Black Magic Act, 2013 આ કાયદાની અંદર માત્ર આ કાયદાની કોપી કરી હોય એવું લાગે છે કોઇ સુધારો નથી. આની અંદર પણ ૧૩ કલમો છે, આપણા કાયદાની અંદર પણ ૧૩ કલમો છે. એક રાજયની ભૌગોલિક પરિસ્થિતિ બીજા રાજયની ભૌગોલિક પરિસ્થિતિ કરતા જુદી હોઇ શકે એટલે મને લાગે છે કે કોપી કરવી હતી તો એમાં થોડાં સુધારા–વધારા કર્યા હોત અને આપણા મહારાષ્ટ્રના ભૂવાઓ જુદા હોય અને બોમ્બેના સોફેસ્ટિકેટેડ હોય અને અમારા પાટણ બાજુના ભૂવાઓ સીધા સાદા હોય. જે તે રાજયની પરિસ્થિતિને અનુરૂપ થોડા સુધારા કર્યા હોત તો સારું હોત. કલમ – ૨(ગ)માં પ્રચાર–પ્રસારની વાત કરી છે પણ એમાં સોશિયલ મીડિયા દ્વારા આવો પ્રચાર–પ્રસાર કરવામાં આવે એવી કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. અત્યારે સોશિયલ મીડિયા અને આઇ.ટી.નો જમાનો છે. એના દ્વારા આવી કોઇ જાહેરાતો પ્રસિદ્ધ કરવામાં આવે તો એની સામે પણ કાર્યવાહી કરવામાં આવે

એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. કલમ-(૫)માં તકેદારી અધિકારી નીમવાની વાત થઇ છે, પરંતુ એના પર કોઇ ચોક્કસ જ્યુરિસ્ડિક્શન બતાવવામાં આવ્યું નથી. સાત વર્ષની સજાની જોગવાઇ છે. જે પ્રમાણે સુપ્રીમકોર્ટનું જજમેન્ટ છે કે સાત વર્ષ સુધીની સજા હોય તો પોલીસને અધિકાર છે કે એને છોડી શકે. એમાં સુધારો કરીને પોલીસના બદલે જો કોર્ટમાંથી જામીન લેવાના થાય અને રિમાન્ડની જોગવાઇ કરવામાં આવે તો લોકોને છેતરતાં અને બની બેઠેલાં લોકોના મનમાં ડર અને ભય પેદા થશે. ટી.વી. ચેનલોમાં અને હેન્ડ બિલોમાં પણ જાહેરાતો આવે છે. આવી જાહેરાતોના લીધે નિર્દોષ લોકો છેતરાય છે. આવી જાહેરાતો પર પણ પ્રતિબંધ મૂકવામાં આવે. ઘણી વાર એવું બને છે કે જે તે વિસ્તારમાં ભૂવાઓનું વર્ચસ્વ હોય છે એટલા માટે સીધા-સાદા માણસો આ ભૂવાઓની માહિતી પોલીસ સુધી કે વિજિલન્સ ઓફિસર સુધી પહોંચાડતા નથી. જો નામ પહોંચાડે તો એમના પર હુમલા થતા હોય છે. હમણાં જ અમારા માનનીય વડીલ શ્રી તુષારભાઇ કહેતા હતા કે અમારા વિસ્તારમાં એક ભૂવો છે એ એના વ્હોટ્સએપ પર મેસેજ લખે કે ''મારી પાસે દારૂ પીવાના પૈસા ખૂટ્યા છે એટલે બીજા દિવસે રૂ.૧૫થી ૧૭ લાખ એના ખાતામાં જમા થઇ જાય છે. આ હકીકત છે. તો આવા લોકોની માહિતી ગુપ્ત રાખવામાં આવે અને એને પ્રોટેક્શન મળે એવી જોગવાઇ રાખવામાં આવે તો આ કાયદાનો વધુ સારી રીતે અમલ થશે. શહેરો કરતાં ગામડાંમાં આ પ્રવૃત્તિ મોટા પાયે ચાલતી હોય છે. જે રીતે પોલીસની મોબાઇલ વાન હોય, પૈસા ઉઘરાવવા માટે આર.ટી.ઓ.ની મોબાઇલ વાન હોય છે એવી મોબાઇલ વાન આ છેતરપિંડી કરતાં લોકો માટે પણ રાખવામાં આવે અને એમની સામે ઝડપથી કાર્યવાહી થાય તો વધુ સારું રહે. માનનીય મંત્રીશ્રી જે કાયદો લઇને આવ્યા છે એનો સાચી અને સારી રીતે અમલ થાય તો ગુજરાતની જનતાને ફાયદો થશે અને એના માટે હું આ બિલને સમર્થન આપું છું.

શ્રી કેશુભાઇ શિ. પટેલ(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક રાજ્યના ગૃહ મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને એને સ્વીકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે આ બિલ ઉપર અનેક ચર્ચાઓ થઇ કે કેટલું નુકસાન થાય છે, શા માટે બિલ લાવવું જોઇએ તો આ વિષય જ એવો છે કે જેની કોઇ સીમા કે માપદંડ નથી. આ બિલ ઉપર જેટલી ચર્ચા કરીએ તેટલી ઓછી છે. આ અજ્ઞાન લોકોની મુશ્કેલીઓથી છૂટકારો મેળવવા માટેની મજબૂરીનો લાભ લેતાં બની બેઠેલા ભૂવાઓ લોકોને જાદુ-ટોના અને અનેક પ્રકારે લૂંટતા હોય છે. આપણે અનેક વખત પેપરમાં વાંચ્યુ હશે પણ જે પેપરમાં ન આવ્યું હોય, જે જાહેર ન થયું હોય આવા અનેક કિસ્સાઓમાં લોકોએ પોતાની જાન પણ ગુમાવી છે. કેટલાંક આવા કાવતરાખોરો લોકોની સંપત્તિ લઇ લેવા, લોકોને ખોટા ઇરાદાથી ઉંડા ઉતારતા જાય છે અને જ્યારે બધા પૈસા લઇ લે ત્યારે છેલ્લે મોતને પણ ભેટાડે છે. આવા અનેક કિસ્સાઓ આપણે જાણીએ છીએ. માનનીય કિરિટભાઇએ વાત કરી તેમ માત્ર ને માત્ર અભણ, અશિક્ષિત, ગ્રામ્ય લોકો ભોગ બને છે તેવું નથી કોઇ યાતના કે પીડામાંથી છૂટકારો મેળવવા માટે લોકો સસ્તા અને ટૂંકા રસ્તા પકડતા હોય છે અને એક વખત ત્યાં પહોંચ્યા પછી જાળમાંથી બહાર નીકળી શકતા નથી. આ વિધેયકથી જે લોકો જાદુ ટોના કરીને ફસાવવાનો ધંધો કરતા હશે તેવા લોકોમાં આ કડક કાયદાથી ભય ઉત્પન્ન થાય અને આવા લોકો જો બંધ કરશે તો આ બિલનો હેતુ સરે. આ બિલ લાવવાથી જે લોકો મુશ્કેલી વેઠી રહ્યા છે, જે લોકોનો દુરુપયોગ થાય છે, જે લોકોને બદમાશ લોકો છેતરે છે તેવા લોકોને ઓછું નુકસાન થશે, રાહત મળશે. ગુજરાત સરકાર સતત સંશોધન કર્યા પછી જરૂરિયાત ઊભી થવાના કારણે આ બિલ લાવી છે. જ્યારે જ્યારે કાયદામાં ફેરફાર કરવાનો હોય, નવું બિલ રજૂ કરવાનું હોય ત્યારે ગુજરાત સરકાર કેન્દ્ર સરકારને આધીન અને કેન્દ્ર સરકાર પણ જરૂરિયાત મુજબ નવા નવા સુધારા-વધારા સાથે લોકોની સુખાકારી અને હિત માટે આ નિર્ણય લેતાં હોય ત્યારે ગૃહમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી જે બિલ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું.

શ્રી અમૃતજી મો. ઠાકોર(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ઠ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા બાબતનું જે વિધેયક લઇને આવ્યા છે તે વિધેયકમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ચૈત્ર અને આસો મહિનાના પવિત્ર દિવસોમાં સમગ્ર ઉત્તર ગુજરાતના સર્વ સમાજો મૉં શક્તિની ઉપાસના કરીને માંડવારૂપે મૉં શક્તિને આખી રાત લાડ લડાવે છે. ટૂંકમાં, સમગ્ર ઉત્તર ગુજરાતમાં જાતર અને રમેલના હુલામણા નામથી જાગરણો થાય છે. એવી જ રીતે સૌરાષ્ટ્રમાં માંડવારૂપી મૉંના જાગરણો થતાં હોય છે. આદિવાસી વિસ્તારમાં ભૂવા ભગતના નામથી મૉંના જાગરણો થતાં હોય છે. આ જે જાગરણો થઇ રહ્યા છે, આ જે આસ્થાઓ છે તે અમારા મૂળ નિવાસીની સંસ્કૃતિ છે. માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તે બિલને આવકારું છું. લાખ-બે લાખની જનમેદની હોય અને એમાં ચિઠ્ઠીઓથી સમસ્યા લખાતી હોય એ પણ એક કાળા જાદુ સમાન જ છે. આવા માણસો પર નિયંત્રણ લાવવું ખૂબ જરૂરી છે. હમણાં જ સભ્યશ્રી કિરીટભાઇએ કહ્યું કે, 'મગરમચ્છ બચી જાય અને માછલી ફસાય જાય' એવું ન બને એની તકેદારી રાખવી ખૂબ જરૂરી છે. આ બિલ લાવવાની જરૂર શા માટે પડી? એ વિષય પર ખૂબ ગંભીરપણે વિચારવાની જરૂર છે. આજની એકવીસમી સદીમાં વેલ એજ્યુકેટેડ માણસો અને દીકરા-દીકરીઓ સમયસર નોકરી અને રોજગારી ન મળવાના કારણે આવા પાખંડીઓના શરણે જાય છે. ઘણી જગ્યાએ પત્રિકાઓની વહેંચણી થાય છે કે, 'ચોવીસ કલાકમાં મૂઠચોટ કે ગમે તેવા

પ્રશ્નોનો નિકાલ કરી આપવામાં આવશે.' આ અંધશ્રદ્ધામાં વેલ એજ્યુકેટેડ માણસો આવા તત્ત્વોનો ભોગ બને છે. આ કાયદામાં રૂપિયા પાંચ હજારના દંડની જોગવાઇ કરવામાં આવી છે. આની પૂરેપૂરી તપાસ કરવામાં આવે. ગુજરાતની છ કરોડની જનતાના વેલ એજ્યુકેટેડ માણસો, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા દીકરા-દીકરીઓ અને એનો પરિવાર પણ આનો ભોગ બને છે. બિલના સ્કોપની બહારની વાત કરું તો, ઘણા સમયથી કેનેડા, ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં જવા માટેના ફ્રોડ બનાવો પણ બની રહ્યા છે. આ બાબતનું સરકારે ગંભીરતાથી ચિંતન કરવું જોઇએ. કાયદો તો ગુજરાતમાં દારૂબંધીનો પણ છે પણ કાયદાનો ડર નથી. માનનીય મંત્રીશ્રીના પિતાશ્રીનું દુઃખદ અવસાન થયું છે અને એમની શ્રદ્ધાંજલિરૂપે માનનીય મંત્રીશ્રી આ કાયદો લાવ્યા છે ત્યારે એમને અભિનંદન આપું છું અને આવકારું છું. આ કાયદો એમના પિતાશ્રીને પણ યાદ રહેશે એવું મને જણાઇ આવે છે. આ ભૂવા-ભોપાણામાં એવું નથી હોતું કે બધા જ ભૂવાજી ખોટા હોય છે. હું તો એ પરિવારમાં જન્મ્યો છું, ભૌગોલિક પરિસ્થિતિઓ જોઇ છે, ગ્રાઉન્ડનો માણસ છું અને દરેક સમાજમાં જઇને મેં જોયું છે. ક્યાંક દૂધનો દાઝેલો છાશ પણ ફૂંકી ફૂંકીને પીવે એવી પરિસ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે. જેના કારણે ભણેલા-ગણેલા હોંશિયાર માણસો આવા પાખંડીઓના શરણે જઇ બરબાદી વ્હોરી રહ્યા છે. આ કાયદારૂપે આવા પાખંડીઓને કડકમાં કડક સજા થાય અને કાયદાનો ડર બેસે એવા ઠોસ નિર્ણયો આવનારા સમયમાં લેવામાં આવે. આ બિલમાં તકેદારી કમિટી રચવામાં આવશે એવો પણ ઉલ્લેખ છે. હું આ ગૃહના માધ્યમથી કહેવા માગું છું કે, ગુજરાત પોલીસના ભાગમાં ખૂબ વિશાળ પ્રકારનાં કામો આવે છે ત્યારે આખું યુનિટ અલગથી બનાવી રચના કરવામાં આવે તો આ અંધશ્રદ્ધામાંથી જનતા બહાર નીકળશે અને આ અંધશ્રદ્ધાના ખપ્પરમાંથી લોકો બહાર નીકળશે. છેલ્લા ચાર મહિનામાં આત્મહત્યાના ઘણા બનાવો બન્યા છે. આત્મહત્યા કરેલ વ્યક્તિની સુસાઇડ નોટમાં ઉલ્લેખ છે કે, મારા ઉપરી અધિકારીના સતત ટોર્ચરિંગથી હું આ પગલું ભરવા જઇ રહ્યો છું અને ભર્યાં છે. દુઃખદ બનાવો બન્યા છે. ત્યારે હું આ ગૃહના માધ્યમથી આ બાબતના મારા વિચારો સભાગૃહમાં રજૂ કરું છું અને માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં મારુ સમર્થન આપું છું.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા તથા કાળા જાદુ અટકાવવા અને તેનું નિર્મૂલન કરવા બાબત વિધેયક-૨૦૨૪ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે, એના માટે હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજ જીવન કેટલીક બદીઓ છે. એ બદીઓમાંની એક બદી છે આ કાળા જાદુની. અનેક પરિવારો આની પાછળ ફસાતાં જાય છે. કોઇને કહી શકતા નથી. તમામ પ્રકારની બાબતોમાં આ વિધેયક લાવવું જરૂરી બન્યું છે. આની શરૂઆત ગુજરાત રાજ્યમાં થતી હતી અને રાજ્ય સરકાર એને અટકાવવા માટેનું આ વિધેયક લાવી છે ત્યારે હું રાજ્ય સરકારશ્રી અને માનનીય મંત્રીશ્રીનો આભાર વ્યકત કરું છું. માનનીય શૈલેષભાઇએ વાત કરી અને નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરોના વર્ષ ૨૦૨૦ સુધીના ડેટા આપ્યા એમાં, આખા દેશમાં ૮૮ જેટલા મૃત્યુ થયા છે અને એમાં અલગ-અલગ રાજ્યોમાં ૧૧ જેટલા માનવબલિના કિસ્સાઓ થયા છે. વર્ષ ૨૦૨૦ સુધી આખા દેશમાં ગુજરાત રાજ્યનો કયાંય સમાવેશ ન હતો. એકપણ માનવબલિ થઇ ન હતી. છેલ્લાં ત્રણ-ચાર વર્ષમાં કયાંકને કયાંક આવા બનાવો બન્યા છે, એને રોકવા માટે માનનીય મંત્રીશ્રી આ વિધેયક વિધાનસભાગૃહમાં લાવ્યા છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ગૃહમંત્રીશ્રીનો આભાર વ્યકત કરું છું કે તેઓશ્રી આવી ઘટનાઓ જે બનતી હતી એને અટકાવવા માટે આ બિલ લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનેક સંવેદનશીલ મુદ્દાઓ હોય છે. એનો ઉપયોગ કરવામાં કેટલાક લોકો, લે-ભાગુ તત્ત્વો એ વિષયને એવી રીતે લઇ જાય, જાહેરાતો આપે, ન્યૂઝમાં પ્રચારિત કરે, પેમ્ફલેટોની વહેંચણી કરે અને એવા વ્યકિતઓને ટાર્ગેટ કરે. સારી નોકરી જોઇતી હોય, સારો પગાર જોઇતો હોય, સારો પતિ જોઇતો હોય કે સારી પત્ની જોઇતી હોય, વશીકરણ કરવું હોય, દુશ્મનો ઉપર કાબુ મેળવવો હોય કે પછી એની ઇચ્છા હોય તે કરી શકે એ પ્રમાણેની પેમ્ફલેટો અથવા છાપાઓમાં જાહેરાતો આપતા હોય છે. આવી લોભામણી જાહેરાતમાં અનેક પરિવારો બરબાદ થઇ ગયા છે. પૈસાથી તથા સામાજિક રીતે પ્રતિષ્ઠાની દૃષ્ટિએ અનેક વ્યકિતઓ આની પાછળ હોમાઇ ગયા છે. કેરળ રાજ્યની એક ઘટનાએ આખા દેશમાં જાગૃતિ લાવવાનું કામ કર્યું હતું. એક 'પલક્કડ' નામનું ગામ છે, ત્યાં એક મહિલાએ દેવતાને ખુશ કરવા માટે પોતાના દીકરાની બલિ આપી ત્યારે એમ લાગ્યું હતું કે હવે આની પાછળ કાયદાઓ બનવા જોઇએ. અનેક રાજ્યોએ એની પાછળ કાયદા બનાવ્યા છે. આપણે આજે ગુજરાત રાજ્યમાં કાયદો બનાવી રહ્યા છીએ. આઇ.પી.સી.માં અપહરણ, હત્યાઓની વ્યવસ્થા કરેલી છે પણ જયારે આ પ્રકારથી કોઇ હત્યા કરે અને તપાસમાં આવે ત્યારે આવી કોઇ જોગવાઇ નથી. આ વિધેયક પછી આની જોગવાઇઓ થવાની છે. એટલા માટે હું રાજ્ય સરકારશ્રી અને ગૃહમંત્રીશ્રીનો આ વિધેયક લાવ્યા એના માટે આભાર વ્યકત કરું છું. હમણાં જ થોડા દિવસ પહેલાં હું જે મતવિસ્તારનો છું એવા ડીસા તાલુકામાં એક નાગરિકે છાપામાં જાહેરાત જોઇ અને ત્યાં જવાનું નક્કી કર્યું. ત્યાં ગયા પછી શું કરવાનું એનું એક ચેકલિસ્ટ બનાવેલું હતું. એને વાત કરી કે મારે આ કામ કરાવું છે તો સામેથી ચેકલિસ્ટ આપ્યું કે, મૂઠ મારવાના રૂ. ૨૭,૦૦૦/-, લકવો મારવાના રૂ. ૧૧,૦૦૦/-, વશીકરણ કરવાના આટલા રૂપિયા એ બાબતોનું એમણે ચેકલિસ્ટ બતાવ્યું. જાગૃત નાગરિકે પોલીસમાં વાત કરી. આજે બંને અપરાધીઓ જેલની પાછળ છે. એવા ટૂંકા રસ્તાઓ અપનાવવા માટે શ્રદ્ધાની જગ્યાએ અંધશ્રદ્ધાનો ઉપયોગ કરે અને એની અસર જયારે સમાજજીવનમાં પડતી હોય

તો નાગરિક 'સ્કિઝોફ્રેનીઆ' નામના રોગોથી પીડાતો હોય છે. વ્યકિતઓમાં મલ્ટિપલ ડિસઓર્ડર આવતી હોય એવી બીમારીઓ ઘર કરી જતી હોય છે. આ ગુનાની અંદર સાત વર્ષની જોગવાઈ કરવામાં આવી છે અને એના લીધે સમાજ જીવનની અંદર અંધશ્રદ્ધા રોકવા માટે આ વિધેયક સારું એવું પુરવાર થશે ત્યારે રાજયના ગૃહમંત્રી જયારે વિધેયક લઇને આવ્યા છે ત્યારે હું હૃદયપૂર્વક સમર્થન પણ આપું છું, અનુમોદન પણ આપું છું અને રાજયના ગૃહમંત્રીશ્રીનો આભાર પણ વ્યકત કરું છું. વંદે માતરમ, જય જય ગરવી ગુજરાત.

શ્રી કિરીટકુમાર કે. પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના લોકપ્રીય મક્કમ અને મુદુ સ્વભાવના મુખ્યમંત્રીશ્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના વડપણ નીચે આજે રાજયના ગૃહમંત્રીશ્રી જે વિધાનસભા ગૃહમાં માનવ બલિ અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને તેનું નિર્મૂલન કરવા બાબતનું વિધેયક લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને તેને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનવ બલિ અને અન્ય અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથાઓ કાળા જાદુની પ્રથા અને લેભાગુઓ દ્વારા થતી પ્રેતાત્મા ભગાડવાની પ્રથાને કારણે સમાજમાં સામાન્ય લોકોના શોષણના ચોંકાવનારી સંખ્યામાં કિસ્સા ધ્યાનમાં આવ્યા છે. આજે કાળા જાદુ અને અઘોરી પ્રથા છે તેનો ભોગ સામાન્ય અને સમાજનો શોષિત વર્ગ બને છે અને બનતો હોય છે. જે લેભાગુ તત્ત્વો છે એ આ જાદુના નામે અથવા બીજા મંત્ર–તંત્ર એવું બતાવીને કોઇ ચમત્કારિક શકિત પોતાનામાં છે એવો દાવો કરતા હોય છે અને સામેની વ્યકિત ઉપર પ્રભાવ પાડીને સામેની વ્યકિતઓનો માનસિક કબજો લઇને એનું અનેક પ્રકારનું શોષણ કરે છે. એનો સૌથી વધારે ભોગ સમાજનો ગરીબ વર્ગ, શોષિત વર્ગ, મહિલાઓ અને બાળકો બને છે. એનું એટલી હદ સુધી શોષણ કરવામાં આવે છે કે ઘણી વખત સમાજમાં બાળકોનો બલિ ચઢાવવાના દાખલા પણ બને છે અને એમાં માતા–પિતાનો માનસિક કબજો પણ ત્યાં સુધી લેવાય છે કે માતા–પિતા પણ આ પ્રકારની પ્રવૃત્તિમાં કયાંકને કયાંક કોઇક જગ્યાએ જોડાતા હોય એવી સ્થિતિનું નિર્માણ થાય છે. આ બાબતની લોક જાગૃતિ કેળવવાની એટલી જ જરૂર છે અને કડક કાયદા બનાવવા માટેની પણ એટલી જરૂર છે. આવા અઘોરી અને કાળા જાદુ કરનારા લોકો ઘણી વખત આવા મંત્ર–તંત્રના પ્રયોગો દરમિયાન એ બાળકોને કોઇને કોઇ પ્રકારે શારીરિક ઇજાઓ પહોંચાડતા હોય છે અને એ બાળકોને જિંદગીભર શારીરિક રીતે અપંગતા સાથે જીવવું પડે છે. સમાજમાં પ્રતિ વર્ષે કેટલાંક બાળકો ગુમ થવાના કિસ્સા સામે આવતા હોય છે જેમાં મોટાભાગે આવાં બાળકોનો દુરુપયોગ આવા વ્યવસાય સાથે સંકળાયેલા તાંત્રિકો કરતા હોય છે. અઘોરી પ્રથા અને કાળા જાદુ શું છે એનો જે પરિવારના લોકો આવા માણસોના સકંજામાં સપડાયા હોય તેને જ ખબર પડે. મારે એ કહેવું છે કે પછાત વિસ્તારોમાં આવા ઊંટવૈદુ કરવાવાળા માણસો લોકોને એટલો બધો માનસિક ત્રાસ આપતા હોય છે જેનાથી ગરીબ, ભોળા, અણસમજુ માણસોને આર્થિક અને માનસિક નુકસાન થતું હોય છે અને ઘણી વખત તેઓ વ્યકિતનો એટલો બધો માનસિક કબજો મેળવી લે છે કે એના લીધે ઘરમાં વિખવાદો પેદા થતા હોય છે. વર્તમાન ટેકનોલોજીના યુગમાં યુ–ટયૂબ અને ગુગલ ઉપરના આ પ્રકારના અઘોરી કે કાળા જાદુ લખીને સર્ચ મારો તો આવું કામ કરવાવાળા અસંખ્ય લોકો પોતાના કામની જાહેરાતો કરતા મળી રહે છે અને ઘણી વખતે ગુજરાત કહેવત છે તેમ ''લોભીયા હોય ત્યાં ધુતારા ભૂખ્યા ના મરે'' તે મુજબ ઘણા ભણેલા ગણેલા શિક્ષિત લોકો પણ આવી પ્રવૃત્તિઓનો ભોગ બનતા હોય છે. આપણા લોકલાડીલા અને સમગ્ર વિશ્વમાં સન્માનિત વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીએ જે સ્વપ્ન જોઇને ભારત દેશની પ્રજાને જે આહ્વાન કર્યું છે કે વર્ષ ૨૦૪૭માં આપણો દેશ જયારે આઝાદીનાં ૧૦૦ વર્ષ પૂરા કરશે ત્યારે ભારત દેશને વિકસિત દેશ બનાવીશું અને અત્યારે આપણો ભારત દેશ એક વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશ બનવા તરફ ગતિ કરી હરણફાળ ભરવા જઇ રહ્યો છે ત્યારે રાજયના ગ્રામિણ, વનવાસી, અંતરિયાળ વિસ્તારો કે અશિક્ષિત અને જૂનવાણી વિચારો ધરાવતા લોકોને આ પ્રકારની અંધશ્રદ્ધા ભરેલી માનસિકતામાંથી બહાર કાઢી જાગૃત–શિક્ષિત કરવાની એટલી જ આવશ્યકતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંજોગોમાં સરકાર માટે આ હાનીકારક અને અમાનુષી પ્રથા કાળા જાદુ અને આવા અન્ય અમાનુષી અનિષ્ટ અને અઘોરી પ્રથાઓની અનિષ્ટ અસરો અને અપપ્રચારને અટકાવવા અને તેના નિમૂલન કરવા માટે યોગ્ય અને કડક સામાજિક અને કાનૂની પગલાં લેવાં અને સામાન્ય લોકોને કાળા જાદુ અને લેભાગુઓની દુષ્ટ યોજનાઓનો શિકાર બનતા અટકાવવાનું આવશ્યક બન્યું છે. જેની અસામાજિક અને હાનીકારક પ્રવૃત્તિઓ મૂળ સામાજિક માળખાને અને પ્રમાણભૂત અને વૈજ્ઞાનિક તબીબી ઉપચાર અને ઇલાજોમાં સામાન્ય લોકોની શ્રદ્ધાને ગંભીરપણે નુકસાન પહોંચાડીને તેને જોખમમાં મૂકીને આવા કાળા જાદુગરો અને લેભાગુઓનો આશ્રય લેવા માટે પ્રેરિત કરી રહ્યા છે. આથી સરકારે આવા અનિષ્ટ અને અમાનુષી પ્રથાનો સામનો કરવા માટે વિશેક્ષ અને કડક કાયદો બનાવવાનું ધાર્યું છે એ આવકાર્ય છે. હું ગૃહના સૌ સભ્યોને વિનંતી કરું છું કે આ બિલને ટેકો આપે. હું આ બિલને ટેકો આપું છું.

શ્રી હર્ષ સંઘવી(રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મારા સૌ સાથી મિત્રોએ આ કાળો કાયદો એટલે બ્લેક મેજિકને રોકવા માટે આ નવા કાયદા માટે પોત પોતાના મંતવ્યો રજૂ કર્યા છે.

## ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયક, ૨૦૨૪

માનનીય અધ્યક્ષશ્રી, એક વિષય ખૂબ સરસ શ્રી કિરીટભાઇ દ્વારા આવ્યો કે કાયદો બનાવવાથી આ વસ્તુ અટકતી નથી. હું માનું છું કે કાયદો બનાવવાથી આ પ્રકારના બ્લેક મેજિક અટકતા નથી. પરંતુ સમાજે અહીંયા બેઠેલા ૧૮૨ ધારાસભ્યોએ આ પ્રકારના દૂષણને દૂર કરવા માટેની જવાબદારી આપી છે. આ જવાબદારી એ માત્ર કાયદો બનાવવાની નથી. સામાજિક દૂષણ કઇ રીતે દૂર કરી શકાય તે માટેની જવાબદારી સમાજના પ્રતિનિધિ તરીકે, ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે આપણા સૌ લોકોની છે. ભૂત, ડાકણ અને વળગાડનો વિષય છે. શ્રી શૈલેષભાઇએ મહત્ત્વની વાત કરી છે. મારે સૌથી પહેલાં ભૂવાજીની જે વ્યાખ્યા છે. સમાજના માન્યતા ધરાવતા મંદિરોમાં સામાજિક અગ્રણીઓ એ ભૂવાજી અને આપણે જેને રોકવા માગીએ છીએ એને જો તમે ભૂવા જ કહેતા હોય તો એ બન્ને વચ્ચે ખૂબ મોટો તફાવત છે. હું માનનીય અને સન્માનનીય કોઇપણ ભૂવાજીને આ કાયદા સાથે જોડવા માગતો નથી. આ વિષય ડાકણ કે પછી ભૂત વળગ્યું હોય તો ડાકણ કે ભૂત વળગે તો સમાજની જે પ્રથા છે, હું માનું છું કે અહીંયા બેઠેલા ૧૮૨ ધારાસભ્યો પરંપરાને જાળવવા માટે, એની માન્યતા મુજબ ક્યાંક ગયા હોય તો ખોટું નથી. એક દોરો બાંધવો, એક પીંછી મારવી, દીવો કરાવવો, ભક્તિ, પૂજા કરવી એને અને વાળ બાંધીને લટકાવવા કે પછી એની જોડે ગરમ સળીયાઓ એના શરીર પર લગાડવા એ બન્નેની કમ્પેરિઝન કઇ રીતે કરી શકાય? આ બન્ને ઘટનાઓ એકદમ અલગ છે. તમે જે ભૂવાજી પાસે જાઓ છો એની પાસે આખું ગામ જાય છે. એમના પ્રત્યે સન્માન છે. ક્યાંય દેખાય તો બે હાથ જોડીને એમને વંદન જ હોય. પરંતુ ભૂવાજીના નામનો ઉપયોગ કરીને પોતે બની બેઠેલા ભૂવા જેને માત્રને માત્ર સમાજના જે શોષિત લોકો છે, જેને નાનીમોટી જીવનમાં કોઇ તકલીફ આવી જાય. તો એ તકલીફોનો લાભ ઉઠાવીને એ લોકોની વર્ષોવર્ષની જે બચત હોય છે એ બચત તો એની વપરાઇ જ જાય, પરંતુ અનેક લોકોએ એમાં જીવન પણ ગુમાવ્યું છે એવા જીવન બચાવવા માટેનો આ કાયદો છે. આ કાયદામાં કોઇપણ પ્રકારે આપણી આસ્થા, આપણી પરંપરાઓ, પૂજાવિધિ એ બધા જ લોકો આપણે એને ફોલો કરતા હોઇએ છીએ. કાયદો બનાવનાર પણ અને કાયદાનું પાલન કરનાર પણ બધા જ લોકો આસ્થા સાથે જોડાયેલા હોઇએ છીએ. શ્રી શૈલેષભાઇનો જે પ્રશ્ન હતો એ વિષય પણ મહત્ત્વનો હતો. નોંધણીનું જે એમનું સજેશન છે એ સારું છે. નોંધણીના કારણે વધુમાં વધુ લોકો સાચી માહિતી પ્રાપ્ત કરી શકે એ સજેશનને અમે ૧૦૦ ટકા ફોલો કરીશું. જૂનું જે પ્રાઇવેટ બિલ લાવેલા હતા એ પ્રાઇવેટ બિલ લાવવાવાળા જ અહીંયા આવી ગયા છે. સાથેસાથે ઘણાબધા બદલાવ છે પરંતુ હું એમને માહિતી આપીશ. એની અંદર મહત્ત્વના બદલાવની અંદર સૌથી મોટો બદલાવ એક એ છે કે શ્રી શૈલેષભાઇએ સભાગૃહની અંદર ચિંતા વ્યકત કરી. સાચા ભૂવાજી અને ખોટા ભૂવાજી એ બદલાવ, એની અંદર આખી માહિતી આપેલી છે કે આ આ વિષયો છે જે વિષયોની અંદર કોઇપણ પ્રકારની પોલીસની દખલઅંદાજી આ કાયદાને કારણે ન થવી જોઇએ. એ બદલાવ બહુ જરૂરી હતો કારણકે ધર્મને અધર્મ ન કહી શકે એ જે બિલ હતું પ્રાઇવેટ બિલ એની અંદર કોઇ સ્પષ્ટતા નહોતી એમાં ધર્મ અને અધર્મ બધું ભેગું થઇ જતું હતું હવે માત્ર ધર્મને અલગ કર્યું છે અને અધર્મને અલગ કર્યું છે અને અધર્મને ધર્મ પણ ન કહી શકીએ એટલો બદલાવ આ બિલની અંદર લાવ્યા છીએ. ડો.કિરીટકુમાર પટેલે મહારાષ્ટ્ર અને કેરલનું બિલ જરૂરથી વાંચ્યું. કદાચ ગુજરાતના બિલના અમુક પાનાં વાંચવાનાં રહી ગયા હશે. આખું વાંચવાનું બાકી નહીં હોય, પરંતુ આ કાયદાની કલમ-૩માં આ પ્રકારના બ્લેક મેજિકનો પ્રચાર નથી કરી શકાતો. ડરાવવાનો કે કોઇપણ પ્રકારનો સોશિયલ મિડિયા ઉપર પણ આનો પ્રચાર નથી કરી શકાતો એનો સપષ્ટ ઉલ્લેખ છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, વિજિલન્સ અધિકારીના કાર્યક્ષેત્રની સ્પષ્ટતા કાયદાની કલમ-૫માં આપેલી છે. માહિતીની ગુપ્તતાની જવાબદારી વિજિલન્સ ઓફિસર જે એની અંદર નિમવામાં આવે છે એની જવાબદારીમાં આવે છે એટલે આ બધી જ સ્પષ્ટતા આપણે જે ગુજરાતનો કાયદો બનાવેલો છે એની અંદર આપેલી છે, પરંતુ એના સિવાયના પણ જે સજેશન્સ મારા સાથી ધારાસભ્યશ્રી દ્વારા આપવામાં આવ્યા છે એ બધા જ સજેશનની અમે લોકો જરૂરથી ચિંતા કરીને વધુમાં વધુ વિષય આની અંદર ઉમેરવાનો પ્રયાસ કરીશું. મારી સભાગૃહને ખાસ વિનંતી છે બધા લોકોએ સહયોગ આપ્યો છે. પક્ષ, વિપક્ષના બધા જ લોકોએ સમાજની ચિંતા કરીને. આદરણીય મુખ્યમંત્રીશ્રી દ્વારા જે આ વિચારવામાં આવ્યું કે આ પ્રકારનો કોઇપણ શોષિત વ્યક્તિ એની આ પ્રકારની પરિસ્થિતિ ન થવી જોઇએ. એના પરિવારને કયારેય આ પ્રકારની તકલીફો ન ભોગવવી પડે એ માટે નવો કાયદો બનાવ્યો છે. એકટ કરતા એકટિંગ હું પણ માનું છું કે મહત્ત્વનું છે અને આપણે સૌ લોકો અલગ અલગ વિષયોની અંદર કયારેકને કયારેક આ જવાબદારીઓ ભોગવી ચૂકયા છીએ. પરંતુ આપણે સૌ લોકો સામાજિક પરિસ્થિતિ પણ સમજીએ છીએ. આ સામાજિક પરિસ્થિતિની સામે જીત મેળવવી હશે તો એ આપણા સૌની જવાબદારી છે. માત્ર કાયદાથી, કાયદો બનાવવાથી આ બંધ થઇ જશે એવું જરૂરી નથી. પરંતુ કોઇનો રાજકીય કાર્યક્રમ હોય, કોઇનો સરકારી પ્રવાસ હોય જયારે ખાસ કરીને આ પ્રકારના વિસ્તારની અંદર પ્રવાસ હોય તો મારું એવું માનવું છે કે આ પ્રકારના વિષયો પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ મૂકશે તો સમાજમાં ખૂબ મોટી એની અસર પડશે. કાયદો તો કાયદાનું કામ કરશે જ. કાયદાની અંદર ૧૦૦ ટકા પ્રયાસ પણ કરવામાં આવશે. અને મને વિશ્વાસ છે કે કાયદા થકી આપણે આ પ્રકારના લોકો ઉપર રોક લગાડવામાં સફળતા જરૂરથી મળશે પરંતુ સંપૂર્ણ સફળતા તો આપણે ૧૮૨ લોકો અને ૨૬ લોકસભાના સાંસદો જો આ બધા સાથે મળીને બધા સમાજના અગ્રણીઓને સાથે લેશે તો જરૂરથી બદલાવ આવશે. આની અંદર એક જ દિવસમાં બદલાવ નહીં આવે પરંતુ ધીરિધીરે આનો

બદલાવ બધા જ સમાજની અંદર જોવા મળશે. આમાં ઉત્તર ગુજરાતની જે પ્રથા છે. આદિવાસી વિસ્તારની પ્રથા છે, સૌરાષ્ટ્રની જે પ્રથા છે. આ બધી જ પ્રથા સન્માનનીય છે. આ બધી જ પ્રથામાં તમે, હું અને અહીં બેઠેલા સૌ લોકો પોતપોતાની આસ્થા પ્રમાણે તેની અંદર જોડાતા હોઇએ છીએ, પરંતુ આપણે સૌ લોકો ભેગા થઇને આજે આ કાયદો લાવીએ છીએ તેની અંદર આ આસ્થાને ક્યાંય છંછેડવામાં આવી નથી. આ આસ્થા આપણું જીવન છે અને તેને આપણે જાળવી રાખવા માટે ખોટા લોકો આપણી આસ્થાને ખોટી દિશામાં ન લઇ જાય તેના માટેનો પ્રયાસ કરવામાં આવ્યો છે .આની અંદર તમારા લોકોના જે સજેશન આવ્યા છે તેનો ઉમેરો કરવાનો અમે પ્રયાસ કરીશું. મારી સભાગૃહને વિનંતી છે કે, આપ સૌ લોકો આમાં સાથ આપીને સમાજની અંદર આજના દિવસે નવો ઇતિહાસ રચીએ .વર્ષોવર્ષથી શોષિત લોકો જે રીતે ખોટા લોકોનો ભોગ બને છે તેને બચાવવાનો કોઇ પ્રકારે રાજકીય પ્રયાસ નથી. આ અમે લાવ્યા, અમે મોટા થઇ ગયા અને તમે રહી ગયા, તમે ના લાવ્યા. જે તે વખતની જે પરિસ્થિતિ હશે અને જે તે વખતે યોગ્ય લાગ્યું હશે તે કર્યું હશે, પરંતુ આજે આપણા સૌની જવાબદારી છે અને આજના સમયમાં આપણા રાજ્યનો એકપણ વ્યક્તિ તેનો ભોગ ન બને તેવો પ્રયાસ કરવા માગીએ છીએ. આભાર .

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક ૧૨ –સન ૨૦૨૪નું ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૧૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના સર્વાનુમતે વિધેયકનો ભાગ બની.**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક ૧૨–સન ૨૦૨૪નું ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું)નિર્મૂલન કરવા બાબત વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક ૧૨ –સન ૨૦૨૪નું ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને (તેનું) નિર્મૂલન કરવા બાબત વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬:૨૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર**
**ગુરુવાર, તા. ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા. ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૪**
**શ્રાવણ ૩૧, ૧૯૪૬ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્નો**

**ટૂંકી મુદતનો પ્રશ્ન-૧ (૧૫/૫/૧)**

**વ્યાજખોરોની વિરુધ્ધ કાનૂની કાર્યવાહી**

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**ટૂંકી મુદતના પ્રશ્નો દાખલ ન કરવા અંગે**

શ્રી અમિત ચાવડા **(**કોંગ્રેસ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : ટૂંકી મુદતમાં ન હોય, પ્રશ્ન મૂવ કર્યો છે. પ્રશ્ન પતી જાય પછી કહેજો.

શ્રી અમિત ચાવડા : એક તો ટૂંકી નોટિસથી સત્ર બોલાવવામાં આવ્યું છે. કામકાજ સલાહકાર સમિતિમાં પણ કહ્યું હતું.

અધ્યક્ષશ્રી : ટૂંકી મુદતનો પ્રશ્ન પતી જાય પછી કહેજો. હું તમને પોઇન્ટ ઓફ ઓર્ડર આપીશ. (અંતરાય) શાંતિ રાખો, ચર્ચા નહીં કરીએ. (આ તબક્કે વિપક્ષ તરફથી હાથમાં કાગળો લઇ દેખાવો કરતાં) તમે દેખાવો બંધ કરો. પ્રી-પ્લાન સાથે આવ્યા હોય એવું લાગે છે. આ પદ્ધતિ ઠીક નથી. અહીં દેખાવો ન કરો. તમે પહેલાં નીચે મૂકાવો. શ્રી અમિતભાઇ, નીચે મૂકાવો. તમને સૂચના આપું છું. બાકીના કોંગ્રેસના સભ્યોને કહું છું કે નીચે મૂકો. આ પદ્ધતિ હોતી હશે? સાર્જન્ટ, એમની પાસેથી કાગળો લઇ લો. એ પત્રો તમે આપી દો પછી હું વાત કરવાનો મોકો આપું છું. પહેલા સાર્જન્ટને કાગળ લઇ લેવાનું કામ કરવા દો. હું તમારી વાત સાંભળવા તૈયાર છું. (અંતરાય) હું તમને બન્નેને તક આપીશ. તમને ચર્ચા કરવાનો પૂરો અધિકાર છે. હું આપીશ. શ્રી અમિતભાઇ, હું તમને ચર્ચા કરવાનો મોકો આપીશ. (અંતરાય) તમે નીચે બેસો. હું તમને સૂચના આપું છું. શ્રી વિમલભાઇ, નહીં બોલીએ. આપણે ગૃહની કાર્યવાહીમાં તમને બોલવા માટે પૂરતી સ્વતંત્રતા આપીશ. સહેજે આઘુંપાછું નહીં થવા દઉં. એનું ધ્યાન રાખવાનું આ ચેર ઉપરથી હું કરીશ. પરંતુ આ કાર્યવાહી ચાલે છે એ વિધાનસભાના નિયમોના નિયમો બનેલા છે એ અંતર્ગત કામ કરે છે. નિયમો તોડીને કોઇપણ કામ ન કરી શકાય. તમને બધાને પ્રાર્થના છે કે નિયમ મુજબ કહેશો તો હજી પણ વધારે અધિકાર આપીશ. વધુમાં પ્રશ્નો પૂછવાનો મોકો પણ તમને વધારે આપું છું. મારી દ્રષ્ટિ રહેતી જ હોય છે કે તમને વધારે મોકો આપી શકું. પ્રશ્નોત્તરી પતી જાય એટલે તમે પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કરજો. હું તમને તક આપીશ. (અંતરાય)

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એકપણ પ્રશ્ન દાખલ કરવામાં આવતો નથી. આજના એજન્ડામાં બે જ પ્રશ્નો દાખલ થયા છે. અમારી નોટિસની હા, કે ના નો જવાબ મળ્યો નથી. અધ્યક્ષશ્રીની કચેરીમાં દાખલ કરવામાં આવ્યો, નામંજૂર કર્યો કે મંજૂર કર્યો એની કોઇ નોટિસ મળતી નથી. તેમ છતાં બે જ પ્રશ્નો દાખલ કર્યા છે એ પણ ભા.જ.પ.ના બન્ને પ્રશ્નો દાખલ કર્યા છે. અમારે સરસ્વતિ સાધના યોજના, ગૌચરની જમીનનો હોય, અગ્નિકાંડના પ્રશ્નો હોય, ફોરેસ્ટના હોય, ડ્રગ્સના હોય, અમારા બધા જ સભ્યોના પ્રશ્નો છે.

અધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, આપ જે વાત કરો છો, ટૂંકી મુદતના પ્રશ્નમાં કોના દાખલ કરવા એ મંત્રીશ્રીની સંમતિ પછી કરી શકાય. પ્રશ્નોત્તરીની અંદર અલગ વાત હોય છે. ટૂંકી મુદતમાં વિધાનસભાના નિયમો પ્રમાણે માનનીય મંત્રીશ્રીની સંમતિ પછી દાખલ કરવો પડે છે. એવું નથી કે એક જ પક્ષના થયા છે. મેં જોયું છે. બન્ને પક્ષમાંથી થયા છે. સંખ્યા પ્રમાણે વધારે ઓછા હોઇ શકે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ૧૨ પ્રશ્નો લખેલા છે એમાંથી એકપણ પ્રશ્ન નથી લીધો અને બન્ને ભા.જ.પ.ના લીધા. ગઇકાલે પ્રશ્નોત્તરીમાં પણ અમારા શ્રી વિમલભાઇના અને શ્રી અનંતભાઇના...(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારી સંખ્યા ઓછી છે, વધારે હોત તો વધારે પ્રશ્નો આવત.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સંખ્યાનો કોઇ પ્રશ્ન જ આવતો નથી. (અંતરાય) કાલે અમારા સભ્યનો અતિવૃષ્ટિનો પ્રશ્ન દાખલ ન થયો અને એમના સભ્યની ૧૧૬ની નોટિસ એ જ મુદ્દાની દાખલ કરવામાં આવી. આ તો કેવી રીતે ચાલે?

અધ્યક્ષશ્રી : તમારો પ્રશ્ન થઇ ગયો? બીજા સભ્યોને મારે સાંભળવા છે. તમે બેસો પછી આપને આપું છું.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આપણી ગૃહની પરંપરાઓ અને પ્રણાલિકા મુજબ જયારે પણ પ્રશ્નોત્તરી ચાલુ થાય એ પૂરી થાય પછી એટલે કે પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા પછી પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને કોઇપણ વાત આપણે કરી શકીએ. માનનીય અમિતભાઇ જે વાત કરે છે એ આ સમયે અસ્થાને છે. એટલે કોઇપણ ધારાસભ્યશ્રી આ સમયે

એટલે કે પ્રશ્નોત્તરીના અવર્સ દરમિયાન આ વાત કરી શકશે નહીં એ એક વાત. બીજી વાત, ટૂંકી મુદતના પ્રશ્ન માટેના પણ નિયમો છે. તાજેતરમાં બનેલી ઘટનાઓના અનુસંધાને માનનીય મંત્રીશ્રીને લાગે કે આ સમયસર અને યોગ્ય છે તો એની પરમિશન આપતા હોય છે અને એના માટેની સંમતિ આપશ્રીએ આપવાની હોય છે એટલે કોનો પ્રશ્ન લેવો અને કોનો ન લેવો એ શાસક કે વિપક્ષ એવી પદ્ધતિ નથી એના નિયમો પ્રમાણે લેવાય છે એટલે આ તબક્કે જે પણ કંઇ વાત થાય એ અસ્થાને છે. આપણા નિયમો સ્વયંસ્પષ્ટ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આભાર આપનો કે મને મોકો આપ્યો. આ પ્રશ્ન એટલા માટે ઉપસ્થિત થયો કે ટૂંકી મુદતના પ્રશ્ન પૂછવા સરકારે એવું જાહેર પણ કર્યું કે અમે ટૂંકી મુદતના પ્રશ્નોથી પ્રજાના પ્રશ્નોને વાચા આપવાનું કામ કરીશું. શ્રી ગુલાબસિંહભાઇ ચૌહાણ દ્વારા ટૂંકી મુદતનો પ્રશ્ન દાખલ કરવામાં આવ્યો. દાહોદ જિલ્લાના નગરવાડા ગામમાં ખોટી રીતે જમીનને બીનખેતી કરવા બાબત. વિધાનસભા ગૃહ તરફથી સચિવાલય તરફથી માનનીય મંત્રીશ્રીને કાગળ જાય છે કે આ પ્રશ્ન પૂછવામાં આવે છે. માનનીય મંત્રીશ્રીનો સામે પ્રત્યુત્તર આવે છે કે માનનીય મંત્રીશ્રી આનો જવાબ ૨૨મી તારીખે આપશે એવો જવાબ આપવામાં આવે છે ૨૧ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ અને એ જ દિવસે ફરી પાછો કાગળ આવે છે કે હવે મંત્રીશ્રી આનો જવાબ આપી શકશે નહીં. તો આ પ્રશ્ન છે. અમારા કોંગ્રેસના નેતાશ્રીએ ઊભા થઇને ગૃહમાં જે વાત મૂકી છે એ વાત એટલા માટે કે આવો ભેદભાવ કેમ? અને મંત્રીશ્રીઓ શા માટે ડરે છે? પોતાના પ્રશ્નોના જવાબ આપવા માટે મંત્રીશ્રીઓ કેમ ડરે છે? એકબાજુ હા પાડે છે, બીજી બાજુ ના પાડે છે એટલા માટે જ પ્રશ્ન ઊભો થયો. બે પ્રશ્નો દાખલ થયા. સ્વાભાવિક છે વિધાનસભા ગૃહમાં મંત્રીશ્રી હકારાત્મક જવાબ આપે તો જ દાખલ કરી શકો તો માનનીય મંત્રીશ્રી કેમ હકારાત્મક જવાબ નથી આપતા? અમે કેટલા બધા પ્રશ્નો પૂછેલા છે. ગઇકાલે એક પ્રશ્ન થયો. આજે એક પણ પ્રશ્ન નહીં. વિધાનસભાગૃહમાં એમ કહે છે કે સંખ્યાબળ ઓછું છે. ૧૦૦ ટકા ઓછું છે પણ દાખલ થયેલો અમારો પ્રશ્ન પહેલા મંત્રીશ્રી હા પાડે છે. પછી ના પાડે છે. માટે આ પ્રશ્ન ઊભો થયો છે.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ હમણાં કહ્યું તેમ આ પ્રશ્નને અમે દાખલ જ કર્યો હતો. હકારાત્મક રીતે લીધો હતો અને અમે જવાબ પણ આપવાના હતા. આ પ્રશ્ન ઊભો થાય તો કાયદાકીય રીતે બહુ નુકસાન જાય તેમ હતું. પોલીસ ફરિયાદ થયેલી છે. અત્યારે આ બાબતમાં તપાસ ચાલી રહી છે. એના કારણે અમને એમ લાગ્યું કે આના ઉપર તકલીફ પડે એવું છે એટલા માટે ના પાડી. પ્રશ્નની વાત થઇ તો શ્રી અમિતભાઈની નિયમ-૧૧૬ હેઠળની નોટિસ દાખલ થયેલી છે. આજની ૧૧૬ની નોટિસ પણ આપની જ છે એટલે સરકારશ્રી આ બાબતમાં સ્પષ્ટ જવાબ આપવા માટે રેડી જ છે. તમારો જે પ્રશ્ન હોય એનો અમે જવાબ આપતા જ હોઇએ છીએ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૬ની નોટિસ દાખલ કરે છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી તો પોઝિટિવ જ છે. આ ટૂંકી મુદતના જે પ્રશ્નો છે તે વિધાનસભા સચિવાલયમાંથી પોઝિટિવ રીતે દાખલ કરીને જે તે મંત્રીશ્રીઓને મોકલવામાં આવે છે. માનનીય રમણભાઇએ કહ્યું કે તાકીદના પ્રશ્નો જોઇએ. અગ્નિકાંડ થયો એ તાકીદનું નથી? દાહોદમાં નકલી ઓર્ડરો થયા એ તાકીદનું નથી? ડ્રગ્સ પકડાય એ તાકીદનું નથી? પરીક્ષામાં ગોટાળા થયા એ તાકીદનું નથી? બળાત્કારની ઘટના થઇ એ તાકીદનું નથી?

અધ્યક્ષશ્રી : તાકીદ માટે ૬ મહિના પહેલા બનેલી હોય, ૨ મહિના પહેલા બનેલી હોય, કોઇપણ ઘટના એના સમય અને એના પરિપ્રેક્ષ્યમાં ટૂંકી મુદતની વાત મારે તમારા ધ્યાન ઉપર મૂકવી છે. એક મિનિટ બેસો તમે. (શ્રી અમિતભાઇ ચાવડાને ઉદ્દેશીને)તમારા સ્થાન ઉપર બેસો. હું કહું છું કે બેસો એટલે તમારે બેસી જવાનું હોય. આમાં વિષય એટલો છે કે, ટૂંકી મુદતના કોઇપણ પ્રશ્નની અંદર મંત્રીશ્રીને તમારે જવાબ આપવો પડશે એવો આગ્રહ નિયમ પ્રમાણે કરી શકાતો નથી. આ વિધાનસભાના નિયમો પ્રમાણેની વાત છે કે તે અધિકાર મંત્રીશ્રીનો છે. પ્રશ્નની નોટિસ કોઇપણ સભ્યશ્રી આપી શકે છે. પરંતુ તેમને લાગે કે મારે આ જવાબ અત્યારે આપવા જેવો નથી તો તેમાં આપણે બંધનકર્તા નથી. વિધાનસભાના નિયમો પ્રમાણે હું વાત કરું છું. બીજી વાત, ટૂંકી મુદતનો એકપણ પ્રશ્ન આ પક્ષનો નથી તેવું નથી. આવતીકાલે પાંચ પ્રશ્નો ટૂંકી મુદતના છે તેમાંથી કોંગ્રેસ પક્ષના એક સભ્યનો પ્રશ્ન છે અને તે આની અંદર આવેલો છે. એટલે એકપણ પ્રશ્ન કોંગ્રેસ પક્ષનો નથી આવ્યો તેવો વિષય નથી. પરંતુ આની મર્યાદા હોય છે. છતાં આપે ગઇકાલે જોયું હશે કે, લગભગ ૪૦ મિનિટ કરતાં વધારે ચર્ચા ટૂંકી મુદતના પ્રશ્નોની થઇ છે. તેમાં કોંગ્રેસ પક્ષમાંથી જયારે જયારે હાથ ઊંચો કર્યો હોય બધા લોકોને ભાગ લેવા દીધો છે. બધાને મેં કહ્યું છે કે તમે તેમાં પેટા પ્રશ્નો પૂછી શકશો. એક પક્ષે કોઇ ધારાસભ્યશ્રી પ્રશ્ન પૂછે છે એટલે પ્રશ્ન એમનો થઇ ગયો તેવું હોતું નથી. પ્રશ્ન દાખલ થયા પછી આખા ગૃહનો પ્રશ્ન હોય છે. તેમાં ગૃહમાં આ પક્ષ કે પેલો પક્ષ, બંને પક્ષના ધારાસભ્યશ્રીઓ હાથ ઊંચો કરી શકે છે. ત્યારે હું તેમને પરમિશન પણ આપતો હોઉં છું. જયાં સુધી પ્રશ્નનો વિષય છે ત્યાં સુધી તમામ સભ્યોએ તેમાં ભાગ લીધો છે. ભલે પ્રશ્ન આ તરફથી આવ્યો હોય, તેમનો પ્રશ્ન ઇન્વોલ્વ થયો હોય તો પણ તમે તે પ્રશ્નમાં પેટા પ્રશ્નો પૂછી શકો છો. મારી ખાસ વિનંતી હતી કે, આજે જે ટૂંકી મુદતના પ્રશ્નનો વિષય છે એટલે તમે હવે આ વિષયને પૂરો કરી પ્રશ્નની ચર્ચામાં ઇન્વોલ્વ થાઓ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, તે લોકો શેના માટે ડરે છે? શું કામ દાખલ કરતા નથી? આપણે એક કલાકનો સમય આપીએ છીએ. એક કલાકના સમયમાં માનો કે, ચર્ચા કરવાની હોય તો શું તકલીફ પડે છે?

પોઇન્ટ ઓફ ઓર્ડર

અધ્યક્ષશ્રી : તમારે હવે શું છે? તમારી માગણી શું છે? પહેલાં મને કહો કે તમારી ડિમાન્ડ શું છે?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમે ટૂંકી મુદતના આટલા પ્રશ્નો આપ્યા છે. નિયમ મુજબ આપ્યા છે.

અધ્યક્ષશ્રી : તમે ગૃહનું ધ્યાન આકર્ષિત કરવા માગો છો કે તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી અમિત ચાવડા : અહીં ચર્ચા જ ના થાય?

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો તમે મને મુદ્દો કહો કે, તમારી આ માગણી છે? નિયમ પ્રમાણે તમારી માગણી શું છે?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારનો ભ્રષ્ટાચાર કે ગેરવહીવટની ચર્ચા થાય તો તેના માટે....

અધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, તમારી માગણી શું છે? તમારે અત્યારે પ્રશ્ન દાખલ કરાવવા છે?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમારી માગણી એટલી જ છે કે, અમારા પ્રશ્નો શું કામ દાખલ થયા નથી અને આજની તારીખે...

અધ્યક્ષશ્રી : તેનો જવાબ તો મેં આપી દીધો. અહીંથી મેં કહી દીધું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખ સુધી દાખલ થયા નથી તો તેની અમને જાણ પણ કરવામાં આવતી નથી. આ સાઇકલ ખરીદીનું કૌભાંડ ચાલે છે તો તેમાં જવાબ આપવામાં....

અધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, તમે અત્યારે આ રીતે આ ફલોરનો ઉપયોગ ના કરી શકો. તમે આમ નહીં કરી શકો. તમે આ રીતે નહીં કરી શકો. તમે બેસી જાઓ. બીજું મારી તમામ સભ્યોને વિનંતી છે કે, તમે તમારા હાથમાં દેખાવ કરવાના જે કાગળ છે તે બધા આપી દો. સાર્જન્ટને સૂચના આપું છું કે આ તમામ કાગળ લઇ લો. સાર્જન્ટ તેમની પાસે જઇને આ કાગળ લઇ લો. આપી દો તમે. આ રીતે દેખાવ નહીં કરી શકો. તમે આ રીતે દેખાવ નહીં કરી શકો. ગૃહનો ઉપયોગ આ પ્રમાણે ન કરી શકાય. નહીં કરી શકાય. તમને ચર્ચા કરવા માટે પૂરતો સમય આપું છું પરંતુ આ પદ્ધતિ ઠીક નથી. હું અહીં ઉપસ્થિત કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ જે દેખાવ કરે છે તેમાં શ્રી અમિતભાઇ તમારા સહિત બધાને કહું છું કે, કાગળ જમા કરાવો. આ રીતે તમે કરી શકો નહીં. તમે એ રીતે કરી શકો નહીં. ભાઇ, તમે વચ્ચે નહીં આવો. કોંગ્રેસના જે ધારાસભ્યશ્રીઓ દેખાવ કરે છે તેમને મારી વિનંતી છે કે, તમે આવું નહીં કરો. આ પદ્ધતિ થોડી ચાલે? આવું ના હોય.

(આ તબક્કે ગૃહમાં હાજર કોંગ્રેસના તમામ ધારાસભ્યશ્રીઓ વોકઆઉટ કરી ગયા) (સભ્યશ્રી અમિત ચાવડા, શ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી કાંતિભાઇ ખરાડી, શ્રી અમૃતજી ઠાકોર, શ્રી દિનેશભાઇ ઠાકોર, ડો. કિરીટકુમાર ચી. પટેલ, ડો. તુષાર ચૌધરી, શ્રી ઇમરાન ખેડાવાલા, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી ગુલાબસિંહ ચૌહાણ, શ્રી અનંતકુમાર પટેલ)

અધ્યક્ષશ્રી : માનનીય ઋષિકેશભાઇ.

**સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપે તક પણ આપી. પ્રશ્નોત્તરી શરૂ થાય તે પહેલાં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાનો? આપે કહ્યું કે, પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા પછી આપને વાત કરવાની તક આપું છું. આપે તેમને વિષય રજૂ કરવા માટેનો સ્કોપ પણ આપ્યો. છતાં પણ કેવળને કેવળ ધ્યાન આકર્ષિત કરવા માટે અને અહીંયાં આગળ જે દેખાવો કર્યા. આપ ગૃહ નિયમો પ્રમાણે ચલાવો છો અને ગૃહ નિયમો પ્રમાણે ચાલી રહ્યું છે. તેમાં પણ કેવળને કેવળ રાજકીય રીતે ગૃહનું કામકાજ આ રીતે વિક્ષેપિત કરવું અને વિક્ષેપ કર્યા પછી કેવળ આક્ષેપો કરવાવાળો વિષય અહીંથી જે રજૂ થયો છે. મારી તો આપ સાહેબને દરખાસ્ત છે કે, જે રીતે વોકઆઉટ કર્યો છે, જે રીતે દેખાવો કર્યા છે તે આ સભાગૃહ માટે શોભનીય નથી અને આજના દિવસ માટે મારી વિનંતી છે કે, તેમને નિલંબિત કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : તમે કયા નિયમ પ્રમાણે કરવા માગો છો અને કેટલા સમય માટે? આ બન્ને જરા મને વાત કરીને વિધિવત તમારે દરખાસ્ત કરવી હોય તો તમે કરો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિષય એટલો છે કે વિધાનસભાના નિયમો પ્રમાણે અહીંયાથી જે રીતે માનનીય વિપક્ષના જૂથના નેતાએ જે રીતે અહીંયા રજૂઆત કરી અને આપના નિર્ણયને અવગણી અને જે પ્રકારેનું વર્તન કર્યું, પ્લે કાર્ડ બતાવ્યા, પ્લે કાર્ડ બતાવ્યા પછી સીધા જ ગૃહમાંથી વોક આઉટ કરી ગયા તે પહેલાં જે પ્રકારનું વર્તન થયું તે ગૃહને શોભનીય નથી તેથી હું આજના દિવસ માટે તેમને નિલંબિત કરવાની દરખાસ્ત કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સંસદીય મંત્રીશ્રી જે વાત કરે છે તે પ્રમાણે હું માનું છું કે, વિધાનસભાના નિયમોના નિયમ-૫૨ પ્રમાણેની આપે દરખાસ્ત મૂકી છે તો વિધાનસભાના નિયમોના નિયમ-૫૨ પ્રમાણે મેં કોંગ્રેસના દેખાવકર્તા માનનીય સભ્યશ્રીઓને સૂચના પણ આપી હતી. એમને કહ્યું કે તમે તમારા સ્થાન ઉપર બેસી જાવ. તેમની પાસે દેખાવ કરવા માટેના જે કાર્ડ હતા, તે પણ નહીં રાખો તેવી પણ મેં તેમને વાત કરી, છતાં પણ તે વાત માની નહીં. ટૂંકી મુદતનો પ્રશ્નકાળ ચાલતો હોય તે દરમિયાન પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કરી ન શકાય, છતાં પણ તેમણે પ્રશ્ન ઊભો કર્યો. એ પછી તેમણે સમય આપવાની વાત કરી તો મેં તેમને બોલવાનો મોકો પણ આપ્યો. તમારી માગણી શું છે? તમે શું કહેવા માગો છો? તમારી માગણી શું છે? પોઇન્ટ ઓફ ઓર્ડર હોય કે કોઇ વાત હોય કે અમારો આ પોઇન્ટ ઓફ ઓર્ડર છે તો એ વાત પણ તેમણે ના કરી. તેમણે માત્ર એટલું કહ્યું કે અમારા પ્રશ્નો દાખલ થયા નથી આ વિષે તેમણે માગણી કરી. ટૂંકી મુદતનો કોઇ પણ પ્રશ્ન દાખલ કરવા માટેનો અધિકાર

તેમની પરમિશન જે તે વિભાગના મંત્રીશ્રી આપે ત્યારે જ તેને દાખલ કરી શકાય છે. તો મંત્રીશ્રીની અનુકૂળતા હોય તે પ્રમાણે દાખલ થાય છે. તેમને સમયની અનુકૂળતા ના હોય, બાકી કોઇ પણ કારણ હશે તો એ પ્રમાણે એમને ફરજ નહીં પાડી શકાય કે અમે દાખલ કર્યો છે એટલે ટૂંકી મુદતનો પ્રશ્ન પણ તમારે દાખલ કરવો જ જોઇએ. વિધાનસભાના નિયમો પ્રમાણે દાખલ કરવાનો અધિકાર મંત્રીશ્રીને છે. મંત્રીશ્રીની સંમતિ પછી જ વિધાનસભા કાર્યાલય દાખલ કરી શકે છે. માનનીય રમણભાઇએ પણ એ વિગતની જાણકારી આપી. માનનીય શૈલેષભાઇને પણ મોકો આપ્યો. માનનીય અમિતભાઇ પણ બોલ્યા છતાં પણ તેમણે પોતાની વાત ચાલુ રાખી. મેં સૂચના આપ્યા પછી પણ મેં તેમને નામ સાથે કોંગ્રેસ પાર્ટીના ઉપસ્થિત સભ્યો એવું સંબોધન કર્યા પછી પણ તેઓ નીચે બેઠાં નહીં અને તેમણે દેખાવો ચાલુ રાખ્યા અને વોક આઉટ કરીને બહાર ગયા તો માનનીય સંસદીય મંત્રીશ્રીએ જે દરખાસ્ત કરી છે તે દરખાસ્તના અનુસંધાને તમારે કોઇએ સમર્થનમાં વાત કરવી હોય તો કરી શકે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય મંત્રીશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ-૫૨ પ્રમાણે જે દરખાસ્ત મૂકી તેને હું ટેકો પણ આપું છું. સાથે સાથે મારે સભાગૃહને એક બહુ મહત્ત્વની માહિતી આપવી છે. જે દાહોદના વિષયની માનનીય સભ્યશ્રી શૈલેષભાઇએ અહીંયા ચર્ચા કરવાની માગ કરી એ ચર્ચા કરવાની કોઇ પરિસ્થિતિ જ નહોતી. મુખ્યમંત્રીશ્રીને એક સામાન્ય વ્યકિતનો નાનો કાગળ મળ્યો અને એ વ્યકિતના કાગળ ઉપર મુખ્યમંત્રીશ્રીએ આખી તપાસ કરી અને તપાસ કરીને આ કિસ્સો પકડનાર કોઇ બહારના વ્યકિત નથી. સરકાર દ્વારા આ કિસ્સો પકડવામાં આવ્યો છે અને આ કિસ્સામાં વધુ માહિતી આ સભાગૃહને આપવી એ બહુ મહત્ત્વની છે કે આ કિસ્સો પકડાયા પછી એને હજુ વધુ તપાસ નીચે આવા બીજા કોઇ કિસ્સા બન્યા નથી ને? તેની તપાસ માટે આખી એક કમિટી બનાવવામાં આવી. અલગ અલગ અધિકારીઓ તપાસ કરી રહ્યા છે અને આ તપાસ દરમિયાન શું મળ્યું, શું ન મળ્યું, તેની હજુ પણ તપાસ ચાલુ હોય ત્યારે જાણી જોઇને આ પ્રકારની વાત ગૃહમાં ચર્ચા થાય અને ચર્ચા થાય તો બહાર જાય અને બહાર જાય તો અનેક લોકોને આમાં બચવાનો કયાંક અને કયાંક રસ્તો મળી જાય તે માટે જાણી જોઇને આ પ્રશ્ન લાવવામાં આવ્યો છે અને આ પ્રશ્ન ચર્ચા ના કરી શકાય એવો કોઇ વિષય જ નથી. આ ચર્ચા કરવાનો વિષય સરકાર સો ટકા ચર્ચા કરશે પણ ચોક્કસ સમયે ચર્ચા એટલા માટે કરવી જોઇએ તો જ પૂરેપૂરા બધા જ લોકોને આપણે આમાં પકડી શકીએ તે માટે મંત્રીશ્રીએ આ પ્રશ્ન નક્કી થયા પ્રમાણે કે હમણાં ચર્ચા કરવા જેવી નથી. નહીંતર અનેક લોકોને આમાં બચવાનો કયાંકને કયાંક રસ્તો મળી જશે તે માટે આ ચર્ચા કરવામાં આવી નથી. આ પ્રકારે જાણી જોઇને વિષયો ઊભા કરીને સભાગૃહનો સમય બગાડવો અને પ્રજાના જે પ્રશ્નો છે, આ વ્યાજનો પ્રશ્ન આજે છે એ કોઇ ભારતીય જનતા પાર્ટીને મત આપનારના જ પ્રશ્ન થોડા છે! અનેક એવા સામાન્ય નાગરિક છે જે કોઇ પણ પક્ષને મત આપે છે પણ સાચા પ્રશ્નની ચર્ચા કઇ રીતે રોકવી તે માટેનો પ્રયાસ કરવામાં આવે છે એટલા માટે માનનીય મંત્રીશ્રીએ જે દરખાસ્ત મૂકી છે એને હું ટેકો આપું છું.

અધ્યક્ષશ્રી : બંધારણના રચયિતાઓએ બંધારણની કલમોનો ઉમેરો કર્યો એમાં વિધાનસભાના નિયમોના નિયમ હેઠળ એક વ્યવસ્થા બનાવી છે. કેટલીક બાબતો એવી હોય કે જે જાહેરમાં પ્રસિદ્ધ ન કરી શકાય. મંત્રીશ્રીને લાગતું હોય કે આ જનહિત માટે છે તો એ પ્રશ્નનો જવાબ આપવો કે ન આપવો એ પોતે નક્કી કરી શકે છે. એટલા માટે સંવિધાનના રચયિતાઓએ નાની-નાની બાબતોનું ધ્યાન રાખીને નિયમો બનાવ્યા છે. એમણે કહ્યું છે કે માનનીય સભ્યશ્રી જ્યારે પ્રશ્ન પૂછે ત્યારે એને ફરજિયાત જવાબ આપવો એવું જરૂરી નથી. એ મંત્રીશ્રીની વિવેકબુદ્ધિ ઉપર નક્કી કરેલું છે. વિધાનસભાના નિયમો આપણે બધાએ માનવા જોઇએ અને એના આનુષંગિક જ આપણે ચાલવું જોઇએ. માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇએ દરખાસ્ત કરી છે અને માનનીય હર્ષભાઇ સંઘવીએ એમને ટેકો આપ્યો છે. એ દરખાસ્ત અંતર્ગત મેં કોંગ્રેસ પાર્ટીના સભ્યોને નેઇમ કર્યા છે. મેં નામ સાથે કોંગ્રેસ પાર્ટીના સભ્યોનો ઉલ્લેખ કર્યો છે. નિયમ-૫૨ અંતર્ગત આજના દિવસ માટે કોંગ્રેસ પાર્ટીના સભ્યોને ગૃહની કાર્યવાહીમાંથી બહાર રાખવા માટેના નિયમની દરખાસ્તને મત ઉપર મૂકું છું.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : કોંગ્રેસ પાર્ટીના અહીંયા દેખાવ કરનાર સભ્યોને આજના દિવસની કાર્યવાહીમાંથી બહાર રાખવામાં આવે છે. (સભ્યશ્રી અમિત ચાવડા, શ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી કાંતિભાઇ ખરાડી, શ્રી અમૃતજી ઠાકોર, શ્રી દિનેશભાઇ ઠાકોર, ડો. કિરીટકુમાર ચી. પટેલ, ડો. તુષાર ચૌધરી, શ્રી ઇમરાન ખેડાવાલા, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી ગુલાબસિંહ ચૌહાણ, શ્રી અનંતકુમાર પટેલ)

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**ટૂંકી મુદતના પ્રશ્નો (ક્રમશઃ)**
**વ્યાજખોરોની વિરુધ્ધ કાનૂની કાર્યવાહી**

15/5/8 : **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લાબે માસમાં વ્યાજખોરોની વિરુધ્ધમાં કેટલા લોકો વિરુધ્ધ અને કઈ કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે, અને | (૧) | ૫૬૫ વ્યાજખોરો વિરુધ્ધ, BNS કલમ–૩૦૮ (૨) (૫), ૫૪, ૩૫૧ (૨)(૩)(૪), ૩૫૨, ૧૧૫, ૭૮(૨) ગુજરાત નાણા ધીરનાર કરનારા બાબત અધિનિયમ ૨૦૧૧ ની કલમ ૫, ૩૩(૧)(૩), ૩૯,૪૨ (એ) (ડી) (ઈ), ૪૦, મુજબ કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે. |
| (૨) | વ્યાજખોરો વિરૂદ્ધ લોકો નિર્ભયતાથી ફરિયાદ કરી શકે તે માટે ઉક્ત સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે માસમાં કેટલા લોક દરબારનું આયોજન કરેલ છે? | (૨) | ૧૬૪૮ |

શ્રી અરવિંદ શાં. રાણા (સુરત–પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજ્યનો ખૂબ મહત્ત્વનો પ્રશ્ન હોવા છતાં કૉંગ્રેસ પાર્ટીએ એનો બહિષ્કાર કર્યો છે એ ખૂબ દુ:ખદ બાબત છે. રાજ્યના યશસ્વી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી અમારા સુરતનું ગૌરવ છે. તેમના દ્વારા સુરત શહેરમાં સાયબર ક્રાઇમ અવેરનેસ, ટ્રાફિક સિગ્નલ અવેરનેસ અને વ્યાજખોરી ઉપર કડક કાર્યવાહી કરવાનું અભિયાન ચલાવવામાં આવ્યું. તેના કારણે ઘણાં બધાં લોકોને એનો ફાયદો થયો છે. રાજ્ય સરકાર દ્વારા વ્યાજખોરીના ગુનાનું નિયમન કરવા જે ડ્રાઇવ રાખવામાં આવે છે. તેના કારણો જણાવવા વિનંતી છે.

શ્રી હર્ષ સંઘવી(રા.ક.ના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં રાજ્યના સામાન્ય માનવી, ગરીબ નાગરિકોના ઘરમાં નાના–મોટા પ્રસંગો જેવાં કે ક્યારેક કોઇના ઘરમાં લગ્ન હોય, કોઇના ઘરમાં દુ:ખદ પ્રસંગ બન્યો હોય ત્યારે તેઓ આ તકલીફમાંથી બહાર નીકળવા માટે નજીકના મિત્રો પર વિશ્વાસ રાખીને કોરા ચેક, ઘરના દસ્તાવેજો લખી આપીને નાની–મોટી રકમ વ્યાજે લે છે. ગુજરાતમાં આવા અનેક કિસ્સાઓ ધ્યાનમાં આવ્યા છે. આ પરિસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રીએ પહેલી કૅબિનેટમાં રાજ્યના ગૃહ વિભાગને વ્યાજ સામે ડ્રાઇવ ચલાવવાની સૂચના આપી. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા રાજ્યભરમાં આ ડ્રાઇવ ચલાવીને હજારો નાગરિકોને મદદરૂપ થઇ એમને તકલીફમાંથી બહાર કાઢ્યા હતા અને આ વ્યાજખોર રૂપી દાનવો સામે પગલાં ભરીને એમને જેલના હવાલે કરવામાં આવ્યા હતા. હું બે–ત્રણ દાખલા સભાગૃહ સમક્ષ મૂકવા માંગુ છું: ગાય આપણી માતા છે. આપણે સૌ ગાયને પૂજીએ છીએ. મધ્ય ગુજરાતના એક ખેડૂતે ગાય ખરીદવા માટે પોતાની પત્ની અને દીકરાની વહુના દાગીના ગીરવે મૂકીને રૂ.૮૦ હજાર વ્યાજે લીધા હતા. દીકરીના શ્રીમંત પ્રસંગે દાગીના પરત ન આપતાં હોવાથી તેમણે પોલીસ ફરિયાદ કરી. પોલીસે ગીરવે મૂકેલા દાગીના પરત અપાવ્યા અને ગાય પણ છોડાવી. આ ઉપરાંત તેની પાસેથી જે વધારાનું વ્યાજ લેવામાં આવ્યું હતું તે પણ પરત અપાવવાની ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવી. સભાગૃહ સમક્ષ આ દાખલો ખૂબ મહત્ત્વનો છે. આ પ્રશ્ન માત્ર ભારતીય જનતા પાર્ટીનો નથી, ગુજરાતના દરેક ગરીબ અને સામાન્ય માનવીનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક વ્યક્તિએ પોતાના ધંધાકીય કામ માટે રૂ.૨૩ લાખ ૧૦ ટકા વ્યાજે લીધા. જેની સામે રૂ.૪૦ લાખ ચૂકવેલ છતાં પણ વ્યાજખોરો દ્વારા તેનો પાસપોર્ટ તથા પોતાની ગાડીના કાગળો પરત કરવામાં આવતા ન હતા. પોલીસે પાસપોર્ટ અને ગાડીના કાગળો તો પરત અપાવ્યા જ પરંતુ સામાન્ય અને વ્યવહારિક વ્યાજની ઉપર જે વ્યાજ લીધેલ તે રકમ પણ પરત અપાવી. તેના પરિવારને પૂછીશું તો જ ખ્યાલ આવશે કે આ પ્રશ્ન કેટલો મહત્ત્વનો છે અને કેટલા વ્યક્તિને આ પ્રશ્ન લાગુ પડે છે. એક મધ્યમવર્ગીય પિતાએ પોતાના દીકરાને વિદેશ ભણવા મોકલવા માટે ૫ ટકા વ્યાજે લીધેલ રૂ.૩ લાખની સામે રૂ. ૬ લાખ ૬૦ હજાર ચૂકવ્યા છતાં હેરાનગતિ થતી હતી અને તેનો પણ પાસપોર્ટ લઇ લીધેલ હતો. પાસપોર્ટ પણ પરત અપાવ્યો અને વધારાની રકમ પણ પરત અપાવી. આદરણીય મુખ્યમંત્રીશ્રી દ્વારા જે વિવિધ યોજનાઓ લાવવામાં આવી છે તે યોજનામાંથી લોન પણ અપાવી. તે દીકરો અત્યારે વિદેશમાં ભણી રહ્યો છે. ભણીને આ દેશની સેવા કરવા જલ્દીથી પરત ફરશે. આ પ્રશ્ન ગુજરાતના લાખો પરિવારોને લાગુ પડે છે. હજારો પરિવારને આ યોજના થકી વ્યાજમાંથી મુક્ત કરાવવામાં ગુજરાત સરકારને સફળતા મળી છે. હું સભાગૃહ સમક્ષ ૧૦૦ ટકા માનું છું કે હજુ પૂરેપૂરી સફળતા મળી નથી. આ દૂષણ હજુ ૧૦૦ ટકા દૂર થયું નથી. તેને દૂર કરવા માટે રાજનીતિથી દૂર રહીને ખરેખર સમાજને મદદગાર થવા માંગતા હોઇએ તો વિસ્તારના આ પ્રકારના દાખલાઓ મંત્રીશ્રી કે કોઇ સમક્ષ મૂકવા જોઇએ. માત્ર રાજકીય ટીકા–ટિપ્પણના બદલે જો જિલ્લાના પોલીસ વડાઓને માહિતી આપશે તો લોકોને જરૂરથી મદદ મળશે. આ લોન મેળા થતા હતા તેમાં કોઇ ભારતીય જનતા પાર્ટીના

ચૂંટાયેલા જ પ્રતિનિધિ જતા ન હતા, તેમાં કોઇ પણ પાર્ટીના ચૂંટાયેલા બધા પ્રતિનિધિઓને બોલાવવામાં આવતા હતા, પરંતુ આ પ્રકારના કાર્યક્રમમાં જવું નથી, આ પ્રકારના કાર્યક્રમમાં જઇને લોકોને મદદ કરવી નથી અને વિધાનસભા ગૃહમાં માત્ર લોકોનું ધ્યાન ખેંચવા માટે, માત્ર વિષયો ઊભા કરવા માટે, ગેરમાર્ગે દોરવા માટે અહીંયા ખોટી રીતે વિષયોને રજૂ કરવામાં આવે છે. આ અભિયાન ખરેખર ખૂબ મહત્ત્વનું છે. આ માત્ર એક મહિનાનું અભિયાન નથી. આખા વર્ષ દરમિયાન કોઇ પણ કેસ કોઇના પણ ધ્યાને આવે તો તાત્કાલિક જાણ કરવી જોઇએ. કારણ કે આપણા રાજ્યમાં એક પણ વ્યક્તિ વ્યાજના દૂષણથી આત્મહત્યા કરે તો તે આપણા રાજ્ય માટે સારી વસ્તુ નથી. તે વિષયની સામે મુખ્યમંત્રીશ્રીએ અભિયાન નહીં પરંતુ લડાઇ હાથમાં લીધી છે અને તે લડાઇને અમે આગળ વધારી રહ્યા છીએ.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે સન્માનનીય ગૃહમાં વ્યાજખોરો વિરુદ્ધ કાનૂની કાર્યવાહીના મુખ્ય પ્રશ્નની ચર્ચા થતી હોય ત્યારે મારે અમારા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નવયુવાન તરવરતાં અમારા ગૃહ મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપવા છે. આજથી આઝાદી મળ્યા પછીનો જે પ્રશ્ન હતો તેનું નિવારણ કરવાનું અભિયાન આ સરકારે ઉપાડ્યું છે. મારી જાણ મુજબ અમારા વિસ્તારમાં મંગળસૂત્ર પણ વ્યાજખોરો પાસે ગિરવે મૂકવામાં આવ્યું હતું અને ગરીબ માણસોને વ્યાજના વ્યાજ ભરતાં ઘર અને જમીન પણ વેચાઇ ગયા. આ પ્રશ્ન ઉપાડવામાં આવ્યો છે તે સમગ્ર ગુજરાતની જનતા માટે સરાહનીય પગલું કહેવાય.

હું પોલીસ વિભાગને પણ અભિનંદન આપવા માગું છું કે, બેકાર યુવાન–યુવતીઓને રોજગારી મળી અને લોન મળતી ન હોવાથી લોન મેળા કરીને પોલીસ વિભાગે ભગીરથ કામ કર્યું છે. માનનીય મંત્રીશ્રીએ વ્યાજખોરો વિરુદ્ધની ડ્રાઇવનો ઉલ્લેખ કરેલ છે. જે અન્વયે આવી ડ્રાઇવ યોજાયેલ હોય તો એની માહિતી આપો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્યના ગૃહ વિભાગ દ્વારા વિવિધ પોલીસ સ્ટેશનો દ્વારા આ ડ્રાઇવ ચલાવવામાં આવેલ. કુલ ૪૮૧ ઇસમો વિરુદ્ધ કુલ ૮૪૭ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. કુલ ૧૦૩૯ ઇસમોની અટકાયત કરવામાં આવેલ. વર્ષ ૨૦૧૩માં કુલ ૨૩૮૯ લોકદરબાર યોજવામાં આવેલા. આ વિવિધ લોકદરબારોમાં કુલ ૪૧૮૯ અધિકારીઓ હાજર રહ્યા હતા. કુલ ૧ લાખ ૨૯ હજાર ૪૮૮ લોકો આ લોકદરબારમાં હાજર રહ્યા હતા. આદરણીય સભ્યશ્રી મોહનભાઇ દ્વારા એક વિષય મૂકવામાં આવ્યો. મને આજે આ સભાગૃહ સમક્ષ આ વિષય મૂકવો ખૂબ મહત્ત્વનો લાગે છે. આ વ્યાજખોરો વિરુદ્ધની ડ્રાઇવમાં મારા રાજ્યની હજારો માતાઓને જઇને પૂછવું જોઇએ કે, એમનું આસ્થા સમાન મંગળસૂત્ર અપાવવામાં આ ડ્રાઇવ દ્વારા કેટલી મદદ મળી છે? એક માતા માટે, એક બહેન માટે એનું મંગળસૂત્ર સૌથી મોટું આસ્થાનું કેન્દ્ર હોય છે અને દૂષણખોરો એક માતા અને બહેનની મજબૂરીનો લાભ ઉઠાવીને આ આસ્થાનું કેન્દ્ર એવા મંગળસૂત્રને જમા કરી લેતા હતા. આવી હજારો માતા અને બહેનોને કેસ વગર સામે ચાલીને આ દૂષણખોરો મંગળસૂત્ર તો પાછું આપી ગયા પણ પગે પડીને આશીર્વાદ પણ લઇ ગયા એ આ અભિયાનની સફળતા છે. માત્ર મંગળસૂત્ર નહીં પણ કોઇપણ પરિવાર માટે એક ઘર, પોતાનું ઘર, સપનાનું ઘર એ એનું સ્વપ્ન હોય છે. હજારો પરિવારોએ વિશ્વાસમાં પોતાનું ઘર લખી આપ્યું. આ દૂષણખોરોએ આવા ગરીબ સામાન્ય પરિવારના નાગરિકો કે જેમણે પોતાનું ઘર રાત–દિવસ મહેનત કરીને બનાવ્યું હોય એવા લોકોના ઘર પર કબજો કરી લીધો હતો. સુરત, નર્મદા અને જૂનાગઢ જેવા અનેક જિલ્લાઓના દાખલા છે. જે પરિવારમાં આગળ–પાછળ કોઇ નથી એવા લોકોને પોતાનું ઘર પરત અપાવવામાં આ અભિયાન થકી સફળતા મળી છે અને રાજ્યના હજારો પરિવારોને આ અભિયાન થકી રાહત મળી છે. આ અભિયાન આવનારા સમયમાં પણ ચાલુ જ રહેશે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને આપણા સક્રિય ગૃહ મંત્રી આદરણીય હર્ષભાઇ સંઘવીની વ્યાજખોરો વિરુદ્ધની કાર્યવાહી ખૂબ સફળ રહી છે. માનનીય મોહનભાઇએ કહ્યું કે, આ સભાગૃહ આ કાર્યવાહી બદલ અભિનંદન આપે છે પણ માત્ર આ ગૃહ જ નહીં પરંતુ, આ રાજ્યની તમામ જનતા, માતા અને બહેનોના આશીર્વાદ છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ગૃહમંત્રીશ્રીએ આ વ્યાજખોરો વિરુદ્ધ કાર્યવાહી કરી છે. સક્રિય ગૃહમંત્રીશ્રીને ખબર પડી જાય છે કે મારા સભ્ય શું પૂછવાના છે. માનનીય મંત્રીશ્રીના જવાબમાં મારા પ્રશ્નનો જવાબ આવી ગયો છે. આભાર.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ માનનીય મંત્રીશ્રીને વ્યાજખોરો સામે જે ડ્રાઇવ ચલાવી એ માટે અભિનંદન આપું છું. આ ડ્રાઇવથી ગુજરાતની જનતાને ખરેખર ખૂબ મોટો ફાયદો થયો છે. મારા મત વિસ્તારમાં છેલ્લા ત્રીસ દિવસમાં છ લોકોએ વ્યાજખોરોના ત્રાસથી આપઘાત કર્યો. એક પરિવારના ચાર સભ્યોએ એકીસાથે દવા પીને આપઘાત કર્યો. મોટાભાગે વ્યાજખોરો દ્વારા વધારે પડતી રકમ પરત મેળવી લીધા પછી પીડિત પરિવાર પાસે કોઇ મિલકત ન હોય ત્યારે એને આપઘાત કરવાની ફરજ પડતી હોયતો આવા વ્યાજખોરોની મિલકત જપ્ત કરી, પીડિત પરિવારને પાછી આપી શકાય એવો કોઇ કાયદો રાજ્ય સરકાર બનાવવા માગે છે કે કેમ? ખાસ કરીને, આજકાલના યુવાનો ઓનલાઇન ગેમ્બલિંગની ચુંગાલમાં ફસાતાં જતાં હોય છે. મારા મત વિસ્તારના બે યુવાનો ઓનલાઇન જુગારમાં ખૂબ મોટી રકમ હારી ગયા. જેમ તામિલનાડુ રાજ્યએ

ઓનલાઇન ગેમ્બલિંગ ઉપર કાયદો બનાવ્યો એવો કોઇ કાયદો રાજ્ય સરકારશ્રી બનાવવા માગે છે કે કેમ? એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીનો આભાર માનું છું. આજે એમને સભાગૃહ સમક્ષ ખૂબ જ સંવેદનાભર્યા વિષયનું ધ્યાન દોર્યું છે. હું કદાચ છેલ્લાં બે વર્ષથી આ સભાગૃહને હાથ જોડી–જોડીને વિનંતી કરું છું કે, વ્યાજના દૂષણથી બચવા માટે લોકોએ નીડરતાથી બહાર આવવું પડશે. ચાર લોકોએ આત્મહત્યા કરી એ ખૂબ સાચો વિષય છે. જયારે આ વિષય મારા ધ્યાન ઉપર આવ્યો તો મેં બધા જ લોકલ પોલીસ સ્ટેશનમાં તપાસ કરાવી કે, આ પ્રકારના કિસ્સામાં કોઇપણ પ્રકારની અરજી કે માહિતી લોકદરબારો દરમિયાન કે પહેલાં આપી છે ખરી? આજે હું આ સભાગૃહ સમક્ષ સૌ ધારાસભ્યશ્રીઓને ફરીથી બે હાથ જોડીને વિનંતી કરવા માગું છું. આપણે સૌ જાણીએ છીએ કે આપણા સમાજ જીવનમાં મધ્યમવર્ગના નાગરિકોમાં સમાજની પરંપરા મુજબ સમાજની વાતો કરવાની ટેવ છે, તેના કારણે કોઇપણ પરિવાર વ્યાજના દૂષણમાં ફસાયું હોય તો એટલા માટે પોલીસ સ્ટેશન જતું હોતું નથી કારણ કે એના ઘરમાં દીકરા–દીકરીના લગ્ન બાકી હોય, કયાંક પરંપરા, કયાંક સામાજિક પરિસ્થિતિ વિગેરેના હિસાબે લોકો શરમાતા હોય છે. મારી સૌ ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે જયારે આપણે લોકોની વચ્ચે જઇએ ત્યારે ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે કોઇ વ્યકિત ફસાઇ ગયું હોય તો એની ચર્ચા કરવાને બદલે એને સમાજમાં નીડરતાથી કઇ રીતે મદદ કરી શકાય? એ જોવું જોઇએ. કારણ કે, એને તો માનવતા કારણે, પોતાના વ્યવહારો સાચવવા માટે, પોતાની તકલીફોમાંથી બચવા માટે રૂપિયા લીધા છે. પરંતુ પેલો દાનવ જે માનવતાના ખરેખર વિરુદ્ધમાં કામ કરે છે, એને કયાં ફાયદો થાય છે કે જયારે સમાજના લોકો આ પ્રકારની વાતો બહાર ઓટલે બેસીને કરતા હોય કે, આ વ્યકિત તો વ્યાજમાં ડૂબી ગયો છે, આ વ્યકિતની આવી તકલીફ છે. તેના કારણે લોકો સમાજમાં બહાર આવતા નથી અને બહાર આવતા નથી એટલે આપણે એમાં કયાંક ત્વરિત પગલાં લેવાનાં હોય એ લઇ શકતાં નથી. મારી ફરી એકવાર વિનંતી છે કે આ પ્રકારની ઘટનામાં નીડરતાથી અને સમયે બહાર આવવું જોઇએ. કોઇએ આત્મહત્યા કરવાની કે આ પ્રકારના લોકો પાસેથી વ્યાજે રૂપિયા લેવાની જરૂરિયાત જ નથી. જયારે માણસ તકલીફમાં આવે ત્યારે સગા ભાઇઓ એનો ફોન ઊચકતાં બંધ થઇ જાય છે. મિત્રો દૂર જતાં રહેતાં હોય છે. આ દેશમાં કદાચ પહેલી વાર એવું થયું હશે કે ગરીબો અને મધ્યમવર્ગના નાગરિકોના બેલી એવા આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પોતે રાજ્યના ગરીબો અને મધ્યમવર્ગના નાગરિકો રોજગારી મેળવી શકે તે માટે આવા લોકોના સાક્ષી બને છે. બેંકમાં પોતે કરોડો ભારતીયોના ગેરેન્ટર બનીને સ્વનિધિ યોજનાના માધ્યમથી લોન અપાવવાનું કામ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે જ કેબિનેટમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સૌ મંત્રીશ્રીઓને કહ્યું કે, પોતપોતાના પ્રભારી વિસ્તારમાં સ્વનિધિ યોજનામાં હજી વધુમાં વધુ લોન અપાવવી જોઇએ. મારા કોગ્રેંસના બધા મિત્રો આજે જતા રહ્યા છે. આ યોજના અંગેનો સૌથી સારો નમૂનો કે એકઝામ્પલ જોવું હોય તો કોગ્રેંસ કાર્યાલયની બહાર કોઇ શાકભાજી અને કોઇ નારિયેળ વેચે છે, એની બહાર આગળના ભાગે એક સ્વનિધિ યોજનાનું લેબલ લાગેલ છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આ કામ કરે છે. આ કામ સમાજના બધા જ લોકો માટે છે. આપણે આમાં ટીમવર્ક તરીકે આગળ વધવું પડશે. આ કામમાં વ્યાજના દૂષણમાં કોણ ફસાય છે, એનું લેબલ ભારતીય જનતા પાર્ટી, કોગ્રેંસ કે આમ આદમી પાર્ટી ન હોઇ શકે એ માત્રને માત્ર ગુજરાતનો નાગરિક છે, એ જ જોઇને અમે લોકો કામ કરીએ છીએ અને કરવાના છીએ. જેને જેટલી રાજનીતિ કરવી હોય એ કરે પરંતુ આ કામગીરી આ જ રીતે ચાલશે. વ્યાજના આ દૂષણખોરો માટે કોઇ ગમે તેવા મુદ્દા ઊભા કરવાના પ્રયાસ કરશે પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં આ લડાઇ મજબૂતાઇથી ચાલશે અને આમાંના એકપણ દૂષણખોરોને છોડવામાં આવશે નહીં. જેને જે પ્રયાસ કરવા હોય તે કરે આમાં કોઇને છોડવામાં નહીં આવે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે વ્યાજખોરો માટેની માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ અને માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષભાઇની જે ડ્રાઇવ હતી એનો હું પણ સાક્ષી રહ્યો છું. આ વ્યાજખોરોના જે સકંજામાં આવે છે એ સામાન્ય રીતે એકદમ ગરીબ લોકો હોય છે અને એ લોકો એડવાન્સમાં એમના જમીન, મકાનના દસ્તાવેજો લખાવી લેતા હોય છે અને ઘરેણા હોય તો ઘરેણા પોતે લઇ લેતા હોય છે અને એના પછી એ ઘરેણા અને જમીનો તો જપ્ત કરી લે પણ એ પછી પણ ઉઘરાવવાનું ચાલુ રાખે અને માનસિક અને શારીરિક એટલો ત્રાસ આપે કે આખરે આપઘાત કરે. માનનીય હર્ષભાઇએ હમણાં એક દાખલો આપ્યો કે હમણાં આવી રીતે જમીન પાછી મેળવી પણ હું આપના મારફત કહેવા માગું છું કે આ ડ્રાઇવને કારણે પોલીસ સ્ટેશનમાં વ્યાજખોરોને જવું ના પડે એટલા માટે જેના દસ્તાવેજો થયેલા હોય એ દસ્તાવેજો રીવર્સ દસ્તાવેજ કરીને પાછા આપવાના દાખલાનો હું પોતે સાક્ષી રહ્યો છું કે મારે પોલીસ સ્ટેશનમાં નથી જવું, મારે પૈસા પણ પાછા નથી જોઇતા પણ મને આ દસ્તાવેજ રીવર્સ કરાવી દો. હું ઘરેણા પાછા આપી દઉં આવા હજારો દાખલા બન્યા છે અને એના મારી પાસે આવા દાખલાઓ આવેલા છે એના આધારે હું કહું છું. એ સિવાય પણ પોલીસે જે બીજી પ્રોએક્ટિવલી કામગીરી કરી છે એ એવી છે કે મારા પોરબંદરમાં તો ત્યાંના ડી.એસ.પી.એ બેંકોની સાથે મળીને લોન મેળો કરીને જેને પૈસા જોઇતા હતા એ લગભગ ૫૦૦–૬૦૦ લોકોને તો લોન પણ અપાવી તો હું આપના મારફત માનનીય ગૃહમંત્રીશ્રીને પૂછવા માગું છું કે ભલે આપણે આખું વર્ષ ડ્રાઇવ ચલાવીએ અને એની અસર ખૂબ સારી છે પણ કોઇપણ વર્ષની અંદર કોઇપણ સમયે એકાદ વખત સ્પેશિયલ ડ્રાઇવ કરાવી આમાંથી જો કોઇ થોડા ઘણા રહેતા હોય એમાંથી સંપૂર્ણ મુકિત મેળવવા માટે ડ્રાઇવ ચાલુ રાખવા માગો છો કે કેમ? અને બીજું કારણ કે આવા લાલચુ લોકોને થોડુંક દબાણ ઓછું થાય એટલે ફરી પાછું આવવાની ઇચ્છા થતી હોય છે અને બીજું જે

રીતે અમુક પોલીસ અધિકારીઓએ આ લોનમેળા કર્યા, બેંકો સાથે મળીને એક બીજાનો વિશ્વાસ વધારીને એવા લોનમેળાનું આયોજન કરીને લોકોને જે કાયદેસરની લોન મેળવવાની ચેનલ છે એમાં દાખલ કરાવવા માગો છો કે કેમ?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અર્જુનભાઇનો પ્રશ્ન ખૂબ મહત્ત્વનો છે. આ જે વિષય છે એ હું આપના માધ્યમથી સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું કે સન ૨૦૨૩માં માત્ર પોરબંદરમાં નહીં પરંતુ આખા ગુજરાતમાં જયારે આપણે આ વ્યાજ વિરુદ્ધ અભિયાન ચલાવતા હતા ત્યારે બધે જ લોનમેળા પણ સાથે કરેલા હતા અને રાજયમાં ૨૧૯૮૭ લોકોને અલગ અલગ યોજનાઓ થકી લાભ અપાવવામાં આવ્યો અને ૨૬૨ કરોડ રૂપિયાની લોન તાત્કાલિક એ જ લોન મેળાની અંદર વ્યાજખોરો વિરુદ્ધની ડ્રાઇવની અંદર અપાવવામાં આવી. એની સાથેસાથે પ્રધાનમંત્રી મુદ્રા યોજનાના માધ્યમથી લાભ અપાવવામાં આવ્યો, બાજપાઇ બેંકેબલ લોન યોજનાના, પી.એમ. સ્વનિધિ યોજનાથી, કિસાન સાથી યોજનાથી, પર્સનલ લોન યોજનાથી, મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાથી, વડાપ્રધાન રોજગાર નિર્માણ કાર્યક્રમથી, દંત્તોપંત ઠેંગડી કારીગર વ્યાજ સહાય યોજનાથી, જયોતિ ગ્રામ ઉદ્યોગ વિકાસ યોજનાથી, માનવ કલ્યાણ યોજનાથી, ઔદ્યોગિક સહકારી મંડળી પેકેજ યોજનાથી, આવી અનેક યોજનાઓ થકી લોકોને લાભ અપાવવામાં આવ્યો. માનનીય અર્જુનભાઇએ કહ્યું કે સમાજમાં જયારે ડર હોય ત્યારે બધું બંધ થઇ જાય એ ખૂબ સાચી વાત છે, અને જેવી ડ્રાઇવ ઢીલી પડે એટલે આવા લોકો પાછા આવી જતા હોય છે. આવા કિસ્સાઓ જે સન ૨૦૨૩માં થયેલા હતા એ કિસ્સાની અંદર અમને આ વિષય ધ્યાનમાં જરૂરથી આવ્યો અને વચ્ચે જયારે મુખ્યમંત્રીશ્રીએ રિવ્યુ બેઠક લીધી હતી ત્યારે અનેક કિસ્સાઓ એવા આવ્યા કે એ કિસ્સાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી કે ચાહે આ વિષયની અંદર પોલીસ જોડાયેલી હોય, કોઇ રાજકીય વ્યકિત હોય, કોઇ મીડિયાના વ્યકિત હોય કોઇપણ રિસોર્સફુલ વ્યકિત હોય આ બધા જ લોકો ઉપર હજી વધુ કડક પગલાં કઇ રીતે ભરી શકે અને એના પછી માત્ર આપણા રાજયમાં નહીં, પરંતુ દેશમાં ગુજરાત પહેલું રાજય છે જયાં વ્યાજખોરોની સામે પાસા દાખલ કરવામાં આવ્યા. હમણાં જ ગયા અઠવાડિયે સુરત શહેરમાં ૧૦ વ્યાજખોરો સામે પાસા દાખલ કરવામાં આવ્યા કારણ કે આ લોકો ઉપર કડકમાં કડક કાર્યવાહી થાય તો જ ભવિષ્યમાં ડર બેસે અને એ દિશાની અંદર જ અમે આગળ વધી રહ્યા છીએ. હવે આ ડ્રાઇવ પતી જાય પછી વ્યાજની જે અરજી આવે છે તો એ અરજી પોલીસ સ્ટેશનોમાં જ કોઇ વ્યકિતની પાસે પડી રહે, કોઇ અધિકારી પાસે પડી રહે, એ ના પડી રહે એ માટે એક સિસ્ટમ બનાવી છે અને એ સિસ્ટમ લાગુ પાડી છે. વ્યાજખોર વિરુદ્ધ અરજી આવી હોય તો એ કયા લેવલ સુધી જવી જોઇએ અને કેટલા દિવસમાં એ અરજી કિલયર થવી જોઇએ. આની સાથોસાથ સામાજિક દૂષણ બીજું એ સામે આવ્યું છે કે દરેક વ્યક્તિ, આપણા સમાજ જીવનમાં એક પરંપરા રહી છે કે નાની મોટી તકલીફમાં એકબીજાની મદદ કરતા હોય છે. પરંતુ દરેક વ્યક્તિ દરેક વસ્તુમાં એવું નથી હોતું કે રૂપિયા લેનાર ભોગ બન્યા હોય. ઘણીવાર એવા કિસ્સા બન્યા છે કે કોઇએ મદદ કરી હોય, કોઇ સામાજિક ચિંતા કરીને મદદ કરી હોય અને રૂપિયા આપનાર વ્યક્તિ પણ ભોગ બને છે. અધિકારીએ એવી ચિંતા કરી છે કે સમાજમાંથી લોકો એકબીજા પરથી વિશ્વાસ દૃઢ થવો જોઇએ એવા પ્રકારની ડ્રાઇવ ચલાવવી અને સમાજ વ્યવસ્થાને બચાવી રાખીને માત્ર દોષિત લોકો ઉપર કાર્યવાહી થાય એની પણ ચિંતા કરવામાં આવી રહી છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી પહેલાં તો સમગ્ર સભાગૃહ સમક્ષ માનનીય હર્ષભાઇ સંઘવી, એમના પિતાશ્રીનો સ્વર્ગવાસ થયો એ બદલ દિલસોજી પાઠવું છું અને મારી પાર્ટી વતી શ્રદ્ધાંજલિ પાઠવું છું. આ સમયમાં પણ એ વ્યાજખોરોના ત્રાસની ચિંતા કરે છે એના માટે એમને અભિનંદન પાઠવું છું. અમારા બોટાદ જિલ્લામાં છેલ્લા બે મહિનામાં બે મહિલાઓ અને એક પુરુષનું વ્યાજખોરોના ત્રાસથી દવા પીવાથી મૃત્યુ થયા છે. આવા અનેક કિસ્સા બોટાદ જિલ્લામાં ખૂબ ઊભા થયા છે. પોલીસ સંકલનમાં મેં પોતે હાજરી આપી છે અને અવાર-નવાર અધિક્ષકને રજૂઆત કરી છે. એમની ધરપકડ થાય પછી આવા લોકો જામીન લઇને છૂટી જતા હોય છે. આપના માધ્યમથી ગૃહમંત્રીશ્રીને વિનંતી કરું છું કે ફરી વખત એકને એક વ્યક્તિ ઉપર આવા વ્યાજખોરીના બે-ત્રણ ગુના થાય તો એના માટે સ્પેશિયલ કાર્યવાહી કરવા માગો છો કે કેમ? મોટા ભાગના વ્યાજખોરો પાસે લાઇસન્સવાળાં હથિયારો હોય છે તો એ હથિયાર પરવાના રદ કરવા માગો છો કે કેમ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હથિયારો તો તમારે ત્યાં ઘણા લોકોના રદ થવાના છે. અમે ડ્રાઇવ ચલાવી રહ્યા છીએ. કદાચ રાજ્ય નહીં દેશમાં અત્યાર સુધીમાં સૌથી ઓછાં હથિયાર લાઇસન્સ ગુજરાતમાંથી કદાચ ડબલ આંકડામાં હથિયાર લાઇસન્સ આપવામાં આવ્યા નથી. આ પ્રકારના લોકો પાસે હથિયારો ન હોવા જોઇએ. તમારો વિષય ખૂબ સાચો છે. આ વિષય ઉપર સંપૂર્ણ રીતે અમે ચિંતા કરીશું અને એકશન લઇશું. તમારા ધ્યાન ઉપર કોઇ વિષય હોય તો મારા ધ્યાને લાવજો તો ખૂટતી કાર્યવાહી કરાવીશું. આ લોકો છૂટી જાય છે એ બાબતે કોર્ટની પરંપરામાં આપણો લોકશાહી દેશ છે. એની વ્યવસ્થામાં કોર્ટ કોઇને જામીન આપી દે તો કોર્ટ સામે આપણે અમુક વિષયો આવે એ તમને ખબર છે. આપણા હાથ બંધાયેલા છે. સામાજિક રીતે દૂ:ખ થાય કે અનેક લોકોના જીવન બરબાદ કરનારાને જામીન મળી જાય. એ ચિંતા કરતાં કરતાં આપણે પાસાની કાર્યવાહી કરી છે. બોટાદ જિલ્લાના આંકડા લઇ લીધા છે અને તમને આપીશ કે કાર્યવાહી ક્યાં સુધી પહોંચી છે અને બાકી રહેતું હશે તો આજે જ કાર્યવાહી કરાવીશું.

શ્રાવણ ૩૧, ૧૯૪૬ શાકે

ટૂંકી મુદતના પ્રશ્નો

અકસ્માતે અવસાન પામનાર કોલેજના વિદ્યાર્થીઓના વાલીઓને સહાય

15/5/14 **શ્રી જયંતિભાઈ પટેલ** (માણસા): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૭/૨૦૨૪ની સ્થિતિએ અકસ્માતે અવસાન પામનાર કોલેજના વિદ્યાર્થીઓના વાલીઓને રાજ્ય સરકાર દ્વારા કઇ યોજના હેઠળ કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને | (૧) કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના અકસ્માતે અવસાન થાય તેવા વિદ્યાર્થીઓના વાલીઓને રાજ્ય સરકાર દ્વારા “શહીદવીર કિનારીવાલા” યોજના હેઠળ રૂ.૧,૦૦,૦૦૦/– (એક લાખ રૂપિયા)ની સહાય આપવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓના વાલીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) |

| | ૨૦૨૨–૨૩ | ૨૦૨૩–૨૪ |
|---|---|---|
| લાભાર્થીની સંખ્યા | ૧૪ | ૧૭ |
| ચૂકવેલ સહાય | ચૌદ લાખ | સત્તર લાખ |

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું ઉચ્ચ શિક્ષણ મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા.૩૧–૦૭–૨૦૨૪ સુધી કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું જો અકસ્માતે મૃત્યુ થાય તો સરકારે કેટલી સહાય ચૂકવી છે? છેલ્લાં બે વર્ષમાં આ યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવી? બીજી વાત કે વિરોધ પક્ષના મિત્રોએ ૨૦ મિનિટ ગૃહનો સમય બગાડ્યો અને ૩૦ મિનિટનો સંયમ ન રાખ્યો. આપના કહેવા છતાં ૩૦ મિનિટ સંયમ ન રાખી શકતા હોય તો એમને સમય ફાળવતા હોવા છતાં આવું કરતાં હોય તો એ વાજબી નથી.

અધ્યક્ષશ્રી : સીધો પ્રશ્નનો જવાબ આપવાનો છે. કોંગ્રેસવાળો જવાબ અપાઇ ગયો છે.

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચ શિક્ષણની અંદર વિદ્યાર્થીઓ કોલેજમાં દાખલ થાય અને આશરે પથી ૬ લાખ વિદ્યાર્થીઓ આ વીમા યોજનાની અંદર સને ૨૦૦૦ની અંદર આવરી લેવામાં આવ્યા છે. આ યોજનાનું નામ છે શહીદ વીર કિનારીવાલા વિદ્યાર્થી સુરક્ષા જૂથ વીમા યોજના. ગૃહને હું એક માહિતી આપી દઉં કે શહીદ વીર કિનારીવાલા વિદ્યાર્થી સુરક્ષા જૂથ વીમા યોજના એટલા માટે નામ આપવામાં આવ્યું છે કે આઝાદીની ચળવળની અંદર આ યુવાન વીર કિનારીવાલા જયારે શહીદ થયા હતા ત્યારે એમની યાદમાં આ યોજનાનું નામ આપવામાં આવ્યું છે. માનનીય સભ્યશ્રીએ જે સવાલ પૂછ્યો એના અનુસંધાને વર્ષ ૨૦૨૨–૨૩માં ૧૪ વિદ્યાર્થીઓ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા એમને રૂપિયા ૧૪ લાખ અને વર્ષ ૨૦૨૩–૨૪માં ૧૭ વિદ્યાર્થીઓ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા એમને રૂપિયા ૧૭ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થીની આવક મર્યાદા કોઇ નકકી કરવામાં આવી છે? અને આવી હોય તો શું છે? અને આનો લાભ લેવા માટેની પ્રક્રિયા શું છે?

શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે કે આવક મર્યાદા શું છે? પરંતુ આ યોજનાની અંદર કોઇપણ પ્રકારની આવકમર્યાદા કે દાખલાની કે કોઇ પ્રોસેસની જરૂર પડતી નથી. કોઇપણ વિદ્યાર્થીનું અકસ્માતમાં મૃત્યુ થયું હોય ત્યારે ૯૦ દિવસમાં કોલેજની અંદર દરેક કોલેજમાં એક નોડલ ઓફિસરની નિમણૂક કરવામાં આવી છે એ એમને અરજી કરે અને આ અરજી કરવાથી કોઇપણ વિદ્યાર્થીનું અકસ્માતમાં મૃત્યુ થયું હોય એવા વિદ્યાર્થીને આ યોજનાનો લાભ પ્રાપ્ત થાય છે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી આપની પાસેથી જાણવા માગું છું કે વિદ્યાર્થી અકસ્માતના કિસ્સામાં કાયમી ખોડખાંપણ થાય તો એને આ યોજનાનો લાભ મળે છે કે કેમ?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં માત્ર મૃત્યુ થયું હોય એમને વીમા યોજનાનો લાભ મળે છે એવું નથી. કોઇપણ બે અંગ એ વિદ્યાર્થીના ખોડખાંપણવાળા થયા હોય અથવા અકસ્માતમાં જતા રહ્યા હોય તો એને પૂરેપૂરું એક લાખ રૂપિયાના વીમા કવચમાં આવરી લેવામાં આવે છે અને કોઇપણ એક અંગ ડેમેજ થયું હોય અથવા તો નુકસાન પામ્યું હોય એને રૂપિયા ૫૦,૦૦૦ એટલે કે ૫૦ ટકા વીમાનો લાભ મળે છે.

તા. ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૪

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬)**

શ્રી અમિત ચાવડા --- માનનીય સભ્યશ્રીને ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરેલ હોવાથી સૂચના હાથ ધરી શકાયેલ નથી.

**વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

**સન ૨૦૨૨–૨૩નો ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) **:** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૨૨–૨૩નો ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(પાણી પુરવઠા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૨૩–૨૪નો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી મુળુભાઇ હ.બેરા (આયર) (પર્યાવરણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૨૨–૨૩ના ગુજરાત મેરીટાઇમ બોર્ડના વાર્ષિક હિસાબો તથા નિવેદન**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૨૨–૨૩ના વાર્ષિક હિસાબો અને આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૨૩–૨૪ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયેના પત્રકો**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી**,** હું સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયે**,**

(ક) નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન રાજ્ય સરકારે જે તે સંસ્થા વતી આપેલ બાંહેધરીઓની વિગતો દર્શાવતું પત્રક–૧

(ખ) બાંહેધરી આપનારની રૂએ જે તે સંસ્થા વતી સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન ચૂકવેલ રકમની વિગતો દર્શાવતું પત્રક–૨

(ગ) બાંહેધરી આપનારની રૂએ જે તે સંસ્થા વતી સરકારે ચૂકવેલ રકમ પૈકી નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન જે તે સંસ્થાથી વસૂલ કરેલી વસૂલાતની વિગતો દર્શાવતું પત્રક–૩ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**બાંહેધરી પત્રકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**નાણાકીય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી**

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. ગુજરાત વિધાનસભાની સન ૨૦૨૪–૨૫ના વર્ષ માટેની જાહેર હિસાબ સમિતિ ઉપર ખાલી પડેલ બે સભ્યો અને પંચાયતી રાજ સમિતિ ઉપર ખાલી પડેલ એક સભ્યની ચૂંટણી માટે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

- નામ–નિર્દેશનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમયઃ સોમવાર તા.૦૨–૯–૨૦૨૪ સાંજના ૬.૦૦ વાગ્યા સુધી.
- નામ–નિર્દેશનપત્રોની ચકાસણી, તારીખ, સમય અને સ્થળઃ મંગળવાર તા.૩–૦૯–૨૦૨૪ બપોરે ૩.૦૦ વાગે, સ્થળઃ સંયુકત સચિવ શ્રીમતી રીટા મહેતાની ચેમ્બરમાં.

- નામ–નિર્દેશનપત્રો પાછા ખેંચી લેવાની છેલ્લી તારીખ અને સમયઃ સોમવાર તા.૦૯–૦૯–૨૦૨૪ બપોરના ૩.૦૦ વાગ્યા સુધી.
- મતદાન જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ પાછળથી જાહેર કરવામાં આવશે.
- આ ચૂંટણી માટેના નામ–નિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમ્યાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલ સમિતિ શાખા–૧માંથી મળી શકશે.

**વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

**અંદાજ સમિતના ચોથા અહેવાલની રજૂઆત**

શ્રીમતી મનીષા રા. વકીલ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજ સમિતિનો ચોથો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિના પ્રથમ અહેવાલની રજૂઆત**

શ્રી અલ્પેશ ખો. ઠાકોર (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પંદરમી ગુજરાત વિધાનસભાની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિનો તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના પ્રથમ અહેવાલમાં કરવામાં આવેલ ભલામણો ઉપર સરકારે લીધેલાં પગલાની પૂર્ણ કરેલ તપાસનો પ્રથમ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**જાહેર સાહસો માટેની સમિતિના ચોથા અહેવાલની રજૂઆત**

શ્રી ગણપતસિંહ વે. વસાવા (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર સાહસો માટેની સમિતિનો ચોથો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**વૈધાનિક પ્રસ્તાવ (નિયમ–૧૦૦)**

**ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૫૨(૧) અન્વયેનો પ્રસ્તાવ**

**પાણી(પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ, ૨૦૨૪ નો અમલ કરવા અંગે**

શ્રી મુળુભાઇ બેરા (વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે,

"WHEREAS the Parliament had enacted the Water (Prevention and Control of Pollution) Amendment Act, 2024 (No. 5 of 2024) notified on 15.2.2024.

AND WHEREAS the Amendment Act shall apply, in the first instance, to the whole of the States of Hmachal Pradesh and Rajasthan and the Union Territories and it shall apply to such other States which will adopt this Act, by passing a resolution in their legislative assemblies and legislative councils (if any) under clause (1) of article 252 of the Constitution read with clause (2) thereof, with effect from the date of such adoption.

AND WHEREAS, the aim of this Amendment Act is to decriminalize the provisions of the original Act "Water (Prevention and Control of Pollution) Act, 1974" {6 of 1974} to facilitate ease of doing business in the country and to streamline the process of nomination of Chairman of State Pollution Control Boards.

AND WHEREAS it appears to this Legislative Assembly to be desirable that the aforesaid Amendment Act should be adopted in the State of Gujarat by passing a resolution in this house.

NOW, THEREFORE in exercise of the powers conferred by Article 252 of the Constitution of India, this House hereby resolves that the amendments with respect to the Water (Prevention and Control of Pollution) Amendment Act, 2024 (No. 5 of 2024) should be adopted in the State of Gujarat as enacted by the Parliament."

ગુજરાતી અનુવાદ

''સંસદે, પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ, ૨૦૨૪ (સન ૨૦૨૪નો ક્રમાંક: ૫) અધિનિયમિત કર્યો હતો, જે તા. ૧૫.૨.૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવ્યો.

અને સુધારા અધિનિયમ, શરૂઆતના તબક્કામાં, હિમાચલ પ્રદેશ અને રાજસ્થાનના સમગ્ર રાજ્યોને અને કેન્દ્રશાસિત પ્રદેશોને લાગુ પડશે અને સંવિધાનના અનુચ્છેદ ૨૫૨–ના ખંડ (૨) સાથે વાંચતા તેના ખંડ (૧) હેઠળ જે રાજ્યો પોતાની વિધાનસભામાં અને વિધાન પરિષદ (કોઇ હોય, તો તે)માં ઠરાવ પસાર કરીને આ અધિનિયમ સ્વીકારશે, તેવા બીજા તમામ રાજ્યોને આવી રીતે (અધિનિયમ) સ્વીકાર્યાની તારીખથી તે લાગુ પડશે.

અને આ સુધારા અધિનિયમનો ઉદ્દેશ મૂળ અધિનિયમ "પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૭૪" (સન ૧૯૭૪ના ૬ઠ્ઠા)ની જોગવાઇઓને બિન–ગુનાહિત કરવાનો છે, જેથી કરીને દેશમાં કામકાજ સરળ બને અને રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં અધ્યક્ષની નામનિયુક્તિની પ્રક્રિયા સરળ બને.

અને આ વિધાનસભાને ઉપર્યુક્ત સુધારા અધિનિયમ, આ ગૃહમાં ઠરાવ પસાર કરીને ગુજરાત રાજ્યમાં સ્વીકારવાનું ઇચ્છનીય જણાય છે.

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૫૨ થી મળેલી સત્તાની રૂએ, આ ગૃહ, આથી, ઠરાવે છે કે સંસદ દ્વારા અધિનિયમિત કર્યા મુજબનો પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ, ૨૦૨૪ (સન ૨૦૨૪નો ક્રમાંક–૫મો) સંબંધિત સુધારા સાથે ગુજરાત રાજ્યમાં સ્વીકારવો જોઇએ.''

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી મુળુભાઇ હ. બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રસ્તાવનો હેતુ દર્શાવતી વાત મારે કરવી છે. સંસદ દ્વારા જન વિશ્વાસ જોગવાઇનો સુધારો અધિનિયમ–૨૦૨૩ ઘડવામાં આવ્યો. જન વિશ્વાસ જોગવાઇઓનો સુધારો અધિનિયમ–૨૦૨૩માં દંડ અને વધારાના દંડ સાથે અવેજી કરીને તેના આંશિક રૂપે અપરાધબુક કરવા માટે ૪૨ અધિનિયમની કુલ–૧૮૩ જોગવાઇઓમાં સુધારો કર્યો. જન વિશ્વાસ જોગવાઇનો સુધારો અધિનિયમ–૨૦૨૩માં સંપૂર્ણપણે ઔદ્યોગિક ક્ષેત્રોને લગતા અધિનિયમોમાં સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જન વિશ્વાસ જોગવાઇઓમાં સુધારો જે અધિનિયમ–૨૦૨૩માં સુધારેલા ૪૨ અધિનિયમોમાં હવા પ્રદૂષણ અને નિયંત્રણ અધિનિયમ–૧૯૮૧ ટૂંકમાં આવા અધિનિયમ ૮૧ પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ ૧૯૮૬ ટૂંકમાં ઇપીએ–૮૬ અને પબ્લિક લાયાબિલિટી અધિનિયમ–૧૯૯૧ના ત્રણ અધિનિયમોને આવરી લેવામાં આવ્યા છે. ઉપરોકત અધિનિયમો અને સંશોધિત જોગવાઇઓ ૧લી એપ્રિલ–૨૦૨૪ના રોજથી અમલમાં આવેલ છે અને તેના મુખ્ય સુધારામાં અમુક જોગવાઇઓનું ઉલ્લંઘન અથવા પાલન કરવા ઉપર નિર્ણાયક અધિકારી દ્વારા દંડ લાદવામાં આવશે જે કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલ પર્યાવરણ સુરક્ષા ફંડમાં જમા કરાવવામાં આવશે. પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ અધિનિયમ–૧૯૭૪ એ રાજયમાં પ્રદૂષણ નિયંત્રણ અને નિવારણ માટેનો ત્રીજો આધાર સ્તંભ છે. તેથી જન વિશ્વાસ જોગવાઇઓમાં સુધારો અધિનિયમ–૨૦૨૩ હેઠળ કરેલ સુધારો હવા પ્રદૂષણ, નિવારણ અને નિયંત્રણ અધિનિયમ–૧૯૮૧ અને પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ–૧૯૮૬ની શરતોને ઢાળવામાં આવે તે જરૂરી હતું. આ બાબતે પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ સુધારા અધિનચમ–૨૦૨૪ એ તારીખઃ ૬–૨–૨૦૨૪ના રોજ રાજયસભામાં અને તારીખઃ ૮–૨–૨૦૨૪ના રોજ લોકસભામાં પસાર કરવામાં આવેલ છે. તારીખઃ૧૫–૨–૨૦૨૪ના રોજ ગેઝેટ ઓફ ઇન્ડિયામાં પ્રસિદ્ધ પણ કરવામાં આવ્યું છે. પાણી જે વિષય છે તે આ રાજયની યાદીમાં આવે છે અને તેથી ભારતીય સંવિધાનના અનુચ્છેદ–૨૫૨ હેઠળ પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ (સુધારા) અધિનિયમ–૨૦૨૪ની જોગવાઇનો રાજ્ય સરકાર દ્વારા સ્વીકાર કરવા વિધાનસભામાં પસાર કરવો જરૂરી છે. અગાઉ સંસદ દ્વારા ઘડવામાં આવેલ પાણી પ્રદૂષણ નિવારણ અધિનિયમ–૧૯૭૪ આ વિધાનસભામાં પસાર કરવામાં આવ્યો હતો. પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ અધિનિયમ–૨૦૨૪માં સૂચિત મહત્ત્વના ફેરફારોમાં ઉદ્યોગોને વેગ આપવામાં આવશે એટલું જ નહિ પરંતુ આ ફેરફારો પર્યાવરણના સંરક્ષણની દિશામાં પણ મદદરૂપ સાબિત થશે. આ ફેરફારોના કારણે આપણા દેશમાં ઔદ્યોગિક એકમોની સ્થાપના, સંચાલન અને પરવાનગીઓના ઉલ્લંઘન પર કાર્યવાહી કરવા વગેરેની પ્રક્રિયા સરળ અને સહજ બનાવવામાં આવશે. આ અધિનિયમ હેઠળ સામાન્ય ભૂલો માટે ઉદ્યોગ સાહસિકોને જેલની સજાને આંશિકપણે દૂર કરવા માટેનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. પાણી પ્રદૂષણ નિવારણ અધિનિયમ–૧૯૭૪ હેઠળની જે જોગવાઇઓ છે એમાં કલમ–૪૧થી ૪૫ (એ), કલમ–૪૭ અને કલમ–૪૮ સુધી વિવિધ નાની–નાની બાબતો માટે સજાની જોગવાઇઓ છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. હવે નવા સુધારામાં કલમ–૨૫ અને ૨૬ની જોગવાઇઓના ઉલ્લંઘન માટેના દંડ અથવા વધારાના દંડ ઉઘરાવવામાં નિષ્ફળતા સિવાયની તમામ જોગવાઇઓમાંથી કેદની સજાની જોગવાઇને નાબૂદ કરવામાં આવી છે. આ કાયદા હેઠળ ત્રણ મુખ્ય બાબતો છે. બોર્ડના અધ્યક્ષની લાયકાતો અને એના માટેની પ્રક્રિયા આખા દેશમાં એકસરખી હોય એ સુનિશ્ચિત કરવાનું છે. આ સુધારો કલમ–(૪) હેઠળ કરવામાં આવ્યો છે. કલમ–(૪)માં જે સુધારો છે એ રાજ્યના બોર્ડના અધ્યક્ષની નિષ્પક્ષ અને પારદર્શક નિમણૂક સુનિશ્ચિત કરે છે. તેમના માટે ચોક્કસ ફરજિયાત લાયકાત/અનુભવ અને પ્રક્રિયા પૂરી પાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ સુધારામાં એક મહત્ત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. એમાં મેં અગાઉ મારા નિવેદનમાં કહ્યું એમ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના પ્રોત્સાહન માટે બિનજરૂરી દંડની જોગવાઇઓ દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે અને તેની કલમ–૨૫ અને ૨૬ને છોડીને બીજી બધી જોગવાઇઓ કે જે કોર્ટમાં સજા આપવાની જોગવાઇ હતી તે દૂર કરવામાં આવેલ છે અને એના કારણે ન્યાયતંત્રમાં પણ ભારણ ઘટશે.

પર્યાવરણના કાયદાનો ભંગ કરનાર કસૂરવાર ઉદ્યોગ પર દંડ લાદવા માટે એક નિર્ણાયક અધિકારીની નિમણૂક પણ આ સુધારા પછી કરવામાં આવશે. દંડ ભરવામાં નિષ્ફળતાના કિસ્સાઓમાં કેટલીક જોગવાઇઓ પણ કરવામાં આવી છે. દંડની રકમ માટે પર્યાવરણીય દંડ બનાવવાની જોગવાઇ કરવામાં આવી છે એમાં જો કોઇને લાગે કે તેમને વધારે દંડ થયો છે તો એ એચ.જી.ટી.માં અપીલ પણ કરી શકે એ પ્રકારની સુધારામાં જોગવાઇ કરી છે. સ્વનિયમન અમલમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે. હાલમાં રાજ્યમાં ઉદ્યોગ સ્થાપવા માટે વિવિધ પરવાનગી લેવા માટેની પ્રક્રિયામાં એકસૂત્રતા જળવાતી નહોતી. આ સુધારાથી ઉદ્યોગો માટેની પરવાનગીની પ્રક્રિયા સુવ્યવસ્થિત કરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે. પ્રદૂષણ ક્ષમતા ધરાવતા ઉદ્યોગોમાં વ્હાઇટ કેટેગરીના ઉદ્યોગોને વિવિધ પરવાનગીમાંથી મુક્તિ આપવામાં આવી છે. જેના કારણે રાજ્યમાં આ પ્રકારના ઉદ્યોગો સ્થાપવા માટેની પ્રક્રિયા સરળ થશે. આ સુધારા થકી કેન્દ્ર અને રાજ્ય સરકારમાં મેળવવાની થતી કેટલીક અલગ–અલગ સંમતિનું ડુપ્લિકેશન થતું હતું. નિયમનકારી સંસ્થાઓ પરનો બોજ ઘટશે. કેન્દ્ર સરકાર પર કોઇ પણ ઔદ્યોગિક પ્લાનની સ્થાપના અને સંચાલન માટે રાજ્ય મોડ દ્વારા સંમતિને નકારવા અથવા રદ કરવા સંબંધિત બાબતો ઉપર માર્ગદર્શિકા બનાવવા માટે અધિકૃત કરશે. આવી તમામ પ્રક્રિયાઓ દરેક રાજ્યમાં એકસમાન રીતે લાગુ પડે છે. જે ઉદ્યોગો એક કરતાં વધુ રાજ્યમાં પોતાના ઔદ્યોગિક એકમો ધરાવે છે તેને હવે દરેક રાજ્યમાં વિભિન્ન પદ્ધતિની સાપેક્ષમાં એકસરખી પદ્ધતિથી કામ કરવાની સુગમતા રહેશે. તમામ રાજ્યની પ્રક્રિયામાં એકસૂત્રતા જળવાશે. આત્મનિર્ભર ભારત અને દેશમાં વેપાર કરવા માટેની સરળતા વધારવા માટે આ મહત્ત્વપૂર્ણ પરિવર્તન સાબિત થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મેં આ સુધારાની જોગવાઇઓ ગૃહમાં રજૂ કરી છે. આ સન્માનનીય ગૃહના બધા સભ્યો સમર્થન આપે અને પોતાના વિચારો રજૂ કરે અને પ્રસ્તાવને સર્વાનુમતે સ્વીકારે તેવી વિનંતી કરું છું.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ મંત્રીશ્રી જે પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ, ૨૦૨૪નો પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી એ આપણા જીવનનું અનિવાર્ય અંગ છે. પાણી વગર જીવન શક્ય જ નથી. પાણી એ પ્રકૃતિ તરફથી માનવને મળેલી એક અમૂલ્ય ભેટ છે. આપણી પૃથ્વીના ચાર ભાગમાંથી એક ભાગ પાણીનો છે. જેમાંથી પણ પીવાના પાણીની ખૂબ ઓછી માત્રા છે. પૃથ્વી પર પીવાના પાણીના મુખ્ય સ્ત્રોતમાં નદી, તળાવ, કૂવા વગેરેનો સમાવેશ થાય છે. તેના ઉપરાંત વપરાશમાં વપરાતું પાણી પીવા માટે, રાંધવા માટે અને ન્હાવા માટે તેમજ સફાઇ માટે આ પાણીની જરૂર પડતી હોય છે. આ પાણીને આપણે સ્વચ્છ અને પ્રદૂષણ રહિત નહીં રાખીશું તો આવનાર સમયમાં ખૂબ મોટા પ્રમાણમાં પાણીની અછત ઉપલબ્ધ થઇ શકે છે અને તેના માટે પાણી વપરાશમાં નિયંત્રણ લાવવું, પાણીના પ્રદૂષણમાં નિયંત્રણ લાવવું ખૂબ જરૂરી બન્યું છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પણ પાણીનું પ્રદૂષણ અટકાવવા માટે નિયંત્રણ લાવવા ખૂબ પ્રયત્નશીલ છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા પણ 'મન કી બાત'માં વરસાદી પાણીનો બચાવ અને સંચય થાય તે માટે કૂવા રિચાર્જ, બોરિંગ રિચાર્જ તેમજ વૉટર હાર્વેસ્ટિંગ કરવા માટે ભાર મૂકવામાં આવ્યો હતો. જે અંતર્ગત હું જે સુરત શહેરમાંથી આવું છે તે સુરત શહેર અને જિલ્લામાં જળસંચય મહાઅભિયાન તરીકે લેવામાં આવ્યું છે. તેની શરૂઆત સુરત જિલ્લાથી કરવામાં આવી રહી છે. જેમાં સુરત ગ્રામ્યમાં જિલ્લા પંચાયત, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સહકારી સંસ્થાઓ તેમજ સીએચઆર ફંડમાંથી પણ આશરે બે હજાર જેટલાં કૂવા પીટ રિચાર્જ તેમજ વૉટર હાર્વેસ્ટિંગ કરવામાં આવનાર છે તેમજ સુરત શહેરમાંથી આશરે એક હજાર જેટલાં કૂવા પીટ રિચાર્જ કરવામાં આવનાર છે. તેનાથી વરસાદનું પાણી વહી ન જાય અને જમીનમાં ઉતરે અને જેનાથી પાણીના સ્તર ઊંચા આવે અને પાણીની ગુણવત્તા સુધરશે અને આવી રીતે પાણીનું પ્રદૂષણ અને નિયંત્રણ કરવા માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પ્રયત્ન કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પૃથ્વી પર જીવનનો ઉદભવ જળમાંથી થયો છે. હકીકતમાં જળ એ જીવનની પહેલી શરત છે અને એટલા માટે "**इदम जलं तस्मेय स्वधन मम**" અર્થાત આ જળ હું સમર્પિત કરું છું દેશવાસીઓને, સુરતવાસીઓને અને આપણા ગુજરાતવાસીઓને. કેમ કે, આપણા દેશ માટે પાણી એ ઘણું મહત્ત્વપૂર્ણ સંકટ સંશાધન છે. વરસાદની મોસમી પ્રક્રિયાએ જળસંકટને વધારે ઘેરું બનાવ્યું છે. પાણીના ઉપયોગની યાદી ઘણી લાંબી હોય છે. પાણીની પ્રાપ્તિનો મૂળ સ્ત્રોત પૃથ્વી ઉપર વરસાદ છે. ચાલુ સાલે કુદરતે મહેર તો વરસાવી છે, વરસાદરૂપી કાચું સોનું વરસે છે પરંતુ આપ જાણો છો તેમ દર વર્ષે એકસરખો વરસાદ થતો નથી. આવા નબળા સમયને બચાવવા માટે જળસંગ્રહ તરફ વળવા અને જળસંપત્તિના ટીંપે ટીંપાનું મૂલ્ય સમજી આ અમૂલ્ય સંપત્તિનો કરકસરયુક્ત આયોજનપૂર્વક ઉપયોગ કરવાનું આપણે કેમ ભૂલીએ. અર્થશાસ્ત્રમાં વસ્તુના મૂક વસ્તુ અને આર્થિક વસ્તુ એવા બે પ્રકારો પાડવામાં આવ્યા છે. તેમાંથી પાણીને મૂક વસ્તુ ગણવામાં આવે છે. આથી, પાણી આપણને સાવ મફત જ મળવું જોઇએ એવી લોકોની માન્યતા છે. શહેરી વિસ્તારોમાં અને ગ્રામીણ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામપંચાયતો દ્વારા લોકો પાણીની મફત માંગણી કરે છે, પરંતુ ખાનગી ક્ષેત્રો દ્વારા અપાતું પાણી પીવાલાયક ન પણ હોય. આ માટે લોકો ઊંચી કિંમત પણ આપવા તૈયાર થાય છે. શહેરો અને ગામડાઓમાં પીવાના પાણીનો જેટલો ઉપયોગ થાય છે તેનાથી વધારે તેનો દુરુપયોગ થાય છે. ગાંધીજીએ કહ્યું હતું કે, 'સંપત્તિનો વ્યય કરવો એ સારી બાબત છે પરંતુ દુર્વ્યય કરવો એ હિંસા છે.' આવી મહામૂલી કુદરતી

સંપત્તિનું જતન કરવાનું તો આપણે સાવ ભૂલી જ ગયા છીએ. આપણે જાગવું પડશે. અત્રે એ વાત સ્મરણમાં લેવા જેવી છે કે, ભૂતકાળમાં પાણીના પ્રશ્ને ઘણા સંઘર્ષો થયા છે અને કેટલીયવાર લોહિયાળ યુદ્ધો પણ ખેલાયા છે. આજેપણ કેટલાક વિસ્તારોમાં પાણી માટે લોકો ખૂબ પ્રયત્નશીલ થઇ રહ્યા છે ત્યારે ગુજરાત અને રાજસ્થાન જેવા રાજ્યોની વચ્ચે પણ નર્મદા નીર માટે સંઘર્ષો ઊભા થયા હતા. મારે કહેવું છે કે, પાણીમાં પ્રદૂષણ ખૂબ વધી રહ્યું છે ત્યારે વિકાસની આંધળી દોટ પાછળ આપણે પર્યાવરણને ભૂલી ગયા છીએ. આ વિકાસ વિનાશમાં ન ફેરવાય તે માટે આપણે પ્રયત્નશીલ રહીએ. આજે જળને અનેકરીતે પ્રદૂષિત કરવામાં આવી રહ્યું છે. આપણા દેશમાં પર્યાવરણ સાથે શ્રમ અને સામાજિક આર્થિક બાબત પણ જોડાયેલી છે. માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છે એ ખૂબ જરૂરી છે. એટલા માટે સંસદ દ્વારા તાજેતરમાં જન વિશ્વાસ જોગવાઇ સુધારા અધિનિયમ–૨૦૨૩ ઘડવામાં આવ્યો હતો.

**માનનીય સભાપતિશ્રી ડૉ. સી.જે.ચાવડા અધ્યક્ષસ્થાને**

જન વિશ્વાસ જોગવાઇ સુધારા અધિનિયમ–૨૦૨૩માં દંડ અને વધારાના દંડ સાથે અવેજી કરીને તેને આંશિકરૂપે અપરાધમુક્ત કરવા માટે ૧૯ કેન્દ્રીય મંત્રાલયો દ્વારા સંચાલિત ૪૨ અધિનિયમની કુલ ૧૨૩ જોગવાઇઓમાં સુધારો કરવામા આવ્યો છે. જેમાં હવા પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ અધિનિયમ–૧૯૮૧ અને પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ–૧૯૮૬ સામેલ છે. આથી, પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ અધિનિયમ–૧૯૭૪ એ રાજ્યમાં પ્રદૂષણ નિવારણ નિયંત્રણ અને નિવારણ માટેનો ત્રીજો આધારભૂત સ્તંભ છે. જેથી જન વિશ્વાસ જોગવાઇ સુધારા અધિનિયમ–૨૦૨૩ની રીતે ઢાળવા માટે પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ અધિનિયમ–૧૯૭૪ની જોગવાઇમાં સુધારો કરવામાં આવ્યો છે. આ પ્રસ્તાવમાં સંપૂર્ણપણે ઔદ્યોગિક ક્ષેત્રોમાં લગતા અધિનિયમોમાં સુધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ પ્રસ્તાવ અંતર્ગત કેન્દ્ર સરકાર કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સાથે પરામર્શ કરીને સત્તાવાર ગેઝેટમાં નોટિફિકેશન દ્વારા ઔદ્યોગિક પ્લાન્ટસની અમુક શ્રેણીઓને કન્સેપ્ટ મેળવવાની જોગવાઇમાંથી મુક્તિ આપી શકે એમ છે. જેમાં પોલ્યુશનની માત્રા ઓછી હોય તેવા વ્હાઇટ કેટેગરીના એકમોને કોમન કન્સેન્ટ મેળવવામાંથી મુક્તિ આપવામાં આવશે અને આ બાબતે કેન્દ્રસરકાર દ્વારા નિયમ પ્રકાશિત કરવામાં આવશે. આ પ્રસ્તાવ હેઠળ કેન્દ્ર સરકાર કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સાથે પરામર્શ કરીને કન્સેન્ટ અરજીના સમયબદ્ધ નિકાલ અથવા માન્યતાના સમયગાળા સહિત કોઇપણ ઉદ્યોગોની સ્થાપના માટે કોઇપણ રાજ્ય બોર્ડ દ્વારા મંજૂરી આપવા નામંજૂર કરવા અથવા રદ કરવા સંબંધિત બાબતો પર આદેશો જારી કરી શકે છે. રાજ્યમાં જોખમી કચરા તથા અન્ય કચરાનો વૈજ્ઞાનિક ઢબે સિમેન્ટ ઉદ્યોગમાં વૈકલ્પિક બળતણ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. આ બાબતને કો–પ્રોસેસિંગ તરીકે ઓળખવામાં આવે છે. પ્રોસેસિંગ થકી ઇંધણ અને કુદરતી સંશાધનોમાં બચત કરવામાં રાજ્ય અગ્રેસર છે. સિમેન્ટ ઉદ્યોગમાં આશરે ૬.૦૨૩ મિલિયન મેટ્રિક ટન કો–પ્રોસેસિંગ થકી જોખમી અને અન્ય કચરાનો નિકાલ કરવામાં આવે છે. ગુજરાત રાજ્ય માત્ર ઔદ્યોગિક વિકાસમાં જ અગ્રેસર નથી પરંતુ, રાજ્ય દ્વારા પ્રદૂષણ નિયંત્રણ અને સર્કયુલર ઇકોનોમીને પ્રવેગ આપવા માટે સંખ્યાબંધ પગલાં લેવામાં આવે છે. એટલા માટે પાણી પ્રદૂષણ અટકાવવું જોઇએ એ એની જરૂરિયાત છે. પાણીની બચત કેવી રીતે થાય? એ દેશવાસીઓ અને ગુજરાત રાજ્યના બધા જ નાગરિકોની તાતી જરૂરિયાત છે. નહીંતર, આવનારા સમયમાં પાણીની ખૂબ જ અછત પડશે. માનનીય મંત્રીશ્રી મુળુભાઇ બેરા સાહેબ પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણનો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

શ્રી મહેશ કસવાલા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પર્યાવરણ મંત્રીશ્રી પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ સુધારા અધિનિયમ ૨૦૨૪નો પ્રસ્તાવ લાવ્યા છે, તેને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી આપણા જીવનનું એક અમૂલ્ય અંગ છે. મારા અગાઉના વક્તા બહેનશ્રીએ પણ એનો ઉલ્લેખ કર્યો છે. કારણ કે, આપણને કેટલીક વખત ઊંઘ આવતી નથી. સવારમાં નળમાં પાણી આવવાનું નથી એવી જો જાણકારી મળે તો રાત્રે ઊંઘ ન આવે. ઘરની સંપત્તિ ગમે તેટલી હોય છતાં માનવજીવન માટે પાણીની આટલી અનિવાર્યતા છે. એટલે જ એવું કહેવાય છે કે જળ છે એ જીવન છે. કારણ કે, માણસનું શરીર ૬૦ ટકા પાણીનું બનેલું છે. જો એમાંથી પાણી ઓછું થાય તો ઓક્સિજન ઘટે અને કેવા પ્રકારની સ્થિતિ થાય એ આપણે બધા જ જાણીએ છીએ. એક રિસર્ચ પ્રમાણે પૃથ્વી ઉપર કેટલું પાણી છે? એના ઉપર હું પ્રકાશ પાડવા માગું છું. વાયકાઓ એવી છે કે પૃથ્વી ઉપર ખૂબ પાણી છે. મોટા પ્રમાણમાં સમૃદ્રો, મોટા પ્રમાણમાં નદી અને નાળાં પરંતુ હું આ તબક્કે કહેવા માગું છું કે, એ ૧.૩૭૬ બિલિયન ક્યુબિક કિ.મી. જેટલું કુલ પાણી જે પૃથ્વી ઉપર છે એનું ૯૭.૫ ટકા પાણી પીવાલાયક કે વાપરવાલાયક નથી. માત્ર અઢી ટકા પાણી પીવા અને વાપરવા લાયક છે. એ અઢી ટકામાં પણ અડધું પાણી એટલે કે સવા ટકા પાણી તો બરફવાળું છે, બરફની નદીઓમાં છે તેથી આપણે એનો ઉપયોગ કરી શકતા નથી. ખૂબ ઓછી માત્રામાં જે પાણી છે એ પાણી આપણે વાપરી શકીએ અને જીવનનિર્વાહ માટે ઉપયોગ કરી શકીએ એટલા માટે એ પાણીમાં થતું પ્રદૂષણ અને તેનો વ્યય અટકાવવો તથા એના ઉપર નિયંત્રણ લાવવું અતિ આવશ્યક છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે અગત્યના સુધારા સાથે પાણી સુધારણા પ્રસ્તાવ માનનીય પ્રભારી મંત્રીશ્રી લાવ્યા છે તો એ તબક્કે મારે કહેવું છે કે, ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે. જેમાં એમ.એસ.એમ.ઇ, લઘુ ઉદ્યોગ, અલગ–અલગ પ્રોડક્ટો બનાવતા જેવા કે ફાર્માશુટીકલ, એગ્રોકેમિકલ, ડાઇસ, ઇન્ટરમિડિયેટ જેવા અનેક પ્રકારના મહત્ત્વના ઉદ્યોગો અહીંયા ચાલે છે.

એમનું પ્રોડક્શન ચોવીસ કલાક અવિરતપણે ચાલુ છે. એટલા જ માટે ગુજરાત રાજ્ય ઔદ્યોગિક દ્દષ્ટિએ દેશના જી.ડી.પી.માં ખૂબ મહત્ત્વનો ફાળો આપનારું રાજ્ય છે. આપણી ઈન્ડસ્ટ્રીઝો કે જેનો ખૂબ મહત્ત્વનો ફાળો ગુજરાત રાજ્યના ડેવલપમેન્ટમાં છે, એમાં કયાંક પાણીનો ઉપયોગ થતો હોય અને એ લોકોને આવા તબક્કે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ જેવી આપણી ઓથોરિટીઓ સાથેની પ્રક્રિયાઓ કરવામાં સરળતા રહે, એમની પાસેથી લાઇસન્સ લેવાનું હોય, અલગ–અલગ પ્રકારના પરવાના લેવાના હોય તેમાં એકસૂત્રતા રહે, પદ્ધતિ સરળ રહે, આખા દેશમાં એનું ફોર્મેટ સમાન રહે તેની આ પ્રસ્તાવમાં કાળજી લેવામાં આવી છે, એમ હું માનું છું. આખા દેશમાં આવા પ્રકારની એકસૂત્રતા રહે તથા ઉદ્યોગોને અરજી કરવામાં સુગમતા રહે એ માટે બોર્ડ દ્વારા ઓનલાઇન ગવર્નન્સ પ્લેટફોમ એક્સ.જી.ઓ.ની સ્થાપના કરવામાં આવી છે. એમાં તમામ પ્રકારની વ્યવસ્થાઓ ઓનલાઇન કરવામાં આવી છે. આ પ્રસ્તાવના કારણે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાંથી જે મંજૂરી લેવાની હોય છે એમાં, અરજદારે અલગ–અલગ ફી ભરવાની હોય છે. આખા દેશમાં એના સમાન ધારા–ધોરણો નક્કી કરવામાં આવ્યા હોય છે. આ બાબતે સમગ્ર દેશના તમામ રાજ્યોમાં એકસમાનતા જળવાઇ રહે એ ખૂબ સરાહનીય બાબત છે. આ સુધારા અધિનિયમમાં જણાવ્યા મુજબ પ્રદૂષણ નિયંત્રણ કરતી સંસ્થાઓના ધારા–ધોરણો, એનો અમલ, પ્રત્યેક રાજ્યના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષ તેમજ કેન્દ્ર દ્વારા અધ્યક્ષની સેવાઓ, નિયમો અને શરતો જે રીતે નિર્ધારિત કરવામાં આવે તે મુજબ રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવશે. જયારે આપણે પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ અધિનિયમ–૨૦૨૪ના પ્રસ્તાવ અંગે વાત કરી રહ્યા છીએ ત્યારે ઘરગથ્થુ પાણીનો નિકાલ એ ખૂબ જ અગત્યની બાબત છે. રાજ્ય સરકારના પ્રયાસો પણ ખૂબ સરાહનીય રહ્યા છે. મારે આ તબક્કે કહેવું છે કે શરૂઆતમાં ૧૯૯૦ના દાયકાની અંદર માત્ર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ એ મહાનગરપાલિકાઓ પૂરતા મર્યાદિત હતા. મારે આ તબક્કે રાજ્ય સરકારને અભિનંદન આપવા છે કે આપના અવિરત પ્રયાસોને કારણે રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન મારફતે આજે આપણે નગરપાલિકાઓને પણ એમાં આવરી લીધી છે. નગરપાલિકાઓને ટેકનિકલ માર્ગદર્શન તથા ફંડ મળી રહે તે માટે ખૂબ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. આ બધા સામૂહિક પ્રયાસોને પરિણામે સમગ્ર શહેરો તથા નગરોની અંદર આજે કુલ ૧૬૪ જેટલા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે. ૮૫ જેટલા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બાંધકામ અને આયોજન હેઠળ છે. રાજયની અંદર માત્ર સરકારી પ્રયાસોને કારણે જ આ પ્રકારનું પ્રદૂષણ નિયંત્રણ અટકાવીએ છીએ, એનાથી આગળ વધીને પ્રાઇવેટ સેકટરની અંદર જે હાઉસિંગ કોલોનીઓ છે, જે મોટી ટાઉનશીપો છે એની અંદર પણ રાજ્ય સરકારના પ્રયાસોને કારણે ૧૭૦ જેટલી ટાઉનશીપોની અંદર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે. આપ સૌ જાણો છો તેમ આ શુદ્ધીકરણ કરેલ સુએજ રી–યુઝ કરવાની બાબતમાં મને ગર્વ થાય કે આપણું ગુજરાત રાજ્ય ભારતની અંદર પ્રથમ છે. રાજયના સામાજિક અને આર્થિક વિકાસ માટે જળ એ સૌથી મહત્ત્વપૂર્ણ સ્ત્રોત છે. સુએજના પાણીનું વધુમાં વધુ એકત્રીકરણ થાય, એનું શુદ્ધીકરણ થાય અને એનો પુનઃ ઉપયોગ કરી શકાય તે ધ્યેય સાથે જે નીતિઓ કરવામાં આવી છે તે બિલકુલ યોગ્ય છે. પ્રદૂષણ નિયંત્રણના સથવારે ઔદ્યોગિક વિકાસ પણ ખૂબ સારી રીતે થાય એવા હેતુસર આ બિલ લાવવામાં આવ્યું છે તેને હું સહૃદય આવકારું છું. જળ એ જીવનને બદલે શુદ્ધ જળ એ જ જીવન હવે આ કહેવતને પણ બદલવી પડશે અને એટલા માટે આવા પ્રકારના જે પ્રયાસો થયા છે, બિલની અંદર સુધારાઓ જે આવ્યા છે, આવા અનેક શુદ્ધ વિચારો અને પ્રામાણિક ઈરાદાઓ સાથે લાવેલા પાણી પ્રદૂષણ નિયંત્રણ સુધારા અધિનિયમ ૨૦૨૪ને લઈને માનનીય પ્રભારી મંત્રીશ્રી ગૃહની અંદર આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી અનિરુદ્ધ ભા.દવે**(**માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને પર્યાવરણ મંત્રી પાણી પ્રદૂષણ નિવારણ નિયંત્રણ સુધારા અધિનિયમ ૨૦૨૪ની જે પ્રસ્તાવના લાવ્યા છે અને એ પ્રસ્તાવનાની અંદર સમર્થન સાથે હું મારા વિચારો વ્યકત કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષ આ પર્યાવરણના સંદર્ભમાં અને પાણીના સંદર્ભમાં મારા પૂર્વ વક્તાઓએ જયારે વાત કરી કે પાણી એ પ્રકૃતિનો વિષય છે અને પાણી એ પરમાત્માનો પ્રસાદ છે અને જે પ્રકારે માનનીય મહેશભાઇએ અહીંથી ટકાવારીની જે વાત કરી કે આટલું જ પાણી છે તો આ પાણીને ખૂબ જાળવવું જરૂરી છે પરંતુ સાથેસાથે ઔદ્યોગિક વિકાસ પણ એટલો જ જરૂરી છે અને ઔદ્યોગિક વિકાસ થાય એમાં ગુજરાત વર્ષોથી અગ્રેસર રહ્યું છે અને ગુજરાત જયારે વિકાસના પંથે આગળ વધી રહ્યું હોય તે વખતે ગુજરાતે પ્રકૃતિની ચિંતા સદૈવ કરી છે. હાલના આદરણીય વડાપ્રધાન માનનીય મોદી સાહેબ જયારે પોતે મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળતા હતા ત્યારે કલાઇમેટ ચેંજનો વિષય લઇ અને એમણે પ્રકૃતિની ચિંતા કરેલી, આ સંદર્ભમાં જયારે અહીંયા વાત થઇ છે કે સમગ્ર બ્રહ્માંડ પંચમહાભૂત પાણીથી છે ત્યારે આપણી સનાતન સંસ્કૃતિની અંદર પ્રકૃતિની પૂજા થતી હોય છે.

"नमो देव्यै महादेव्यै शिवायै सततं नमः।
नमः प्रकृत्यै भद्रायै नियताः प्रणता स्मताम्॥"

પ્રકૃતિની પૂજાનો વિષય છે અને પ્રકૃતિ દેવીની પૂજા કર્યા પછી આપણા સૌના વિકાસના સંદર્ભમાં એનો ઉપયોગ થાય એ પ્રકારની જયારે વાત છે ત્યારે આ ઉદ્યોગો જે છે એ ઉદ્યોગોમાંથી નીકળતું જે વધારાનું પાણી, જેમ પાણી વગર જીવન ટકે એમ નથી એમ ઉદ્યોગ પાણી વગર નહીં ટકે, પાણી વગર ઉદ્યોગ પણ ટકવાને સમર્થ નથી. આ ઉદ્યોગને પુષ્કળ પાણી જોઇએ

છે અને એ પાણી જયારે ઉદ્યોગ વાપરી લે છે અને એમાંથી જયારે નીકળતું વધારાનું પાણી છે એ પાણી પણ જયારે સરસ મજાનું થઇ જાય અને એનો ફરીથી ઉપયોગ થાય એના માટેનો પ્રયાસ પણ આપણે સૌએ વૈજ્ઞાનિક પદ્ધતિથી અને કાયદાઓની જોગવાઇઓથી કરવો પડશે. આ પ્રસ્તાવ માનનીય મુળુભાઇને શા માટે લાવવો પડયો કારણ કે માનનીય મોદી સાહેબના નેતૃત્વની અંદર સમગ્ર ભારત વર્ષમાં કાયદાઓમાં જનવિશ્વાસ નામનો એક કાયદો આવ્યો કાયદાઓ પણ કેવા? હવે ભારતીય ન્યાય સંહિતા હતી એમાં જન વિશ્વાસ, ઉદ્યોગકારોને પણ વિશ્વાસ પડે, ઉદ્યોગકારને ભારત દેશની પ્રગતિમાં પોતે પોતાનું યોગદાન આપી શકે એના માટે ઉદ્યોગકાર કોઇ કાર્ય કરતો હોય પણ એનો ઇરાદો, એનો આશય બોનાફાઇડ હોય, માલાફાઇડ ન હોય, શુદ્ધ અને સાત્વિક ઇરાદો હોય અને કદાચ ક્યાંક ભૂલ થાય, કદાચ ક્યાંક મુશ્કેલી થાય તો એટલા બધા કડક કાયદાઓ હતા કે ઉદ્યોગ કરનાર માણસ ઉદ્યોગ છોડી દે. એવું ન થાય અને આત્મ સન્માન સાથે ઉદ્યોગ કરી શકે. આત્મનિર્ભર ભારતના સ્વર્ણિમ કાળમાંથી આપણે પસાર થઇ રહ્યા છીએ ત્યારે જન વિશ્વાસના કાયદામાં આનો ઉલ્લેખ કરીને એમાં પણ અવાર-નવાર સમયાંતરે સર્વેક્ષણ કરી, વિચારની ચર્ચા કરી એમાં જે ફેરફારો લાવે એ ફેરફારો લાવવા ઘટિત છે. આવા ફેરફારો અન્ય રાજ્યોએ પણ હિમાચલ પ્રદેશ અને રાજસ્થાને કર્યા છે ત્યારે ગુજરાત રાજ્ય પણ એની સાથે જોડાઇને જે અધિનિયમમાં સુધારો લાવવાનો છે એ લાવી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પાણીનો બચાવ અને પાણીના સુધારા માટે ગંગા પ્રદૂષિત ન થાય એના માટે આદરણીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં અને હવે આપણા ગુજરાતના આદરણીય સી.આર. પાટીલ કે જેઓ સાંસદ છે એમના નેતૃત્વમાં જળશક્તિ મંત્રાલય મૂકાયું છે અને એ મંત્રાલયમાં પાણી શુદ્ધ કરી એ ફરીથી રી-યુઝ થાય એના માટેની ખૂબ મોટી આવશ્યકતાઓ છે. ગુજરાત રાજ્યમાં જે ઉપાયો કરવાના થાય છે. ગુજરાતમાં કુલ ૮૮૮ એમ.એલ.ડી. ક્ષમતાના કુલ ૪૩ ગંદા પાણીના સામૂહિક શુદ્ધીકરણના પ્લાન્ટ કાર્યરત છે. ૬૬૧૬ ઉદ્યોગોનું ગંદુ પાણી શુદ્ધ થાય છે. રાજ્યમાં ૧૬ નવા સામૂહિક શુદ્ધીકરણ માટેના પ્લાન્ટ આવનારા સમયમાં થનાર છે અને રાજ્યમાં બીજા ૧૦ ટી.એસ.પી.એફ. કાર્યરત છે અને ૯ સૂચિત છે. નવી ટેકનોલોજી સાથેના આ પ્લાન્ટો કાર્યરત કરવામાં આવી રહ્યા છે. પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ અધિનિયમ-૧૯૭૪ આવ્યા પછી જે કોઇ ફેરફારો આવ્યા તેના પરિણામે પ્રદૂષણ નિયંત્રણ સાથે ઔધોગિક વિકાસ જળવાઇ રહે તે માટેના પ્રયાસો છે. પ્રદૂષણના નિયંત્રણો એટલા બધા કડક હોય કે જેના કારણે ઔધોગિક વિકાસ અટકી ન જાય. ઉદ્યોગ પણ રહે અને પર્યાવરણ પણ જળવાય, પ્રકૃતિ પણ સચવાય એ પ્રકારે ઉદ્યોગની અંદર પણ જન વિશ્વાસ સાથે સબકા સાથ સબકા વિકાસના મંત્ર સાથે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં ભારત સરકાર કાયદાઓ ઘડે છે. આવા સંજોગોમાં આ કાયદામાં અને આ રાજયના કાયદામાં કોઇ વિસંગતતા ન હોય એના માટે આ કાર્ય કરવામાં આવ્યું છે. રાજ્યની અંદર ડિસ્કાર્ડેડ બેરલ, કન્ટેનર, ડ્રમ વગેરેના રીકલેમેશનના સામૂહિક કુલ ૧૦૪ ફેસિલિટી આવેલી છે. રાજ્યમાં કુલ ૪૦ ઓથોરાઇઝડ ઇ-વેસ્ટ રીસપ્લાયર્સ છે. ૧૭ સામૂહિક અને ૪૨૭ વ્યક્તિગત મલ્ટીપલ ઇફેક્ટ ઇવોપોરેટેડ પ્રોજેક્ટો પણ ચાલી રહ્યા છે. આ અધિનિયમોની જોગવાઇઓમાં સુધારો કરવા માટેનો, જન વિશ્વાસ જોગવાઇઓનો સુધારો અધિનિયમ-૨૦૧૩ દ્વારા સુધારાયેલા ૪૨ અધિનિયમોમાં હવા પ્રદૂષણ નિવારણ, નિયંત્રણ ૧૯૮૧ જેમાં ત્રણ વાત કરવામાં આવી: હવા, પર્યાવરણ અને પબ્લિક લાયેબિલિટી એન્શ્યોરન્સ અધિનિયમ, આ ત્રણેય અધિનિયમોને આ અધિનિયમોમાં આવરી લેવા માટે માનનીય મંત્રીશ્રી સુધારા સુચવવા માટે આ વિધેયકની અંદર લાવ્યા છે. સંસદ દ્વારા આ ઠરાવને પસાર કરીને અધિકૃત કાયદો બનાવવામાં આવેલ છે ત્યારે હું પણ આ જોગવાઇઓમાં સમર્થન આપી અને હાલના પરિપ્રેક્ષ્યમાં તાત્કાલિક જરૂરિયાત હોઇ, આ બિલની જોગવાઇઓને આવકારું છું અને માનનીય મંત્રીશ્રીને સમર્થન આપું છું. ધન્યવાદ.

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પર્યાવરણ મંત્રીશ્રી મૂળુભાઇ બેરા જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું આવકારું છું. પાણી પ્રદૂષણ નિયંત્રણ સુધારા અધિનિયમ ૨૦૨૪નો જે પ્રસ્તાવ રજૂ થયેલ છે તે માટે મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપ સૌ જાણતા હશો કે સિંગાપુર દેશ ભારતના પૂર્વ-દક્ષિણ દિશામાં આવેલ દેશ છે. એનું ક્ષેત્રફળ અમદાવાદના ક્ષેત્રફળ કરતાં લગભગ બમણું હશે. આ દેશમાં પીવાલાયક પાણીના સ્ત્રોતો પૂરતા પ્રમાણમાં નથી. તે માટે આ દેશના લોકો પીવાનું પાણી મલેશિયા નામના રાષ્ટ્ર પાસેથી ખરીદે છે. જયારે આપણી ગુજરાત સરકાર પીવાનું ચોખ્ખું પાણી દરેક જણને મળી રહે એના માટે પાણીના સ્ત્રોત અને વ્યવસ્થાનું સંપૂર્ણ ધ્યાન રાખીને જતન કરે છે. આપ સૌ વિચાર કરો કે જયારે નાનપણમાં સ્કૂલમાં પાણીનો વિષય ભણાવવામાં આવતો ત્યારે એક જ સૂત્ર સૌથી પહેલા ભણાવતા જળ એ જ જીવન છે. વિચાર કરો કે આપણને જળ માટેની ચિંતા નાનપણથી જ સ્કૂલોમાં શીખવવામાં આવતી હોય છે. આજના દૌરમાં જળનો સંચય તથા પુનઃવપરાશના પ્રયત્નો અનિવાર્ય થઇ ગયા છે. સંચય કરીએ એટલું ઓછું છે. પાણીની વધતી જતી માંગ અને ઘટતા સ્ત્રોતોને ધ્યાનમાં રાખીને હવે સમય આવી ગયો છે કે શહેરો તથા ગામોમાંથી નીકળતા ઘરગથ્થુ ગંદા પાણીનો પુનઃ વપરાશ કરવામાં આવે જે માટે ગુજરાત રાજ્યે પહેલ હાથ ધરી છે. ગુજરાત રાજ્યમાં ઘરગથ્થુ ગંદા પાણીને સુએજના ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી શુદ્ધ કરીને પુનઃ વપરાશ કરવાના અભિગમને પ્રાધાન્ય આપેલું છે. આ પાણીને રીકલેમ વોટર પણ કહેવાય છે. ઘરગથ્થુ પાણીનુ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા શુદ્ધીકરણ કર્યા બાદ પુનઃ વપરાશમાં લેવા માટે રાજ્ય સરકાર દ્વારા ટ્રીટેડ વોટર રી-યુઝની પોલિસી બનાવવામાં આવેલી છે. જે મુજબ હાલમાં સુરત, અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, ભાવનગર, ગાંધીધામ

અને અંજાર જેવાં શહેરો તથા ગામોમાં આશરે ૮૩૦ એમ.એલ.ડી. જેટલું ટ્રીટેડ પાણી પુનઃ વપરાશમાં લેવામાં આવી રહ્યું છે. તેમજ અંદાજે ૭૯૨ એમ.એલ.ડી. જેટલું ટ્રીટેડ પાણી પુનઃવપરાશમાં લેવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાલમાં ટ્રીટેડ પાણીને કાપડના ઉદ્યોગમાં આપવામાં આવે છે એ મોડેલની રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવામાં આવી છે. તાજેતરમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં ઉચ્ચ કક્ષાની બેઠક મળી હતી. જેમાં અમદાવાદના ટેક્સટાઇલ તથા અન્ય ઉદ્યોગો દ્વારા પણ આ બાબતે કામગીરી થાય એ માટે જરૂરી દિશાનિર્દેશ આપવામાં આવેલ છે. આને પરિણામે ઉદ્યોગ દ્વારા ભૂગર્ભ જળનો વપરાશ પણ ઘણા પ્રમાણમાં ઘટશે. સાથે આપણી મા સમાજ ગણાતી અનેક નદીઓમાં મલીન જળનો નિકાલ ઘટશે જેના કારણે નદીઓનું જળ સ્વચ્છ રહેશે. ઘણી જી.આઇ.ડી.સી.ઓમાં અગ્નિશમન માટે, ઉદ્યોગોમાં યુટિલિટી તથા બોઇલરમાં પણ ટ્રીટેડ પાણીનો વપરાશ થઇ શકે છે. સાથે ખેતીમાં પણ ટ્રીટેડ પાણીનો વપરાશ કરી શકાય છે. રાજયના શહેરી વિકાસ વિભાગ દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ હાલમાં રાજયમાંથી આશરે ૪૪૧૪ એમ.એલ.ડી. જેટલું ઘરગથ્થુ ગંદુ પાણી ઉદભવે છે. હાલમાં રાજયમાં કુલ ૪૭૫૪ એમ.એલ.ડી. ઘરગથ્થુ ગંદાપાણીને શુદ્ધીકરણ કરવાની ક્ષમતા ધરાવતા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉપલબ્ધ છે. રાજયમાં ઉદભવતા તમામ ઘરગથ્થુ ગંદાપાણીના શુદ્ધીકરણ બાદ તેનો મહત્તમ પુનઃવપરાશ થાય એ બાબતે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. વધુમાં આ વિચારને ગ્રામ્ય સ્તર સુધી લઇ જવા માટે સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહેલ છે. તાજેતરમાં વડોદરા ખાતે ડબાસા ગામ પાસે આવેલ સુએજ ટ્રીટ કરવાનું અને ઉદ્યોગ માટે સ્વચ્છ અને શુદ્ધ પાણીનો પુનઃ ઉપયોગ કરવા માટે એક નવી બાયોફિલ્ટર ટેકનોલોજી વિકસાવવામાં આવી છે. પ્રથમ તબક્કામાં વડોદરામાં ટ્રાન્સમીટ એકલબારા સાઇટ ઉપર ૩૦૦ કિલોલીટર પ્રતિદિવસનો ટ્રાન્સબાયોફિલ્ટર પ્લાન્ટ સ્થાપિત કર્યો છે. ભવિષ્યમાં તેનું ૬૦૦ કિલોલીટર પ્રતિદિન સુધી વિસ્તરણ કરવામાં આવશે. ગુજરાત સરકાર ઉદ્યોગોના વિકાસ સાથે પાણી પુનઃ વપરાશ કરીને સંચય કરીને પર્યાવરણ જાળવણી માટે સતત સંવેદનશીલ છે. આમ પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ સુધારા બિલ ૨૦૨૪ના પ્રસ્તાવની જોગવાઇઓ હાલના સમય માટે ખૂબ જ અનિવાર્ય છે. આ બિલની જોગવાઇઓને હું આવકારું છું અને મારું સમર્થન આપું છું. આભાર.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ સુધારા અધિનિયમ ૨૦૨૪ સૌથી મહત્ત્વનું જાણવું એ જરૂરી છે કે આ એક અધિનિયમ છે. મૂળ દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇએ અને ભારતીય જનતા પાર્ટીની સરકારે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ. સામાન્ય વ્યક્તિ, વેપારી સરળતાથી ધંધો કરી શકે. આપણે સૌ જાણીએ છીએ કે, ધંધામાં તેને નાની નાની ટેકનિકલ ખામીઓ ઊભી થતી હોય છે. પ્રોસેસ જ્યારે ચાલતી હોય, કેમિકલની પ્રોસેસ હોય, ટેક્સટાઇલની પ્રોસેસ હોય તો તેમાં સામાન્ય ખામીને કારણે કેટલાક પ્રદૂષણો ઊભાં થતાં હોય છે. પરંતુ આ પ્રદૂષણ માટે કોઇ સજાકીય જોગવાઇ કરવામાં આવે ત્યારે તે સજાકીય જોગવાઇ ધંધો કરનાર અને સરકાર બંને માટે સમસ્યારૂપ થતી હોય છે. એટલે એક જન વિશ્વાસ એક્ટ ૨૦૨૩ લાવવામાં આવ્યો. આ જન વિશ્વાસ એક્ટમાં ૪૨ જેટલા કાયદાઓમાં ફેરબદલ કરવામાં આવ્યો છે. આ ૪૨ જેટલા કાયદાઓમાં એક વિષય પર્યાવરણનો પણ છે. પર્યાવરણ મુખ્યત્વે મારો વિષય છે એટલે કહું તો આમાં ચાર પ્રકારના એક્ટ હોય છે: એર એક્ટ, એન્વાયરમેન્ટ પ્રોટેક્શન એક્ટ, પબ્લિક લાયાબિલિટી ઇન્શ્યોરન્સ એક્ટ અને વોટર એક્ટ. પ્રથમ ત્રણ એક્ટ છે તેમાં કોઇપણ પ્રકારના સુધારા કરવા હોય તો તે કેન્દ્ર સરકારની પર્વ્યુમાં આવે છે. તેમાં રાજ્ય સરકાર કોઇ ફેરફાર કરી શકતી નથી. પરંતુ વોટર એક્ટ એક એવો છે કે, જેમાં રાજ્ય સરકારો પોતે પોતાની જરૂરિયાત, સાનુકૂળતા, જિયોગ્રાફિકલી કન્ડિશન અને ઔદ્યોગિક વસાહતોના આધારે ફેરફાર કરી શકે છે. આ વોટર એક્ટના સુધારાના કાયદાની સત્તા રાજ્ય સરકારોને છે. તે અંતર્ગત મારા સાથી સભ્યશ્રીએ કહ્યું તેમ બે રાજ્ય સરકારો એટલે કે હરિયાણા અને રાજસ્થાન સરકારે કેન્દ્ર સરકારને વિનંતી કરી કે આમાં જરૂરી ફેરફારો કરવામાં આવે. આ ફેરફારો થયા તે ફેરફારને ગુજરાતમાં લાગુ કરવા માટે આજે આપણે આ અધિનિયમ લાવી રહ્યા છીએ. આપણે કોઇ ફેરફાર નથી કરતા. આ એક્ટને ફોલો કરવા માટે કેન્દ્ર સરકારની ખૂબ તજજ્ઞ કમિટીએ આ વિષયનો અભ્યાસ કર્યા બાદ આ એક્ટ અમલમાં મૂક્યો છે. આ એક્ટની સૌથી મહત્ત્વની બાબત એ છે કે, અત્યાર સુધી વેપારી કે જેને નાની નાની તકલીફો હતી તે સજાકીય જોગવાઇઓને કારણે ખોટાં કામો કરવા પ્રેરિત થતો હતો. હવે આ એક્ટમાં સુધારો કરી સજાકીય કાર્યવાહીની જગ્યાએ દંડનીય કાર્યવાહી કરવાની જોગવાઇ કરી છે. મારા અભ્યાસમાં છે તે મુજબ તેમાં કદાચ થોડું આઘુંપાછું હોઇ શકે. રૂપિયા દસ હજારથી માંડીને પંદર લાખ રૂપિયા સુધીના દંડની આમાં જોગવાઇ કરવામાં આવી છે. આનું એક વધારાનું સારું પાસું એ છે કે, આ જે ફંડ ભેગું થવાનું છે તેનો ઉપયોગ એન્વાયરમેન્ટના રિહેબિલિટેશન માટે કરવાનો છે. આપણી નદીઓ, નાળાં પ્રદૂષિત થયા હોય, હવા પ્રદૂષિત થઇ હોય તો તે ફંડનો ઉપયોગ તેના માટે થવાનો છે. એટલે પૈસા કલેક્ટ આવશે તેનો ઉપયોગ તે જ ક્ષેત્રના સુધારા માટે કરવાની જોગવાઇ આ એક્ટમાં છે. એટલે જે ફેરફાર થયા છે તેમાં મુખ્યત્વે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને દેશના યશસ્વી વડાપ્રધાન કે જેમણે પોતે પ્રોમીસ આપ્યું હતું. આજે વિપક્ષના સભ્યો હાજર નથી પણ ગઇકાલે કહેતા હતા કે કેન્દ્ર સરકારે શું કર્યું? આવા અભ્યાસ ચાલતા હોય અને અહીં હાઉસમાં બેસે તો ખબર પડે કે, વેપારીઓ, સામાન્ય માણસ કઇ રીતે પોતાનો ધંધો, વેપાર અને રોજગાર સારી રીતે કરી શકે. આપણને એટલી ખબર હોવી જોઇએ કે, એક ઇન્ડસ્ટ્રીઝ ચાલતી હશે તેમાં સામાન્ય નાની ટેકનિકલ બાબત ઊભી થાય તો લાખો લોકો ઉપર અસર ઊભી થાય છે. આપણે એવું નથી કહેતા કે, આપણે ખોટાં કામ ચલાવવા માગીએ છીએ પણ તેની ગુણવત્તા અનુસાર, તેની ભૂલ થઇ હોય, જે ફેરફાર કર્યા છે અને તેનાથી પર્યાવરણને જે

નુકસાન થયું છે તેની માત્રા ચકાસીને યોગ્ય અધિકારીઓ દ્વારા તપાસ કર્યા બાદ જ દંડનીય કે સજાકીય જોગવાઇઓમાં લઇ જવું તે આ એકટમાં સ્પષ્ટપણે લખ્યું છે. બીજી એક વસ્તુ શહેરો માટે સૌથી વધારે મહત્ત્વની છે, અમદાવાદ જેવા મહાનગરોમાં દરરોજ ૧૨૫૦ એમ.એલ.ડી. જેટલું નર્મદાનું શુદ્ધ પાણી વાપરી રહ્યા છીએ. તેની સામે ૯૫૦ એમ.એલ.ડી. સુએજ એમને એમ જઇ રહ્યું છે. એને માટે પણ આ એકટમાં જોગવાઇ લાવ્યા પછી સેકન્ડરી ટ્રીટમેન્ટ અને ટર્સરી ટ્રીટમેન્ટ બિલકુલ નિર્ભય રીતે કોઇક ઇન્ટરનેશનલ સંસ્થાઓ અથવા નેશનલ સંસ્થાઓ કરી અને આનો કઇ રીતે ઇન્ડસ્ટ્રીઝમાં ઉપયોગ થઇ શકે, ખેતીમાં ઉપયોગ થઇ શકે આ આખું પ્લાનિંગ કરવાનું છે. એટલે એકટ લાવ્યા પછી અત્યારે બીજી એક સમસ્યા છે કે આપણે ગ્રાઉન્ડ વોટરનો ઉપયોગ ખૂબ થઇ રહ્યો છે. આ ગ્રાઉન્ડ વોટરના ઉપયોગને પણ આપણે રિસ્ટ્રિક્ટ કરવો પડશે અને તેને માટે પણ આ એક્ટ ઉપયોગી છે. હું માનું છું કે આમાં ટેકનિકલી ઘણી બધી વાતો થઇ શકે છે પરંતુ જે રીતે કેન્દ્રની સરકાર અને ગુજરાતની સરકાર આ ઉદ્યોગોને પ્રોત્સાહન આપી અને છતાંય પર્યાવરણને નુકસાન ન થાય તે પ્રમાણેના જે પ્રયત્નો કરી રહ્યા છે તેને હિસાબે આપણી જે ચિંતા છે જે ઇકોલોજીનું અને પર્યાવરણનું અને આબોહવાનું સમતોલન ધીરે ધીરે જોખમી તરફ જઇ રહ્યું છે તેને આવા કાયદાથી લોકો સાચી રીતે ધંધો કરી શકે અને છતાં પણ પર્યાવરણને નુકસાન ના થાય એવી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. આના સિવાય આ કાયદાથી જુદા જુદા કચરાઓનું જે વહન કરવામાં આવે છે તેને ઇલેક્ટ્રિસિટીમાં કન્વર્ટ કરવામાં આવે છે અને ગેસમાં કન્વર્ટ કરવામાં આવે છે તે પણ કન્વર્ટ કરવા માટે આપણે પ્રોત્સાહિત થઇશું અને સરકાર અને દેશ માટે ઉપયોગી કામ કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આ એકટ ખૂબ જરૂરી છે, ઉપયોગી છે. હું માનનીય મંત્રીશ્રી જે એક્ટ લાવ્યા છે તેને મારું સમર્થન કરું છું અને આ એકટ બધા જ સ્વીકારે અને સર્વાનુમતે પસાર થાય એવી મારી વિનંતી છે. આભાર, જય જય ગરવી ગુજરાત.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મુળુભાઇ બેરા જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું પણ સાથો સાથ તેમાં આ પ્રસ્તાવને લઇને ઘણાં બધાં સૂચનો પણ હું માનનીય મંત્રીશ્રીને આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ જોઇએ તો જળ એ જીવન છે. જળ વિના આ સૃષ્ટિનું કોઇ અસ્તિત્વ જ નથી. તમે જોયું હશે કે એક પણ દિવસ એવો નહીં હોય ખાસ કરીને જયારે ચોમાસુ આવે છે ત્યારે આપણી પવિત્ર ગુજરાતની જે નદીઓ છે તેમાં જે મોટા મોટા ઇન્ડસ્ટ્રીયલો છે, કેમિકલ ફેક્ટરી વાળા છે તે ચોમાસા દરમિયાન તે પોતાનું કેમિકલવાળું જે જળ છે તે તેમાં છોડતાં હોય છે ત્યારે આપણી આ નદીઓ તથા ભૂગર્ભ જળ છે તે ખૂબ પ્રદૂષિત થતા હોય છે અને એવામાં ગુજરાતમાં સૌથી ચોંકાવનારો જો આંકડો આવ્યો હોય તો દહાડે દિવસે ગુજરાતમાં સૌથી વધુ કેન્સરના દર્દીઓ વધતાં જાય છે તો તેનું જો કોઇ મૂળ કારણ હોય તો એ આ જળ છે અને  જળમાં થઇ રહેલું આ પ્રદૂષણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં ઘણી બધી એવી કેમિકલ ફેકટરીઓ છે જેને વિદેશોમાં એ કેમિકલ ફેકટરીઓ ઉપર પ્રતિબંધ પણ મૂકવામાં આવ્યા છે, પણ ગુજરાત રાજયની અંદર આવી ઝેરી કેમિકલ બનાવતી ફેકટરીઓને અનુમતિ આપવામાં આવે છે જેને કારણે પર્યાવરણમાં પણ ખૂબ નુકસાન થઇ રહ્યું છે એટલે આપના માધ્યમથી પર્યાવરણ મંત્રીશ્રીને એક સૂચન કરવા માગું છું કે આ જે સુધારા વિધેયક છે, તેમાં થોડોક સુધારો કરવામાં આવે કે માત્ર દંડ નહીં પણ દંડની સાથે આવી જે વ્યકિતઓ છે, જે ફેકટરીઓના માલિકો છે જે કેમિકલ છોડીને પર્યાવરણને નુકસાન કરે છે, નદીઓને નુકસાન કરે છે તો તેને કડક સજા થાય અને જેથી કરીને આપણું ગુજરાતનું પર્યાવરણ બચાવી શકાય તે પ્રકારના આમાં પગલાં લેવામાં આવે તેવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કારણ કે પર્યાવરણ હશે તો જ સૃષ્ટિ ટકી રહેશે. બાકી મેં કહ્યું તેમ ગુજરાતની અંદર અનેક ગંભીર બીમારીઓ જેમ કે હાર્ટ એટેક, કેન્સરના પ્રમાણો વધતા જાય છે. એનું મૂળ કારણ દૂષિત પાણી છે. ભૂગર્ભ પાણીના કારણે આપણા ગુજરાતમાં આ પ્રકારના ગંભીર રોગોનું પ્રમાણ વધી ગયું છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે દંડની સાથે–સાથે કડક સજા થાય. આ સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, મારું એક સૂચન છે. આ પાણી રીચાર્જિંગનું ખૂબ સારું કામ કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર કરી રહી છે પણ એની ડિઝાઇનમાં ફેરફાર કરવાની જરૂર છે. બધી જગ્યાએ જો આપણે પાણી ઉતારી નાંખીશું તો ડેમ નહિ ભરાય અને થોડાં–થોડાં ખાબોચિયાં ભરાય છે એ પાણી પશુધન કે માણસો પી નહિ શકે. બીજું કે જ્યાં કાળી માટી, પીળી માટી કે જેમાં પાણી અંદર ઉતરી શકે તેમ નથી ત્યાં ડેમ બનાવવામાં ન આવે. જે સરકારી બોર અને ખેડૂતના બોર છે ત્યાં પાણી ઉતારવું હોય તો સરકારને પૈસા આપવામાં આવે. એના માટે જે ડિઝાઇન કરી છે એમાં ડેમ ઉપર ડેમ બનાવવામાં આવે છે. એના કારણે બધા ડેમ ખાલી રહી જાય છે. એના કારણે ડિઝાઇનમાં ફેરફાર કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઇ બેરા સાહેબ અધિનિયમમાં સુધારો લઇને આવ્યા છે એ પ્રસ્તાવને સમર્થન આપું છું અને મારા વિચારો ટૂંકમાં રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમે એ વિસ્તારમાંથી આવીએ છીએ જ્યાં અમારો આદિવાસી સમાજ વર્ષોથી નદી–નાળાં અને પ્રકૃતિનું પૂજન કરે છે અને આજે પણ નદીઓને માતા માને છે. આ કાયદામાં આપણે સુધારો લાવીએ છીએ ત્યારે એ વિસ્તાર,

એ નદીઓ પણ સુરક્ષિત રહે એનું ધ્યાન રાખવામાં આવે એવી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. સાથે–સાથે એ વિસ્તારોમાં જે પણ કારખાનાં કે કંપનીઓ આવે એના કારણે કુદરતી સ્ત્રોતો પ્રદૂષિત ના થાય એ બાબતની પણ તકેદારી રાખવી પડશે. જળ એ જ જીવન એ ખૂબ જ મહત્ત્વની બાબત છે. મીઠું જળ પૃથ્વી પર પણ ખૂબ ઓછું છે અને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર આની પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરતી હોય ત્યારે પર્યાવરણ, કુદરતી સ્ત્રોતો અને કુદરતી જળ સચવાઇ રહે એ માટે આ કાયદાની રૂએ બારી આપીએ છીએ ત્યારે ઔદ્યોગિક વસાહતો એનો ફાયદો નહિ ઉઠાવે એની પણ તકેદારી રાખવામાં આવે એવી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને અપીલ કરું છું. ધન્યવાદ.

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર) **(**વન અને પર્યાવરણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ (સુધારા) અધિનિયમ–૨૦૨૪નો પ્રસ્તાવ મેં આ સન્માનનીય ગૃહમાં રજૂ કર્યો. આ પ્રસ્તાવમાં આ ગૃહના માનનીય સભ્યશ્રીઓએ પોતપોતાના વિચારો રજૂ કર્યા છે અને જે સૂચનો કર્યાં છે, અભિપ્રાયો આપ્યા છે એ બધાંનો હું આભાર માનું છું. આ સાથે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસને વધુ સક્ષમ બનાવવા માટે ભારત સરકાર દ્વારા આ સુધારા અધિનિયમ લાવવામાં આવ્યો છે. તે બદલ ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબ અને ભારત સરકારને અભિનંદન સહ આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે વિચારો રજૂ થયા છે અને જે સૂચનો થયાં છે એમાં એવી વાત હતી કે માત્ર દંડ નહિ પણ જેલની સજા પણ હોવી જોઇએ. અગાઉ દંડ ઓછો હતો તે હવે રૂ.૧૦ હજારથી લઇને રૂ.૧૫ લાખ સુધી કર્યો છે. અમુક નાની બાબતોમાં સજાઓ હતી તેને બદલે દંડ કરવાની જોગવાઇઓ કરી છે. આ સુધારા અધિનિયમના પ્રસ્તાવને આ સન્માનનીય ગૃહ સર્વ સંમતિથી સ્વીકારે તેના માટે આપના મારફતે આ સન્માનનીય ગૃહને વિનંતી કરું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : વિધાનસભાના સભ્યશ્રી પ્રવિણભાઇ માળી તરફથી આજે સર્વે ધારાસભ્યશ્રીઓ માટે વિધાનસભાના ચોથા માળે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રી પ્રવિણભાઇ માળી તરફથી બધાને ભોજન માટે નિમંત્રણ છે.

**(વિરામ બપોરના ૧.૫૬થી ૩.૦૦)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**વિધેયકો (સરકારી)**

**સને ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૩**

**ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૪**

**ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રીકનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૪ના ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા)વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૪નું ગુજરાત માલ અને સેવા વેરા(સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પરોક્ષ વેરા, કરવેરા પ્રણાલિમાં સીમાચિહ્નરૂપ સુધારા તરીકે સમગ્ર દેશમાં 'વન નેશન, વન ટેક્સ' ના અનુસંધાને ૧લી જુલાઇ, ૨૦૧૭થી ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ કાયદાનો અમલ થયેલ છે. સરકારી આવકના મુખ્ય સ્ત્રોત તરીકે પરોક્ષ કરવેરા પ્રણાલીમાં ચીજવસ્તુઓ અને સેવાના સપ્લાય ચેઇનમાં આવતાં તમામ કરદાતાઓ સહિત તમામ અંતિમ ઉપભોક્તાઓનો હંમેશા ખૂબ મોટો ફાળો રહેલો છે. આ વાતને પુરવાર કરતાં કેટલાક મહત્ત્વના આંકડાઓ હું રજૂ કરું છું.

નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪માં રાજ્ય સરકારને જી.એસ.ટી. હેઠળ રૂ.૬૪ હજાર ૧૩૨ કરોડની આવક પ્રાપ્ત થયેલ છે. જે નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન પ્રાપ્ત થયેલી આવક રૂ. ૫૬ હજાર ૨૩૬ કરોડની સરખામણીમાં ૧૪ ટકા વધારે છે. એ વાત જણાવતાં મને હર્ષની લાગણી થાય છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫માં ટોટલ ગ્રોસ જી.એસ.ટી. કલેક્શનમાં બજેટના અંદાજ મુજબ રૂ. ૭૨ હજાર ૫૦૬ કરોડના લક્ષ્યાંકની સામે એપ્રિલથી જુલાઇ સુધીમાં ટોટલ રૂ. ૨૩ હજાર ૭૦૭ કરોડનો આંકડો રાજ્ય સરકારે હાંસલ કર્યો છે. જે ૩૩ ટકા જેટલી સિદ્ધિ દર્શાવે છે. દેશના ગ્રોથ એન્જિન તરીકે ઓળખાતા ગુજરાત રાજ્યમાં 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશ' ને ખરા અર્થમાં સાર્થક કરતાં કરદાતાઓના આંકડા રજૂ કરતાં મને આનંદ થાય છે કે, રાજ્યમાં જી.એસ.ટી.નો અમલ વર્ષ ૨૦૧૭માં શરૂ થયો ત્યારે ૫ લાખ ૮ હજાર ૮૬૩ જેટલા કરદાતાઓ નોંધાયા હતા. તેમાં ૧૩૫ ટકાનો વધારો થયો છે. ૩૧ જુલાઇ–૨૦૨૪ની સ્થિતિએ કુલ ૧૨ લાખ ૧ હજાર ૨૭૦ કરદાતાઓ નોંધાયા છે. ગેરરીતિ અટકે તેમજ સાચા અરજદારને ઝડપથી પારદર્શી રીતે નવો નોંધણી નંબર મળી રહે તે આશયથી ગુજરાત દ્વારા જી.એસ.ટી. સેવા કેન્દ્ર (GSK)ની પરિકલ્પના કરવામાં આવેલ. જે અંતર્ગત આધાર બેઇઝ બાયોમેટ્રિક આઇડેન્ટિફિકેશનનો પાયલોટ બેઝ

* વિધેયક તા.૧૪મી ઓગસ્ટ, ૨૦૨૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રોજેક્ટ આપણા ગુજરાતને આપવામાં આવ્યો હતો અને ૭મી નવેમ્બર, ૨૦૨૩ના રોજ ભારતના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનના વરદ્‌હસ્તે વાપી ખાતેથી ગુજરાતના ૧૨ GSKનું લોકાર્પણ કરવામાં આવેલ. ગુજરાતમાં કાર્યરત જી.એસ.ટી.ની અસરકારક અને કાર્યક્ષમતાની નોંધ લઇ નવી દિલ્હી ખાતે ૨૨ જૂન, ૨૦૨૪ના રોજ યોજાયેલ જી.એસ.ટી. કાઉન્સિલની મિટિંગમાં સમગ્ર દેશમાં GSKની અમલવારી કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવેલ છે. જી.એસ.ટી.ના માળખા પ્રમાણે કાયદામાં અને નિયમોમાં સુધારો કરવો, માલ કે સેવાને કરમુક્તિ આપવી, કરના દરમાં સુધારો કરવો વગેરે સંપૂર્ણ પ્રક્રિયા માત્ર કેન્દ્રનું અને દરેક રાજ્યનું પ્રતિનિધિત્વ ધરાવતી બંધારણીય સંસ્થા એવી જી.એસ.ટી. કાઉન્સિલની ભલામણ થકી જ થઇ શકે છે. આમ, આ સમગ્ર પ્રક્રિયા દેશની બંધારણીય શાસન પ્રણાલિનો એક ભાગ છે. કાઉન્સિલના નિર્ણયો કેન્દ્રીય માલ અને સેવા કર અધિનિયમ ૨૦૧૭ અને જે તે રાજ્યોના રાજ્ય માલ અને સેવા કર અધિનિયમ-૨૦૧૭ હેઠળ સમગ્ર દેશમાં અને રાજ્યોમાં એક જ સમયે અને એકસમાન રીતે લાગુ પડે છે. જી.એસ.ટી. કાઉન્સિલની ૫૦મી અને ૫૨મી બેઠકની ભલામણોના આધારે કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રના જી.એસ.ટી. કાયદાની જોગવાઇઓમાં સુધારો કરવામાં આવેલ છે અને કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ આ સુધારાઓ સાથે સુસંગતતા જાળવી રાખવા માટે તેમજ જી.એસ.ટી. કાઉન્સિલની ભલામણોને અમલી બનાવવા પ્રસ્તુત વિધેયક જરૂરી છે. વન નેશન વન ટેક્સના સૂત્રને આધારે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા સુધારાઓ સાથે ગુજરાત જી.એસ.ટી.કાયદામાં પણ સુધારો કરવાની જરૂરિયાત રહે છે. આથી જી.એસ.ટી. કાયદામાં સુધારો કરતા વિધેયકને હું રજૂ કરું છું. જી.એસ.ટી. કાયદાના કોમ્પ્લાયન્સિસને સુનિશ્ચિત કરવા માટે સુધારા વિધેયકથી કેટલીક જોગવાઇઓ કરવામાં આવી છે જેનાથી હું ગૃહને અવગત કરું છું. એક જ પાન નંબરના આધારે એકથી વધારે નોંધણી નંબર ધરાવતી વ્યકિતઓ વતી ઇનપુટ સર્વિસ ડિસ્ટ્રિબ્યુટર દ્વારા મેળવવામાં આવતી ઇનપુટ સર્વિસ અન્વયેની ઇનપુટ ટેક્સ ક્રેડિટની વહેંચણી આઇ.એસ.ડી. મિકેનિઝમથી જ કરવામાં આવે એ સુનિશ્ચિત કરવામાં આવે છે. તમાકુ, પાન, મસાલા જેવી કેટલીક ચીજવસ્તુઓના ઉત્પાદકો માટે મશીનરીના રજિસ્ટ્રેશન માટે ખાસ પ્રક્રિયા નિર્ધારિત કરવામાં આવેલી છે. જો કોઇ કરદાતા આવી પ્રક્રિયા અનુસરવામાં ભૂલ કરે તો તેની સામે કડક દંડ વસૂલી શકાય તે માટેનો સુધારો કરવાની દરખાસ્ત છે. આમ, ગુજરાત જી.એસ.ટી. કાયદાના સુચારુ અમલીકરણ માટે આવશ્યક તમામ બાબતોને આવરી લેતાં આ સુધારા વિધેયકને ગૃહ સમક્ષ રજૂ કરું છું.

શ્રી અમૂલ ભટ્ટ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭માં જે કંઇ સુધારા છે તેના પર મને બોલવાની તક મળી છે. આપણે સૌ જાણીએ છીએ તેમ જી.એસ.ટી. કાઉન્સિલમાં તમામ રાજ્યના નાણામંત્રીશ્રીઓ અને કેન્દ્રના નાણામંત્રીશ્રી, અધિકારીશ્રીઓ સાથે બેસીને સર્વાનુમતે નિર્ણય લે છે. જી.એસ.ટી. કાઉન્સિલમાં ભાજપ શાસિત રાજ્યો, કૉંગ્રેસ શાસિત રાજ્યો અને અન્ય તમામ રાજ્યોની પક્ષોની સરકારના નાણામંત્રીઓ સાથે બેસીને સર્વાનુમતે નિર્ણય લેવાતા હોય છે એટલે પવિત્ર શ્રાવણ માસમાં આપણે આ ગૃહમાં એમ કહી શકીએ કે, જી.એસ.ટી.માં જી એટલે ગણપતિ, એસ એટલે સરસ્વતી અને ટી. એટલે ત્રિપુરા સુંદરી એટલે માઁ મહાલક્ષ્મીનો આ પવિત્ર ત્રિવેણી સંગમ દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી લાવ્યા છે. હું માનું છું કે તેના પર સંશય કરનાર અને તેને લીધે બીજી રીતે સંબોધનાર વ્યક્તિ કાં તો નકારાત્મક અભિગમ ધરાવે છે અથવા ભારતની આધ્યાત્મિક વિશાળ પ્રસિદ્ધિથી અજાણ છે, અલ્પ જ્ઞાની છે એવા સૌને ભગવાન સદબુદ્ધિ આપે તેવી પ્રાર્થના કરીએ. જી.એસ.ટી.ની કેટલિક ઉપલબ્ધિ પછી જે સુધારા છે તેના પર હું આવીશ. જી.એસ.ટી. લાગુ કરાયા પછી પ્રતિ મહિને જી.એસ.ટી. કલેક્શન રૂ.૮૫થી ૯૦ હજાર કરોડથી વધી અને રૂ.૧.૭૫ થી ૨ લાખ કરોડ સુધી પહોંચ્યું છે. એપ્રિલ-૨૦૨૪માં છેલ્લો આંકડો મેં અભ્યાસ કર્યો છે કે રૂ.૨ લાખ ૧૦ હજાર કરોડ સુધી આ જી.એસ.ટી.નું કલેક્શન ગયું હશે. આ જી.એસ.ટી.નો ઉપયોગ ક્યાં થાય છે? ગયા વર્ષે ૨૦૨૩-૨૪ના જી.એસ.ટી.નું કલેક્શન રૂ.૨૦.૧૮ લાખ કરોડ હતું. તેમાંના લગભગ અડધો અડધ નાણાંનો હિસ્સો રાજ્યને મળે છે અને આ બધાં જ નાણાં દેશના વિકાસમાં અત્યંત આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર રેલ, રોડ, એરપોર્ટ, બંદરો બનાવવામાં વપરાય છે. આ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ગત બજેટમાં આપણે સૌ વિદિત છીએ, આપણે સાંભળ્યું છે કે રૂ.૧૧ લાખ ૧૧ હજાર ૧૧૧ કરોડની જોગવાઇ દેશના આ અંદાજપત્રમાં કરવામાં આવી છે. તેમાંના મોટા ભાગનાં નાણાં જી.એસ.ટી. જેવા ટેક્સ કલેક્શનમાંથી આવે છે. તે આ જી.એસ.ટી.ની ઉપલબ્ધિ છે. સરકારની આવકમાં જેમ જેમ વધારો થતો જાય છે તેની સાથે સાથે સામાન્ય પ્રજાના હિતલક્ષી વિકાસ કાર્યોને વેગ મળતો રહે તે પણ જરૂરી છે. જી.એસ.ટી. કાઉન્સિલની ૫૩મી બેઠકમાં લેવાયેલા કેટલાંક પ્રજાલક્ષી મહત્ત્વપૂર્ણ નિર્ણયો, કારણ કે આપણે જાણીએ છીએ કે જ્યારે કોઇ કાયદો નવો આવતો હોય ત્યારે તેમાં ફેરફારોને અવકાશ હોય છેઅને એ જે રીતે પ્રજાની સુખાકારી થઇ શકે, પ્રજાને ઉપયોગી થઇ શકે એવા નિર્ણયો લેવાતા હોય છે. આ જે કંઇ નિર્ણયો લેવાય છે તે હું આ ગૃહ સમક્ષ મૂકતા હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું. આમાં સૌ પ્રથમ જે લોકો બિલ્ડિંગ વ્યવસાય સાથે સંકળાયેલા છે એ લોકો માટે છે. આનંદની વાત છે કે કોઇપણ હેતુથી વાપરવામાં આવતા, સ્ટીલ, લોખંડ અને એલ્યુમિનિયમના દૂધના કેન ઉપર લાગતા GST વેરાને ૧૮ ટકાથી ઘટાડી અને ૧૨ ટકા કરવામાં આવ્યો છે. વધુમાં ભારતીય રેલવે દ્વારા સામાન્ય પ્રજાને પૂરી પાડવામાં આવતી વિવિધ સેવાઓ જેની અવારનવાર રજૂઆત થઇ છે, પ્લેટફોર્મ ટિકિટના વેચાણ, પ્રતિક્ષા રૂમ, કલોક રૂમ સર્વિસ રૂમ તેમજ બેટરી ઓપરેટેડ કાર સર્વિસીસ ઉપર GST માંથી મુકિત આપવામાં આવી છે. આ દેશના યશસ્વી વડાપ્રધાન અને નાણામંત્રી અને ગુજરાતના નાણામંત્રીની અભૂતપૂર્વ સિદ્ધિ છે. પ્રતિમાસ રૂ.૨૦ હજાર

સુધીના દરે વિદ્યાર્થીઓને પૂરી પાડવામાં આવતી હોસ્ટેલની સેવાઓ જેની અવારનવાર રજૂઆત થઇ હતી તેને જી.એસ.ટી.માંથી મુકિત આપવામાં આવી છે. છેતરપિંડી સિવાયના બધા જ કિસ્સાઓમાં નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮, ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ માટે ઉપસ્થિત કરવામાં આવેલ ડિમાન્ડ અન્વયે જે એના ઉપર વ્યાજ ચડયું હતું અને દંડ તેમાંથી મુકિતની પણ ભલામણ કરવામાં આવેલ છે. ઇલેકટ્રોનિક કોમર્સ ઓપરેટેબલ ટેક્સેબલ સપ્લાય ઉપર મૂળ સ્થાને કરવાની થતી કપાત એટ સોર્સ TCSના પ્રવર્તમાન દરને એક ટકાથી ઘટાડી અને ૦.૫ ટકા સુધી લઇ જવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮, ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦, ૨૦૨૦–૨૧ સંબંધીત ઇનપુટ ટેકસ ક્રેડિટ કલેમ કરવા માટે છૂટછાટ આપવામાં આવે છે અને આખા આ સુધારામાં એની ખૂબ વિગતવાર માહિતીઓ મૂકવામાં આવેલ છે એનો આપણે અભ્યાસ કરી શકીએ એમ છીએ. જે લોકોએ કોમ્પોઝીશનનો વિકલ્પ પસંદ કર્યો છે તેવા કરદાતા માટે પણ આ કાઉન્સિલે વિચાર કર્યો છે અને એ લોકોને રીટર્નની સમય મર્યાદા તા. ૩૦ એપ્રિલથી વધારીને ૩૦ જૂન સુધીની કરી આપવામાં આવી છે અને એની ભલામણ કરવામાં આવી છે. વેરાની વિલંબીત ચૂકવણી માટે વ્યાજની ગણતરી GSTRના ૩–D પત્રકમાં ઇલેકટ્રોનિક કેશ લેઝરમાંથી ડેબિટ કરવામાં આવેલ રકમ બાદ રાખવામાં પણ ભલામણ કાઉન્સિલે કરી છે. નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ માટે કુલ ૨ કરોડ સુધીની વાર્ષિક આવક ધરાવતા વ્યકિતને વાર્ષિક પત્ર ભરવામાંથી મુકિત આપવામાં આવી છે. આમ સરકારી આવકના હિતમાં કરવામાં આવેલ જોગવાઇઓને ધ્યાને લેતા આ ફેરફારો ખૂબ જરૂરી આપણને દેખાય છે. બીજી કેટલીક બાબતો જે અવાર નવાર આપણે ફેરફારો કર્યા છે એમાં અભ્યાસ કરતા માલુમ પડે છે કે જૂના એકસાઇઝ અને વેટના માળખાનો જો વિચાર કરીએ તો ઘરગથ્થુ ચીજો જેવી કે કોસ્મેટિક, કાંડા ઘડિયાળ, પ્લાસ્ટિકના સેનેટરી વેર, બારી બારણા, ફર્નિચર અને મેટ્રેસ ઉપર જયાં ૨૮ ટકા કર લાગતો હતો, મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગને જયાં અસર થતી હતી ત્યાં ૨૮ ટકાથી ઘટાડીને આ જી.એસ.ટી.માં આપણે ૧૮ ટકા સુધી લઇ ગયા છીએ.

**સભાપતિશ્રી રમણલાલ ઇ. વોરા અધ્યક્ષસ્થાને**

સૌ મિત્રોને જણાવતા બીજો પણ આનંદ થાય છે કે મોબાઇલ ફોન, ૩૨ ઇંચના ટી.વી, ફ્રીઝ, વોશિંગ મશીન, ગીઝર, સિલિંગ ફેન, ટેબલ ફેન ઉપર પહેલાંના કર માળખામાં ૩૧.૩ ટકાનો દર લાગતો હતો એ હવે ઘટાડી આ જી.એસ.ટી.ના માળખામાં આપણે ૧૮ ટકા સુધી લાવી શકયા છીએ એટલે કે આ બધી જ આઇટમો ઉપર ૧૩ ટકા સુધીનો ટેકસ ઘટ્યો છે. કવાર્ટરલી રીટર્ન ફાઇલિંગ અને મંથલી રીટર્ન ફાઇલિંગ ઓફ ટેક્સેસન, કયુઆરએમપી સ્કીમના લીધે ૮૪ લાખ જેટલા નાના કરદાતાઓને હવે વાર્ષિક ૨જની જગ્યાએ હવે ૮ જ રીટર્ન ફાઇલ કરવાની જરૂરિયાત પડે છે. આપણે એ ના ભૂલવું જોઇએ કે ૫–૧૨–૧૮ અને ૨૮ના આ કર માળખાના આ સ્લેબમાં જી.એસ.ટી.માં ૨૮ ટકા જે લકઝુરિયસ આઇટમો ઉપર ટેક્સ લાગે છે તેવી માત્ર ૨૮ જ આઇટમો છે જે પહેલાંના કર માળખામાં ૨૨૯ જેટલી હતી.એટલે કે સમગ્ર કર માળખાનું ભારણ સામાન્ય ગ્રાહક અને વેપારી વર્ગ ઉપર ઘટાડવાનો પ્રશંસનીય પ્રયત્ન જી.એસ.ટી. માળખા દ્વારા કરવામાં આવ્યો છે. કેટલીક વસ્તુઓ જે જીવન જરૂરિયાતની છે અને આપણે રોજબરોજના વપરાશમાં લઇએ છીએ તેના આંકડા મૂકીને મારી વાત પૂરી કરીશ. ટૂથ પાવડર જેના ઉપર ૧૭ ટકા ટેક્સ લાગતો હતો તે હવે જી.એસ.ટી.માં ૧૨ ટકા છે. હેર ઓઇલ ઉપર ૨૯.૩ ટકા હતો તે ૧૮ ટકા થયો છે. સાબુ ઉપર ૨૯.૩ ટકા લાગતો હતો તે હવે ૧૮ ટકા છે. સ્વીટ વસ્તુઓ ઉપર ૭ ટકા લાગતો હતો એ હવે ૫ ટકા પર લાવ્યા છીએ. વોશિંગ મશીન ઉપર ૩૧.૩ ટકા હતો એમાંથી ૧૮ ટકા કર્યો. એલ.પી.જી. સ્ટવ ઉપર ૩૧ ટકા હતો એના ૧૮ ટકા કર્યા અને કેરોસિનના જે કોઇ સાધનોનો ઉપયોગ કરીએ છીએ એના જી.એસ.ટી.માં ઘટાડો કરવામાં આવ્યો છે. આમ, આ ગૃહને હું વિનંતી કરું છું કે જે કાંઇ આ જી.એસ.ટી. કાયદામાં સુધારા ઇનપુટ અને જે કાંઇ ઘટાડો કરવામાં આવ્યો છે તે કાયદાના સુધારામાં માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ સાહેબ જે વિધેયક લાવ્યા છે એને સર્વાનુમતે પસાર કરીએ અને હું મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું. ભારત માતા કી જય.

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયના નાણામંત્રી આદરણીય શ્રી કનુભાઇ દેસાઇ ગુજરાત ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટ–૨૦૧૭માં જે સુધારા વિધેયક લાવ્યા છે એના ઉપર હું મારું સમર્થન જાહેર કરવા અને મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ટેક્સ ઓન ટેક્સ જે ઉત્પાદનમાં કોઇ વસ્તુ ઉત્પાદિત થતી હોય છે એને અલગ અલગ તબક્કાઓ ઉપર ટેક્સ લાગતો હતો અને અલગ અલગ તબક્કાઓ ઉપર જે ટેક્સ લાગતો હતો એને કાસ્કેટિંગ ટેક્સ પણ કહેવાય છે અને ટેક્સ ઓન ટેક્સ માળખું હતું જેના કારણે પ્રજાને ખૂબ જ મુશ્કેલી પડતી હતી. આવા સંજોગોમાં એક સરળ ટેક્સ પ્રણાલી ભારતમાં લાવવાનો એક વિચાર સને ૨૦૦૨માં તત્કાલીન વડાપ્રધાન શ્રદ્ધેય શ્રી અટલ બિહારી બાજપાઇજીની સરકારમાં આ વિચાર કરવામાં આવ્યો હતો અને જ્યારે આ વિચાર કર્યો એ પછી વિચારનું અમલીકરણ આપણા દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું. અમલીકરણ કર્યું ત્યારે અમલીકરણમાં કઇ રીતે કે સૌને સાથે રાખીને. આપણી વેદોક્ત પ્રણાલી છે 'संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम् । देवा भागं यथा पूर्वे सञ्जानाना उपासते ॥ ' સૌને સાથે રાખીને, સૌને સાથે લઇને જેમ દેવતાઓએ પોત પોતાનો ભાવ વહેંચ્યો તેમ તમામ લોકોને સાથે રાખીને તમામ રાજ્યોને સાથે રાખીને, કેન્દ્ર શાસિત પ્રદેશોને સાથે રાખીને ભારત સરકાર, રાજ્ય સરકાર સાથે બેસે, નાણામંત્રીશ્રીઓ સાથે બેસે અને કર પ્રણાલી નક્કી કરીને આ કેવી કર પ્રણાલી કે જેમ મધુમાખી પોતે ફૂલમાંથી પરાગરજ પ્રાપ્ત

કરે, પોતાનું પણ શ્રેય કરે અને કૂલનું પણ શ્રેય કરે એ રીતે આ પ્રણાલી અમલમાં લાવવામાં આવી. મારા પૂર્વ વક્તાએ કહ્યું કે કેટલાક નકારાત્મક વિચારધારાના લોકોએ, આજે એ છે નહીં, નહીં તો મારે આપના માધ્યમથી એ લોકોને કહેવું હતું અને આપના માધ્યમથી સમગ્ર ગૃહનું પણ ધ્યાન દોરવા માગું છું. હાલમાં રક્ષાબંધન જેવો પવિત્ર તહેવાર ગયો. આ કોંગ્રેસ પક્ષવાળા મુસ્લિમ તુષ્ટીકરણની હદ ક્યાં સુધી કરશે? એમને શરમ આવવી જોઇએ. આટલી હદે તુષ્ટીકરણની નીતિ? કોઇના ઉપર આ પ્રકારે હાંસીપાત્ર? પોતે પોતાના સોશિયલ મીડિયા એક્સ ઉપર એક પોસ્ટ મૂકવામાં આવે ટેક્સ બંધનના નામથી. ઇદની શુભકામના પાઠવે સાહેબ, કંઇ વાંધો નથી, સારી વાત છે પણ એમને મુશ્કેલી કયાં આવી છે? રક્ષાબંધનમાં. હું આપના માધ્યમથી, ગૃહના માધ્યમથી એ લોકોને કહેવા માગું છું કે આવી માનસિકતા ભાગલાવાદી, અરાજકતાવાદી? સામાજિક સદભાવ અને સામાજિક સમરસતાને તોડવા માટે જી.એસ.ટી.ના નામથી પોસ્ટ મૂકવામાં આવી અને એ પોસ્ટને જયારે સાતત્યપૂર્ણ કરવામાં આવે એ વાત ખરી છે કે એની ખોટી તપાસ કરવામાં આવે છે ત્યારે જયારે વેટની પ્રણાલી અમલમાં હતી ત્યારે એ વખતની ટેકસ ઓન ટેકસની પ્રણાલી અમલમાં હતી અને અત્યારની જે પ્રણાલી અમલમાં છે એમાં ખૂબ અંતર છે. ટેકસ ઘટ્યા છે. બહેનો અને ભાઇઓના પવિત્ર હિન્દુ તહેવાર ઉપર મજાક કરનાર લોકોને આપણે સૌએ ઉજાગર કરવા પડે. વારેને તહેવારે જી.એસ.ટી.ના નામથી એના આકાઓ ત્યાંથી જે પ્રકારે બોલી રહ્યા છે એને પણ સમજવાની આવશ્યકતા છે. માનનીય નાણામંત્રી અત્યારે પોતે સુધારા વિધેયક રજૂ કરતા હતા ત્યારે એમણે પોતે વિષય મૂકયો કે અત્યાર સુધીમાં ૧૪ ટકાથી વધારે લોકોએ ટેકસ ભરી દીધો છે અને ચાલુ વર્ષમાં પણ ૩૩ ટકા ટેકસ આવી ગયો છે. પ્રામાણિક કરદાતાઓ છે અને આ પ્રામાણિક કરદાતાઓનું સન્માન કરવું દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબ અને એમની સરકારે વિચાર કર્યો છે અને પ્રામાણિક કરદાતાઓને કયાંય મુશ્કેલી ન પડે એના માટે જી.એસ.ટી. કાઉન્સિલમાં પણ વારંવાર બેઠકો બોલાવીને જયાં જયાં જે રીતે, જે પ્રકારે જે માહિતી ઉપલબ્ધ થાય અને જે પ્રશ્નો ઉદભવતા હોય છે એનું કાયદાના આધારે નિરાકરણ કરીને લોકોની અને પ્રજાની સુખાકારી માટે એ કાર્ય કરતા હોય છે. જી.એસ.ટી. એ ટેકનોલોજીથી પ્રેરિત અને ટેકનોલોજીથી સંચાલિત હોવાને કારણે રીટર્ન ફાઇલ કરવામાં પણ ઝડપી પ્રક્રિયા થતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જી.એસ.ટી. અમલીકરણને કારણે વન નેશન વન ટેકસ એક દેશ એક કરની પ્રણાલી રાજયની અંદર, આપણા દેશની અંદર લાવ્યા હોય તો એનો સંપૂર્ણ યશ આપણા દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબને જાય છે. આના કારણે ઘણી બધી વસ્તુઓમાં ટેકસમાં ઘટાડો થયો છે. મારા પૂર્વ વકતા શ્રી અમૂલભાઇએ આ બાબતમાં ફીગરો કહ્યા એટલે હું એનું પુનરાવર્તન કરતો નથી. અનેક માલ ઉપર, અનેક જણસીઓ ઉપર ટેકસ ઘટ્યા છે. અગાઉ વેટ અમલમાં હતો ત્યારે ટેક્સ ઓન ટેક્સને કારણે ઘણી મુશ્કેલી પડતી હતી અને એને કારણે સરળીકરણ થયું અને એ પણ જયારે જી.એસ.ટી.ની કાઉન્સીલ મળે છે. આદરણીય કેન્દ્રના નાણામંત્રી એના અધ્યક્ષ હોય છે એ જી.એસ.ટી. કાઉન્સીલની અંદર રહે છે એમાં રાજયકક્ષાના નાણામંત્રી પણ હોય છે. નાણાં સચિવ પણ હોય છે અને તમામ રાજયના નાણામંત્રી હોય છે. સૌ સાથે મળીને આમાં કયાંય કોઇ પક્ષાપક્ષીની વાત જ નથી. એ લોકો અંદર એક વાત કરે છે અને બહાર બીજી વાત કરે છે. જયારે કંઇ મુશ્કેલી હોય, તકલીફ હોય પોતાના રાજયની કંઇ મુશ્કેલી હોય જી.એસ.ટી. પ્રણાલીને લાગુ કરવામાં જયાં જયાં જે સમસ્યાઓ હતી એ સમસ્યા ઉદભવે એનું સમાધાન માનનીય નાણામંત્રીશ્રી જી.એસ.ટી. કાઉન્સીલના અધ્યક્ષશ્રી કરતા હોય છે અને એ પ્રણાલીઓ લાવતા હોય છે ત્યારે એને અનુરૂપ, એને આનુષંગિક રાજયએ પણ પોતાના સુધારા વધારા કરવાના હોય છે એ પ્રકારે આજે માનનીય કનુભાઇ સુધારા વિધેયક લાવ્યા છે. ગુજરાત સરકારની અંદર પણ જી.એસ.ટી.નું અમલીકરણ થવાથી મારું બિલ, મારો અધિકાર એ યોજનાને પણ ખૂબ મોટો પ્રતિકાર મળ્યો છે. સરકારે ઇનામો બહાર પાડયા છે. લોકોએ પણ ગ્રાહક પોતે માલ લેવા જાય અને બિલ લે એ એનો અધિકાર છે. મેરા બિલ મેરા અધિકાર નીચે એ જયારે મૂકે છે ત્યારે એને પ્રોત્સાહક ઇનામો આપીને પણ આ પ્રણાલીને મજબૂત કરવા માટે ગ્રાહકોની જાગૃતિ માટે, ગ્રાહક ન છેતરાય એના માટે આ પદ્ધતિ અમલમાં આવી. હન્ડ્રેડ પર્સન્ટ સ્પોટ વેરિફિકેશન થાય છે. જી.એસ.ટી.માં પ્રાઇમ અને એનાલીસીસ પ્રોગ્રામ પણ લાવેલા છે. સતત મોનિટરિંગ અને રિવ્યુ થાય છે. ફેસલેસ પ્રોસેસ થાય છે. ૭ દિવસની અંદર આધારકાર્ડને આધારિત એની અરજીઓ પણ પાસ થતી હોય છે. આ ગુજરાત સરકારની સિદ્ધિ છે કે, સાત દિવસની અંદર તેની અરજી થઇ જાય છે અને ૬૦ દિવસમાં તેને તેનું રીફંડ પણ આપી દેવામાં આવતું હોય છે. મોબાઇલ સ્કવોર્ડ પણ જી.એસ.ટી. વિભાગે શરૂ કરેલી છે. ઘણા બધા ટોલગેટ ઉપર અને અનેક ટ્રકોમાં તે વખતે ચેકિંગ થતું હોય છે. તેમાં ઘણી જગ્યાએ ચોરી પકડાય છે અને તેને ત્યાંને ત્યાં જ દંડ ફટકારવામાં આવતો હોય છે. એટલે આવા જે કરચોરો છે તેના ઉપર લગામ લાગે છે અને પ્રામાણિક કરદાતા હોય છે તેમને ન્યાય મળતો હોય છે. સાહેબ સમગ્ર રીતે જુઓ તો જી.એસ.ટી.ની તમામ બાબતો અને કરદાતાઓના લાભને આવકારીને સરકારી આવકને સુનિશ્ચિત કરવા માટે માનનીય કનુભાઇ દેસાઇ સાહેબ જે વિધેયક લાવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું. ધન્યવાદ, ભારત માતા કી જય.

ડો. મહેન્દ્રભાઇ પાડલિયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી. કાયદા હેઠળની મહત્ત્વની બાબતોને આવરી લઇને કરદાતાના લાભ માટે તેમજ સરકારી આવકને સુનિશ્ચિત કરવા માટે માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે રજૂ કરેલ જી.એસ.ટી. કાયદામાં સુધારા અંગેના આ વિધેયકને મારો સંપૂર્ણ ટેકો આપું છું.

ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૪

માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી. કાઉન્સિલની ૫૩મી બેઠકમાં વેપારી વર્ગના હિતમાં કરવામાં આવેલ કેટલીક મહત્ત્વની ભલામણો અંગે હું ગૃહને વાકેફ કરવા માગું છું. ભારત દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં ૧લી જુલાઇ ૨૦૧૭ના રોજ જી.એસ.ટી. કાયદાની અમલવારી શરૂ થઇ અને વન નેશન વન ટેક્સ વન માર્કેટનું ભારત દેશની જનતાનું વર્ષો જૂનું સ્વપ્ન સિદ્ધ કર્યું છે. જી.એસ.ટી. કાયદામાં નાના મોટા તમામ વર્ગને અને દરેક નાગરિકનું ધ્યાન રાખવામાં આવ્યું છે. સાથે સાથે ભારત દેશના ઉદ્યોગ ધંધા વિદેશી કંપનીઓ સાથે સ્પર્ધા કરી શકે તેવી જોગવાઇ પણ સમયાંતરે કરવામાં આવેલ છે. સરકાર દ્વારા પ્રજા અને ઉદ્યોગ ધંધા તેમ દરેક વર્ગમાંથી મળતા સૂચનોને ધ્યાનમાં લઇને વખતો વખત જરૂરી સુધારા કરવામાં આવે છે. સરકારે દરેક રાજ્યને સાથે રાખી સબકા સાથ સબકા વિકાસનું સૂત્ર ચરિતાર્થ કરેલ છે. વિવિધ એસોસીએશનો અને વેપારી સંગઠનો તરફથી પ્રિઓડિટ રકમને ઘટાડવા માટેની રજૂઆતો પ્રાપ્ત થયેલ હતી. હાલમાં જી.એસ.ટી. કાયદા અન્વયે પ્રિઓડિટની રકમ પ્રથમ અપીલ તબક્કે મહત્તમ રૂપિયા ૨૫(પચ્ચીસ) કરોડ છે અને દ્વિતીય એટલે કે ટ્રિબ્યુનલ તબક્કે મહત્તમ રૂપિયા ૫૦(પચાસ) કરોડ છે. વિવિધ એસોસિએશન અને વેપારી સંગઠનો તરફથી મળેલ આ રજૂઆતોને ધ્યાને લઇને આ રકમ ઘટાડીને પ્રથમ અપીલ અને દ્વિતીય અપીલ એટલે કે ટ્રિબ્યુનલના બંને તબક્કે મહત્તમ રૂપિયા ૩૦(ત્રીસ) કરોડ થયેલ છે. વધુમાં ટ્રિબ્યુનલ તબક્કે આ રકમ ભરવાપાત્ર વેરાના ૨૦(વીસ) ટકાથી ઘટાડી ૧૦(દસ) ટકા કરેલ છે. આ પ્રકારે વિવિધ વેપારી સંગઠનો અને એસોસીએશન તરફથી મળેલી રજૂઆતોને ધ્યાનમાં રાખી વેપારીને પ્રોત્સાહન આપવા માટે મહત્ત્વના આ ફેરફારો આ વિધેયકમાં કરવામાં આવેલ છે. નિકાસ બાદ માલની કિંમતમાં વધારો થાય અને આ વધારાના કારણે ચૂકવવામાં આવેલ આઇ.જી.એસ.ટી. વેરાની રીફંડ બાબતે વિવિધ એસોસિએશન અને વેપારી સંગઠનો તરફથી રજૂઆતો મળેલ. એવા કિસ્સાઓમાં કે જ્યાં નિકાસ કરેલ ચીજવસ્તુના ભાવ અમુક આંતરરાષ્ટ્રીય પરિબળો સાથે જોડાયેલા હોય અને કરારની શરતો કે અન્ય કારણસર નિકાસ કરાયેલા માલની કિંમતમાં રિવિઝન થતાં તેની કિંમતમાં સુધારો કરી નિકાસકારે લાગુ પડતા વ્યાજ સાથે વધારાના આઇ.જી.એસ.ટી. ચૂકવવાની જોગવાઇ છે. પરંતુ આવા ચૂકવાયેલા વધારાના આઇ.જી.એસ.ટી.નો રીફંડનો દાવો કરવા માટે અગાઉ કોઇ જોગવાઇ ન હતી જેથી આ રકમના રીફંડ આપવા માટેની જોગવાઇ પણ આ સુધારામાં કરવામાં આવેલ છે. માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કરેલ જીએસટી કાયદામાં સુધારા અંગેના આ વિધેયકને હું મારો ટેકો જાહેર કરું છું.

શ્રી જગદીશભાઇ પ્ર. મકવાણા(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ દ્વારા ગુજરાત માલ સેવા વેરા સુધારા વિધેયક–૨૦૨૪ સન્માનીય ગૃહ સમક્ષ લઇને આવ્યા છે ત્યારે તેને સમર્થન આપું છું અને તેમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જીએસટી કાયદાની જોગવાઇ અનુસાર બિન નોંધાયેલ વ્યકિતને કરવામાં આવતા સપ્લાયના કિસ્સામાં પ્લેસ ઓફ સપ્લાય ઇન વોઇઝમાં નોંધાયેલા વ્યકિતના સરનામા મુજબનું ગણાય છે. જે કિસ્સામાં બિલિંગનું સરનામું ડિલિવરી સરનામાથી અલગ હોય ખાસ કરીને ઇ–કોમર્સ પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવતા વ્યવહારો તો આવા કિસ્સામાં પ્લેસ ઓફ સપ્લાય અને સ્પષ્ટતા કરવા વેપારી એસોસિએશન અને ટ્રેડ ચેમ્બર્સ દ્વારા રજૂઆત કરવામાં આવેલ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, જે રજૂઆત સ્વીકારીને ખરેખર જયાં ચીજ–વસ્તુનો વપરાશ થાય છે તે રાજયને આવા વ્યવહારો ઉપર વેરો મળી રહે તેવી સ્પષ્ટતા જીએસટી કાઉન્સિલ દ્વારા કરવામાં આવેલ છે. જીએસટી કાયદામાં થતી કરચોરીને ડામવા પાન–મસાલા અને તમાકુના ઉત્પાદકો સંબંધિત નવી સિસ્ટમ અમલમાં મૂકવામાં આવેલ છે. આ સિસ્ટમ દ્વારા આ ક્ષેત્રમાં થનાર કરચોરીમાં વ્યાપક ઘટાડો થશે અને સરકારી આવકમાં વધારો થશે. વધુમાં આ સિસ્ટમના અમલીકરણ સંબંધિત ઘણા પ્રશ્નોના નિરાકરણ બાબતે પણ સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કરેલ જીએસટી કાયદામાં સુધારા અંગેના ગુજરાત માલ અને સેવા વેરા સુધારા વિધેયક–૨૦૨૪ને મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું.

શ્રીમતી રિવાબા ર. જાડેજા(જામનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી સુધારા વિધેયક લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરતા પહેલાં આ ગૃહ સમક્ષ હું ખૂબ જ એક ઐતિહાસિક ક્ષણ આપની પરવાનગીથી રજૂ કરવા ઇચ્છું છું. આપણા આદરણીય પ્રધાનમંત્રીશ્રી હાલ પોલેન્ડની મુલાકાતે છે ત્યારે એક ગુજરાતી તરીકે, એક ભારતીય તરીકે આપણને ગૌરવ થાય એવી એક બાબત આ ગૃહ સમક્ષ હું મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ પોલેન્ડની મુલાકાત લીધી ત્યારે તેમણે જામનગરના મહારાજા દિગ્વિજયસિંહજી અને જામનગર વિશે જે વાત કરી તે તેમના શબ્દોમાં હું કહું તો જામનગરના મહારાજા દિગ્વિજયસિંહજીએ બીજા વિશ્વ યુદ્ધના સમયે પોલેન્ડના નાગરિકોને જામનગરમાં શરણ આપી અને આજે પણ પોલેન્ડનું જયારે પાર્લામેન્ટરી સત્ર શરૂ થાય છે તે પહેલાં સૌ પ્રથમ જામનગરનું સ્મરણ અને મહારાજા દિગ્વિજયસિંહજીનું સ્મરણ કરવામાં આવે છે અને ત્યારબાદ જ આ સત્ર શરૂ કરવામાં આવે છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ જે વાત કરી તે અંતર્ગત મહારાજા દિગ્વિજયસિંહજીએ જે બીજ ભારત અને પોલેન્ડ વચ્ચે રોપ્યા તેના કારણે જ આજે ભારત અને પોલેન્ડના સંબંધો વધુ મજબૂત અને ગાઢ બન્યા છે. આ તકે આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ ત્યાં બનેલા મહારાજા દિગ્વિજયસિંહજીના સ્મારક ઉપર પુષ્પાંજલિ અર્પણ કરી અને ખરા અર્થમાં એમને શ્રદ્ધાંજલિ પાઠવી અને એક નવો ઇતિહાસ ભારત અને પોલેન્ડ વચ્ચે સર્જાય તેની પણ ખાતરી આપી છે.

## તા. ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૪

## ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૪

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી જે જીએસટી–૨૦૧૭ના સુધારા વિધેયક લઇને આવ્યા છે તે અંતર્ગત હું મારા વિચારો આ ગૃહ સમક્ષ રજૂ કરું છું. જીએસટીની વાત કરીએ તો ઘણી બધી નકારાત્મકતા આપણને જોવા મળે. અત્યારે પણ ઘણા બધા વેપારીઓમાં જીએસટીને લઇને ઘણું બધુ એક કન્ફ્યુઝન અને કોમ્પ્લેક્ષ માનસિકતા જોવા મળે છે જે આ ગૃહના માધ્યમથી મારા પૂર્વ વકતાઓએ જે ઝીણવટભરી ચોખવટ કરી અને તેને સુધારવાની જે વાત અને વિચારો રજૂ કર્યા છે તેને પણ હું મારું અનુમોદન આપું છું અને સાથ–સાથે આ સુધારા વિધેયકની વાત કરીએ. તે પહેલાં જી.એસ.ટી.ની પૃષ્ઠભૂમિની વાત કરીએ તો જી.એસ.ટી.ના અમલીકરણને લગભગ સાત કરતાં વધારે વર્ષ થયેલ છે. જી.એસ.ટી. લાવવાનો મુખ્ય હેતુ સરકારી આવકમાં વધારો કરવાનો તો છે જ પણ મધ્યમ વર્ગની પાયાની જરૂરિયાતનો પણ ખ્યાલ રાખવામાં આવે એની દ્રઢપણે ખાતરી આપવા સાથે જી.એસ.ટી.નું અમલીકરણ શક્ય બન્યું. જી.એસ.ટી.ના અમલીકરણથી સમગ્ર ભારતમાં કર માળખાનું એકત્રીકરણ અને સાથે–સાથે દેશના વિભિન્ન રાજ્યો તેમજ કેન્દ્રના વિવિધ ૧૭ જેટલા કાયદાઓને જી.એસ.ટી. હેઠળ એક કરમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા. આનાથી આર્થિક એકાકીકરણને પણ પ્રોત્સાહન મળ્યું અને સમગ્ર માલ અને સેવાઓ ઉપર હવે સમગ્ર દેશમાં એક કર લાદવામાં આવે છે. જી.એસ.ટી.ના અમલીકરણથી નાના–મોટા તમામ વેપારીઓ તેમજ ઉદ્યોગકારોને વધુ સવલતો મળે છે. જે અંતર્ગત હું વાત કરું તો સૌપ્રથમ સવલત એટલે વેરા શાખ. કાયદો અમલમાં આવવાથી સમગ્ર દેશના કોઇ પણ ખૂણેથી જો તમે માલની ખરીદી કરો છો તો ત્યાં જ તમને વેરા શાખ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જેનાથી ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો થયેલ છે. આ ઉપરાંત અગાઉના જુદા–જુદા કાયદાઓ હેઠળ લાવવામાં આવતા વેરાના દરની સરખામણીએ જી.એસ.ટી. કાયદા હેઠળ વેરાના દરનું ભારણ પણ ઘટ્યું છે. બીજી રીતે પારદર્શિતાની વાત કરીએ તો જી.એસ.ટી. સિસ્ટમના અમલમાં આવતાં કોઇ પણ કરદાતાને ઘરે બેઠા નોંધણી, પત્રક, રિફન્ડ જેવી તમામ સુવિધાઓ ઓનલાઇન ઉપલબ્ધ થયેલી છે. વધુમાં કહું તો એકીકૃત બજાર, કોઇ કાસ્કેડિંગની અસર નહિ, ઓછી નિયમનકારી માર્ગદર્શિતા આ ઉપરાંત ઓનલાઇન સરળ ટ્રાન્ઝેક્શન. જી.એસ.ટી. પ્લસ મેક ઇન ઇન્ડિયાને એક સાથે જોઇએ તો ઉત્પાદનમાં સતત થતો વધારો અને ઇ–કોમર્સ માટે સૌથી સરળ કામગીરી જી.એસ.ટી. હેઠળ કરવામાં આવેલી છે. સાથે–સાથે ઉચ્ચ સીમા મર્યાદા એટલે કે નાના ઉદ્યોગકારોને રૂ.૪૦ લાખની મર્યાદા બાંધીને જી.એસ.ટી. હેઠળ આવરી લેતાં સૌથી વધારે ફાયદો થયેલો છે. આ તો આપણે ઉદ્યોગકારોની વાત કરી, રોકાણકારોની વાત કરી પણ સામાન્ય વર્ગો માટે શું? સામાન્ય અને નાના વર્ગોની વાત કરું તો જે વર્ગ ઘરના ઘરનું સ્વપ્ન જોવે છે અને એમાં પણ રૂ.૪૫ લાખ કરતાં ઓછી કિંમતનું ઘર લેવાનું વિચારે છે ત્યારે ફક્ત એક ટકાના દરે એમનું ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થવામાં જી.એસ.ટી. મદદરૂપ બને છે. એમાં પણ જો તમે બી.યુ.સી. હેઠળ પરમિશન લીધી છે તો આ કરની માફી પણ જી.એસ.ટી. હેઠળ આપવામાં આવે છે. આ ઉપરાંત આદરણીય નાણામંત્રી આ સુધારા વિધેયકમાં જે ફેરફારો કરી અને આપણા સમક્ષ મૂક્યું છે એ અંતર્ગત કલમ–૨(૬૧) અને કલમ–૨૦ અંતર્ગત હાલની જોગવાઇ મુજબ ઇનપુટ સેવા વિતરણ હેઠળ નોંધણી નંબર લેવા અંગે કોઇ વિકલ્પ હતો. જેના લીધે કરદાતાઓમાં આ જોગવાઇઓના પાલન અંગે દ્વિધા રહેતી હતી. વધુમાં આઇ.એસ.ડી. રજિસ્ટ્રેશન ફરજિયાત ન હોવાના કારણે અમુક કિસ્સાઓમાં જ્યાં સેવાઓ ગુજરાત રાજ્યમાં વપરાયેલ હોવા છતાં હેડ ઓફિસો બીજા કોઇ રાજ્યમાં હોય ત્યારે યોગ્ય રીતે આઇ.એસ.ડી. જોગવાઇનું પાલન ન થવાને લીધે સરકારને વેરાની આવકમાં ઘણું બધું નુકસાન થતું હતું. પરંતુ આ સુધારા વિધેયક લાવવાથી આપણે કાયદાનો વધારે અસરકારક રીતે અમલ કરી શકીશું અને સરકારને જે વેરાનું નુકસાન થતું હતું એને બચાવી શકીશું. વધુમાં કહું તો હાલની જોગવાઇ કલમ–૯(૩) અને ૯(૪) હેઠળ ભારતના રિઝર્વ ચાર્જ અંગે કોઇ ખાસ ખુલાસો ન હોવાના કારણે પણ સરકારને નુકસાન જતું હતું. જે અંતર્ગત આ કલમમાં ફેરફાર કરવાથી આ જોગવાઇનો વ્યાપ પણ વધશે. જેના કારણે એકંદરે સરકારની વેરાકીય આવકમાં વધારો અને કરદાતાઓને પણ વિવાદથી બચાવી શકાશે. આ ફેરફાર બાદ આઇ.એસ.ડી.ની નોંધણી ફરજિયાત થતાં આવી તમામ આવકો સરકારની વેરાકીય આવકમાં વધારો કરશે. કાયદાકીય જોગવાઇઓ સ્પષ્ટ થતાં કરદાતાઓને કાયદાકીય ગૂંચમાંથી સદંતર મુક્તિ મળશે અને લાંબા ગાળે વેરાકીય વિવાદો ઘટશે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં પણ વધારો જોવા મળશે. મારા પૂર્વ વક્તાશ્રીએ કહ્યું કે, ખાસ કરીને કલમ–૧૨૨(ક) તમાકુ ઇન્ડસ્ટ્રીઝમાં આનું પ્રભુત્વ જોવા મળે છે. તમાકુ ઇન્ડસ્ટ્રીઝમાં તમાકુ ઉત્પાદકો માટે સરળ ટેક્સ કોમ્પલાઇન્સ અને સાથે સાથે કલમ–૧૪૮ હેઠળ સ્પેશ્યલ પર્ફોમન્સ અને સ્પેશ્યલ પ્રોસિજર નક્કી કરવામાં આવે છે. જેથી મશીનની નોંધણી અને તેના પત્રકો વગેરે અંગેની જોગવાઇ કરેલ છે. જેના કારણે આ કલમના અમલીકરણથી સદરહુ અધિનિયમની કલમ–૧૪૮ અંતર્ગત મશીનની નોંધણી થતાં સરકાર દ્વારા મશીનના સપ્રમાણ ઉત્પાદન/વેચાણ વગેરેમાં તે દર્શાવવામાં આવે છે કે નહીં તેની પણ વધુ સારી રીતે ચકાસણી શક્ય બનશે. આ જોગવાઇથી કલમ–૧૪૮ની અમલવારી વધુ સારી રીતે થશે અને એકંદરે તમાકુના ઉત્પાદન પર થતી વેરાકીય આવકમાં પણ વધારો થશે. ટૂંકમાં કહીએ તો ઉદ્યોગકારોથી લઇ નાના મોટા વેપારીઓ, મધ્યમવર્ગ, સમાજના તમામ સેક્ટરમાં જી.એસ.ટી. અંતર્ગત માનનીય નાણામંત્રીશ્રી સુધારા વિધેયક લઇને આવ્યા છે તેને હું આ ગૃહ સમક્ષ અનુમોદન આપું છું અને આપ સૌને વિના વિરોધે પસાર કરવાની વિનંતી કરું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ સન–૨૦૧૪ વિધેયક ક્રમાંક–૧૩ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું અને સાથોસાથ આ બિલને હું મારું સમર્થન જાહેર કરું છું.

## ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૪

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીને આ બિલના અનુસંધાનમાં મારા થોડાં સૂચનો આપવા માગું છું. જગતનો તાત આપણો અન્નદાતા જે ઓજારો વાપરે છે તેમાં સંપૂર્ણ જી.એસ.ટી. નાબૂદ થવો જોઇએ. જેથી કરીને તે તેનો નફો થોડો વધારી શકે. જેમ કે, ખાતર, બિયારણ, જંતુનાશક દવા, ટ્રેક્ટર, ટ્રોલીમાં સી.જી.એસ.ટી. અને જી.એસ.ટી. સંપૂર્ણ નાબૂદ થવો જોઇએ. ગુજરાતમાં ૧૬૦૦ કિ.મી. કરતાં પણ વધારે લાંબો દરિયાકિનોરો આવેલો છે. આપણા માછીમાર ભાઇઓને આપવામાં આવતાં ડીઝલ પર પણ ટેક્સ નાબૂદ થવો જોઇએ. મધ્યમવર્ગ પોતાના ઘરનું ઘર બનાવી શકે તે માટે સિમેન્ટ પરનો જી.એસ.ટી. પાંચ ટકા અંતર્ગત હોવો જોઇએ. છાશ, દૂધ, માખણ જેવી ડેરી પ્રોડક્ટો પરનો જી.એસ.ટી. પણ સંપૂર્ણપણે નાબૂદ થવો જોઇએ. ડાયાબિટીસ, કેન્સર, નાનાં બાળકોની દવાઓ જેવી જીવનજરૂરી દવાઓ ઉપર સંપૂર્ણ જી.એસ.ટી. નાબૂદ થવો જોઇએ. પેટ્રોલ અને ડીઝલનો જી.એસ.ટી.માં સમાવેશ કરીને પેટ્રોલ અને ડીઝલની હયાત બજાર કિંમત ઘટાડી શકાય તેવું પણ મારું સૂચન છે. હું વિનંતી કરું છું કે માનનીય મંત્રીશ્રી મારી વિનંતીને સૂચનના સ્વરૂપે લે તેવી મારી માંગણી છે.

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા(ધ્રાંગધ્રા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇએ જી.એસ.ટી. કાયદા હેઠળની મહત્ત્વની બાબતોને આવરી લઇને કરદાતાના લાભ માટે તેમજ સરકારી આવકને સુનિશ્ચિત કરવા માટે રજૂ કરેલ જી.એસ.ટી. કાયદામાં સુધારા અંગેના આ વિધેયકને મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું અને જી.એસ.ટી. ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪માં દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશનું સુકાન સંભાળ્યું ત્યારે દેશની આર્થિક સ્થિતિ ખૂબ જ દયનીય હતી. દેશ વિશ્વના અગિયારમાં નંબરના અર્થતંત્રએ અટકી ગયો હતો. પોલિસી પેરાલીસીસ હતો. દેશને આગળ લઇ જવો બહુ મુશ્કેલ હતો. છાશવારે આતંકવાદી હુમલાઓ થતા હતા અને દેશનું અર્થતંત્ર બીમાર હાલતમાં હતું. પણ એ સમયે મોદીસાહેબે દ્રઢ નિશ્ચય સાથે દેશને આગળ વધારવાનો સંકલ્પ કર્યો અને તા.૩૦મી જૂન, ૨૦૧૭ની મધ્યરાત્રિએ આઝાદીના ૭૦ વર્ષ પછી આ દેશની ઉન્નતિ માટે જી.એસ.ટી. બિલ રાત્રે ૧૨.૦૦ કલાકે લોન્ચ કર્યું. એના પછી દેશની આર્થિક ઉન્નતિ થઇ છે અને વિશ્વનું અગિયારમાં નંબરનું અર્થતંત્ર આજે પાંચમાં નંબરના અર્થતંત્રએ પહોચ્યું છે એના પાછળનું મહત્ત્વનું કારણ મોદીસાહેબની દીર્ઘદ્રષ્ટિ અને જી.એસ.ટી. રીફોર્મ છે. કોઇપણ દેશ, રાજ્ય કે શહેરના વિકાસમાં ઉદ્યોગ-વેપારની બહુ મોટી ભૂમિકા હોય છે. ઉદ્યોગકારો દેશની ઉન્નતિ માટે પ્રોડક્ટ બનાવતા હોય છે. સર્વિસના માધ્યમથી દેશને આગળ લાવતા હોય છે પણ વર્ષ ૨૦૧૭ પહેલાં ટેક્સની આંટીઘૂંટીમાં વેપાર કરવો બહુ મુશ્કેલભર્યું કામ હતું. અમે વેપાર કરતા હતા ત્યારે માલ બીજા સ્ટેટમાં વેચીએ તો સી ફોર્મ ઉઘરાવવા જેવી અનેક વિટંબણાઓ હતી. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ શ્રી અટલબિહારી વાજપેયીજીનું 'વન નેશન, વન ટેક્સ' નું સપનું પૂરું કર્યું છે. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશમાં આજે ભારત વિશ્વના અગ્રગણ્ય દેશોમાં આવી ગયું છે. આજે હું બધી પ્રોડક્ટની વાત નથી કરતો પણ અમારા મોરબીની સિરામિક પ્રોડક્ટ કે જે મોરબીમાં ભારતનું ૯૨ ટકા સિરામિક બને છે. એ સમયે ૧૫ ટકા એક્સાઇઝ અને ૧૫ ટકા વેટ હતો. એક્સાઇઝ ઉપર વેટ લાગે એટલે ટોટલ ૩૨ ટકા પર એની કમ્પોરનિંગ ઇફેક્ટ આવે. આ ૩૨ ટકાનો ટેક્સ જી.એસ.ટી.માં ૧૮ ટકા કર્યો. માનનીય શ્રી કનુભાઇ દેસાઇ સાહેબે કહ્યું કે, આપણી આવક ઉત્તરોઉત્તર વધતી જાય છે. એનું કારણ છે કે ટેક્સ નથી વધાર્યો પણ ટેક્સનો વ્યાપ વધાર્યો છે. લોકો સ્વયંભુ રાષ્ટ્રની ઉન્નતિ માટે ટેક્સ આપે એવું વાતાવરણ બન્યું છે. એના માધ્યમથી આજે કેન્દ્ર સરકારની તિજોરી અને રાજ્ય સરકારની તિજોરીમાં ઉત્તરોઉત્તર જી.એસ.ટી.ની આવક વધતી જાય છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશના સર્વસ્પર્શી વિકાસ માટે ગરીબો હોય, યુવાનો હોય, મહિલાઓ હોય કે ખેડૂતો હોય આ બધા વર્ગના સશક્તિકરણમાં બજેટનું આયોજન કર્યું છે અને એના માધ્યમથી દેશની ઉન્નતિ થતી જાય છે. ટેક્સની આવક વધવા પાછળ માનનીય વડાપ્રધાનશ્રી મોદીસાહેબે દીર્ઘદ્રષ્ટિથી તમામ સેક્ટરોમાં કામ કર્યું છે. સ્ટાર્ટઅપ, ડિજિટલ ઇન્ડિયા, સશક્તિકરણ, જી-૨૦ જેવી સમિટમાં વિશ્વને વિઝન આપ્યું છે. 'વન નેશન, વન ટેક્સ' તો દેશનું વિઝન હતું પણ આખી પૃથ્વીને 'વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર' નું વિઝન આપ્યું. આખા વિશ્વમાં ભારતને વિશ્વગુરુ તરીકે પ્રસ્થાપિત કર્યું. એના માધ્યમથી ભારતની શાખ વધવાના કારણે વિશ્વના લોકો આપણી સાથે જોડાવા લાગ્યા. વિશ્વની ઉન્નતિ માટે ભારતને પ્રગતિશીલ દેશ તરીકે વિશ્વ જોવા લાગ્યું છે ત્યારે એનું કોઇ વધુમાં વધુ લાભાર્થી બન્યું હોય તો એ આપણું ગુજરાત છે. કારણ કે, મોદીસાહેબે વર્ષ ૨૦૦૧થી ગુજરાતમાં રીફોર્મ અને ટ્રાન્ફોર્મ કર્યું છે અને એના માધ્યમથી ગુજરાતનું પર્ફોમન્સ બહુ સારું રહ્યું છે. વિકસિત ગુજરાત-૨૦૪૭નો ગુજરાત સરકારે રોડમેપ આપ્યો છે. હું આદરણીય મુખ્યમંત્રીશ્રી અને શ્રી કનુભાઇ દેસાઇ સાહેબને ખૂબ અભિનંદન આપું છું કે, ભારતે જે વિકસિત-૨૦૪૭નું લક્ષ્ય આપ્યું છે એમાં એકમાત્ર ગુજરાત રાજ્ય એવું છે કે જેણે વિકસિત ગુજરાત-૨૦૪૭નો એક રોડમેપ રજૂ કર્યો છે. એમાં આપણા જે સંકલ્પો છે એમાં આજે ૩૨૧ બિલિયન જી.ડી.પી.ને સાડા ત્રણ ટ્રિલિયનને લઇ જવાનો સંકલ્પ છે. આપણું ભવિષ્ય ખૂબ જ ઊજળું છે. આ માટે દરેક બાબતે આપણે કામ કરી રહ્યાં છીએ. શ્રી મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ ડબલ એન્જિનની સરકારમાં શ્રી કનુભાઇ બજેટ લાવી રહ્યા છે. આ પહેલાંના બજેટમાં ૨૩ ટકાનો ઉછાળો હતો. અત્યારે પણ એમણે કહ્યું કે, આવક વધી રહી છે. તો આપણે સૌ આ વિકાસ યાત્રાના સાક્ષી છીએ. માનનીય મંત્રીશ્રી જે જી.એસ.ટી. સુધારા વિધેયક લઇને આવ્યા છે એને આપ સૌ સર્વાનુમતે પસાર કરો એવી વિનંતી સાથે મારી વાતને વિરમું છું.

તા. ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૪

ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૪

શ્રી યોગેશ આર. પટેલ(આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય, મૃદુ અને મક્કમ સાથે નિર્ણાયક મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં ગુજરાત રાજ્યના સંવેદનશીલ નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ દ્વારા ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ અધિનિયમ ૨૦૧૭ પર સુધારો લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું અને મારા વિચારો વ્યકત કરતા આજે આ ગૃહને સ્મરણ કરાવું છું કે, તા. ૦૧/૦૭/૨૦૧૭ પહેલાં સમગ્ર ભારતમાં જુદા-જુદા કાયદા હેઠળ ભારત દેશના નાગરિકોને વેરા ચૂકવણી કરવામાં ખૂબ તકલીફો પડતી હતી. આજે ભારત દેશના પ્રજાજનોના પ્રચંડ આશીર્વાદથી, ભારત દેશની લોકસભાની ચૂંટણીમાં સતત ત્રીજીવાર સૌથી વધારે સંસદ સભ્યશ્રીઓ સાથે જીતીને ભારતના વડાપ્રધાન બન્યા છે એવા યશસ્વી, ઓજસ્વી અને તેજસ્વી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા દૂરદર્શિતા દાખવી તમામ વેરાને એક કરતા, ભારત દેશના પ્રજાજનોને સરળ વેરા પદ્ધતિ બનાવતો જી.એસ.ટી.નો કાયદો ભારત દેશમાં અમલ કરાવવાનું શરૂ કરાવ્યું હતું. વિભિન્ન રાજ્યોના નાગરિકોને એક જ કાયદા હેઠળ આવરી લઇ એક દેશ એક ટેક્સના સૂત્ર હેઠળ તમામ રાજ્યોને એક નેજા હેઠળ લાવવાનું ભગીરથ કાર્ય પણ મોદી સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી. કાઉન્સિલમાં માનનીય કેન્દ્રીય નાણા પ્રધાન, તમામ રાજ્યોના માનનીય મુખ્યમંત્રીશ્રીઓ, માનનીય નાણામંત્રીશ્રીઓ અને કેન્દ્ર શાસિત પ્રદેશોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. તેની સ્થાપના જી.એસ.ટી.ના વિવિધ પાસાઓ ઉપર નિર્ણય લેવા માટે કરવામાં આવી છે. જેમાં ટેક્સના દરો, મુક્તિ અને વહીવટી પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. ભારતમાં જી.એસ.ટી. ફ્રેમવર્કને આકાર આપવામાં તે નિર્ણાયક ભૂમિકા ભજવે છે. જી.એસ.ટી. કાઉન્સિલમાં રાજ્યોની ટકાવારી ૭૫ ટકા છે જયારે કેન્દ્રના મતની ટકાવારી ફક્ત ૨૫ ટકા છે. જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા સહમતી સાધીને નિર્ણય લેવામાં આવે છે. તમામ રાજ્યોના હિતને ધ્યાનમાં રાખવામાં આવે છે. તમામ રાજ્યોની સહમતી સાથે જ નિર્ણય લેવામાં આવે છે. રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા) દ્વારા રિયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ એક્ટ હેઠળ ઉઘરાવવામાં આવતી રકમ ઉપર જી.એસ.ટી. લાગુ પડે છે કે કેમ? તે બાબતે કેટલાક કરદાતાઓને અસમંજસતા હતી. ભારતની કાઉન્સિલ દ્વારા પ્રસ્તુત બાબતે સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે, રેરા દ્વારા ઉઘરાવવામાં આવતી સેચ્યુરેટેડ ફી ઉપર તમામ વેરા માફ છે. અગાઉ ૪૮મી જી.એસ.ટી. કાઉન્સિલની ભલામણ મુજબ આજે સમગ્ર ભારતમાં ડિજિટલ યુગ ચાલુ થઇ રહ્યો છે અને ભીમ યુ.પી.આઇ. દ્વારા થતા ટ્રાન્જેકશનને પ્રોત્સાહન આપવા માટે ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા ઇલેકટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા એકવાયરિંગ બેંકની આપવામાં આવતી પ્રોત્સાહન રકમને ઇન્સેન્ટિવ એટલે કે સબસિડી ગણીને જી.એસ.ટી.માંથી માફી આપવામાં આવેલ છે. આવી પ્રોત્સાહન ઇન્સેન્ટિવ રકમ જો અન્ય સ્ટેક હોલ્ડર સાથે શેર કરવામાં આવે તો અત્યારે આપણે જે નાની-નાની પાણીપુરીની લારી હોય, શાકભાજીની લારી હોય, ચા ની કીટલી હોય ત્યાં સ્કેન જોઇને પેમેન્ટ કરીએ છીએ એવા પેમેન્ટ ઉપર પણ માફી આપી છે, તેવી સ્પષ્ટતા ૫૩મી જી.એસ.ટી. કાઉન્સિલમાં કરવામાં આવી છે. આનાથી નાના-નાના વેપારીઓને ખૂબ મોટો ફાયદો થયો છે. માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે રજૂ કરેલ જી.એસ.ટી. એક્ટ કાયદામાં સુધારા અંગેના આ વિધેયકને હું મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું અને આ ગૃહને વિનંતી કરું છું કે સર્વાનુમતે આ વિધેયકને મંજૂરી આપે. અસ્તુ. ભારત માતા કી જય.

શ્રી કનૈયાલાલ બ. કિશોરી(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય નાણામંત્રીશ્રી ગુજરાત માલ અને સેવા વેરા ૨૦૧૭ના સુધારા વિધેયક ઉપર મારા વિચારો રજૂ કરવા અને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી.ના કાયદા હેઠળ નાના કરદાતાઓનું ખાસ ધ્યાન રાખવામાં આવેલ છે. ફકત ચીજ-વસ્તુઓનો વેપાર કરતાં જેમનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૪૦ લાખ સુધીનું હોય તેમજ સેવાઓના સપ્લાય કરતા કરદાતાઓ કે જેમનું વાર્ષિક ટર્નઓવર ૨૦ લાખ સુધીનું છે તેઓને રજિસ્ટ્રેશન મેળવવામાંથી પણ મુકિત આપવામાં આવેલ છે. ફકત ચીજવસ્તુઓનો વેપાર કરતા હોય તેવા રૂપિયા દોઢ કરોડનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા કરદાતાઓને જીએસટીના કાયદા હેઠળ પૂરેપૂરો વેરો ભરવાની જગ્યાએ ઓછા દરે લમસમ વેરો ભરવાની પણ જોગવાઇ રાખવામાં આવેલ છે. જયારે સેવાઓનો સપ્લાય કરનાર કરદાતાઓનું ટર્ન ઓવર જો રૂપિયા પચાસ લાખ હોય તો તેવા કરદાતાઓને પણ ઓછા દરે લમસમ વેરો ભરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. પત્રક ફાઇલિંગમાં મુશ્કેલી ન પડે તેનું ખાસ ધ્યાન રાખીને રૂપિયા પાંચ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા કરદાતાઓને ત્રિમાસિક પત્રક રજૂ કરવાની સુવિધા આપવામાં આવેલ છે. આ ઉપરાંત રૂપિયા બે કરોડનું ટર્નઓવર ધરાવતા કરદાતાઓને વાર્ષિક પત્રક રજૂ કરવામાંથી મુકિત આપવામાં આવેલ છે. આમ નાના કરદાતાઓ માટે જી.એસ.ટી. ફાયદારૂપ હોવાને કારણે માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કરેલ જી.એસ.ટી. કાયદામાં સુધારા અંગેના આ વિધેયકને મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૨૪નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા ) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨થી ૪, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૪નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૪નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક :૧૧**
**ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક, ૨૦૨૪**
**ગુજરાત નાશાબંધી અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી હર્ષ સંઘવી (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૨૪નું ગુજરાત નશાબંધી (સુધારા ) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૨૪નું ગુજરાત નશાબંધી (સુધારા ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી હર્ષ સંઘવી(રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યે વર્ષોથી સમગ્ર દેશમાં એક શાંત અને પ્રગતિશીલ રાજ્ય તરીકેનું બહુમાન મેળવ્યું છે. આ રાજ્યે માત્ર શાંત, સલામતિ, સુરક્ષા એટલું જ નહીં પરંતુ ઔદ્યોગિક રીતે પણ દેશમાં ગુજરાત રાજ્યે પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. દેશ અને વિદેશમાં બન્ને જગ્યાએ ગુજરાતે મેળવેલ આવી ખ્યાતીના કારણે ગુજરાત ઉત્તરોત્તર વધુને વધુ મોટી વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. ગુજરાત અને ગુજરાતની પ્રજાએ સમગ્ર વિશ્વમાં વિકાસના પાયા પર રચેલ આર્થિક સદ્ધરતા અને શાંતિ છતાં સુખી જનજીવનના આદર્શનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેનો સૌથી મોટો શ્રેય ગુજરાતમાં રહેલ કાયદો અને વ્યવસ્થાની સુગમ, સુરક્ષિત અને શાંતિપૂર્ણ પરિસ્થિતિ છે. માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા સને ૨૦૧૯માં દેશભરમાં એવો વિચાર રજૂ કરવામાં આવેલ હતો કે દેશના તમામ જૂના કાયદાઓનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં આવે અને આજના સમયની માગના હિસાબે સમાજહિતને કેન્દ્રમાં રાખીને સંપૂર્ણ રિસર્ચ આધારિત તેમાં ઘટિત ફેરફારો કરવામાં આવે અને કાયદામાં કરવાપાત્ર ફેરફારો કરી પુખ્ત વિચારણાઓ કરવામાં આવે. આ વિચારને લક્ષમાં રાખીને દારૂબંધીના કાયદામાં પણ પોલિસીની પ્રક્રિયા સરળ કરવા માટે ગુનેગારોને અંકુશમાં રાખવા માટે નશાબંધીના અનેક સુધારાઓ કર્યા. મુંબઇ પ્રાન્તની સરકારે મુંબઇ આબકારી અધિનિયમ ૧૮૭૮ કરેલો. જ્યારે ૧૯૪૯માં સંપૂર્ણ નશાબંધીના હેતુથી મુંબઇ નશાબંધીનો અધિનિયમ ૧૯૪૯ અમલમાં આવ્યો અને ગુજરાત રાજ્યે સંપૂર્ણપણે નશાબંધીને વરેલું રાજ્ય હોય ત્યારે ગુજરાત પ્રોહિબિશન એક્ટ ૧૯૪૯ને સમયાંતરે વધારે મજબૂત કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા. આ દિશામાં વિચારીને રાજ્યના તત્કાલીન ગૃહમંત્રી અને દેશના ગૃહમંત્રી આદરણીય અમિતભાઇ શાહ જ્યારે ગુજરાતના ગૃહમંત્રી હતા ત્યારે માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં છેલ્લાં ૨૫ વર્ષથી સરકારે વખતોવખત જૂના અને પ્રવર્તમાન કાયદાઓમાં ફેરફાર કરીને લીગલ ફ્રેમવર્ક મજબૂત બનાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા થોડા સમયની વાત કરીએ તો રાજ્યમાં લેન્ડ ગ્રેબિંગ, ગુજસીકોક વગેરે કડક કાયદાઓને કારણે અનેક ગુનેગારોને જેલના હવાલે બંધ કરવામાં ખૂબ મોટી સફળતા પ્રાપ્ત થઇ છે. ઓર્ગેનાઇઝ ક્રાઇમ હતો એને રોકવામાં ગુજરાત રાજ્યને ખૂબ મોટી સફળતા પ્રાપ્ત થઇ. ગુનેગારો તો પકડાઇ જાય પરંતુ કન્વિક્શન સમયસર ન થાય તો ગુનેગારો પર ડર પેદા કરવામાં સરકારને સફળતા ન મળે. રાજ્યમાં કન્વિક્શન રેટને વધારે સારો કરવા માટે એના ઇમ્પ્રુવમેન્ટ માટે ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની નિમણૂક કરવામાં આવી. જેનાથી આપણા જે ચુકાદાઓ છે એમાં ઝડપથી ન્યાય અપાવવામાં ખૂબ મોટી સફળતા પ્રાપ્ત થઇ.

માનનીય મુખ્યમંત્રીશ્રીના કુશળ નેતૃત્વવાળી સરકારનો એક વધુ ન્યાયિક નિર્ણય એટલે આ નશાબંધી કાયદામાં સુધારો. ગુજરાત રાજ્ય એ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને કેન્દ્રશાસિત દીવ–દમણ આમ ચારેય દિશામાં આવેલાં રાજ્યોમાં કોઇપણ પ્રકારની નશાબંધીના નિયમો નથી. આના કારણે ગુજરાત બોર્ડરે આપણે અનેક પ્રકારની ચેલેન્જ ફેસ કરવી પડે છે. પ્રવર્તમાન સંજોગોમાં આપણે સૌ જાણીએ છીએ કે ગુનેગારોની ગુનો કરવાની મોડેસ ઓપરેન્ડી સંપૂર્ણ બદલાઇ ગઇ છે. સમય સાથે સાથે મોડેસ ઓપરેન્ડી પહેલા સામાન્ય રીતે જે ગુનાઓ થતા હતા એમાં હવે ગુનાઓમાં જે ગાડીઓનો ઉપયોગ થાય છે એ હાઇસ્પીડ છે. રોડ પહેલાં હતા એ કરતાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એટલે બધા રોડ બની ગયા.

* વિધેયક તા ૧૪મી ઓગસ્ટ, ૨૦૨૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ગાડીઓ સ્પીડમાં નીકળી જાય. સાથોસાથ દેશમાં ટેકનોલોજીનો વપરાશ વધ્યો અને નવી નવી ટેકનોલોજી અપનાવવામાં આવી. એના ફાયદા છે એની સાથે સાથે ક્યાંકને ક્યાંક આવા લોકો એનો ગેરલાભ ઉઠાવતા હોય છે, એટલે દારૂની તસ્કરીની અંદર ટેકનોલોજીનો પણ ઉપયોગ ખૂબ મોટાપાયે થવા માંડયો. બુટલેગરો માત્ર દારૂ નથી પહોંચાડતા. દારૂ પહોંચાડીને એમાંથી એ લોકો આર્થિક રીતે સદ્ધર થાય છે. આ દારૂ બીજાં રાજયમાંથી લાવીને રાજયની અંદર કોઇપણ જગ્યાએથી ખૂણેખાંચરેથી રસ્તો નીકાળીને એ એરર શોધીને એનો ઉપયોગ કરીને આ દારૂ બહારના રાજયમાંથી લાવીને રાજયના ખૂણામાં પહોંચાડવાના પ્રયત્નના માધ્યમથી એ માત્ર દારૂ સપ્લાય નથી થતો. એનામાંથી જે ઇન્કમ થાય છે એ ઇકોનોમીકલી આ પ્રકારના લોકો ખૂબ સમૃદ્ધ થાય તેને પણ અટકાવવું ખૂબ મહત્ત્વનું છે. દારૂની ગેરકાયદે હેરફેર કરતા બુટલેગરોનું સૌથી મોટું ઓજાર એ વાહન હોય છે એટલે વાહનો એ લોકો ધીરિધીરે કરીને વધુ સ્પીડની જે ગાડી ચાલતી હોય, જેમાં વધુમાં વધુ માલ એ લોકો હેરફેર કરી શકે એ પ્રકારનાં વાહનોનો ઉપયોગ કરતાં થઇ ગયા છે. આ વાહન જયારે છૂટી જાય છે તો ફરીથી આ વાહનનો એ જ ધંધાની અંદર એનો ઉપયોગ કરતા હોય છે. આપણે સૌ જાણીએ છીએ કે આપણો દેશ ડેમોક્રેટિક કન્ટ્રી છે અને આપણા દેશની ન્યાયિક પ્રક્રિયા છે એની અંદર તમામ લોકોને અલગ અલગ રીતના હક્ક મળેલા છે અને આના કારણે કયાંકને કયાંકથી એરર શોધીને આ લોકો એ લોકોની ગાડીઓ છોડાવવામાં સફળ થઇ જાય છે અને એ ગાડી ફરી દારૂના ધંધામાં ઉપયોગમાં લેતા હોય છે. દારૂની હેરફેરના કેસમાં છેલ્લાં ૨ વર્ષમાં ૨૨૪૪૨ વાહનો આપણે જપ્ત કર્યાં છે, જેમાંથી આશરે ૭૨૧૩ વાહનો એવાં છે કે જે બે વર્ષથી પોલીસ સ્ટેશનમાં જમા થયાં છે. આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. આ સભાગૃહના ચૂંટાયેલા પ્રતિનિધિ જયારે પોતપોતાના વિસ્તારની સમસ્યાઓની વાત કરતા હોય છે ત્યારે મેં અનેકવાર માર્ક કર્યું છે કે અનેક ધારાસભ્યશ્રીઓ દ્વારા પોતપોતાના વિસ્તારના પોલીસ સ્ટેશનોની બહાર આવા ગુનામાં પકડાયેલી જે ગાડીઓ છે, વાહનો છે એ વાહનોના ઢગલાં પડયાં છે અને આજે જ મને એક અમદાવાદના અમારા સિનિયર ધારાસભ્યશ્રીએ કહ્યું કે એમના વિસ્તારના એક પોલીસ સ્ટેશનમાં કમસેકમ બેથી ત્રણ લેયર વાહનોના થઇ ગયાં છે એટલે એ વાહનોનો નિકાલ ઝડપથી કરવો જોઇએ. આવાં હજારો વાહનો, એ દારૂ વેચે છે એટલે એની પ્રોપર્ટી નથી. આ વાહનો ગુનામાં જરૂર પકડાયાં છે પરંતુ ગુનામાં પકડાયેલાં વાહનો વર્ષોવર્ષ સુધી કોર્ટની અંદર જયારે કેસ ચાલે તો એ બધાં વાહન ભંગાર થઇ જતાં હોય છે. આ વાહન ગુનામાં ભલે વપરાયા હોય, આ વાહન ભલે ગુનેગારોની પ્રોપર્ટી હોય પરંતુ એની પહેલા આ વાહન આપણી નેશનલ પ્રોપર્ટી છે. આ વાહન વર્ષોવર્ષ સુધી ત્યાં પોલીસ સ્ટેશનોમાં પડી રહે, જગ્યા બગડે, આજુબાજુના રેસિડેન્શિયલ એરિયાની અંદર લોકો દરરોજ બૂમાબૂમ કરતા હોય. વરસાદ હોય એટલે મચ્છર આવે અને અનેક પ્રકારની ગંદગી એ વિસ્તારોમાં થતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી રાજય સરકારે, દેશમાં પહેલું આ રાજય છે કે જેણે આનો રસ્તો શોધ્યો. જે રસ્તો વિભાગ દ્વારા સૌ અધિકારીઓ અને મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં આ રસ્તો આપણે એ રીતે બનાવ્યો કે જે કોઇ વાહનો આ રીતનાં પકડાય એની હરાજી કરવામાં આવે. હરાજી ડી.વાય.એસ.પી. કક્ષાએથી કરવામાં આવશે અને એ વાહનો જેની હરાજી થાય એની જે રકમ પ્રાપ્ત થાય એ રકમ આપણે સમાજના મધ્યમ વર્ગ, ગરીબ વર્ગની યોજનાઓ જે છે સરકારની એ યોજનામાં આ વાહનો વેચીને જે રકમ પ્રાપ્ત થશે એ વાપરવાની યોજના રાજય સરકાર દ્વારા લાવવામાં આવી છે. હું સભાગૃહને વિનંતી કરું છું આ સામાજિક દૂષણ સામે આપણે વર્ષો વર્ષથી લડીએ છીએ. આ જે વાહનો છે એ પકડવા પણ જરૂરી છે પરંતુ વર્ષો સુધી મૂકી રાખીને આ કરોડો રૂપિયાનાં વાહનો ભંગાર થઇ જાય તો એ નુકસાન આરોપી કરતાં રાજય અને દેશનું વધારે છે તેથી આ નાના એવા સુધારામાંથી રાજયને દર વર્ષે કરોડો રૂપિયાની આવક થશે અને જો કોઇની જોડે અન્યાય થયો હોય, કોઇ વ્યક્તિનું વાહન જપ્ત થઇ ગયું હોય અને જો એ બેગુનાહ હાઇકોર્ટ, સુપ્રીમકોર્ટમાં છૂટી જાય તો એ વ્યકિત માટે ફાયદો એટલા માટે છે કે ન્યાયિક પ્રક્રિયામાં એનું વાહન રાઇટ રેટની અંદર વેચાશે અને વર્ષો પછી જો તે કેસ જીતશે તો વર્ષે પાંચ ટકા વ્યાજ સાથે તેને તેની રકમ પ્રાપ્ત થશે. આ ન્યાય જયારે મળશે, વર્ષોવર્ષ પછી, પંદર–વીસ વર્ષે તેનો કેસ પૂરો થાય, વાહન લેવા જાય ત્યારે વાહનની પરિસ્થિતિ જુએ ત્યારે તેને ખબર પડે કે આ વાહન હું લઇ જઇશ તો આવવા જવાનું ભાડું એટલે કે ટેમ્પાનું ભાડું વાહન કરતાં વધારે થશે એટલે તે વાહન લેવા પણ નથી આવતા. અમે શોધીએ તો પણ નથી આવતા. એટલે તે વાહનનો કાયદાકીય નિકાલ કોઇ રીતે આવતા નથી અને તેવો ભંગાર દરરોજ વધતો જ જાય છે અને આવી સમસ્યાઓનો કોઇ નિકાલ આવતો નહીં. આ સુધારાથી રાજયને ખૂબ મોટી રકમ પ્રાપ્ત થશે. ૩૦૦ જેટલી લકઝુરિયસ કાર જેમાં બી.એમ.ડબલ્યુ, મર્સિડિઝ અને બીજી બધી ઇમ્પોર્ટેડ કાર રાજયના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં જમા છે. તમે કલ્પના કરો કે આ ૩૦૦ કાર વેચીએ તો કેટલા કરોડો રૂપિયા રાજયના મધ્યમ વર્ગના નાગરિકો અને ગરીબોની યોજનાઓના લાભમાં સીધા જશે. ગુનેગાર ગુનો કરીને તેને જે કરવાનું હતું તે કરીને જેલમાં જતો રહ્યો. પરંતુ તેને જે વપરાશ કરેલ વાહન હતું અને રાજયના નાગરિકોના રૂપિયાથી ગાડી લીધેલી હતી તે વેચીને જેટલા લોકોની મદદ થતી હશે તો પણ આ એક રિવોલ્યુશનરી કાયદો બનશે. આ કાયદા થકી ખૂબ મોટી રકમ પણ પ્રાપ્ત થશે. પોલીસ સ્ટેશનોમાં જે ભંગાર ભેગો થાય છે અને ગંદકી થાય છે તેને રોકવામાં સફળતા મળશે. નેશનલ પ્રોપર્ટીઝને આપણે બચાવવામાં ખૂબ મોટી સફળતા મળશે. સભાગૃહને મારી વિનંતી છે કે, એક સારું અને હકારાત્મક પગલાની સરકાર દ્વારા વિચારણા કરી છે તેમાં સૌ લોકો નિર્વિરોધ આ સુધારા વિધેયકને મંજૂર કરે તેવી વિનંતી છે.

## શ્રાવણ ૩૧, ૧૯૪૬ શાકે

## ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક, ૨૦૨૪

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા(નાયબ મુખ્ય દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં સન ૨૦૨૪ના ગુજરાત નશાબંધી સુધારા વિધેયક માનનીય ગૃહમંત્રી હર્ષભાઇ સંઘવી જ્યારે લઇને આવ્યા છે ત્યારે મને તેમાં ચર્ચા કરવાની તક આપવા બદલ ગૃહનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, તાજેતરમાં રાજ્યમાં પી.એસ.આઇ. કક્ષાના પોલીસ સ્ટેશન અપગ્રેડ કરીને પી.આઇ. કક્ષાના પોલીસ સ્ટેશન બનાવવામાં આવ્યા છે તેમાં અમરેલી જિલ્લાની વડિયા, લાઠી, દામનગર, લીલીયા, ચલાલા, ખાંભા પોલીસ સ્ટેશનોનો સમાવેશ કરવામાં આવ્યો તે બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને રાજ્યના ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની આગેવાની હેઠળ રાજ્ય સરકારમાં ગૃહમંત્રી હર્ષભાઇ સંઘવી સાહેબના માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગ કાયદો અને જાહેર વ્યવસ્થાની તથા સુલેહ શાંતિની જાળવણી કરવા માટે કાર્યરત છે. આ મહત્ત્વના વિભાગ તાલુકા, જિલ્લા કક્ષાના પોલીસ સ્ટેશનોના મકાનો અત્યાધુનિક કરવા તેમજ ગુનાખોરીને રોકવા માટે પોલીસ સ્ટેશનને વિવિધ હાઇટેક સાધનો જેવા કે બોડીઓન કેમેરા, ઇન્ટરસેપ્ટર કારથી સુસજ્જ કરી આમજનતા અને પ્રજાની સલામતિ સુનિશ્ચિત કરી શકે તે માટેની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. રાજ્ય સરકાર દેશી દારૂ, વિદેશી બનાવટની દારૂની હેરાફેરી તેમજ તેના ઉપયોગ થકી ગુનાઓને નિયંત્રિત કરવા માટે ગુજરાત પ્રોહિબિશન એક્ટમાં ધરખમ ફેરફાર કરી કાયદાકીય કડક જોગવાઇઓ લાદી આવી પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવા માટેના સંનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નિયંત્રિત કરવા સારું ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪માં સ્ટેટ મોનિટરિંગ સેલની રચના કરવામાં આવી. આ સેલને કોઓર્ડિનેશન, રિસર્ચ અને એનાલીસીસ જેવી કામગીરી સોંપવામાં આવેલ છે. સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર રીતે ચાલતા દારૂ, જુગાર કે અન્ય અસામાજિક પ્રવૃત્તિઓ અંગેના કેસો શોધીને તેમાં નાસતા ફરતા આરોપીઓ પકડવા માટેની કામગીરી કરવામાં આવી રહી છે. સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા વર્ષ ૨૦૨૩માં ગેસ ચોરી, બેલા પત્થર, ખાણ ખનીજ ચોરી, બાયોડીઝલ, કેમિકલ ચોરીના ગુનાઓ દાખલ કરવામાં આવી રહ્યા છે. છેલ્લાં વર્ષોમાં પોલીસ ખાતામાં ઘટતા મહેકમના અલગ અલગ હોદ્દાઓ રેન્કવાઇઝ ભરતી કરીને ઘટતા મહેકમને સરભર કરવા ઉત્કૃષ્ટ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યને ૧૫૦૦ કિલોમિટર જેવો દરિયાઇ બેલ્ટ મળ્યો છે. આ દરિયાઇ બેલ્ટ ઉપર આતંકવાદી પ્રવૃત્તિને રોકવા માટે, નશીલા પદાર્થોની હેરાફેરી, ડુપ્લિકેટ ચલણી નોટો, ડ્રગ્સ વગેરે ઉપર સંપૂર્ણ અંકુશ રાખવા માટે આપણી પોલીસ કામ કરી રહી છે તેને આપણે લાખ લાખ અભિનંદન આપવા પડે. છેલ્લા કેટલાય સમયથી ગુજરાતમાં એટીએસ અને રાજયની મરિન પોલીસના સંયુકત ઓપરેશન થકી કરોડા રૂપિયાનું ડ્રગ્સ રાજ્યમાં આવતું અટકાવવામાં રાજ્ય સરકાર ખૂબ સારી રીતે સફળ થઇ છે તે બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને રાજ્યના ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબને લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી આમ જનતાની સુવિધા માટે મોબાઇલ ફોન, વાહન ચોરી જેવા ગુનાઓની ઘર બેઠા ઓન લાઇન ફરિયાદ આપી શકે તે વ્યવસ્થા રાજયના મુખ્યમંત્રી અને રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી દ્વારા જે નિયમ લાવવામાં આવ્યો તે બદલ તેમને હું વિશેષ અભિનંદન આપુ છું. કારણ કે પહેલાં કોઇ અરજદારને ફરિયાદ કરવા જવું હોય તો પોલીસ સ્ટેશને ધક્કો ખાવો પડે, ત્યાં કલાક બેસવું પડે અને એ બેસવું ના પડે અને ઘર બેઠા ઓન લાઇન ફરિયાદ થઇ શકે એવી વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, મહિલાઓના સંરક્ષણ માટે SHE ટીમ કાર્યરત કરવામાં આવી છે. કાળક્રમે ગુનાઓના પ્રકરણમાં પણ ફેરફારો થતા હોય છે. દિન-દહાડે વધતા જતાં સાયબર ક્રાઇમને પહોંચી વળવા માટે ૧૮ જેટલા સાયબર પોલીસ સ્ટેશનો પણ બનાવવામાં આવ્યા છે. વધુમાં આમ જનતાને અને નાગરિકોને સાયબર ક્રાઇમને લગતા ફ્રોડ અંગે જાગૃતતા લાવવા માટે દરેક જિલ્લામાં એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. દરેક રાજયના, દરેક જિલ્લામાં, દરેક તાલુકા મથકો ઉપર ખૂબ સારા સેમિનારો કરી અને સાયબરમાં ખૂબ લોકો જાણકાર થાય અને માહિતી મળી રહે તે પ્રકારે પોલીસ દ્વારા ખૂબ સારા સેમિનારો પણ કરવામાં આવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક લાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય રાજયના નાગરિકોને કેફી પદાર્થ, પાન, ગાંજો, મહુડો, દારૂ વગેરેનો જથ્થો લઇ જતાં વાહનો જપ્ત થયા હોય અને જયાં સુધી કોર્ટ કંમ્પાઉન્ડમાં વણ વપરાયેલા પડી રહેવાના કારણે તેની સ્થિતિ ભંગાર જેવી થઇ જતી હતી પણ સરકારે જયારે નિર્ણય કર્યો છે કે આવાં વાહનો છે તેમની જાહેર હર્રાજી કરી અને આ પૈસા લોકોમાં ઉપયોગી થાય એ પ્રકારનો જયારે નિર્ણય કરવામાં આવ્યો છે ત્યારે હું રાજયના ગૃહમંત્રીશ્રીને ફરી અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર સામાન્ય જનની પડખે છે એવો અહેસાસ જયારે પ્રજાને થતો હોય ત્યારે અને અંતમાં હું એટલું જ કહીશ કે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે એટલે ગુજરાત રાજયને વધુ મજબૂત કરવા સૌની જવાબદારી છે અને આપણે સહિયારો પ્રયાસ કરી અને ગુજરાત રાજ્ય વધુ મજબૂત બને અને દેશનું ગ્રોથ એન્જિન બને તેમાં આપણે સૌ આગળ વધીએ અને ફરીથી આ નવો સુધારો લાવવા બદલ રાજયના ગૃહમંત્રી અને આપણા રાજયના મુખ્યમંત્રીશ્રીને હું વિશેષ અભિનંદન આપું છું. જય જય ગરવી ગુજરાત, ભારત માતા કી જય.

તા. ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૪

ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક, ૨૦૨૪

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયના ગૃહમંત્રીશ્રી અને નશાબંધી મંત્રીશ્રી ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક–૨૦૨૪ વિધેયક ક્રમાંક–૧૧ લઇને જે આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે આપણા લોકપ્રીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબ અને ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબે જે જૂના કાયદાઓ છે અને જે બિન ઉપયોગી છે અથવા તો તેમાં સુધારાની જરૂર છે એવા જે ઘણા બધા કાયદાઓ દેશ લેવલે પણ સુધાર્યા છે અને જેની અમલવારી છેક આપણા રાજય સુધી પણ થાય છે અને એ રીતે મોદી સાહેબે જે રીતનું ગુજરાત નશાબંધીને વરેલું આ ગુજરાત આપણને સોંપ્યું છે અને એ જ રીતે આ રાજયના મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી રાજયના ગૃહમંત્રી અને નશાબંધી મંત્રીશ્રીનું આ એક ઐતિહાસિક પગલું છે. માનનીય મંત્રીશ્રી તેમના ભાષણમાં જ કહ્યું કે આ રાજય પહેલું છે કે જે આપણી પ્રોપર્ટી છે દેશની પ્રોપર્ટી છે, રાજયની પ્રોપર્ટી છે અને જે એકદમ એ નષ્ટ થઇ જાય છે પડી પડી જ નષ્ટ થઇ જાય છે. એ પ્રોપર્ટી બચાવીને તેને યોગ્ય વ્યકિતને અથવા તો એ જો રાજયસાત થાય તો એ પબ્લિકના સારા માટે વપરાય તે માટેના હેતુસર આ બિલ લાવવામાં આવ્યું છે. અને આપણે જાણીએ છીએ કે કોર્ટોમાં એટલો બધો ભરાવો છે, કોર્ટોમાં પણ જયુડિશિયલ ફર્સ્ટ કલાસની કોર્ટ હોય છે, સેશન્સ કોર્ટ હોય, હાઇકોર્ટ હોય, સુપ્રીમ કોર્ટ હોય અલગ અલગ જે કેસો છે કારણ કે ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો પણ અહીંયા છે. વિવિધ પ્રકારના ગુનાઓ અહીંયા થાય છે. છેક સ્ટીમરો અને વહાણોનો પણ ઉપયોગ થાય છે. જે એકદમ બનેલા ગુનેગારો હોય છે જે કોઇ ગાળાનો પણ ઉપયોગ કરે છે અલગ અલગ પ્રકારની મનોવૃત્તિ ધરાવતા જે ગુનેગારો છે તે અલગ અલગ પ્રવૃત્તિથી આ ગુનાખોરીમાં સંડોવાયેલા હોય છે અને એ રીતે પોતાની આ કામગીરી પાર પડે તે માટે સતત પ્રયત્નશીલ છે. પણ એમ છતાં પણ આ રાજયને મોદી સાહેબે એકદમ સુદ્રઢ બનાવ્યું છે, ઔદ્યોગિક રીતે મજબૂત બનાવ્યું છે અને એક શાંત ગુજરાત તરીકે આખી દુનિયા અને દેશ જયારે જોઇ રહ્યો છે અને એના ઉપર વિશ્વાસ બેઠો છે અને એ રીતે એ રસ્તે ચાલીને આ બિલ લાવવામાં આવ્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા કોર્ટોમાં પણ આપણે જોઇએ છીએ કે કોર્ટોમાં પણ એટલાં બધાં વાહનો વર્ષોથી પડેલાં હોય છે. એનો કોઇ નિકાલ કરી શકાતો નથી. એ જ રીતે પોલીસ સ્ટેશનમાં પણ જૂનાં વાહનોની લાઇન હોય છે. એના ઉપર ધૂળ ચડી ગઇ હોય છે. એના કારણે અકસ્માતનો પણ ભય રહે છે. વર્ષો સુધી આ વાહનોનો ઉપયોગ પણ થતો નથી અને નિકાલ પણ થતો નથી. વર્ષ ૧૯૪૯ના કાયદામાં  એવી જોગવાઇ હતી કે જયાં સુધી કોર્ટમાં ગુનો સાબિત ન થાય ત્યાં સુધી એ વાહનોનો આપણે નિકાલ કરી શકતા નથી. માનનીય મંત્રીશ્રી આ એક સારો સુધારો લઇને આવ્યા છે એના કારણે હવે ડી.વાય.એસ.પી.ને અધિકાર આપવામાં આવ્યો છે કે કોર્ટની પરમિશનથી જે વાહનો વર્ષોથી પડી રહ્યાં છે એને બૉન્ડ અથવા જામીનથી આપણે છોડી શકીએ. જેના કારણે એને ઉપયોગમાં લઇ શકાય અને એ પૈસાનો પણ ઉપયોગ થઇ શકે. આ ભારતીય જનતા પાર્ટી આવા સારા કાયદાઓ અને સુધારા લાવવા ટેવાયેલી છે. લોકોની સેવા કરવા ટેવાયેલી છે. માનનીય મંત્રીશ્રી આપણી વચ્ચે આ સુધારો લઇને આવ્યા છે એના કારણે ઘણાં બધાં સાધનો પણ ઓછા થશે અને કોર્ટ કેસોમાં પણ ઘટાડો થશે. કાયદામાં જોગવાઇ હોય કે ના હોય પણ અરજદારો તો વાહન છોડાવવા જવાનાં જ છે. એના કારણે આપણી ન્યાયિક પ્રક્રિયા પણ ઝડપી બનશે. આ વાહનોની હરાજીના કારણે જે આવક થશે એનો ઉપયોગ લોકોપયોગી કાર્યોમાં કરી શકાશે. આ કાયદો લાવનાર ગુજરાત રાજય પ્રથમ રાજય છે. હું આપના માધ્યમથી માનનીય ગૃહમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે એક સારું કાર્ય કરવાની દિશામાં ગુજરાત રાજયએ પહેલ કરી છે. માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારમાં ગૃહમંત્રીએ દરિયાકિનારે ઘણા બધા ગુનેગારોને પકડ્યા છે. ત્યાં જે પોલીસતંત્ર કામ કરી રહ્યું છે એને પણ આપણે બિરદાવીએ છીએ. એ તંત્ર પણ કોઇ પણ પરિસ્થિતિનો સામનો કરીને ગુજરાત રાજ્યની જનતાને સલામત રાખવા માટે મહેનત કરી રહ્યા છે એના કારણે એ પણ અભિનંદનને પાત્ર છે. માનનીય મંત્રીશ્રી જે કાયદો લઇને આવ્યા છે એને હું મારું સમર્થન જાહેર કરું છું અને આપને બધાને પણ વિનંતી કરું છું કે આપણે સર્વાનુમતે આ કાયદાને પસાર કરીએ. જય ગુજરાત.

શ્રી હેમંતભાઇ હ. આહિર(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક–૧૧ ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક ઉપર હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ગુજરાત રાજ્યમાં દારૂબંધીનો જે કાયદો અમલમાં છે એમાં સમયાંતરે રાજ્ય સરકાર દ્વારા સુધારા કરવામાં આવ્યા છે. હાલમાં નશાબંધીનો કાયદો માત્ર કાગળ ઉપર રહી ગયો હોય એવું લાગી રહ્યું છે. હાલમાં ગુજરાત રાજ્યમાં જે રીતે દારૂ પીવાની પરમિટ આપવામાં આવે છે એના નીતિ નિયમો તરફ હું આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું. કોઇ પણ માણસ દારૂ પીવાની પરમિટ મેળવવા માટે અરજી કરે એની આવક રૂ.૨૫,૦૦૦/–થી વધુ હોવી જોઇએ. એક તરફ આપણે મેડિકલના ઓથા હેઠળ એમને દારૂ પીવાની પરમિટ આપતા હોઇએ અને બીજી બાજુ આપણે રૂ.૨૫,૦૦૦/–ની આવક–મર્યાદા રાખીએ તો એના પરથી એવું લાગે કે કોઇ સામાન્ય માણસને મેડિકલ કારણોસર ક્યારેય દારૂ પીવાની જરૂર પડશે જ નહિ. જે પ્રમાણે દારૂની પરમિટ આપવાના નિયમો છે એમાં ખૂબ વિસંગતતાઓ છે. માનનીય મંત્રીશ્રી દારૂબંધીનું સુધારા વિધેયક લાવ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસે એ પણ અપેક્ષા છે કે આ બાબતે વિચાર કરી એનો આમાં ઉલ્લેખ કરવો જોઇએ.

શ્રી હર્ષ ર. સંઘવી : એક્ઝેટ સજેશન આપો.

શ્રી હેમંતભાઇ હ. આહિર : એક્ઝેટ સજેશન તો આપની તજજ્ઞની ટીમ દ્વારા લાવી શકો. અમારું સજેશન જો આપ માન્ય રાખવાના હોય તો અમે પ્રાઇવેટ બિલ લાવવા માટે તૈયાર છીએ. (અંતરાય) હું આપને ચોક્કસપણે સજેશન મોકલીશ. આપની પાસે તો તજજ્ઞ અધિકારીઓની ટીમ છે તેમાં પણ આપ કંઇક વિશેષ કરી શકો તે માટે હું આપનું ધ્યાન દોરવા માગું છું અને આપ જો કહેતાં હોય તો હું પ્રાઇવેટ બિલ મૂકું. ગૃહને પૂછી લો પસાર કરવા માંગતા હોય તો અમે પ્રાઇવેટ બિલ લાવવા માટે તૈયાર છીએ.

સભાપતિશ્રી : આપણે બિલ પર આવી જઇએ.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે પ્રમાણે દારૂબંધીના કડક કાયદાની વાતો થઇ રહી છે તો આપણે જોઇએ છીએ કે જે રીતે ઝોમેટો કે સ્વીગી કરીને જમવાનું મંગાવીએ તે રીતે જ્યારે જોઇએ ત્યારે હોમ ડિલિવરીથી દારૂ આપી જાય તેવા કિસ્સાઓ અવારનવાર છાપામાં વાંચવા મળે છે. પ્રેસ મીડિયામાં પણ આ વાતો આવતી હોય છે. અમારો જામનગર જિલ્લો દરિયાકાંઠાના છેવાડાનો જિલ્લો છે. જામનગર જિલ્લામાં દારૂ લાવવો હોય તો ૬-૭ જિલ્લાઓની સરહદો અને ગુજરાત રાજ્યની બોર્ડર ક્રોસ કર્યા બાદ દારૂ આવતો હોય છે, પરંતુ જામનગર જિલ્લામાં દારૂના ટ્રક ન ઝડપાતા હોય તેવો એક મહિનો પણ જતો નથી. આ તબક્કે એ પણ ચિંતા થવી જોઇએ કે આટલા બધા રેન્જ આઇ.જી.ની બોર્ડર, એસ.પી.ના કાર્યક્ષેત્ર હેઠળથી દારૂ ગુજરાતના છેડા સુધી કેવી રીતે આવી રહ્યો છે તે બાબતની પણ ચર્ચા થવી જોઇએ. ગઇ કાલે આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રીએ એક તુલનાત્મક વાત કરી કે, વર્ષ ૨૦૧૪થી ૨૦૨૪ વચ્ચે કેન્દ્ર સરકારે કેટલાં નાણાં ફાળવ્યાં? વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ વચ્ચે કેટલાં નાણાં ફાળવ્યાં? તો આજે જ્યારે નશાબંધીની વાત થાય છે તો તેમાં પણ હું આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ દરમિયાન ૧૦ કરોડ યુનિટથી વધુ ડ્રગ્સ પકડાયું. જેમ દારૂમાં ૭૫૦ એમ.એલ.ની બોટલને એક યુનિટ ગણવામાં આવે છે તેમ ડ્રગ્સમાં એક કિ.ગ્રા. કે ૫૦૦ ગ્રામનું એક યુનિટ ગણવામાં આવે છે. વર્ષ ૨૦૦૪થી જે ડ્રગ્સ પકડાયું હતું તેના કરતાં વર્ષ ૨૦૧૪થી ૨૦૨૨ વચ્ચેના આંકડાઓ ઉપર જો નજર કરવામાં આવે તો ૨૪ કરોડ યુનિટ કરતાં પણ વધારે અને આશરે રૂ.૯૭ હજાર કરોડનું ડ્રગ્સ ગુજરાતના દરિયાકાંઠેથી પકડાયું છે.

આદરણીય પ્રધાનમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીનું હોમ સ્ટેટ ગુજરાત રાજ્ય હોય અને તેમાં જે પ્રમાણે આંકડાઓ વધી રહ્યા છે તે જોતાં એક ચિંતાનો વિષય છે. જ્યારે જ્યારે આ ગૃહમાં ડ્રગ્સની વાત કરવામાં આવે ત્યારે ત્યારે પકડાયું અને પકડવા વચ્ચેનો તફાવત બે-ત્રણવાર ગૃહના દરેક સભ્યશ્રીઓને માનનીય મંત્રીશ્રીએ ખૂબ સારી રીતે સમજાવી દીધો છે. પ્રશ્ન એ છે કે પકડાયું અને પકડવા વચ્ચેનો તફાવત છે અને ગુજરાતનો દરિયાકિનારો સિક્યોર છે તો શાં કારણે વારંવાર ગુજરાત રાજ્યમાંથી ડ્રગ્સ પડકાય છે અને જે ડ્રગ્સ પકડાય છે તેમાં મોટાભાગનું ડ્રગ્સ બિનવારસી પકડાય છે. આ બિનવારસી બતાવવા પાછળ કોઇ કારસો છે કે ખરેખર બિનવારસી ડ્રગ્સ પકડાય છે તે પણ એક તપાસનો અને ચિંતાનો વિષય છે. ખરેખર જો ગુજરાતનો દરિયાકિનારો સલામત હોય તો જે પ્રમાણે ડ્રગ્સ પકડાઇ રહ્યું છે તેમાં ઘટાડો નોંધાવો જોઇએ. તેના બદલે આંકડા ઉપરથી જાણવા મળે છે કે આ ડ્રગ્સ આવવામાં ઘટાડો થવાના બદલે વધારો થઇ રહ્યો છે. આજે આપણે કાયદામાં જે રીતે વાહનોની ચર્ચા કરી કે જે વાહનમાં દારૂ પકડાય અથવા જે વાહન પોલીસ દ્વારા ડીટેઇન કરવામાં આવે તેનો સમયસર નિકાલ થાય અને રાજ્ય સ્વભંડોળ વધે તેના માટે આ બિલ લાવવામાં આવ્યું છે. દારૂ કરતાં પણ આજે સૌથી મોટો ચિંતાનો વિષય ડ્રગ્સ છે. આ ૨૫૦૦ કિલો ડ્રગ્સ વિદેશથી નાની હોડીમાં અહીંયા ગુજરાતમાં ન પહોંચી શકે. તે ક્યાંક ને ક્યાંક મોટી સ્ટિમરમાં આવતું હોય. જ્યારે પણ ડ્રગ્સ પકડાય ત્યારે બિનવારસી પકડાય અથવા નાની હોડીવાળાને પકડી લેવામાં આવે પણ તે ડ્રગ્સ આંતરરાષ્ટ્રીય લેવલે ક્યાંથી આવ્યું અને ક્યા વહાણમાં આવ્યું તેવું એક પણ વહાણ ગુજરાત સરકાર દ્વારા સીલ કરવામાં આવ્યું હોય કે નોટિસ આપવામાં આવી હોય તેવું અમારા ધ્યાને આવ્યું નથી. માત્ર નાની નાની માછલીઓને પકડીને સમગ્ર પ્રકરણ રફેદફે કરી દેવામાં આવે તો આવી જે મોટી શિપ કે બોટમાં ડ્રગ્સ આવ્યું હોય ત્યાં સુધી તપાસ લંબાવીને તેની પણ તપાસ કરવામાં આવે તેવું હું માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી જણાવવા માગું છું.

માનનીય મંત્રીશ્રી જે કાયદો લઇને આવ્યા છે એમાં જે વાહનોની હરાજી કરવાની વાત(અંતરાય) નશાબંધીની વાત છે તો ડ્રગ્સ પણ નશામાં જ આવે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એમાં મારો કોઇ વાંધો નથી. પણ મારી એક વિનંતી છે કે, કાલે નિયમ-૧૧૬ની નોટિસ પર ડ્રગ્સની ચર્ચા કરવા માટે એમને પૂરતો સમય આપો અને હું તો એમ કહું છું કે બે-ત્રણ કલાક આપવા જોઇએ. એક એક વ્યક્તિને સંપૂર્ણ છૂટ આપીને એમના મનમાં જેટલા પણ પ્રશ્નો છે એ બધાના જવાબો આપવા હું બંધાયેલો છું. પરંતુ, હાલમાં જે બિલ ચાલે છે એ બિલના સ્કોપની બહારની વાત કરી રહ્યા છે. આવતીકાલે નિયમ-૧૧૬ની નોટિસમાં તમે વધારે તૈયારી સાથે આવજો. આ તો યુવાનોના ભવિષ્યની વાત છે. હું માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરું છું કે, આ માટે આજથી જ સ્કોપ ઓપન કરવામાં આવે. તમે પચાસ વર્ષ પહેલાંની ડ્રગ્સની વાત કરશો તો એનો પણ હું જવાબ આપવા બંધાયેલો છું. આ મારી જવાબદારી છે અને આપની ચિંતા પણ યોગ્ય છે. આપણે બધાએ સાથે મળીને જ આની સામે લડવાનું છે.

સભાપતિશ્રી : એમનો આ સંબંધમાં ઊંડો અભ્યાસ અને અનુભવ છે.

## તા. ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૪

## ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક, ૨૦૨૪

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં મારા મિત્રોએ જે પંજાબની વાત કરી એ વાત મારે કરવી નથી અને ડ્રગ્સના કૅપિટલ સ્ટેટની વાત પણ મારે ક્યારેય કરવી નથી. આ બાબતે હું તમને સંપૂર્ણ રીતે સાચો જવાબ આપીશ.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી અને નિયમ-૧૧૬ની નોટિસમાં સ્કોપ બહારની વાત કરે છે. આપણે ગૃહના નિયમોનું પાલન કરવું જોઇએ એવું હું માનું છું પણ નશાબંધીની વ્યાખ્યામાં તો ડ્રગ્સ પણ આવે. આ ફક્ત દારૂબંધી માટે જ નશાબંધીની વાત કરવાની છે એવું નથી અને આજની ચર્ચામાં વિગતવાર આંકડા રજૂ કરવાની તક આપો તો એમાં કોઇ ફેર પડવાનો નથી. અમારી વિનંતી છે કે, અમારી લાગણીને પ્રદર્શિત કરવા દો.

સભાપતિશ્રી : હું પણ જામનગરના દરિયાકાંઠો ખૂબ ફર્યો છું પણ ક્યાંય પોલીસ સ્ટેશનમાં આવી કોઇ નાવડી કે વહાણ મેં જોયું જ નથી. આવું કંઇ મારા ધ્યાનમાં નથી. તમે જોયું હોય તો મને ખબર નથી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, એ વાત પર જ હું આવું છું કે, મોટરસાઇકલ પર કોઇ દારૂ લઇને જતો હોય તો આપણે એને પકડી લઇએ. હમણાં માનનીય મંત્રીશ્રીએ વાત કરી એમ કોઇ બી.એમ.ડબલ્યુ કારમાં દારૂ લઇને જતો હોય તો એને પકડી લઇએ. આ હજારો કરોડો રૂપિયાનું ડ્રગ્સ શીપ કે બોટમાં આવે છે અને એમના આકાઓને શા માટે છોડી દેવામાં આવે છે? અમારા જામનગરનો જ એક વ્યક્તિ છે હું એની જરાપણ ફેવર કરતો નથી. એને કડકમાં કડક સજા થવી જોઇએ પણ જે માણસ પાસે ઘરની સાઇકલ પણ ન હોય એને આપણે એક હજાર કરોડ રૂપિયાના ડ્રગ્સમાં હાજર કરીએ અને પોલીસ એમ કહે કે, 'આ ભાઇએ હજાર કરોડનું ડ્રગ્સ મંગાવ્યું હતું.' આ ભાઇ આ ડ્રગ્સની કડીમાત્ર છે. આનાથી આગળ તપાસ કરી મુખ્ય વ્યક્તિઓ સુધી તપાસ પહોંચે એવી અમારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. જે શીપ કે બોટમાં ડ્રગ્સ લાવવામાં આવ્યું છે એ શીપ કે બોટને પણ નોટિસ આપવામાં આવે. તપાસ કરવામાં આવે અને બંદર ઉપર પણ તપાસ કરવામાં આવે એવી અમારી લાગણી છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું એટલે આપણે સ્કોપની અંદર વાત લઇ જઇએ. આ જે વાહનોની હરાજી કરવામાં આવશે એ વાહનો એ જ રજિસ્ટ્રેશન નંબરથી વેચવામાં આવશે કે એનું નવું રજિસ્ટ્રેશન આપવામાં આવશે? કારણ કે, આ બુટલેગરો ક્રિમિનલો હોય છે અને જો જૂના રજિસ્ટ્રેશન નંબર સાથે આ વાહનોની હરાજી કરવામાં આવે તો એવું બને કે કોઇ સારા માણસો આ વાહનો ન પણ ખરીદે. આ વાહનોની નવા રજિસ્ટ્રેશન સાથે હરાજી કરવામાં આવે એવી અમારી લાગણી છે. આ વિશે પણ માનનીય મંત્રીશ્રી થોડો પ્રકાશ પાડે એવી માગણી કરું છું.

શ્રી પી.સી. બરંડા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ગૃહમંત્રીશ્રી ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક-૨૦૨૪ લઇને આવ્યા છે એને મારો સંપૂર્ણ ટેકો અને સમર્થન છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશની આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થયાં. અંગ્રેજો કાયદો મૂકીને ગયા. માનનીય વડાપ્રધાનશ્રી વર્ષ ૨૦૧૪થી દેશની ધૂરા સંભાળી રહ્યા છે ત્યારથી માનનીય વડાપ્રધાનશ્રી અને માનનીય શ્રી અમિતભાઇ શાહ આ કાયદાઓને સુધારવા માટે ઘણા પ્રયત્નો કરી રહ્યા છે. પહેલાની સરકારોએ કશું જ કરેલ નથી. કાયદાઓનો ફક્તને ફક્ત વાંચીને અમલ કરતા હતા. પરંતુ સમયાંતરે જે સુધારા કરવા જોઇએ તે સુધારા થઇ શક્યા ન હતા. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તથા શ્રી અમીતભાઇ શાહ સાહેબે લોકસભામાં આઇ.પી.સી., સી.આર.પી.સી. એવિડન્સ અને માઇનોર એક્ટમાં ઘણા બધા સુધારા કર્યા. એમાં મને જાણવા મળ્યું છે તેમ આપણા ગુજરાત રાજ્યમાં પોલીસ વિભાગના તમામ અધિકારીશ્રીઓએ 'કરાઇ' ખાતે ટ્રેનિંગ લીધી છે. ટૂંક સમયમાં એનો અમલ થનાર છે. આ કાયદામાં સુધારા થવાના પરિણામે આખા દેશ અને ગુજરાત રાજ્યની જનતા કાયદાની ચુંગાલમાંથી બચવા અને કાયદાનું પાલન કરાવવા માટે પોલીસ વિભાગ સમયાંતરે પરિવર્તનની ઇચ્છા વ્યકત કરતું હોય છે, પણ માનનીય બંને મહાનુભાવશ્રીઓએ આખા દેશ અને ગુજરાત રાજ્યમાં આ કરી બતાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત ગાંધીજીનું ગુજરાત છે. સરદાર વલ્લભભાઇ પટેલનું ગુજરાત છે. માનનીય મોદીજી અને માનનીય અમિતભાઇ શાહ સાહેબનું ગુજરાત છે. અહીંયા વર્ષ ૧૯૪૯માં દારૂબંધીનો કાયદો આવ્યો ત્યારથી ગુજરાત રાજ્યમાં દારૂબંધી છે. ગુજરાત રાજ્યમાં દારૂ વેચી શકાતો નથી, દારૂ પી શકાતો નથી કે હેરફેર કરી શકાતો નથી. આ બદીને ડામવા માટે સરકારશ્રી દ્વારા કાયદો લાવવામાં આવ્યો. આજે ગુજરાત રાજ્યમાં એના અગાઉ એક બિલ પાસ કરવામાં આવ્યું. આ કાયદામાં વર્ષ ૨૦૧૧, વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૬માં સુધારો કરવામાં આવ્યો અને આજે પણ સુધારો કરવામાં આવનાર છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી અને પોલીસ વિભાગના તમામે તમામ અધિકારીશ્રીઓને મારે પહેલા તો અભિનંદન આપવા પડે. આજે દારૂ પકડાય ત્યારે પોલીસ સ્ટેશનમાં જમા કરવામાં આવે છે. સમયાંતરે એનો નિકાલ કરવામાં આવે છે. પોલીસ વિભાગ દ્વારા જે તે પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ કોર્ટમાં રિપોર્ટ કરે છે અને આટલા દારૂનો તમારે નિકાલ કરવાનો થાય છે, એનો કોર્ટ આદેશ કરે છે. ગુજરાત રાજ્યમાં વખતો વખતના નિયમો, ઠરાવો અને ઠરાવોને આધીન જિલ્લા કક્ષાએ તથા શહેર કક્ષાએ સમિતિઓ હોય છે. આ સમિતિઓમાં નક્કી કરી, આખા ગુજરાતમાં જેટલો દારૂ હોય તેનો જે તે પોલીસ સ્ટેશન નિકાલ કરવાની પદ્ધતિ અપનાવે છે અને નાશ કરે છે. આજે વાહનોમાં દારૂ ભરીને આવે છે. આટલાં વર્ષો સુધી લગભગ શરૂઆતથી જ હું માનું છું ત્યાં સુધી, હું ખાતામાં હતો એ વખતે મને ખબર છે કે કેટલી બધી મુશ્કેલી પડતી હોય છે. વાહનો જમા હોય છે. ફરવાની જગ્યા હોતી નથી. પોલીસ સ્ટેશનમાં ગંદકી ફેલાય છે. પોલીસ સ્ટેશનમાં જગ્યા હોતી નથી તો આ માનનીય ગૃહમંત્રીશ્રી સુધારા વિધેયક લઇને આવ્યા છે ત્યારે આ વાહનો માટે માનનીય સભાગૃહને મારી વિનંતી છે કે વર્ષો

સુધી કોર્ટ કેસનો નિકાલ આવતો નથી. નિકાલ આવ્યા પહેલાં આ વાહનોનો નિકાલ થાય, એ માટે હરાજી થાય, એ માટે આ જોગવાઈ કરવામાં આવી છે. સન ૧૯૪૯નો આ કાયદો કલમ–૯૮ની પેટા કલમ (૨) જે સુધારો લઇને આવ્યા છે, જેમાં કોઇ કેફી પદાર્થ, ભાંગ–ગાંજા, મહુડાના ફૂલો વગેરે લઇ જતા પશુઓ, ગાડાં, વહાણો અથવા બીજાં વાહનો જેવી વસ્તુઓને સરકાર દાખલ કરવા માટેની અને જપ્ત થયેલા દારૂનો જથ્થો, નિયમોથી ઠરાવ્યા પ્રમાણેના જથ્થા કરતા વધુ હોય ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી બોન્ડ અથવા જામીન પર તેને મુકત કરી શકાશે નહીં તે શબ્દને બદલે જપ્ત થયેલો દારૂનો જથ્થો ઠરાવવામાં આવેલા જથ્થાથી વધુ હોય ત્યારે કોર્ટની પરવાનગી સાથે ઠરાવવામાં આવે તે રીતે આખરી ચુકાદા પહેલાં સરકારે દાખલ કરેલાં વાહનની હરાજી અને ખાલસા કરી શકાશે અને આવા કિસ્સામાં નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારી એટલે કે ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારી આ સક્ષમ અધિકારી તરીકે નિમણૂક થાય એ માટેનો આ કાયદો છે તો મારી વિનંતી છે કે આ જે માનનીય ગૃહમંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ આ સુધારા વિધેયક લઇને આવ્યા છે ત્યારે તમામ સભ્યશ્રીઓને મારી વિનંતી કે આ બિલ વિના વિરોધે પસાર થાય અને આ કાયદો પ્રજાની વચ્ચે જાય અને આપણા પોલીસ વિભાગને ફાયદો થાય અને સરકારને પણ ફાયદો થાય એ માટેનું આ બિલ છે ત્યારે કરોડો રૂપિયાનાં જે વાહનો છે, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે એક ના ઉપર એક છે. અમારા શામળાજીની અંદર તો જગ્યા જ નથી. શામળાજીમાં બોર્ડર આવે છે એમાં અઢળક વાહનો પડયાં છે તો એ પણ વાહનોને આ જોગવાઇથી કોર્ટના ચુકાદા પહેલાં નિકાલ થાય એ માટેના આ પ્રયત્નો છે તો સભાગૃહને વિનંતી છે કે આ બિલ વિના વિરોધે પસાર થાય અને અનુમોદન મળે એટલી વાત સાથે મારી વાત પૂરી કરું છું. ભારત માતા કી જય.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૨૪નું ગુજરાત નાશાબંધી સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં આમ જોઇએ તો આ બિલને હું મારું સમર્થન પણ આપું છું, પણ સાથોસાથ આમાં થોડાંક સૂચનો છે એ પણ હું રજૂ કરવા માગું છું. ગુજરાતમાં આમ જોઇએ તો દારૂ હોય, નશાબંધી સીરપ હોય, ગુટકા હોય તો આનો ગુજરાતની અંદર પ્રતિબંધ છે, જયારે આપણા ગુજરાતની અંદર પ્રતિબંધ છે અને તેમ છતાં પણ સૌથી વધુ વસ્તુઓ આપણા ગુજરાતમાં પકડાઇ રહી છે અને વેચાઇ રહી છે. ગુજરાતનો એક પણ જિલ્લો એવો નહીં હોય, એક પણ મહાનગર એવું નહીં હોય કે જયાં નશાકારક સીરપ ના વેચાતી હોય, જયાં દારૂ ના વેચાતો હોય કે મહાનગરમાં ડ્રગ્સ ના વેચાતું હોય. ખૂબ ચિંતાનો વિષય છે. આવા જે તત્ત્વો છે, આવા માદક દ્રવ્યોની હેરાફેરી જે સાધનોમાં કરે છે, જે વાહનોમાં કરે છે એની ખરેખર હરાજી ન કરવા જોઇએ. આવાં વાહનોનો ખરેખર રાજય સરકાર દ્વારા સંપૂર્ણ નાશ કરવો જોઇએ. જેથી કરીને આવા બુટલેગરોનું મનોબળ તૂટી જાય. જેવી રીતે દારૂનો નાશ કરીએ છીએ, ડ્રગ્સનો નાશ કરીએ છીએ, એની કરોડો રૂપિયાની ભલે ઓડી કાર હોય, લકઝરી કાર હોય એનો નાશ કરવો જોઇએ. એને છોડવી ન જોઇએ. ગુજરાતીઓને બુટલેગરોના પૈસાની જરૂરિયાત નથી. એને છોડવામાં ન આવે. સાથોસાથ ૧૬૦૦ કિલોમિટરનો આપણા ગુજરાતનો દરિયાકાંઠો છે. આટલો મોટો દરિયાકાંઠો આ ડ્રગ્સના માફિયાઓ માટે હાલ સ્વર્ગ બની ગયો છે. સને ૨૦૨૧ની ભૂતકાળની વાત કરું તો એન.આઇ.એ. દ્વારા કચ્છના મુંદ્રા અદાણી પોર્ટ ઉપરથી ૨૧ હજાર કરોડનું ડ્રગ્સ પકડવામાં આવ્યું હતું. જો આપણે કલ્પના કરીએ કે આવો મુદ્દામાલ હરાજી કરીને પૈસા કરાઇશું તો આવા તત્ત્વો છે એને ખુલ્લો દોર મળી જશે. એ વાહન હોય કે કોઇ મુદ્દામાલ હોય એને ક્યારેય છોડવામાં ન આવે. હરાજી ન કરવામાં આવે. આવાં વાહનોની હરાજી કરીને એને વેચવામાં ન આવે તેવી માનનીય ગૃહમંત્રીશ્રીને વિનંતી કરું છું. જો આવું કરીશું તો આવા તત્ત્વોનું મનોબળ પ્રબળ બનશે અને સાથોસાથે સ્કોપ બહારનું નથી પણ માનનીય ગૃહમંત્રીશ્રીને સૂચન કરું છું કે મારા બોટાદ જિલ્લાની વાત કરું તો જ્યારે જ્યારે પોલીસ અધિક્ષકની સંકલન મિટિંગ હોય છે ત્યારે હું પોતે જાઉં છું. રૂબરૂ લેખિતમાં રજૂઆત કરું છું કે આ જગ્યાએ દેશી દારૂનો અડ્ડો છે, આ જગ્યાએ વિદેશી દારૂનો અડ્ડો છે તેમ છતાં કોઇ કાર્યવાહી થતી નથી. આ ખૂબ ગંભીર બાબત છે. જ્યારે લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિ જો લેખિત રજૂઆત કરતા હોય તેમ છતાં જે તે જિલ્લાના પોલીસ અધિક્ષક કાર્યવાહી ન કરતા હોય તો ખૂબ ગંભીર વિષય છે. ખરેખર દારૂ હોય કે ડ્રગ્સ હોય કે સીરપ હોય, કોઇપણ માદક અને નશીલો પદાર્થ હોય, જો ગુજરાતના યુવાધનને બચાવવું હશે તો ક્યારેય છૂટ આપવી જોઇએ નહીં. આપણા ગાંધીનગરની ગિફ્ટ સિટીમાં પ્રતિબંધિત દારૂની છૂટ આપી છે એ ખરેખર ન આપવી જોઇએ. એમાં પણ પ્રતિબંધ મૂકવો જોઇએ. છાપામાં વાંચીએ છીએ કે ત્યાં દારૂ તો પીવાય છે સાથોસાથ ડ્રગ્સ જેવી પાર્ટીઓ યુવાધન કરી રહ્યું છે. ગુજરાતના યુવાધન માટે ખૂબ ચિંતાનો વિષય છે. આ બિલને સમર્થન આપું છું પણ ગૃહમંત્રીશ્રીને વિનંતી કરું છું કે, ગુજરાતના યુવાધનને બચાવવું હશે તો ક્યાંકને ક્યાંક કડક નીતિ અપનાવવી પડશે.

ડો. પ્રદ્યુમન ગ. વાજા(કોડિનાર) : માનનીય અધ્યક્ષશ્રી, સુરક્ષિત અને સલામત ગુજરાતના ગૃહમંત્રી આદરણીય શ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ આ સન્માનનીય ગૃહમાં સને ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૧ ગુજરાત નશાબંધી સુધારા વિધેયક ૨૦૨૪ જે લાવ્યા છે ત્યારે આ વિધેયકની ચર્ચામાં ભાગ લેતા આ વિધેયકના સમર્થનમાં મારા કેટલાક વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો ખૂબ જ ઘેરા દુ:ખની લાગણી સાથે કલકત્તામાં જે મહિલા ડોકટર ઉપર હવસખોરો દ્વારા જે હત્યા થઇ એ અમાનવીય અત્યાચારને હું સખત શબ્દોમાં વખોડું છું અને આ ગૃહ વતી હું મહિલા ડોકટરના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે એવી પ્રાર્થના કરું છું. મારે ગૃહ વતી યુવાન અને બાહોશ ગૃહમંત્રીશ્રીને અભિનંદન આપવા

પડે કે જેમણે તાજેતરમાં જ ગૃહ વિભાગ દ્વારા ખૂબ મોટા પ્રમાણમાં ભરતી કરવાની જાહેરાત કરી છે એ બદલ સમગ્ર રાજયના નવયુવાનો વતી હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ગૃહમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું. હું જે જિલ્લામાંથી આવું છું એ હરિ અને હરનું ધામ છે ભગવાન શ્રીકૃષ્ણ અને શંકર ભગવાનનું ધામ છે ત્યારે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાના પ્રયાસરૂપે આ જિલ્લામાં જેમ હમણા પૂર્વ વકતાશ્રીએ વાત કરી કે પોતાના જિલ્લામાં જે પી.એસ.આઇ. કક્ષાના સ્ટેશનો હતા એને અપગ્રેડ કરીને પી.આઇ. કક્ષાના બનાવ્યા છે તો હું આભાર એટલા માટે માનું છું કે અમારા જિલ્લામાં પણ ૪ સ્ટેશનોને અપગ્રેડ કરી અને પી.આઇ. કક્ષાના બનાવ્યા છે અને તેની સાથેસાથે કોડિનારમાં અતિ આધુનિક પોલીસ સ્ટેશનનું નિર્માણ થવા જઇ રહ્યું છે ત્યારે હું અમારા જિલ્લાના મતદારો વતી ગૃહમંત્રીશ્રીનો આભાર માનું છું. ગીર સોમાનાથ જિલ્લામાં એક નવાબંદર પોલીસ સ્ટેશન છે. જેના કેટલાક ગામડાંઓ મારી કોડિનાર વિધાનસભામાં પણ આવે છે અને ગૃહને હું વિનયપૂર્વક જણાવવા માગું છું કે કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા એક સરવે કરવામાં આવે છે અને આ સરવે જે વર્ષ ૨૦૨૩માં થયો ત્યારે આ સરવેમાં નવાબંદર પોલીસ સ્ટેશન સમગ્ર ગુજરાતમાં પ્રથમ આવેલ છે તેથી અમારા પોલીસ વિભાગ, સર્વે પોલીસ સ્ટાફને હું અભિનંદન આપું છું અને ગૃહ મંત્રીશ્રીનો આભાર વ્યકત કરું છું. જયારે નશાબંધી વિધેયકની વાત થાય છે ત્યારે આ નશા અને દારૂના દૂષણથી જે આડઅસરો થાય છે એ સમગ્ર માનવજીવનને અને વ્યક્તિને પાયમાલ બનાવી દે છે. આપણને બધાને ખ્યાલ છે એ દિવસોમાં એક સૂત્ર હતું કે દારૂડિયો દારૂને શું પીવે પણ દારૂ જ દારૂડિયાને પીવે છે એટલે કેટલી બધી આડઅસરો નશાથી થાય છે એ એક ડોકટર હોવાને નાતે પણ મને ખ્યાલ છે અને સમગ્ર જનતાને પણ ખ્યાલ છે. આખું વિષચક્ર ચાલે છે તમે જયારે નશાયુકત પદાર્થ લો છો ત્યારે એમાં પૈસા ખર્ચો છો એ પૈસા મેળવવા માટે તમે એ પૈસાની વ્યવસ્થા માટે કયાંકથી ઉછીના પૈસા લો છો પછી પોતાને વ્યક્તિગત હાનિ પણ આરોગ્યક્ષેત્રે થાય છે. એ પૈસા કમાવા માટે તમે અન્ય ગુનાખોરીનાં સાધનોનો ઉપયોગ કરો છો અને સામાજિક અવ્યવસ્થા ઊભી થાય છે. આ આડઅસર દારૂની છે. હું એટલા માટે કહું છું કે,

"ज़िंदगी में खुशियां युंही नहीं आती, रिश्तों में प्यार पीरोना पडता है,
नशे की लत जिसने नहीं छोडी, उसे दुनिया छोडनी पड़ती है।"

આ દેશનો યુવાન આ દેશનું ભવિષ્ય છે અને એટલે જ સ્વામિ વિવેકાનંદે યુવાનો વિશે વાત કરી હતી કે તમે મને ૧૦૦ નચિકેતા આપો અને હું આખા વિશ્વની કાયાપલટ કરી નાખીશ. આવું સામર્થ્ય આ દેશના યુવાનોમાં છે તો આ યુવાન નશીલા પદાર્થોનું સેવન ન કરે અને બરબાદ ન થાય. નશાબંધીની ચુંગાલમાંથી ગુજરાતને મુકત કરવા માટે આ દારૂના દૂષણને નાથવા માટે આપણા રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને આપણા ગૃહમંત્રીશ્રી સંઘવીસાહેબ કટિબદ્ધ છે. ત્યારે મારે કહેવું પડે, હમણાં સાથી પક્ષના ધારાસભ્યશ્રી ડ્રગ્સ વિશે વાત કરતા હતા. આ ડ્રગ્સના દૂષણને મૂળથી જ ડામવા માટે ગૃહમંત્રીશ્રીએ જે પ્રયાસ કર્યો છે. હું ગીર સોમનાથ જિલ્લામાંથી આવું છું અને અમારા જિલ્લાને ૧૦૦થી ૧૫૦ કિલોમિટરનો દરિયાઇકાંઠો મળ્યો છે ત્યારે આ ગીર સોમનાથના દરિયાકાંઠેથી ૩૦૦ કરોડ રૂપિયાના નશીલા પદાર્થનો જથ્થો ગૃહ વિભાગ દ્વારા પકડવામાં આવ્યો છે તથા આ દૂષણને જડમૂળથી ડામવા માટેનો જે પ્રયાસ થયો છે તે બદલ આ ગૃહ વતી હું માનનીય ગૃહમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આપ કલ્પના કરો કે, આ જે ડ્રગ્સનો નશો હતો તે યુવાનો સુધી પહોંચી ગયો હોત તો તેની શું આડઅસર થાત? ત્યારે તેને રોકવાનું કામ રાજયની સરકારે કર્યું છે તેના માટે અભિનંદન આપવા પડે. મારા જ જિલ્લામાં આ દૂષણ ડામવા માટે જે ટંડેલો જાય છે ત્યારે તે ટંડેલોનું પોલીસ વેરિફિકેશન પણ સમગ્ર ગુજરાતમાં ગીર સોમનાથમાં સૌ પ્રથમ થયું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં આ દૂષણને ડામવા અને જાગૃતતા લાવવા માટેની બેઠકો કરવામાં આવી રહી છે. મૂળ વિધેયક ૧૯૪૯નું હતું તેમાં સુધારો થયો તેનો મુખ્ય ઉદ્ધેશ એ છે કે આ નશીલા પદાર્થોની જે હેરાફેરી થતી હતી તે હેરાફેરીમાં વપરાયેલાં સાધનો છે તે સાધનોનો નિકાલ અંતિમ કોર્ટનો ચુકાદો ન આવે ત્યાં સુધી નહોતો કરી શકાતો. માત્ર મનસ્વી રીતે આ સુધારો કર્યો નથી. હું આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું અને ઉલ્લેખ કરવા માગું છું કે, જપ્ત થયેલ દારૂનો જથ્થો ઠરાવવામાં આવે તેટલા જથ્થા કરતાં વધુ હોય ત્યારે કોર્ટની પરવાનગી સાથે, કોર્ટની પરવાનગી સાથે તે શબ્દ પ્રયોગ આ સુધારા વિધેયકમાં કરવામાં આવ્યો છે અને આખરી ચુકાદા પહેલાં. એટલે કે અંતિમ ચુકાદો આવે તે મુખ્ય અધિનિયમમાં હતું તેના બદલે તે ચુકાદા પહેલાં કોર્ટની પરમિશન સાથે અને કોઇપણ એકસ, વાય, ઝેડ વ્યક્તિ નહીં પરંતુ આવા કિસ્સામાં નાયબ પોલીસ અધિક્ષક આવી હરાજી માટેના સક્ષમ અધિકારી રહેશે. આ ખાસ ઉલ્લેખનીય વાત છે. એટલે કાયદાકીય પ્રક્રિયાને અનુસરીને આ વિધેયક લાવવામાં આવી રહ્યું છે. આ જે સાધનો પડી રહ્યાં છે તેની આડઅસરો શું છે તે અહીં બધાએ કહી છે. અદાલતના પટાંગણમાં જગ્યાનો અભાવ છે. વાહનો પોલીસ સ્ટેશનમાં પડી રહ્યાં છે. ગંદીકી થાય છે અને ભંગાર ભેગો થાય છે.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ : (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક ઉપરની ચર્ચા પૂરી થાય અને તેના ઉપર મતદાન થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કરું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : અમે સંમત છીએ.

સભાપતિશ્રી : સૌ સંમત છે? (થોડી વાર બાદ ) વિધેયક ઉપરની ચર્ચા પૂરી થાય અને તેના ઉપર મતદાન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

ડો. પ્રદ્યુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હવે આ જે સુધારો થશે તેના લીધે ફાયદો થશે અને આવકનું સાધન ઉત્પન્ન થશે. સ્વચ્છતા જળવાશે, જગ્યા મળી રહેશે, મેનપાવરનો ઉપયોગ ઓછો થશે. આ સુધારા વિધેયકને કારણે આવાં વાહનોની જાહેર હરાજી કરી તેનો નિકાલ લાવવાની જે જોગવાઇ કરવામાં આવી છે તેને હું આવકારું છું. માનનીય મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું અને સાથે સાથે આ સરકાર સામાન્ય જનની પડખે છે તેવો અહેસાસ પ્રજાને થાય તેવું દાયિત્વ આ સરકારે નિભાવ્યું છે. અંતમાં એટલું જ કહીશ કે, ગુજરાત એ દેશનું ગ્રોથ એન્જિન છે તેને વધુ મજબૂત બનાવવાની આપણા સૌની જવાબદારી છે. ત્યારે આ જવાબદારી નિભાવવાના જે સંનિષ્ઠ પ્રયાસો માનનીય મંત્રીશ્રી દ્વારા થઇ રહ્યા છે તેને હું બિરદાવું છું અને આ બિલને અને આ પ્રયાસોને હું મારું સમર્થન આપું છું. અંતમાં જયારે આ નશાબંધીની વાત થાય છે ત્યારે હું ગુજરાતના નાગરિકોને એક સંદેશો આપવા માગું છું

"नशे की लत नहीं अच्छी, नशा करना तुम छोड दो,
जवानी मत डुबाओ नशे में, नशे की आदत अभी छोड़ दो।"

શ્રી હર્ષ સંઘવી(રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યશ્રી પ્રદ્યુમનભાઇની શાયરીઓમાં હું એકદમ મગ્ન થઇ ગયેલ હતો. મારા બેઉ સાથી સભ્યો દ્વારા અનેક સજેશનો જે આવ્યા છે તે વિષયમાં ખાસ કરીને હું સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક તો આ કાયદો એ દારૂબંધીને મજબૂત બનાવવા માટેનો છે. આ જ ગાડીઓ પાછી છોડાવીને નાના મોટા કાયદાની અંદરથી છટકબારી શોધીને કોર્ટની અંદરથી રાહત લાવીને આ લોકો ફરી આ જ ગાડીઓ દારૂના ધંધામાં ઉપયોગ ના કરી શકે તે માટે આ પ્રકારની હરાજી ખૂબ જ ઉપયોગી થઇ શકે છે. બીજો વિષય મારા મિત્ર શ્રી ઉમેશભાઇએ બિલ વાંચવામાં, સમજવામાં થોડીક તેમની ચૂક થઇ ગઇ છે. આ જે ગાડીઓ છે તે ગાડી વેચીને એ રકમ જે છે તે રાજયના ગરીબ, શોષિત, આદિવાસી ભાઇઓ, મારા અનેક બીજા સમાજના લોકો, ગુજરાતના વિવિધ વિસ્તારના નાગરિકો, વિવિધ વિસ્તારના વિકાસનાં કામોમાં આ રૂપિયા વપરાય. આ રૂપિયા જે હરાજી કરીને મેળવવાના છે એ રૂપિયા આ બુટલેગરોને પાછા આપવાની આ યોજના નથી. પછી તમે આનો ભૂક્કો બોલાવી દેશો તો ભૂક્કો બોલાવીને કરશો શું? એમને એમ ભૂક્કો બોલાઇ જાય. આ વેચાશે તો રૂપિયા આવે તો એ કોઇ ગરીબના પેટમાં જશે, કોઇ યોજના થકી તેને મળશે તો એ સરકારને નહીં રાજયના નાગરિકોને ખૂબ મોટો ફાયદો છે એટલે એ એક વિષયે મારે તેમને ખાસ ધ્યાન આપવાનું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ શ્રી હેમંતભાઇનો જે ખાસ કરીને ગાડીના વેચાણ પછી જે નંબર અને તે બદલવાનું સૂચન છે તે સૂચન સારું છે એ અમે નિયમ બનાવતી વખતે સો ટકા તેમાં ચિંતા કરીને શું થઇ શકે છે તે જોઇશું. તેની સાથે સાથે ડ્રગ્સના વિષયની જે વાત કરી આ વિષય હું એવું માનું છું વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪માં જેટલુ પકડાયું તેમના પ્રમાણે પકડાયું મારી ભાષામાં અમે પકડયું. વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪માં જેટલું પકડયું તેના કરતા વર્ષ ૨૦૧૪થી ૨૦૨૪માં વધારે પકડયું તો એ ગુજરાત રાજય અને ગુજરાત સરકાર, ગુજરાત પોલીસનું એચીવમેન્ટ છે. પંજાબના આંકડા અગર મેળવી લેવામાં આવશે તો આ પ્રશ્ન મનની અંદર કયારેય નહીં આવે. આ સામાજિક દૂષણ માત્ર ગુજરાતનું નહીં, દેશનું નહીં પરંતુ દુનિયાની અંદર ફેલાયેલું આ સામાજિક દૂષણ છે. આ સામાજિક દૂષણ માટે કાલે તાકીદની જાહેર અગત્યની બાબતના નિયમ-૧૧૬ની ચર્ચા છે તે ચર્ચામાં ફરી હું તો આપને અધ્યક્ષશ્રી તરીકે વિનંતી કરું છું કે, આ રાજયનો ખૂબ મોટો સામાજિક પ્રશ્ન છે અને રાજયની અંદર આ લાઇવ બતાવવું જોઇએ અને કોઇ પણ પ્રકારની લિમિટેશન વગર ૧૫-૨૦ મિનિટની ચર્ચાના બદલે વિપક્ષના જેટલા પણ સભ્યો છે તેને સ્કોપની બહાર પાકિસ્તાનમાં પણ ડ્રગ્સ પકડાયું હોય અને એ લગાડવું હોય તો એક વખત આરોપ લગાવી દેતા આપણે તેનો જવાબ આપવા માટે સંપૂર્ણ તૈયાર છીએ અને સંપૂર્ણ જવાબ આપવા માટે સરકાર એકદમ તૈયાર છે અને આ બાબતના જવાબો હું કાલે આપવાનો છું એટલે હું આજે સભાગૃહનો સમય આમાં બગાડવા માગતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સીરપ વેચાણની જે વાત છે તે વાત સાચી છે અનેક વિષયો ધ્યાનમાં આવેલા હતા, અનેક વિષયો પકડયા છે. સૌરાષ્ટ્રમાં જે વિષયો પકડયા છે તેમાં ત્રણમાંથી બેના મેન્યુફેકચરર પંજાબના છે તે બધા જ જેલમાં છે અને પંજાબની અંદર આ મેન્યુફેકચરિંગ થતું હતું અને પંજાબના બેઉ વેપારીઓ હમણાં જેલની અંદર બંધ છે. બોટાદનો કેસ, દેવભૂમિ દ્વારકાનો કેસ અને જામનગર બાજુનો કેસ છે. એ સીરપમાં બીજું કાંઇ નહોતું માત્ર આયુર્વેદિકના નામે વેચતા હતા. આયુર્વેદિકના નામે લાઇસન્સ મળે અને એના કારણે વેચી શકતા હતા. ગિફ્ટ સિટીની વાત હું એટલા માટે ધ્યાન પર લાવવા માગું છું કે કોઇ પેપરમાં લખે એ પેપરનું કામ છે. જે દિવસે ન્યૂઝ આવ્યા એ પછી ગિફ્ટ સિટીના આયોજકોએ અમને એક ૧૦ પાનાની અરજી કરી. એ અરજીમાં એમણે અનેક વિષયો લખ્યા છે. એમાં એક સૌથી મહત્ત્વનો વિષય હતો કે અમે સૌ નવયુવાન છીએ. ''અમને અમારું જીવન જીવવાનો હક્ક છે કે નહિ?'' એવું પૂછવામાં આવ્યું. બીજો વિષય એવો હતો કે ''જો અમે કોઇ પણ નિયમનું ઉલ્લંઘન કર્યું હોય તો અમારી ઉપર જરૂરથી એક્શન લેવા જોઇએ.''અને ત્રીજો એક મહત્ત્વનો વિષય એ લખ્યો હતો કે ''અમે જે કાર્યક્રમ કર્યો એ કાર્યક્રમના સ્થળની ચારે બાજુ સી.સી.ટી.વી. કેમેરા લાગેલા છે. એ કેમેરાના વિઝ્યુઅલ ચેક કરીને અમને અમારો ન્યાય આપો. અમે રાજયના યુવાનો છીએ. અમારા માટે વિપક્ષના કે કોઇ પણ લોકો દ્વારા 'ડ્રગિસ્ટ' કે

'દારૂડિયા' જેવા શબ્દોનો ઉપયોગ કરવાના કારણે અમારો પરિવાર અમારી પર વિશ્વાસ કરવાનું બંધ કરશે તો અમારે આવનારા દિવસોમાં આત્મહત્યા કરવી પડશે. આ યુવાન દીકરા–દીકરીઓને એમનું જીવન જીવવાનો હક્ક જરૂરથી છે. જો આપણે બધાં જ યુવાન–યુવતીઓને એ નજરથી જોઇશું તો એ લોકો એમની સ્વતંત્રતા કઇ રીતે અનુભવી શકશે? કોઇ પણ પ્રકારના આધાર–પુરાવા વિના તમે કોઇ પણ પાર્ટીને ડ્રગ્સની પાર્ટી કહી દો એ કઇ રીતે ચાલી શકે? પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ પાસે કોઇ સાબિતી ના હોય અને ટ્વિટર પર મોટા અક્ષરે લખે એ વાત યોગ્ય નથી. એ અરજીની એક કૉપી હું મારા સાથી મિત્રને જરૂરથી આપીશ. એ અરજીમાં જે નકલ રવાના લખી છે એમાં એમના જ પક્ષના નેતાનું પણ નામ લખ્યું છે. એ નોટિસ એમને મળી જ ગઇ હશે એવું હું માનું છું. એમને તમે પૂછશો તો એ આનો જવાબ તમને સારી રીતે આપી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનો કોઇ યુવાન જીન્સ, ટી–શર્ટ પહેરે, દાઢી વધારે રાખે એટલે એ બધાં ડ્રગિસ્ટ નથી થઇ જતા. રાજ્યના યુવાનો પર મહેરબાની કરો. રાજનીતિ અલગ છે અને રાજ્યના યુવાનોનું ભવિષ્ય અલગ છે. દરેક વિષય રાજનીતિનો વિષય ના હોઇ શકે. મારા રાજ્યના યુવાનોને સ્વતંત્રતા અનુભવવાનો હક્ક છે. કાયદા અંતર્ગત એને સ્વતંત્રતાથી શ્વાસ લેવાનો હક્ક છે. એ તમારી રાજનીતિનો ભાગ ના બની શકે. એ બાબતની તપાસ કરવી હોય તો ગિફ્ટ સિટીમાં જે જગ્યાએ કાર્યક્રમ હતો ત્યાં બધી જ વસ્તુઓ સુરક્ષિત રાખવામાં આવી છે. જ્યારે જોવી હોય ત્યારે હું પણ તમારી સાથે આવીશ અને પછી તમારે યુવાનોની માફી માંગવી જોઇએ. આ પ્રકારના આરોપ, પ્રતિઆરોપના કારણે આવા હજારો–લાખો યુવાનોનું જીવન બરબાદ થઇ રહ્યું છે. એમના માતા–પિતાએ એમની ઉપર વિશ્વાસ રાખવાનું બંધ કરી દીધું છે. દરેક વિષય રાજનીતિનો કઇ રીતે હોઇ શકે? તમારે આંકડા–આંકડાની રમત રમવી છે ને? કાલે આપણે રમીએ. શું વાયદો આપ્યો હતો પંજાબમાં અને શું પરિસ્થિતિ છે મને ખબર છે. આ રાજ્યની પોલીસ, રાજ્યની સરકાર કટિબદ્ધ છે એટલા માટે ડ્રગ્સ પકડાય છે. આ ડ્રગ્સ પકડીએ છીએ. વર્ષ ૨૦૦૪ કરતાં વર્ષ ૨૦૧૪માં વધારે પકડાયું તો રાજ્યના યુવાનોનું ભવિષ્ય ધૂંધળું થતું અટકાવવાની જવાબદારી અમે લીધી છે અને એના લીધે રાજ્યના હજારો યુવાનોનું જીવન સુરક્ષિત રહેશે. આ કાયદો માત્રને માત્ર દારૂબંધીનો કડક અમલ થાય, ફરી આ વાહનોનો દારૂબંધીમાં ઉપયોગ ન થાય તે માટેનો પ્રયાસ છે અને આપણી રાષ્ટ્રીય સંપતિ પોલીસ સ્ટેશનની બહાર સડી ન જાય, તેનો સાચો ઉપયોગ થઇ શકે. પોલીસ સ્ટેશન અને સામાજિક કાર્યોમાં ઉપયોગ થઇ શકે, આ વાહનોથી જે રકમ પ્રાપ્ત થઇ હોય તે માનનીય મુખ્યમંત્રીશ્રીના નિર્દેશથી મારા રાજ્યના ગરીબો, મધ્યમવર્ગ, શોષિતોને અલગ અલગ યોજનાઓ થકી આ દારૂડિયાઓ, બુટલેગરો, બે નંબરની કમાણી કરીને જે આ ગાડી પ્રાપ્ત કરી છે તે ગાડીઓ વેચીને સમાજના સારા કાર્યોમાં ઉપયોગ થાય તેનો પ્રયાસ છે. મારી સૌ સાથી સભ્યોને વિનંતી છે કે આ બિલ વિના વિરોધ પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૨૪નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૨૪નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

સભાપતિશ્રી : સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૨૪નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૦૫.૧૩ કલાકે પૂરું થતાં સભાગૃહ માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪**

**ભાદ્રપદ ૧, ૧૯૪૬ શાકે**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્નો**

**બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવા બાબત**

15/5/4 **શ્રી દિનેશસિંહ કુશવાહ** (બાપુનગર): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧)તા.૦૮/૮/૨૦૨૪ ની સ્થિતિએ છેલ્લા એક માસમાં ગુજરાત પોલીસે રાજ્યમાં કેટલા બેન્ક એકાઉન્ટ અનફ્રીઝ કરેલ છે ? | (૧)તા.૦૮/૮/૨૦૨૪ ની સ્થિતિએ છેલ્લા એક માસમાં ગુજરાત પોલીસે રાજ્યમાં કુલ ૨,૧૪,૭૨૯ બેન્ક એકાઉન્ટ અનફ્રીઝ કરેલ છે. |

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ : માનનીય અધ્યક્ષશ્રી, બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવા બાબતનો મારો પ્રશ્ન છે એનો જવાબ મને મળેલ છે. રાજય સરકારે ૨,૧૪,૦૦૦ જેટલા બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને ગૃહ રાજયમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને પ્રજાવતી મુખ્યમંત્રીશ્રી અને નાની ઉંમરે મોટું કાઠું કાઢનાર ગૃહમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ કામગીરી માટે રાજય સરકારનો હેતુ શું છે એ હું જાણવા માગું છું?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા તા. ૮-૮-૨૦૨૪ના રોજ જયારે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો ત્યારે ૨,૧૪,૦૦૦ જેટલા ગુજરાતના નાગરિકોના જે ખાતાઓ ફ્રીઝ કરવામાં આવેલ હતા એ અનફ્રીઝ કરવામાં આવ્યા. આજની તારીખે ગુજરાતના ૨,૫૮,૪૯૭ નાગરિકોના ખાતાઓ અનફ્રીઝ કરવામાં આવ્યા છે. ગુજરાત રાજય દેશનું પ્રથમ રાજય છે જેમાં આ પ્રકારના નિયમો બનાવીને રાજયના નાગરિકો જે સાયબર ક્રાઇમના ફ્રોડની અંદર ફસાઇ ગયા હોય એ લોકોના જે બેંક એકાઉન્ટ છે એની અંદર જે રકમો હોય છે એ રકમો એના ધંધા અર્થે, ઘરના અલગ અલગ કામો માટે જે રકમ રખાઇ હોય છે એ કામો અર્થે વાપરી શકાતી નહોતી. લાંબો સમય સુધી ફ્રીઝ રહેતી હતી એના કારણે ઘણી તકલીફો પડતી હતી પરંતુ આજે આ નિયમો બદલવાના કારણે ૨,૫૮,૪૯૭ પરિવાર માટે દિવાળીના તહેવાર જેવી ખુશી છે અને આખા દેશમાં ગુજરાત પહેલું રાજય છે કે જેણે નિયમોમાં બદલાવ કરીને લોકોને, સામાન્ય માણસોને રાહત આપી છે.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય મુખ્યમંત્રીશ્રીને અને માનનીય ગૃહમંત્રીશ્રીને ખૂબખૂબ અભિનંદન આપું છું કે ડ્રગ્સની બદીને દૂર કરવા માટે ગઇકાલે જે વિધેયક પસાર કરવામાં આવ્યું એ બાબતે ગૃહમંત્રીશ્રી દ્વારા જે નિર્ણય લેવામાં આવ્યા છે એ બદલ એમને અને એમના વિભાગને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ભોગ બનેલી વ્યક્તિઓ છે તો ભોગ બનેલી વ્યક્તિઓને છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલી વ્યક્તિઓને આવી રકમ પરત કરવામાં આવી અને સરકારે આ બાબતમાં શું વિચારણા કરી છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આજના સમયની સૌથી મોટી સમસ્યા અને સૌથી મોટી ચેલેન્જ જો હોય તો એ સાયબર ક્રાઇમને રોકવાની છે. આ ચેલેન્જનો સામનો માત્ર ગુજરાત કે ભારત દેશ નથી કરી રહ્યો. દુનિયાભરના બધા જ વિકસિત દેશો સાયબર ક્રાઇમ આવા અનેક વિષયોનો સમાનો કરી રહ્યા છે. ત્યારે સાયબર ક્રાઇમ સામે લડવા માટે એક ફોર્સ, એની વ્યવસ્થા, આ બધા જ વિષય ઉપર સરકાર જયારે કામગીરી કરી રહી છે. એક મોડસ ઓપરેન્ડી છે. એ મોડસ ઓપરેન્ડી એવી છે કે અમુક લોકો દ્વારા કોઇપણ સામાન્ય નાગરિકના ખાતામાં જેની અંદર ખૂબ મોટી રકમ જમા હોય, એની વર્ષોની બચત જમા હોય, એમાં નાનીમોટી રકમ ફ્રોડ દ્વારા મેળવેલી હોય તો એ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરતા હોય છે જેના કારણે આવા એકાઉન્ટો પહેલા આખા સીઝ થઇ જતા હતા. આ એકાઉન્ટોમાં ગુજરાત પોલીસ દ્વારા, ગૃહ વિભાગ દ્વારા જે એન.સી.સી.આર.પી. પોર્ટલ પર લેયરવાઇઝ રિપોર્ટની વ્યવસ્થાઓ કરવા માટેની માંગ કરવામાં આવી. લેયરવાઇઝ રિપોર્ટ એટલે જે ચિંટિંગના રૂપિયા ૫૦૦૦ આવ્યા અને પાંચ કરોડ રૂપિયા એના એકાઉન્ટમાં એની બચત જમા હોય તો એ ૫૦૦૦ રૂપિયા સિવાયની પાંચ કરોડની જે રકમ છે એનો લેયર રિપોર્ટ આપણને મળે જેના કારણે આપણે માત્ર જે ચિટિંગની રકમ છે એટલા જ રૂપિયા સીઝ રાખવા પડે એના સિવાયના રૂપિયા લોકોના અટવાય નહીં અને એ ફ્રીઝ ન રહે એની વ્યવસ્થા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવા રિપોર્ટો જયારે માગ્યા અને આ પ્રકારની વ્યવસ્થાઓ ઊભી કરવાનો પ્રયત્ન કર્યો તો કેન્દ્ર સરકારની નવી દિલ્હી ખાતેની I4C સંસ્થા છે કે જે આખા દેશનું સાયબર રીલેટેડ ક્રાઇમનું સંકલન કરતી હોય છે તે I4C દ્વારા આ પ્રકારના રિપોર્ટના લેયર્સ બનાવી આપવામાં આવ્યા. તે રિપોર્ટના લેયર્સ બનતાંની સાથે આટલી મોટી સંખ્યામાં એકાઉન્ટ અનફ્રીઝ કરવામાં આવ્યા અને આટલા પરિવારોને રાહત આપવાનો પ્રયત્ન માત્ર ૨૦ દિવસમાં કર્યો અને તેમાં આપણને આ સફળતા મળી છે. ૨૦ દિવસની અંદર ૭૫૦ લોકોની પોલીસની ટીમ દ્વારા આ ૨ લાખ ૫૮ હજાર પરિવારોને રાહત

આપવા માટે રાતદિવસ કામગીરી કરવામાં આવી હતી. આજે પણ આ ચેલેન્જ આપણી સામે દિવસેને દિવસે વધતી જાય છે. આ ચેલેન્જનો સામનો કરવા માટે જે ફરિયાદો થાય છે, લોકોના ફોન આવે છે, સમયસર ફોન આવે છે તેના એકાઉન્ટ સીઝ કરવા માટે કે તેની રકમ આગળ ટ્રાન્સફર થતી હોય તેને રોકવામાં આપણને જરૂરથી સફળતા મળે છે. પરંતુ સમયસર ફોન આવતા નથી અને સમયસર ફરિયાદ લખાવી શકતા નથી તેવા લોકોની રકમ બચાવવામાં ક્યાંકને ક્યાંક ખૂબ મુશ્કેલી પડે છે. વર્ષ ૨૦૨૪માં ૮૫ કરોડ ૨૪ લાખ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદો થઇ અને જેટલા એકાઉન્ટ બ્લોક કરવામાં આવ્યા હતા એટલે કે કોઇનું ચિટિંગ થયું હોય અને રકમ આગળ ટ્રાન્સફર થતી હોય તેવા રૂપિયા ૮૫ કરોડ ૨૪ લાખ રૂપિયા બ્લોક કરવામાં સફળ થયેલા. જેમાંથી ૬૬ કરોડ ૧૫ લાખ રૂપિયા રીફંડ કરાવવામાં સફળતા મળી છે. આ સફળતા ખૂબ મોટી છે. આપણો પ્રયાસ એ રહ્યો છે કે, હજુ પણ મોટાભાગના લોકો ફરિયાદ દાખલ કરાવી શકે તે માટેની વ્યવસ્થાઓ ઉત્તરોત્તર વધારી રહ્યા છીએ.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું અને માનનીય મંત્રીશ્રીએ હાલમાં જણાવ્યું કે, ૨ લાખ ૫૮ હજાર ખાતા અનફ્રીઝ કરવામાં આવ્યા છે. તો આ ખાતા ફ્રીઝ ક્યારે કરવામાં આવ્યા હતા અને કેટલા સમય પછી અનફ્રીઝ કરવામાં આવ્યા? કારણ કે ફરિયાદો એવી મળતી હોય છે કે, રૂટિન બિઝનેશ એકાઉન્ટ હોય, વર્ષોથી તે લોકો તે એકાઉન્ટમાંથી બિઝનેશ કરતા હોય તેને પણ કોઇ શંકાના આધારે ફ્રીઝ કરી દેવામાં આવે છે. કેટલાક સેવિંગ્સ એકાઉન્ટસ હોય છે કે જેની અંદર તેના પરિવારની મૂડી જમા હોય છે તેને પણ ફ્રીઝ કરી દેવામાં આવે છે. આના કારણે આવા લોકોને રૂટિન કાર્યવાહીમાં ખૂબ તકલીફ પડે છે. અત્યારે સોશિયલ મીડિયા ઉપર એવા વોટ્સએપ મેસેજ ફરતા થયા છે કે, તમારા ખાતા અનફ્રીઝ કરાવવા હોય તો અમારો સંપર્ક કરો. તો આમાં શું સત્યતા છે તે મારે જાણવું છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો મારા પહેલા પ્રશ્ન અને બીજા પ્રશ્નના જવાબમાં આ બધા જ જવાબો આપી દીધા છે. આ ગુજરાતની રાજ્ય સરકાર આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં દેશની એવી પહેલી સરકાર છે કે જેણે માસ એકાઉન્ટ સામાન્ય નાગરિકોના નિયમ પ્રમાણે ફ્રીઝ થયા હોય તેને અનફ્રીઝ કરવા માટેનો પરિપત્ર કર્યો અને તે પરિપત્રના કારણે માત્ર ગુજરાત રાજ્યને નહીં પણ દેશના અનેક રાજ્યો માટે આપણે મૉડેલ સ્ટેટ તરીકે ઉભર્યા છીએ. તેના કારણે I4C ની અંદર નિયમો બદલવામાં આવ્યા છે. હું વિગત આપું છું. શ્રી તુષારભાઇ ચિંતા નહીં કરો.

અધ્યક્ષશ્રી : આપ મારી સામે જોઇને જવાબ આપો. શ્રી તુષારભાઇ કહેશે. કંઇ વાંધો નહીં.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર છે એટલે મારે તેમને યાદ કરવા પડે.

અધ્યક્ષશ્રી : આપ ચાલુ રાખો. અચ્છા શ્રી શૈલેષભાઇને વાત કરે છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇના થ્રુ કહેવડાવવાનું હોય ને.

અધ્યક્ષશ્રી : મને એમ કે તમારા મિત્ર શ્રી શૈલેષભાઇ છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય નાગરિકના પરિવારની બચત અને મારા પહેલા પ્રશ્નના જવાબમાં કહ્યું છે કે, મોટી સંખ્યામાં આવા પરિવારો હોય છે કે જે આનો ભોગ બને છે. ભોગ કઇ રીતે બને તો સામાન્ય નાગરિકના એકાઉન્ટમાં જે બચત છે તેમાં આ પ્રકારની મૉડેસ ઓપરેન્ડી ચલાવનાર સાયબર ક્રાઇમની આખી ગેંગના લોકો છે તે આવી મોટી બચતવાળા એકાઉન્ટ છે તેમાં નાની રકમ આ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરે છે. નિયમો પ્રમાણે કોઇ એક વ્યક્તિ તેનો ભોગ બને અને તેના રૂપિયા જે એકાઉન્ટમાં ગયા હોય અને ત્યાંથી જેટલા એકાઉન્ટની અંદર રૂપિયા જાય તે બધા જ એકાઉન્ટ આપણે સીઝ કરવા પડતા હોય છે. તે નિયમનું આપણે ઉલ્લંઘન નથી કરતા. પરંતુ તે એકાઉન્ટમાં જેટલા બે નંબરના પૈસા એટલે કે ચિટિંગ થયેલી રકમ આવી હોય તે રકમ આજે પણ આપણે સીઝ રાખીએ છીએ. પરંતુ તેના આખા પરિવારની બચત, વેપારની બચત છે તે રૂપિયા છૂટા કરવાનો આ પરિપત્ર કર્યો છે. તેમાં જ સાહેબ આપણા ત્યાં ૨ લાખ ૫૮ હજાર જેટલા એકાઉન્ટ અનફ્રીઝ થયા છે. જે દેશના બધાં જ રાજ્યો ભેગા કરશો તો પણ આટલા એકાઉન્ટ નહીં થાય કે જેટલા ગુજરાત રાજ્યએ અનફ્રીઝ કર્યા છે. સાથે સાથે જે લોકોના એકાઉન્ટો અનફ્રીઝ થાય છે. જયારે પણ કોઇ નવો નિયમ બનાવીએ તો સમાજમાં આ પ્રકારના લેભાગુ લોકો આ પ્રકારના પ્રયત્ન કરતા જ હશે હું એને નકારતો નથી, તેમની વાતને પણ નથી નકારતો, પરંતુ આ પ્રકારના કોઇ પણ કિસ્સા તમારા ધ્યાનમાં પણ આવે તો આપ અમારા ધ્યાનમાં મૂકજો અમે જેટલા લોકોના એકાઉન્ટ અનફ્રીઝ કરીએ છીએ એ લોકોને ઇ–મેઇલના માધ્યમથી તાત્કાલિક જાણકારી આપીએ છીએ અને તેમાં કોઇ પણ જગ્યાએ ચૂંક થતી હશે તો તે પણ અમે એક વખત આ સિસ્ટમ ચેક કરી લઇશું. ૨,૫૮,૦૦૦ એકાઉન્ટના સમયગાળાઓ બધાના અલગ અલગ ફ્રીઝ કરવાના હતા અને અનફ્રીઝ જે થયા છે તે માત્ર ૨૦ દિવસની અંદર થયા છે. આપણે એક નવો પરિપત્ર બહાર પાડ્યો સમાજની અંદર ખરેખર આ એક મોટી તકલીફ હતી આપણે સમજીએ છીએ, પરંતુ આજની જે ટેકનોલોજીના આધારે મીસ યુઝ કરીને લોકો જે આનો ફાયદો લેતા હતા તે માટે આપણે આ પરિપત્ર કરવો જરૂરી હતો, પરંતુ કોઇના એકાઉન્ટ છ મહિના પહેલા પણ થયા હશે, કોઇના ૧૫ દિવસ પહેલાં પણ થયા હશે અને કોઇના વર્ષ પહેલાં પણ થયા હશે પણ આપણે અનફ્રીઝ કરવા જરૂરી હતા એટલા માટે આપણે અનફ્રીઝ કર્યા છે.

ભાદ્રપદ ૧, ૧૯૪૬ શાકે

ટૂંકી મુદતના પ્રશ્નો

પ્રાથમિક કૃષિ ધિરાણ, સહકારી મંડળીઓ (**PACS**) ના મોડલ બાયલોઝ

15/5/28 **શ્રી વિપુલકુમાર પટેલ** (સોજીત્રા): **માનનીય સહકાર મંત્રીશ્રી(રાજ્ય કક્ષા)**જણાવવા કૃપા કરશે કે:–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૪ની સ્થિતીએ રાજ્યમાં પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (PACS)દ્ધારા મોડલ બાયલોઝ અપનાવવામાં આવ્યા છે તે વાત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન કેટલી પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓએ મોડલ બાયલોઝ અપનાવ્યા છે અને કેટલાને બાકી છે,અને | (૨) તા.૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ રાજ્યમાં ૯૭૮૯ પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (PACS)દ્ધારા મોડલ બાયલોઝ અપનાવવામાં આવ્યા છે. જ્યારે ૬૮૮ પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (PACS)દ્ધારા મોડલ બાયલોઝ અપનાવવાના બાકી છે |
| (૩) આ મોડલ બાયલોઝ અનુસાર પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (PACS)કેવા પ્રકારની કામગીરી કરી શકે છે ? | (૩) મોડલ બાયલોઝ અનુસાર પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (PACS)નીચે મુજબની કામગીરી કરી શકે છે.<br>સભાસદોને કૃષિ અને તેના ઉત્પાદનોને લગતી બેકવર્ડ અને ફોરવર્ડ પ્રવૃત્તિઓના વિકાસ માટે ટૂંકા ગાળાનું,મધ્યમ ગાળાનું તેમજ લાંબા ગાળાનું ધિરાણ પુરૂ પાડવું;<br><br>મંડળીના કાર્ય વિસ્તારમાં તેના સભ્યોને તકનિકી અને નાણાકીય સહાય દ્ધારા કૃષિ પેદાશો અને તેના ઉત્પાદનો,પશુપાલન/મત્સ્યઉધ્યોગ/ઝીંગા ઉછેર, મરઘાં ઉછેર, મધમાખી ઉછેર, રેશમ ઉત્પાદન (સેરીકલ્ચર), અને અન્ય જમીન/સમુદ્ર આધારિત કૃષિ પ્રવૃત્તિઓ અને તેમની સંબંધિત પ્રવૃત્તિઓ અને તેના પ્રોસેસિંગને પ્રોત્સાહન આપવું અને વિકસાવવા;<br><br>સેવા અથવા વ્યવસાયિક કામગીરીઓ જેવી કે માળખાગત વિકાસ, સામુદાયિક કેન્દ્ર, હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અનાજની ખરીદી, વાજબી ભાવની દુકાન, અથવા કોઈપણ સરકારી યોજના, ડીલરશીપ/ એજન્સી/ વિતરક અથવા એલપીજી/ પેટ્રોલ/ ડીઝલ/ ગ્રીન એનર્જી/ ખેતર અથવા ઘરગથ્થુ ઉપભોક્તા અને ટકાઉ/ફાર્મ મશીનરી, કૌશલ્ય સુધારણા માટે સભ્યોને તાલીમ, વગેરે<br><br>લોકર સુવિધાઓ સ્થાપિત કરવી અથવા તેની વ્યવસ્થા કરવી;<br><br>નાણાકીય/બેંકિંગ સંસ્થાઓ માટે એજન્ટ અથવા બેંક મિત્ર/બિઝનેસ કોરસપોન્ડન્ટ/બિઝનેસ ફેસિલિટેટર તરીકે કામ કરવું; |

તા.૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪

ટૂંકી મુદતના પ્રશ્નો

સભાસદોને માઇક્રો વીમો/વીમો પૂરો પાડવો;

કાર્ય વિસ્તારમાં લાભાર્થીઓને પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ (ડીબીટી) મારફતે સેવાઓ પ્રદાન કરવા માટેની સરકારી યોજનાઓમાં સહભાગી થવું;

કોમન સર્વિસ સેન્ટર તરીકે કામ કરવું;

મોડલ બાયલોઝમાં જણાવેલ ઉદ્દેશોની પ્રાપ્તિ માટે અનુકૂળ અને આનુષંગિક હોય તેવી અને સભ્યો અને મંડળીના લાભાર્થે સામાન્ય સભા દ્વારા મંજૂર કરવામાં આવેલી અન્ય પ્રવૃત્તિઓ હાથ ધરવી.

શ્રી વિપુલકુમાર વિ. પટેલ(સોજીત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે રાજયકક્ષાના સહકાર મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (PACS)ના મોડલ બાયલોઝ લાવવાનો મુખ્ય હેતુ શું? અને આ ઉદેશો મારફતે ટેકસ કઇ રીતે મજબૂત થઇ શકે અને સાથે સાથે બીજો પ્રશ્ન પણ એ છે કે, તા.૩૧-૦૭-૨૦૨૪ની સ્થિતિએ પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓના મોડલ બાયલોઝ કેટલા અપનાવવામાં આવ્યા છે અને આનાથી કૃષિ ધિરાણ મંડળીઓ કેવા પ્રકારની કામગીરી કરી શકે છે અને કેવા પ્રકારના લોકોને, ખેડૂતોને કેટલો ફાયદો થશે તેની વિગતવાર માહિતી આપવા વિનંતી છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ અગત્યનો પ્રશ્ન છે આપ તો સહકારના ખૂબ જાણકાર અને અભ્યાસુ વ્યકિત છો, સહકારી આગેવાન છો, અમારા જિલ્લાનું ગૌરવ છો. આ હાઉસના ઘણા બધા સભ્યશ્રીઓ પણ સહકાર સાથે જોડાયેલા છે પણ જયારથી દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય મોદીજીએ ફાઇવ ટ્રિલિયન ઇકોનોમીની વાત કરી છે. દેશમાં સહકાર વિભાગ ઊભો કરવામાં આવ્યો ત્યારથી શ્રી અમીતભાઇ શાહ સાહેબે પ્રથમ દેશના સહકારી મંત્રીએ સહકારતા મંત્રાલય બન્યા બાદ ૫૪ જેટલા વિવિધ ઇનિશિયેટીવ લીધા છે અને આ પૈકી એક મહત્ત્વની પહેલ એટલે પ્રાકૃતિક કૃષિ વિષયક સહકારી મંડળી માટે મોડલ બાયલોઝ તૈયાર કરવાની હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૦,૩૦૦ કરતા વધારે PACS એ રાજયમાં નોંધાયેલી છે. મોટાભાગની PACSને આપણે મોડલ બાયલોઝ અપનાવવાની કામગીરી પરિપૂર્ણ કરી છે. સમગ્ર દેશ અને દરેકે દરેક રાજયોની અંદર આ મોડલ બાયલોઝ એક જ સરખી રીતે PACS ચાલે, ગામડાઓ મજબૂત થાય, આર્થિક રીતે ગામડાઓ સમૃદ્ધ થાય અને ખેડૂતો સમૃદ્ધ થાય, ગામડાંના યુવાનોને રોજગારીની તકો પૂરી પાડી શકાય અને એટલા માટે આ મોડલ બાયલોઝ અપનાવ્યા છે. વિધાનસભાના તમામ ધારાસભ્યોએ પોતાના મત વિસ્તારમાં આવતા જેટલા પણ ગામડાં છે આ ગામડાંની માહિતી બાદ કદાચ પોતાના ગામના યુવાનોને રોજગારીની તકો કઇ રીતે ઊભી થાય તે આપના માધ્યમથી સભાગૃહને જણાવવા માગું છું. આ મોડલ બાયલોઝ દ્વારા લગભગ ૧૮ જેટલા ઉદેશોને લગતી ધંધાકીય પ્રવૃત્તિ કરી આર્થિક ઉપાર્જન કરી શકે તે પ્રમાણેની કામગીરી છે. સભાસદો કૃષિ અને તેના ઉત્પાદનોને લગતી પ્રવૃત્તિનો વિકાસ ટૂંકાગાળાનું મધ્યમ ગાળાનું ધિરાણ પૂરું પાડી શકશે. સભાસદોને સરળતાથી ધિરાણ અને સુવિધા ઘર આંગણે મળશે. સભાસદોને કૃષિ વિષયક કામગીરી માટે લાંબાગાળાની લોન પણ પૂરી પાડી શકશે. મંડળીના કાર્યરત વિસ્તારમાં તેના સભ્યોને નાણાકીય સહાય દ્વારા કૃષિ પેદાશો, તેના ઉત્પાદનો, પશુ પાલન, મત્સ્ય ઉદ્યોગ, ઝીંગા ઉછેર, મરઘાં ઉછેર, મધમાખી ઉછેર, રેશમ ઉત્પાદન અને અન્ય જમીન અને સમુદ્ર આધારિત પ્રવૃત્તિ અને તેના સંબંધિત પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાની કામગીરી થશે અને જે ગામની અંદર દૂધ મંડળી કે ફિશરીઝ મંડળી નહીં હોય હમણાં જ આપણે અમૂલ ફેડરેશન દ્વારા એક ઠરાવ કરવામાં આવ્યો છે મોડલ બાયલોઝ સુધારવામાં આવ્યા છે. જે ગામની અંદર દૂધ મંડળી નહીં હોય તે ગામની અંદર PACS પણ હવે પછી દૂધને લગતી કામગીરી કરી શકશે આ ઐતિહાસિક નિર્ણય એક સહકારી વિભાગે કર્યો છે. મંડળીના સભાસદોના લાભ માટે સ્થાનિક એકમો, સરકારી વિભાગો, યુનિવર્સિટી, કંપનીઓનું સંકલન સાધી અને તેની જરૂરી વ્યવસ્થા પૂરી પાડી શકશે અને સેવા અથવા વ્યવસાયિક કામગીરી જેવી કે માળખાગત વિકાસ, સામુદાયિક કેન્દ્ર, હોસ્પિટલ. માનનીય અધ્યક્ષશ્રી, આગામી દિવસોમાં દરેક ગામમાં જેનરિક દવાના સ્ટોર પણ પેક્સ ચલાવી શકશે. શૈક્ષણિક સંસ્થાઓ, ગામના વ્યક્તિને બહાર ના જવું પડે એટલા માટે વ્યાજબી ભાવની દુકાન, 4 વિવિધ પ્રકારની ડીલરશિપ જેવી કે એલ.પી.જી., પેટ્રોલ, ડીઝલ, ગ્રીન એનર્જી વગેરેને લગતી કામગીરી પણ પેક્સ કરી શકશે. ખેતર અથવા ઘરગથ્થુ ઉપભોક્તા અને ટકાઉ ફાર્મ મશીનરી, કોઇ પણ પ્રકારનો નાનો મૉલ કરવો હોય તો એ પ્રકારની તમામ કામગીરી એ લોકો કરી શકશે.

## ટૂંકી મુદતના પ્રશ્નો

ખેડૂતોના ઘરમાં લૉકર ના હોય તો તાલુકા લેવલે પેક્સમાં લૉકર ખોલી શકશે. કૃષિ સંબંધિત વ્યવસાયને મજબૂત કરવા માટે તમામ સભ્યોની સામાજિક, આર્થિક, નાણાકીય, વ્યવસાયિક માહિતી એકત્રિત કરી શકશે. કૃષિ અને સંકલન પ્રવૃત્તિઓ સંબંધિત આધુનિક ટૅકનૉલૉજીની વિસ્તરણ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપશે અને વિકસાવશે. કર્મચારીઓને કોઇ પણ પ્રકારની તાલીમ આપી શકશે. બૅન્કિંગ સંસ્થાઓ એજન્ટ અથવા બેંક મિત્રના બિઝનેસ કોરસ્પોન્ડન્સ અને બિઝનેસ ફેસિલિટીઝ તરીકે કામ કરશે. નાણાકીય લેવડ–દેવડ કરી શકશે. બે દિવસ પહેલાં વાત થઇ એમ માઇક્રો એ.ટી.એમ.ના માધ્યમથી પૈસા ડિપૉઝિટ કરી શકશે અને પૈસા ઉપાડી શકશે. સભાસદોને વીમા આપવાની કામગીરી પણ કરી શકશે. આ આધારિત પ્રવૃત્તિઓમાં યુવાનો અને મહિલાઓને સામેલ કરવા અંગે પણ પ્રોત્સાહિત કરવામાં આવશે. શિક્ષણ, સ્વાસ્થ્ય, પ્રવાસન અને પર્યાવરણની પ્રવૃત્તિઓમાં પણ સામુદાયિક આધારિત સેવાઓ પ્રદાન કરી શકશે. કાર્ય વિસ્તારમાં લાભાર્થીઓને ડી.બી.ટી. મારફતે સેવાઓ પ્રદાન કરવા માટે સહકારી યોજનામાં સહભાગી થઇ શકશે. સરકાર દ્વારા વિવિધ હેતુઓ માટે ઉપયોગમાં લેવાતી માહિતી ડેટા સેન્ટરના સ્ત્રોત તરીકે કામગીરી કરશે. કોમન સર્વિસ સેન્ટર તરીકે આવરી લેવાયેલ તમામ સેવાઓ ઘરઆંગણે પૂરી પાડી શકશે. મંડળીના સભ્યો લાભાર્થીને કાર્ય વિસ્તારની અંદર અથવા બહાર માર્કેટિંગ કરતી પ્રવૃત્તિ હાથ ધરી શકશે. જમીન, ઇમારતો, ગોડાઉનો, પ્રોસેસિંગ એકમો જેવી આવશ્યક જરૂરી કામગીરી આવનાર દિવસોમાં પેક્સ કરશે એના કારણે ગામડાના યુવાનને અથવા ગામના લોકોને બહાર ન જવું પડે અને પોતાના ગામમાં જ તમામ પ્રકારની ૧૮ જેટલી પ્રવૃત્તિ કરવાથી ગામમાં રોજગારીની તકો પ્રાપ્ત થશે. જે લોકો શહેરીકરણ તરફ આગળ વધે છે એ પણ આના કારણે ગામમાં રહેશે. સાથે–સાથે ગામડાંઓ મજબૂત થશે. ગામમાં જે પ્રોસેસિંગ યુનિટો વધશે એના કારણે ગામના ખેડૂતોની આવક પણ વધશે.

શ્રી કમલેશભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મૉડલ બાયલૉઝના અમલીકરણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે કોઇ યોજના મૂકેલ છે? અને જો મૂકેલ હોય તો એનાથી પેક્સને ક્યા–ક્યા ફાયદા થશે?

શ્રી જગદીશ વિશ્વકર્મા: માનનીય અધ્યક્ષશ્રી, મૉડલ બાયલોઝ અંતર્ગત વિવિધ પ્રકારની કામગીરી માટે પ્રાથમિક જરૂરિયાતને ધ્યાને રાખીને કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સંયુક્ત સહાયથી પેક્સનું ડિજિટલાઇઝેશન તથા પેક્સ કૉમ્પ્યુટરાઇઝેશનની યોજના અમલમાં મૂકી છે. આખા દેશની અને રાજ્યની તમામ પેક્સને બેંક સાથે જોડવાનો પ્રયાસ છે. સાથે–સાથે અત્યારે પ્રથમ તબક્કામાં લગભગ ૫૭૫જ મંડળીઓ આવરી લેવામાં આવી છે. આગામી સમયમાં રાજ્યની તમામ પેક્સને આવરી લઇશું. આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારનો ૬૦ ટકા અને રાજ્ય સરકારનો ૪૦ ટકા જેટલો ફાળો છે. આ યોજનામાં આખા દેશનું કોમન સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે. કોઇ પણ ગામડાંમાં પેક્સ ચાલતી હશે તો કેન્દ્રીય મંત્રી જોઇ શકશે. રાજ્ય સરકાર પણ એ પેક્સની કામગીરી જોઇ શકશે. એના માટે આપણે કેન્દ્ર સરકારને નિ:શુલ્ક સૉફ્ટવૅર આપવાના છીએ. સાથે–સાથે આપણે તમામ પેક્સને જરૂરી હાર્ડવેર આપવાના છીએ. કૉમ્પ્યુટર અને મલ્ટી ફંક્શનલ પ્રિન્ટર, વેબ કેમેરા, યુ.પી.એસ. અને બાયો મેટ્રિક સ્કેનર પણ પૂરું પાડવામાં આવશે. મંડળીના અગાઉના વર્ષના તમામ ડેટા સૉફ્ટવૅરમાં ડિજિટલાઇઝેશન કરવાની પ્રક્રિયા પણ ચાલુ છે. વધુમાં પેક્સના મંત્રીઓને અને કર્મચારીઓને આ સોફ્ટવેર ચલાવવા માટે જરૂરી તાલીમ પણ આપવાના છીએ. એના કારણે પેક્સની કામગીરી ઝડપી અને પારદર્શક બનશે. ક્રેડિટ અને નૉન ક્રેડિટની સુવિધાઓમાં સુધારો કરવામાં આવશે. આપણે નાણાકીય અનિયમિતતાને આપણે ચોક્કસ અટકાવી શકીશું. પેક્સની કાર્યદક્ષતામાં વધારો થશે અને જેમ આપ આંગળીના ટેરવે એક ક્લિકથી આખી વિધાનસભા ચલાવો છો એવી રીતે એક ક્લિકથી આખા દેશની તમામ રાજ્ય સરકારમાં પેક્સ ચલાવી શકાશે. આ ઉપરાંત મૉડલ બાયલૉઝ અંતર્ગત આ પ્રોસેસિંગ કામગીરીને પોત્સાહન મળે તે માટે P A C S ની મંડળીઓને પ્રોસેસિંગ કમ ગોડાઉન બનાવવા માટે ૫૦ ટકાની કેપિટલ સબસિડીની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ ૫૦૦ મેટ્રિક ટનથી વધુ સંગ્રહ કરી શકાશે. એટલે ગોડાઉન પ્રતિ મેટ્રિક ટન ૫ હજાર લેખે એટલે મહત્તમ ૫૦ લાખની ક્ષમતા ધરાવે છે. ગામના ખેડૂતોને પોતાના પાકને સસ્તા ભાવે બજારમાં આપવાની તકલીફ નહીં પડે. પોતાના જ ગામમાં PACS દ્વારા બનાવેલા ગોડાઉનમાં માલનો સંગ્રહ કરી શકશે. આ કારણસર આગામી દિવસોમાં જો ભાવ નીચો હશે તો ખેડૂતો પોતાના પાકનો સંગ્રહ પોતાના ગામની અંદર કરી શકશે. આના પરિણામે આગામી દિવસોમાં ખેડૂતોને ખૂબ મોટો ફાયદો થવાનો છે.

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ધિરાણ કરતી મંડળીઓ અગાઉ કૉંગ્રેસના રાજમાં ચાલતાં ઓડિટ પ્રમાણે જ ચાલે છે કે કોઇ નવો ફેરફાર કરવામાં આવ્યો છે? હાલ જે ઓડિટ કરવામાં આવે છે તેમાં કઇ ખામીઓ જોવા મળે છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની ચિંતા બહુ વ્યાજબી છે. (અંતરાય) માનનીય મુખ્યમંત્રીશ્રી એક ક્લિકથી બધું જ ચેક કરી શકે છે. આથી જ હું માનનીય મુખ્યમંત્રીશ્રી વતી તમને આમંત્રણ આપું છું કે આવો અને મુખ્યમંત્રીશ્રીનું ડેશબૉર્ડ જુઓ કે એક ક્લિકથી કઇ જગ્યાએ કઇ ફાઇલ ચાલે છે તે બધું જ જોવા મળે છે. સરકારી કાયદાની જોગવાઇ અનુસાર PACS મંડળીઓનું વર્ષમાં એકવાર ઓડિટ કરવું જરૂરી છે. PACS મંડળીઓના ઓડિટ માટે વૈદ્યનાથ સમિતિની ભલામણ આધારિત વિવિધ પ્રકારની મંડળીઓની ચકાસણી કરવામાં આવે છે. વર્ષો પહેલાં જે મંડળીઓ નોંધાઇ હતી તેમાં રાજ્ય સરકારના ધ્યાને આવ્યું કે ગામડાના અભણ વ્યક્તિઓએ કોઇ મૃત્યુ પામ્યું હોય છતાં PACS મંડળીનું સભાસદ રદ ન કરાવ્યું હોય. લગભગ ૪ લાખ ૮૫ હજાર જેટલાં મૃત સભાસદો ચાલુ હતા. માનનીય મુખ્યમંત્રીશ્રી

ભૂપેન્દ્રભાઇના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે રાજ્યની તમામ મંડળીઓ તાત્કાલિક ચેક કરી, ઓડિટ કરીને મૃત સભાસદોને રદબાતલ કર્યા. મારા કાર્યકાળ દરમ્યાન મારો ૭૦-૮૦ ટકા સમય બીજા વિભાગો કરતાં સહકાર વિભાગમાં જાય છે ત્યારે મારા ધ્યાને આવે છે કે કૉંગ્રેસના મિત્રો હોય કે બીજા કોઇ પણ પક્ષના મિત્રો મંડળીને નોંધાવે છે, મંડળી રદ કરાવે છે. કૉંગ્રેસના રાજમાં જે ઠેલા મંડળીઓ નોંધાઇ હતી તેમાં માત્ર પાંચ વર્ષે એક વાર ઓડિટ થતું હતું. સહકારી મંડળી ગામમાં શરૂ થઇને દેશની કોઇ પણ મોટી સંસ્થા સુધી પહોંચવાનો રસ્તો એટલે PACS. જ્યારે ચૂંટણી આવે ત્યારે પાંચ વર્ષે ધિરાણ લેવામાં આવે અને ચૂંટણી પૂરી થઇ જાય પછી તે ઠેલો બંધ કરીને મૂકી દેવાની. આવી મંડળીઓનું આગામી દિવસોમાં ઓડિટ કરીને તેને કાર્યરત કરી, જે ફડચામાં ગઇ છે તેને ચાલુ કરવાનો પ્રયાસ કરવામાં આવશે અથવા બંધ કરવામાં આવશે.

શ્રી પુર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, જ્યારે ગુજરાતમાં ૫૦ ટકા જેટલી શહેરી વસ્તી થવા જઇ રહી છે અને બિનખેતીની જમીન ખૂબ મોટા પ્રમાણમાં છે તેવાં શહેરોમાં મોટાભાગે ખેડૂત પણ હોતા નથી ત્યારે પ્રાકૃતિક ખેતીને વેગ આપવા અને આરોગ્યવર્ધક ખેતપેદાશ વધે તે માટે જે ખેડૂત નથી તેવા લોકો પ્રાકૃતિક ખેતી માટે કોઇ સહકારી મંડળી બનાવે તેના બાય લૉઝ સરકારની વિચારણામાં છે કે કેમ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી, દેશના યશસ્વી ગૃહમંત્રી અને સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહ, ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આખા દેશમાં પ્રાકૃતિક ખેતીની મુહીમ ઉપાડી છે. એના કારણે રાજ્યમાં લગભગ નવ લાખ કરતાં વધારે ખેડૂતો પ્રાકૃતિક ખેતીની દિશામાં આગળ વધ્યા છે. આનંદની વાત એ છે કે, વિશ્વની નંબર વન માર્કેટિંગ કંપની અમૂલે એનું બીડુ ઝડપ્યું છે. જે અંતર્ગત ઓર્ગેનિક અને પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદિત થયેલ ખેતપેદાશોને બહાર વેચવાનું બીડું ઝડપ્યું છે. ગામડાનો ખેડૂત જે ખેતપેદાશોનું ઉત્પાદન કરે છે એને સારા ભાવ મળી રહે એ માટે કેન્દ્ર સરકારે અમૂલને નોડલ એજન્સી તરીકે તૈયાર કરી છે અને અમૂલના માધ્યમથી આપણે પ્રોડક્ટ વેચી શકીએ છીએ. હવે જ્યારે આ PACS આપણી બની છે એટલે દરેક પ્રકારના મલ્ટિનેશનલ કામ કરી શકે એ માટે મોડલ બાયલોઝ સ્વીકારવામાં આવ્યા છે. હું માનનીય સભ્યશ્રીને જણાવીશ કે, ગામડામાં ઘણાં વર્ષોથી અલગ-અલગ મંડળીઓનો ઉપયોગ માત્ર ઇલેક્શન પૂરતો જ થતો હતો. જેને સાચા અર્થમાં કાર્યરત કરી ખેડૂતોને મજબૂત કરવાનો કેન્દ્ર સરકારનો ઉદ્દેશ છે. એટલા માટે આ મોડલ બાયલોઝ સ્વીકારવામાં આવ્યા છે જેથી આ અંતર્ગત તમામ પ્રકારની કામગીરી થાય. ત્રણ જેટલી મલ્ટિનેશનલ સંસ્થાઓ સ્થાપવામાં આવી છે એ સંસ્થાઓમાં મલ્ટિનેશનલ પ્રાકૃતિક સંસ્થાની પણ સ્થાપવામાં કરવામાં આવી છે. હમણાં જ ૧૯૬૫ રૂપિયાનો ભાવ વધારો બનાસ ડેરીમાં આપવામાં આવ્યો. જે રીતે ખેડૂતો દૂધ ભરાવે છે અને ભાવ વધારો આપવામાં આવે છે એવી જ રીતે આ મલ્ટિનેશનલ સંસ્થાઓ છે એમાં આપણે (અંતરાય) આજે ત્રણ મલ્ટિનેશનલ સંસ્થાઓ આપણે રજિસ્ટર કરી છે. હમણાં જ કેન્દ્ર સરકારને ૮ લાખ મેટ્રિક ટન અનાજનો ઓર્ડર મળ્યો છે. આ ઓર્ડર માટે અલગ-અલગ એ.પી.એમ.સી. ખેડૂતો પાસેથી માલ ખરીદશે. જે P A C S આ મલ્ટિનેશનલ કંપનીમાં રજિસ્ટર થઇ હશે એમાં ગુજરાતને ૩૦ હજાર મેટ્રિક ટન જીરાનો ઓર્ડર મળ્યો. આ જીરું ઊંઝા, અમરેલી કે જૂનાગઢમાંથી જશે. તો એનો સીધો ભાવવધારો મળશે એ જે-તે ખેડૂતે માલ ભરાવ્યો હશે એને મળશે એ આ મલ્ટિનેશનલ પ્રાકૃતિક ખેતીનો ફાયદો છે.

શ્રી પુર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, બસો ત્રણસો લોકો ભેગા થઇને પ્રાકૃતિક ખેતી કરવા માગે છે તો એના માટે કોઇ બાયલોઝ બનાવવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી પૂર્ણેશભાઇ, એમાં એ બાયલોઝ ન બનાવી શકે. ૭/૧૨ હોય એ જ એનો ખેડૂત બની શકે એટલે માનનીય મંત્રીશ્રીના વિભાગમાં આ બાબત નહીં આવે. આ મહેસૂલનો પ્રશ્ન થશે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓના સ્થાપનાનો મુખ્ય હેતુ એ હતો કે, ખેડૂતોને સરળ અને સસ્તાદરે ધિરાણ મળે અને કૃષિ ઉત્પાદનને લગતો બિઝનેશ થાય. આપણે જે નવા બાયલોઝ લાવ્યા એમાં તો ઘણા બધા બિઝનેશો કરી શકાય એવી જોગવાઇ છે એ સારી બાબત છે. પણ જે પ્રાયોરિટી છે એ બદલાઇ ન જાય એ ચિંતાનો વિષય છે. સાથે-સાથે જે આંકડા આપ્યા કે, ૯૭૮૯ મંડળીઓએ બાયલોઝ સ્વીકાર્યો છે અને ૬૮૮ મંડળીઓએ હજુ સ્વીકાર્યો નથી. આપણી ૧૪ હજાર પંચાયતો છે અને આ બંનેનો સરવાળો કરીએ તો પણ સાડા ત્રણ હજાર જેટલી પંચાયતો આમાં બાકી રહી જાય છે. એટલે આ સાડા ત્રણ હજાર પંચાયતોમાં મંડળીઓ હાલ અસ્તિત્વમાં નથી કાં તો એને આ બાયલોઝ અંગે કોઇ માહિતી નથી એ જાણવા માગું છું?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આ PACSનો મૂળ હેતુ બદલાવવાનો નથી. પણ એના વ્યાપના કારણે યુવાનોને રોજગારી મળશે, ખેડૂતો મજબૂત થશે અને ગામની PACS પણ મજબૂત થશે. દસ હજાર કરતાં પણ વધારે PACS છે અને જે PACS નથી નોંધાયેલી અથવા જે લેમ્સમાં છે જે ચાર-પાંચ હજાર જેટલાં નાનાં ગામડાઓ છે એને આપણે લેમ્સમાં નોંધેલી છે. ૬૫૮ જે આંકડો લખ્યો છે એમાં ઠેલા મંડળીની જે વાત કરી એ ઠેલા મંડળીઓ કોઇ કારણસર ચાલતી ન હોય એટલે ફડચામાં ગઇ હોય. એનું ઓડિટ કરી રીવાઇવ કરીશું અથવા દૂર કરી જે-તે ગામની નવી નોંધીશું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય સહકારી પ્રવૃત્તિઓનું પ્રાઇમ મુવર છે. પરંતુ ગુજરાત રાજ્યમાં જે વિસ્તારોમાં ઠેલા મંડળીઓની પરંપરાઓ હતી એ અત્યારે ઘણી ઓછી થવા જઇ રહી છે. સૌરાષ્ટ્રના કેટલાક

ટૂંકી મુદતના પ્રશ્નો

જિલ્લાઓના ગામડાંમાં સહકારી પ્રવૃત્તિઓનો અભાવ છે અથવા ફક્ત પેપર ઉપર સહકારી મંડળીઓ ચાલે છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, આ મંડળીઓનો વિકાસ થાય એના માટેના પ્રયોગ કરવા જોઇએ. જૂનાગઢ જિલ્લા સહકારી બેંક મારા સૂચનથી જ અમલ કરવા જઇ રહી છે. જે ગામોમાં આ પ્રકારની મંડળીઓ નથી અથવા ફક્ત સુષુપ્ત અવસ્થામાં છે ત્યાંના યુવાનોને સહકારી મંડળીના મંત્રી તરીકે બેંકના ખર્ચે તાલીમ આપીને નવા યુવાનોની એક નવી પેઢી સહકારી પ્રવૃત્તિમાં રસ લે એટલા માટે તૈયાર કરી રહ્યા છે. આવા પ્રયોગોને પ્રોત્સાહન આપીને દરેક ગામમાં PACS સહિતની વિવિધ સહકારી મંડળીઓનો વિકાસ કરવા માગો છો કે કેમ? બીજું, હજી ફિશરીઝના વ્યવસાયમાં મોટા ભાગનાં સેન્ટરોમાં આવી મંડળીઓ જેટલા પ્રમાણમાં હોવી જોઇએ એટલી નથી. તો એના માટે કોઇ સ્પેશિયલ યોજના લાવી, તાલીમ પામેલા મંત્રીઓની ફોજ લાવી તૈયાર કરવા માગો છો કે કેમ? કારણ કે, સારા મંત્રીઓ હશે તો હું માનું છું કે ત્યાં એક સારી પરંપરા ઊભી થવાની છે.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રી જે મંત્રીની વાત કરે છે તે ગામની મંડળીના મંત્રીની વાત છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારશ્રીએ ઘણાં બધાં ઇનિસિયેટિવ લીધા છે. PACSના માધ્યમથી ૨૭ લાખ જેટલા ખેડૂતો જોડાયેલા છે. રાજ્ય સરકારશ્રીએ અગાઉ ૮૦ જેટલા વર્કશોપ કર્યા હતા. ૨૫૧ તાલુકાવાઇઝ વર્કશોપ કર્યા છે. હાઉસના જેટલા ધારાસભ્યશ્રીઓ છે તેઓ પોતાના મત વિસ્તારમાં આવતી PACSમાં ઇનિસિયેટિવ લે તો રાજ્ય સરકારશ્રી એના માટે ફરીથી જયાં ધારાસભ્યશ્રી કહેશે ત્યાં મંત્રીઓની ટ્રેનિંગ વર્કશોપ, PACS કઇ રીતે કામ કરશે? મોડલ બાયલોઝ શું છે? એ તમામ બાબતે માનનીય ભૂપેન્દ્રભાઇના વિઝન હેઠળ રાજ્ય સરકારશ્રી માર્ગદર્શન આપવા તત્પર છે.

**રાજ્ય સરકારની શોધ યોજના હેઠળ વિદ્યાર્થીઓને સહાય**

15/5/39 **શ્રી હર્ષદભાઈ પટેલ** (સાબરમતી):**માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્ય સરકારની શોધ યોજના હેઠળ તા.૩૧–૦૭–૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવામાં આવેલ છે, અને | (૧) રાજ્ય સરકારની શોધ યોજના હેઠળ તા.૩૧–૭–૨૦૨૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ ૨૨૦૬ વિદ્યાર્થીઓને રૂ.૫૦.૫૬ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. |
| (૨) આ યોજના અંતર્ગત વધુમાં વધુ વિદ્યાર્થીઓને સહાય મળે તે માટે રાજ્ય સરકાર શું કાર્યવાહી કરવા માંગે છે? | (૨) • રાજ્યની યુનિવર્સિટીઓમા પી.એચડી. કરતાં વધુમાં વધુ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળે તે માટે દૈનિક સમાચાર પત્રોના માધ્યમથી દર વર્ષની જેમ નવી અરજીઓ મંગાવવા માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવશે.<br>• રાજ્યમાં થતા જુદા જુદા શૈક્ષણિક કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ અને જાહેર જનતાને આ યોજનાની જાણકારી આપવામાં આવશે.<br>• પી.એચડી. કોર્સ ચલાવતી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પત્ર વ્યવહાર દ્વારા વખતોવખતની માહિતી મોકલવામાં આવશે.<br>• સોશિયલ મિડિયાના માધ્યમો જેવા કે ટ્વિટર, યુટ્યુબ, ફેસબુક દ્વારા પણ પ્રચાર કરવામાં આવશે. |

શ્રી હર્ષદકુમાર ર. પટેલ(સાબરમતી): માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ શોધ યોજનાનો હેતુ શું છે? આ યોજનાનો લાભ કયા વિદ્યાર્થીઓને મળે છે? અને અરજી કરવા માટેની પાત્રતાનું ધોરણ શું છે?

શ્રી પ્રફુલભાઇભાઇ પાનસેરીયા(રાજ્યકક્ષાના ઉચ્ચ શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, શોધ યોજના એટલે સ્કીલ ઓફ ડેવલપિંગ હાઇ કવોલિટી રિસર્ચ, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે સ્નાતક અને અનુસ્નાતક પછી હોશિયાર વિદ્યાર્થીઓ કે જેઓને સંશોધનમાં રૂચિ છે એવા વિદ્યાર્થીઓ માટે સરકારશ્રી દ્વારા શોધ યોજનાનો અમલ કરવામાં આવ્યો છે. સંશોધન પછી રાજ્ય સરકારશ્રીને તથા એના થિસિસથી અન્ય વિદ્યાર્થીઓ અને કાયમી માટે યુનિવર્સિટીમાં ઉપયોગ થઇ શકે તે આ યોજનાનો હેતુ છે. આ યોજનામાં અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૫૫ ટકા હોવા જોઇએ. એસ.સી., એસ.ટી.,

ઓ.બી.સી., નોન ક્રિમિલેયર અને ડિફરન્ટલી અનેબલ કેટેગરીના વિદ્યાર્થીના પ ટકા ગ્રેસિંગ અને રાઉન્ડ ઓફ કર્યા સિવાયની છૂટછાટ મળવાપાત્ર રહેશે. ગુજરાતની માન્ય સરકારી રેકટોરિયલ કે ખાનગી યુનિવર્સિટી અથવા તો રિસર્ચ સંસ્થાઓમાં પી.એચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફૂલ ટાઇમ મોડમાં પ્રવેશ મેળવેલો હોવો જોઇએ. રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી. વિદ્યાર્થી કોઇપણ સંસ્થા ખાતે કોઇપણ રીતે કામગીરી કરતો ના હોવો જોઇએ, એવા વિદ્યાર્થીઓને આ યોજનાની અંદર સહાય મળવાપાત્ર છે.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારને એટલા માટે અભિનંદન આપવા માગું છું કે હાલમાં અમારી કમિટીમાંથી અમારો આદિવાસી વિસ્તારમાં પ્રવાસ થયો અને આ યોજના અંતર્ગત જાણવા મળ્યું કે ત્યાંના વિદ્યાર્થીઓ પણ ખૂબ સારું ભણતર કરી, પી.એચ.ડી.થી પણ વધારે સારી ડિગ્રી મેળવી અને આગળ વધી રહ્યા છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જે અરજીઓ આવે છે એને મંજૂર અને નામંજૂર કરવા માટે કયા મૂલ્યાંકનો નિશ્ચિત કરવામાં આવ્યા છે?

શ્રી પ્રફુલભાઇભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, જે વિદ્યાર્થીઓ અનુસ્નાતક પછી અગાઉ મેં જાણ કરી એ પ્રમાણે પપ ટકાથી વધુ અને જે મળવાપાત્ર વિદ્યાર્થીઓની જે ટકાવારીમાં લાભ આપીએ છીએ એ સાથે આ વિદ્યાર્થીઓના એડમિશન પ્રક્રિયા માટે જાહેર પત્રો, પેપર્સની અંદર જાહેરાત આપવામાં આવે છે, જે રીતે સેન્ટરો છે, યુનિવર્સિટી સોશિયલ મીડિયા દ્વારા આ યોજનાની જાણ કરવામાં આવે છે અને ગુજરાતની ઓન લાઇન શોધ. ગુજરાત ઇન વેબસાઇટ ઉપર ડાયરેકટ અરજી કરવાની રહે છે. આ યોજનાની અંદર જે વિદ્યાર્થીઓ લાભ લેવા માગતા હોય એનો આ ક્રાઇટેરિયા છે.

ડો. પાયલ મ. કુકરાની : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે સ્કીમ ઓફ ડેવલપમેન્ટ હાઇ ક્વોલિટી રિસર્ચ યોજનાથી વિદ્યાર્થીઓને કેટલી સહાય આપવામાં આવે છે અને આ યોજનાનો જો લાભ લેવો હોય તો કઇ ફેમિલી ઇન્કમની લિમિટેશન છે કે કેમ તે જણાવવા વિનંતી છે?

શ્રી પ્રફુલભાઇભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, આ યોજનાની અંદર જયારે વિદ્યાર્થી જે તે અનુસ્નાતક થયા પછી એડમિશન પી.એચ.ડી.માં લેતો હોય એમને માન્ય કરવામાં આવ્યું. પછી ફુલ ટાઇમ જે વિદ્યાર્થી આ પી.એચ.ડી.માં શોધ સંશોધન માટે અને એના થિસિસ તૈયાર કરવા માગતો હોય તો એમને દર મહિને ૧પ હજાર રૂપિયા સ્ટાઇપેન્ડ તરીકે આપવામાં આવે છે અને દર વર્ષે ર૦ હજાર રૂપિયા એકસ્ટ્રા એમની સામગ્રીની ખરીદી માટે આપવામાં આવે છે. આમ બે વર્ષની અંદર એક વિદ્યાર્થીને ચાર લાખ રૂપિયા જેટલી રકમ આપવામાં આવે છે. આ યોજનાની અંદર સન ર૦૧૯થી આજ સુધી ૩પ૪૬ વિદ્યાર્થીઓએ આ યોજનાનો લાભ લઇ ૯૦ કરોડ રૂપિયા જેટલી સહાય રાજય સરકાર દ્વારા વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવી છે.

''અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ શાળાના વિદ્યાર્થીઓને ખાનગી કોચિંગ''

15/5/63 **માન.સભ્યશ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા)**: માન.પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| **(૧)** | તા.૧૦-૮-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ધો.૧૧ અને ૧૨ની વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં વિદ્યાર્થીઓની ફકત હાજરી પુરાય અને આવા વિદ્યાર્થીઓ ખાનગી કોચીંગ કલાસમાં શિક્ષણ મેળવતા હોવાની કઈ શાળાઓ ધ્યાને આવી, | **(૧)** | તા.૧૦-૮-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ધો.૧૧ અને ૧૨ની વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં વિદ્યાર્થીઓની ફકત હાજરી પુરાય અને આવા વિદ્યાર્થીઓ ખાનગી કોચીંગ કલાસમાં શિક્ષણ મેળવતા હોવાની એક પણ શાળાઓ ધ્યાને આવેલ નથી. |
| **(૨)** | ઉકત સ્થિતિએ તે અન્વયે જવાબદારો સામે શા પગલાં લીધા, | **(૨)** | લાગુ પડતું નથી. |
| **(૩)** | ઉકત સ્થિતિએ છેલ્લા છ માસમાં ઉકત શહેર અને જિલ્લાવાર કેટલી સરકારી અને ગ્રાન્ટેડ શાળાની તપાસ કરવામાં આવી અને કેટલી શાળાઓની તપાસએક પણ વખત કરવામાં આવી નથી. અને | **(૩)** | – ઉકત સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદ શહેરમાં કુલ ગ્રાન્ટેડ ૬૧ વિજ્ઞાન પ્રવાહ શાળાઓની સ્થળ તપાસ કરવામાં આવેલ છે. તેમજ વિજ્ઞાન પ્રવાહની એકપણ શાળાની સ્થળ તપાસ કરવાની બાકી નથી.<br>– ઉકત સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદ જિલ્લામાં કુલ ૩૪ વિજ્ઞાન પ્રવાહ (સરકારી અને ગ્રાન્ટેડ) શાળાઓ |

| | |
|---|---|
| | પૈકી ૨૩ શાળાઓની તપાસ કરવામાં આવેલ છે. તેમજ ૧૧ શાળાઓની એકપણ વખત તપાસ કરવામાં આવેલ નથી. |
| **(૪)** ઉકત તપાસ દરમ્યાન કઈ શાળામાં શી ખામીઓ કે ગેરરીતિ સામે આવી? | **(૪)** કોઈ ગેરરીતિ સામે આવેલ નથી. |

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પ્રશ્ન પૂછ્યો છે, મારા પ્રશ્ન પૂછવાનો મુખ્ય હેતુ આ રાજયમાં અને ખાસ કરીને અમદાવાદમાં જે ડમી શાળાઓ ચાલે છે એ ડમી શાળાઓ માટેનો મેં પ્રશ્ન પૂછયો છે. માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં એવું જણાવ્યું છે કે કોઇપણ ગેરરીતિ જોવામાં આવી નથી. મેં પ્રશ્ન એટલા માટે પૂછયો હતો કે ગુજરાત રાજય માધ્યમિક શિક્ષણ બોર્ડના બે સભ્યશ્રીઓ એક શ્રી ધીરેનભાઇ વ્યાસ અને ડો. પ્રિયવદનભાઇ કોરાટ, આ બન્ને સભ્યશ્રીઓએ તા.૫-૫-૨૦૨૩ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીને વોટસએપ અને ઇમેલના પત્ર દ્વારા એવું જણાવ્યું હતું કે ગુજરાત રાજયમાં આવેલી *(xxx) તપાસ કરવી અને આવી શાળાઓ બંધ કરવા અને શાળાઓમાં ગુજરાતના શિક્ષણના હિતમાં કાનૂની કાર્યવાહી કરવા માટે ઇમેલ પત્ર દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીને જાણ કરી હતી અને એ ઇમેલ પત્રને આધીન માનનીય મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાંથી એમની સૂચનાથી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડને એની જાણ કરવામાં આવી હતી અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડને આ સચિવશ્રી દ્વારા તા.૬-૫-૨૦૨૩ના રોજ ગુજરાતના તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને એમ કહેવામાં આવ્યું હતું કે આપના જિલ્લામાં *(xxx) જો ચાલતી હોય, ખાસ કરીને ધોરણ ૧૧ અને ૧૨ ની વિજ્ઞાન પ્રવાહની શાળાઓ એની વિગતો વિભાગને મોકલી આપવા વિનંતી છે. જે પત્રો લખ્યા એ બન્નેની કોપી મારી પાસે છે. મુખ્યમંત્રીશ્રી કાર્યાલયમાં લખાયેલ પત્રની કોપી છે અને માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવશ્રીએ તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને લખેલ પત્ર છે એની કોપી મારી પાસે છે. મંત્રીશ્રીએ જણાવ્યું છે કે એક પણ શાળા નથી. જે રીતે ગુજરાતની અંદર સરકારે સ્વીકાર્યું પણ છે કે કોચિંગ કલાસ દ્વારા *(xxx) ચાલે છે.

અધ્યક્ષશ્રી : આપ જે વાત કરો છો, આપે શબ્દ *(xxx) વાળો પ્રશ્ન પૂછ્યો નથી. મેં પ્રશ્ન આખો વાંચી લીધો છે. તમે લખેલ છે એટલે ખબર હશે. તમે કોચિંગ કલાસ એવો શબ્દ પૂછ્યો છે. (અંતરાય) આપ સ્ટાર્ટ કરતા હતા એટલે અટકાવ્યા ન હતા. આપે એવો ઉલ્લેખ કર્યો હતો એટલે મારે સુધારવું જોઇએ કે મેં *(xxx) બાબતનો પ્રશ્ન પૂછ્યો છે. એવું રેકોર્ડ ઉપર ન રહે એટલા માટે કહું છું કે એટલો શબ્દ હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. આપને પણ કહું છું કે આપ પ્રશ્ન છે એના ઉપર ચોક્કસ વાત કરો. તમે જે પ્રશ્ન પૂછ્યો છે એના ઉપર ચોક્કસ વાત કરી શકો. (અંતરાય) ભૂલ છે એને સુધારું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) એટલા માટે કહું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસો. આપ રેકોર્ડ જોશો તો આપના ધ્યાન ઉપર આવશે. માનનીય શૈલેષભાઇ, આપ એવું બોલ્યા કે મેં *(xxx) બાબતનો પ્રશ્ન પૂછ્યો છે. મેં આખા પ્રશ્નના ચારે ચાર ખંડ જોયા. એમાં એકપણ જગ્યાએ *(xx) એવો પ્રશ્ન નથી. આથી આપનું રેકોર્ડ ઉપર ન રહે એટલા માટે હું રદ કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન પૂછવાનો હેતુ કે જે ખાનગી કોચિંગ કલાસો ચાલે છે અને ખાનગી કોચિંગ કલાસો *(xxx)ના માધ્યમથી એ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવે છે અને એ વિદ્યાર્થીને પ્રવેશ આપ્યા પછી આ કોચિંગ કલાસની અંદર ધોરણ-૧૧ અને ૧૨ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે. કોચિંગ કલાસો વિદ્યાર્થીઓને જે સ્કૂલમાં મૂકે છે એને સ્પોટ સ્કૂલ કહેવામાં આવે છે. રાજ્યની મીડિયા ચેનલો છે એના દ્વારા સ્ટીંગ ઓપરેશન કરવામાં આવેલ હતું. એના વિડિયો આજની તારીખમાં મારી પાસે પણ છે. યુ-ટ્યૂબ પર પણ ઉપલબ્ધ છે. આમાં એલન કલાસીસ અને આકાશ ઇન્સ્ટિટ્યૂટ બન્ને કલાસીસમાં રાજ્યની અને ખાસ કરીને અમદાવાદ શહેરની કઇ કઇ શાળાઓની અંદર આ રીતે ખાનગી કોચિંગ કલાસની અંદર એડમિશન લો તો ખાનગી કોચિંગ કલાસમાં તમને ભણાવવામાં આવશે અને વિદ્યાર્થી તરીકે શાળામાં નામ ચાલશે. એટલે હું *(xxx) કહું છું. વિદ્યાર્થી તરીકે તમારું નામ અન્ય શાળામાં ચાલશે. આવું સ્ટીંગ ઓપરેશન છે એ ટુ-ટ્યૂબ પર ઉપલબ્ધ છે. અમદાવાદની તુલીપ શાળા હોય, વેદાંત શાળા હોય, સેન્ટ એન્સેન્ટ શાળા હોય, કામેશ્વર શાળા હોય, નિર્મળ શાળા હોય, ઝાયડસ શાળા હોય...(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન શું છે?

શ્રી શૈલેષ મ. પરમાર : જે લોકો આ એલન અને આકાશમાં એડમિશન લે છે એ વિદ્યાર્થીઓને આવી શાળાઓમાં એડમિશન અપાવવામાં આવે છે અને ભણતર એનું ત્યાં થતું હોય છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે મારા વિભાગની તપાસમાં કોઇપણ શાળા નથી. એટલે મારે મંત્રીશ્રીને પૂછવું છે કે સ્ટીંગ ઓપરેશનમાં બન્ને ઇન્સ્ટિટ્યૂટના જવાબદાર અધિકારીઓ પોતે કહી રહ્યા છે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

કે અમદાવાદની આટલી આટલી શાળામાં અમારા વિદ્યાર્થીઓનાં નામ ચાલે છે અને સરકારશ્રી એમ કહે છે કે અમારી તપાસમાં કશું નીકળ્યું ન હતું તો સાચી હકીકત શું છે એ માનનીય મંત્રીશ્રી જણાવે?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આજે નેશનલ સ્પેસ ડે છે. તા. ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ચંદ્ર ઉપર ઉતરનાર ભારત ચોથો અને દક્ષિણ ધ્રુવમાં પ્રથમ દેશ બન્યો. એ સીમાચિન્હરૂપ સિદ્ધિને આપણે બિરદાવીએ છીએ. જય જવાન, જય કિસાનનો નારો આપણે આપ્યો હતો એની સાથે જય વિજ્ઞાનને આપણે જોડ્યું અને મોદીસાહેબે જય અનુસંધાન જોડ્યું અને આપણે આગળ વધી રહ્યા છીએ ત્યારે આપણા શ્રી શૈલેષભાઇએ જે પ્રશ્ન પૂછયો છે તા. ૧૦-૮-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ધોરણ-૧૧ અને ૧૨ની વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં વિદ્યાર્થીઓની ફકત હાજરી પુરાય અને આવા વિદ્યાર્થીઓ ખાનગી કોચિંગ કલાસમાં શિક્ષણ મેળવતા હોવાનું ધ્યાને આવ્યું છે. આપણી સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓ છે એમાં ૬ માસમાં અમારા અધિકારી મિત્રોએ તપાસ કરી તા. ૧૦-૮-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ધોરણ-૧૧ અને ૧૨ની વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ શાળામાં વિદ્યાર્થીઓની ફકત હાજરી પુરાય છે એ વાત તદ્દન ખોટી છે. આવા વિદ્યાર્થીઓ ખાનગી કોચિંગ કલાસમાં શિક્ષણ મેળવતા હોવાની એક પણ ફરિયાદ કે એકપણ ઘટના અમારા ધ્યાનમાં આવી નથી. હા, એ માની શકાય કે શાળા સમય પહેલા અથવા શાળા સમય પછી વિદ્યાર્થીઓ કોચિંગ કલાસમાં જતા હશે એવું બની શકે એટલે આવી કોઇપણ ફરિયાદ અમને મળી નથી અને તપાસ કરતા અમારી પાસે જે માહિતી છે એ મુજબ છેલ્લા ૬ માસમાં અમદાવાદમાં કુલ ગ્રાન્ટેડ ૬૧ વિજ્ઞાન પ્રવાહની શાળાઓની સ્થળ તપાસ કરવામાં આવેલ છે તેમજ વિજ્ઞાન પ્રવાહની એક પણ શાળાની તપાસ કરવાની બાકી નથી. સાથેસાથે આપણી જિલ્લાની જે શાળાઓ છે એમાં પણ ૧૧ શાળાઓની તપાસ બાકી છે અને જે સમયે શાળા તપાસ કરવા માટે અમારા અધિકારી પહોંચ્યા એ સમયે શાળા તપાસ કર્યાની તારીખ સાથે માહિતી આપું છું. છેલ્લા ૬ મહિનાની અંદર અમે તપાસ કરી છે. આપણી જે ભગવતી વિદ્યાલય, બાપુનગર છે એમાં તા.૧૨-૯-૨૩ એ તપાસ કરી હતી એમાં વિદ્યાર્થીઓ ધોરણ-૧૧માં ૯૭ અને ધોરણ-૧૨માં ૧૧૫ એમની હાજરી એ દિવસે ધોરણ-૧૧માં ૭૭ અને ધોરણ-૧૨માં ૧૧૪ હતી. મિશન સ્કૂલ છે એમાં કુલ વિદ્યાર્થીઓ ધોરણ-૧૧ના ૪૯ અને ધોરણ-૧૨ના ૬૪ વિદ્યાર્થીઓ હતા. એ દિવસે ધોરણ-૧૧ના ૪૮ અને ધોરણ-૧૨ના ૬૪ વિદ્યાર્થીઓ હાજર હતા. જયારે શિક્ષણ નિરીક્ષકો તપાસ કરવા ગયા હતા ત્યારે આટલી સંખ્યા અમને મળી હતી એટલે એમનો જે પ્રશ્ન છે એમાં ડમી સ્કૂલો નથી. સરકારી અને ગ્રાન્ટેડ ચાલી રહી છે. એ સ્કૂલોમાં શિક્ષણનો સ્ટાફ પણ છે અને વિદ્યાર્થીઓ સારી રીતે શિક્ષણ લઇ રહ્યા છે. પણ એ પત્રકારો, મીડિયાના માધ્યમથી વાત કરવા માગે છે. એ વાત અમારા ધ્યાનમાં પણ આવી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ અમને સૂચના આપી હતી કે પત્રકારો અને મીડિયામાં જે આવે છે એનો ખુલાસો લઇ લો. ગૃહને જણાવવા માગું છું કે ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે તા.૧૪-૮-૨૦૨૪ના ગુજરાત સમાચારપત્રમાં ઘાટલોડિયા, રાણીપ વિસ્તારની શાળાઓમાં ડમી વિદ્યાર્થીઓનો પ્રવેશ અને કલાસીસના સ્ટાફ દ્વારા કરાવાતા અભ્યાસ બાબતે સમાચાર છપાયા હતા. એ બાબત અમારા ધ્યાન ઉપર પણ આવી હતી.

શ્રી શૈલેષભાઇ, આપ જે બાબત ધ્યાન ઉપર લાવ્યા છો એમાં તપાસ કરતા તા.૧-૬-૨૦૨૪થી તા. ૧૪-૮-૨૦૨૪ સુધીમાં શાળામાં વિદ્યાર્થીઓની સરેરાશ હાજરીની વિગતો પણ અમે મેળવી છે. એમાં એ બાબત અમારા ધ્યાન ઉપર આવી. ગ્રાન્ટેડ શાળાઓમાં જ્ઞાનદા ગર્લ્સ હાઇસ્કૂલમાં ધોરણ-૧૧માં ૧૦૮ વિદ્યાર્થીઓ હતા. ધોરણ-૧૨માં ૧૩૬ વિદ્યાર્થીઓ હતા. ત્યાં ૨૮ ટકા હાજર વિદ્યાર્થીઓ છે. ગ્રાન્ટેડ નવકાર હિન્દુ હાઇસ્કૂલ છે એમાં ધોરણ-૧૧માં ૩૭ સંખ્યા છે અને ધોરણ-૧૨માં ૧૪ સંખ્યા છે. ૮૦ ટકા હાજરી વિદ્યાર્થીઓની સ્કૂલમાં હતી. આપણી બીજી ગ્રાન્ટેડ શાળા છે કર્મચારી શિક્ષણતીર્થ હાયર સેકન્ડરી સ્કૂલ એમાં ધોરણ-૧૧માં ૫૭ સંખ્યા છે અને ધોરણ-૧૨માં ૧૪ છે એમાં પણ ૮૦ ટકા હાજરી વિદ્યાર્થીઓની હતી. આપણી ગ્રાન્ટેડ શાળા નવસર્જન સ્કૂલ એમાં ધોરણ-૧૧માં ૩૧ વિદ્યાર્થીઓ અને ધોરણ-૧૨માં ૨૮ વિદ્યાર્થીઓ છે. ત્યાં પણ વિદ્યાર્થીઓની ૮૫ ટકા હાજરી હતી. શિક્ષક મિત્રો પણ ત્યાં કામગીરી કરી રહ્યા છે. સાથેસાથે અર્પણ એજયુકેશન હાયર સેકન્ડરી સ્કૂલ ગ્રાન્ટેડ એમાં ધોરણ-૧૧માં ૪૧ વિદ્યાર્થીઓ છે ધોરણ-૧૨માં ૪૧ વિદ્યાર્થીઓ છે. ૮૫ ટકા હાજરી હતી. આ જે ૭ શાળાઓ છે એ સરકારી હશે ગ્રાન્ટેડ અને બાકીની નોન ગ્રાન્ટેડ શાળાઓ છે એની પણ આપણે તપાસ કરી છે.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં, તમે જે તપાસ કરી એ જગ્યાએ વિદ્યાર્થીઓ હાજર હતા અને રેકર્ડ ઉપર ચેક કરવા ગયા તો વિદ્યાર્થીઓ હાજર નથી એવું નહોતું એવું કહેવા માંગો છો ને?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, તેમ છતાં આ બાબતે કચેરી દ્વારા સમયાંતરે શાળા ચકાસણીનું આયોજન કરવામાં આવશે અને અમે કરીશું. શ્રી શૈલેષભાઇ પાસે માહિતી હશે અને અમને આપશે તો સમયાંતરે અમે તેની મુલાકાત કરીશું. કોઇ શાળામાં ડમી વિદ્યાર્થી છે કે ખાનગી કલાસીસ દ્વારા અભ્યાસ કરાવવામાં આવતો હશે તો તેના વિરુદ્ધ નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, શાળા કક્ષાની તપાસ માટેની શું પદ્ધતિ છે અને તેમાં શું શું ચકાસણી કરવામાં આવે છે?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો તેમાં શાળાના નિરીક્ષણ દરમ્યાન કઇ કઇ બાબતોની ચકાસણી કરીએ છીએ અને આ ચકાસણી કરવાની પદ્ધતિ શું છે? સામાન્ય રીતે ગુજરાત માધ્યમિક અને

## ટૂંકી મુદતના પ્રશ્નો

ઉચ્ચતર માધ્યમિક બોર્ડ ગાંધીનગર દ્વારા શાળાઓના નિરીક્ષણ અને ઇન્સ્પેકશન માટે ઓનલાઇન સોફ્ટવેર બનાવેલ છે. આ સોફ્ટવેરના માધ્યમથી શાળાઓનું ઇન્સ્પેકશન જે તે શૈક્ષણિક વર્ષમાં એક વખત કરવામાં આવે છે. એકવાર આપણે કરતા હોઇએ છીએ. આ ઉપરાંત વખતોવખત સંબંધિત શિક્ષણ નિરીક્ષક, મદદનીશ શિક્ષણ નિરીક્ષક દ્વારા શાળાની આકસ્મિક મુલાકાત લેવામાં આવે છે તેમજ કોઇપણ શાળા સામે લેખિત ફરિયાદ મળે અથવા મૌખિક ફરિયાદ મળે તો તે શાળાની અમારા અધિકારીઓ દ્વારા રૂબરૂ મુલાકાત લેવામાં આવે છે અને તેનું નિરીક્ષણ કરવામાં આવે છે. આ નિરીક્ષણમાં જે કોઇ બાબતો ધ્યાન પર આવે છે તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. શાળાઓના નિરીક્ષણ દરમ્યાન શાળાનું જનરલ રજિસ્ટર હોય છે તેમાં શાળાના ઉપસ્થિત વિદ્યાર્થીઓ, શાળાઓનું શૈક્ષણિક કાર્યનું નિરીક્ષણ કરવામાં આવે છે અને તેને ગ્રેડ પણ આપવામાં આવે છે. સાથે સાથે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ગુણવત્તાલક્ષી ચકાસણી અર્થે આપણે ગુણોત્સવ–૨ અંતર્ગત ગુજરાત સ્કૂલ ક્વોલિટી એજ્યુકેશન કાઉન્સિલ સેલ ઊભો કરવામાં આવેલ છે. તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓનું સ્કૂલ ઇન્સ્પેકટર દ્વારા શાળાના તમામ માપદંડોની ચકાસણી કરીને તે શાળાને ગ્રેડ આપવાનું કામ આપણે કરી રહ્યા છીએ.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, એલન અને આકાશની વાત માનનીય શૈલેષભાઇએ કરી તે વાત ઘણી બધી જગ્યા ઉપર સત્ય છે. આપણે તેની તપાસ કરવી જોઇએ. આપણે અમેરિકા ગયેલા શિક્ષકોની તપાસ કરીને ખૂબ સારી કામગીરી કરી. પરંતુ આવી સંસ્થાઓ ચાલે છે અને તેમાં પરિસ્થિતિ એ થાય છે કે, આપણે તે શાળાના શિક્ષકોને પગાર એમને એમ આપી દઇએ છીએ. કાં તો એલન અને આકાશ જેવી પ્રાઇવેટ કોચિંગ કલાસીસને ધોરણ–૧૧ અને ૧૨ ની પરમિશન આપવી જોઇએ. જે સ્કૂલોની અંદર આવા વિદ્યાર્થીઓ છે તે સ્કૂલોનું ધોરણ–૧૧ અને ૧૨ સાયન્સ બંધ કરી દઇએ તો ઘણા બધા શિક્ષકોનો પગાર આમાંથી બચી શકે તેમ છે. તો આવું કરવા માગીએ છીએ કે નહીં?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આપણી ગ્રાન્ટ ઇન એઇડ સરકારી શાળાઓ ગરીબ વિદ્યાર્થીઓ માટે છે. તેમને પૂરતું શિક્ષણ મળી રહે તેના માટે ભાજપ સરકારના માનનીય મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ દ્વારા ચાલુ વર્ષે આવા વિદ્યાર્થીઓ માટે કમ્પ્યુટર લેબની સહાય કરવામાં આવી છે. એટલે અમે આવી શાળાઓ બંધ કરવા માગતા નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડના જવાબદાર સભ્યશ્રીઓએ ચિંતા દર્શાવીને મુખ્યમંત્રીશ્રીને ઇ–મેઇલ દ્વારા પત્ર લખ્યો છે. યુ–ટ્યૂબ પર એલન અને આકાશ જેવા ઇન્સ્ટિટ્યૂટ ચાલે છે તેમાં સ્પષ્ટ કહેવામાં આવે છે કે, અમદાવાદ શહેરની આટલી આટલી શાળાઓમાં અમે તમને એડમિશન અપાવીએ, તમારે ભણવાનું અહીં અને નામ તમારું ત્યાં ચાલશે. તે સાચી હકીકત છે તે સ્વીકારો. માટે મારી આપને વિનંતી છે કે, આવા ઇન્સ્ટિટ્યૂટની તપાસ કરી જે શાળાઓનાં નામ યુ–ટ્યૂબ પર છે તે શાળાઓની તપાસ કરીને સાચી હકીકત શું છે તે માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આપની પાસે માહિતી છે, અમને વિશેષ માહિતી મળશે તો આવનારા સમયમાં તેના માટે તપાસ સમિતિ રચીને હકીકતલક્ષી વિગતો મેળવીને આગળની કાર્યવાહી કરીશું.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્ન**

( ટૂંકી મુદતના પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**રાજ્યના પશુઓમાં રોગોનું નિયંત્રણ બાબત**

15/5/38 **શ્રીસુખાજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| તા.૧૨/૦૮/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં સરકારે રાજ્યના પશુઓમાં કૃમીજન્ય અને અન્ય રોગોના નિયંત્રણ માટે શી કાર્યવાહી કરેલ છે? | તા.૦૧/૦૫/૨૦૨૪ થી તા.૧૨/૦૮/૨૦૨૪ સુધીમાં કૃમીજન્ય અને અન્ય રોગોના નિયંત્રણ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>• ૯૦,૧૨,૨૬૭ પશુઓમાં કૃમિનાશક દવાઓ<br>• ૫૪,૭૭,૯૬૫ પશુઓમાં ખરવા મોવાસા વિરોધી રસીકરણ.<br>• ૨૭,૨૧,૮૮૮ પશુઓમાં ગળસૂંઢા વિરોધી રસીકરણ.<br>• ૧૩,૭૭,૦૫૪ પશુઓમાં લમ્પી સ્કીન ડિસીઝ વિરોધી રસીકરણ.<br>• ૧૦,૨૦,૦૧૬ પશુઓમાં પી.પી.આર વિરોધી રસીકરણ.<br>• ૨,૨૯,૪૬૩ પશુઓમાં બ્રુસેલોસીસ વિરોધી રસીકરણ.<br>• ૨,૧૧,૨૩૩ પશુઓમાં આંતરવિષજવર વિરોધી રસીકરણ.<br>• ૧,૩૯,૨૧૫ પશુઓમાં ગાંઠીયા તાવ વિરોધી રસીકરણ.<br>• ૨૧,૫૨૮ પશુઓમાં શીપ પોક્ષ વિરોધી રસીકરણ.<br>• ૧૦,૩૫૮ પશુઓમાં હડકવા વિરોધી રસીકરણ. |

----

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**
**ડ્રગ્સની હેરાફેરી અટકાવવા બાબત**

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય ગૃહમંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

''ગુજરાત રાજ્યના કચ્છ, વલસાડ, નવસારી તથા અન્ય જિલ્લાઓના દરિયાકિનારેથી છેલ્લા ૧૫ દિવસમાં આશરે રૂ.૮૫૦ કરોડનું ડ્રગ્સ સઘન ચેકિંગ કરીને પોલીસ દ્વારા પકડેલ છે. આના પરિણામે લોકોમાં ભય અને ચિંતાની લાગણી ફેલાયેલ છે. આવા ડ્રગ્સની હેરાફેરી અટકાવવા તથા ડ્રગ્સના વપરાશથી રાજ્યનું યુવાધન બરબાદ ન થાય તે માટે રાજ્ય સરકારે લીધેલાં કે લેવાં ધારેલા પગલાંઓ''

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારને અભિનંદન આપું છું કે તેમના નેતૃત્વમાં ચાલતી આપણા ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી અને તેમની ટીમ દ્વારા જે કામગીરી કરવામાં આવી છે. છેલ્લા ૧૫ દિવસમાં ગુજરાત પોલીસે સઘન મહેનત કરીને પકડાયેલ ૮૫૦ કરોડ રૂપિયાના ડ્રગ્સ પૈકી ગુજરાત એટીએસની ટીમ દ્વારા તા. ૫મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ મહારાષ્ટ્ર રાજ્યના ભીવંડી જેવા સંવેદનશીલ વિસ્તારમાં બે આરોપીને પકડીને ૭૯૩.૨૩૫ કિલોગ્રામ લિક્વિડ મેટ્રોલ જેની કિંમત રૂપિયા ૮૦૦ કરોડથી વધુના જથ્થા સાથે પકડી પાડી મોટું ડ્રગ્સ નેક્સસ ધ્વસ્ત કરેલ છે જે બાબતે સરકારે લીધેલાં પગલાં અને વિશેષ માહિતી આપવા માટે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું.

શ્રી હર્ષ સંઘવી(રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં નશાબંધીને લગતા ગુનાઓ નેસ્ત નાબૂદ કરવા રાજ્ય સરકારની પ્રાથમિક અગ્રિમતા છે. ગાંજો, ચરસ, અફીણ, હેરોઇન જેવા નશીલા પદાર્થોના સેવનનું દૂષણ અસરકારક રીતે દૂર કરવા તથા આ પ્રવૃત્તિમાં સંડોવાયેલ ગુનેગારોને પકડવા ગુજરાત સરકાર દ્વારા એક અભિયાન હાથ ધરવામાં આવેલ છે. જેના ભાગરૂપે ભારતીય તટરક્ષકદળ તથા અન્ય એજન્સીઓના સહયોગથી પડોશી દેશો દ્વારા માદક પદાર્થો ગુજરાત રાજ્યમાં ઘુસાડવાના ઇરાદાઓ સામે ગુજરાત પોલીસ સતર્ક રહી છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં NDPS Act હેઠળ ૩૧૭ ગુના દાખલ કરી કુલ-૪૩૧ આરોપીઓ પકડી અંદાજે ૫૬૪૦ કરોડ રૂપિયાનો મુદ્દામાલ પકડી સમગ્ર દેશમાં નાર્કોટીક્સના દૂષણથી દેશના યુવાધનને બચાવવા માટેનો એક સંનિષ્ઠ પ્રયાસ કરી રહેલ છે.

**ડ્રગ્સના દૂષણને અટકાવવા ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવી રહેલ અસરકારક કામગીરી:-**

ગુજરાત રાજ્યના કચ્છ, વલસાડ, નવસારી તથા અન્ય જિલ્લાઓના દરિયાકિનારેથી છેલ્લા ૧૫ દિવસમાં આશરે રૂ.૮૯૨ કરોડનો મુદ્દા માલ પોલીસ દ્વારા પકડેલ છે. તેમજ વર્ષ-૨૦૨૪ દરમિયાન એ.ટી.એસ. દ્વારા દરિયાઇ વિસ્તારમાંથી રૂ.૪૨૭ કરોડનો ૬૧ કિલોગ્રામ ડ્રગ્સનો મુદ્દામાલ પકડેલ છે. ગુજરાતના દરિયાઇ વિસ્તારમાં ગુજરાત પોલીસની સતર્કતા અને સઘન પેટ્રોલિંગના પરિણામે દરિયાઇ વિસ્તારમાં આવેલ નાના-મોટા લેન્ડિંગ પોઇન્ટ પર આશરે રૂ.૧૭૮ કરોડનું બિનવારસી ડ્રગ્સ પકડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યમાં એન.ડી.પી.એસ. એક્ટ-૧૯૮૫ હેઠળ પકડાયેલ આરોપીઓ આવી પ્રવૃત્તિમાં ફરીથી ન જોડાય તે માટે એન.ડી.પી.એસ. એક્ટ-૧૯૮૫ની કલમ-૬૮(ઈ) (એફ) અંતર્ગત આરોપીઓની ગેરકાયદેસર મિલકતની ઓળખ કરી આવી મિલકતને જપ્ત કરવામાં આવે છે.

નાર્કોટીક્સના ગુનામાં પકડાયેલ આરોપીઓ જેલમાંથી છૂટ્યા બાદ ફરીથી આ જ પ્રવૃત્તિમાં જોડાઇ ન જાય તે હેતુથી આવા આરોપીઓ પર અસરકારક સર્વેલન્સ રાખવામાં આવે તો આવી પ્રવૃત્તિનો વ્યાપ ઘટાડી આવા ગુનેગાર તથા તેઓની સાથે સંકળાયેલ અન્ય નાર્કોટીક્સ સિન્ડિકેટના આરોપીઓની માહિતીના આધારે નાર્કોટીક્સના કેસો શોધી શકાય તેથી નાર્કોટીક્સના ગુનામાં જામીન ઉપર છૂટેલ કુલ-૫૫૩૨ આરોપીઓ ઉપર સર્વેલન્સ રાખવા માટે મેન્ટોર પ્રોજેક્ટ અંતર્ગત શહેર/જિલ્લાઓમાં મેન્ટોરની નિમણૂક કરવામાં આવેલ છે.

એન.ડી.પી.એસ મેન્ટોર પ્રોજેક્ટ અંતર્ગત કરવાની થતી કામગીરીના અસરકારક સુપરવિઝન માટે નોડલ ઓફિસર તરીકે એસ.ઓ.જી.શાખાના ઇન્ચાર્જની નિમણૂક કરેલ છે. જે અંતર્ગત તા.૨૬/૧૨/૨૦૨૩ના રોજ દરેક શહેર/જિલ્લામાં આરોપીઓને Counselling, Information collection, Deterrence ની કાર્યવાહી કરવા સૂચના કરેલ.

ગુજરાત પોલીસના વિવિધ એકમો, સામાજિક સંસ્થાઓ, મહિલા જૂથો, ધાર્મિક સંસ્થાઓ, ધાર્મિક નેતાઓ અને સંતો સાથેની ભાગીદારીમાં, રાજ્યભરમાં અસંખ્ય ડ્રગ્સ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરેલ છે.

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પોલીસ અધિકારી/કર્મચારીને નાર્કોટીક્સના વધુમાં વધુ કેસો કરે તે માટે પ્રોત્સાહિત કરવા માટે તા.૧૪/૧૦/૨૦૨૧ના રોજ રિવોર્ડ પોલિસી જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત ૨૩૩ અધિકારી/બાતમીદારોને રિવોર્ડ આપીને પ્રોત્સાહિત કરેલ છે.

આ ઉપરાંત, રાજ્યમાં ડ્રગ્સ રોકવાની કામગીરીમાં રોકાયેલ અલગ અલગ ખાતાઓ એકબીજાના સંકલનમાં રહી સમગ્ર રાજ્ય એક ટીમ તરીકે કામ કરી શકે તે માટે ગૃહ મંત્રાલયની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાએ સમયાંતરે NCORDની મિટિંગ્સનું આયોજન કરવામાં આવે છે તેમજ રાજ્યકક્ષાએ નાર્કોટીક્સની બદી દૂર કરવા એક સંકલિત પ્રયાસના ભાગરૂપે 'Anti-Narcotics TaskForce' ની રચના કરવામાં આવેલ છે. રાજ્યના તમામ જિલ્લાઓમાં એસ.ઓ.જી.ની અંદર

એન.ડી.પી.એસ.ની કામગીરી માટે અલગથી એક ટીમની રચના કરવામાં આવેલ છે. દરિયા કિનારે ડ્રગ્સને રોકવા દરિયા કિનારે આવેલ જિલ્લાઓમાં અલગથી મરીન પોલીસ સ્ટેશનોની રચના કરવામાં આવેલ છે. તેમજ રાજ્યમાં ડ્રગ્સની કામગીરીમાં જોડાયેલા શકમંદ ઇસમોના નાણાકીય વ્યવહાર પર પણ ચાંપતી નજર રાખવામાં આવે છે.

અહીં, જે ૧૫ દિવસમાં રૂ. ૮૫૦ કરોડનું ડ્રગ્સ પકડાયેલ છે, તેમાં રૂ. ૮૦૦ કરોડનું ડ્રગ્સ તો ગુજરાત એ.ટી.એસ.ની ટીમે મહારાષ્ટ્રમાં જઈને પકડેલ છે.

આમ, ગુજરાત રાજ્ય વિશાળ દરિયાઇ સીમા તેમજ પાકિસ્તાન સાથે આંતરાષ્ટ્રીય સીમાથી જોડાયેલ હોઇ પડકારરૂપ ભૌગોલિક પરીસ્થિતિ ધરાવતું હોવા છતાં, ગુજરાત સરકારની નાર્કોટીક્સ ડ્રગ્સ બાબતે 'ZERO TOLERENCE' નીતિના ભાગરૂપે રાજ્યના તમામ ખાતાઓ સંકલિત પ્રયાસ કરી રાજ્યમાંથી નાર્કોટીક્સની બદી નેસ્તનાબૂદ કરવા કટિબધ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો મારી આપશ્રીને રાજયના સૌ યુવાઓ વતી, રાજયના સૌ નાગરિકો વતી એક વિનંતી છે, એક અપીલ છે આ રાજયના ગૃહમંત્રી તરીકે હું આપને એક નમ્ર અરજ કરવા માગું છું કે, આજની આ જે ચર્ચા છે તે ચર્ચામાં વધુમાં વધુ ચાન્સ વિપક્ષના મારા સૌ સાથી મિત્રોને આપવામાં આવે. તેમના મનમાં, તેમના રાજનૈતિક પ્રશ્ન તે બધા જ પ્રશ્નને સ્કોપ, સ્કોપની બહાર હું પ્રશ્નના જવાબ આપવા માટે અહીંયા આવ્યો છું. સાથે સાથે મારી એ પણ વિનંતી છે કે, ડ્રગ્સના નામને લઇને મારા રાજયના દરેક યુવાનોને બદનામ કરવાનું, રાજયની આ ધરતીને બદનામ કરવા માટે અનેકવાર જે પ્રયત્નો થાય છે તેના સાચા જવાબો, સાચી માહિતી લોકો સુધી પહોંચે તે માટે આપશ્રીને મારી એક નમ્ર અરજ છે કે, આખી ચર્ચા લાઇવ અથવા આખી ચર્ચા મીડિયા સમક્ષ મૂકવામાં આવે જેથી ગુજરાતની જનતાને અંદાજો આવે કે માત્ર રાજનીતિ માટે, માત્ર લોકોનું ધ્યાન આકર્ષવા માટે કયા કયા પ્રકારના પ્રયત્નો કરવામાં આવે છે અને સાચી માહિતી દેશના સૌ લોકો સુધી પહોંચે તે માટે આપ સાહેબને મારી અરજ છે કે આખી માહિતી યુ ટ્યૂબના માધ્યમથી અથવા તેનો વિડીયો દ્વારા પ્રસારિત કરવામાં આવે. વિધાનસભા તો નિયમો પ્રમાણે જ ચાલતી હોય છે અને નિયમો પ્રમાણે જ જવાબ આપવા માટે તમામ લોકો બંધાયેલા છે પરંતુ જયારે રાજયના હિતમાં ૧૮૨ લોકો ચૂંટાઇને વિધાનસભા સુધી આવતા હોય તો રાજયના હિતની અંદર એ લોકો પ્રશ્નો ઊભા કરે છે કે માત્ર અને માત્ર લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માટે પ્રશ્ન ઊભા થાય છે, તે બધી ચર્ચા લોકો સુધી પહોંચે તે માટે સ્કોપની બહાર કોઇ પણ સ્કોપના બંધારણ વગર મનફાવે તે પ્રશ્ન પૂછે અને હું કોઇ પણ પ્રકારની રાજનીતિ વગર મારા..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, મનફાવે એવા પ્રશ્નો અહીંયા આગળ કોઇ સભ્યશ્રી પૂછી નહીં શકે. હા, તમારો જે પ્રસ્તાવ છે તેના આનુષંગિક કોઇ પણ પ્રશ્ન પૂછી શકશે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, તેના માટે છૂટ આપવી જોઇએ કે માત્ર બેનરો ઊભા કરીને રાજયની ધરતીને ડ્રગ્સવાળી ધરતી તરીકે ઉછાળવા માટેનો જે પ્રયત્ન થાય છે તેની સાચી માહિતી લોકો સુધી પહોંચે તે માટે મારી અરજ છે અને,

અધ્યક્ષશ્રી : આમાં હેલ્ધી ડિસ્કશન થાય તેના માટેનો હું બધાને પૂરતો સમય આપીશ.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, અને વધુમાં વધુ મોકો વિપક્ષના મિત્રોને મળે જેથી,

અધ્યક્ષશ્રી : મારા માટે બધા સરખા છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ પ્રકારનું વોકઆઉટ કરવા માટેનું કારણ વગરનું કારણ ના બને તે માટે હું આ અરજ કરું છું.

અધ્યક્ષશ્રી : તમે એવું કેમ માનો છો? આઇબીએ કંઇ રિપોર્ટ આપ્યો છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આઇબીના રિપોર્ટની જરૂર જ નથી. આ વર્ષો વર્ષની પરંપરા છે.

અધ્યક્ષશ્રી : તો પછી એવું નહીં થાય.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો વર્ષની પરંપરા છે. જાણી જોઇને કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : અરે, એવું નહીં કરે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પહેલેથી એટલે જ કહેવા માગું છું.

અધ્યક્ષશ્રી : આપની ભૂમિકા બરાબર છે પણ બધા જ પ્રશ્નોનો જવાબ આપશે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આખું લાઇવ આપવામાં આવે.

અધ્યક્ષશ્રી : હું દેખાવો લાઇવ થવા દેતો નથી. આપના ધ્યાનમાં રહે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ લાઇવ કરવું જોઇએ જેનાથી ખબર પડે.

અધ્યક્ષશ્રી : પણ મંત્રીશ્રી કે સભ્યશ્રી નક્કી કરી શકે નહીં. આ અધિકારો ફક્ત અધ્યક્ષના છે. તમે સૂચન ચોક્કસ કરી શકશો. સૂચન કરવાનો આપ બધાને અધિકાર છે. મને સૂચન કરવાનો અધિકાર છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, અમે તો સૂચન પણ નથી કરતાં, કાંઇ નક્કી પણ નથી કરી શકતા, પણ રાજ્યના યુવાઓ વતી આપણે માત્ર અરજ જ કરીએ છીએ. એ અરજ એટલા માટે છે કે દેખાડો પણ શેના માટે થાય છે એ પણ લોકોને ખબર પડે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : (પોતાની જગ્યા પર ઊભા થઇને) જસદણનું પણ લાઇવ કરીએ. જસદણની દીકરી પર બળાત્કાર થયો છે એ ઘટનાની ચર્ચા લાઇવ કરીએ. ચાલો, હું ચેલેન્જ આપું છું.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

અધ્યક્ષશ્રી : સભ્યશ્રી, તમે આ રીતે વાત કરી શકો નહિ.

શ્રી હર્ષ સંઘવી : આ જ કરવા માટે આવ્યા છે.

અધ્યક્ષશ્રી : હવે મને લાગે છે કે મંત્રીશ્રીની વાત સાચી છે. (સતત અંતરાય) માનનીય જીજ્ઞેશભાઇ, આપ બેસો. માનનીય જીજ્ઞેશભાઇ, આપ બેસો. (આ તબક્કે કૉંગ્રેસ પક્ષના સભ્યો પોતાની જગ્યા પર ઊભા થઇ ગયા.) બધા સભ્યો બેસે. હું આપને સમય આપું છું. (સતત અંતરાય) (માનનીય અધ્યક્ષશ્રી શ્રી અમિતભાઇ ચાવડાને સંબોધીને) એમને પહેલાં બેસાડો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ લાઇવ કરવા જેવું છે. (સતત અંતરાય) આનાથી જ લોકોને અંદાજો આવશે. (આ તબક્કે શ્રી જીજ્ઞેશભાઇ મેવાણી વેલમાં આવી ગયા.)

અધ્યક્ષશ્રી : શ્રી જીજ્ઞેશભાઇ, તમે વચ્ચે ઊભા નહિ રહો. તમે તમારા સ્થાન ઉપર બેસો. શ્રી જીજ્ઞેશભાઇ, તમે તમારા સ્થાન ઉપર બેસો. (સતત અંતરાય) (માનનીય અધ્યક્ષશ્રી કૉંગ્રેસના સભ્યોને સંબોધીને) આપ તમારા સભ્યને કહો કે અંદર બેસે. અંદર બેસો. (શ્રી જીજ્ઞેશભાઇ મેવાણી વેલમાં મોટેથી કંઇક બોલે છે.) હું ફરી કહું છું તમે આ પ્રમાણે કરો નહિ. મારે તમને બહાર કાઢવા પડશે. (સતત અંતરાય) હું ફરી કહું છું, તમે નહિ સાંભળો તો મારે બહાર કાઢવા પડશે. (આ તબક્કે ભારતીય જનતા પાર્ટી અને વિરોધપક્ષના તમામ સભ્યો પોતાની જગ્યા પર ઊભા થઇ ગયા.) કૉંગ્રેસ પાર્ટીના માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે. બાકીના બધા બેસી જાવ. તમે કઇ રીતે ઊભા થઇ શકો? બાકીના બધા બેસો. હું બધાંને કહું છું. (આ તબક્કે ભારતીય જનતા પાર્ટીના સભ્યો પોતાની જગ્યા પર બેસી ગયા.) (શ્રી અમિતભાઇ ચાવડા પોતાની જગ્યા પર ઊભા થઇને બોલે છે.) એ બેસી ગયા છે. એ બધા મારું સાંભળીને બેસી ગયા છે. હું તમને કહું છું એ બધા બેસી ગયા છે, ઊભા નથી. તમે ઊભા છો. તમે તમારા સભ્યોને બેસાડો. શ્રી અમિતભાઇ, તમે તમારા સભ્યોને બેસી જવાનું કહો. શ્રી જીજ્ઞેશભાઇ તમારું માનતા નથી? તમારું માનતા હોય તો એમને બેસાડી દો. (શ્રી અમિતભાઇ ચાવડા બોલવાનું ચાલુ રાખે છે.) તમારે શું કરવું છે? કોઇ ઊભા થયા નથી. કોઇ ઊભા નહિ થાય. જે ઊભા થશે એને નિયમ-૫૧ પ્રમાણે બહાર કાઢવાની સૂચના મારે આપવી પડશે. તમારા સભ્યોને બેસવાની સૂચના આપો. તમે હેલ્ધી ચર્ચા કરો. ચાર વખત વાત કર્યા પછી પાંચમી વખત કહું છું કે કૉંગ્રેસ પાર્ટીના જે સભ્યો અહીં ઊભા છે એમને હું કહું છું. તમે બેસી જાવ. (આ તબક્કે શ્રી જીજ્ઞેશભાઇ મેવાણી પોતાની જગ્યા પર બેસી જાય છે.) (માનનીય મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી પોતાની જગ્યા પર ઊભા થઇને બોલે છે.) માનનીય મંત્રીશ્રી, તમે પણ બેસો. (કૉંગ્રેસ પક્ષના સભ્ય જગ્યા પર બેઠા-બેઠા ''વિધાનસભા લાઇવ કરો.'' એમ બોલે છે.) મારે શું કરવું એ હું નક્કી કરીશ. કોણ વચ્ચે બોલે છે? અધ્યક્ષના અધિકારની બાબતમાં તમે વચ્ચે નહિ બોલો. તમારે અંદરો-અંદર જે ચર્ચા કરવી હોય એ કરો. તમે નક્કી કરશો એ પ્રમાણે વિધાનસભા નહિ ચાલે. વિધાનસભા એ વિધાનસભાના નિયમો પ્રમાણે ચાલશે. એ લોકો કહેશે એ પ્રમાણે પણ નહિ ચાલે અને તમે કહેશો એ પ્રમાણે પણ નહિ ચાલે. (શ્રી અમિતભાઇ ચાવડા પોતાની જગ્યા પર ઊભા થઇને બોલે છે.) મેં કહ્યું છે... મેં કહ્યું છે. મેં એ સમયે પણ વાત ધ્યાન પર મૂકી છે. (શ્રી ઉમેશભાઇ મકવાણા પોતાની જગ્યા પર ઊભા થઇને બોલે છે.) હું અત્યારે વાત કરું છું. શ્રી ઉમેશભાઇ, તમે બેસો. તમે વાત નહિ કરી શકો. હું પરમિશન આપું ત્યારે બોલવાનું હોય. (શ્રી ઉમેશભાઇ બોલવાનું ચાલુ રાખે છે.) તમને નિયમોની ખબર હોવી જોઇએ. હું પરમિશન આપું ત્યારે બોલવાનું હોય. તમે બેસો. તમે બેસો. હું ત્રીજી વખત કહું છું. શ્રી ઉમેશભાઇ, હું તમને ત્રીજી વખત કહું છું તમે બેસો. અત્યારે તમે બેસો. હું વાત કરીશ. (સતત અંતરાય) તમે કહો એ પ્રમાણે સૂચન નહિ થાય. (શ્રી જીજ્ઞેશભાઇ મેવાણી પોતાની જગ્યા પર ઊભા થઇને મોટેથી બોલે છે.) શ્રી જીજ્ઞેશભાઇ, તમને વારંવાર કહું છું. તમે નિયમ પાળો. તમે બંધારણને માન આપો. તમારે બાબાસાહેબ રચિત બંધારણને માન-સન્માન આપવું જોઇએ. તેનું અપમાન તમારાથી ન થાય. માનનીય જીજ્ઞેશભાઇ, તમે નિયમોનું અપમાન ન કરી શકો. હું શ્રી જિજ્ઞેશભાઇ મેવાણીને ફરી કહું છું. એમનું માઇક બંધ કરો. કોણે એમનું માઇક ચાલુ કર્યું? શ્રી જિજ્ઞેશભાઇ, તમે બંધારણને માન આપતા નથી. શ્રી જિજ્ઞેશભાઇ, તમે કાયદાનું સન્માન કરતા નથી. શ્રી જિજ્ઞેશભાઇ, તમારે બંધારણને માન આપવું જોઇએ. નિયમ અને કાયદાને તોડી ન શકાય. બાબાસાહેબ રચિત બંધારણને અને તેના નિયમોને માન સન્માન આપવાની તમારી અને આપણા સૌની જવાબદારી છે. તમે આ રીતે બંધારણનું અપમાન કરી શકો નહીં. (આ દરમિયાન સભ્યશ્રી જિજ્ઞેશકુમાર મેવાણી પોતાની જગ્યા પરથી ઊભા થયા.) તમે બંધારણને બાજુ પર મૂકીને આ રીતે નિયમોના વિરુદ્ધમાં વર્તાવ ન કરી શકો. તમારે બેસવું પડે. તમે બેસી જાઓ. હું ફરી કહું છું કે તમે બેસી જાઓ. હું શ્રી જિજ્ઞેશભાઇને બહાર નીકળવા માટે આદેશ આપું છું. (આ દરમિયાન સભ્યશ્રી જિજ્ઞેશકુમાર મેવાણી વેલમાં આવ્યા.) શ્રી જિજ્ઞેશભાઇ, બહાર નીકળો. શ્રી જિજ્ઞેશભાઇને સન્માનપૂર્વક બહાર લઇ જાઓ. નિયમ-૫૧ પ્રમાણે શ્રી જિજ્ઞેશભાઇને બહાર લઇ જાઓ.

(આ તબક્કે શ્રી જિજ્ઞેશકુમાર મેવાણીને સાર્જન્ટ દ્વારા બહાર લઇ જવામાં આવ્યા.)

અધ્યક્ષશ્રી : વિધાનસભા ગૃહમાં જ્યારે હેલ્ધી ડિસ્કશન થતું હોય ત્યારે ગૃહમંત્રીશ્રીને પહેલાંથી જ આશંકા હશે અને મને પણ લાગ્યું હતું. આવું શા માટે? એમણે જે વાત કરી હતી કે આવો કોઇ પણ પ્રકારનો હોબાળો કરીને બહાર નીકળવાનો પ્રયત્ન કરવો છે. તે ઠીક નથી. માનનીય મંત્રીશ્રી જવાબ આપવા પૂરેપૂરા તૈયાર છે. એમણે કહ્યું છે કે, તમારે જે પ્રશ્ન પૂછવો હોય તે પૂછો? એ બાજુ વધારે સ્કોપ આપજો ત્યાં સુધીની વાત કરી ત્યારે મને લાગે છે કે હવે આપણે શાંતિથી તેનો પૂરો લાભ

લેવો જોઇએ. તમારા પ્રશ્નનો જવાબ આપવા માટે મંત્રીશ્રી બંધાયેલા છે. હું તમને સમયની મર્યાદાથી ઉપર જઇને પણ ચર્ચા કરવા માટેનું વાતાવરણ આપીશ, પરંતુ માનનીય જિજ્ઞેશભાઇએ જે વ્યવહાર કર્યો છે તે ઠીક નથી, એટલે મારી તમને પણ વિનંતી છે કે, આ પ્રમાણે બંધારણની અવમાનના કરવી, નિયમો તોડવા, નિયમો ન માનવા તે મને લાગે છે કે બાબાસાહેબે બંધારણની જે મર્યાદાઓ નક્કી કરી હતી તેનાથી ઉપર જઇને જે કર્યું છે તેનાથી હું પોતે દુ:ખી છું. શ્રી જિજ્ઞેશભાઇ જેવા વ્યક્તિએ આ રીતે બંધારણની અવહેલના ન કરવી જોઇએ.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહના સભ્યશ્રી જિજ્ઞેશભાઇ મેવાણીએ જે પ્રમાણેનો વાર્તાલાપ કર્યો છે, મારે કૉંગ્રેસના સર્વ સભ્યશ્રીઓને ખૂબ વિનમ્રતાપૂર્વક કહેવું છે કે શ્રી જિજ્ઞેશભાઇ અને કૉંગ્રેસને સ્નાનસૂતકનો સંબંધ નથી. ભૂતકાળમાં પણ ન હતો (અંતરાય) આજે પણ નથી અને આવતી કાલે પણ ..

અધ્યક્ષશ્રી : આપ નિયમ પ્રમાણે વાત કરો. કૉંગ્રેસ પાર્ટીની વાત ન કરો.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત મારે એટલા માટે કરવી છે કે, અહીંયા શ્રી શૈલેષભાઇ જેવા દલિત સમાજના સિનિયર આગેવાન બેઠા છે. જેમણે બાબાસાહેબ આંબેડકરના બંધારણને સ્વીકાર્યું છે, વિધાનસભાના નિયમોને સ્વીકાર્યા છે. માત્ર સસ્તી પ્રસિદ્ધિ માટે વિધાનસભા ગૃહ અને વિધાનસભાની બહાર માત્ર નેતાગીરી કરવા માટેનો જે પ્રયાસ કર્યો છે તેમાં કૉંગ્રેસે સમજી લેવું પડે અને ગૃહના સભ્યશ્રીઓએ પણ આ સમજી લેવાની જરૂર છે.

શ્રી અમિત ચાવડા : માનનીય રમણભાઇ, એમ તો અમારે ભાજપને પણ કહેવું પડે કે તમારા જેવા સિનિયરને અહીંયા બેસાડે છે અને બીજા લોકોને મહત્ત્વ આપે છે.(અંતરાય) આપ કૉંગ્રેસને સલાહ ન આપશો. જે કહેવું હોય તેના માટે અધ્યક્ષશ્રી છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ડ્રગ્સ જેવા ગંભીર વિષય માટે ચર્ચા કરવાની વાત કરી તે આવકાર્ય છે. મારી આપના મારફતે ગૃહના નેતા અને આપને પણ વિનંતી છે કે, આ વિષય ગંભીર છે અને બધા જ ૧૮૨ ધારાસભ્યો તે ચર્ચામાં ભાગ લેવા માગે છે. આંકડા અને વિગતો સાથે ચર્ચા કરવી છે. નિયમ-૧૧૬ની નોટિસનો સ્કૉપ બહુ લિમિટેડ હોય છે અને અત્યાર સુધી આપણી પરંપરા રહી છે કે જે પ્રશ્ન પૂછે તેને અને તે સિવાય થોડા સભ્યોને તક મળતી હોય છે. જો સરકારની ખુલ્લા મને ચર્ચા કરવાની તૈયારી હોય તો અમારી તૈયારી છે. આવતીકાલે એક દિવસ વધારી દો. એક આખો દિવસ આ વિષય માટે ચર્ચા રાખો અને જે ગઇકાલે વાત થઇ હતી કે, નશાબંધીનું વિધેયક લાવ્યા. સસ્પેન્ડ કોણે કર્યા? અમે તો અહીંયા જ હતા. અધ્યક્ષશ્રીએ પણ સસ્પેન્ડ કર્યા નથી. બહુમતીના જૉરે તમે પ્રસ્તાવો લાવ્યા કે જેની માનનીય મંત્રીશ્રીને ખબર પણ ન હતી કે કયા નિયમ હેઠળ પ્રસ્તાવ લાવવાનો? અને એ પ્રસ્તાવથી સસપેન્ડ કર્યા તો કાલે ચર્ચામાં ભાગ લેવાની વાત આવતી હોય(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ જ દિવસનું સત્ર છે અને તમે વિપક્ષને એક દિવસ માટે સસ્પેન્ડ કરી દો. અમે કયાં વેલમાં ગયા હતા કે ધમાલ કરી હતી? અમારા પ્રશ્નો નહોતા લેવાતા એની અમે રજૂઆત જ કરી હતી. તેમ છતાં બહુમતીથી સસપેન્ડ કર્યા. મારી આપને અને સરકારશ્રીને વિનંતી છે કે, આ વિષય પર આવતીકાલે આખો દિવસ ચર્ચા થાય. દૂધનું દૂધ અને પાણીનું પાણી થાય. સાથે જ આખા ગુજરાતનું ભવિષ્ય જે તમારા, મારા દરેક ઘરની ચિંતા છે એ ચિંતા માટે પૂરી મોકળાશથી ચર્ચા થાય અને આખી ચર્ચા લાઇવ થાય એવો આવતીકાલનો આખો દિવસ રાખો એમાં અમે સંમત છીએ.

અધ્યક્ષશ્રી : આપ સૌના ધ્યાન ઉપર રહે અને મેં પહેલાં પણ કહ્યું છે કે, આ વખતે માનનીય ધારાસભ્યશ્રીઓ દ્વારા જે ચર્ચાઓ થઇ છે એ બધી જ ચર્ચાઓ યુ-ટ્યૂબ પર આપવાના મને મળેલા અધિકારનો ઉપયોગ કરીને મેં આ બાબતે કામકાજ સલાહકાર સમિતિમાં પણ ચર્ચા કરી હતી અને આપવાનું ચાલુ પણ કર્યું છે. અત્યારે જે ચર્ચાઓ થાય છે એ બધી જ ચર્ચાઓ યુ-ટ્યૂબ ચેનલ પર મૂકી સભ્યશ્રીઓને પણ આપવાનો નિર્ણય કર્યો છે, પરંતુ આપણે નક્કી કરીએ કે, તોફાનો પણ લાઇવ કરવામાં આવે તો એ ન થઇ શકે. આપણે વેલમાં ઘૂસી જઇએ અને તોફાનો કરીએ એ ગુજરાતની પ્રજાને બતાવો તો એના કારણે ગુજરાતની પ્રજામાં સારો મેસેજ ન જાય! એટલે મારો વિષય એટલો જ છે કે, હેલ્ધી ચર્ચા કરો અને એમાં તર્ક-વિતર્ક બધું જ થઇ શકે. સરકારની નીતિઓની ટીકા કરવાનો વિપક્ષને પૂરો અધિકાર છે અને એનો જવાબ આપવા માટે સરકાર બંધાયેલી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય હર્ષભાઇએ આ વિષય માટે ખુલ્લા દિલે ચર્ચા કરવા માટે આપને વિનંતી પણ કરી હતી. કદાચ સમય વધારવો પડે તો વધારજો. એમનો કહેવાનો વિષય એટલો જ હતો કે, આ ચર્ચા હેલ્ધી થાય અને આ ચર્ચાને પૂરેપૂરો સ્કોપ આપીએ. કારણ કે, ગુજરાતના યુવાનો માટે મહત્ત્વનો નશાબંધીનો વિષય સમગ્ર ગુજરાતની પ્રજા સુધી જાય. મારી આપશ્રીને વિનંતી છે કે, આજની જે કામકાજની યાદી છે એમાં સ્કોપ ઓપન રાખવામાં આવે. આ ચર્ચા હોય કે બીજી ચર્ચા હોય સમયની પાબંધી રાખવામાં ન આવે. આજનો આખો દિવસ છે અને આવતીકાલની જરૂર મને લાગતી નથી. પરંતુ સાંજ સુધી આ ગૃહ ચલાવી શકાય એમ છે. જેથી, આ વિષયમાં પણ ચર્ચા થઇ શકે. પણ તેઓ વેલમાં ઘસી આવ્યા. આ વિષય પર ખુરશી પર બેઠાં-બેઠાં એમની વાત રજૂ કરી શક્યા હોત, પરંતુ એમ ન કરતાં મીડિયા હેડલાઇન બને, છાપાઓમાં આવે અને એમના દ્વારા પ્રજાની વચ્ચે ઉશ્કેરાટભર્યા ભાષણો કરવામાં આવે છે એ પ્રકારનું વર્તન કરી ડૉ. બાબાસાહેબ આંબેડકરે ઘડેલા બંધારણના નીતિ-નિયમોની વિરુદ્ધ જઇ એમણે ડૉ. બાબાસાહેબ આંબેડકરનું અપમાન કર્યું છે. આપે એમને અહીંથી આજે દૂર કર્યા છે એટલું જ પૂરતું નથી, પરંતુ આ બાબતમાં સવિશેષ બંધારણની મર્યાદામાં જે પગલાં લેવાતાં હોય એ લેવા માટે વિનંતી છે. ગૃહની અવમાનના અને અવહેલના થઇ છે. આપ સંયમ અને ધીરજ જાળવો. માનનીય

અધ્યક્ષશ્રીના કહેવા છતાં પણ ત્યાં ગયા અને ફરી પાછા આવ્યા. ગૃહ એક રણમેદાન બને એ પ્રકારની પ્રવૃત્તિ બિલકુલ સાંખી લેવાય એમ નથી. મેં માનનીય અધ્યક્ષશ્રી પર છોડ્યું છે. આપે બે-બે વખત કહ્યું......

અધ્યક્ષશ્રી : અહીંયા ઓપન અને હેલ્ધી ચર્ચા થાય એ માટેનું આ પ્લેટફોર્મ બને એવું હું ઇચ્છું છું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષભાઇએ ખૂબ વિનમ્રતાપૂર્વક વાત મૂકી અને આપે પણ ધ્યાન દોર્યું કે, મારો અધિકાર છે. એ પછી જે પ્રકારે કૉંગ્રેસના સભ્યશ્રી જિગ્નેશભાઇ મેવાણી...... હું વર્ષોથી જાહેર જીવનમાં છું. ધારાસભ્ય બન્યો એ પહેલાંથી વિધાનસભાની ગેલેરીમાં બેસું છું. ગુજરાતના ઇતિહાસમાં આ પ્રકારની બોડી લેંગ્વેજ સાથે, રીતસરનો ઝઘડો કરવા અને મારામારી કરવા માટે નીકળ્યા હોય એવું હું માનું છું. આ સન્માનનીય સભાગૃહ ગુજરાત રાજ્યના લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. અહીંથી કાયદા, નિયમો અને રાજ્યની જનતાના હિતની નીતિઓ બને છે. એવા સમયે હું આપને વિઝ્યુઅલ જોવા વિનંતી કરું છું. આ કોઇ ઝઘડાનો અખાડો છે? આપણે લોક પ્રતિનિધિશ્રીઓ છીએ અને જનતાએ આપણને ચૂંટીને મોકલ્યા છે. હું પુનઃ ધ્યાન દોરું છું કે, જે વિષય હતો તે નિયમ-૧૧૬ની નોટિસની બાબત હતી. એ નોટિસ ઉપર કોઇપણ ચર્ચા ન કરી એમાં કોંગ્રેસની આ પ્રકારની માનસિકતા છતી થાય છે. કોંગ્રેસે એમને અટકાવ્યા નથી. સમગ્ર કોંગ્રેસ પક્ષ જવાબદાર છે. આપે રૂલિંગ આપ્યા, દસ વખત બેસી જવાનું કહ્યું. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, આપે જે કહેવું હોય તે ટૂંકમાં કહી દો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપે એકવાર, બે વાર કે ત્રણ વાર નહીં, પરંતુ રેકર્ડ જુઓ તો લગભગ દસથી વધારે વખત બેસી જવાનું કહેલ છે, તેમ છતાં વારંવાર અહીંયા આવ્યા છે. આ સભાગૃહના માનનીય અધ્યક્ષશ્રીનું અપમાન થયું છે. એમને સખત ઠપકો આપવામાં આવે. આવું ફરી કયારેય ન કરી શકે એ પ્રકારનાં પગલાં લેવામાં આવે તેવી આ સભાગૃહ અપેક્ષા રાખે છે.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, હવે ટૂંકમાં પૂરો કરો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એક નિર્ણય થઇ ગયો. આપે ગઇકાલે સસ્પેન્ડ કર્યા એની ઉપર માનનીય અમિતભાઇ દ્વારા કૉમેન્ટ કરવી તે આ વિધાનસભાના નિયમોના નિયમની બહાર છે. તેઓશ્રી કોંગેસ પક્ષના નેતા છે એમને સમજ હોવી જોઇએ કે આ નિયમથી ચાલતી વિધાનસભા છે.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, આપે જે કહેવું હતું તે આવી ગયું છે. ટૂંકમાં હોય. આ ડિબેટ નથી. આ માત્ર પોઇન્ટ ઓફ ઓર્ડર છે. એક મિનિટ, મેં એમને બેસાડ્યા છે અને તમને કહું છું. મારે એ બાબતનું ધ્યાન દોરવું જોઇએ કે માનનીય અમિતભાઇએ સભ્યશ્રીઓને ઇશારો કરીને કહ્યું કે તમે બેસી જાઓ. મેં મારી નજરે જોયું છે. માનનીય કાંતીભાઇ, હું બોલું છું તમે બેઠા-બેઠા કોમેન્ટ નહીં કરો. એમણે એમના સભ્યશ્રીઓને કહ્યું કે તમે બેસી જાઓ. બહાર આવેલા સભ્યશ્રીઓ બેસી ગયા. એકમાત્ર શ્રી જિગ્નેશભાઇએ બહાર જઇને એમની વાત ન માની. બાકીના મોટાભાગના સભ્યશ્રીઓએ વાત માની છે અને એમણે કહ્યું કે બેસી જાઓ અને બેસવા માટેનો પ્રયત્ન પણ કર્યો છે એની મારે નોંધ લેવી જોઇએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય ગૃહમંત્રીશ્રીએ નિયમ-૧૧૬ની નોટિસની આધીન કહ્યું કે ચર્ચા લાઇવ થવી જોઇએ. એમણે ખુલ્લો સ્કોપ પણ આપ્યો કે ડ્રગ્સ બાબતમાં બધા ગુજરાત રાજ્યને બદનામ કરે છે એ બાબતની ચર્ચા થાય એ ખૂબ સારી બાબત છે. કામકાજ સલાહકાર સમિતિની મિટિંગમાં નક્કી થયું હતું કે, એજન્ડાને આધીન, ખાસ કરીને આજના બિલો છે એ બિલો અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ પૂરો ન થાય ત્યાં સુધી હાઉસ લંબાવવાનું થાય તો આપણે હાઉસ લંબાવી શકીએ છીએ. એક-બે દિવસ પહેલાં પ્રધાનમંત્રીશ્રીનો પ્રસ્તાવ લઇને મુખ્યમંત્રીશ્રી આવ્યા હતા અને સમયમર્યાદા ફિક્સ હોવા છતાં ૧૦-૧૫ મિનિટનો સમય વધારવા માટે શાસક પક્ષ તરફથી દરખાસ્ત મૂકવામાં આવી તો કોગ્રેસ પક્ષ તૈયાર થઇ ગયું. માનનીય મુખ્યમંત્રીશ્રીનો જવાબ બાકી છે તો એમાં અમે ના પાડી નથી, પણ નિયમ-૧૧૬ની નોટિસ બાબતમાં ભલે માનનીય મંત્રીશ્રીએ સ્કોપ ઓપન કર્યો છે પણ આપના પાવર છે. જેટલા ઓછા સ્કોપમાં નિયમ-૧૧૬ની નોટિસમાં આની ચર્ચા થાય એવું હું પોતે ઇચ્છું છું અને એ પ્રમાણે થવું જોઇએ. કારણ કે, નિયમ-૧૧૬ની નોટિસમાં લાંબી ડિસ્કશન કરીશું તો એક નવી પ્રથા પડશે અને એમની લાગણી સાથે પણ સંમત છું જે રીતે અમારા નેતાએ કહ્યું કે ડ્રગ્સ માટે સમગ્ર ગુજરાત ચિંતામાં છે. યુવાધનને બરબાદ થઇ રહ્યું હોય, યુવાધનને બદનામ નથી કરતા પણ યુવાધન બરબાદ થઇ રહ્યું છે. એના માટેની હેલ્ધી ચર્ચા માટે એક દિવસનું સત્ર વધારો તો પણ અમારી પૂરેપૂરી તૈયારી છે. કાલે રાંધણ છઠ્ઠ છે. આપણે તો કંઇ રાંધવાનું છે નહીં, બહેનોને છૂટ્ટી આપજો. આપણે તો બેસી રહેવાનું છે તો આપણે અહીંયા રાંધીશું. બીજું, માનનીય જીજ્ઞેશભાઇની બાબતમાં જે ચર્ચા થઇ, જે આગેવાનોએ ચર્ચા કરી, શ્રી જીજ્ઞેશભાઇ કોંગ્રેસના મેન્ડેટ ઉપર જીતેલા કોંગ્રેસના અમારા ધારાસભ્ય છે. કોંગ્રેસ પાર્ટીના અમારા કાર્યકારી પ્રદેશના પ્રમુખ છે. બીજું, શ્રી જીજ્ઞેશભાઇએ બંધારણ વિરુદ્ધની વાત કરી છે, બંધારણને સમજતા નથી એ વાત જે વિધાનસભાગૃહમાં જે મિત્રો રજૂઆત કરી રહ્યા છે, હું મિત્રોની વાત કરું છું, આપ નહીં..

અધ્યક્ષશ્રી : મેં બંધારણ પ્રમાણે જ સૂચના આપી છે અને એ પ્રમાણે જ એમણે માન્યું નથી. એ વાતની તમે અવગણના કરી શકો નહીં.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એટલે બંધારણનું પાલન શ્રી જીજ્ઞેશભાઇ કરતા નથી એ કહેનારા આપણે કોણ? એટલા માટે કહું છું કે એમની જે સાચી હકીકત, સાચી વાત હતી કે જે બનાવો બન્યા છે, એમાં જેને ન્યાય મળવો જોઇએ એ ન્યાય બંધારણમાં જ આવે છે. એ હકીકત છે, માનો કે શ્રી જીજ્ઞેશભાઇ વેલમાં આવ્યા.

અધ્યક્ષશ્રી : એટલે આપ એવું માનો છો કે ગમે તે મન પડે એવી ચર્ચા કરી શકે? આ નિયમ પ્રમાણે ના ચાલે એવું આપ માનો છો?

શ્રી શૈલેષ મ. પરમાર : હું એવું કહેતો નથી.

અધ્યક્ષશ્રી : તો આપ એવું માનો છો કે શ્રી જીજ્ઞેશભાઇએ જે વ્યવહાર કર્યો એ સાચો અને સારો છે? એ બાબતને આપ સાચું ઠેરવો છો?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ-૫૧ મુજબનો આપનો જે નિર્ણય છે. આપે એમને કહ્યું કે સભાગૃહમાંથી બહાર લઇ જાવ. એ નિયમ-૫૧ પ્રમાણે આપે જે ઓર્ડર કર્યો એ ઓર્ડરને અમે સ્વીકારીએ છીએ, પણ વ્યકિતગત શ્રી જીજ્ઞેશભાઇની જે વાત છે, હું એ વાત કરું છું માટે તમારે કોઇએ શ્રી જીજ્ઞેશભાઇની ચિંતા કરવાની જરૂર નથી અને શ્રી જીજ્ઞેશભાઇ જે કરી રહ્યા છે એ કોંગ્રેસ પાર્ટીને આધીન કરી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીના બેરામાં કરી રહ્યા છે. (અંતરાય) સાંભળો..સાંભળો. (અંતરાય) મારી વાત પૂરી થવા દો. હું વિધાનસભા ગૃહની અંદરની વાત કરતો નથી. હું વિધાનસભા ગૃહની અંદર બનેલી ઘટનાની વાત કરતો નથી પણ ગુજરાતની વિધાનસભા ગૃહની બહાર જે પ્રજા વચ્ચેની વાત છે, એ ન્યાયની વાત કરતા હોય છે અને એ ન્યાયની વાત તમને ખટકે છે માટે શ્રી જીજ્ઞેશભાઇને ટાર્ગેટ કર્યા છે.

અધ્યક્ષશ્રી : એટલે એ એવું કહે છે કે અહીંયા જે ગૃહમાં કાર્યવાહી થઇ છે એ એમની વ્યાજબી નથી. એની સાથે કોંગ્રેસ પક્ષ સંમત નથી. ગૃહની બહાર જે ચર્ચા કરે છે, જે કામ કરે છે એની સાથે કોંગ્રેસ પક્ષ સંમત છે. આવી વાત ત્યાં આગળ અત્યારે હાલ થઇ છે. મારે એ વિષયની ચર્ચામાં પડવું નથી, પરંતુ અહીંયા ગૃહની અંદર કોઇપણ પોલિટિકલ પાર્ટીના કાર્યકર્તા હોઇએ તમે એને બાજુમાં મૂકીને આ વિધાનસભાના સભ્ય છીએ એટલે આપણા માટે શ્રીમદ્ ભાગવત ગીતા કહીએ કે બાઇબલ કહીએ કે તમે જે માનતા હોય તે આપણા માટે આપણું બંધારણ છે. આપણા માટે વિધાનસભાના નિયમો છે. આ ગૃહની કાર્યવાહી માટે એને માનીને ચાલવું એ તમામે તમામ સભ્યોની જવાબદારી છે. પોતાની નૈતિક ફરજ પણ છે અને એનું આપણે ઉલ્લંઘન કરીએ તો હું માનું છું કે આપણે બંધારણનું ઉલ્લંઘન કરીએ છીએ એને માનતા નથી. માનનીય શૈલેષભાઇ, આ વાતને તમારે પણ સ્વીકારવી જ પડશે. આ બાબત તમે હોય કે હું હોઉં બધાએ સ્વીકારવી પડે. હું પણ બંધારણથી અહીંયા ચેર ઉપર બેઠો હોઉં તો હું નિયમથી ઉપરવટ નથી. એમ અહીંયા બેઠેલા કોઇપણ સભ્યશ્રી આપણે વિધાનસભાના નિયમોના ઉપરવટ કોઇ નથી, એટલે હવે આ વિષયની ચર્ચા અહીંયા પૂર્ણ કરીએ અને હવે માનનીય મંત્રીશ્રી જવાબ આપે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, નાનાં નાનાં મારાં બાળકો, ભૂલકાઓ, ચાહે મોરબી હોય, રાજકોટ હોય એની અંદર પોતાના..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપની પાસે પણ મારી અપેક્ષા એવી હશે કે તમારે પણ સ્વીકારવું જ પડશે. (અંતરાય ) તમે મારી વાત સાંભળો, હું શું કહેવા માગું છું એ તો તમે સાંભળો! મારી તમારી પાસે એ અપેક્ષા હશે કે પોલિટિકલ વિષયની અંદર જવાની જગ્યાએ આ રાજયના હિતમાં ખૂબ ગંભીર વિષય છે અને એ જ પ્રમાણે તમે જયારે ઓપન શરૂઆત કરી છે, તો એ જ પ્રમાણે રાજકારણને તમે આ પક્ષ કે પેલા પક્ષને બાજુમાં મૂકી રાજયના હિતમાં આની પૂરી ચર્ચા થાય એ પ્રમાણે તમે શરૂઆત કરો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આપની જે અપેક્ષા છે એ પ્રમાણે ખરા ઉતરીશું, પરંતુ મારું માત્ર રાજયની જનતાને સાચી માહિતી જાય તે માટે મને માત્ર એક જ મિનિટનો સમય જોઇએ છે અને એ એટલા માટે માગું છું કારણ કે મને પહેલેથી શંકા હતી અને આ શંકા હકીકતમાં બદલાઇ. આ ચર્ચા માટે કાલની ચર્ચામાં જ મેં જયારે શ્રી ઉમેશભાઇએ અને શ્રી હેમંતભાઇએ જે પ્રશ્ન પૂછેલાત્યારે બે હાથ જોડીને ચેર પર મેં વિનંતી કરેલ હતી કે કાલે ડ્રગ્સની ચર્ચામાં ગુજરાતના ખૂણેખૂણાનો કોઇપણ પ્રશ્ન હશે, સ્કોપ અને સ્કોપની બહારનો હશે તો હું બંધાયેલો છું કે એનો જવાબ આપવાનો પ્રયત્ન કરીશ. દુઃખ શેનું એનો મને અંદાજ છે. રાજ્યના લોકોને ગેરમાર્ગે દોરવાના જે પ્રયત્નો હતા એમાં રાજયની જનતા જોડાઇ નથી, સાથોસાથ પરિવારના સભ્યો પણ ન જોડાયા. એ દુઃખ હું સમજી શકું છું. એ દુઃખ એમનું હું સમજી શકું છું. પરંતુ એ દુઃખ મારા રાજયના નાનાં નાંના બાળકોના મોતના નામે રાજનીતિ કરે એ ગુજરાતનો ક્યારેય વ્યવહાર રહ્યો નથી. હું મારા આ રાજયનાં નાનાં નાનાં બાળકોનાં નામે થતી આ રાજનીતિની સામે જે ચર્ચાનો વિષય છે. કાલે જે વિષયોની ચર્ચા થઇ કે ડ્રગ્સની ચર્ચા કરતાં નથી. ડ્રગ્સની ચર્ચા આજે આવી તો ડ્રગ્સની ચર્ચા કઇ રીતે ન થઇ શકે તે માટે યોજનાપૂર્વક ડ્રગ્સની ચર્ચા થાય ત્યારે આ ચર્ચા કરતાં નથી. તે ચર્ચા માટે અહીંયા આવશે ત્યારે કહેશે કે ડ્રગ્સની ચર્ચા થતી નથી. જવાબ સાંભળ્યા પછી ડ્રગ્સ માટે ચિંતા હોત તો આ ૨૬ મિનિટ રાજયની વિધાનસભા ગૃહમાં ડ્રગ્સ માટેના અનેક પ્રશ્નો અલગ અલગ પૂછી શકતા હોત. હું ફરીથી કહું છું કે જાણી જોઇને ગૃહની અંદર કંઇ રીતે સૂચારૂરૂપે ગૃહ ન ચાલી શકે તે માટે યોજનાપૂર્વક આજે આ પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ કઇ રીતે ચાલે? દુઃખ એમનું છે. (અંતરાય) વારંવાર નહીં. પ્રશ્ન તમે ઊભો કર્યો છે. (અંતરાય) જવાબ જ આપીશ. જે સરકારને પ્રશ્ન

પૂછ્યો છે એનો જવાબ આપીશ. આ ભાષણ કરવાનું સ્થળ નથી તો શું થતું હતું? શું કરવા માગતા હતા? વિધાનસભાના નિયમો એમને ખબર ન હતા? આ કલમ પર ચર્ચામાં શું થાય એની એમને ખબર ન હતી?

અધ્યક્ષશ્રી : એમણે જે કર્યું છે એટલા માટે એમને બહાર કાઢ્યા છે.

શ્રી હર્ષ ર. સંઘવી : વિધાનસભાના સત્ર રેગ્યુલર આવતા જ હોય છે. નિયમ પ્રમાણે ચર્ચા કરવા માટે આવે અમે ૧૦૦ ટકા ચર્ચા કરીશું અને જવાબ આપીશું.

અધ્યક્ષશ્રી : હવે જવાબ આપો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, તક્ષશીલાની ઘટના બની, મોરબીની ઘટના બની, ટી.આર.પી. ઝોનની ઘટના બની, એક પણ કોંગ્રેસનો કાર્યકર્તા બચાવવા માટે ત્યાં ન હતો. (અંતરાય) માત્ર અને માત્ર રાજનીતિ કરવા માટે, માત્ર ફોટા પડાવવા માટે. મારા રાજ્યનાં નાનાં બાળકોના જીવ ગયા છે. એના માટે રાજનીતિ કરે છે. કરો ચર્ચા.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ચર્ચાનો જવાબ આપો અને હેલ્ધી ચર્ચા થાય એવું વાતાવરણ બને એવો મારો પ્રયત્ન છે.

શ્રી હર્ષ ર. સંઘવી : વિધાનસભા નિયમો પ્રમાણે ચાલે છે.

અધ્યક્ષશ્રી : નિયમ બધાએ પાળવાના હોય છે.

શ્રી અમિત ચાવડા : આ રીતે *(xxx) કરવાની ન હોય. (અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ *(xxx) શબ્દ કઇ રીતે બોલી શકે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે ઊભા ઊભા ચર્ચા કરી શકો નહીં. હું એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી હર્ષ ર. સંઘવી : આ કઇ રીતે ચાલે? આવું ન ચાલે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બધા સભ્યોને મારી વિનંતી છે કે પોતાનું સ્થાન ગ્રહણ કરો. હવે સરસ સંસ્કૃતના શબ્દોમાં કહું છું એમાં બધા આવી જાય. માનનીય મંત્રીશ્રી, આપ પણ એમાં આવી જાઓ. (અંતરાય) આપણે બધા ખૂબ જવાબદાર લોકો છીએ. ગુજરાતની પ્રજાએ જવાબદારીપૂર્વક એમના પ્રશ્નોના ઉકેલ કરવા માટે અહીંયા મૂક્યા છે. હેલ્ધી વાતાવરણ રહે, હેલ્ધી ચર્ચા થાય એ આપણા બધાની જવાબદારી છે. એ ટ્રેઝરી બેન્ચની અને વિપક્ષની જવાબદારી છે. મારી તમને પ્રાર્થના છે કે મુખ્ય મુદ્દા ઉપરની ચર્ચા પર આવો. માનનીય મંત્રીશ્રીને પણ મારો આગ્રહ છે કે આજની તારીખે તમે જે વિષય લીધો છે, જેનો ખુલ્લા મને જવાબ આપવા માગો છો એનો જવાબ તમે આપો. એના અનુસંધાને પૂરું થયું હોય તો બીજા કોઇ સભ્યને કહું તો એ ચાલુ કરે અથવા એમાં કાંઇ પૂરક બાકી હોય તો જવાબ આપી દો. જે એમણે વાત કરી એટલા પૂરતું જ. વધારાના પ્રશ્નો હજુ આવશે એના તમારે જવાબ આપવાના છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ તા.૧૭–૭–૨૦૨૪ના રોજ એ.ટી.એસ.એ બાતમીના આધારે સુરત જિલ્લાના પલસાણા વિસ્તારમાં દર્શન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં રેડ પાડી. ૪ કિલો મેફેડ્રોન તથા ૩૧.૪૦૯ કિલોગ્રામ લિક્વિડ મેફેડ્રોન મળી કુલ કિંમત રૂ. ૫૧,૪૦,૯૦,૦૦૦/– નો જથ્થો પકડી પાડ્યો. ગુજરાત રાજ્યમાં ડ્રગ્સના કેસોમાં ટોપ ટુ બોટમ અને બોટમ ટુ ટોપની ઇન્કવાયરી ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવે છે અને આ જયારે ટોપ ટુ બોટમ અને બોટમ ટુ ટોપની પોલિસી પ્રમાણે ઇન્કવાયરી ચાલુ કરી તો આ ગુનાની તપાસમાં મુંબઇમાં અમુક લોકો આ માલ લઇને ગયા હતા અને ભીવંડી વિસ્તારમાં આવેલા ભાડાના ફલેટમાં ગેરકાયદેસર રીતે મેફેડ્રોન ડ્રગ્સ બનાવવાની ફેક્ટરી ચલાવતા હોવાની હકીકત ગુજરાતની એ.ટી.એસ.ને માહિતી મળી હતી. જેના આધારે એ.ટી.એસ.ના અધિકારીઓ તથા કર્મચારીઓએ અલગ અલગ ૭ ટીમો બનાવી ભીવંડી, પલસાણા અને જે માહિતી મળી એ બધી જ જગ્યા ઉપર એની ઉપર આગળ કામગીરી કરવા માટે ૭ ટીમો બનાવવામાં આવી. અનેક ટીમો દ્વારા વેશપલટો કરવામાં આવ્યો અને રાતદિવસ ભીવંડીમાં આ ટીમો દ્વારા અલગ અલગ જગ્યાઓ ઉપર વોચ ગોઠવવામાં આવી. આરોપી ભાડે ફલેટ રાખી ડ્રગ્સની ફેક્ટરી ચલાવતા હોઇ ફલેટના મૂળ માલિકનું નામ વિના આ જગ્યા શોધવી ખૂબ મુશ્કેલ હતી. વોચ દરમિયાન પોલીસની નજર એક ફુડ ડિલિવરી કરવા આવેલ વ્યક્તિ ઉપર પડી. એ ડિલિવરી આપવા જે તે એડ્રેસ ઉપર જવાના બદલે એ બિલ્ડિંગથી થોડે દૂર ઊભો રહીને કોઇની રાહ જોતો હતો. આ શંકાસ્પદ મુવમેન્ટ પોલીસના ધ્યાને આવી. થોડી વારમાં એક ઇસમ આ ફુડ ડિલિવરી લેવા માટે આવે છે. આ વ્યક્તિનો શારીરિક બાંધો આરોપી જેવો લાગે છે. આ વ્યક્તિ જે એપાર્ટમેન્ટમાં જાય છે એ ફલેટની કાચની બારી ઉપર ન્યૂસપેપર ચોંટાડેલા દેખાતા હોય છે અને ફલેટના છેલ્લા રૂમની બાલ્કનીની રેલિંગ ઉપર એક્ઝોસ્ટ ફેન ચાલુ હોવાનું ધ્યાને આવે છે. રેસિડેન્શિયલ મકાનોમાં આવા ફેન અસામાન્ય ગણી શકાય છે. આમ, ડ્રગ્સ પ્રત્યેની ખાસિયત જાણનાર એ.ટી.એસ.ના ચુનંદા અધિકારીઓ એટલું સમજી ગયા કે ડ્રગ્સ બનાવવાની પ્રોસેસમાં વપરાતા હેવીલી હેઝાર્ડસ કેમિકલથી બચવા માટે આવા એક્ઝોસ્ટ ફેનનો વપરાશ થતો હોય છે. ત્યારબાદ સાવચેતીપૂર્વક આરોપીઓ રેડ વખતે મુદ્દામાલનો નાશ ના કરી નાખે એ ધ્યાને રાખીને એ.ટી.એસ.ની ટીમ દ્વારા સદર ફલેટમાં રેડ કરવામાં આવતા આરોપી મહંમદ યુનુસ એઝાઝ, મહંમદ તાહીર શેખ, મહંમદ આદિલ, મહંમદ તાહીર શેખને ભીવંડી મહારાષ્ટ્રના ફલેટમાં ચલાવી રહેલ મેફેડ્રોન બનાવવાની ફેક્ટરી સાથે ૭૯૩.૨૩૨ કિલોગ્રામ લિક્વિડ મેફેડ્રોન તથા અન્ય મુદ્દામાલ મળીને કિંમત રૂપિયા ૮૦૦ કરોડનો જથ્થો પકડવામાં આપણી ગુજરાત એ.ટી.એસ.ને ખૂબ મોટી સફળતા મળી છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : ગુજરાત રાજયમાં એન.ડી.પી.એસ. વર્ષ ૧૯૮૫માં આ ગુનેગારો જે પકડાયા છે એ ફરી આ કામ ન કરે એના માટે શું કામગીરી કરવામાં આવી છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા પહેલા પ્રશ્નની અંદર જ વાત કરી કે ગુજરાત પોલીસે ટોપ ટુ બોટમ અને બોટમ ટુ ટોપની ઇન્કવાયરીની પોલિસી અપનાવી છે. કાલે મારા અનેક મિત્રો દ્વારા એવું કહેવામાં આવેલું કે માત્ર નાના નાના લોકોને પકડી લેવામાં આવે છે અને મુખ્ય લોકો છૂટી જાય છે. દેશનો પહેલો દાખલો કે બે સ્ટેટ સાથે મળીને કામગીરી કરે અને એમાં જે મુખ્ય આરોપી હોય એની પ્રોપર્ટીથી લઇને ડ્રગ્સના કારોબાર થકી કમાયેલી બધી જ રકમો જપ્ત કરવામાં સફળતા મળે અને એ સફળતા એન.ડી.પી.એસ.ના ગુનાઓમાં ખાસ કરીને ગુજરાત પોલીસ અને ઓરિસ્સાની જે એ.ટી.એસ. છે એમણે સાથે મળીને કેસ કર્યો જેમાં સુનિલ વૃંદાવન પાન્ડી અને અનિલ વૃંદાવન પાન્ડી એટલે કે પાન્ડી બ્રધર્સના નામથી દેશભરના સૌથો મોટા ગાંજાના વેપારી તરીકે ઓળખાતા પાન્ડી બ્રધર્સને પકડવામાં ગુજરાત પોલીસને સફળતા મળી. પરંતુ સાથે સાથે તેમનો મહેલ એમ કહેવાય છે કે, ઓરિસ્સામાં તે શીશ મહેલ તરીકે ઓળખાય અને તે એકરોમાં ફેલાયેલો મહેલ છે. ખૂબ મોટી કરોડો રૂપિયાની ગાડીઓ છે. આ બધી જ મિલકત એન.ડી.પી.એસ. એકટ અંતર્ગત સીઝ કરવામાં ગુજરાત પોલીસને ઓરિસ્સાની મદદથી સફળતા મળી છે. તે જ રીતે મહેશા ધોરાજી ગોપાલભાઇ વૈષ્ણવ, પીયૂષ અશોકભાઇ પટેલ અને વિજય વિજો ઓધવજી વસોયા આ લોકોએ અલગ અલગ કેમિકલ્સના માધ્યમથી ડ્રગ્સ બનાવતા હતા અને આના માધ્યમથી લાખો કરોડો રૂપિયાની કમાણી કરી હતી. આ એન.ડી.પી.એસ. એકટની અંદર આ પ્રકારનાં કડક પગલાં ના ભરીએ તો ભવિષ્યમાં આ પ્રકારનો ધંધો કરતા બીજા લોકો તેનાથી ડરે નહીં. તેના માટે તેમના ઉપર આ જ કલમ હેઠળ તેમની સંપૂર્ણ પ્રોપર્ટી જપ્ત કરવામાં ગુજરાત પોલીસને ખૂબ મોટી સફળતા મળી છે. એટલું જ નહીં આજે સાંજે જે કાયદો આવવાનો છે તે કાયદા પછી માત્ર ડ્રગ્સ નહીં પણ આ બધી જ પ્રોપર્ટીની નિલામી થશે એટલે કે ઓકશન થશે અને તેમાંથી જે રકમ પ્રાપ્ત થશે તે મારા રાજ્યના ગરીબ, શોષિત અને મધ્યમ વર્ગના નાગરિકોની સેવામાં વાપરવાની છે. નાર્કોટીક્સના ગુનાઓમાં ખાસ કરીને ગુજરાત એક જ એવું રાજ્ય છે કે, જયાં એ.ટી.એસ. કે એસ.ઓ.જી. દ્વારા નહીં પરંતુ રાજ્યના વિવિધ પોલીસ સ્ટેશનોમાં આ પ્રકારની ટ્રેનિંગ આપવામાં આવી છે કે, કયા પ્રકારે એન.ડી.પી.એસ. એક્ટ નીચે તમારે પકડવાનું. છેલ્લાં ત્રણ વર્ષમાં ગુજરાત પોલીસના મોટા ભાગના સ્ટાફને આપણે આ ટ્રેનિંગ આપવામાં સફળ થયા છીએ.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના હાલના દરિયાકિનારે જેમ કે કચ્છ, દ્વારકા, નવસારી, પોરબંદરમાં અનેક જગ્યાએ બિનવારસી ડ્રગ્સ ગુજરાત પોલીસે સઘન ચેકિંગ કરીને પકડેલ છે તેની માહિતી માનનીય મંત્રીશ્રી આપશો. સાથે સાથે ધન્યવાદ આપવા માગું છું કે, કચ્છ જેવા વિસ્તારમાંથી પોલીસે સઘન ચેકિંગથી અનેક ડ્રગ્સ પકડ્યું છે. જેવી રીતે અહીં વેલમાં આવીને કાયદાનું હનન થયું તે જ પ્રકારે કાયદા અને નિયમોથી પર કોંગ્રેસના જવાબદાર લોકો કચ્છમાં પ્રેસ કરે છે અને પોલીસને ધમકાવે છે કે કોમ્બિંગ કરવાનું નહીં. હું ગુજરાત પોલીસને ધન્યવાદ આપવા માગું છું કે, તેમની ધમકીઓથી ડર્યા વગર તેમના ઘરમાં જઇને કોમ્બિંગ કરી આ વસ્તુ બહાર લાવ્યા છે. તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી આવી સઘન ચેકિંગની માહિતી જાણવા માગું છું?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, દેશના લોકપ્રિય પ્રધાનમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીજી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શનમાં દેશની વિવિધ એજન્સીઓ જેમાં નેવી હોય, કોસ્ટગાર્ડ હોય, એન.સી.બી., હોય અને ગુજરાત પોલીસ એ.ટી.એસ. દ્વારા આપણી આ ગુજરાતની ૧૬૦૦ કિલોમિટરની દરિયાઇ બોર્ડરને કેવી રીતે સુરક્ષિત કરી શકીએ. લોકો ગુજરાતમાં ગેરકાયદેસર ડ્રગ્સ કે બીજી કોઇ વસ્તુ ઘૂસાડવાનો પ્રયત્ન કરતા હોય તેને રોકવામાં કઇ રીતે કામગીરી કરી શકાય તેના માટે સેન્ટ્રલ એજન્સીઓ જોડે સંકલન કરીને સઘન ચેકિંગ કરવામાં આવે છે. અગાઉ આપણે અનેક કિસ્સાઓ જોયા છે. આપણે ૩૦-૪૦ વર્ષ પહેલાં જોઇએ તો આ જ પોરબંદર, આ જ દરિયાઇ બોર્ડર તેમાં કચ્છ હોય, પોરબંદર હોય, દમણ હોય, નવસારીની આસપાસની હોય, વલસાડની હોય તે બધી જ જગ્યાઓ દાણચોરીના સૌથી મોટા કેન્દ્ર હતા. તે દાણચોરો ધીમે ધીમે રાજ્ય નહીં પણ દેશના ભાઇ બની ગયા, ગુંડાઓ બની ગયા. જેમણે આ દેશમાં અનેક દેશવિરોધી કૃત્યો કરવામાં કયારેય કોઇ કસર છોડી નથી. આનો સામનો કરવા માટે અને આપણું રાજ્ય પંજાબ જેવું ન બની જાય તે માટે ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં જે દિવસે તેમણે મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા તેના પછી પહેલી કેબિનેટ બેઠકમાં ડ્રગ્સ સામે લડાઇ લડવાનું નક્કી કર્યું. ડ્રગ્સ સામે લડાઇ લડીએ અને એ પકડાય એટલે દેખાય અને અનેક રાજયો એવાં છે કે ડ્રગ્સના કેપિટલ તરીકે ઓળખાય છે, પરંતુ ત્યાં આ પ્રકારની ઇફેક્ટીવ કામગીરી રાજનૈતિક અને કયાંક અને કયાંક પોતાની સત્તા સાચવી રાખવા માટે અને બધું ગુડી ગુડી બતાવવા માટે આ પ્રકારની ડ્રાઇવ ન ચલાવવાના કારણે અનેક રાજયના યુવાનોનું જીવન બરબાદ થઇ ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ડ્રગ્સ પકડવા માટે ગુજરાત પોલીસના, ગુજરાત એટીએસના જવાનો રાત-દિવસ એક કરીને અનેક લોકોએ દિવાળીના તહેવારનો ત્યાગ કર્યો હશે, અનેક લોકોએ પોત પોતાના દીકરા-દીકરીના જન્મ દિવસનો ત્યાગ કર્યો હશે, અનેક લોકોએ ગોળીઓનો સામનો કરીને ભારત પાકિસ્તાનની બોર્ડર પર જઇને ડ્રગ્સ પકડવાનું કામ કર્યું હશે. હવે આ પ્રકારની કામગીરી કયારેય કોઇએ જોઇ નહોતી. પાકિસ્તાનમાં બેઠેલાં આકાઓ મનફાવે એ રીતે દુનિયાભરમાં આ જ રીતે ડ્રગ્સનો કારોબાર કરે અને ગુજરાતની બોર્ડર ધીરે ધીરે કરીને પ્લાનિંગ, ટેકનોલોજીનો ઉપયોગ કરીને, બાતમીદારોનો

ઉપયોગ કરીને વધુમાં વધુ ધ્યાન રાખીને આપણે અભિયાનના બદલે લડાઈની શરૂઆત કરી અને આ લડાઇ ધીરે ધીરે એટલી મજબૂત થઇ ગઇ કે કોઇના હસ્તક ભારતની અંદર ડ્રગ્સ મોકલવાની કોશિશ કરે. બોર્ડર પર જયારે પાકિસ્તાનની બોટ દ્વારા ભારતની બોટમાં જયારે ડ્રગ્સને ટ્રાન્સફર કરતા હોય તેની પહેલાં પોલીસ દ્વારા આ પકડવામાં જયારે સફળતા પ્રાપ્ત થઇ હોય ત્યારે આ પ્રકારના ડ્રગ્સના કારોબાર કરતા લોકો દ્વારા ખાસ કરીને આ પ્રકારનું સઘન ચેકિંગ ચાલતું હોય, ત્યારે સઘન ચેકિંગના ડરથી દરિયામાં ડ્રગ્સ એમને એમ છોડવાના કિસ્સા પહેલી વખત નજરે પડે છે. અને આ સઘન ચેકિંગનું સૌથી સારું રિઝલ્ટ છે અને તેના કારણે કચ્છ, ગીર-સોમનાથ, પોરબંદર, નવસારી, વલસાડ આવા અનેક દરિયાકાંઠેથી આપણને ડ્રગ્સ મળ્યું છે. આ ડ્રગ્સની ડિલિરીવાળાએ અધવચ્ચે ડ્રગ્સ છોડીને ભાગી જવું પડયું છે તેને માત્ર સફળતા કરીને સરકારની વાહ વાહ કરવા માગતો નથી, પરંતુ આ દિશામાં આપણે કામગીરી કરીએ છીએ તેની સમજ અને તેની જાણકારી સૌને હોય તે માટે હું આ આખી માહિતી આપું છું અને સાથે સાથે ૬૬૧ કિલોગ્રામ ડ્રગ્સ આપણે આ પ્રકારે પકડવામાં સફળતા મળી છે અને તમે વિચારો કે જો કરોડો રૂપિયાનું ડ્રગ્સ આ ભારત દેશની અંદર વેચાય તો આ જ રૂપિયાના માધ્યમથી પાકિસ્તાનથી કયાંક અને કયાંક ભારત વિરોધી કૃત્ય કરવામાં આ પ્રકારનાં રૂપિયા કામ આવતાં હોય છે એટલે તેને રોકવામાં આપણને ખૂબ મોટી સફળતા પ્રાપ્ત થઇ છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય ગૃહમંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સન-૨૦૨૧ જે કચ્છના મુંદ્રા ખાતે ૨૧ હજાર કરોડ રૂપિયાનું ડ્રગ્સ એન.આઇ.એ. દ્વારા જે પકડવામાં આવ્યું હતું હાલ એ જથ્થો કયાં છે? તેનો નાશ કરવામાં આવ્યો છે કે કેમ? અને જો નાશ કરવામાં આવ્યો છે તો કોની નિગરાનીમાં આ જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે? સાથો સાથ માનનીય ગૃહમંત્રીશ્રીને એ પણ પૂછવા માગું છું કે, સન-૨૦૨૧થી ૨૦૨૪ સુધી એટલે કે વારંવાર જે કચ્છના વિવિધ ખાનગી પોર્ટ ઉપર ખાસ કરીને અદાણી પોર્ટ ઉપર ડ્રગ્સ પકડવામાં આવી રહ્યું છે કે પકડાઇ રહ્યું છે તો આવા કોઇ એના જે પ્રાઇવેટ અધિકારીઓ હોય છે અથવા તેના જે પ્રાઇવેટ માલિકો હોય છે તો તેની ઉપર રાજય સરકારે કોઇ પણ પ્રકારની તપાસ કરી છે? અથવા તો તેની પૂછપરછ કરી છે કે નથી કરી? અથવા કરી હોય તો તેના ઉપર કેવાં પ્રકારનાં પગલાં ભરવામાં આવ્યાં છે? આ જે ડ્રગ્સ જેવો વિષય છે તે આપણા ગુજરાત રાજયને બદનામ કરવાનો નથી. ઘણાં રાજયોમાં ડ્રગ્સ પકડાતા જ હોય છે અને આખા દેશનો આ પ્રશ્ન છે તો પછી સૌથી વધુ ગુજરાતમાં જ શા માટે બિનવારસી ચરસ હોય કે ડ્રગ્સ હોય કે કેફી પીણું પકડાઇ રહ્યું છે કે પકડવામાં આવે છે. પકડાઇ રહ્યું છે તે સારી બાબત છે, કેમ કે આપણી પોલીસ ખૂબ સતર્ક છે, જેથી કરીને ગૃહ રાજયમંત્રીના પ્રયત્નથી અને પોલીસ દ્વારા પકડાઇ રહ્યું છે જે બહુ સારી બાબત છે પણ બિનવારસી પકડાઇ રહ્યું છે તે બહુ મોટો ગંભીર વિષય છે. એના માટે ગૃહમંત્રીશ્રી આગળ શું કાર્યવાહી કરવા માગે છે? હું પી.ડી.પી.યુ. તરફ જતો હતો ત્યારે ખાસ કરીને ગિફ્ટ સિટીની આજુબાજુ ઘણા બધા યુવાનો નશામાં જોવા મળતા હતા. આપણા ગુજરાતના યુવાનો અને યુવતીઓને સ્વતંત્રતા હોય પણ એ પ્રકારની ન હોય કે નશામાં ચૂર થઇને પુલ ઉપર મન ફાવે એમ ગાડીઓ ચલાવે. એના માટે કોઇ કાર્યવાહી કરવા માગો છો કે કેમ? સાથે-સાથે મારા બોટાદ જિલ્લાની વાત કરું તો મેં એસ.પી. સાહેબની જિલ્લા સંકલન સમિતિમાં લેખિત પુરાવા સાથે બેથી ત્રણ વખત પોલીસ અધીક્ષકને સૂચનો આપ્યાં હતાં. પુરાવા સાથે આપ્યા હતા કે આ જગ્યાએ દેશી દારૂના અડ્ડાઓ ચાલે છે. એનું સરનામું આપ્યું હતું. એના વિડિયો આપ્યા હતા તેમ છતાં હજી સુધી બોટાદ પોલીસ અધીક્ષકે કોઇ કાર્યવાહી કરી નથી અને વારંવાર રજૂઆત કરવા છતાં કાર્યવાહી થતી ન હોય તો માનનીય અધ્યક્ષશ્રી મારફત ગૃહમંત્રીશ્રીને પૂછવા માગું છું કે તો શા માટે જિલ્લા સંકલન રાખવામાં આવે છે? એના માટે નક્કર કાર્યવાહી થવી જોઇએ. બીજું કે...

અધ્યક્ષશ્રી : ચાર પ્રશ્ન થયા.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : છેલ્લો જ પ્રશ્ન છે. બહુ મહત્ત્વનો પ્રશ્ન છે. પછી નહિ પૂછું.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં પૂછો. વર્ણન કરવા કરતાં જે પ્રશ્ન હોય એ પૂછો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : હું માનનીય ગૃહમંત્રીશ્રીને એ પણ પૂછવા માગું છું કે આવા જે બુટલેગરો છે, ડ્રગ્સ માફિયાઓ છે એમને હથિયારના પરવાનાઓ આપવામાં આવે છે. ખાસ કરીને મારા બોટાદની વાત કરું તો છેલ્લાં બે વર્ષમાં ૨૨ હથિયારના પરવાનાઓ આપવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : ગઇકાલે જ મંત્રીશ્રીએ કહ્યું છે કે એ પરવાના રદ કરવાનું કામ અમે ચાલુ કરી રહ્યા છીએ. એવો જવાબ એમણે આપ્યો છે એ આપને યાદ હશે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ પુરાવા આપની સમક્ષ મૂકવા માગું છું. આપ વાંચી લો.

અધ્યક્ષશ્રી : એ પુરાવા તમે પછી આપજો. આ પ્રશ્ન પૂછવા માટે છે. ભાષણ માટે નથી. એ લાઇસન્સ રદ કરવા માગો છો કે કેમ? એટલો જ વિષય છે ને?

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખાલી બોટાદની વાત નથી. જે ડ્રગ્સ માફિયાઓ છે, બુટલેગરો છે એની પાસે રિવૉલ્વર હોય. હું ધારાસભ્ય છું. મારી પર એૅટેક થયેલો છે. મેં જ્યારે સંરક્ષણની માગણી કરી ત્યારે મને એવું કહેવામાં આવ્યું હતું કે તમને લાઇસન્સ નહિ મળે. મેં એક પણ ગુનો કર્યો નથી. હું લોકો દ્વારા ચૂંટાયેલો છું. મને લાઇસન્સ

આપતા નથી અને બોટાદમાં ૨૨ લોકો જે ગુનેગારો છે, બુટલેગરો છે એને લાઇસન્સ આપ્યા એના પુરાવા હું રજૂ કરું છું. મારો પ્રશ્ન એ છે કે ધારાસભ્યને શા માટે રક્ષણ આપવામાં આવતું નથી?

અધ્યક્ષશ્રી : આપ બેસો. એમનું એવું કહેવું છે કે જેના પર કેસ હોય એનું લાઇસન્સ રદ કરવા માગો છો કે કેમ?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપશ્રી થકી માનનીય સભ્યશ્રીને વિનંતી છે કે ડ્રગ્સના કારોબાર કરતાં કોઇ વ્યક્તિ પાસે રિવૉલ્વરનું લાઇસન્સ હોય અને એવું તમને ધ્યાનમાં આવ્યું હોય તો તમે જરાય શરમ વગર જાહેરમાં નામ આપજો જેથી અમને લાઇસન્સ રદ કરવામાં વધારે મદદ મળે. મેં કાલે પણ આપને કહ્યું છે. મેં વ્યક્તિગત રીતે આપને કહ્યું છે કે '' આ પ્રકારના કોઇ પણ વ્યક્તિ ધ્યાનમાં આવે તો અમે એના લાઇસન્સ રદ કરવાની પ્રક્રિયા કરીશું. છેલ્લાં બે વર્ષમાં ગુજરાત નહિ પણ સમગ્ર દેશમાં ગૃહ વિભાગ દ્વારા સૌથી ઓછા લાઇસન્સ અપાયા હશે. અહીંયાથી ડબલ આંકડામાં પણ લાઇસન્સ આપવામાં આવ્યા નથી. બોટાદ જિલ્લાની કોઇ બાબત હશે, કોઇ પર્સનલ ઇશ્યુ હશે તો હું જરૂરથી એની પર ચિંતા કરીશ. એમણે અદાણી પોર્ટ પરથી જે ડ્રગ્સ પકડાયાની વાત કરી એ ડ્રગ્સ પકડ્યું છે. અમે જ પકડ્યું છે. એન.સી.બી. દ્વારા એ ડ્રગ્સ પકડવામાં આવ્યું છે. એન.આઇ.એ. દ્વારા એ તપાસ ચાલુ છે. હું મારા મિત્ર શ્રી ઉમેશભાઇ મકવાણાને ખાસ જાણકારી આપવા માગું છું. પણ ગુજરાત પોલીસે માત્ર અદાણી પૉર્ટ પરથી જ ડ્રગ્સ પકડ્યું નથી. ગુજરાત પોલીસે ગુજરાતથી હજારો કિલોમીટર દૂર જઇને કલકત્તાના પોર્ટમાંથી પણ ડ્રગ્સ પકડવાની સફળતા પ્રાપ્ત કરી છે. ડ્રગ્સ પકડ્યા પછી તેનો નાશ કરવાના નિયમો હોય છે. તે નિયમોને આધીન માત્ર ગુજરાત જ નહીં, દેશભરમાં ડ્રગ્સ પકડ્યા પછી તેની વિડિયોગ્રાફી અને તેના રૂલ્સ-રેગ્યુલેશન પ્રમાણે તેનો નાશ કરવો પડતો હોય છે. એન.આઇ.એ. દ્વારા તેની તપાસ ચાલે છે તેથી તેનો કેટલો ભાગ નાશ થઇ ગયો છે અને કેટલો ભાગ બાકી છે તેની માહિતી નથી, પણ એન.આઇ.એ. પાસેથી માહિતી મેળવીને હું શ્રી ઉમેશભાઇને અંગત રીતે જરૂરથી માહિતી આપીશ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ડ્રગ્સની હેરાફેરી તે માત્ર રાષ્ટ્ર વિરુદ્ધનો ગુનો નથી પરંતુ માનવતા વિરુદ્ધનો ગુનો છે. આખી નવી પેઢીને આ ડ્રગ્સનું દૂષણ ખલાસ કરી નાંખે અને ભવિષ્યની પેઢી નિર્માલ્ય થઇ જાય તે પ્રકારની આ પ્રવૃત્તિ છે એટલે તેને નેસ્તનાબૂદ કરવી જ રહી. બીજા બધા માદક પદાર્થો કરતાં ડ્રગ્સની હેરાફેરી કરવી પ્રમાણમાં સહેલી છે. માત્ર એક કે બે ગ્રામ ડ્રગ્સ માણસને નશો કરાવી શકે છે એટલા માટે તેને પકડવું ખૂબ અઘરું હોય છે છતાં ગુજરાતમાં આટલા મોટા પ્રમાણમાં ડ્રગ્સ પકડાયું છે. આ ડ્રગ્સ એ જે રાજ્યોમાં પ્રવેશ કર્યો છે તે રાજ્યને ખૂબ નુકસાન થયું છે. હું એક રાજ્યના ચૂંટણી પ્રવાસમાં હતો તે દરમિયાન તે રાજ્યના ભાવિ મુખ્યમંત્રીને જાહેરમાં પ્રતિજ્ઞા લેવડાવી અને એ રાજ્યના આ મુખ્યમંત્રીશ્રીએ હવેથી દારૂ પીવાનું છોડી દીધું છે. ત્યાંના લોકોએ મને કહ્યું કે અહીં દારૂ નશો ગણાતો જ નથી. અહીં તો ડ્રગ્સનો નશો છે. તેના કારણે સમૃદ્ધ રાજયની યુવાપેઢી આજે મુશ્કેલીમાં મુકાઇ છે. એ રાજ્ય જેવું આપણા રાજ્યને થવા દેવું નથી એટલા માટે માનનીય ગૃહમંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, આ ડ્રગ્સને પકડવા માટે ખૂબ ટૅકનોલોજીની જરૂર પડતી હોય છે. અત્યારે બાતમીદારોના આધારે આ ડ્રગ્સ પકડીએ છીએ. કારણ કે ગમે ત્યાં છૂપાવી શકાય. એક કિલો હોય તો એક કરોડ રૂપિયાની કિંમત થઇ જાય એટલે તેને પકડવું કેવી રીતે? હમણાં જ પોલીસ વિભાગ દ્વારા ૧૫મી ઓગસ્ટના એક શોમાં બતાવવામાં આવ્યું કે ડોગ સ્કવૉડ ગમે ત્યાંથી તેને પકડીને લાવી શકે છે. કાંઠાવાળા વિસ્તારમાં આ પ્રકારની લેન્ડિંગ થવાની શક્યતા વધારે છે. આવી જગ્યાએ આ ડોગ્સને ટ્રેઇન કરીને તેના મારફતે આ પ્રવૃત્તિ રોકી શકાય. આપણી મરીન સિક્યુરિટી કે પોલીસ કે બીજી કોઇ એજન્સીઓને ટ્રેઇન કરવામાં આવે તો આ પ્રવૃત્તિ અટકાવી શકાય તો આમાં વધારો કરીને પકડવા માગો છો કે કેમ? સઘન રીતે હોટસ્પોટ આઇડેન્ટિફાઇ કરીને ગુજરાતમાં આવવાની કોઇ હિંમત જ ન કરે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવી જોઇએ. આપણી પાસે લાંબો દરિયાકિનારો છે એટલે શક્યતા વધારે છે અને આપણી એજન્સીઓ છે તે પોર્ટ ઉપરથી ડ્રગ્સ પકડે છે તેવું નથી. પોરબંદરમાં આટલો બધો ડ્રગ્સ ન પકડાય પણ તે મધદરિયેથી પકડીને ત્યાં લાવ્યા હતા પણ કોસ્ટગાર્ડનું હેડક્વાર્ટર પોરબંદરમાં છે એટલે પોરબંદર ખાતે લખાય છે. પોલીસ વિભાગની અને સરકારની કામગીરી ખરેખર અભિનંદનને પાત્ર છે પરંતુ આમાં હજુ વધારે નવી તરાહનો ઉપયોગ કરીને કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ખાસ પહેલીવાર પ્રત્યેક જિલ્લાઓમાં જ્યાંથી ડ્રગ્સ આવવાની સંભાવના છે ત્યાં અને બીજા મહાનગરોમાં આ પ્રકારના ડોગ્સને તૈયાર કરવામાં આવ્યા છે. તેનો વધુમાં વધુ ઉપયોગ કરી રહ્યા છીએ. આ ડોગ્સ માત્ર ડ્રગ્સ પકડવાના જ કામમાં આવે તે પ્રકારની ટ્રેનિંગ આપવામાં આવે છે. ડ્રગ્સને સ્મેલ કરી શકે અને ડ્રગ્સ બનતું હોય કે ડ્રગ્સ જ્યાંથી આવતું હોય કે ડ્રગ્સ રાખ્યું હોય ત્યાં સુધી પહોંચાડવામાં આ પ્રકારના ડોગ્સ ખૂબ જ મદદગાર થાય છે. હું માનનીય સભ્યશ્રીને એટલે અભિનંદન આપું છું કે એમના રસ અને અધ્યયનના કારણે જ આ પ્રકારની માહિતી એમની પાસે હોઇ શકે. કારણ કે, આ જે વિષય છે એ ખૂબ મહત્ત્વનો છે અને આ નવો પ્રયાસ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. અનેક ડ્રગ્સ કેપિટલ સ્ટેટોની જે વાત થઇ ત્યાં પણ આ પ્રકારનો પ્રયાસ હજી સુધી કરવામાં આવ્યો નથી. પરંતુ, ગુજરાત આ બાબતે સતર્ક છે. આપણું રાજ્ય સુરક્ષિત રહે તે માટેના બધા જ પ્રયાસો આપણે પહેલાંથી જ કરીએ છીએ. આ સામાજિક વિષયને હું એટલા માટે સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું કે, દુનિયામાં બે નંબરનો ધંધો કરીને કોઇ ધંધામાં સૌથી ઓછા સમયમાં સૌથી વધુ કમાણી હોય તો એ ડ્રગ્સની છે. દુનિયામાં આનું ખૂબ મોટું નેક્સસ છે અને આ નેક્સસ રૂપિયાનો પાવર હોય ત્યારે બહુ પાવરફુલ હોય. મેં જ્યારે આ ડ્રગ્સની લડાઇ ચાલુ કરી ત્યારથી આજસુધી તમામ પ્રકારે એને રોકવાનો

પ્રયત્ન કરવામાં આવ્યો. કોઇપણ રાજ્ય કે દેશમાં સૌથી પહેલાં ડ્રગ્સ ઘૂસાડવા માટે જે લોકોની સુરક્ષા કરવાની જવાબદારી છે એને કોમ્પ્રોમાઇઝ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. બધી જ તાકાતો થકી કાં તો એને રોકવાનો પ્રયત્ન કરવામાં આવે છે અથવા તો લાલચ આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. કોઇપણ રાજ્ય જ્યારે કોઇ અભિયાન કે લડાઇ ચાલુ કરશે ત્યારે જ આ પ્રકારના ડ્રગ્સ પકડાઇ શકશે. જો અભિયાન કે લડાઇ નહીં કરીએ તો ડ્રગ્સ આવશે અને જતું રહેશે. આ સામાજિક પ્રશ્ન લોકોના મનમાં રહેશે, પરંતુ પકડશો એટલે કાગળ પર આવશે. કાગળ પર આવશે એટલે મીડિયામાં આવશે. આ નેક્સસ દ્વારા આયોજિત બધા જ લોકો જે ટીકા કરે એ નેક્સસનો ભાગ ન હોય. મોટાભાગના લોકોને સમાજની ચિંતા હોય, પરંતુ આપણને અંદાજો ન આવતો હોય એ પ્રકારે એ આપણને ભાગ બનાવી લેતા હોય છે. જ્યારે સિક્યુરિટી ફોર્સિસ કોમ્પ્રોમાઇઝ ન કરે ત્યારે બીજો રસ્તો હોય છે કે સમાજમાં આના માટે કઇ રીતે ડિસ્ટ્રેસ ઊભું કરવું? ડિસ્ટ્રેસ ઊભું થાય ત્યારે કોઇપણ સરકાર કે સિક્યુરિટી એજન્સીને પાછળ પડવું પડે તે માટેનો પ્રયાસ કરવામાં આવે અને આ ન થાય ત્યારે સમાજમાં આ માટે આ જે ડ્રગ્સ પકડાય છે એ પકડવાના બદલે આ પકડાય છે અને બહુ જ ઘૂસે છે તે પ્રકારનો માહોલ ઊભો કરવાનો નેક્સસ દ્વારા પ્રયત્ન કરવામાં આવતો હોય છે. હું ખૂબ મોટો દાખલો આપને આપવા માગું છું. આજકાલ સિરીઝનો જમાનો છે. એક સત્યઘટના આધારિત સિરીઝ છે નાર્કોસ. આ સિરીઝ અહીંયા બેઠેલાં અનેક લોકોએ જોઇ હશે. જો કોઇ રિસર્ચ કરે તો એને અંદાજો આવશે કે આ પ્રકારનું જે અભિયાન છે એમાં રાજનીતિ કેટલી નુકસાનકારક થઇ શકે છે અને એના કારણે ભવિષ્યમાં આ પ્રદેશ કેટલું મોટું નુકસાન ભોગવી શકે. આનો અંદાજ બધાને આવે એ ખૂબ જરૂરી છે. આ પ્રકારના નેક્સસ ગમે તે કરીને સરકારી લડાઇ કે અભિયાન કઇ રીતે રોકી શકાય તે માટે કોઇપણ વ્યક્તિના ખભે બંદૂક ફોડતી હોય છે. આપણે કોઇનો ખભો ના બનવું જોઇએ એ માટે હું આ સભાગૃહ થકી રાજ્યના સૌ નાગરિકોને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : મારી એક વિનંતી હતી કે, આ આખા રાજ્યનો પ્રશ્ન છે અને આપણી આવનારી પેઢીની સમસ્યા છે અને તેને બરબાદ કરવાનું ષડયંત્ર ચાલે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ગૃહમંત્રીશ્રીની ટીમ ઉદારતાપૂર્વક અને હિંમતપૂર્વક ડ્રાઇવ કરી રહી છે. જનપ્રતિનિધિ તરીકે આપણે પણ સજાગતાપૂર્વક સહયોગ આપવાનું અને જાગૃતતા લાવવાનું કામ કરીએ એવો હું આ ચેર પરથી આપ સૌને આગ્રહ કરું છું.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, અડધી મિનિટમાં પૂરું થઇ જશે. મારા અનેક મિત્રો દ્વારા અને ગઇકાલે મેં શ્રી અમિતભાઇ ચાવડાને એક ડિબેટમાં સાંભળ્યા. સુરતના એક કેસ માટે એમણે ચર્ચા કરી. જે કેસમાં અને ઘટનામાં જે ડ્રગ્સ વેચતો છોકરો પકડાયો એના અનેક રાજનૈતિક તથા મારી જોડે પણ ફોટા હતા. એ બાબતે ચેનલો ઉપર ખૂબ મોટાં-મોટાં સ્ટેટમેન્ટ, સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને અનેક લોકોએ જે સ્ટેટમેન્ટ આપવા હતા તે આપ્યા. હું આ સભાગૃહ થકી આખા રાજ્યની જનતાને માહિતી આપવા માગું છું કે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારને આ કિસ્સા પછી કોઇપણ સર્ટિફિકેટની જરૂર નથી. કારણ કે, આ અભિયાનની લડાઇ અમે લડી રહ્યા છીએ એનું સર્ટિફિકેટ છે કે જો રાજ્યના ગૃહમંત્રીશ્રી પાસે કોઇનો ફોટો હોય, અનેક લોકો પાસે જેનો ફોટો હોય અને એવી વ્યક્તિ જો ડ્રગ્સ વેચવાની કોશિશ કરે તો એને પણ પોલીસે છોડી નથી. રાજ્યના લોકોને આ જાણકારી આપવી ખૂબ જરૂરી છે. ગઇકાલે ચેનલો ઉપર મોટા-મોટા અવાજે અનેક વિષયોની ચર્ચા થઇ પરંતુ આજે (વચ્ચે અટકાવતાં) ...

અધ્યક્ષશ્રી : ફોટા તો બધા ગમે એની પાસે પડાવી લે છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા આગળના જવાબમાં એટલા માટે કહેવા માગતો હતો કે ડ્રગ્સના નેક્સસનો ભાગ આપણે બનવું ન જોઇએ અને એ માટેનો આ પ્રયાસ જ છે. અમારી પાસે ફોટા હોય તો પણ ખોટું કામ કરે તો એને અમારી સરકાર છોડતી નથી. અહીંયા બધા ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓ બેઠા છે. એ ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓ નથી? એમની જોડે દરરોજ ૫૦૦ લોકો ફોટા પડાવી જતા હશે. મારી પાસે ૫૦૦ લોકો ફોટા પડાવી જતા હશે. ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓએ આ પ્રકારના ડ્રગ્સના કાર્ટેલની લડાઇ રોકવાને બદલે એને સમજવું જોઇએ. આ પ્રકારના નેક્સસનો ભાગ ન બનીને સરકાર જે કામગીરી કરી રહી છે એમાં સહયોગ આપવો જોઇએ. જેમ શ્રી ઉમેશભાઇએ બોટાદની માહિતી આપી છે તેમ આ પ્રકારની માહિતી આપવી જોઇએ. એ બદલ હું શ્રી ઉમેશભાઇને અભિનંદન આપું છું અને એમનો આભાર માનું છું. એમનો ભલે જે કંઇ વિષય હોય પરંતુ એમણે માહિતી તો આપી છે કે આ પ્રકારની ઘટના છે, આ પ્રકારનો વિષય ધ્યાનમાં આવ્યો છે. આ પ્રકારે રાજનીતિ થાય. માત્ર મીડિયાના આગળ કેમેરામાં દેખાઇ જાય એટલે રાજનૈતિક સ્ટેટમેન્ટ આપીને સમાજની આખી પરિસ્થિતિને બગાડવાની કોશિશ કરીએ આ કઇ રીતે ચાલે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું વિનમ્રતાપૂર્વક આપનું ધ્યાન દોરવા માગું છું. ગઇકાલે આપશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ-૫૨ મુજબ... (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે પ્રશ્ન છે? પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો હું તમને રિસેસ પછી સમય આપીશ. અત્યારે રિસેસનો સમય થાય છે. હાલ આપણે આની ચર્ચા પૂર્ણ કરીએ છીએ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી એક જ મિનિટની વાત છે. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આ રેકર્ડ ઉપર રહે એ ઠીક નથી. માનનીય અમિતભાઇ પણ આમાં સહમત થશે. એટલે આ વાત કરું છું. વિધાનસભાના નિયમોના નિયમ-૫૨ મુજબ આપશ્રીએ કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓને નેઇમ કર્યા. પછી વિધાનસભા ગૃહે ગઇકાલના દિવસ

પૂરતા ગૃહની કાર્યવાહીમાંથી બાકાત રાખ્યા. કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓને નેઇમ કરેલા અને હાઉસે કાર્યવાહીમાંથી બાકાત કર્યા પછી અહીંયા એમની ચર્ચા થઇ શકે નહીં. હું વિનમ્રપૂર્વક માનનીય અમિતભાઇનું ધ્યાન દોરું છું કે પોતે પણ દૂર કરાવવા માટે સંમતિ આપે. એમનો આજનો જે રોલ રહ્યો છે તે એક સભ્યશ્રીએ જે પ્રકારે ગેરવર્તણૂક કરી છે એમાં સારો રહ્યો છે. માનનીય અમિતભાઇ મારા મિત્ર છે. વિચારધારાથી અમારી રાય અલગ હોઇ શકે. હું વર્ષોથી એમને ઓળખું છું. આ રેકર્ડ ઉપર રહે તો ભવિષ્યમાં પરંપરા બનશે. આદરણીય શૈલેષભાઇ પણ મારા મિત્ર છે. એમણે જે પ્રકારે પક્ષ લીધો. અહીંયા કોંગ્રેસના એક સભ્યશ્રીએ જે પ્રકારે ગેરવર્તણૂક કરી અને હું સમજી શકું છું કે એમનું માન્યા નહીં એ જુદી વાત છે. ઉપરથી ઠપકો ન મળે એટલે કદાચ માનનીય શૈલેષભાઇને બોલવું પડે. કારણ કે, કોઇ શ્રી રાહુલ ગાંધી સાથે જોડાયેલા છે, તો કોઇ અન્ય નેતાશ્રી સાથે જોડાયેલ છે. રાજનીતિમાં આ સમજી શકાય છે. મહત્ત્વની વાત એ છે કે આ બાબત રેકર્ડ ઉપર રહે તો ભવિષ્યમાં આની પરંપરા પડશે. એટલે મારી આપને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : એ બધા સીક્રેટ છે અને એ બધા સીક્રેટ રાખો તો સારું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીતુભાઇએ કહ્યું કે આપે નિર્ણય લીધો. સસ્પેન્ડ કર્યા એના વિશે ચર્ચા કરી. અમે કોઇ ચર્ચા કરી જ નથી. અમે તો ફક્ત ધ્યાન દોર્યું કે ગઇકાલે અમને સસ્પેન્ડ ના કર્યા હોત તો નશાબંધીના વિધેયક ઉપર અમે ઘણી બધી વાત કરી શક્યા હોત. અમે વોકઆઉટ કરી ગયા પછી તમે પ્રસ્તાવ લાવીને સસ્પેન્ડ કર્યા એટલી જ વાત કરી છે.બીજા નંબરે અમારા વિદ્વાન સભ્ય છે, અમારા સાથી છે, કોંગ્રેસની માનસિકતાવાળી વાત કરી એ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર થવા જોઇએ. તમારું કે શ્રી રમણભાઇ સાહેબનું કે બધાનું જે દુઃખ છે, તકલીફ છે એ અમે પણ સમજીએ છીએ, (અંતરાય) પણ અહીં સાહેબે કહ્યું એ બધું સીક્રેટ રહે એ બરાબર છે.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, મારે તો મારા નામનો ઉલ્લેખ કર્યો એટલે કહું કે હું કોંગ્રેસ પક્ષનો ઉપનેતા છું. કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિતભાઇ છે, ઓર્ડર શ્રી અમિતભાઇનો ચાલે, મારો ઓર્ડર ના ચાલે એટલું જરા ધ્યાનમાં રાખજો.

અધ્યક્ષશ્રી : તમે આ વિષયને લાંબો ખેંચશો તો બાકી ધારાસભ્યશ્રીઓને ભોજન માટે જવાનું છે. છેલ્લે એક એક મુદ્દામાં વાત કરી લો. તમે લાંબુ ના કરતા. તમે બધા અસરપરસ મિત્રો છો એ બધાને હવે ખબર પડી છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા તરીકે આ ગૃહમાં સન ૧૯૬૦થી શરૂ કરીને સન ૨૦૧૭ સુધી જેટલા માનનીય મંત્રીશ્રીઓ થયા એમાં સૌથી વધારે સમય મંત્રી તરીકે શ્રી રમણલાલ ઇશ્વરલાલ વોરા રહ્યા છે. હું ભારતીય જનતા પાર્ટીનો આભાર માનું છું, સર્વ સભ્યોનો આભાર માનું છું અને બાપા પોતે વટવૃક્ષ થાય એટલે વડવાઇઓને પ્રસારિત કરવાની માનસિકતા રાખવી પડે, ચોંટી રહેવાનું એ ભારતીય જનતા પાર્ટીની નીતિ નથી આટલું મારે કહેવાનું છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇએ કહ્યું છે એટલે હું ઊભો થયો છું. એમના પ્રશ્નો છે, કોણ નેતા છે, કોણ ઉપનેતા છે, કોણ કોનું માને છે, કોણ કોનું માનતું નથી, આ રેકર્ડ ઉપર એ બોલ્યા એટલે હું કહું છું કે કોનું માન્યા નથી એ બધાએ જોયું છે પણ મારું એટલું જ કહેવાનું છે કે શ્રી શૈલેષભાઇ એમણે કોંગ્રેસ વતી ગૃહમાં પક્ષ રાખ્યો છે કે અમારા કોંગ્રેસના ચૂંટાયેલા પ્રતિનિધિ છે, એમણે જે વાત કરી છે, અહીંયા ગૃહમાં જે પ્રકારે એમણે હોબાળો કર્યો છે અને એમણે એમનો પક્ષ લીધો છે એટલે જ મેં કહ્યું છે કે કોંગ્રેસના ચૂંટાયેલા વ્યકિત છે. આ કોંગ્રેસની માનસિકતા છતી કરે છે અને એમના ઉપનેતા, એમણે એમનો પક્ષ ઓફિશિયલ લીધો છે, એટલે મારી વાતને હું વળગી રહું છું કે કોંગ્રેસની માનસિકતા અહીંયા છતી થઇ છે.

અધ્યક્ષશ્રી : રિસેસનો સમય થયો છે અને માનનીય ધારાસભ્યશ્રી રાજેશભાઇ ઝાલા તરફથી વિધાનસભાના ચોથા માળે તમામ ધારાસભ્યશ્રીઓને ભોજન માટે નિમંત્રણ છે એટલે એમના વતી નિમંત્રણ પણ આપું છું અને અડધો કલાક પછી ફરીથી મળીશું.

**(વિરામ બપોરના ૧૨-૦૮થી ૧-૦૦)**

તા.૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪

જાહેર અગત્યની બાબત પર આરોગ્ય મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

**સભાપતિશ્રી રમણલાલ ઈ. વોરા અધ્યક્ષસ્થાને**

**જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)**

**કોક્લિયર ઇમ્પ્લાન્ટ પ્રોસેસર વિનામૂલ્યે આપવા બાબત**

શ્રી ઋષિકેશ ગ. પટેલ(આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૪૪ અન્વયે કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી બાદ એક્ટર્નલ સાઉન્ડ પ્રોસેસર ખોવાઇ જવું, તૂટી જવું કે કામ કરતા બંધ પડી જવાના કિસ્સામાં પ્રોસેસર પૂરા પાડવા અંગેની જાહેર અગત્યની બાબત પર નિવેદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જન્મજાત બહેરાશ ધરાવતાં બાળકમાં શ્રવણ કૌશલ્ય પૂર્ણ રીતે વિકસી શકતું નથી. બાળકની સાંભળવા માટેની શક્યતાનાં વિકાસ થકી જ વાણીનો વિકાસ શક્ય બને છે. આવા બાળકોમાં જન્મજાત બહેરાશની એકમાત્ર સારવાર કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી છે. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ દ્વારા જન્મજાત બહેરાશની તકલીફ ધરાવતા બાળકો માટે પ્રથમ વખત વિનામૂલ્યે કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી અને ૧૦૦ સ્પીચ થેરાપી સેશન સહિતની ગુણવત્તાસભર સારવાર વર્ષ ૨૦૧૩થી પૂરી પાડવામાં આવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય કર્મીઓ દ્વારા ઘેર ઘેર મુલાકાત દરમિયાન, ઘનિષ્ઠ નવજાત શિશુ સારવાર કેન્દ્રોમાં તેમજ ડિસ્ટ્રિક્ટ અર્લી ઇન્ટર્વેન્શન સેન્ટર અને આંગણવાડી કેન્દ્રો ખાતે RBDK મોબાઇલ હેલ્થ ટીમ દ્વારા જન્મજાત બહેરાશ ધરાવતા બાળકની પ્રાથમિક તપાસ કરી બાળકને નિષ્ણાત દ્વારા નિદાન માટે ઉચ્ચસ્તરીય હોસ્પિટલ ખાતે મોકલવામાં આવે છે. જ્યાં જરૂરી એસેસમેન્ટ કરવામાં આવે છે અને જરૂરિયાત જણાવેલ બાળકોને સંલગ્ન રિજિયોનલ કોક્લિયર કમિટી મારફતે સરકારી GMERS મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે ઇમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં રાજયમાં ૩૧૬૩ બાળકોની અંદાજિત રૂપિયા ૨૨૧ કરોડના ખર્ચે કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આ સર્જરી કરાય છે. જેનો અંદાજિત ખર્ચ રૂપિયા ૭ લાખ થાય છે, જે અમારી સરકાર બાળકોને સંપૂર્ણપણે વિનામૂલ્યે કરી આપે છે. કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી કરેલ બાળકોમાં કોક્લિયર મશીનનું એક્ષટર્નલ સાઉન્ડ પ્રોસેસર ખોવાઇ જવું, તૂટી જવું કે કામ કરતું બંધ પડી જવું તેવા કિસ્સાઓ પણ ધ્યાને આવ્યા છે. આથી જે બાળકોની એકવાર કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવેલ હોય તેવા બાળકોને બીજી વખત ઇમ્પ્લાન્ટ પ્રોસેસર બદલવા માટે અગાઉ કુલ રકમના ૯૦ ટકા રાજ્ય સરકાર દ્વારા અને ૧૦ ટકા રકમ વાલી ફાળા તરીકે આપવાની છે તેવું નક્કી કરાયું હતું. જેના બદલે હવે સંપૂર્ણપણે વિનામૂલ્યે પ્રોસેસર બદલી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એટલે કે સાઉન્ડ પ્રોસેસર ખોવાઇ જાય, તૂટી જાય કે કામ કરતું બંધ થઇ જાય તેવા કિસ્સાઓમાં તેમજ પ્રોસેસર કંપની દ્વારા આપવામાં આવેલ વોરંટી પૂર્ણ થઇ ગયેલ કિસ્સામાં જ્યારે પ્રોસેસર બદલવાની જરૂર જણાશે તો તેનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. આવાં બાળકોના માતા-પિતાએ એકપણ રૂપિયાનો ખર્ચ કરવાનો રહેશે નહીં. વધુમાં જે લાભાર્થીઓએ સરકારી સહાય વગર પોતાના ખર્ચે કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી કરાવેલ છે તેવા કિસ્સામાં રૂપિયા ચાર લાખથી ઓછી આવક ધરાવતા લાભાર્થીઓને એકવાર સરકાર તરફથી પ્રોસેસર આપતી વખતે લાભાર્થી પાસેથી કુલ ખર્ચના ૧૦ % ફાળો જ લેવામાં આવશે. ચાલુ વર્ષે ઉકત ૧૩૬૫ બાળકો પૈકી અંદાજે ૭૦૦ બાળકોનાં કોક્લિયર ઇમ્પ્લાન્ટ એક્ષ્ટર્નલ પ્રોસેસર માટે અંદાજે રૂપિયા ૩૫ કરોડની વધારાની જરૂરિયાત રહેશે. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ જ્યારે વિકસિત ભારત-૨૦૪૭નો સંકલ્પ કર્યો હોય ત્યારે રાજયના પ્રત્યેક બાળકને શારીરિક સશકત બનાવવા એ અમારો મૂળ ધ્યેય મંત્ર છે.

ભાદ્રપદ ૧, ૧૯૪૬ શાકે

જાહેર આરોગ્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

**જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)**

**વરસાદને કારણે ખેતી તેમજ બાગાયતી પાકોમાં થયેલ નુકસાન બાબત**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં જુલાઈ ૨૦૨૪ માસમાં રાજ્યના કેટલાક જીલ્લાઓમાં ભારે વરસાદના કારણે ખેતી તેમજ બાગાયતી પાકોમાં પાક નુકસાનીના અહેવાલો મળેલ છે. જે પરત્વે ઉપસ્થિત થયેલ જાહેર અગત્યની બાબતે હું આ સન્માનનીય ગૃહ સમક્ષ અગત્યનું નિવેદન કરવા માંગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં જુલાઇ–૨૦૨૪ માસના બીજા પખવાડિયામાં કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદથી ખેતી તેમજ બાગાયતી પાકો અસરગ્રસ્ત થવાથી ઉપસ્થિત થયેલ પરિસ્થિતી સંદર્ભે જાહેરાત કરતા હું હર્ષની લાગણી અનુભવું છું કે અમારી સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા તાત્કાલિક નિર્ણય લેતાં પ્રસ્તુત બાબતે પાક નુકસાની સહાય માટે ખૂબ જ અગત્યની મંજૂરી આપવામાં આવેલ છે. તે બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છુ. સરકાર હંમેશા ખેડૂતોના પડખે રહી તે બાબત આ નિર્ણયથી પ્રસ્તાપિત થાય છે. તાજેતરમાં જુલાઇ–૨૦૨૪ માસના બીજા પખવાડિયામાં તા.૧૮/૦૭/૨૦૨૪થી તા.૨૪/૦૭/૨૦૨૪ દરમિયાન જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને રાજકોટ જિલ્લાના કુલ ૧૬ તાલુકાઓમાં સતત એકધાર્યો વરસાદ નોંધાયેલ હતો. આ ઉપરાંત આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાઓમાં આ સમયગાળા દરમ્યાન ભારે વરસાદ નોંધાયેલ હતો. જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી એમ કુલ નવ (૯) જિલ્લાઓના ૪૫ તાલુકાઓમાં સતત એકધાર્યો વરસાદ નોંધાયેલ છે. ભારે વરસાદ અન્વયે ખેતી અને બાગાયતી પાકોને થયેલ અસર જોઇએ તો જુલાઈ માસ દરમિયાન મોટા ભાગના પાકો સ્ફુરણ/ઉગાવા/વાનસ્પતિક વૃધ્ધિ અવસ્થાએ હતા. શરૂઆતના તબક્કામાં ખેડૂતો દ્વારા બિયારણ ખર્ચ, રાસાયણિક ખાતર ખર્ચ, વાવણી ખર્ચ જેવા ઇનપુટ ખર્ચ કરવામાં આવતા હોય છે. ખરીફ ઋતુની શરૂઆતમાં ભારે વરસાદને કારણે પાક નુકસાન જોવા મળેલ છે. આવા કિસ્સામાં જો વાવેતર નિષ્ફળ જાય તો બીજા પાક લેવાની ખેડૂતો જોડે શક્યતા રહેલી હોય છે. તેથી આ તબક્કાના પાક નુકસાનમાં ખેડૂતોને બિયારણ ખર્ચ, રાસાયણિક ખાતર ખર્ચ, વાવણી ખર્ચ જેવા ઇનપુટ ખર્ચનું નુકસાન થતું હોય છે. ઉપરાંત, નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ૨ જુલાઇ, ૨૦૨૪ ના રોજ વંટોળ સાથે થયેલ વરસાદને કારણે બાગાયતી પાકો જેવા કે ચીકુ અને આંબાના ઝાડ પડી જવા/ડાળીઓ તૂટી જવા તેમજ કેળ પાક પડી જવાથી વ્યાપક નુકસાન થવાના અહેવાલો મળેલ છે. આમ, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી એમ રાજ્યના નવ જિલ્લાઓમાં થયેલ કુલ વાવેતર પૈકી અંદાજિત ચાર લાખ છ હજાર આઠસો બાણું હેક્ટર વિસ્તાર ભારે વરસાદથી અસરગ્રસ્ત થયેલ હતો. અસરગ્રસ્ત વિસ્તારમાં કુલ ૨૭૨ ટીમોની રચના કરી કુલ ૪૫ તાલુકાઓમાં વિગતવાર સરવેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. સરકારશ્રીને મળેલ વિવિધ રજૂઆત પરત્વે પાક નુકસાન બાબતે સહાય માટે કુદરતી આપત્તિને લીધે ખેતી પાકોમાં નુકસાન થાય તો સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૫ તેમજ તા.૧૦/૧૦/૨૦૨૩ના ઠરાવ મુજબ સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોંસ ફંડ (SDRF)ના ધારાધોરણો ઉપરાંત ઉક્ત અસરગ્રસ્ત વિસ્તારોમાં પાક નુકસાનીની તીવ્રતા અને વ્યાપ ધ્યાને લઈ રાજ્ય બજેટ સદર હેઠળ પણ વધારાની સહાય ચૂકવવા બાબતે નિર્ણય લેવામાં આવેલ છે. ઉપરાંત ઉક્ત અસરગ્રસ્ત વિસ્તારોમાં પાક નુકસાનીની તીવ્રતા અને વ્યાપને ધ્યાને લઇ રાજ્ય બજેટ સદર હેઠળ વધારાની સહાય ચૂકવવા બાબતે નિર્ણય લેવામાં આવેલ છે. જે મુજબ હાલની સ્થિતિએ કુલ અંદાજિત ૪,૦૬,૮૯૨ હેકટર અસરગ્રસ્ત વિસ્તારમાં ખેડૂતોને નિયમોનુસાર જોગવાઇ મુજબ સહાય માટેના ધોરણો નિયત કરવામાં આવેલ છે.

જેમાં ખરીફ વર્ષ ૨૦૨૪–૨૫ની ઋતુમાં વાવેતર કરેલ બિનપિયત પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે એસ.ડી.આર.એફ.ના નોર્મ્સ મુજબ રૂ.૮૫૦૦/– ની સહાય તેમજ ૨૫૦૦/– રૂપિયા રાજ્ય બજેટ હેઠળ એમ કુલ રૂ.૧૧૦૦૦/– પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ બે હેકટરની મર્યાદામાં સહાય.

વર્ષાયુ પિયત પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે એસ.ડી.આર.એફ. ના નોર્મ્સ મુજબ મળવાપાત્ર રૂ.૧૭,૦૦૦/– ની સહાય તેમજ રૂ.૫૦૦૦/– રાજ્ય બજેટ હેઠળ એમ કુલ રૂ.૨૨,૦૦૦/– પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ બે હેકટરની મર્યાદામાં સહાય.

બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે એસ.ડી.આર.એફ.ના નોર્મ્સ મુજબ મળવાપાત્ર સહાય રૂ.૨૨,૫૦૦/– લેખે ખાતાદીઠ મહત્તમ બે હેકટરની મર્યાદામાં સહાય.

આ ઉપરાંત નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં આંબા અને ચીકુ જેવા ફળપાકો લાંબાગાળાના પાક હોઇ તેમજ ઝાડ પડી જવાના કારણે ખેડૂતોને ભવિષ્યમાં ઉત્પાદન મળી શકે નહીં, જેથી ઘણું આર્થિક નુકસાન જાય તેમ હોઇ અસરગ્રસ્ત ખેડૂતો માટે સહાય આપવા નીચે મુજબની સહાયની જોગવાઇ કરવામાં આવેલ છે.

વર્ષાયુ બાગાયતી પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે એસ.ડી.આર.એફ.ના નોર્મ્સ મુજબ પ્રતિ હેકટર મળવાપાત્ર રૂ.૧૭,૦૦૦/–ની સહાય ઉપરાંત રાજ્ય ભંડોળમાંથી વધારાની સહાય પ્રતિ હેકટર રૂ.૫૦૦૦/–ની ગણતરી કરી કુલ રૂ.૨૨,૦૦૦/– પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ બે હેકટરની મર્યાદામાં સહાય.

તા.૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૧૦ ટકા કે તેથી વધુ પરંતુ ૩૩ ટકાથી ઓછા ઝાડ ઉખડી જવાના, પડી જવા, ભાંગી જવા તેમજ નાશ પામેલ હોઇ તે અન્વયે ખાસ કિસ્સામાં રાજ્ય ભંડોળમાંથી સહાય પ્રતિ હેકટરદીઠ રૂ.૨૫,૦૦૦/- ખાતાદીઠ મહત્તમ બે હેકટરની મર્યાદામાં સહાય.

બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ ઝાડ ઉખડી જવાના કે પડી જઇ, ભાંગી જઇ નાશ પામેલ કિસ્સામાં એસ.ડી.આર.એફ.ના નોર્મ્સ મુજબ પ્રતિ હેકટર મળવાપાત્ર સહાય રૂ.૨૨,૫૦૦/-ની સહાય ઉપરાંત ખાસ કિસ્સામાં રાજ્ય ભંડોળમાંથી વધારાની સહાય પ્રતિ હેકટર રૂ.૧,૦૨,૫૦૦/-ની ગણતરીમાં લઇ કુલ રૂ.૧,૨૫,૦૦૦/- પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત જે કિસ્સામાં જમીન ધારણકર્તાના આધારે નિયત ધોરણો મુજબ સહાય ચૂકવવાપાત્ર રકમ રૂ.૩૫૦૦/- કરતાં ઓછી થઇ હોય તેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા રૂ.૩૫૦૦/- ચૂકવવાના થાય. જેમાં રૂ.૧૦૦૦/- એસ.ડી.આર.એફ.માંથી તેમજ તફાવતની રકમ રૂ.૨૫૦૦/- રાજ્યના બજેટમાંથી ચૂકવવાની રહે. આમ, ઉપરોકત સ્થિતિએ અસરગ્રસ્ત ખેડૂતોના જાહેર હિતને ધ્યાનમાં લેવાથી રાજ્ય સરકારશ્રી દ્વારા કુલ અસરગ્રસ્ત વિસ્તાર માટે કુલ અંદાજિત રૂ.૩૫૦/- કરોડની માતબર રકમ પાક નુકસાની પેટે સહાય જાહેર કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. હું ફરીથી આ રાજ્યના ખેડૂતો વતી રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીનો તેમજ નાણા મંત્રીશ્રીનો હ્રદયપૂર્વક આભાર માનું છું કે જેમણે જગતના તાત માટે ઉદાર હાથે રાજ્યની તિજોરી ખુલ્લી રાખી છે. આ સહાયથી ખેડૂતોને પાક નુકસાનીમાં ચોક્કસ રાહત મળશે. સૌનો આભાર.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૨૨-૨૩ના વર્ષના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડિટ અહેવાલ

શ્રી કનુભાઇ મો. દેસાઇ (માનનીય નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૨૨-૨૩ના વર્ષના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડિટ અહેવાલ (અંગ્રેજી અને ગુજરાતી) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૨-૨૩નો દહેજ સેઝ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી હર્ષ ર. સંઘવી (માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું દહેજ સેઝ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડના વાર્ષિક અહેવાલ

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (માનનીય પશુપાલન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (માનનીય પશુપાલન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૨-૨૩નો ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી હર્ષ ર. સંઘવી (માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩ના ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડના વાર્ષિક અહેવાલ

શ્રી હર્ષ ર. સંઘવી(માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડના સન ૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર

અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી હર્ષ સંઘવી (માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ના કામધેનુ યુનિવર્સિટીના ઓડિટ અહેવાલ તથા સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (પશુપાલન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કામધેનુ યુનિવર્સિટીના સન ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ના ઓડિટ અહેવાલ તથા સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ, વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૪-૧૫ થી ૨૦૧૬-૧૭ સુધીના ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી હર્ષ ર. સંઘવી (માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સન ૨૦૧૪-૧૫ થી ૨૦૧૬-૧૭ સુધીના વાર્ષિક વહીવટી અહેવાલ અને હિસાબો તેમજ આ અહેવાલ અને હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ, હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૨-૨૩નો ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી હર્ષ ર. સંઘવી(માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૦-૨૧ થી ૨૦૨૨-૨૩ સુધીના ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી હર્ષ સંઘવી (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના સન ૨૦૨૦-૨૧ થી ૨૦૨૨-૨૩ સુધીના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૩-૨૪ના સુધારેલ અંદાજો અને સને ૨૦૨૪-૨૫ના અંદાજો તથા સને ૨૦૨૦-૨૧નો વાર્ષિક હિસાબ

શ્રી હર્ષ સંઘવી (રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૨૩-૨૪ના સુધારેલા અંદાજો અને સને ૨૦૨૪-૨૫ના અંદાજો તથા સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સુધારેલા અંદાજો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૨-૨૩નો ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી ભીખુસિંહ ચ. પરમાર (રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૨-૨૩ના ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના વાર્ષિક હિસાબો

શ્રી ઋષિકેશ ગ. પટેલ (શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) **:** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ હિસાબો અને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

તા.૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪

ગુજરાત વિશેષ કોર્ટ

**વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

**ગૌણ વિધાન સમિતિના પ્રથમ અહેવાલ**

શ્રી અનિરુદ્ધ ભા.દવે (સમિતના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગૌણ વિધાન સમિતિનો પ્રથમ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો બીજો અહેવાલ**

શ્રી અભેસિંહ મો. તડવી (સમિતના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો બીજો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો ત્રીજો અહેવાલ**

શ્રીમતી મનીષા રા. વકીલ (સમિતના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો ત્રીજો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો બીજો અહેવાલ**

શ્રી મહેશ કસવાલા(સમિતના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો બીજો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**જાહેર હિસાબ સમિતિનો બીજો અહેવાલ**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી (સમિતના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર હિસાબ સમિતિનો બીજો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

શ્રી મહેશ કસવાલા (સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ, ''સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સિમિતના બીજા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**વિધેયકો (સરકારી)**

**સને ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૫**

**ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક, ૨૦૨૪**

**ચોક્કસ વર્ગના ગુનાની ઝડપી ઇન્સાફી કાર્યવાહી માટે અને તેવા ગુના કરીને એકઠી કરેલી મિલકતની જપ્તી માટે વિશેષ કોર્ટની રચના કરવા માટે જોગવાઇ કરવા બાબત વિધેયક**

શ્રી હર્ષ સંઘવી(રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલું સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૪નું ગુજરાત વિશેષ કોર્ટ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

સભાપતિશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૪નું ગુજરાત વિશેષ કોર્ટ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક એ રાજ્ય માટે, રાજ્યની વ્યવસ્થાઓ માટે અને આ વ્યવસ્થાઓ થકી રાજ્યના સૌ નાગરિકોને સુચારુરૂપે સુવિધાઓ મળી રહે તે માટે આવનારા દિવસોમાં આ વિધેયક એક ક્રાંતિકારી વિધેયક તરીકે ઓળખાશે. સૌ પ્રથમ હું આ સન્માનનીય સભાગૃહને જણાવવા માગું છું કે આ કાયદો જે આપણી અર્થવ્યવસ્થાને નુકસાનકર્તા બુટલેગરો, જુગાર કલબના સંચાલકો, જાહેર સેવકો, રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ કરનારા ભૂમાફિયાઓ, ડ્રગ્સ માફિયાઓ, આ બધાની સંપત્તિ જપ્ત કરવા માટેનો છે. આવનારા દિવસોમાં રાજ્યનું અહિત કરનાર ચાહે એ નેતા હોય, અધિકારી હોય, ડ્રગ્સ માફિયા હોય કે દારૂ વેચનારા હોય તે તમામ લોકો સામે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની લાલ આંખ એ આ કાયદો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્યના નાગરિકોને તેના હકની સંપૂર્ણ સુવિધા સમયસર મળી રહે તે માટે અને આપણા રાજ્યની સંપત્તિ અને હિત જળવાય રહે તે માટે આ કાયદામાં ખાસ બે પ્રકારનું ધ્યાન આપવામાં આવ્યું છે. એક તો આ પ્રકારના ગુનેગારો આ કાયદાથી બચી ન શકે અને બીજુ, કોઇ પણ નાના ગુનેગારથી કોઇ સંજોગોવશાત્ અથવા ક્યાંક કોઇ ભૂલના કારણે કોઇ ગુનો થયો હોય તેવા લોકો પણ ભવિષ્યમાં ખોટી રીતે આ

* વિધેયક તા.૧૭મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કાયદામાં ફસાઇ ન જાય તેની પણ ચિંતા આ કાયદો બનાવતી વખતે કરવામાં આવી છે. કોઇ પણ પીડિત પરિવારને ત્યારે જ ન્યાય મળે જ્યારે આરોપીને ઝડપથી સજા થાય. જો વર્ષોના વર્ષ કોઇ આરોપીને સજા આપવામાં થઇ જાય તો પીડિત પરિવારનું દુ:ખ દૂર થઇ ગયું હોય, કિસ્સા પણ ભૂલાઇ જાય ત્યારબાદ તેને ન્યાય મળે તો તે ન્યાય કોઇ કામનો ન રહે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદામાં ઝડપથી અને ત્વરિત ન્યાય કઇ રીતે મળી શકે તેની ચિંતા કરવામાં આવી છે કે. પીડિત પરિવારના મનને પણ સંતોષ થાય અને સમાજમાં એક ઉત્તમ દાખલો ઊભો થાય તેની પણ ચિંતા આ કાયદામાં કરવામાં આવી છે. ઘણીવાર ઘણા ગુનાઓ સામાજિક રીતે ગંભીર હોય છે પરંતુ કાયદાની વ્યાખ્યામાં તેમાં સજા ખૂબ ઓછી હોવાના કારણે આવા ગુનેગારો કોર્ટમાં મોંઘા વકીલોના માધ્યમથી વારંવાર છૂટી જતા હોય છે અને એ જ્યારે બહાર આવે ત્યારે આ પ્રકારના ગુનાઓમાં ફરી લાગી જતા હોય છે. જ્યારે વર્ષોવર્ષ આ જ પ્રક્રિયા ચાલતી આવે કે ગુનાઓ કરવાના અને નાના ગુનાઓના કારણે જેલમાંથી પાછા છૂટી જવાનું પરંતુ આ કાયદાથી એ વારંવાર કોઇ પણ ગુનો કરશે, વારંવાર કોઇ ગુનાહિત વેપાર કરીને કોઇ રકમ, કોઇ જમીન કે કોઇ વસ્તુ વસાવી હશે તો આ કાયદાનો ઉપયોગ કરીને આપણે એ ગુનેગારને, એ ટપોરીને મોટો ગુંડો બનતા અટકાવી શકીશું. કારણ કે, એની જે ફાઇનાન્શિયલ કેપિસિટી છે એ પ્રોપર્ટીઓમાં, ગોલ્ડ અને બીજી અન્ય ભેગી કરેલ રકમ પર આધારિત હોય છે. આ પ્રોપર્ટી જો જપ્ત થઇ જશે તો આ પ્રકારના ટપોરીઓને રોકવામાં આપણને ખૂબ મોટી સફળતા મળી શકશે. ગુનેગારોને ઝડપથી સજા અપાવવા તથા ગુનાઓ દ્વારા ભેગી કરેલ મિલકત જપ્ત કરવાના બેવડા ઉદ્દેશથી આ કાયદો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે. હું ખૂબ સાદી ભાષામાં આ કાયદાને સમજાવવા માગું છું. આ કાયદાની જોગવાઇઓને સરળ ભાષામાં સમજીએ તો, કાયદાની કલમ-૨માં સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ કાયદાની જોગવાઇઓ એવા ગુનાઓ માટે જ છે કે જેમાં ત્રણ વર્ષથી વધુ સજાનું પ્રાવધાન હોય. જેમાં ઇન્વેસ્ટિગેશન ઓફિસરને લાગે કે, ગુનાના આરોપી પાસે ગુનાઓ દ્વારા એક કરોડ રૂપિયા કરતાં વધારે રકમની પ્રોપર્ટી ભેગી થયેલ છે તો આરોપીની આ એક કરોડથી ઉપરની રકમની પ્રોપર્ટી સીઝ કરવા માટે આ કાયદાનો આપણે ઉપયોગ કરવો. એનાથી નીચી રકમ માટે પણ આપણી પાસે બીજા અનેક કાયદાઓ છે, પરંતુ આ કાયદાઓ થકી આવા ગુનેગારો જે પ્રોપર્ટી વસાવે છે તેને સીઝ કરવા અને રાજ્યના નાગરિકોના ઉપયોગમાં લેવા માટે વર્ષોવર્ષ લાગી જાય છે. આ કાયદામાં એક કરોડ રૂપિયાથી વધુની રકમની જે પ્રોપર્ટી હોય તેને આપણે આ કાયદા હેઠળ સીઝ કરીશું. આ ત્રણ વર્ષથી વધુની સજાવાળા કોઇપણ ગુના હેઠળનો હોઇ શકે. જેમકે, મેં પહેલાં પણ કહ્યું કે, એક બુટલેગર વારંવાર આપણા જે કાયદા છે, આપણા દેશની જે અલગ-અલગ વ્યવસ્થાઓ છે, એની જે ન્યાયિક પ્રક્રિયા છે એમાંથી છૂટી જાય, પરંતુ બહાર આવીને પાછો દારૂનો ધંધો કરે, ફરીથી પ્રોપર્ટી વસાવે એવા દારૂવાળા, ડ્રગ્સવાળા, કોઇપણ સરકારી અધિકારી હોય કે ચૂંટાયેલા પ્રતિનિધિ હોય એ બધા પર આ કાયદો લાગુ પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, કેસોને ઝડપથી ચલાવવા માટે કાયદાની કલમ-૩ હેઠળ ખાસ અદાલત રચવાની જોગવાઇઓ કરવામાં આવેલ છે. આ અદાલતમાં એવા જ કેસો ચાલી શકશે જેને સરકાર દ્વારા અદાલતમાં ચલાવવાની મંજૂરી આપવામાં આવશે. આ તમામ કેસોના ન્યાયની કાર્યવાહી એક જ વર્ષમાં પૂર્ણ કરવાની આ કાયદામાં ખાસ જોગવાઇ કરવામાં આવી છે. કાયદાની કલમ-૧૫ હેઠળ આવા કેસોમાં આરોપી પાસે ગુનાહિત પ્રવૃત્તિ દ્વારા કમાયેલી મિલકત સરકાર દ્વારા જપ્ત કરી શકાશે અને આ કામગીરી વધુમાં વધુ છ માસમાં પૂર્ણ કરવાની જોગવાઇઓ કરવામાં આવી છે. કલમ-૫ હેઠળ આ પ્રકારના ગુનાઓમાં આરોપીની મિલકત જપ્તી કરવા સરકારશ્રી દ્વારા અધિકૃત અધિકારીની નિમણૂક કરવામાં આવશે. આ અધિકૃત અધિકારી તરીકે કોઇપણ સરકારી અધિકારી કે પોલિટિકલ વ્યક્તિની નિમણૂક નહીં થઇ શકે. આ અધિકારી તરીકે એડિશનલ સેશન્સ જજ કક્ષાના નિવૃત્ત ન્યાયિક અધિકારીની નિમણૂક થઇ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૪ હેઠળ અધિકૃત અધિકારી દ્વારા ગુનાના તપાસનીશ અધિકારી દ્વારા મળેલ મિલકત જપ્તીની દરખાસ્તનો પૂરો અભ્યાસ કર્યા બાદ આરોપી દ્વારા આ મિલકત કેવી રીતે મેળવવામાં આવી તેની સ્પષ્ટતા કરવા નોટિસ મોકલવામાં આવશે અને આ નોટિસનો જવાબ ન મળે કે જવાબ બરાબર ન આપી શકે તો બાદમાં જે-તે કેસના આરોપીની પ્રોપર્ટી જપ્ત કરવામાં આવશે. જે-તે કેસના આરોપી નિર્દોષ છૂટી જાય તો એની જપ્ત કરેલ પ્રોપર્ટી પાછી આપવામાં આવશે, કારણ કે કોઇપણ કેસમાં આરોપીની મિલકત આપણે વન-વે જપ્ત કરી શકતા નથી. આ પ્રકારના આરોપી અગર કોઇપણ સરકાર દ્વારા ક્યારેય ભૂલ થાય કે કોઇ ન્યાયિક સામાન્ય નાગરિકની કોઇ પ્રોપર્ટી જપ્ત થઇ હોય અને ભવિષ્યમાં એ નામદાર હાઇકોર્ટ કે સુપ્રીમકોર્ટમાં જીતે તો એની પ્રોપર્ટી પાછી આપવાની પણ જોગવાઇ કરવામાં આવી છે. વિશેષ કોર્ટના હુકમ સામે અને અધિકૃત અધિકારીની મિલકત જપ્તીના હુકમ વિરુદ્ધ આ પ્રકારની કોઇપણ વ્યકિત નામદાર હાઇકોર્ટમાં અપીલ કરી શકશે. જો મૂળ ગુનામાં આરોપીનો નિર્દોષ છૂટકારો થાય તો મિલકત પરત અથવા તો વાર્ષિક ૫ ટકાના વ્યાજ સાથેની રકમ પાછી આપવાની આમાં જોગવાઇ કરવામાં આવી છે. આ કાયદા થકી હવે કોઇપણ નાનો આરોપી મોટો ગુંડો નહીં બની શકે. સરકારી કર્મચારી હોય કે ચૂંટાયેલા પ્રતિનિધિ હોય, સરકારે બનાવેલા નિયમોનું પાલન કરનાર લોકોને આ કાયદા થકી હક્ક પ્રાપ્ત થશે તથા જે લોકો સરકારના નિયમો તોડશે એમને આ પ્રકારની ત્રણ વર્ષની સજા ઉપરની જોગવાઇની જે કલમો છે એ લાગી હશે તો આ કાયદો એમની ઉપર લાગુ પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાના માધ્યમથી આપણે રાજ્યમાં હજી ખૂબ મોટું પરિવર્તન લાવી શકીશું. એવું મારુ માનવું છું. આપણે સૌએ એક કિસ્સો જોયો હશે કે હમણાં થોડા દિવસ અગાઉ એ.સી.બી. દ્વારા એક રેડ પાડવામાં આવી.

કરોડો રૂપિયાનું સોનુ ત્યાંથી પ્રાપ્ત થયું. પરંતુ આપણી જે ન્યાયિક પ્રક્રિયા છે એના હિસાબે આવા લોકોને જેલના હવાલે બંધ કરવા સિવાય તથા વર્ષોવર્ષ સુધી કોર્ટની લાંબી પ્રક્રિયાને ફોલોઅપ કરવા સિવાયનો આપણી પાસે કોઇ રસ્તો ન હતો. આ કાયદો આવ્યા પછી જે લોકોએ આવા ગુનાઓ કર્યા હોય, જે લોકોએ મારા રાજ્યના યુવાનોનું ભવિષ્ય ધૂંધળું કર્યું હોય એવા એક-એક લોકોની પ્રોપર્ટીઓ શોધી-શોધીને, જપ્ત કરીને, ઓકશન કરીને એમાંથી પ્રાપ્ત થયેલી રકમ રાજ્યના નાના, શોષિત, ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારના લોકો સુધી યોજના સ્વરૂપે પહોંચશે. બે નંબરથી જે રકમો કમાયેલી છે, એ રકમો ઉપરની એક ખૂબ મોટી સર્જિકલ સ્ટ્રાઇક તરીકે ઓળખાશે. હું એવો ઐતિહાસિક કાયદો આજે સભાગૃહ સમક્ષ મૂકું છું. જેમને એવું લાગતું હોય કે આપણે ડ્રગ્સ વિરુદ્ધ એક મોટી લડાઇ લડવી છે. આવા બુટલેગરો રાજ્યના અનેક પરિવારોનું જીવન બરબાદ કરીને જે રૂપિયા કમાયા છે એ બધી જ રકમ પરત લેવી હોય અને પરત લઇને રાજ્યના ખૂણે-ખૂણે ગરીબો સુધી યોજના સ્વરૂપે પહોંચાડવી હોય તો સૌ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, આ કાયદામાં હજી વધુ કડક કાયદો બનાવી શકવા માટે કોઇપણ સૂચન હોય તે આવકાર્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ કાયદો વિના વિરોધે પસાર કરવામાં આવે એવી મારી સૌ સભ્યશ્રીઓને વિનંતી છે. વિધાનસભાના ૧૮૨ સદસ્યશ્રીઓને રાજ્યની જનતાએ એમના હિત માટે અહીંયા મોકલ્યા છે, એમના હિતનો આ ઐતિહાસિક નિર્ણય લેવા માટે આજે સૌ સભ્યશ્રીઓ એક જ સૂરે આ કાયદો પસાર કરે એવી મારી વિનંતી છે. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલે આવા બધા જ લોકો માટે લાલ આંખ બતાવી છે. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલને આજે વરસાદના સ્વરૂપે કુદરતનું વરદાન મળી રહ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ માટે આવા ગુનેગારો, આવા ભ્રષ્ટાચારીઓને ગંગાજળ પીવડાવવા સ્વરૂપનો આ કાયદો આજે હું સભાગૃહ સમક્ષ રજૂ કરું છું. આપ સૌ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે વિના વિરોધે આ બિલને પસાર કરીને આવનારા દિવસોમાં આવા એક-એક આરોપીઓની પ્રોપર્ટીઓ તથા એની રકમો જપ્ત કરીને મારા રાજ્યના ગરીબોને આપણે કઇ રીતે મદદ પહોંચાડી શકીએ તેની ચિંતા કરવામાં આવે. સૌ સભ્યશ્રીઓ આ કાયદાને વિનાવિરોધે પસાર કરે એવી હું આપ સૌને બે હાથ જોડીને અપીલ કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક-૨૦૨૪ લઇને આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વિધાનસભા ગૃહમાં એની જે ચર્ચા કરી અને ખાસ કરીને, વિધાનસભા ગૃહમાં જે બિલ દરેક ધારાસભ્યશ્રીઓને આપેલું છે, એમાં જે ઉલ્લેખ કર્યા છે એમણે ખાસ કરીને બિલમાં જે વાત કરવામાં આવી છે અને માનનીય મંત્રીશ્રીએ પોતાના પ્રવચનમાં જે વાત કરી છે એમાં શરૂઆતમાં એમણે કહ્યું કે દારુ, જુગારના અડ્ડા ચલાવતા, કલબો ચલાવતા, ડ્રગ સાથે જોડાયેલી વ્યકિતઓ, એ સિવાય પોલિટિશિયન એટલે રાજકારણીઓની પણ વાત કરી, રાજકીય વ્યકિતઓ અને સરકારી કર્મચારીઓ એવો કોઇપણ ઉલ્લેખ માટે માનનીય મંત્રીશ્રીને હું એટલું ચોક્કસ કહું કે આ બિલ આપ લઇને આવ્યા છો એ બિલના ઉદ્દેશો અને કારણોમાં આપે જે વિધાનસભા ગૃહ સમક્ષ કે આટલી આટલી વ્યકિતઓનો, આટલા આટલા લોકોને આ વિશેષ કોર્ટના આધીન એમાં સમાવેશ કરવામાં આવે છે, એનો ઉલ્લેખ જો પહેલેથી આપે કર્યો હોત તો હું ચોક્કસથી એવું માનું છું કે આપનો નવો કાયદો બનાવવા માટેની સરકારશ્રીની જે ઇચ્છા છે એ ઇચ્છાને આધીન આ ઉલ્લેખો જો આપે આ બિલમાં કર્યા હોત તો હું ચોક્કસપણે માનું છું કે એની અસર, એની સમજણ અને એની વાત, એની ગંભીરતા એ વધારે પડતી બહાર આવી હોત એવું મને પોતાને દેખાઇ રહ્યું છે. સરકારશ્રી જયારે દરેક વિધાનસભાગૃહ વખતે અલગ અલગ કાયદાઓ સરકારશ્રી લાવતી હોય છે. સ્વાભાવિક છે કે કોઇપણ કાયદો નવો ઘડવાનો અધિકાર એ આ વિધાનસભા ગૃહને આપ્યો છે અને સરકાર પક્ષમાંથી એમને લાગતું હોય કે આ કાયદો બનાવવાથી એ ભ્રષ્ટાચારની વાત હોય કે અન્ય કોઇ રાજયના હિતની વાત હોય, પ્રજાજનની વાત હોય એનાથી એને ફાયદો થવાનો છે તો ચોક્કસ સરકારશ્રીએ વિધેયકના ભાગ સ્વરૂપે એ બિલ વિધાનસભા ગૃહમાં લાવે છે અને એ પસાર થાય છે અને પછી કાયદો બને છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય મંત્રીશ્રીએ જે ઉલ્લેખ કરીને જે વાત કરી છે કે ગુનેગારો સાથે ગુનાહીત પ્રવૃત્તિથી જોડાયેલા લોકો કે જેને સજા થાય એની સંપત્તિ જપ્ત થાય એ માટેનો આ કાયદો છે. તો હું ચોક્કસથી કહીશ કે ભારતની બંધારણીય વ્યવસ્થા મુજબ આપણી જે ભારતનો નાગરિક સંહિતા કાયદો ૨૦૨૩ છે જેનું ઇન્ડિયન પીનલ કોડ એવું જૂનું નામ હતું, આઇ.પી.સી. એ ઓલરેડી છે. કાયદો હોવા છતાં પણ સરકાર આજે જે જે વ્યકિતઓનાં નામ કહ્યા એ વ્યકિતઓને કાયદો એને વિશેષ કોર્ટમાં લઇ જઇને એની સામે જે કાર્યવાહી કરવાની વાત કરી છે તો સ્વાભાવિક છે કે જૂનો જે કાયદો છે એ કાયદાની અંદર પણ એ પ્રોવિઝન છે, એ કલમો છે, એની સંપત્તિ જપ્ત કરવી, એના બેંક ખાતા સીઝ કરવા, આ તમામ પ્રકારની કલમોને આધીન એની અંદર જોગવાઇઓ છે. એવી જ રીતે જે રીતે માનનીય મંત્રીશ્રીએ વાત કરી તો આપણી પાસે ગુજસીકોકનો પણ કાયદો છે. લેન્ડ ગ્રેબિંગ એકટનો પણ કાયદો છે. આપણે અમૂક વખતે કોઇક રચના એવી થતી હોય, કોઇ કાંડ એવો બન્યો હોય તો સરકાર દ્વારા સીટની પણ રચના કરીને એની સામેની તપાસ આપણે સૌ કરતા હોઇએ છીએ. માનનીય મંત્રીશ્રીએ પ્રોપર્ટી જપ્ત કરવાની વાત કરી તો લેન્ડ ગ્રેબિંગ એકટ આ સરકારે જયારે પાસ કર્યો પછી આ કાયદો લાવ્યા અને આ કાયદો લાવ્યા પછી અધિકારીશ્રી દ્વારા જે પણ વ્યકિતઓ ઉપર કેસો કરવામાં આવ્યા છે એની ૫૦૦ કરતા પણ વધારે પિટિશનો આજે હાઇકોર્ટમાં પેન્ડિંગ છે.

ભાદ્રપદ ૧, ૧૯૪૬ શાકે

## ગુજરાત વિશેષ કોર્ટ

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે વિશેષ કોર્ટની રચના કરવામાં આવશે. આજે જે પરિસ્થિત છે, સરકાર એમ કહે છે કે વિશેષ કોર્ટની રચના કરીશું પણ જે પરિસ્થિતિ છે, આજે પણ કોર્ટની અંદર નામદાર જજ સાહેબની જગ્યાઓ ઘણી બધી ખાલી છે. કોર્ટોમાં આજની તારીખમાં સ્ટેનોગ્રાફરોની જગ્યાઓ ખાલી છે. ક્લાર્કોની ઘટ છે. ચોથા વર્ગના પટ્ટાવાળાની જગ્યાઓ પણ ખાલી છે. ઘણી જગ્યાએ એવું બને છે કે જજ સાહેબ પોતે બિચારા કોમ્પ્યુટર ઉપર બેઠા બેઠા ટાઇપ કરતા હોય છે. વિશેષ કોર્ટની રચના કરીશું એટલે આ તમામ ઢાંચો તમારે જોઇશે. સરકારે એ પણ સાથે વિચારવું પડશે. એકબાજુ કાયદાઓ લાવીએ છીએ, નવી કોર્ટોની વાત કરીએ છીએ અને બીજી બાજુ સ્ટાફની ભરતીની પણ સરકારે વાત કરવી જોઇએ. જગ્યાઓ ખાલી છે. મારે ખાસ કરીને કહેવું છે કે જે રીતે માનનીય મંત્રીશ્રીએ જે ઉલ્લેખો કર્યા છે, ખાસ કરીને ૩ વર્ષથી વધુ થયેલ સજા અને એ સજાને આધીન ૧ કરોડ રૂપિયા કરતાં વધારેની પ્રોપર્ટી જપ્ત થઇ હોય એવા લોકો સામે આ વિશેષ અદાલતમાં કેસ ચાલશે. કેસ ચાલ્યા પછી સજાનું પ્રોવિજન છે. એના આધારે સંપત્તિ જપ્ત કરવાની વાત છે. મારે જાણવું છે કે આમાં લખ્યું છે કે કેસ એક વર્ષની અંદર પૂર્ણ કરવામાં આવશે. કોઇના પર કેસ થયો એ કેસ થયા પછી એની સંપત્તિ જપ્ત કરવાની વાત છે. સંપત્તિ જપ્ત કરશો એ નિર્દોષ છૂટી જાય તો એને ૫ ટકા સંપત્તિને આધારે પૈસા આપવાની વાત કરી છે. મારે આપને જણાવવાનું છે કે કોઇ વ્યક્તિને કોઇ ગુનામાં પકડવામાં આવ્યો છે, દારૂના બુટલેગર હોય, ડ્રગ્સના બુટલેગર હોય, જમીનના, શિક્ષણના અને ખાણ-ખનિજના માફિયા હોય કે ક્રાઇમ માફિયા હોય એવા લોકોની પ્રોપર્ટી જપ્ત કરો છો અને પછી માની લો કે ૫ ટકા એને આપવાની વાત છે. સજા થશે એટલે પ્રોપર્ટી એની પાસે આવી જવાની છે. જો સજા ન થઇ અને પ્રોપર્ટી જપ્ત કર્યા પછી ૫ ટકા આપવાની વાત કરી છે. મારી દ્દષ્ટિએ આ યોગ્ય નથી. આમાં સરકારે બીજું કાંઇક વિચારવું જોઇએ એવું મારું વ્યકિતગત માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૫ માં કહેવામાં આવ્યું છે કે પોલીસ અધીક્ષકનો દરજ્જો ધરાવતા પોલીસ અધિકારી પાસે પ્રાથમિક તપાસ કરાવવામાં આવશે. પોક્સોનો કાયદો અને બળાત્કારના અનેક કિસ્સાઓમાં આજે પણ ગુનાની તપાસ કરીને ચાર્જશીટ ફાઇલ કરવામાં પણ પી.આઇ. કે ઉપરી અધિકારીને સત્તા આપવામાં આવેલ છે. તેમ છતાં પણ પી.એસ.આઇ. કક્ષાના અધિકારી દ્વારા પી.આઇ.નો ચાર્જ ધરાવતા હોવાથી એની ચાર્જશીટ ફાઇલ કરવામાં ન આવે, એમાં સુધારો કરવાની જરૂર છે. કોઇની સંપત્તિ જપ્ત કરીએ અને પછી માની લો કે સજા ન થઇ અને ગુનેગાર સાબિત ન થયો તો સરકારે એ પણ વિચારવું જોઇએ. આમાં પ્રકરણ-૧ના ૨ નંબરમાં અને ૬ માં લખેલું છે કે વિભક્ત કુટુંબ વિભક્ત હિન્દુ કુટુંબ એટલે કે સંયુક્ત કુટુંબમાં જે વ્યક્તિઓ રહેતી હોય એમાં કોઇ વ્યક્તિએ ગુનો કર્યો છે અને એની સંપત્તિ જપ્ત કરી છે પણ એ સંયુકત કુટુંબમાં મા-બાપ, બહેન, દીકરો-દીકરી, પત્ની રહેતા હોય એવા સંજોગોમાં સરકાર આમાં શું કરવા માગે છે? કોઇ કંપની કે પેઢી હોય અને એમાંથી કોઇ એક વ્યક્તિએ ગુનો કર્યો અને એ ગુનાને આધીન સંપત્તિ જપ્ત કરવામાં આવે તો કંપનીમાં ઘણા વ્યક્તિઓ છે. એક સ્પેસિફિક હોવું જોઇએ કે જે કંપનીમાંથી જેના નામે પોલીસ ફરિયાદ આવેલ છે એવી વ્યક્તિની સંપત્તિ જપ્ત કરવાની વાત કરવી જોઇએ. ખાસ કરીને માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે કલમ-૯માં જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે કે કોર્ટના ચુકાદા સામે અપીલમાં જઇ શકાશે. કોર્ટના હુકમની સામે અપીલમાં જઇ શકાશે. કોર્ટના હુકમ સામે અપીલમાં જાય છે એનો સમયગાળો આપ્યો છે પણ એ પહેલા વાત કરી કે મિલકત જપ્ત કરવામાં આવે છે એનો પોતાનો પરિવાર હોય છે. એ પરિવાર માટે એ પોતાની જપ્ત કરેલ મિલકતને આધીન એક જ વ્યક્તિએ કર્યું હોય અને પોતાના પરિવારને ભોગવવાનો વારો આવે છે. માનનીય મંત્રીશ્રી એની અંદર પણ વિચારે એવી મારી અપીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, કલમ-૧૭ ની અંદર લખ્યું છે કે અપીલનો ગાળો ૩૦ દિવસનો કરવામાં આવ્યો છે. સ્વાભાવિક છે કે એની અંદર બે પાર્ટ હોવા જોઇએ. ડ્રગ્સ, દારૂ, જુગાર, કલબો ચલાવતી વ્યક્તિ, સમાજને નુકસાન કરનારી વ્યક્તિ હોય એવા લોકો માટેનો સમયગાળો ૩૦ દિવસનો રાખો એ ખૂબ જ યોગ્ય છે પણ ખાસ કરીને કોઇ એવી વ્યક્તિ પકડાઇ હોય, પેઢીની હોય કે કંપનીની હોય એવી વ્યક્તિ પકડાઇ હોય કે જે ગુનેગાર તરીકે સાબિત ન થઇ શકી હોય એવા લોકોને ૬૦ દિવસનો અપીલનો ગાળો આપવો જોઇએ એવું મારું આજના પ્રસંગે સૂચન છે અને ખાસ કરીને મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એ બિલની અંદર ઘણી જગ્યાએ મંત્રીશ્રી પોતાના છેલ્લા પ્રવચનમાં એની પૂર્તિ કરી આપે તો અમે ચોક્કસ આ બિલની અંદર ટેકો આપવો કે નહીં એ પછી અમે વિચારીશું. જે રીતના સરકાર તમામ કાયદાઓ હોવા છતાં પણ એ.સી.બી.નો કાયદો હોવા છતાં પણ આજની તારીખની અંદર ખુલ્લેઆમ ચાલતો ભ્રષ્ટાચાર હોવા છતાં પણ એ.સી.બી.ના કાયદા હેઠળ જે તપાસ થાય છે. સજાનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. એ.સી.બી.નો કાયદો હોવા છતાં પણ સજાનું પ્રમાણ ખૂબ જ ઓછું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવી રીતે જે પણ વિશેષ અદાલતની રચનાની તમે વાત કરો છો તો મારે આપને કહેવું છે કે જે રીતે રાજ્યની અંદર અલગ અલગ કાંડો થઇ રહ્યા છે એ કાંડોની અંદર સરકાર જ્યારે કાંડ થાય છે ત્યારે એસ.આઇ.ટી.ની રચના કરી દે છે. એસ.આઇ.ટી.ની રચનામાં કોણ અધિકારીઓ હોય? એ જ અધિકારી હોય. અધિકારી એટલે કોણ જે પોતે અધિકારી હોય એ. મામાનો દીકરો હોય, માસીનો દીકરો હોય, કાકાનો દીકરો હોય. એ બધા ભાઇઓ જ કહેવાય. અધિકારી, અધિકારીની તપાસ કરે અને એ સમજાવે કે આટલા દિવસોમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી જયાં જયાં પણ બનાવો બન્યા છે, જયાં જયાં કાંડ થઇ રહ્યા છે અને માનનીય ગૃહ મંત્રીશ્રી, એ બતાવો કે એસ.આઇ.ટી.ની રચના કર્યા પછી કોઇ મોટા અધિકારીનું નામ આવે કે એના પોતાના સમકક્ષ અધિકારીનું એસ.આઇ.ટી.ની અંદર નામ આવે કે ગુનેગાર આ છે. હાઇકોર્ટે

હુકમ કર્યા પછી પણ, હાઇકોર્ટે કહ્યું છે કે મોરબી કાંડની અંદર આ બે અધિકારીઓ સામે સરકારે એકશન લેવા જોઇએ. હાઇકોર્ટનો હુકમ થયા પછી પણ વડોદરાની અંદર જે હરણીકાંડ થયો, બેમાંથી એક પણ અધિકારીની સામે પગલાં લેવામાં આવ્યાં નથી. કોઇ તપાસ કરવામાં આવી નથી. આજે પણ અધિકારીએ એમને જામીન મળે એ માટે સુપ્રીમકોર્ટમાં અરજી કરેલી છે. સરકાર એની રાહ જોઇને બેઠી છે કે સુપ્રીમકોર્ટમાંથી એમને આગોતરા જામીન મળી જાય પછી અમે એની તપાસ કરીશું. આવું ડબલ વર્તન કેમ? માટે મારે કહેવું છે કે જે રીતના કાંડ થતા હોય એ કાંડની તપાસ માટે પણ આવી સ્પેશિયલ કોર્ટની રચના કરવા તમે જઇ રહ્યા છો. બાળકો હોમાઇ ગયા છે. નિર્દોષ લોકો હોમાઇ ગયા છે એવા લોકોની સામે પણ પોતાના બિલની અંદર પણ પ્રોવિઝન કરવું જોઇએ કે રાજયમાં આવા કોઇ ગંભીર બનાવો બનશે, નિર્દોષ બાળકોની હત્યા થઇ છે અને એવા લોકો ખુલ્લેઆમ ફરી રહ્યા છે. ખાસ કરીને મોટા અધિકારીઓને કોઇ પકડનાર નથી. બાબુઓના રાજની અંદર ભ્રષ્ટાચાર પણ વધ્યો છે અને એસ.આઇ.ટી.ની રચના ખાલી ચોપડા ઉપર રહી ગઇ છે ત્યારે મારી સરકાર પાસે માગણી છે. હાલમાં થયેલા જેટલા પણ કાંડ છે એ મોરબીનો કાંડ હોય, તક્ષશીલાનો કાંડ હોય, વડોદરાનો કાંડ હોય કે રાજકોટનો કાંડ હોય આ તમામ કાંડની અંદર આ વિશેષ કોર્ટ બનાવવા જઇ રહ્યા છો. આ તમામ કાંડની તપાસ પણ આ સ્પેશિયલ કોર્ટની અંદર થવી જોઇએ એવી આજના પ્રસંગે માગણી કરું છું અને માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં જયારે આપશે અને અમને સંતોષ થશે તો જોઇશું કે આ બિલની અંદર ટેકો આપવો છે કે નહીં.

સભાપતિશ્રીઃ પછી હા પાડો એના કરતા અત્યારે જ હા પાડોને એટલે સારો જવાબ આપે. એવું નથી કરવું?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ જે સ્પેશિયલ કોર્ટનું બિલ લઇને આવ્યા છે તેને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં શ્રી નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા તેના પછી એક નારો આવ્યો છે કે, ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સ અને ભ્રષ્ટાચાર કરનારા હોય, ખોટું કામ કરનારા હોય, ખોટી રીતે સંપત્તિ એકઠી કરનારા હોય તેના ઉપર કોઇપણ પ્રકારની દયા રાખ્યા વગર તૂટી પડવાનું અને ભ્રષ્ટાચારને નેસ્ત નાબૂદ કરવા માટે જે કંઇ કરવું પડે તે કરવું જોઇએ તેના ભાગરૂપે આ બિલ આવ્યું છે. એટલે માનનીય ભૂપેન્દ્રભાઇ અને શ્રી હર્ષભાઇ બંનેને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદાઓ છે તે સ્ટેટિક નથી હોતા. તે હંમેશાં ડાયનેમિક હોય છે. સમયની સાથે તેમાં બદલાવ લઇ આવવો જોઇએ. આપણા દેશની અંદર કોલોનિયલ સમયની અંદર અનેક કાયદાઓ આવ્યા. તે કાયદાઓ આવ્યા પછી સન ૧૯૩૫માં ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા એકટ આવ્યો. તેના સંદર્ભમાં પાછલી અસરથી કાયદાઓ ફરી પાછા સુધર્યા. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦માં જ્યારે દેશનું બંધારણ અસ્તિત્ત્વમાં આવ્યું ત્યારે એક વાત કહેવાઇ હતી અને એક સિદ્ધાંત સ્વીકારાયો હતો તે સિદ્ધાંત હતો Doctrine of eclipse under constitution of India. એટલે કે, ભારતનું જે બંધારણ છે તેની આડે આવતી કોઇપણ જોગવાઇઓ અથવા તેની સાથે સુસંગત ન હોય તેવી કોઇપણ જોગવાઇઓ હતી તે જોગવાઇઓ આપોઆપ દૂર થઇ જાય છે અથવા તો તેની અસર રહેતી નથી. આ સિદ્ધાંત સ્વીકારાયો. પરંતુ તેના વર્ષો પછી આ Doctrine of eclipse under constitution of India ના સિદ્ધાંત પ્રમાણે પાછલી અસરથી આ લોની અંદર જે કોલોનિયલ અસર હતી તે નાબૂદ કરવા માટેના પ્રયાસો થવા જોઇએ તે થયા નહીં. સન ૨૦૨૩માં માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇની સૂચનાથી આ બધા જે ક્રિમિનલ કાયદાઓ હતા તેનું ભારતીયકરણ થયું. ઇન્ડિયન પીનલ કોડ હતો તેની જગ્યારે ભારતીય ન્યાય સંહિતા અમલમાં આવી. ક્રિમિનલ પ્રોસીજર કોડ હતો તેની જગ્યાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અમલમાં આવી અને ઇન્ડિયન એવિડન્સ એક્ટની જગ્યાએ ભારતીય સાક્ષી અધિનિયમ અસ્તિત્ત્વમાં આવ્યો. આના કારણે બધા જ કાયદાઓનું ભારતીયકરણ થયું એટલું જ નહીં જે કોલોનિયલ જોગવાઇઓ રાજદ્રોહ જેવી હતી તે બધી જ નાબૂદ કરવામાં આવી. ઇચ્છાશક્તિ હોત તો આ કરી શકાયું હોત પણ એવી ઇચ્છાશક્તિ દાખવવામાં ન આવી. તેનું કારણ એ હતું કે, દેશને એક તબક્કામાંથી બીજા તબક્કામાં આગળ લઇ જવો હોય તો માત્ર ભૌતિક સંશાધનો છે અથવા તો ભૌતિક માળખાકીય સુવિધાઓ છે તેને આગળ લઇ જવી એટલું જ નહીં પણ કાનૂનને પણ આગળ લઇ જવા જોઇએ. એ જ પરંપરાની અંદર આજે આ બિલ આવેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય ગૃહમંત્રીશ્રીને બીજા અભિનંદન આપીશ કે, ગઇકાલે આપે એક બિલ પાસ કર્યું. જેમાં પોલીસ સ્ટેશનોની અંદર જે દારૂના ટ્રાન્સપોર્ટેશનમાં જે વાહનો વપરાતાં હતાં તેવાં સેંકડોની સંખ્યાની અંદર પડયાં છે. ત્યાં ગંદકીનો અખાડો થતો હતો. તેમાં એક સ્ટેપ આગળ જઇને તેની સફાઇ કરવાનું કામ કર્યું એટલું જ નહીં મને આનંદ એ વાતનો છે કે, આ વાહનધારકોનાં વાહન સડી જતાં હતાં અને તેની કિંમત ઝીરો થઇ જતી હતી તેની જગ્યાએ તેનું ઓકશન કરી તેમાંથી જે પૈસા આવે તે જમા રાખવાના અને કોર્ટ સાબિત કરે કે તેના છે તો તે પૈસા વ્યાજ સહિત પાછા આપી દેવાના.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય ગૃહમંત્રીશ્રીને એક બીજુ સૂચન કરવા માગું છું કે આવી રીતે ઘણા જે સિવિલ રોન્ગ્સ થયેલા છે અને તેમાં પ્રોપર્ટી જપ્ત થઇ દા.ત. આરટીઓ છે. આરટીઓની અંદર ટેક્સની ચોરી કરી અને ચોરીની અંદર એવું થયું હોય કે વાહનની કિંમત કરતાં ટેક્સ વધી ગયો અને એ વાહન છોડાવવા જ કોઇ ના આવે. ઘણી વખત તો મોટા મોટા લોડર હોય, ક્રેઇન હોય આ બધા જ આપણે ચેક પોસ્ટ ઉપર પડેલા જોઇએ છીએ આનો પણ આ રીતે નિકાલ કરવો જોઇએ એવું હું માનુ છું. એ રીતે માઇન્સ અને મિનરલની અંદર રોયલ્ટી વગરના કોઇ વાહનો પકડાયાં હોય તો એનો પણ આ જ રીતે નિકાલ કરવો જોઇએ. જીએસટીની અંદર કોઇએ ગુનો કરીને આ રીતે કર્યું હોય અને એવી જે પેરીસેબલ આઇટમો હોય કે એ

સડી જતી હોય, નુકસાન પામી જતી હોય તો એનું પણ ઓકશન કરી દેવું જોઇએ. આપણે કાનૂની દિશામાં આગળ વધી રહ્યા છીએ ત્યારે આમાં પણ આગળ વધાય તો હું માનું છું કે આપણે આ દેશના સંશાધનોને ખોટા હાથોમાં જતા રોકી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, ભ્રષ્ટાચાર કરે કે પછી કોઇ ગેરકાનૂની કામ કરીને રૂપિયા બનાવે તો જે કેસ એટલો બધો લંબાય કે પછી જયારે કેસની સજા થાય ત્યાં તો દાયકાઓ કદાચ નીકળી જાય, વર્ષો નીકળી જાય આપણી ન્યાય પદ્ધતિ છે તેમાં થોડું લંબાય છે તેના કારણે લોકો તો હવે લોકો એવું સ્વીકારવા લાગ્યા છે કે ભલે જેલમાં ગયા પણ સાત પેઢીનું સારું કરીને ગયા કારણ કે તેણે જે રૂપિયા કમાયા છે તેને તો કંઇ અસર થવાની નથી. સાત પેઢી યાદ રાખેને એવા પગલાં તેની સામે લેવાનાં છે. એટલે અહીંયા એવાં પગલાં લેવાયાં છે કે કોઇ ગેરકાનૂની રીતે ભ્રષ્ટાચાર કરીને, ડ્રગ્સ વેચીને કે બીજી કોઇ રીતે સરકારને નુકસાન કરીને, જનતાને નુકસાન કરીને પૈસા કમાયા હશે તો એ કોઇક વાપરશે, ઉલટી કરાવવી પડશે એ પ્રકારનો આ કાનૂન છે એટલે આ કાનૂન આવ્યા પછી હવે કોઇ એવી હિંમત નહીં કરે. આ બધા ગુનેગારો એવા હોય છે આપણે બધાએ અનુભવ્યું છે કે ખૂબ પૈસા હોય, બે નંબરના પૈસા હોય, સારા સારા વકીલો રોકે, કેસને ચાલવા ના દે, રોકે, એક જગ્યાએથી અપીલમાં જાય, બીજી જગ્યાએ અપીલમાં જાય, ત્રાહિત વ્યકિત પાસે અરજી કરાવે તેમ કરી કરીને લંબાવતા હોય છે પણ તેની પાસે સામાન્ય નાગરિકની જેમ જે સામાન્ય નાગરિક છે તે વકીલ રાખે એટલા જ વકીલ રાખી શકવાની ક્ષમતા હોવી જોઇએ પણ તે નથી કારણ કે તેની પાસે તો બે નંબરના પૈસા છે એટલે તેને કોઇ ચિંતા નથી હોતી. આ કાયદાથી જે ગુનેગારો છે, આર્થિક ગુનેગારો છે તેની કમર તોડવાનું કામ આ કાયદા દ્વારા થવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિપક્ષના સભ્યશ્રીઓએ ચિંતા વ્યકત કરી કે આમાં ખોટી રીતે આવી જાય તો શું? તો આ સંપત્તિ જપ્ત કરવી છે તે કોઇ અધિકારી નહીં કરી શકે એ પણ ઓથોરાઇઝ ઓફિસર જે સરકાર નીમશે અને તે પણ નિવૃત્ત જજ હોય તે નોટિસ આપે, તે સાંભળે અને એ ડિકલેર કરે કે આ સોર્સમાંથી કમાયેલી સંપત્તિ છે, આ ગેરકાનૂની છે એટલે તેને જપ્ત કરો. એટલે જપ્ત કરી અને ઓકશન કરી અને તેના પૈસા જમા થશે અને જો કોર્ટ છૂટ્ટા કરી દે તો એને પાછી મળશે. એટલે હવે જે સાત પેઢી સુધી કમાવાની વાત હતી તે સાત પેઢીનું સારું કરીને ગયા છે એની સાત પેઢી સુધી યાદ રહે એવી સજા થઇ શકે એવી જોગવાઇ આ કાનૂનમાં આવી છે પણ આપણે રાજકીય અનુકૂળતા ખાતર દરેક વખતે કોઇને કોઇ કારણોસર સ્ટેન્ડ બદલતા હોઇએ છીએ. જે મુખ્યમંત્રી અત્યાર સુધી એમ કહેતા હતા દિલ્હીની અંદર કે અમારે કોંગ્રેસનો ટેકો જ નથી જોઇતો પહેલી વખત ચૂંટાયા ટેકો આપવા ગયા ટેકો નથી જોઇતો કારણ કે ભ્રષ્ટાચારી છે અને તેના મુખ્યમંત્રીને હું જેલમાં પૂરીશ. બિહારના એક મુખ્યમંત્રી હતા એની સાથે સ્ટેજ કરવાની વાત આવી તો કહે નહીં હવે સ્ટેજ હું તેની સાથે પણ શેર નહીં કરું. હવે એ જ મુખ્યમંત્રી પાછા જેલમાં ગયા એટલે આવો ભાઇ હરખા, આપણે બેઉ સરખા. આની અંદર ડરવાનું કોને છે? જેણે ભ્રષ્ટાચાર કર્યો છે એને ડરવાનું છે. પછી એ ભ્રષ્ટાચાર કરનાર અહીંયા બેઠો હશે તો એણે પણ ડરવાનું છે, સામે બેઠા છે તો એણે પણ ડરવાનું છે. બાકી જેણે કાંઇ કર્યું નથી એ નીડરતાથી જે કાંઇ કામ કરવું હોય એ કરી શકશે એને કોઇ રોકી શકવાનું નથી. આ દેશમાં કાયદાનું પાલન કરનાર નાગરિક ગમે ત્યાં હોય અને ગમે તેવો તાકતવર શાસનકર્તા હોય તો પણ એને અસર કરવાની છે પણ ક્યાંક મારા જેવા લોકોને પકડે તો આખી સરકાર ખરાબ થઇ ગઇ અને કોઇ બીજાને પકડે તો કહે કે ''સરકાર બહુ સારી છે.'' આવી નીતિમાંથી બહાર આવવું જોઇએ. આપણા દેશને આટલાં વર્ષો પછી આવા વડાપ્રધાન મળ્યા છે. હું વિપક્ષમાં હતો તો પણ જાણતો હતો કે આ વડાપ્રધાનને ખિસ્સું નથી. પક્ષમાં ચર્ચા થતી ત્યારે કહેતો હતો કે એમણે ખિસ્સું જ રાખ્યું નથી. કોના માટે કમાવવા જવાનું? (વિપક્ષના સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર જગ્યા પર બેઠા– બેઠાં બોલે છે.) શ્રી શૈલેષભાઇ એ વાત કરવાની જરૂર નથી. મારા ભૂતપૂર્વ અને તમારા વર્તમાન નેતાઓ શું કરે છે એ હું અને તમે બંને જાણીએ છીએ. હું તો તમને તમે ટકી રહ્યા છો એના માટે ધન્યવાદ આપું છું. હું એમાંથી છૂટ્યો. હું તો એ યુવરાજગીરીમાંથી છૂટ્યો અને તમે પણ વહેલાં છૂટો, નહિ તો જિંદગીભર મજૂરી જ કરતાં રહેવાના છો. તમારું કશું ચાલવાનું નથી. તમે હાઉસ ચલાવવાનું નક્કી કરીને આવ્યા હોય અને ત્યાંથી પ્રતિનિધિ આવીને તોફાન કરીને જતો રહે. આ તો તમારામાં સમજદારી આવી અને આ વખતે તમે બહાર ન નીકળ્યા, નહિ તો તમારે બહાર નીકળવું પડે. તમે મજબૂર થઇ જાવ. કારણ કે, આપણો નિયમ એવો છે કે આપણા એક સાથીદાર સસ્પેન્ડ થાય તો આપણે હાઉસની બહાર નીકળી જવું જોઇએ પણ તમને પૂછ્યા વગર, કોઇને પૂછીને કરે તો તમે શું કરો? તમારું અને મારું કાંઇ ચાલતું નહોતું અને હજી તમારું ચાલતું નથી.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

તમે અને હું સાક્ષી છીએ. ચૉકલેટી નેતાઓ સીધા ઉપરથી આયાત થાય છે. ત્યાં મજૂરી કરવાવાળાના પરસેવાની કોઇ કિંમત જ નથી. મારી પાસે વધારે બોલાવતા નહિ. વિપક્ષનો રોલ છે એ એમણે ભજવવો જોઇએ. હું હતો ત્યારે પણ ભજવતો હતો તમે પણ બરાબર ભજવો પણ ઉપરથી કહે એમ નહિ એ આપણે નક્કી કરવું જોઇએ. કાયદો હંમેશા પ્રજાના હિતમાં હોય તો એ પસાર કરવો જોઇએ. મેં તો ત્યાં બેસીને સ્વતંત્રતા લીધી છે. એનો એક દાખલો હું તમને આપું. જ્યારે જનતાના હિતનો કાયદો હોય ત્યારે એ કાયદાને ટેકો આપવો જોઇએ. માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા. એ વર્ષ ૨૦૦૫માં બિલ લઇ આવ્યા કે પંચાયતી રાજ ઇન્સ્ટિટ્યૂશનમાં જે ચૂંટણી લડે છે એને બે બાળકો હોવાં જોઇએ. બે બાળકોથી વધારે હોય તો એ ગેરલાયક ઠરે. મને કહેવામાં આવ્યું કે પૂછવું જોઇએ. મેં કહ્યું જનતા ઇચ્છે છે અને આપણા જ નેતા ભૂતકાળમાં કુટુંબ નિયોજનનો બહુ પ્રચાર કરતા હતા તો આપણે શું કરવા પૂછવું જોઇએ? અને કાયદો સર્વાનુમતે પાસ કરાવ્યો પણ અત્યારે તમે નહિ કરાવી શકો.

એમને પૂછવા જવું પડે. એટલા માટે જ હું કહું છું કે ભારતીય બંધારણમાં બધાને રાઇટ આપ્યા. બાબા સાહેબ હિન્દુ કોડ બિલ લઇ આવ્યા. ત્યાં સુધી આ દેશની મહિલાઓને સંપત્તિ ધરાવવાનો અધિકાર નહોતો. મારા બધા વકીલ મિત્રોને ખબર હશે. મહિલાઓનો સંપત્તિ ઉપર કોઇ અધિકાર નહિ. બીજા કોઇ અધિકારો નહીં પણ આ વિશેષ કોર્ટ બિલ લાવ્યા પછી તમામ અધિકારીઓ તેમને મળી ગયા. આપણે બધા સમજીએ છીએ કે આવા જ અધિકાર મુસ્લિમ, બૌદ્ધ અને બીજી બહેનોને પણ મળવા જોઇએ પણ આપણે એ અધિકાર આપી શકતા નથી. આપણે આટલી હિંમત કરવી જોઇએ કે બીજી બહેનોને જેટલા અધિકારો મળે છે તેટલા જ અધિકારો મુસ્લિમ બહેનોને પણ મળવા જોઇએ. ત્રિપલ તલાક રદ કરવા માટેનો કાયદો કોઇ કોમ્યુનલ કાયદો ન હતો પણ બહેનોને અધિકાર આપવાની વાત હતી. જો ત્રિપલ તલાક પુરુષ કરી શકે તો મહિલા શા માટે ન કરી શકે? આ કોઇ રાજકીય ભાષણ નથી. આટલાં વર્ષોથી આપણે તેની આ પીડા સાંભળી નથી પણ હવે સાંભળવી પડશે એટલે આ બિલ સર્વાનુમતે પસાર કરવા જેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલથી કોણે ડરવાનું હોય? ચોર કી દાઢી મેં તીનખા એણે ડરવાનું હોય. આપણા જેવા કોઇએ ડરવાની જરૂર નથી. આ બિલ આપણે સર્વાનુમતે અભિનંદન સાથે પાસ કરીએ. આપણે ગુજરાતીઓ તરીકે ગૌરવ લઇએ કે આ કાયદાઓનો બદલાવ લાવવામાં આપણા જ બે ગુજરાતીઓ આદરણીય નરેન્દ્રભાઇ અને શ્રી અમિતભાઇ બંનેએ પહેલ કરી છે. બીજાં રાજ્યોમાં જઇને આપણે આ બંનેનાં નામે કોસાઇ છીએ. ભલે અહીંયા ટીકા કરો તેની સામે કોઇ વાંધો નથી પણ બહાર જઇએ ત્યારે તેમનો બચાવ કરવાની આપણી જવાબદારી છે. સરદાર પટેલ અને મહાત્મા ગાંધી પણ અહીંના જ હતા. આ બે ગુજરાતીઓ હતા જેણે દેશની સિકલ ફેરવી છે. આજે પણ દેશ બદલાઇ રહ્યો છે. તે બદલાવમાં વિપક્ષ તરીકે તમે પણ જોડાઓ અને આ બિલને સહર્ષ સર્વાનુમતે પાસ કરીએ એટલી વિનંતી છે. છેલ્લે એટલું કહીશ કે, જે ભ્રષ્ટાચાર થાય છે તેની સામે ગુજરાતમાં માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર ઝીરો ટોલરન્સથી કામ કરે છે. તેનો દાખલો રાજકોટનો બનાવ છે. જે જવાબદાર હતા તે કોઇને છોડ્યા નથી. એકાદ બનાવમાં કોઇ રજૂઆત કરવા માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે ગયા. હું બાજુમાં બેઠો હતો ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ''હું માંગીને મુખ્યમંત્રી થયો નથી, હું કોઇ ખોટું ચલાવવાનો નથી. મને ખોટું રોકવા માટે જવાબદારી સોંપવામાં આવી છે અને હું નિભાવીને જ રહીશ.'' આ ખોટું રોકવા માટેના જે કાયદાઓ આવે તેને આપણે સમર્થન આપીએ તેટલી વિનંતી છે.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા(પાદરા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક ક્રમાંક-૧૫ લઇને માનનીય ગૃહમંત્રીશ્રી આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદા હેઠળ જે વ્યક્તિએ ચોક્કસ ગુનો કર્યાના પરિણામે મિલકત, ધન-દોલત ભેગા કર્યા છે તે તમામ ઉપર આ વિશેષ કોર્ટનો અધિકાર રહેશે. પહેલાં આપણે જોતા હતા કે, આપણો કાયદો એવો હતો કે ન્યાય કેટલો મોંઘો અને મોડો મળતો હતો. ન્યાય મેળવવા માટે ચંપલ ઘસાઇ જાય, પેઢી બદલાઇ જાય પણ ન્યાય મળતો ન હતો. તેનું કારણ હતું કે, સત્તા પર બેઠેલાં જ ભ્રષ્ટાચાર કરતા હતા. તત્કાલીન વડાપ્રધાનશ્રીનું મેં સ્ટેટમેન્ટ સાંભળ્યું હતું કે, હું કેન્દ્રથી એક રૂપિયો મોકલું છું, નીચે પહોંચતાં પહોંચતાં તે ૧૫ પૈસા થઇ જાય છે. વચ્ચેના રૂપિયા ક્યાં જાય છે? તે પક્ષના હોદ્દેદારો આજદિન સુધી જણાવી શક્યા નથી. પહેલાં ભ્રષ્ટાચાર માટે એવું કહેવાતું હતું કે, **સો મેં સે અશ્શી બેઇમાન ફિર ભી મેરા ભારત દેશ મહાન** આવી આપણી છાપ હતી. એક એ જમાનો હતો કે, આપણે અંગ્રેજોની ગુલામીમાંથી તો આઝાદ થયા હતા પણ આ ચોકકસ પક્ષની ગુલામી, એમના નેતાઓની, અધિકારીઓની ગુલામીમાંથી આપણે આઝાદ થઇ શક્યા નહોતા અને એક આજનો જમાનો છે કે આજે એવું કહેવાય છે કે, 'મેં ભી ચોકીદાર ઇસિલિયે મેરા ભારત દેશ મહાન.' આજે આપણા ભારતીયોની સંપત્તિ પર આપણે પોતે ચોકીદાર બનીને એની રક્ષા કરીએ છીએ અને આ રક્ષા કરવા માટે વિશેષ કોર્ટનો કાયદો લાવવામાં આવ્યો છે. આજે વિશ્વમાં બે દેશો રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને રોકવા માટે સમગ્ર વિશ્વની નજર કોઇ ઉપર હોય તો એ એક ભારતીય પર છે. આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી પર છે. આ આપણી આજની ભારતીયોની છાપ છે કે આપણો ભારતીય યુક્રેન અને રશિયાના યુદ્ધ વચ્ચે પણ જો ભારત દેશનો ઝંડો લઇને નીકળે તો યુદ્ધ રોકાઇ જાય છે એવું આજે આપણા ભારતીયોને માન-સન્માન મળ્યું છે. આ માન-સન્માન વધારવા માટે આપણે આ કાયદો લાવ્યા છીએ. ભ્રષ્ટાચાર માટે, ભ્રષ્ટાચાર પર અંકુશ મેળવવા, ગુનેગારો અને બુટલેગરો પર અંકુશ મેળવવા આ કાયદો લઇને આવ્યા છે. એમાં કૉંગ્રેસના માનનીય સભ્યશ્રીઓ કદાચ વિરોધ તો કરતા હશે. મારા જેવા કેટલાય નવા સાથી સદસ્યો આ ગૃહમાં કંઇક નવું શીખે છે અને નવું શીખવાની ભાવના પણ અમારામાં છે. પણ ગઇકાલે મેં એક ઉદાહરણ જોયું. માનનીય અધ્યક્ષશ્રીએ પણ વિનંતી કરી કે, તમારે સવાલો પૂછવા હોય તો પૂછી શકો છો. પણ તમે પ્લેકાર્ડ ના બતાવશો, વિરોધ ના કરશો, તમે બેસીને પણ તમારી વાત મૂકી શકો છો. પણ એમને માત્રને માત્ર વિડિયો અને સમાચારમાં આવવા માટે જ વોકઆઉટ કર્યું. એમણે બહાર જઇને અંદરની પરિસ્થિતિ તદ્દન વિરુદ્ધ પ્રકારની વર્ણવી હતી. અમે જ્યારે ગૃહના સભ્ય નહોતા ત્યારે એવું લાગતું હતું કે, કૉંગ્રેસના સભ્યો પણ પોતાની રજૂઆત કરીને પોતાનું કામ કરાવે છે. પણ જ્યારે અંદર આવ્યા ત્યારે ખબર પડી કે કૉંગ્રેસની રજૂઆત નથી હોતી માત્રને માત્ર વિરોધ જ હોય છે. ગુજરાતની જનતાની અને જનતાના લાભની ક્યારેય પણ વાત હોતી નથી. માત્ર પોતાના

લાભની જ વાતો હોય છે. આ અમે ગઈકાલે જાણ્યું છે અને આવા જ એક *(**xxx**) અમારા પાદરામાં છે કે જે જૂના વિડિયો લઈને, પોતાના વિરોધો લઈને........

અધ્યક્ષશ્રી :*(**xxx**) શબ્દને હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : વિરોધના રૂપમાં પોતાની રજૂઆત લઈને સસ્તી પ્રસિદ્ધિ મેળવવા માટે આજે પણ પોતાનાં કામ બતાવી રહ્યા છે પણ એ માત્રને માત્ર વિરોધ છે. કારણ કે, સહી નિયત  સહી વિકાસ જો કોઈ કરી શકતું હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર ગુજરાતમાં કરી રહી છે. આ એવી સરકાર છે જે આજે ૨૯ વર્ષ પૂર્ણ થયા પણ એકપણ ભ્રષ્ટાચારનો દાગ ભારતીય જનતા પાર્ટીની સરકાર પર નથી. કેન્દ્ર સરકારને દસ વર્ષ થયાં પરંતુ એકપણ ભ્રષ્ટાચારનો આરોપ મારી સરકાર પર નથી. આ સ્વચ્છ અને ઈમાનદાર સરકાર છે એટલા માટે આજે આવા બુટલેગરો હોય, ગુંડાઓ હોય કે ભ્રષ્ટાચારી અધિકારી કે નેતાઓ હોય તો એની પર અંકુશ લાવવા માટે આ બિલ લઈને આવ્યા છે. તો ગૃહમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આ બિલને સર્વાનુમતે મંજૂર કરવામાં આવે એવી મારી આપ સૌને વિનંતી છે.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવો હું પ્રસ્તાવ રજૂ કરું છું.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ (કૉંગ્રેસ પક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ પ્રસ્તાવને સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) કામકાજ સલાહકાર સમિતિએ આજે નિયત કરેલાં કામો પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના માનનીય ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી ગુજરાત વિશેષ કોર્ટ અધિનિયમ-૨૦૨૪ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરું છું અને કેટલાંક સૂચનો કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકોને સાચો અને ઝડપી ન્યાય મળે એ બહુ જરૂરી છે. લોકોને સાચો ન્યાય મળવા માટે આ વિધાનસભામાં જે કાયદા લાવ્યા હોય એમાં અમે હંમેશા સમર્થન કર્યું છે. હમણાં અમારા માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ વાત કરતા હતા. ગઈ વખતે માનનીય શિક્ષણ મંત્રી જયારે કોમન યુનિવર્સિટીનું વિધેયક લઈને આવ્યા હતા ત્યારે અમારા બધા સભ્યશ્રીઓ વિરોધ કર્યો હતો અને અમે એ વિધેયકને સમર્થન પણ આપ્યું હતું. એટલે જયાં સાચી વાત હોય ત્યાં અમે સામે બેસીને સમર્થન આપીએ છીએ અને હવે શ્રી અર્જુનભાઈ સામે બેસીની સમર્થન આપવા માંડ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે એમણે બિલમાં જે ઉદ્દેશો અને કારણો બતાવ્યાં છે એમાં, સરકારે સ્વીકાર્યું છે કે મોટી સંખ્યામાં વ્યકિતઓ ગુના કરવામાં સામેલ થાય છે. એટલે આ સરકાર જ સ્વીકારે છે કે ગુજરાત રાજયમાં લોકો મોટી સંખ્યામાં ગુનાઓમાં સામેલ થાય છે. એના કારણે કાયદેસરના સ્ત્રોતો સિવાયની આવકમાંથી મોટા પ્રમાણમાં મિલકત એકઠી કરે છે. સરકાર જાણે છે કે આ રાજ્યમાં કેટલાક લોકો ગેરકાયદેસર રીતે વર્ષોથી મિલકત ભેગી કરી રહ્યા છે. આ પ્રવૃત્તિ અટકાવવી બહુ જરૂરી છે. હું માનનીય મંત્રીશ્રી અને ભારતીય જનતા પાર્ટીની સરકારને ૩૦ વર્ષે ખબર પડી એ માટે ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. હમણાં અમારા સભ્યશ્રી ઝીરો ટોલરન્સની વાત કરતા હતા. તેઓશ્રી કહેતા હતા કે અમે કોઈ ચમરબંધીને છોડતા નથી. આ વિધાનસભામાં જ ચર્ચા થયેલી. આ રાજ્યના જે તે વખતના ગૃહ સચિવશ્રી અને પછી આ રાજ્યના ચીફ સેક્રેટરી બનેલા આદરણીય પંકજ કુમારે જે તપાસ કરી છે એમાં, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ભ્રષ્ટાચારી કુલપતિના વિરુદ્ધમાં ગુનો દાખલ કરવાનું કહ્યું છે. જો ઝીરો ટોલરન્સ રાખતા હોય તો આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને મળ્યો છું. માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ મળ્યો છું. નાછૂટકે, અમારે હાઈકોર્ટમાં જઈ પિટિશન કરવાની જરૂર પડી છે. એટલે માત્ર ઝીરો ટોલરન્સની વાતો ન કરશો. અમે તમને સમર્થન આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, એવા જ એક સપ્લિમેન્ટરી કૌભાંડના ભ્રષ્ટાચારની તપાસ છેલ્લાં ચાર વર્ષથી એ.સી.બી.માં ચાલે છે. અમે નક્કી કર્યું છે કે જો આ વખતે તપાસ નહીં થાય તો એ.સી.બી. ઓફિસમાં ભૂખ હડતાલ કરવાની છે. તમે કયા મોઢે ઝીરો ટોલરન્સની વાત કરી રહ્યા છો તે સમજાતું નથી. તમારામાં હિંમત હોય તો ભ્રષ્ટાચારીઓને પકડો? શા માટે સાચવી રહ્યા છો? જેમને રાજ્યના ચીફ સેક્રેટરીએ કહ્યું છે કે, ભ્રષ્ટાચારી છે, એમને ગુનો કર્યો છે તો શા માટે તમે રિપોર્ટ સંતાડી રહ્યા છો અને રજૂ કરતા નથી? એટલે નિયત અને નીતિ એક હોવા જોઈએ. કોઈપણ કાયદો હોય, લો કમિશન આપણા દેશનું અને રાજ્યનું અને યુનાઈટેડ નેશન્સ કોઈપણ કાયદો બનાવતા હોય એની અંદર રુલ ઓફ લો, કાયદાનું શાસન સ્થાપવા માટે શું જરૂરી છે એ તા.૧૧, ઓકટોબર, ૨૦૨૩ યુનાઈટેડ નેશન્સની અંદર જે વિશ્વના દેશોનું લો કમિશન મળ્યું એની અંદર લખ્યું છે 'What are the main features of law ? It requires measures to adherence to the principle of supremacy of law, equality before the law, accountability to the law, fairness in application of law, separation of powers, participation in decision making, legal serenity, avoidance of arbitrariness, and procedural and legal transparency'.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

તા.૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪

ગુજરાત વિશેષ કોર્ટ

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાના વિશ્વની અને દેશની અંદર પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો છે. કાયદાની અંદર ટ્રાન્પરન્સી હોવી જોઇએ, ખોટા વિવાદો ના થવા જોઇએ, સમયસર લોકોને ન્યાય મળવો જોઇએ, કાયદાની વિશ્વાસનીયતા હોવી જોઇએ, આ બધી વાતો લઇને જો આ કાયદો લાવતા હોય તો ચોક્કસ અમે એને સમર્થન કરવાના છીએ. આજે પણ સ્પેશિયલ કોર્ટની વાત કરી છે. કોઇપણ સ્પેશિયલ કોર્ટ બનાવવાથી લોકોને ઝડપી ન્યાય મળી નથી જવાનો. આજે પણ ગુજરાતની અંદર ૯ થી વધુ સ્પેશિયલ કોર્ટો છે. એ.સી.બી.ની કોર્ટ હોય, છેલ્લાં ૨૦-૨૦ વર્ષથી એ.સી.બી.ની સ્પેશિયલ કોર્ટ ચાલી રહી છે એની અંદર ઝડપી ન્યાય મળતો નથી. એટ્રોસિટી માટેની સ્પેશિયલ કોર્ટ છે, પોસ્કો માટેની, જી.પી.આઇ.ડી. માટેની, પી.એમ.એલ.એ., સી.બી.આઇ, આ તમામ પ્રકારની કોર્ટો છે.  આજ વિધાનસભાની અંદર નક્કી કરેલી છે, એની ચર્ચાઓ પણ થઇ છે અને એની અંદર નક્કી કરેલ છે કે એક મહિનાની અંદર, છ મહિનાની અંદર, ૨ વર્ષની અંદર ઝડપી ન્યાય મળી જવો જોઇએ.  આજ સુધી ઓન રેકર્ડ માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે દેશની અંદર અને રાજયની અંદર આવા સ્પેશિયલ કોર્ટોની અંદર ગુજરાત રાજયની અંદર કેટલા કેસ પેન્ડિંગ છે એ રજૂ કરે.  સી.બી.આઇ.ની સ્પેશિયલ કોર્ટ ચાલે છે એની અંદર MACT ના કેસો ચલાવવામાં આવે છે તો તમે સ્પેશિયલ કોર્ટ બનાવો કે જયાં જજો ના હોય, જયાં કોર્ટોને બેસવાની જગ્યા ના હોય, હાઇકોર્ટની અંદર જજો માટે હમણાં જ ગઇ લોકસભાની અંદર પ્રશ્ન પૂછવામાં આવ્યો એની અંદર આખા ભારત દેશની અંદર ૨૫ હાઇકોર્ટો છે, ૨૫ હાઇકોર્ટ અને એ ૨૫ હાઇકોર્ટની અંદર સૌથી વધુ ૨૧ જગ્યાઓ જો ખાલી હોય તો એ ગુજરાતની હાઇકોર્ટની અંદર છે. બીજો પ્રશ્ન એવો પૂછવામાં આવ્યો, આ ગુજરાત લોકસભાની અંદર statement referred to in reply to part-A of Loksabha Unstarred Question No.1354 for answer on 9-2-2024. એની અંદર vacant position of judicial officers in district and subordinate courts. તા. ૫-૨-૨૦૨૪ના દિવસ સુધી આખા ભારતની અંદર ઉત્તર પ્રદેશની અંદર ૧૨૫૦ જગ્યાઓ ખાલી છે અને બીજા નંબરે તમે નંબર વન ગુજરાત ગણાવો છો, તે ગુજરાતની અંદર ૫૩૫ જગ્યાઓ એ સેશન્સ અને નીચલી જ્યુડિશિયલ કોર્ટોની અંદર ખાલી છે. જયારે તમે આ જજોની જગ્યાઓ ભરી શકતા નથી, હમણાં જ અમારા સભ્ય કહેતા હતા કે પટ્ટાવાળાની જગ્યાઓ ખાલી, ટાઇપિસ્ટ, મદદનીશની જગ્યાઓ ખાલી અને તમે સ્પેશિયલ કોર્ટ રચી અને લોકોને ઝડપી ન્યાય આપવાની વાત કરો છો એ કઇ રીતે શકય છે?  એટલે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ઝડપી ન્યાય મળે એ જરૂરી છે પરંતુ સાથે સાથે જે ખાલી જગ્યાઓ છે જ્યુડિશિયરીની અંદર એ જગ્યાઓ ભરવામાં આવે. જે પ્રમાણે દેશની અંદર હાઇકોર્ટોનું મહેકમ છે એની અંદર કાયમી ૮૪૦ જજો, એડિશનલ ૨૭૪ એમ કુલ ૧૧૧૪ જજ છે એની અંદર હાલ ભરાયેલા કાયમી જજો ૬૭૯, એડિશનલ જજો ૧૦૮ અને કુલ ૭૮૭ જગ્યા ભરાયેલી છે એની સામે કાયમી ૧૬૧ જજ, એડિશનલ ૧૬૬ જજ એમ કુલ ૩૨૭ જજોની આખા દેશની અંદર છેલ્લાં દસ વર્ષથી જગ્યાઓ ખાલી છે. છેલ્લાં દસ વર્ષથી કેન્દ્રની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર છે.તમે આ જજોની જગ્યા ભરતા નથી અને ઝડપી ન્યાય આપવાની વાત કરો છો. ગુજરાતમાં પણ કુલ ૫૨ હાઇકોર્ટના જજોની મંજૂર થયેલ જગ્યાઓ છે. એની અંદર કાયમી જગ્યા ૨૯ અને વધારાની ૧૩ જગ્યા છે. એમાં ૧૦ અને ૧૩ એમ ૨૩ જગ્યાઓ ખાલી છે. તમે ઝડપી ન્યાય આપવાની વાત કરતા હો ત્યારે આપણા ગુજરાતની અંદર કુલ ૩ લાખ ૫૫ હજાર ૯૦૯ સિવિલ કેસો પેન્ડિંગ છે. ૧૨ લાખ ૨૮ હજાર ૧૩૦ ક્રિમિનલ કેસો પેન્ડિંગ છે. કુલ ૧૫ લાખ ૮૪ હજાર ૦૩૯ કેસો છેલ્લા ૩૦ વર્ષથી પેન્ડિંગ છે. એનો રેશિયો પણ મારી પાસે છે. ૧ વર્ષ કરતાં વધારે સમયથી કુલ ૧૪ લાખ ૦૯ હજાર ૬૩૫ કેસો પેન્ડિંગ છે. ૧થી ૩ વર્ષના કુલ ૭૬,૬૭૯ કેસો એટલે કે ૨૧.૫૨ ટકા કેસો પેન્ડિંગ છે.  ૩થી ૫ વર્ષ સુધીના કુલ ૪૫,૪૭૯ કેસો એટલે કે ૧૨.૭૦ ટકા કેસો પેન્ડિંગ છે. ૫થી ૧૦ વર્ષના ૫૮,૧૮૨ એટલે કે ૧૬.૩૨ ટકા કેસો પેન્ડિંગ છે. ૧૦થી ૨૦ વર્ષ સુધીના ૨૩,૬૩૬ કેસો નીચલી કોર્ટમાં પેન્ડિંગ છે. ૨૦થી ૩૦ વર્ષ સુધીના ૨૫૩૬ અને ૩૦ વર્ષથી ઉપરના ૧૪૭ કેસો પેન્ડિંગ હોય અને તમે સ્પેશિયલ કોર્ટ લાવીને એક કે બે વર્ષમાં ન્યાય આપવાની વાત કરો છો. મને લાગે છે કે એ શક્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો કોને લાગુ પડશે? તમે કલમ-૨માં વ્યક્તિ, પેઢીની વ્યાખ્યા આપી છે એમાં આ કાયદા હેઠળ ચૂંટાયેલા પ્રતિનિધિ ધારાસભ્ય હોય કે સંસદસભ્ય હોય, જિલ્લા પંચાયતના સદસ્ય હોય કે પબ્લિક સર્વન્ટ, જાહેર સેવકની વ્યાખ્યામાં વ્યક્તિ આવતી હોય એને લાગુ પડશે કે નહીં એની કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી. કલમ-૨(ક) સામે એક કરોડ રૂપિયા કરતાં વધારે હોય એવી મિલકત ધરાવતા લોકોને આ કાયદો લાગુ પડશે. એટલે ૧ કરોડ રૂપિયાથી ઓછો જેણે ભ્રષ્ટાચાર કરીને મિલકત ભેગી કરી હોય એને આ કાયદો લાગુ પડશે નહીં એમ કહેવા માગો છો? ખોટું કરીને ૫૦ રૂપિયા લીધા હોય કે ૫૦૦ રૂપિયા લીધા હોય, ગુનો એ ગુનો જ છે. એટલે આ બાબતે ૧ કરોડ રૂપિયાનું લોજિક શા માટે રાખ્યું? માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ એક કરોડ રૂપિયાની મર્યાદા કયા આધારે રાખવામાં આવી છે એ પણ આ ગૃહને સમજાવે. કલમ-૨(ખ)માં અધિકૃત અધિકારીની જોગવાઇ કરવામાં આવી છે. એની અંદર પૂર્વ ન્યાયિક અધિકારીની જોગવાઇ કરી છે. પૂર્વ ન્યાયિક અધિકારી શા માટે? તમે ન્યાય આપવા માગતા હોય તો ફુલ ટાઇમ કાયમી નોકરીમાં ચાલુ હોય એવા જજોની નિમણૂક કરો. રાજ્ય સરકારે ઘણા બધા પંચો બનાવ્યા છે. એની અંદર નિવૃત્ત જજોની નિમણૂક કરી છે. પાંચ-પાંચ વર્ષથી એ પંચોના રિપોર્ટ આવતા નથી. જો તમે સાચા ઇરાદા સાથે લોકોને ન્યાય આપવાની વાત કરતા હોય તો નિવૃત્ત થયેલા નહીં એના માટે સ્પેશિયલ જજોની નિમણૂક થવી જોઇએ. જે લોકો નિવૃત્ત થયેલ હોય એમને ડેપ્યુટેશન ઉપર લાવવામાં આવે છે. એ લોકો કોઇ જવાબદારી રાખતા નથી અને જો નવા જજોની નિમણૂક કરવામાં આવશે તો જે લોકો જ્યુડિશિયરી પરીક્ષા પાસ કરીને જજ બને છે એમને પણ લાભ થશે અને એમને પણ રોજગારી મળશે. કલમ-૨(ચ) એની અંદર ગુનો એટલે ૩ વર્ષ

કે તેથી વધુ મુદતની કેદની શિક્ષાપાત્ર એવું શા માટે? કોઇ વ્યક્તિએ ગુનો કર્યો હોય તો એક દિવસની સજા થાય, ૬ મહિનાની સજા થાય કે ૩ વર્ષની સજા થાય ગુનેગાર એ ગુનેગાર જ છે એટલે આ ૩ વર્ષની સજાની જોગવાઇ શા માટે રાખવામાં આવી છે? કલમ–૨(૬)(૫) ની અંદર સંસ્થાપિત હોય કે ન હોય એવી વ્યક્તિઓનું સંગઠન. આવા વ્યક્તિએ ગુનો કર્યો છે એ કોણ નકકી કરશે? માનનીય મંત્રીશ્રીને વિનંતી કે એ પણ આની અંદર સ્પષ્ટતા કરે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૩(૨) એની અંદર રાજય સરકાર નામ નિયુકત કરે એવા જજ મને લાગે છે કે રાજય સરકાર જજોની નિમણૂક કરે ખરેખર તો જ્યુડિશિયરી એ અલગ છે સ્વતંત્ર છે ન્યાયતંત્ર સ્વતંત્ર છે અને ભારતના બંધારણના આર્ટિકલ ૩૦૯ અને ૨૩૩ અને ૨૩૪ ની અંદર જ્યુડિશિયરીની અલગ વ્યવસ્થા અને સ્વતંત્રતા આપી છે તો જે રીતે જજોની નિમણૂક થાય છે એ રીતે અલગ જજોની નિમણૂક કરી અને તમે ન્યાય આપો મને લાગે છે કે તમે તો *(xxx) જે સરકારનું કહ્યું કરતા હોય અને ભૂતકાળની અંદર જોયું છે કે જજમેન્ટ આપ્યું હોય અને બીજા દિવસે એમની નિમણૂક થઇ જતી હોય.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર જે સારા સંનિષ્ઠ અધિકારીઓ હોય એવા જ્યુડિશિયરીની અંદરથી આવતા લોકોની સરકારની દખલગીરી સિવાય જો જજ તરીકે નિમણૂક થાય તો તમે જે બિલ લઇને આવ્યા છો એ બિલને અમે સમર્થન આપીશું. કલમ–પની અંદર પોલીસ અધિકારી જે નક્કી કરશે કે મિલકત ભેગી કરી છે. મને સમજાતું નથી કે પોલીસ અધિકારીને કઇ રીતે ખબર પડશે કે આ વ્યક્તિએ કે આ પરિવારે ગુનો કરીને મિલકત એકઠી કરી છે કે કેમ? અમદાવાદની અંદર સામાન્ય પરિવારનો વ્યક્તિ હોય એનો અમદાવાદની અંદર એક કરોડની પ્રોપર્ટીનો સામાન્ય રીતે એક ફ્લેટ મળે છે. કોઇએ મોટો બંગલો બનાવ્યો હોય અને પોલીસ અધિકારી તપાસમાં જાય અને જુએ કે ૧૦ કરોડનો બંગલો છે એટલે એના ઉપરથી નકકી કરશે કે એણે ગેરકાયદેસર રીતે ખોટું કરીને સંપત્તિ ભેગી કરી છે એના માટેની કોઇ ચોક્કસ એક વ્યક્તિની નહીં, અનેક વ્યક્તિઓની ટીમ હોવી જોઇએ. કમિટી બનવી જોઇએ. એક વ્યક્તિ દ્વારા એણે સંપત્તિ સાચી રીતે મેળવી છે કે ખોટી રીતે એ નક્કી કરવું શક્ય નથી. કલમ–૬(૨)ની અંદર કોર્ટની કાર્યવાહી અન્ય કોર્ટોમાં ચાલતી હોય સ્પેશિયલ કોર્ટમાં જે પણ કેસની કાર્યવાહી બીજી કોર્ટોમાં ચાલુ હોય તો એ કાર્યવાહી આ સ્પેશિયલ કોર્ટની અંદર તબદીલ કરવાની વાત કરી. ઘણાબધા કેસોની અંદર ૨૦–૩૦ વર્ષથી આવી સ્પેશિયલ કોર્ટોની અંદર કે જ્યુડિશિયલ કોર્ટોની અંદર આવા કેસો પેન્ડિંગ છે. ૨૦ વર્ષ પહેલાં જે આ રાજયની અંદર ફાઇનાન્શિયલ કૌભાંડો થયા હતા. કો–ઓપરેટીવ બેંકોના જે ડિરેકટરો હતા એમણે ઘણીબધી સંપત્તિ ભેગી કરી હતી. એમના કેસો પણ અત્યારે ૨૦ વર્ષથી ચાલે છે એટલે આ બધા જૂના કેસો જો આ સ્પેશિયલ કોર્ટોની અંદર નાખવામાં આવશે તો જે સમયમર્યાદા નકકી કરી છે એક વર્ષની તો મને લાગે છે કે એક વર્ષની અંદર આ કેસ પૂરા થશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૮(૧)ની અંદર પબ્લિક પ્રોસિકયુટરની વાત કરી છે. આ રાજયની અંદર માનનીય મંત્રીશ્રી જાણે છે કે બે પ્રકારના, એક તો સરકાર કલેકટરની કમિટી દ્વારા જે પોતાના લાગતાવળગતા હોય, પોતાના રાજકીય લોકો અથવા મંત્રીશ્રી કહે એ પ્રમાણે ન્યાય આપતા હોય અથવા મદદ કરતા હોય તેવા પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક કરેલ છે અથવા બીજા જી.પી.એસ.સી. પાસ થયેલા જે વકીલ હોય તેની પી.પી. તરીકે નિમણૂક થાય છે. આની અંદર સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર નિમવાની વાત થવી જોઇએ. તો એ કેવા પ્રકારના જી.પી.એસ.સી. દ્વારા નિમણૂક થયેલા પી.પી.ની નિમણૂક કરવામાં આવશે કે સરકારને યોગ્ય લાગે, કમિટી યોગ્ય નિર્ણય લે તે પી.પી.ની નિમણૂક કરવામાં આવશે તેની કોઇ સ્પષ્ટતા કરવામાં આવી નથી. કલમ–૯(૨)ની અંદર અપીલની જોગવાઇ કરવામાં આવી છે. આમાં એવી જોગવાઇ કરવામાં આવી છે કે, આ કાયદા નીચે કોઇ કોર્ટ કોઇ જજમેન્ટ આપે તો તેની અપીલ માત્ર હાઇકોર્ટની અંદર જ થઇ શકશે. હાઇકોર્ટમાં જવું એ આપણે બધા જાણીએ છીએ કે, સામાન્ય કેસની અંદર બે લાખ, ત્રણ લાખ કે પાંચ લાખ રૂપિયા ફી થતી હોય છે. હાઇકોર્ટની અંદર જજોની જગ્યાઓ ખાલી છે. કેસો પેન્ડિંગ છે. હાઇકોર્ટની અંદર એક અપીલ કરવામાં આવે તો બે મહિને બોર્ડ ઉપર આવે છે. આના લીધે આપણો ઝડપી ન્યાય મળવાનો જે કાયદાનો હેતુ છે તે સિદ્ધ થશે નહીં. સેશન્સ કોર્ટની અંદર આની અપીલ થાય અને અપીલની અંદર સમય મર્યાદા નક્કી કરવામાં આવે. સેશન્સ કોર્ટ કે હાઇકોર્ટની અંદર કોઇ અપીલ દાખલ થઇ તો તેની પણ સમય મર્યાદા નક્કી કરવામાં આવે કે છ મહિનાની અંદર આ કેસો ચલાવી લેવા જોઇએ. તો જ આ જે કાયદો બનાવ્યો છે તે સકસેસ થશે. માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૧૫(૬) ગેરબંધારણીય છે. કલમ–૧૭ની અંદર અપીલમાં કરેલ હુકમ કોઇપણ કોર્ટમાં પડકારી શકાશે નહીં. કોઇપણ કાયદામાં આવી જોગવાઇ હોઇ શકે નહીં. ભારતના બંધારણની અંદર આર્ટિકલ–૧૪ અને ૨૧ની અંદર વ્યક્તિને ફંડામેન્ટલ રાઇટ ટુ એકસેસ જસ્ટીસ એટલે કે ન્યાય મેળવવા માટેના અધિકારો આપેલા છે. અગાઉ પણ આપણે કાયદો લાવ્યા હતા તેમાં મેં સૂચન કર્યું હતું. આપણે અહીં સુધાર્યું નહીં અને નામદાર હાઇકોર્ટે લેન્ડ ગ્રેબિંગ અને પાસાના કેસમાં હાઇકોર્ટે ટકોર કરી ત્યારે તે સુધારો લાવવો પડયો. આવા ગેરબંધારણીય પ્રોવિઝનો આ કાયદાની અંદરથી રદ કરવા જોઇએ. કલમ–૧૫(૬) અને ૧૭ તમે જોશો તો બંને કોન્ટ્રાડિક્ટરી છે. એકની અંદર લખ્યું છે કે, અપીલ નહીં થઇ શકે અને કલમ–૧૭માં લખ્યું છે કે, તમે હાઇકોર્ટ સિવાય અપીલ નહીં કરી શકો. કદાચ કોઇ કાયદામાંથી કોપી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કરી હોય તો જોઇ લેજો. કલમ–૧૯માં હાઇકોર્ટમાં અપીલ કરવામાં આવે અને સ્પેશિયલ કોર્ટનો હુકમ રદ કરે ત્યારે મિલકત પરત કરવાની વાત છે. દા.ત. એકસ, વાય વ્યક્તિ ઉપર આ ગુનો નોંધાયો. તે નોંધાયા પછી તેની મિલકત જપ્ત થઇ. મારી જંગમ મિલકત હોય, મકાન હોય, સોનું હોય કે જમીન હોય કે ગાડી હોય. તે મિલકત હરાજીથી કોઇ વ્યક્તિએ લઇ લીધી. પછી મેં અપીલ કરી. આ અપીલમાં હાઇકોર્ટની અંદર બે મહિને, છ મહિને કે એક વર્ષે હું જીતી ગયો તો તે સમયમાં તો પેલા વ્યક્તિએ મારી ગાડી વેચી મારી હશે, મારી ગાડી તોડી નાખી હશે, મારા સોનાની અંદર મિલાવટ કરી દીધી હશે. ઘર મકાન હોય તો તેની અંદર તોડફોડ કરી હશે તેના માટે શું? ભવિષ્યની અંદર મોટા ગૂંચવાડા ઊભા થવાના છે. લીગલ કોમ્પ્લિકેશન પેદા થવાના છે. એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આના માટે કોઇ સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવે કે જેનાથી ભવિષ્યમાં લોકોને ખોટા ગૂંચવાડાથી નુકસાન ન થાય.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૨૨ પણ ગેરબંધારણીય છે. કલમ–૨૩ની અંદર શુદ્ધ બુદ્ધિથી કરેલા કાર્યના વિરુદ્ધની અંદર આવા અધિકારી સામે કોઇ કાયદેસરની કાર્યવાહી કે દાવો કરી શકાશે નહીં. આપ જાણો છો હું પેપર ચલાવતો હતો. પેપરનો તંત્રી હતો અને તે પેપરની અંદર લખીએ કે, આધારભૂત સૂત્રોના જાણવા મળ્યા બરાબર. હું પંચાવન વર્ષનો થયો પણ આ આધારભૂત એટલે કયું ભૂત એ શોધી શક્યો નથી. આમાં શુદ્ધ બુદ્ધિથી કરેલું કાર્ય કાયદાની અંદર નક્કી થયું નથી. કોઇ કાર્ય શુદ્ધ બુદ્ધિનું છે કે અશુદ્ધ બુદ્ધિનું છે તેમાં ઘણીવાર અધિકારીઓ અને સરકારે નીમેલા અધિકારીઓ રાજકીય ઇરાદે કે બેડ ઇન્ટેન્શનથી કોઇપણ વ્યક્તિને ખોટી રીતે નુકસાન કરે તો તેની સામે કાર્યવાહી થવી જોઇએ. આઇ.પી.સી.ની અંદર પણ જોગવાઇ કરેલ છે અને ભારતીય દંડ સંહિતાની અંદર આની જોગવાઇ કરેલ છે. એટલે આ કલમ રદ કરવી જોઇએ, એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ જે મેં સૂચનો કર્યાં છે એ સૂચનો અને મેં જે સ્પષ્ટતા કરવાનું કહ્યું એ બાબતે જો સાચી સ્પષ્ટતા કરશે અને અમને અને શ્રી શૈલેષભાઇને એમ લાગશે કે આ વાત સાચી છે તો અમે ટેકો આપીશું ફરીથી આભાર.

શ્રી કનુભાઇ ક. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના લોકપ્રીય ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૫ ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક લઇને આવ્યા છે તેને હું સમર્થન આપી અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકની અંદર જે વ્યકિતઓ ગુના કરવામાં સામેલ થાય છે તેઓ ગુનાહિત પ્રવૃત્તિ દ્વારા આની અંદર સ્પષ્ટ લખેલું છે કે કાયદેસરના સ્ત્રોત સિવાયની આવકમાંથી મોટા પ્રમાણમાં મિલકતો એકઠી કરી છે તેવી તેમની ગુનાહિત પ્રવૃત્તિઓ ચલાવવા માટે આવી મિલકત અથવા મિલકતમાંથી થયેલ આવકનો ઉપયોગ કરવાનું ચાલુ રાખે છે. આપણે બધા જ જાણીએ છીએ એમ કે કોઇ પણ ગુનાહિત વ્યકિત હોય છે તે ગુનાહિત વ્યકિત ગુનો વારંવાર કરતો રહેતો હોય છે અને અમુક વખત ઘણી જગ્યાએ ખ્યાલ હોય છે કે કોઇ ગુનો કરશે તો એ કોર્ટની અંદર હોય કે પોલીસ સ્ટેશનમાં હોય જયાં પણ તેની ધરપકડ થાય અને પછી સજા થાય તો એમણે જેમ વાત કરી કે ઘણા બધા આપણે બધા વાતો કરતા હોઇએ છીએ કે એ કોઇ ગુનાહિત વ્યકિત હોય અને જેલમાં જાય ઘણા બધા લોકો એવું કહેતા હોય છે કે સાત પેઢીનું સુખ કરીને ગયા ત્યારે આવા ગુનાહિત વ્યકિતઓ જે હોય તે ફરીથી આવા કોઇ ગુના ના કરે એના માટેનો આ કાયદો લાવવામાં આવ્યો છે અને તેની જે મિલકત હોય તે મિલકત જપ્ત કરવા માટેનો જે આ કાયદો લાવ્યા છે તે સરસ મજાનો કાયદો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે પણ કોઇ વ્યકિત ગુનો કરતો હોય છે ત્યારે તેને એવું લાગતુ હોય છે એ કદાચ રૂપિયા એક કરોડનું કે બે કરોડનું ગેરકાયદેસર કામ કરતો હોય ફોર એકઝામ્પલ કે ડ્રગ્સનું કોઇ કામ કરતું હોય તો તેને ખબર હોય કે તેની અંદરથી તેને રૂપિયા પાંચ કરોડ જેવા મળતા હોય તો એ એવું વિચારતો હોય કે આની અંદરથી હું પચાસ લાખ કે એક કરોડ રૂપિયા જેવી રકમ આડી અવળી જગ્યાએ ખર્ચી નાંખીશ તો હું આની અંદરથી છૂટી જઇશ બાકીના પૈસા મારા ઘર માટે ખૂબ જરૂરી કામમાં આવશે. આવા પ્રકારની માનસિકતા રાખીને ઘણા બધા લોકો આવા ગુના કરતા હોય છે, ત્યારે આના લીધે આ બધા લોકો આવું કોઇ વિચારે નહીં. ભવિષ્યમાં કોઇ મોટા ગુના કરે નહીં અને આપણાં જે બાળકો છે તે બધા આપણું ભવિષ્ય કહેવાય અને આપણે બધા જાણીએ છીએ કે આ ડ્રગ્સ અને બીજી બધી વાતો છે તે ઘણી બધી જગ્યાએ લગભગ છેલ્લાં ત્રણ વર્ષ પહેલાં પણ મારા વિસ્તારની અંદર જયારે પ્રદીપસિંહ જાડેજા ગૃહ મંત્રી હતા ત્યારે મેં રજૂઆત કરી હતી કે તે વિસ્તારની અંદર નાનાં નાનાં બાળકો જે હોય એ કફ સિરપનું સેવન કરતા હતા. કફ સિરપ આમ તો મેડિકલમાં મળતું હોય છે પણ ઘણા બધા વિસ્તારની અંદર ઘણા બધા લોકો પાનના ગલ્લાં હોય એવી જગ્યાએ કફ સિરપ એ માત્રામાં પીવામાં આવે તો એની અસર કરતું હોય છે પણ એવી ઘણી બધી જગ્યાએ કફ સિરપનું વેચાણ થતું હતું અને આખે આખી બોટલ તે લોકો પી જતા હતા અને તેનાથી તે આખો દિવસ નશાની અંદર રહેતા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, એનાથી ઘણા બધા લોકો છે જેમ કે ૩૫ વર્ષથી ઉપરના જો કોઇ યુવાનો હોય તો તેને ખબર પડતી હોય છે કે આવું પીવાથી ખૂબ નુકસાન થતું હોય છે. પણ આ વસ્તુ જે નાનાં નાનાં બાળકો હોય કે જે ૧૫ વર્ષથી ૨૫ વર્ષ સુધીના હોય તેને આ બધું સેવન ચાલુ કર્યું હતું અને તેનાથી મારા વિસ્તારનાં ઘણાં બધાં બાળકો જે ૧૫ થી ૨૫ વર્ષના હતા તેનો મરવાનો મૃત્યુ દર વધ્યો હતો અને તેના કારણે આ બધા વારંવાર આવી રીતે જો કોઇ કફ સિરપ કે ડ્રગ્સનું વેચાણ કરતો હોય કે કોઇ ગુનાહિત વ્યકિત હોય એ ફરીથી આવી મિલકતો ઊભી કરે અને તેનાથી આવા બધાને ફરીથી ગુનો કરવા માટે પ્રેરિત ના થાય એના માટે થઇને આ જે કાયદો લાવ્યા છે હું તેને સમર્થન આપું છું. તેમજ આપણે બધા જાણીએ છીએ તેમ કોઇ પણ ગુનાહિત પ્રક્રિયા હોય તેમાં જે તેનું રિઝલ્ટ આવતું હોય છે ત્યારે તેમાં ખૂબ વિલંબ થતો હોય છે. તો આ કાયદામાં એ પણ

જોગવાઇ કરવામાં આવી છે કે માત્ર એક જ વર્ષમાં જે ગુનાહિત વ્યક્તિ હોય એની સામે તપાસની તમામ પ્રક્રિયા પૂરી કર્યા બાદ એનો ગુનો સાબિત થશે તો એને ગુનેગાર ઠેરવવામાં આવશે. એને હાઇકોર્ટમાં જઇને અપીલ કરવી હોય તો કરી શકશે. આપણે બધા જાણીએ છીએ કે જો હાઇકોર્ટમાં અપીલ કરવી હોય તો ૩૦ દિવસની અંદર કરવી પડશે. એ પણ ખૂબ સારી જોગવાઇ કરવામાં આવી છે. જો પીડિતને સમયસર ન્યાય ના મળે તો એ અન્યાય બરાબર ગણાતું હોય છે. એ કારણસર એક વર્ષમાં સજાની જોગવાઇ રાખવામાં આવી છે એ ખૂબ મહત્ત્વની છે. ગુનાહિત પ્રવૃત્તિઓ અંકુશમાં રાખવી એ આપણા બધાંની નૈતિક જવાબદારી છે. અહીંયા બેઠેલા તમામ ૧૮૨ ધારાસભ્યોને મારી નમ્ર અપીલ છે કે આ વિધેયકને આપણે સર્વાનુમતે મંજૂર કરીએ. જે રીતે આગળ વાત કરી એમ સૂચિત વિશેષ કોર્ટનું પ્રમુખ સ્થાન રાજ્ય સરકાર હાઇકોર્ટની સહમતીથી નિયુક્ત કરવાની છે. આ કોર્ટ તેની સમક્ષ રજૂ કરાયેલા અથવા વિધેયકની કલમ–૧૦માં કરવામાં આવેલી જોગવાઇ અનુસાર તેને તબદીલ કરવામાં આવેલા કેસોની ન્યાયિક નોંધ લેશે અને ઇન્સાફી કાર્યવાહી થશે. કોઇ પણ ગુનાની તપાસ નીચલી કક્ષાએ થતી હોય ત્યારે ઘણી વાર સાંઠ–ગાંઠ થઇ જતી હોય છે પણ આમાં આપણે પોલીસ અધીક્ષકથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા સંબંધિત અધિકારી મારફત મળેલા તપાસના અધિકારીના રિપોર્ટના આધારે પગલાં લેવામાં આવશે એમ કહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે સન–૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૧ ગુજરાત નશાબંધી સુધારા વિધેયક દ્વારા ગુજરાત નશાબંધી અધિનિયમ–૧૯૫૦ની કલમ–૯૮ની પેટા કલમ–૨માં સુધારા વિધેયક પસાર કરેલ છે તેમાં વિશિષ્ટ જોગવાઇ કરી હરાજી મારફતે કેસના આખરી ચુકાદા સુધી પોલીસ સ્ટેશન અથવા કોર્ટ કમ્પાઉન્ડમાં વણવપરાયેલા પડી રહેતાં વાહનોની હરાજી મારફતે નિકાલ કરવાની જોગવાઇ કરી ઉદ્દેશ સિદ્ધ કરવા ધાર્યું છે. તેવું સદરહું વિધેયકમાં કરવામાં આવેલ જોગવાઇના હેતુ સિદ્ધ થશે તેવું મારું માનવું છે. કોઇ પણ વ્યક્તિએ ગેરકાયદેસર રીતે અથવા તો ગુનાહિત પ્રવૃત્તિથી મિલકતો ભેગી કરી હશે તો હવે એ વિચારીને ગુનો કરશે. એને ખબર છે કે જો હવે હું કોઇ ગુનાહિત પ્રવૃત્તિ દ્વારા મિલકત ઊભી કરીશ તો મારી મિલકત જપ્ત કરવામાં આવશે. જેથી ગુનો કરવા પર અંકુશ આવશે એવું મારું માનવું છે. આથી હું વિધેયકને મારો ટેકો આપું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૪નું ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક લઇને આવ્યા છે. એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ જોઇએ તો ગુજરાતમાં ફોજદારી કેસોમાં ખૂબ ભારણ વધી ગયું છે. આપણે ગૃહ મારફત ઘણા બધા કાયદાઓ બનાવીએ છીએ. બાબા સાહેબે કહ્યું હતું કે, જ્યાં સુધી ગમે તેવું સારું બંધારણ હોય પણ સારા વ્યક્તિના હાથમાં ન આવે ત્યાં સુધી તેનું સારું અમલીકરણ થતું નથી. એ જ પ્રકારનું આ વિધેયક છે. આપણે ગૃહ મારફતે બહુમતીના ધોરણે વિધેયક પસાર કરીએ છીએ પણ તે સારા અધિકારીના હાથમાં ન આવે તો તેનું પરિણામ મળતું નથી. આ વિધેયકની ઘણી બધી સારી બાબતો છે પણ તેમાં ઘણી નકારાત્મક અસર જોવા મળે છે. ગૃહમંત્રી જે વિધેયક લઇને આવ્યા છે તેમાં ગુનેગારની સંપત્તિ જપ્ત કરવાની વાત છે પણ એ ગુનેગારનું બેંક બેલેન્સ જપ્ત કરવાની, અન્ય રાજ્ય કે વિદેશમાં વસાવેલી મિલકતને જપ્ત કરવાનો ક્યાંય ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ગુજરાતમાં મોટાભાગની કોર્ટમાં જજની સંખ્યા ખૂબ ઓછી છે. સ્ટાફની સંખ્યા ઓછી હોવાના કારણે લોકોને સમયસર ન્યાય મળી શકતો નથી. ગુજરાતમાં લૂંટ, હત્યા, બળાત્કાર જેવા ઘણા ગંભીર ગુનાઓ થઇ રહ્યા છે. આ આંકડા જોઇએ તો આવા ગંભીર ગુનાઓના કોર્ટ કેસમાં ૨૦ ટકા લોકોને જ સજા થાય છે. ૮૦ ટકા લોકો કોઇના કોઇ કારણસર છૂટી જાય છે આ ખૂબ જ ગંભીર બાબત છે. આજે ગરીબ અને મધ્યમવર્ગના લોકોને સિવિલ કોર્ટ, સેશન કોર્ટ કે હાઇકોર્ટમાં ન્યાય મેળવવો ખૂબ ખર્ચાળ થઇ ગયો છે. *(xxx)

અધ્યક્ષશ્રી : આવું સ્ટેટમેન્ટ ન આપી શકાય. મારી આ ગૃહના તમામ માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે, બંધારણીય વ્યવસ્થા પ્રમાણે ન્યાયપાલિકાની ટીકા અથવા ન્યાયપાલિકા સામે આ પ્રમાણેના આક્ષેપ કરવા યોગ્ય નથી. હું આ શબ્દોને રેકર્ડ ઉપરથી દૂર કરું છું અને આવો ઉલ્લેખ ફરી ન કરવા માટે માનનીય સભ્યશ્રીને વિનંતી છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આમ જોઇએ તો કોર્ટમાં જે ગંભીર ગુનાઓ છે તેમાં મુદતો ઉપર મુદતો આપીને, સમય પસાર કરીને એ લોકોને ૨૫–૨૫ વર્ષ વીતી જાય છતાં પણ ન્યાય મળતો નથી. આ બાબતનો પણ આ બિલમાં કોઇ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ બિલને હું સમર્થન તો આપું છું પણ માનનીય મંત્રીશ્રીને એ પણ કહેવા માગું છું કે, આવા ગુનેગારોની તપાસ એક વ્યક્તિને ન સોંપતા કમિટી બનાવવામાં આવે. કોઇ એક વ્યક્તિ આખી મિલકતનો સરવે કરીને તે મિલકત એક રૂપિયા કરોડની છે કે ૧૦ કરોડની તે નક્કી ન કરી શકે. કમિટી દ્વારા નિમણૂક કરીને આવું કરવામાં આવે જેથી કરીને બિલમાં ભૂલ સુધારી શકાય. ખાસ કરીને આર્થિક ગુનેગારોના બેંક ખાતાઓ વિદેશમાં હોય છે, ગુનાઓ ગુજરાતમાં કરે છે. જેમ કે, ઓનલાઇન જુગાર હોય છે, કરોડો રૂપિયાના કૌભાંડો કરે છે અને તેની મિલકતો ગુજરાતમાં હોતી નથી પણ બહાર હોય છે તો તેને પણ બિલમાં આવરી લેવા હું ગૃહમંત્રીશ્રીને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : બધા માનનીય ધારાસભ્યશ્રીઓને ખબર છે કે, વિધાયક એટલે કાયદો ઘડવાવાળા અને વિધેયક એટલે કાયદો. વિધેયક અને વિધાયક આ બંને શબ્દમાં ઘણી વખત પ્રશ્નો ઊભા થતા હોય છે. હું પરમેનન્ટ સૂચના આપું છું કે, આ બાબતમાં કોઇ ધારાસભ્યશ્રીથી આવી કોઇ શાબ્દિક ભૂલો થતી હોય તો એને કાયમી ધોરણે રેકર્ડ પર સુધારો કરવો.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા.૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪
## ગુજરાત વિશેષ કોર્ટ

શ્રીહર્ષ સંઘવી(રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના હિતમાં આ કાયદો એ કળિયુગના દાનવોના નાશ માટેનું સૌથી મોટું શસ્ત્ર છે. અત્યારે ગુજરાતના ડ્રગ્સમાફિયાઓ, ભૂમાફિયાઓ, ભ્રષ્ટાચારીઓ અને ગુનેગારો માટે આ બિલના સમાચાર સાંભળીને અનેક ગુનેગારોના મનમાં દ્વારકાધીશનું સુદર્શનચક્ર અને સોમનાથ મહાદેવ દાદાનું ત્રિશૂળ જોઇને રાક્ષસના મનમાં જેવો ડર પેદા થાય એવો જ ડર આ ગુનેગારોના મનમાં પેદા થયો છે. આ ઐતિહાસિક કાયદો આ ગુજરાતના સૌ ધારાસભ્યો સાથે મળીને રાજ્યના હિતમાં બનાવવા જઇ રહ્યા છીએ. આ કાયદામાં નેતા, અભિનેતા, અધિકારી, ડ્રગ્સ માફિયા, દારૂના બુટલેગરો શબ્દ તમે કેટલા બનાવો. નેતા હોય કે અધિકારી હોય કે ડ્રગ્સ માફિયા હોય કે બુટલેગર હોય કોઇપણ વ્યક્તિ ખૂન કરે તો એને કલમ–૩૦૨ અંતર્ગત જ એ ગુનેગાર ગણાય. ગુજરાતનો કોઇપણ વ્યક્તિ ત્રણ વર્ષની જે કલમોમાં સજા છે ત્રણ વર્ષ ઉપરની સજાપાત્ર ગુનો કોઇપણ વ્યક્તિ કરે તો એ આ કાયદાથી છૂટી શકતો નથી એ જ આ કાયદાની શક્તિ છે અને આ કાયદા થકી આવનારા દિવસોમાં ત્રણ વર્ષથી ઉપરનો ગુનો કરનાર તમામ વ્યક્તિઓને આપણે આ કાયદા અંતર્ગત એક્શન લઇ શકીશું. એ વાત સાચી છે કે આ પ્રકારના બાયફર્કેશન આ કાયદામાં આપવામાં આવ્યા નથી. કારણ કે બુટલેગર, ડ્રગ્સ માફિયા સિવાય જેમ કે, જી.એસ.ટી.ની કરચોરી કરનાર લોકો જે લોકો આર્ગેનાઇઝેશન ચલાવી રહ્યા હોય, જેના માધ્યમથી જી.એસ.ટી. સ્કેમ્સ કરતા હોય એવા લોકો પણ આ કાયદામાં આવી જાય છે. આ બધું જ લખવામાં આવે તો કાગળો પણ ઓછા પડે અને કોઇ નામ પણ ચૂકી જવાય. એટલા માટે બાયફર્કેશન આપવામાં આવ્યું નથી. આનો સ્કોપ ખુલ્લો રાખવામાં આવ્યો છે. માત્રને માત્ર ત્રણ વર્ષની ઉપરની સજાના જે કોઇ પણ ગુનેગારો હશે એ બધા પર આ લાગુ પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો ગુજરાતના પ્રત્યેક નાગરિકને લાગુ પડશે. ગુજરાતના પ્રત્યેક નાગરિકોએ આ કાયદાનું પાલન કરવું પડશે. આ કાયદાનો ભંગ કરવામાં આવશે તો એના પર આ કાયદો લાગુ પડશે. પોક્સોની જે વાત થઇ કે, પોક્સો એસ.પી. કક્ષાના અધિકારીઓની તપાસની વાત છે. પોક્સો અને બીજા રેપના કેસોમાં ગુજરાત રાજ્ય પહેલું એવું રાજ્ય છે કે જેમાં આવા કેસોનો ઝડપથી નિકાલ આવે તે માટે આપણે ખાસ અધિકારીઓ નિયુક્ત કર્યા. આ નિયુક્તિ કરવાથી શું ફાયદો થયો એના આંકડા પણ હું મૂકવા માગું છું. આપણે ૪૫ દિવસ ઉપર થઇ જાય અને ચાર્જશીટ ન થાય તો એસ.પી.ને પર્સનલી એ કેસમાં ચાર્જશીટ કરવાની જવાબદારી હોય છે. ગુજરાત એ આ દેશનું પહેલું રાજ્ય છે કે જેણે માત્ર ૨૪ કલાકમાં ભાવનગરમાં ચાર્જશીટ થઇ અને આઠ મહિનાની અંદર બધા જ ગુનેગારોને આજીવન કેદની સજા ફટકારવામાં આવી. આપણું ગુજરાત રાજ્ય એ પહેલું એવું રાજ્ય છે કે, જેમાં ૨૫ દિવસમાં ચાર્જશીટ થાય અને ગુનેગારોને ફાંસીની સજા આપવામાં આવે. દેશમાં ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે કે જેમાં પોક્સોના કેસોમાં માત્ર ૪૫ દિવસમાં એટલે કે આજનો દિવસ નહીં ગણવા સાથે ૪૫ દિવસમાં ૫૮ ગુનેગારોને સજા ફટકારવામાં આવી છે. આ ૫૮ કેસોની સંપૂર્ણ ડીટેઇલ્સ લેખિતમાં હું સૌ ધારાસભ્યશ્રીઓને આપવા માટે તૈયાર છું. એ કેસોમાં કેટલા દિવસમાં ચાર્જશીટ થઇ? આ કેસ કેટલા મહિનાઓમાં ચાલ્યા? અનેક લોકોને, ગીર સોમનાથના ગોસ્વામી પરિવારને જઇને પૂછવા જેવું છે. કોઇએ કલ્પના નહીં કરી હોય કે રાત–દિવસ સરકાર અને સરકારી વકીલો તથા બધી જ સિસ્ટમ સાથે મળીને, આ પરિવારની દીકરી અને એના પરિવારને ન્યાય અપાવવા તથા રાજ્યની તમામ દીકરીઓનો વિશ્વાસ મજબૂત કરવા માટે માત્ર એક વર્ષમાં એ કેસનો નિકાલ આવે છે અને ગુનેગારોની ફાંસીની સજા થાય છે. એ આપણું ગુજરાત રાજ્ય છે. આ વ્યવસ્થાઓ આપણે સૌએ સાથે મળીને બનાવી છે. આ વ્યવસ્થાનો ભાગ જેટલો પક્ષ છે એટલો જ વિપક્ષ પણ છે. ભલે બહુમતીના જોરે કોઇપણ કાયદો પસાર થાય પરંતુ એ કાયદો જયારે બનાવવામાં આવતો હોય છે ત્યારે વિપક્ષ દ્વારા અનેક સૂચનો આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇના જે સૂચનો છે એની અમે સો ટકા ચિંતા કરીશું. હાઇકોર્ટનો સમય આપવાની વાત છે. આ કાયદામાં આપણે બધા જ કેસો ન લઇ શકીએ. કારણ કે, સ્પેશિયલ કોર્ટમાં આપણે દાખલા સ્વરૂપ જે કેસો લેવા માગીએ છીએ એમાં સામાન્ય કેસો લેવા માંડીએ તો આ કોર્ટ ઉપર એટલું જ ભારણ આવી જાય અને તેના કારણે આ કોર્ટો પણ ઝડપથી ન્યાય આપી શકે નહીં. પરંતુ સમાજમાં આ પ્રકારના ભ્રષ્ટાચારીઓને, આ પ્રકારના ચૂંટાયેલા પ્રતિનિધિઓને, આ પ્રકારના ડ્રગ્સ માફિયાઓને, આ પ્રકારના બુટલેગરોને માનનીય મુખ્યમંત્રીશ્રીની લાલ આંખ અને એમના દ્વારા અપાયેલું આ ગંગાજળ એટલે કે આ નવો કાયદો સામાન્ય કાયદો ન હોઇ શકે. આમાં લીધેલાં કેસોમાં નિર્ણયો આવે અને એને સજા થાય. એને ભેગી કરેલી પ્રોપર્ટીઓની રકમ રાજ્યના ગરીબોના હિતમાં કલ્યાણકારી યોજના સ્વરૂપે વાપરવામાં આવે તો જ આ પ્રકારના ગુનેગારોમાં ડર પેદા થાય. તે માટે આમાં આપણે વધુ સમય આપશો તો ઝડપથી ન્યાય નહીં મળી શકે. એ આપણા માટે સૌથી મહત્ત્વનો વિષય છે. સંપત્તિ જપ્ત કર્યા બાદ પ્રોપર્ટી વેચાણ કરીને ૫ ટકા આપવાની વાત છે. આપણે કોઇપણ કાયદો બનાવીએ તો એ કાયદો કોર્ટમાં ટકાવી રાખવાનો છે. ભવિષ્યમાં કોઇ ભ્રષ્ટાચારીઓ, ડ્રગ્સ માફિયાઓ કે બુટલેગરો સાથે મળીને કોર્ટમાં જાય અને કોર્ટમાં વન સાઇડેડ કાયદો ના જણાવી શકાય તે માટે માનનીય ઉચ્ચ ન્યાયાલય દ્વારા આ પ્રકારના કિસ્સામાં કોઇને પણ જો બેગુના ડિકલેર કરવામાં આવે તો એવા લોકોની પ્રોપર્ટી સરકારમાં લેવાઇ ગઇ હશે અને સરકારશ્રીએ એ પ્રોપર્ટીનું ઓકશન પણ કર્યું હશે તો એવી પ્રોપર્ટીને ૫ ટકા વ્યાજ સાથે પરત આપી એ પરિવારોને ન્યાય આપીશું. આપણી પાસે ન્યાય કરવાનો જ હક્ક છે. આપણે કોઇની ઉપર અન્યાય કરવાનો હક્ક નથી. કોઇ વ્યકિત બેગુના છૂટે અને એની પ્રોપર્ટી સરકારશ્રીએ લીધી હોય તો એ પરત આપવી જ પડે અને એ પ્રોપર્ટી વેચી હોય તો એ રકમનું જે વ્યાજ મળે છે એ વ્યાજ સાથે આપણે પરત આપીએ છીએ. કોઇ પ્રમાણિક વ્યકિત હોય અને એની પ્રોપર્ટી લેવાઇ ગઇ હોય તો એને પરત

આપવાની છે. આ કાયદામાં જેટલા ગુનેગારો ઉપર કડક રહ્યા છે એટલા જ કોઇ બેગુના સાબિત થાય તો એને આપણે સો ટકા મદદગાર રહી શકીશું. અપીલના સમયગાળાનો જે વિષય હતો એમાં વિચારો મૂક્યા છે. પરંતુ એમના જેટલા વિચારો હતા તે બાબતે નિયમ બનાવતી વખતે અમે સો ટકા ચિંતા કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇ મોઢવાડિયાની વાત દરમિયાન જે ચિંતા આવેલી હતી કે, કાલના કાયદામાં વાહનો કે અન્ય ગુનાઓમાં જે પકડાયા હોય એનું પણ આમાં લેવું જોઇએ.આર.ટી.ઓ.નો વિષય છે. એમનું સૂચન સારું છે, અમે જરૂરથી એ વિષયમાં પણ ચિંતા કરીને રાષ્ટ્રીય સંપત્તિને બચાવવા માટેનો તાત્કાલિક પ્રયત્ન કરીશું. શ્રી કીરીટભાઇએ આખો કાયદો વાંચ્યો પરંતુ આખા કાયદાની બધી કલમો એમણે અલગ અલગ કરી દીધી. ૧૫ ને ૧૭માં ભેગું કરવાનું હોય, ૧૭ને ૧૫માં ભેગું કરવાનું હોય એ કદાચ થોડું થોડું ચૂકી ગયા છે પણ એનો કોઇ વિષય નથી. એમનો એજયુકેશનમાં જે પ્રશ્ન છે, મને પણ હવે શબ્દ સાથે એકદમ યાદ છે અને અમારી ગયા અઠવાડિયે ચર્ચા પણ થઇ છે. એ.સી.બી.ના જે કેસની વાત હતી કે એ.સી.બી.ના કેસો વધારે હોવાને કારણે કોર્ટની અંદર લોડ પડતો હોય છે. અમુક દાખલા સ્વરૂપના જે કેસો ઉપર આપણે નિર્ણય લેવડાવીને સમાજમાં આ પ્રકારના લોકો ઉપર જે ડર પેદા કરવો છે એટલા જ માટે આ સ્પેશિયલ કોર્ટ છે. તમે જેમ કહ્યું ને કે ત્યાં લોડ છે, તમે જ જવાબ આપ્યો કે સાહેબ ત્યાં ખૂબ લોડ છે અને ત્યાં કોર્ટો દ્વારા ચુકાદો આવતા ઘણો સમય લાગે છે એટલે આપણે જે આવા કેસો હોય અને તમારી પણ જે ભલામણ છે એવા કેસો પણ જો આ કેસની અંદર આવશે તો જરૂરથી તમારી વર્ષોની જે મનોકામના છે એ પૂરી થઇ જશે અને આપણે પણ માતાજીને બેઉ જઇને સાથે પગલે લાગીશું, બરાબર? તમારી વર્ષોની જે મનોકામના, વર્ષોનો પ્રશ્ન છે એનો નિકાલ આવા મજબૂત કાયદા થકી આવે એવું મારું પણ મન છે અને જરૂરથી આ કાયદા થકી આ પ્રકારના પ્રશ્નનો નિકાલ આવશે. ન્યાયાધીશો જયારે આપણા ફેવરના નિર્ણય આપે ત્યારે સત્યમેવ જયતે. ન્યાયાધીશોમાં જયારે આપણા ઓપોઝમાં નિર્ણય આપે એટલે એ સરકારના માનીતા ન્યાયાધીશો ના હોઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી લોકતાંત્રિક પ્રક્રિયાની અંદર દરેક વિષયોના, દરેક નિમણૂકના નિયમો બનાવવામાં આવ્યા છે અને નિયમોને આધીન જ આ બધી નિમણૂક થતી હોય છે. આપણે મનગમતા વિષયોને મનગમતી રીતે રજૂ કરીએ એ કયારેય યોગ્ય નથી. આપણી પાસે કોર્ટમાં અનેક પ્રકારના લોડ છે. કેસોના લોડ છે. જો આપણે ન્યાયાધીશોને કોઇપણ પ્રકારની કોર્ટમાંથી ટ્રાન્સફર કરીને આ સ્પેશિયલ કોર્ટની અંદર રાખીએ તો એ કોર્ટની અંદર એક ન્યાયાધીશ ઓછા થઇ શકે અને ત્યાં અનેક લોકો જે કયાંકને કયાંક પોતે ન્યાયની આશા રાખીને બેઠા હોય એ લોકોને ન્યાયની અંદર વિલંબ પડી શકે તે માટે આ પ્રકારે પૂર્વ ન્યાયાધીશોને જે આપણી પ્રક્રિયા છે, કંઇ સરકારનું મન ચાલે એ રીતે કોર્ટની પ્રક્રિયાને અને કોર્ટનું આની અંદર માર્ગદર્શન લીધા વગર કોઇપણ જસ્ટીસ આની અંદર બેસી ના શકે આનો એક નિયમ છે અને એજ નિયમોને આધીન જે કોઇ ન્યાયાધીશ સેશન કોર્ટના પૂર્વ ન્યાયાધીશ કક્ષાના વ્યકિત આવનાર દિવસોની અંદર આ જવાબદારી અદા કરશે એટલે મારું એવું માનવું છે કે પૂર્વ કે વર્તમાન એનાથી આની અંદર બીજું કોઇ નુકસાન નહીં થાય.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૫માં પોલીસને કેમ ખબર પડે કે એની પાસે કેટલી સંપત્તિ છે? બીજા બધા જ કેસોમાં જેમ ખબર પડે એમ આમાં ખબર પડે, આ કંઇ ઉપરથી નવો કાયદો નથી આવ્યો. કોઇપણ પ્રોપર્ટી હોય તો એ પ્રોપર્ટીની એક વેલ્યુએશન થતી હોય છે. એના ઓફિશિયલ વેલ્યુઅર હોય છે. એ વેલ્યુઅર જે ભૂતકાળની અંદર ત્યાં નજીકના દિવસોમાં આસપાસના વિસ્તારમાં જે દસ્તાવેજો થયા હોય એનો પણ આધાર પુરાવા લેતા હોય છે. સરકારી જે ભાવ છે એના પણ આધાર પુરાવા લેતા હોય છે અને એના ઉપરથી આ નક્કી થતું હોય છે. શ્રી શૈલેષભાઇએ પણ એક વસ્તુ કહી હતી કે જોઇન્ટ ફેમિલી હોય એ ખૂબ સારો વિષય હતો અને માનનીય શૈલેષભાઇએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો એ પ્રશ્નની ચિંતા અમે પહેલેથી કરી છે કારણ કે આ રાજયના પ્રત્યેક નાગરિકો એ આપણો પરિવાર છે. પરિવારમાં પતિએ ભૂલ કરી હોય તો પત્ની કયાં જાય? તો એ જે ઘરની અંદર રહેતા હોય તો એમની પત્ની એમના પતિએ આ રકમ મહેનતથી કમાઇ હોય તો આપણે જપ્ત નથી કરવાની. આ રકમ બીજા પરિવારોનું શોષણ કરીને, બીજા પરિવારોને બરબાદ કરીને, બીજાના પરિવારમાં પણ દીકરા, દીકરી, પત્ની બધા જ હતા એના પરિવારનું શોષણ કરીને કમાયેલી રકમ હોય તો પણ કોઇની પત્નીએ ના ભોગવવું પડે તે માટે સરકારી કિંમતનું ભાડું ચૂકવીને અમુક સમય સુધી એ ઘરમાં રહી શકે તેનું પણ પ્રાવધાન આની અંદર વ્યવસ્થિત રીતે વિચારવામાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ એમના મત વિસ્તારમાં ગયા હોય અને લોકોએ રજૂઆત કરી હોય એટલે એમણે કહ્યું હોય.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એમના વિચારો છે એ સારા વિચારો છે. કોઇના પત્ની હોય એ શા માટે ભોગવે? ચૂંટાયેલા પ્રતિનિધિની આ નિશાની હોવી જોઇએ કે એમનામાં લોકોનું દુઃખ અને દર્દ હોવું જોઇએ.

અધ્યક્ષશ્રી : હું મંત્રી હતો ત્યારે એક વખત એમના મત વિસ્તારમાં ઉદ્‌ઘાટનમાં ગયો હતો એટલા માટે મને ખબર છે. વિસ્તારમાંથી આવા પ્રશ્નો આવી શકે એટલા માટે એમણે રજૂઆત કરી છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, તેઓ શ્રેષ્ઠ પ્રતિનિધિ છે એટલા માટે કહું છું કે મેન ઓફ ધી મેચ અને મેન ઓફ ધી સિરીઝ. ત્રણ મિનિટના ભાષણમાં આજે માનનીય અર્જુનભાઇએ મનનું દુઃખ, સાચી હકીકત બધું અહીંયા રજૂ કર્યું. એમની વાતમાં (અંતરાય) કોઇ પોલિટિક્સ નહીં, (અંતરાય) જયારે ક્રીઝ પર ઉતરતા હોઇએ, મેચ રમવા ઉતરીએ ત્યારે રમતા

રમતા ક્લિન બોલ્ડ થવાય, હીટવિકેટ થવાય અને કેચ આઉટ પણ થવાય. બેટ લઇને ઉતર્યા છો અને બાઉન્ડ્રીની બહાર બોલ જાય એનો હંમેશા પ્રયાસ કરવો જોઇએ એમાં કાંઇ ખોટું નથી. શ્રી અર્જુનભાઇએ વાત કરતા કરતા એમની આંખમાં માત્ર સમાજ માટે ચિંતા, એટલું જ નહીં પરંતુ એમની વાતમાં એક ખાસ વસ્તુ નજરે પડી હોય તો શ્રી શૈલેષભાઇ માટે એમની એક ચિંતા કરી છે. એક દોસ્તી અદા કરી છે. એ પણ એક શ્રેષ્ઠ વ્યક્તિત્ત્વ તરીકે મારા મનથી તો હું આજે એમને મેન ઓફ ધી મેચ, મેન ઓફ ધી સિરીઝ બધું જ કહું છું. કારણ કે ત્રણ મિનિટમાં આખા વિપક્ષનું ૩૦ વર્ષનું એમણે બધું જ કહી દીધું. (અંતરાય) આ ડો.સી.જે.ભાઇએ બાકી હતું એ એમણે પુરવાર કર્યું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અમુકવાર એવું છે કે હીટ વિકેટની વાત કરી એ થાય. રમવા નીકળ્યા અને હીટ વિકેટ થાય અને માનવું પડે કે અમુકવાર પેવેલિયનમાં જઇને બેસી પણ જવું પડે. પછી જ ભૂલ શું થઇ એ વિચારવાનું. પણ દોડતા દોડતા અડધી પીચે જઇને રન આઉટ થવું પડે એમાં બહુ તકલીફ થાય. (અંતરાય) આપણે ક્રીઝની આ બાજુ કે પેલી બાજુ, એક દિવસ તો આવવાનું જ છે એટલે ચિંતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, એમાં એવું છે કે ક્યારેક ટીમમાં ૧૧માં રમવા મળે અને ક્યારેક ૧૪માં રમવા મળે અને ક્યારેક બીજી સિઝનમાં પણ રમવા મળે. પણ રમવા જરૂરથી મળે છે. આ બધા જ વિષયોની આપણે ચિંતા કરી છે. જજોની ખાલી જગ્યાઓની વાત કરી એ જજોની ભરતીની કાર્યવાહી નામદાર વડી અદાલત દ્વારા કરવામાં આવે છે. હાલમાં નામદાર વડી અદાલત દ્વારા ડિસ્ટ્રિક્ટ જજોની ૮૨ જગ્યાઓ અને સિનિયર સિવિલ જજની ખાલી પડેલ ૧૨૪ જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે. સિવિલ જજની ૨૦૮ જગ્યાઓની ભરતી માટેની જાહેરાત બહાર પડેલ છે. એ ઉપરાંત તમામ ભરતીની કાર્યવાહી હાઇકોર્ટ દ્વારા ચાલુ છે અને ઝડપથી ભરાશે. મને વિશ્વાસ છે કે આ બધી જ જગ્યાઓ ભરાઇ જશે. એના પછી એક વર્ષની અંદર પોક્સોની અંદર નિર્ણય આવે છે એ કદાચ મહિને મહિને આવશે. જેવા આ નિર્ણયો વધશે એવું મને વિશ્વાસ છે કે બીજા ગુનેગારો ૧૦૦ ટકા ડર અનુભવશે. આજે બધા વિષયો ઉપર ચર્ચાઓ થઇ. એ ચર્ચા દરમિયાન અનેક વિષયોની વાતો થઇ. હું આમાં રાજનીતિ કરવા માગતો નથી. વિપક્ષના સભ્યો દ્વારા એ વિષયો સંવેદનાપૂર્વક મૂકવામાં આવ્યા છે એમ હું માનું છું. ઘણા વિષયો એવા હોય છે કે જે કિસ્સાઓમાં કરુણ ઘટનાઓમાં, દુર્ઘટનાઓમાં, કાંડ કહો બધા જ જીવ એ ક્યાંકને ક્યાંક આપણા રાજ્યના નાગરિકોના જાય છે. એના પછી એસ.આઇ.ટીના જે પ્રશ્નો છે. મોરબીની ઘટનામાં ગણતરીના દિવસોમાં ચાર્જશીટ મોરબીમાં રજૂ થાય છે. મોરબીની ઘટના પછી ચાર્જશીટ તો રજૂ થઇ ગઇ. હજારો પાનાની આ ચાર્જશીટ રજૂ થયા પછી શું થયું? એ પ્રશ્ન સમાજ જીવનમાં તમામ વ્યક્તિને આવતો હશે અને આવવો જ જોઇએ. આ ચાર્જશીટ રજૂ થયા પછી આ ઘટના બનતા જયારે લોકોનું ધ્યાન હોય ત્યારે મોટામોટા વકીલો, નેતાઓ અભિનેતાઓ એ બધા જ લોકો મદદગારના બહાને મીડિયાનું આકર્ષણ ખેંચવાનો પ્રયત્ન કરતા હોય છે. મારે એક માહિતી સભાગૃહ સમક્ષ મૂકવી છે જે સમાજજીવનમાં ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ અને આમઆદમી પાર્ટી વચ્ચેની નથી. આ માહિતી સમાજ જીવનમાં કામ કરતા પ્રત્યેક વ્યક્તિએ ખૂબ જ સંવેદનાપૂર્વક વિચારવી જોઇએ કે જયારે આ ઘટના બની ત્યારે પીડિતોના મદદગાર બનીને મીડિયાના બહાને, મીડિયાનો લાભ લઇને પ્રજા વચ્ચે પ્રજાનું ધ્યાન આકર્ષિત કરવાનો પ્રયત્ન કરનાર અને કોના સહયોગી, કોની વિચારધારા જોડે જોડાયેલા, કોના થકી આ પીડિતના વકીલ મફતમાં બનવાનું જેમણે ડીકલેર કર્યું એવા વકીલો દ્વારા ૨૨-૨૨ વાર મોરબીની અંદર તારીખ પડે. પહેલા ૨ દિવસ સુધી હાજર રહ્યા પછી જયાં સુધી સરકારી વકીલે આખી માહિતી પ્રજા સમક્ષ મૂકી નહીં ત્યાં સુધી આ વકીલો પાસે આ પીડિતોને ન્યાય અપાવવા માટે સરકારી વકીલ કોર્ટની સામે કકળે છે કે આ પ્રકારે વકીલ હાજર રહેતા નથી. આ પ્રકારે જો વકીલ હાજર નહીં રહે તો મોરબીના પીડિતોને ન્યાય કઇ રીતે અપાવીશું?

માનનીય અધ્યક્ષશ્રી, ૨૨-૨૨ વાર તારીખ પડયા પછી પણ આ વકીલ ત્યાં હાજર ન રહ્યા અને ના રહેવાના કારણે આજ સુધી એ કેસની અંદર વિલંબ થયો છે. આ બધું જ ઓનપેપર છે. રાજનીતિ માટે તમે જે સ્ટેટમેન્ટ આપવું હોય એ કે જે જવાબદારી છે એ અમારી છે સરકારની છે. અમે ઊભા છીએ. તમારે જે કોઇ સ્ટેટમેન્ટ આપવું હોય એ અમે સ્વીકારવા તૈયાર છીએ. સ્ટેટમેન્ટ સાચું હશે તો આ જ સભાગૃહની અંદર સ્વીકારશું પરંતુ આટલી બધીવાર તારીખ પડે અને વકીલ હાજર ન રહે. એ વકીલ કોણ છે આપણે સૌ લોકો જાણીએ છીએ. કઇ રીતે ચાલે? સરકાર દ્વારા એમને જામીન ના મળે એના માટે બધા જ વકીલોની ટીમ ઉતારી દેવામાં આવે છે. નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા એમને માનવતાના બેઝ ઉપર જામીન આપવામાં આવે એની સામે પણ સરકાર લડી રહી છે અને હું જે આજે ચર્ચાની વાત છે અહીંયા નહીં, કયાંય પણ આ ચર્ચા ખુલ્લા મંચ ઉપર કરવા તૈયાર છું. જે થયું છે એ સાચી ઘટના છે. થયું છે હું ના નથી પાડતો, પરંતુ એ ઘટનામાં ન્યાય અપાવવા માટે સરકાર દ્વારા કોઇ વિલંબ થયો હોય એવો એક પણ દાખલો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો કિસ્સો, તક્ષશીલા. સુરતનું તક્ષશીલા પાંચ વર્ષે આજેય તમને યાદ આવ્યું એ બદલ હું આભારી છું. આ તક્ષશીલાના એક એક પીડિત પરિવારને પૂછજો. આ મારા મંત્રી, મારા મિત્ર શ્રી પ્રફુલભાઇભાઇ અહીંયા જ બેઠા છે. એક સામાજિક કાર્યકર્તા દ્વારા તક્ષશીલાનાં બાળકોને બચાવવા માટે જે પોતે અંદર ઘૂસ્યા અને બાળકોને બચાવ્યા એ વ્યક્તિ આજે પણ જીવનમરણ વચ્ચે જીવે છે. એના આખા ઘર ઉપર જેટલી લોન હતી, જેટલો બોજો હતો એ આજે નહીં કેટલાય વર્ષ પહેલા સમાજની સાથે રહીને એ બોજામાંથી એના પરિવારને કોઇએ દૂર કર્યો હોય તો આપણી સૌની વચ્ચે બેઠેલા મંત્રીશ્રી પ્રફુલભાઇભાઇ પાનસેરીયા અને એમના મિત્રો દ્વારા કરવામાં આવ્યો છે. એમણે આજ સુધી કોઇને કહ્યું નથી. કયારેય કોઇની સામે બોલ્યા નથી.પરંતુ સમાજ જીવનમાં આપણે સૌ લોકો જ્યારે જવાબદારીમાં હોઇએ તો માત્ર વિષયના લાભ લઇને

રાજનીતિ કરવી તે યોગ્ય નથી. તેની સાથે સાથે સરકાર દ્વારા તે કેસ ડે ટુ ડે ચાલે. શ્રી અમિતભાઇ, હું આજની વાત કરતો નથી. બે વર્ષ પહેલાં અને તેના પણ અગાઉ બે વાર સરકારી વકીલો દ્વારા કોર્ટની અંદર અરજી કરવામાં આવી કે, આવો કેસ અને સમાજની અંદર આ પ્રકારની ઘટના બીજીવાર ના બને તેનો ડર પેદા થાય તેના માટે આવા કેસો રેગ્યુલર ચાલે, ડે ટુ ડે ચાલે. પરંતુ કમનસીબે આવી અરજીઓ રિજેક્ટ કરવામાં આવી. જો આ પ્રકારના કેસ ડે ટુ ડે ચાલે તો હું પણ માનું છું કે, પીડિતોને ઝડપથી ન્યાય મળે. સાહેબ, એક અડધી મિનિટમાં પૂર્ણ કરી લઇશ. મુખ્યમંત્રીશ્રીએ કાયદા મંત્રી, કાયદા વિભાગને સાથે લઇ હાઇકોર્ટને સ્પેશિયલ રિકવેસ્ટ કરી. આ પ્રકારના કેસોને ઝડપથી ચલાવવા માટે કોઇપણ ચાર્જશીટ કરવામાં વિલંબ થયો હોય તો સો ટકા સરકારને ટકોર કરવામાં આવે. અમારો કાન ખેંચવામાં આવે. પરંતુ ચાર્જશીટ પછી આવા કેસો ઝડપથી ચાલે, ડે ટુ ડે ચાલે, અહીં બેઠેલા લોકોની સંવેદના જોડાયેલી છે અને આ બાજુ બેઠેલા સૌ લોકોની સંવેદના પણ જોડાયેલી છે. આપણે સૌ સાથે મળીને આવા કેસોમાં વિલંબ ના થાય, આવા કેસોમાં બધા જ પીડિત પરિવારોને ન્યાય મળે, તે લોકોને તેમનો હક્ક મળે અને આની અંદર આ કિસ્સાઓમાં જોડાયેલા લોકો, નાનાં નાનાં બાળકો કે જેમણે જીવ ગુમાવ્યો છે તેમના પરિવારની સાથે માત્ર ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો નહીં, ગુજરાત વિધાનસભાના સૌ લોકો રાજનીતિથી નહીં પણ સંવેદનાથી જોડાયેલા હોવા જોઇએ અને જોડાયેલા જ હશે. તે સૌ લોકોને હું વિશ્વાસ અપાવું છું કે, આ કાયદા થકી કોઇએ જો આ કિસ્સાઓની અંદર જાણી જોઇને ભૂલથી કોઇપણ પ્રકારની ગરબડ કરીને રિપોર્ટ આવ્યો હશે અને આવ્યો છે તેવા એક–એક લોકોએ જે ભેગું કરેલું છે તે બધું જ જપ્ત કરીને રાજ્યના ગરીબ, શોષિત અને મધ્યમ વર્ગના પરિવારને તેનો લાભ મળે તે દિશામાં આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનું આ ગંગાજળ જે ગુજરાતના પ્રત્યેક ગરીબ, મધ્યમ અને શોષિત વર્ગને ન્યાય અપાવવા માટેનો આ કાયદો છે તે આપણે સૌ લોકો સાથે મળીને પસાર કરીએ તેવી આપ સૌને બે હાથ જોડીને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : હવે મંત્રીશ્રીએ વાત કરી દીધી છે. તમે જેટલું કહ્યું તે આવી ગયું. હવે કયાં પ્રશ્ન છે? તમે બોલો. મેં પરમિશન આપી. તમને કોણ ના પાડે?

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ,આપ બોલો એટલે કોઇની તાકાત છે, આપ કહો બેસી જાઓ એટલે બેસી જવું પડે સાહેબ. આપ અમારા જજ છો. મારે બે–ત્રણ માહિતી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી લેવી છે. કલમ–૩ની અંદર લખેલ છે કે, હાઇકોર્ટની સંમતિથી રાજ્ય સરકાર નામ નિયુક્ત કરે તેવા જજ આ સંભાળશે. હાઇકોર્ટ દ્વારા જ આ જજની નિમણૂક થશે તે સ્પષ્ટ થાય. બીજું જે રીતે માનનીય મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો કે, ડ્રગ્સ, દારૂ, જુગારના કેસો છે તેમાં આવા કેસો જે કોર્ટમાં ચાલતા હોય અને તે કોર્ટને પણ પાવર છે. તેવી રીતે અધિકારીઓ સામે કેસ ચાલતા હોય તો તેની મિલકત જપ્ત કરવાના પાવર એ.સી.બી.ને હોય છે. એટલે એકબાજુ જે કેસ થયેલા હશે તે કેસ જૂની કોર્ટમાં ચાલશે. બીજી બાજુ સ્પેશિયલ કોર્ટની જે રચના કરીએ છીએ તેમાં સંપત્તિ જપ્ત કરવાની વાત છે. સંપત્તિ તો પેલી કોર્ટોને પણ જપ્ત કરવાના પાવર છે. તે પાવર જૂની કોર્ટના પાસે રહેશે કે સ્પેશિયલ કોર્ટની પાસે આવી જશે તેનું સ્પષ્ટીકરણ માનનીય મંત્રીશ્રી કરે તેવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૧૭માં લખ્યું છે કે, અધિકૃત વ્યકિતની નિમણૂક કરવામાં આવશે. તે અધિકૃત વ્યક્તિ કોણ તેની માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરે તેવી વિનંતી કરું છું. કલમ–૧૭માં મેં જે વાત કરી માનનીય મંત્રીશ્રી આપે જે વાત કરી હું જયારે બોલતો હતો ત્યારે મેં કહ્યું હતું કે જે ૩૦ દિવસની અને ૬૦ દિવસની વ્યાખ્યા મેં જે કહી મેં એ કહ્યું કે ડ્રગ્સ છે, દારૂ છે, જુગાર છે એવા જે કિસ્સાઓમાં જે બુટલેગરોના ધંધા છે, બેનામી જે ધંધા છે એવા લોકોના કિસ્સામાં એને ૩૦ દિવસની મળવી જોઇએ અને બાકીના કિસ્સાની અંદર ૬૦ દિવસની મળવી જોઇએ એવી મેં એક વાત કરી હતી અને બીજુ કલમ–૧૯ની અંદર લખેલું છે કે, મિલકત જપ્ત કર્યા પછી એ નિર્દોષ છૂટી જાય જે વ્યકિત ઉપર કેસ થયેલો હોય તો સરકાર તેને ૫ ટકા તેને વળતર તરીકે પાછું આપશે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, જયાં સુધી કેસનો ચુકાદો ના આવે આમાં લખ્યું છે કે ચુકાદો બહુ સ્પીડી આવી જશે તો ચુકાદો ના આવે ત્યાં સુધી હું એવું માનું છું કે સંપત્તિમાં જે ૫ ટકા વ્યાજ આપવાની વાત છે તે સરકારને પણ રકમની બચત થશે માટે તેની અંદર પણ કંઇક સુધારો કરે એવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૧૭(૧)નું જે એમનું માનવું છે કે, અધિકૃત અધિકારીના હુકમ સામે ૩૦ દિવસમાં ગુજરાત હાઇકોર્ટમાં અપીલમાં જે ગંભીર ગુનાઓ ના હોય તેમાં ૬૦ દિવસ આપવા જોઇએ તે સારું સૂચન છે અમે સો ટકા તેમાં શું થઇ શકે તે માટે વિચારીશું.

અધ્યક્ષશ્રી : રૂલ્સમાં આમેજ કરશો એવું? અત્યારે તો હવે આમાં સુધારાનો વિષય નહીં આવે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ૩૦ દિવસનું જે છે તેમાં હાઇકોર્ટમાં અપીલની વાત છે પણ તેની પહેલાં ઓલરેડી જે આપણે અધિકૃત કોર્ટ બનાવીએ છીએ એટલે તેની અંદર તેને પૂરતો સમય મળી જાય છે. એટલે ૩૦ દિવસ તો અધિકૃત કોર્ટનો જે નિર્ણય આવે તેના પછીની અપીલનો છે. અધિકૃત કોર્ટની અંદર જયારે તે વ્યકિત લડતા હશે ત્યારે તેને બધા જ જવાબ આપવાના છે તેના પછી કંઇ નવું તો ઊભું નથી કરવાનુ એટલે આની અંદર ખૂબ વિચારણા કરીને અને બીજા પણ જે વિષયો ચાલે છે બીજા જે આપણા કાયદાઓ છે તેની અંદર આપણે અપીલનો સમય જોઇને જ આ નક્કી કરેલું છે. બીજો વિષય કે જજોની જે નિમણૂની વાત છે. હાઇકોર્ટની પરવાનગીથી નિમણૂક કરવાની હોય એટલે હાઇકોર્ટને આપણે નામો આપવા પડતા હોય અને હાઇકોર્ટને જે યોગ્ય લાગે તે જ નામ આમાં ઓ.કે.થતા હોય છે. એટલે અહીંયાથી જાય અને ત્યાંથી ઓ.કે.થાય

અને ત્યાંથી આવે બેઉ બધું એક સરખું જ હોય છે. એક તો જૂના કેસો કે જેની ચાર્જશીટ ઓલરેડી થઇ ગયેલ છે તેનો વિષય આની સાથે જોડી શકતા નથી. બીજો વિષય કે અધિકૃત અધિકારી એટલે કે કોર્ટ જે આપણે સેશન્સ કોર્ટના જે પૂર્વ જસ્ટીસને આપણે આની અંદર લેવાના છે તેના સિવાયના જે છે તે આઇ.ઓ. થઇ ગયા એટલે આ બે વસ્તુ ખૂબ ફરક છે અને બીજી વસ્તુ કે આ કેસ જે અધિકૃત કોર્ટની અંદર ચાલશે તે કોર્ટની અંદર જે કેસો આપવાના છે તે કેસો ડાયરેકટ અધિકારી નહીં આપી શકે. એસ.પી.તેને હોમ ડિપાર્ટમેન્ટની અંદર મોકલશે, હોમ ડિપાર્ટમેન્ટ એ.સી.એસ., ગૃહ મંત્રી અને ત્યાર પછી મુખ્યમંત્રી સુધીની આની અંદર સાઇન થાય તેના પછી અધિકૃત કોર્ટની અંદર આ કેસો આપી શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદા હેઠળ પ્રોપર્ટી બ્લોક કરનાર તમામ કેસો આની અંદર ચલાવવા જરૂરી નથી. પ્રોપર્ટી આપણે અનેક લોકોને બ્લોક કરવી પડશે એવા કિસ્સાઓ અનેક આવશે પરંતુ બધા કેસો એક જ કોર્ટની અંદર લોડ આપણે નહીં આપી શકીએ તે માટે અધિકૃત અને જે એકદમ જ ગંભીર કિસ્સાઓ હશે એ કિસ્સાઓ આની અંદર આવશે તેના સિવાયના કેસો જે જનરલ કોર્ટમાં ચાલે છે તે જ રીતે ચાલશે.

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, આમાં ચાર્જ ફ્રેમ થયા પછી કોઇ પણ કેસ હોય તો ચાર્જ ફ્રેમ થયા પછી જે તે કોર્ટમાં ટ્રાયલ ચાલતો હોય તેની અંદર આવી શકે તે પહેલાં હોય તો સ્થાનિક કોર્ટ હશે તેની અંદર જ આવતું હોય. અત્યારે હાલની વ્યવસ્થા એ પ્રમાણે છે છતાંય તેના રૂલ્સ જયારે બનાવશે ત્યારે ધ્યાન ઉપર લઇને આગળ વધશે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એમાં ક્લિયર છે. હું એ જ કહેવા માગું છું કે સરકાર દ્વારા આ પ્રકારની કોર્ટમાં ક્યા કિસ્સાઓ આપવા? એના જવાબમાં એક તો ત્રણ વર્ષ ઉપરના ગુનાઓ હોય એમાં કાયદાનો ઉપયોગ થઇ શકે. એના પછી આ પ્રકારની કોર્ટમાં સીધો કેસ આપીને સ્પેશિયલ કેસ કેટલો લોડ લઇ શકે કારણ કે, આપણે એક વર્ષમાં કેટલા કેસોનો ચુકાદો લાવીને ગુનેગારો પર એક ડર ઊભો કરવાનો છે એટલે આ કોર્ટ જેટલા કેસો લઇ શકે એટલા જ આપીશું. એ સિવાયના જનરલ કેસો જેમ ચાલે છે એમ ચાલશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારું કહેવાનું એટલું જ છે કે આમાં ત્રણ વર્ષ કરતાં વધુ સમય માટે થયેલી સજાની વાત છે. ઘણા બધા ગુનાઓ એવા છે કે જે ગુનાઓમાં ત્રણ વર્ષ કરતાં વધુ સજા થતી હોય છે. હમણાં વર્ષ ૨૦૨૩નો જે નવો કાયદો આવ્યો છે એમાં સરકારી મિલકતને નુકસાન કરો તો એમાં પણ પાંચ વર્ષની સજાની જોગવાઇ છે. મારે મંત્રીશ્રી પાસે એટલું જ જાણવું છે કે સરકાર આ બિલ લઇને આવી છે અને તમામ બુટલેગરો, રાજકીય નેતાઓ અને અધિકારીઓનો સમાવેશ કર્યો છે ત્યારે ઘણા બધા કેસોમાં ત્રણ વર્ષ કરતાં વધારે સમયની સજા છે. તો સરકારે નક્કી કરવું પડશે કે આ ચોક્કસ ગુનાઓ હેઠળ જ અમે સંપત્તિ જપ્ત કરીશું કારણ કે, આજે નહિ તો કાલે પ્રોબ્લેમ થવાનો જ છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, જો કોઇ ગુનેગાર ગુજરાતમાં આવીને ગુનો કરે અને એની મિલકત અન્ય રાજ્યમાં વસાવે કે વિદેશમાં વસાવે તો એ મિલકતોનો પણ આપણે આમાં સમાવેશ કરવો જોઇએ એવું મારું સૂચન છે.

શ્રી હર્ષ સંઘવી : અમેરિકાના વોશિંગ્ટનમાં આપણે કાયદો ન બનાવી શકીએ. મારા જવાબમાં પણ મર્યાદા આવી જાય છે કે આનો જવાબ હું ક્યાંથી લાવું?

અધ્યક્ષશ્રી : તમે મર્યાદામાં રહીને જવાબ આપો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું ફરીવાર આપનું ધ્યાન દોરું છું કે પ્રોપર્ટી જપ્ત કરવી અને કેસ ચલાવવો એ બંને અધિકૃત કોર્ટમાં આવતું હોય છે. આ કોર્ટમાં આપણે સૌ પ્રથમ પ્રોપર્ટી જપ્ત કરવા જઇશું અને એ જ કોર્ટમાં આ કેસ પણ આખા વર્ષમાં પૂર્ણ કરવા જેવો છે કે રેગ્યુલર ચલાવવો છે એ કોર્ટના લોડ પર નક્કી કરવામાં આવશે. બીજો વિષય એવો છે કે સરકારી મિલકત જેવી કે રાજ્યના નાગરિકોની સર્વિસ માટે બસો બનાવી હોય, ટ્રેન હોય અને અન્ય સરકારી મિલકતો જે નાગરિકોની સુવિધા માટે બનાવી હોય એને નુકસાન કરનાર લોકો પાસેથી તો હું માનું છું કે જે નુકસાન થયું હોય એ લઇ જ લેવું જોઇએ. પરંતુ આ કાયદામાં એક મર્યાદા છે કે તમે બસ તોડો પછી પણ તમે ગેરકાયદેસર પ્રવૃત્તિથી રકમ પ્રાપ્ત કરીને પ્રોપર્ટી લીધી હશે તો જ એની સામે પગલાં લઇ શકશો. તમે કાયદેસર પ્રવૃત્તિના માધ્યમથી પ્રોપર્ટી લીધી હોય તો સરકાર એમાં કાંઇ કરી શકતી નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૪નું ગુજરાત વિશેષ કોર્ટ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨થી ૨૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૪નું ગુજરાત વિશેષ કોર્ટ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૪

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૪નું ગુજરાત વિશેષ કોર્ટ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ થયા પછી ૦૩.૪૫ કલાકે બહાર લૉંજમાં નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી છે એટલે અહીંયા સંખ્યા હાજર રહે અને એ પ્રમાણે વન બાય વન જઇને આવીએ તો રિસેસ ન રાખીએ અને આપણું કામ આગળ વધારી શકાય. બધા એક સાથે ન જતાં પાંચ મિનિટ પછી જવાની શરૂઆત કરે.

**સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૪**

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા)વિધેયક, ૨૦૨૪**

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી પ્રફુલભાઇભાઇ પાનશેરીયા(રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૨૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા)વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૨૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા)વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં છેલ્લાં ૨૦–૨૨ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે અનેક સુધારા, અનેક કામગીરી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ વગેરે બાબતે રાજ્ય સરકારની એક પ્રબળ ઇચ્છાથી અન્ય રાજ્યોથી ચડિયાતી કામગીરી કરવામાં આવી છે.

**માનનીય સભાપતિ શ્રી શૈલેષભાઇ પરમાર અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક વર્ષ ૨૦૦૯માં જ્યારે લાવવામાં આવ્યું ત્યારે તેમાં એક જ કલમમાં બે સુધારા કરવામાં આવ્યા હતા. આપણે જ્યારે આ સુધારો કરી રહ્યા છીએ ત્યારે આખું બિલ નહીં પરંતુ જે વિધેયક પસાર કરવામાં આવ્યું હતું તે વિધેયક આજે આ ગૃહ સમક્ષ સુધારા વિધેયક તરીકે લાવવામાં આવ્યું છે.વર્ષ ૨૦૦૯માં ખાનગી યુનિવર્સિટી વિધેયક લાવવામાં આવ્યું હતું. એક ક્ષતિના સુધારા માટે, કલમ–૧૦માં કોઇપણ યુનિવર્સિટીના નામ કે સ્પેલિંગમાં સુધારા માટે વિધેયક સ્વરૂપે બિલને ગૃહમાં લાવવું પડે. આજે મને ગર્વ છે કે, વર્ષ ૨૦૦૧થી આજ સુધીમાં પ્રાઇવેટ યુનિવર્સિટી, પી.પી.પી. મોડલ અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયાસથી શિક્ષણ ક્ષેત્રે ખૂબ મોટી ક્રાંતિ થઇ છે. આ વિધેયકમાં અવાર–નવાર કલમના સુધારા માટે આખું વિધેયક અહીંયા લાવવું પડે. વહીવટી પ્રક્રિયાની સરળતા માટે અને આવી યુનિવર્સિટીને નાના સુધારા માટે બજેટ સત્ર સુધી રાહ જોવી પડે તો આ એક સરળ પ્રક્રિયા થકી ઉચ્ચ શિક્ષણમાં અનેક સુધારા આવી રહ્યા છે ત્યારે આ સુધારા વિધેયક ઉચ્ચ શિક્ષણમાં ખૂબ લાભદાયક થશે. ગુજરાતમાં શૈક્ષણિક ક્ષેત્રે આજે જ નહીં પરંતુ, વર્ષોથી એક સંસ્કાર સાથે શિક્ષણપ્રેમી રાજાઓ, સાહિત્યકારો અને અનેક દાનવીરો થઇ ગયા છે ત્યારે આજે ભારતમાં આ કંઇ નવું નથી. વિશ્વ વિદ્યાપીઠો પાંચ હજાર વર્ષ પૂર્વે સ્થપાયેલી છે. ભારતમાં જ્યારે ઉચ્ચ શિક્ષા અપાતી હતી ત્યારે એને અનેક પ્રકારે નષ્ટ કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા. ભારત એ જ્ઞાનનું પૂજક છે અને એક સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ છે ત્યારે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ હમણાં જ નાલંદાની મુલાકાત લઇને વિદ્યાપીઠનું પૂજન કર્યું. અમે અમારી સંસ્કૃતિ સાથે શિક્ષણ આપી વિશ્વમાં પ્રેમ, સદ્ભાવના અને કરૂણાનું કામ કરી રહ્યા છીએ. ગઇકાલે આ ગૃહના સન્માનનીય સભ્ય શ્રીમતી રિવાબા જાડેજાએ ખૂબ સરસ વાત કરી કે, જ્યારે સન ૧૯૩૯માં સેકન્ડ વર્લ્ડ વોર થયું એ સમયે આ દુનિયામાં અફરાતફરી હતી અને મને આજે કહેતા ગર્વ થાય કે, આ ધરતી પર શિક્ષણને હંમેશના માટે માન–સન્માન અને આશ્રય આપવા માટે એ સમયે શ્રી દિગ્વિજયસિંહજી રાજા જામસાહેબે ૬૦૦ બાળકોને હાલમાં જામનગરમાં જે જગ્યાએ બાલાછડી શાળા આવેલી છે ત્યાં લાવીને વસાવ્યા અને અભ્યાસ કરાવ્યો. આ એક સાંસ્કૃતિક વિચારોનું આદાન–પ્રદાન, એક શૈક્ષણિક ક્ષેત્રનું આદાન–પ્રદાન પૂરા યુરોપમાં ભારતને આજે પણ યાદ કરે છે. અમારા રાજાઓ પણ શ્રેષ્ઠ દેવ જેવા હતા. જેની શ્રેષ્ઠ વિચારધારા હતી. આજે પણ મને યાદ છે કે પોલેન્ડમાં એ આઠ શાળાઓ, મહાશાળાઓ અને વિશ્વ વિદ્યાલયો જામસાહેબના નામથી પરિચિત છે. પોલેન્ડમાં જામસાહેબના નામનું એક મ્યુઝિયમ છે. આ એક સાંસ્કૃતિક, એક એજ્યુકેશન શું કરી શકે? એક દેશ માટે કરેલું શ્રેષ્ઠ કર્મ આજે પણ લોકો એમને ભૂલ્યા નથી. નવી શિક્ષણ નીતિમાં સૂચવેલા પ્રધાનમંત્રી ઉચ્ચ શિક્ષા અભિયાનમાં, પી.એમ. ઉષા યોજના અંતર્ગત હમણાં ગુજરાતની વીર નર્મદ યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને રૂપિયા ૧૦૦–૧૦૦ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી. બાકીની ત્રણ યુનિવર્સિટીઓને રૂપિયા ૨૦–૨૦ કરોડની ગ્રાન્ટ પી.એમ. ઉષા યોજના અંતર્ગત આપવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇ વખતે આપણે નેટ ફરજિયાત માટે એક બિલ લાવીને પરિપત્ર કરેલો છે. મને કહેતાં આનંદ થાય છે કે, શૈક્ષણિક ક્ષેત્રે પ્રાઇવેટ યુનિવર્સિટીઓની સરકારશ્રીની શ્રેષ્ઠ નીતિ અમારા આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ તથા આદરણીય કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલના માર્ગદર્શન નીચે ચાલી આવેલી. આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આનો

---

* વિધેયક તા.૧૭મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પાયો નાંખેલો હતો. એ સમયમાં એટલે કે વર્ષ ૨૦૦૧માં ગુજરાત રાજ્યમાં ૧૩ યુનિવર્સિટીઓ હતી. આજે ૧૦૮ યુનિવર્સિટીઓ છે. એક સમય એવો હતો કે, સામાન્ય એન્જિનિયરિંગ કે ડિપ્લોમા વિદ્યાર્થીને અભ્યાસ કરવા માટે આઉટ સ્ટેટમાં જવું પડતું હતું. એ ઓપોરચ્યુનિટી આજે અહીંયા આપવામાં આવી છે. જેના કારણે આજે ગુજરાત રાજ્યની ધરતી ઉપર ૧૨૫૭ વિદ્યાર્થિનીઓ અને ૨૬૪૭ વિદ્યાર્થીઓ એમ મળી કુલ ૪૯૦૪ વિદેશના વિદ્યાર્થીઓ ગુજરાતની યુનિવર્સિટીઓમાં અને અન્ય કોર્સમાં અભ્યાસ કરી રહ્યા છે. ભારતમાં જે યુનિવર્સિટી ન હોય એ ગુજરાત રાજ્યમાં આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદષ્ટિથી બનેલી છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન (IITE), ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી અને લકુલેશ યોગ યુનિવર્સિટી આ ત્રણ યુનિવર્સિટીઓ ભારતમાં ગુજરાત રાજ્યમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવનારા સમય માટે શ્રેષ્ઠ વહીવટી પ્રક્રિયાથી જયારે ગુજરાત રાજ્યમાં આપણે યુનિવર્સિટીને સહયોગ કરી રહ્યા છીએ ત્યારે વર્ષ ૨૦૦૧માં ૯ મેડિકલ કોલેજો હતી અત્યારે ૪૦ મેડિકલ કોલેજો છે અને ૭૦૫૦ એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આજે આપણે પી.પી.પી. મૉડલ ઉપર યુનિવર્સિટી અને કોલેજને પ્રોત્સાહન આપી રહ્યા છીએ. એના માટે ડ્રોપ રેશિયો ન ઘટે એ હેતુથી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં એનો પ્રયાસ કરીને, આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શની નીચે નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજના એટલા માટે લાવ્યા કે એક બાળક, એક દીકરી કે એક દીકરો ધોરણ-૧૨ પાસ કરીને કૉલેજના અભ્યાસક્રમ સુધી જાય. આજે વિદેશની ચાર યુનિવર્સિટીઓ સાથે એમ.ઓ.યુ. કરેલા છે. બે યુનિવર્સિટીઓ ઓસ્ટ્રેલિયાની અને બે અમેરિકાની છે. અહીંયા ઓફિસ પણ શરૂ થઇ ગઇ છે. આજે ગુજરાત ખાનગી યુનિવર્સિટી એક્ટ ૨૦૦૯માં સુધારા માટેનું બિલ લાવવામાં આવેલ છે. જેમાં સુધારા કલમ-૧૦(૧) અને સુધારા કલમ-૧૦(૨) છે. આ બીજી કલમ જયારે સુધારામાં આવશે ત્યારે કોઇપણ યુનિવર્સિટીના નામથી લઇ નાના-નાના ચેન્જિંગ હશે એ બાબતે સભાગૃહમાં વિધેયક લાવવાની જરૂરિયાત નહીં પડે. જેથી સરળ વહીવટી પ્રક્રિયા માટે જયારે આ સુધારા બિલ હું રજૂ કરું છું ત્યારે હું સભાગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, તેઓ આ બિલ પાસ કરશે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી જે ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક-૨૦૨૪ લઇને આવ્યા છે એમાં એમણે ક્વોલિટી હાયર એજ્યુકેશનની બહુ સારી રીતે અને બહુ સુંદર વાત કરી છે. ૧૧૩ યુનિવર્સિટીઓ હતી, અમે ૧૦૮ યુનિવર્સિટી બનાવી પણ તબેલાની અંદર યુનિવર્સિટી ચાલતી અને કદાચ ગુજરાતની અંદર ના જોયું હોય તો હું તમને ફોટા બતાવું છું. એજ્યુકેશન મળે, ક્વોલિટી એજ્યુકેશન મળે, સસ્તુ એજ્યુકેશન ગુજરાતના હાયર એજ્યુકેશન મેળવતા વિદ્યાર્થીઓને મળે એની સાથે અમે સંમત જ હોઇએ, અમે કયારેય વિરોધ નથી કર્યો. તમે નાલંદા યુનિવર્સિટીની વાત કરી, જામસાહેબની વાત કરી પણ માત્ર વિધાનસભાની અંદર સારી સારી વાતો કરવાથી કવોન્ટિટી બતાવવાથી આટલી ૯ મેડિકલ કોલેજ હતી એમાંથી ૪૦ મેડિકલ કોલેજો બનાવી, તમે ૯માંથી ૪૦ મેડિકલ કોલેજ બનાવી, કેટલી સરકારી કોલેજો બનાવી, કેટલી સરકારી યુનિવર્સિટીઓ બનાવી, એ બહુ મહત્ત્વની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે રાજયની અંદર સેન્ટ્રલ યુનિવર્સિટી, સ્ટેટ યુનિવર્સિટી, ડિમ્ડ યુનિવર્સિટી અને પ્રાઇવેટ યુનિવર્સિટી ચાલી રહી છે. આપણા બધા માટે બહુ ચિંતાનો વિષય છે કે હમણાં જ નેશનલ ઇન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમ વર્ક જે કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ એમાં ગુજરાતની માત્ર એક જ યુનિવર્સિટીને માન્યતા મળી છે એટલે તમે યુનિવર્સિટીઓને મંજૂરી આપો. અમે પણ એની અંદર મદદરૂપ થયા છીએ પણ સરકારને ગેરમાર્ગે દોરી, સરકારી તંત્રની અંદર ખોટા પૂરાવા રજૂ કરી આપણી પાસે આપણી વિધાનસભાની અંદર સન ૨૦૨૨નું વિધેયક ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક-૨૦૨૨, માનનીય બંને મંત્રીશ્રીઓ અહીંયા બેઠા છે. માનનીય મંત્રીશ્રી, ઓન રેકોર્ડ હું ખોટું બોલતો નથી. રેકર્ડ નંબર-૪૭થી અમારા પાટણથી અંદર માનનીય મંત્રીશ્રી એમ.કે. યુનિવર્સિટી તમે સરનામામાં જોજો, એ સરનામું શું લખ્યું છે, એમ.કે. યુનિવર્સિટી કેમ્પસ, હનુમાનપુરા, પાટણ, પીનકોડ નંબર ૩૮૪૨૬૫ આજે ભેંસોના તબેલાની અંદર છે. આ પુરાવા છે. આજનો સોશિયલ મીડિયાનો હું તમને એનો વિડિયોનો પુરાવો આપું છું. તમે ક્વોલિટી એજ્યુકેશન આપો એનો અમને વાંધો ના હોઇ શકે પણ તમે તબેલાની અંદર યુનિવર્સિટી આપો અને અમે વિધાનસભાની અંદર માહિતી માગીએ એ વિધાનસભાની અંદર શિક્ષણ વિભાગની અંદર જે પુરાવા રજૂ કર્યા હોય એની કોપી આપો અમારો અધિકાર છે, ઇટ ઇઝ રાઇટ ઓફ એમ.એલ.એ. કે વિધાનસભાની અંદર જે પુરાવા રજૂ કર્યા હોય એ જોવાની ફરજ છે. અમે શિક્ષણ મંત્રીને મળીએ, મુખ્યમંત્રીને મળીએ, શિક્ષણ સચિવને મળીએ, આજની તારીખની અંદર એ પુરાવા અમને મળતા નથી. શા માટે આવા લોકોને તમે બચાવી રહ્યા છો? એનાથી વધુ પુરાવો જે એમ. કે. યુનિવર્સિટી, વડલી ખાતે મંજૂર કરી હતી આજે પણ ત્યાં ભેંસોના તબેલા છે, ફાર્મહાઉસ છે, અને બીજું કે જે યુનિવર્સિટી આપણે મંજૂર કરી હતી. રાજસ્થાનની અંદર ફેક યુનિવર્સિટી ચલાવનાર શ્રી જિતેન્દ્ર યાદવ જેને અત્યારે ભારતીય જનતા પાર્ટીની રાજસ્થાનની સરકારે જેલમાં પૂર્યા છે એને આવી યુનિવર્સિટી વેચી મારવામાં આવે છે તો શું ગુજરાતના યુવાનોને આવી બોગસ ડિગ્રીઓ અપાવવા માટે તબેલાની અંદર યુનિવર્સિટીને મંજૂરી આપો છો અને એનો રિપોર્ટ પણ ધારાસભ્યોને મળતો નથી. આ બહુ ચિંતાજનક બાબત છે. સારી બાબત હોય તો અમે હંમેશા સરકારની સાથે રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ વાત કરી હતી કે ગયા વિધેયકની અંદર તમામ સભ્યોના વિરોધમાં મેં એકલાએ જી.એસ.ટી. વિધેયકની અંદર સમર્થન આપ્યું હતું.પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ બાબતે તપાસ થાય.

માનનીય અધ્યક્ષશ્રીને પણ વિનંતી કરું છું કે, એક સર્વપક્ષીય કમિટી બનાવે અને એમ.કે. યુનિવર્સિટીને જે મંજૂરી મળી છે એ યુનિવર્સિટી રાજ્ય સરકારનો નિયમ છે કે ૫ એકરથી વધુ જમીન હોવી જોઇએ. યુ.જી.સી.ની ગાઇડલાઇન છે કે ૪૦ કરોડ રૂપિયાથી વધુની પ્રોપર્ટી હોવી જોઇએ. જે દિવસે આપણે યુનિવર્સિટીને મંજૂરી આપી એના ત્રીજા દિવસે તમામ પ્રોપર્ટીની રાજકોટ નાગરિક બેન્કે હરાજી કરી દીધી હતી. જેણે રિપોર્ટ આપ્યો, જે અધિકારીએ તપાસ કરી એ અધિકારીની વિરુદ્ધમાં પણ પગલાં લેવાં જોઇએ. એના વિરુદ્ધમાં કડકમાં કડક કાર્યવાહી કરી સજા થવી જોઇએ. એટલા માટે કે ભવિષ્યમાં ગુજરાતના ઉચ્ચ શિક્ષણ મેળવતા યુવાનો સાથે રમત ન થાય અને તબેલામાં ચાલતી યુનિવર્સિટી બંધ થાય. આપના માધ્યમથી વિનંતી કરું છું કે, જે સુધારા લાવ્યા છે એ સુધારામાં અમને વાંધો ન હોઇ શકે. પરંતુ અત્યાર સુધીમાં વર્ષ ૨૦૦૯થી ૨૦૨૩ સુધી ૧૩ થી વધુ સુધારા થયા અને દરેક સુધારામાં તમે ક્વોલિટી એજ્યુકેશનની વાત કરો છો. વર્ષ ૨૦૦૯માં જે બિલ લાવ્યા એમાં પણ લખ્યું છે કે ગુણાત્મક અને ઉદ્યોગ આધારિત ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવા પર ભાર મૂકવા ગુજરાત રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીની સ્થાપના કરવી અને તેની કામગીરીનું નિયમન કરવા માટે અને તેની સાથે સંકળાયેલ અથવા તેને આનુષંગિક બાબતો માટે જોગવાઇઓ કરવા માટે આ વિધેયક લાવ્યા છીએ. એકવાર ખાનગી યુનિવર્સિટીની મંજૂરી આપી દીધી પછી આ કાયદામાં જોગવાઇ છે કે યુનિવર્સિટીની મંજૂરી આપ્યા પછી એ યુનિવર્સિટી વ્યવસ્થિત ચાલે છે કે નહીં એની તપાસ કરવાની રાજ્ય સરકારને સત્તા છે. નામદાર સુપ્રીમકોર્ટે કહ્યું છે કે કૃષિ વિષયક બાબતમાં ખાનગી યુનિવર્સિટી પી.એચ.ડી. ના કરાવી શકે. છતાં આ રીતે જાહેરાત આપી ઉત્તર ગુજરાત અને ગુજરાતના લોકોની સાથે છેતરપિંડી થયેલ છે. માનનીય મંત્રીશ્રી આપને વિનંતી કરું છું કે આ બધા પુરાવા હું માનનીય અધ્યક્ષશ્રી મારફત આપને રજૂ કરું છું. ફર્જી ડિગ્રી પ્રકરણ મેં દો બડી ગિરફતારી. ઓ.પી.જી.એસ. યુનિવર્સિટી કે સંસ્થાપક યોગેન્દ્રસિંહ ઔર સનરાઇઝ યુનિવર્સિટી કે માલિક ઔર એમ.કે. યુનિવર્સિટી કે પાર્ટનર જીતેન્દ્ર યાદવ કો કીયા ગીરફતાર. રાજસ્થાનની સરકારે, કોંગ્રેસની સરકાર ન હતી. રાજસ્થાન કે અંદર ૩.૩૦ બજે કિયા જાયેગા ખુલાસા. ફર્જી ડિગ્રી કે દમ પર સેંકડો લોગોને પ્રાપ્ત કી સરકારી નોકરીયા. અબ દોનો આરોપીઓ કી પૂછતાછ મેં હોગે બડે ખુલાસે.

માનનીય અધ્યક્ષશ્રી, ફરીથી કહું છું કે સારી યુનિવર્સિટી આપો, ક્વોલિટી એજ્યુકેશન મળતું હોય ત્યાં મને વાંધો હોઇ શકે નહીં. પરંતુ રાજ્ય સરકારમાં ખોટા પુરાવા ઊભા કરી આજે પણ એ યુનિવર્સિટીના નામે ૫ એકર જમીન નથી. આ બધી બાબતો ખોટા પુરાવા રજૂ કરી રાજ્ય સરકારને અને વિધાનસભા ગૃહને ગેરમાર્ગે દોરી અને જે યુનિવર્સિટીએ મંજૂરી લીધી છે એની સામે તાત્કાલિક તપાસ કરવી જોઇએ. અમે માહિતી માગી છે એ અમને મળવી જોઇએ અને તમે જો સારા અર્થમાં ગુજરાતના યુવાનોના એજ્યુકેશનની ચિંતા કરતા કરતા હોય તો આપની પાસે અપેક્ષા રાખું છું કે, આ બાબતે તાત્કાલિક તપાસ થાય અને આપ જે સુધારા લાવ્યા છો એ સુધારાને અમે સમર્થન કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મહત્ત્વની બાબત છે. આ સુધારા લઇને આવ્યા છો ત્યારે ગુજરાત સિવાય તમામ રાજ્યોમાં જે પણ ખાનગી યુનિવર્સિટીઓને મંજૂરી આપવામાં આવી છે. બન્ને માનનીય મંત્રીશ્રીઓને જણાવીશ કે એની અંદર ૧૦ એકર જમીનની જોગવાઇ કરવામાં આવી છે. પ્રોફેસર યશપાલ, યુ.જી.સી.ના ચેરમેન હતા. એમણે તા. ૧૧-૨-૨૦૦૫ના રોજ નામદાર સુપ્રીમકોર્ટમાં પી.આઇ.એલ. કરેલી અને એ વખતે સુપ્રીમકોર્ટે ૧૦૦ થી વધુ યુનિવર્સિટીઓની મંજૂરી રદ કરેલી. એટલા માટે કરેલી કે યુ.જી.સી. અને રાજ્ય સરકારના ક્રાઇટેરિયા પ્રમાણે એમની પાસે જમીન ન હતી. કોમ્પ્લેક્ષોની અંદર યુનિવર્સિટીઓ શરૂ કરી હતી અને આ બાબતે સનરાઇઝ યુનિવર્સિટીના માલિક જિતેન્દ્ર યાદવે આ યુનિવર્સિટી ખરીદી લીધી છે. તમામ પુરાવા રાજ્ય સરકારને પણ આપ્યા છે. આ જે ટ્રસ્ટ ડી.પી.આર.ની નકલ છે એની અંદર પણ એમ. કે. યુનિ.ના જિતેન્દ્ર યાદવ હાલ જેલમાં છે. એ એનો ટ્રસ્ટી બની ગયો છે એટલે આવી બોગસ યુનિવર્સિટી ગુજરાતની અંદર ના ચાલે એટલા માટે વિનંતી કરું છું અને આ બાબતે તપાસ થાય એવી વિનંતી કરું છું.

શ્રી કેયુર ના. રોકડિયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મુખ્યમંત્રી માનનીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, રાજ્યના શિક્ષણમંત્રીશ્રી માનનીય ઋષિકેશભાઇ પટેલ અને પ્રફુલભાઇભાઇ પાનશેરીયા આજે ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી એક્ટ ૨૦૦૯માં સુધારો કરીને ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી બિલ એમેડમેન્ટ બિલ-૨૦૨૪ લાવ્યા છે એને સમર્થન કરતા મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું વિચાર જ કરતો હતો કે યુનિવર્સિટીની વાત આવે અને વિપક્ષ વિરોધ કેમ ના કરે? પણ સાચ્ચે જ કોઇને કોઇ ઉદાહરણના બહાને સરકારની નિંદા કરવી, એનો વિરોધ કરવો એ સ્વભાવ થઇ ગયો છે. ખરેખર એની જોડે વિપક્ષે એ પણ ઉમેરવું જોઇતું હતું કે વર્ષ ૧૯૯૫ પહેલા યુનિવર્સિટીની શું હાલત હતી? કેટલી યુનિવર્સિટી હતી? કેટલી કોલેજ હતી? કેટલી સીટો હતી આ પણ એમણે ઉમેરવું જોઇએ. માનનીય મંત્રીશ્રીએ બહુ સારો જવાબ આપ્યો છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે પહેલા ૧૧ કે ૧૩ જેટલી યુનિવર્સિટીઓ હતી અને આજે ૧૧૩ જેટલી ચાલે છે. આટલો મોટો ફરક શિક્ષણ વ્યવસ્થાની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે. કોલેજો પણ વધી છે, સીટો પણ વધી છે. પહેલા વિદ્યાર્થીઓએ બહાર જવું પડતું હતું. મહારાષ્ટ્ર જવું પડે, હૈદરાબાદ જવું પડે, બોમ્બે જવું પડે. વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહે એટલે માબાપને ચિંતા થતી. હવે કમસેકમ વિદ્યાર્થીઓ અહીંયા ભણી શકે છે અને સારું એજ્યુકેશન મેળવી શકે છે. (અંતરાય) એ પણ તમને

ડેટા આપશે તમે ચિંતા ના કરતા. શિક્ષણ મંત્રી છેલ્લે બધા જ જવાબ આપવાના છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ જયારે મુખ્યમંત્રી હતા ત્યારથી શિક્ષણની અંદર આમૂલ પરિવર્તન લાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે એ વખતથી કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસની વાત કરીએ છીએ. બિઝનેસની મૂળભૂત જરૂરિયાત હોય તો એની નજીકમાંથી સારા એન્જિનિયર મળવા જોઇએ, સારો ટેકનિકલ સ્ટાફ મળવો જોઇએ, સ્કીલ લેબર મળવા જોઇએ, ડોકટર મળવા જોઇએ એ પણ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસનો સૌથી મોટો ફાળો છે. વર્ષ ૨૦૦૧ પછી આપણે શાળાઓ, કોલેજો, ઇન્સ્ટિટ્યૂટ, યુનિવર્સિટીઓની મોટા પ્રમાણે સ્થાપના કરીને એવા સ્કીલ લોકોને ગુજરાતે પેદા કરવાનું કામ કર્યું. આજે તો ગ્લોબલાઇઝેશનનો જમાનો છે. વર્લ્ડ કોમ્પિટિશનનો જમાનો છે. ત્યારે દેશાનુકુલ અને યુગાનુકુલ એટલે સમય પ્રમાણે અને સ્થાન પ્રમાણે દરેક ક્ષેત્રની અંદર ફેરફાર જરૂરી હોય છે. શિક્ષણ નીતિ ૨૦૨૦માં પણ આ જ વાત કરી છે અને આજે જે વિધેયક આવ્યું છે એના પણ મૂળ ભાવની અંદર જરૂરિયાત મુજબના ફેરફારોને મંજૂરી આપવાનું કામ છે. ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી એકટ ૨૦૦૦ ની જે મૂળભૂત કાયદાની જોગવાઇ હતી કે એમાં જો નામમાં પણ સુધારો કરવો હોય, સ્થાનમાં સુધારો કરવો હોય કે એના સ્પોન્સરશિપ બોડીનો કોઇપણ પ્રકારનો સુધારો હોય તો વિધાનસભા સમક્ષ આવવું પડે એટલે કે પહેલા તો નિયામક શિક્ષણમાં અરજી કરવી પડે, માનનીય મંત્રીશ્રી જોડે જાય, માનનીય મંત્રીશ્રી સભાગૃહમાં મૂકે પછી રાજયપાલશ્રી પાસે મંજૂરીમાં જાય અને ત્યારબાદ એ નામમાં સુધારો થાય. એક ઉદાહરણ આપું પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીનું નામ બદલીને પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટી કરવાનું થયું. યુનિવર્સિટી એ જ, સ્થાન પણ એ જ, એની અંદર પેટ્રોલિયમની જગ્યાએ એનર્જી નામ કરવાનું નક્કી થયું. તેના માટે પણ તમારે અહીં આવવું પડયું. સ્વર્ણિમ યુનિવર્સિટીની અંદર સ્વર્ણિમના સ્પેલિંગમાં એક આરની જગ્યાએ બે આર લખવા માટે પણ વિધાનસભા ગૃહ સમક્ષ આવવું પડે. તો તેના માટે આ સુધારો ખૂબ જરૂરી છે. એક સમયની બરબાદી થાય, રિસોર્સિસની બરબાદી થાય અને ઘણી જગ્યાએ તો વિદ્યાર્થીઓ માટે એવી હાલત થાય કે જયારે રિઝલ્ટ આવ્યું હોય ત્યારે જૂની યુનિવર્સિટીનું નામ ચાલતું હોય અને વિદેશ જવા માટે ટ્રાન્સ્ક્રિપ્ટ કઢાવવાની થાય ત્યારે ડબલ આર એટલે કે નવી યુનિવર્સિટીનું નામ આવી ગયું હોય. તેમાં મીસમેચના ઘણા પ્રસંગો વિદ્યાર્થીઓએ જોયા છે. આવી જગ્યાએ પહેલાં છ થી આઠ મહિનાનો સમય લાગતો હતો. તેની જગ્યાએ ડાયરેક્ટ રાજ્ય સરકાર તેને મંજૂરી આપે તો વિદ્યાર્થીઓને બિનજરૂરી ડીલે ન થાય અને તેમની કારકીર્દિ ઉપર કોઇ વિક્ષપ ઊભો ન થાય તેના માટેનો આ એક સરળ, યોગ્ય, વ્યવહારું, કાયદાકીય, વ્યાજબી અને ન્યાયપૂર્ણ નિર્ણય ગુજરાત સરકારે કર્યો છે તેના માટે હું ગુજરાત સરકારને અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, પાછલા વિધાનસભા સત્રમાં પણ એક કોમન એકટ બિલ લાવ્યા હતા. તેના માધ્યમથી આપણે સિન્ડિકેટ પ્રથાને ખતમ કરી તેના સ્થાન પર બોર્ડ ઓફ મેનેજમેન્ટને સ્થાન આપ્યું તેવો ક્રાંતિકારી નિર્ણય ગુજરાત સરકારે કર્યો હતો. શ્રી ઇમરાનભાઇ, કેટલાકને તે વખતે પણ વાંધો આવ્યો હતો, કારણ કે તેના આધાર પર ચાલતી તેમની અને તેમના મળતિયાઓની દુકાન બંધ થઇ ગઇ અને જે એમનું રાજનૈતિક જીવન યુનિવર્સિટીના આધાર પર ચાલતું હતું તે બધાની નોકરીઓ જતી રહી. ગુજરાત સરકાર હંમેશાં દેશાનુકુલ અને યુગાનુકુલ ક્રાંતિકારી નિર્ણયો કરતી હોય છે, માટે હું રાજ્યના મુખ્યમંત્રીશ્રીને ફરી એકવાર અભિનંદન આપું છું. ગઇકાલે એક ચર્ચાની અંદર મને પણ આશ્ચર્ય થયું અને તે એવું થયું કે, એક વિધેયક રજૂ થયું. વિધેયકનું પહેલું વાંચન થયું ત્યારે વિપક્ષમાં બેઠેલા સભ્યોએ હા પાડી કે અમે સર્વાનુમતે મંજૂર કરીએ છીએ. બીજુ વાચન થયું ત્યારે ખબર ના પડી માત્ર ગણતરીની દસ સેકન્ડની અંદર તેઓ તેના વિરુદ્ધમાં આવી ગયા. અમને તો આ ખબર ના પડી કે આ કેવી માનસિકતા? આ કોઇ નીતિના આધાર પર થયું છે કે, માત્ર વિરોધ કરવા માટેનું છે. ખબર નહીં, મેં પહેલાં કહ્યું એમ કેટલાકની માનસિકતા એવી છે કે, બિલ રજૂ થાય, વિધેયક રજૂ થાય એટલે વિરોધ કરવો. જો બિલમાં કશું વિરોધ કરવા જેવું ના હોય તો તેમાંથી ભૂલ કાઢવા બેસવું. આની અંદર આ ભૂલ છે અને આ ભૂલ છે. જો ભૂલ જેવું ના મળે તો કેટલાક વ્યક્તિગત ઉદાહરણ ટાંકીને બિલને શંકાના દાયરામાં મૂકવું આવા પ્રયત્નો તે લોકો કરતા લાગે છે. માનનીય કિરીટભાઇ બહુ સરસ કહીને ગયા કે હું આ વિધેયકનું સમર્થન કરું છું. કોમન એકટ વખતે પણ શ્રી કિરીટભાઇએ સમર્થન કર્યું અને જે પાર્ટીને રિપ્રેઝન્ટ કરતા હતા તે પાર્ટીએ વિરોધ કર્યો. વિપક્ષને મારી કમસેકમ એટલી વિનંતી છે કે આમાં તો એકતા દેખાડો. કમસેકમ જ્યારે તમારા સભ્ય સમર્થન કરે છે તો તમે પણ સમર્થન તો કરો. મારી તો આજે પણ વિનંતી છે કે, જયારે આપણે ગુજરાતને એજ્યુકેશન હબ બનાવવાની વાત કરીએ છીએ, બધાની ચિંતા એક સાથે છે. કોઇ એવું તો છે નહીં કે પક્ષ કે વિપક્ષ અલગ હોય. અહીં બેઠેલા બધાની ચિંતા એકીસાથે છે કે આપણે ગુજરાતને એજ્યુકેશન હબ બનાવવું છે તો બધા જ સાથે મળીને આ બિલનું સમર્થન કરીએ તે જ અનુરોધ કરું છું.

શ્રી અમિત શાહ(એલીસબ્રીજ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યકક્ષાના મંત્રીશ્રી આદરણીય પ્રફુલ્લભાઇ પાનશેરીયા ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી એકટ–૨૦૦૯માં સુધારો કરીને ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી સુધારા એકટ ૨૦૨૪ લઇને આવ્યા છે તેના સમર્થનમાં બોલવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે, તમે અને હું જયારે કોલેજમાં ભણતા હતા ત્યારે હજારો છોકરાંઓ રિઝલ્ટ આવે ત્યારે, હું ઓલ્ડ એસ.એસ.સી.માં ભણ્યો છું. તેઓ કર્ણાટક, મધ્યપ્રદેશ, મુંબઇ, મહારાષ્ટ્ર ખાતે એડમિશન લેવા માટે દોડતા હતા. આદરણીય નરેન્દ્રભાઇ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા પછી ગુજરાતમાં પ્રાઇવેટ યુનિવર્સિટીઓની શરૂઆત થઇ અને ગુજરાતના વિદ્યાર્થીઓ ગુજરાતમાં ભણે, ગુજરાતના પૈસા ગુજરાતમાં રહે અને ગુજરાતને કૌશલ્ય ધન મળી રહે તેના શુભ

હેતુથી આ શરૂઆત કરવામાં આવેલી. આપણે જાણીએ છીએ કે, જયારે ૧૩ યુનિવર્સિટીઓમાંથી ૪૨ સેક્રેટરીયલ યુનિવર્સિટી અને ૬૫ ખાનગી યુનિવર્સિટીઓ થઇ. મારી આગળના વકતા શ્રી કેયુરભાઇએ બહુ સરસ કહ્યું અને તેની પુનરોકિતનો દોષ નહીં લઉં પણ એક નાના સુધારા માટે જો વિધાનસભાનો સમય બગાડવા માટે આવવું પડતું હોય તો તેની સત્તા સરકારને મળે તેની સામે કોઇને વાંધો ના હોય. મારા આગળના મિત્રોને એ કહું કે ગુજરાત સરકારે દસ વર્ષમાં કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગુરુ ગોવિંદ યુનિવર્સિટી, બિરસા મુંડા યુનિવર્સિટી, ગુજરાત બાયો ટેકનોલોજી યુનિવર્સિટી, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ, ગુજરાત સ્કીલ યુનિવર્સિટી આવી અનેક યુનિવર્સિટીઓ બનાવી છે અને યુ.જી.સી.ના નિયમ હેઠળ તેનું ગુજરાત સરકાર નિયમન કરે છે. હું મારા સાથી મિત્રોને સમય ના બગાડીને વિનંતી કરું છું કે, આ કાયદો જે અમારા મંત્રીશ્રી લાવ્યા છે તેના સમર્થનમાં સર્વાનુમતે ટેકો આપે, ખૂબ ખૂબ આભાર.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ–૨૦૦૯માં જે વધુ સુધારવા બાબત વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સુધારો ખૂબ નાનો છે પણ સાથે સાથે સરકાર દ્વારા જયારે પહેલી વખત ખાનગી યુનિવર્સિટીને મંજૂરી આપવા માટે વર્ષ ૨૦૦૯માં બિલ લાવવામાં આવ્યું અને એ વખતે જે ઉદ્દેશ હતા, જે તેની પાછળનો હાર્દ હતો તેમાં હું ચોક્કસ એટલું કહીશ કે કેટલીક ખાનગી યુનિવર્સિટીઓ સારી પણ છે અને સેવાના હેતુ સાથે, હાર્દ સાથે કામ પણ કરે છે પણ સાથે સાથે કેટલીક ખાનગી યુનિવર્સિટીઓ આજે જાણે શિક્ષણની હાટડીઓ ખોલી હોય અને ત્યાં આગળ શિક્ષણનું વ્યાપારીકરણ થઇ રહ્યું હોય એવી રીતે કામ કરી રહી છે. રાજય સરકારે ઉચ્ચ શિક્ષણનું ખાનગીકરણ કરવાની સાથે સાથે વ્યાપારીકરણ કરવાનું પણ નક્કી કરી લીધું હોય એવી સ્થિતિ આજે ગુજરાતમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં થોડાં વર્ષોમાં ૫૪ જેટલી ખાનગી યુનિવર્સિટીઓને આપણે મંજૂરી આપી છે. હમણાં કહેતા હતા કે સરકારે ખૂબ વ્યવસ્થા કરી છે અને માનનીય મંત્રીશ્રી એ પણ કહે કે એક તરફ આપણે ૫૪ ખાનગી યુનિવર્સિટીઓને મંજૂરી આપી એની સામે આપણે કેટલી સરકારી નવી યુનિવર્સિટીઓ શરૂ કરી? આ વિગત આપશે તો પણ ખ્યાલ આવશે કે સરકારની આ શિક્ષણ માટે કેટલી જવાબદારી અને ઇચ્છાશકિત છે. આ સુધારાથી આમ એવું લાગે કે ફકત એનું નામ, સરનામું અને તેને પુરસ્કર્તા મંડળની જે વિગતો છે એટલો જ ફેરફાર થવાનો છે. પણ હવેથી આ બિલ પસાર થવાથી આવો જે પણ ફેરફાર થશે તેની આ ગૃહમાં કયારેય ચર્ચા પણ નહીં થાય અને એ અંગે કોઇનો અભિપ્રાય આ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓનું સૂચન હશે, કયાંક ડો. ડો.કિરીટભાઇએ કહ્યું તેમ ભૂલો હશે, ક્ષતિઓ હશે તો એ ધ્યાને લાવવાની તક પણ મળવાની નથી અને આ સુધારો થવાથી એટલું નક્કી થવાનું છે કે યુનિવર્સિટીનું નામ બદલવા, સ્થળ બદલવા કે હકુમત બદલવાનું કાર્ય થશે તેની સામે વાંધો ના હોય પણ અત્યાર સુધી જેમ પ્રાયમરી કે માધ્યમિક શાળાઓનું ખરીદ વેચાણ થતુ હતું એ રીતે હવે આ સુધારા પછી બારોબાર કોઇક આ ખાનગી યુનિવર્સિટીઓનું ખરીદ વેચાણ થાય તો નવાઇ પામવા જેવુ નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, તેનો દાખલો ડો. કિરીટભાઇએ પુરાવા સાથે આપ્યો છે જેની માટે વર્ષોથી લડત લડે છે પણ કોઇ કાર્યવાહી થતી નથી. એ જ એમ.કે.યુનિવર્સિટી એક તો તેના તમામ નીતિ–નિયમોનો ભંગ કરીને આજે પણ ચાલે છે. એ યુનિવર્સિટી વેચાણ કરવા માટે છેલ્લા ઘણા બધા સમયથી માર્કેટમાં ચાલતું હતું કે આટલા કરોડ રૂપિયામાં વેચવાની છે, તેનું વેચાણ પણ થઇ જાય છેઅને અલગથી એના ટ્રસ્ટીઓ અને બાકીની વ્યવસ્થાઓ પણ થાય છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જવાબ આપો ત્યારે ડો. કિરીટભાઇનો જે આક્ષેપ છે એની ચોક્કસ સ્પષ્ટતા કરજો કે એનો સ્થળ ફેરફાર થયો, એના ટ્રસ્ટીઓનો ફેરફાર થયો અને આખું વેચાણ થઇ ગયું તો એની જાણ સરકારને છે કે કેમ? અને જો જાણ છે તો સુધારો તો આપણે આજે લાવ્યા છીએ પણ એ પહેલાં કાર્યવાહી થઇ હોય તો વિધાનસભામાં એ નામ સ્થળ કે ટ્રસ્ટી ફેરફારની ચર્ચા શું કામ નથી આવી?

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ કૉલેજોના ભોગે પ્રાઇવેટ યુનિવર્સિટીઓનો વિકાસ થાય એવું એક વ્યવસ્થિત *(xxx) ચાલતું હોય એવું લાગી રહ્યું છે. હમણાં જ આપણે જોયું કે આ નવા સત્રમાં જ ગુજરાતની જે સરકારી યુનિવર્સિટીઓ છે એમાં પ્રવેશ માટે ગુજરાત કૉમન એડમિશન સિસ્ટમ દાખલ કરવામાં આવી. આ મૉડલ અને સિસ્ટમ ફેલ ગઇ અને એના કારણે લાખો વિદ્યાર્થીઓના પરિવારો હેરાન થયા છે એ આપણે બધાં એ જોયું છે, જાણ્યું છે અને અનુભવ્યું પણ છે. આ સિસ્ટમ ફેલ થવાના કારણે જે વિદ્યાર્થીઓ ઓછી ફી ભરી સરકારી કૉલેજોમાં ભણવા જોઇએ એના બદલે ખાનગી કૉલેજોમાં અને પ્રાઇવેટ યુનિવર્સિટીઓમાં જવા માટે મજબૂર થયા. પોતાનાં બાળકના ભવિષ્યની ચિંતા કરીને પોતાનું બાળક રખડી ના પડે, એડમિશનથી વંચિત ના રહે એટલા માટે અનેક પરિવારોએ પેટે પાટા બાંધીને પણ ઊંચી ફી ભરીને એડમિશન લેવા પડ્યા. અત્યારે પરિસ્થિતિ એવી થઇ છે કે પ્રાઇવેટ યુનિવર્સિટી પર જાણે સરકારનું કોઇ નિયંત્રણ જ ના હોય.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ સરકારી યુનિવર્સિટીમાં દરેક કોર્સમાં કેટલી બેઠકો છે એ ફિક્સ છે. જ્યાં સુધી મંજૂરી ના મળે ત્યાં સુધી બેઠકો પણ વધતી નથી, પણ પ્રાઇવેટ યુનિવર્સિટીઓમાં કેટલા વિદ્યાર્થીઓને કયા કોર્સમાં પ્રવેશ આપવો એનો કોઇ માપદંડ નક્કી જ કરવામાં આવ્યો નથી. વિદ્યાર્થીઓના પ્રમાણમાં ક્લાસરૂમની વ્યવસ્થા છે કે નહિ, પ્રોફેસરોની

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

વ્યવસ્થા છે કે નહિ, વધારે પ્રમાણમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપે છે તો એને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે છે કે નહિ એનું મૉનિટરિંગ કરવાની કોઇ વ્યવસ્થા સરકાર પાસે નથી. યુ.જી.સી.ની જે ગાઇડલાઇન છે કે કેડર પ્રમાણે યુનિવર્સિટીમાં પ્રૉફેસર, એસોસીએટ પ્રૉફેસર, આસિસ્ટન્ટ પ્રૉફેસર છે કે નહિ એની ચકાસણી પણ કરવામાં આવતી નથી. એના પર કોઇ નિયંત્રણ પણ નથી. એની ચકાસણી નહિ થતી હોવાના કારણે આ યુનિવર્સિટીઓ જાણે સ્વતંત્ર જ હોય એમ ચાલી રહી છે. આજે વિદ્યાર્થીઓ એડમિશન લઇ શિક્ષણ લેવા જાય કે ના જાય પણ ઘેર બેઠા આ યુનિવર્સિટીઓ જાણે ડિગ્રી વેચવા માટેનું સેન્ટર બની હોય એવી સ્થિતિનું પણ નિર્માણ થયું છે. આ યુનિવર્સિટીઓ જાણે વેપાર કરવા માટેનું કેન્દ્ર હોય એવી સ્થિતિનું પણ નિર્માણ થાય છે. રૂ.૫થી ૭ લાખમાં પી.એચ.ડી.ની ડિગ્રીઓ આપવાના પણ કેટલાંય કિસ્સા બહાર આવ્યા છે. સરકારી કૉલેજોમાં પી.એચ.ડી. કરવી હોય તો એના માટેની જે માર્ગદર્શક વ્યવસ્થા છે એ ખૂબ પારદર્શી અને નિયમો મુજબની છે પણ ખાનગી યુનિવર્સિટીઓમાં જે પી.એચ.ડી.ની ડિગ્રીઓ આપવામાં આવે છે એમાં મોટા પ્રમાણમાં ખોટી રીતે વેપાર થતો હોવાના અનેક કિસ્સા આપણે બધાએ જોયા છે. જે વિષયના માર્ગદર્શક જ ના હોય એ વિષયની પી.એચ.ડી.ની ડિગ્રીઓ પણ આ ખાનગી યુનિવર્સિટીઓમાંથી અપાય છે. સરકારે જોવું પણ જોઇએ કે દર વર્ષે ખાનગી યુનિવર્સિટીઓમાંથી જેટલા ઉમેદવાર પી.એચ.ડી.ની ડિગ્રીઓ મેળવે છે એમની પાસે પૂરતા પ્રમાણમાં એ વિષયના માર્ગદર્શક હતા કે કેમ? એની નિયમ મુજબની પ્રક્રિયા અનુસરવામાં આવી છે કે કેમ? એ પણ ચેક કરવામાં આવે તો હું માનું છું કે જે શિક્ષણનો વેપાર થઇ રહ્યો છે, ડિગ્રીઓનો વેપાર થઇ રહ્યો છે એને અટકાવી શકાશે. ખરેખર તો સરકાર જે સુધારા વિધેયક લાવે છે તેની સાથે સાથે જે ખાનગી યુનિવર્સિટીમાં લાલિયાવાડી ચાલે છે તેના ઉપર કેવી રીતે વધારે નિયંત્રણ લાવી શકાય, તેનો વહીવટ કેવી રીતે પારદર્શી થઇ શકે, તેની વખતોવખત ચકાસણી અને તેનો રિપોર્ટ કેવી રીતે થઇ શકે તેના માટે પણ વિધેયક લાવવું ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું પણ સરકારને વિનંતી કરું કે આ ગૃહમાં આપણે સૌએ ચર્ચા કરીને ખાનગી યુનિવર્સિટીને સારા હેતુથી મંજૂરી આપી હતી. તેમાં કેટલીક યુનિવર્સિટીઓ ચોક્કસ સારું કામ કરે છે તેને અભિનંદન, પણ કેટલીક યુનિવર્સિટીઓ શિક્ષણનો વેપાર કરી રહી છે, ડિગ્રીઓનો વેપાર કરી રહી છે, વિદ્યાર્થીઓ પાસેથી ઊંચી ફી લઇને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી રહી નથી તેવી યુનિવર્સિટીની ચકાસણી થાય તેટલા માટે ચૂંટાયેલા પ્રતિનિધિ, શિક્ષણવિદ કે નિષ્ણાત લોકોની કમિટી બનાવી ખાનગી યુનિવર્સિટીનો અભ્યાસ થવો જોઇએ. તે અભ્યાસમાં શું સારી બાબત છે, શું ત્રુટિઓ છે, શું સુધારો કરવા જેવો છે તેનો તલસ્પર્શી અભ્યાસ કરીને તેનો રિપોર્ટ આ વિધાનસભા ગૃહમાં મૂકવામાં આવે તો આવનારા દિવસોમાં પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ચર્ચા કરીને વધારે સારું શું થઇ શકે, ભવિષ્યમાં આપણા યુવાનો ઉચ્ચ શિક્ષણ મેળવીને વિશ્વ સ્તરે કેવી રીતે ગુજરાતનું અને પોતાનું નામ રોશન કરી શકે તે માટેની વ્યવસ્થાઓ પણ થઇ શકે. જે રીતે અત્યારે ખાનગી યુનિવર્સિટીઓની ચિંતા કરીએ છીએ, ફક્ત નામ–સરનામામાં ફેરફાર કરવા માટેની ચિંતા કરીને બિલ લાવીએ છીએ તો સરકારી કે ગ્રાન્ટ–ઇન કૉલેજોમાં મોટા પ્રમાણમાં સ્ટાફની ઘટ, વ્યવસ્થાનો અભાવ, એડમિશન પદ્ધતિઓમાં ક્ષતિઓ ઊભી થઇ છે તેની ચિંતા શા માટે થતી નથી? ખાનગી યુનિવર્સિટીઓને સરકારી અને ગ્રાન્ટ–ઇન કૉલેજોના ભોગે શા માટે પ્રોત્સાહન આપીએ છીએ? શા માટે ગુજરાતના યુવાવર્ગને મોંઘું શિક્ષણ લેવા માટે મજબૂર બનાવીએ છીએ? કદાચ કોઇ ઉત્સવ નહીં થાય તો ચાલશે પણ ગુજરાતના યુવાનોને સસ્તું, સારું ગુણવત્તાયુક્ત શિક્ષણ પોતાના જ વિસ્તારમાં મળી રહે તેવી વ્યવસ્થાઓ શા માટે થતી નથી? નવા જિલ્લાઓ અને અંતરિયાળ વિસ્તારોમાં સરકારી યુનિવર્સિટી બનાવવમાં આવે તો સારું શિક્ષણ ગરીબ વિદ્યાર્થીઓને ઘર આંગણે મળે તે માટે સરકારે ચિંતા કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાંથી બધું નકલીવાળું બહુ ચાલ્યું છે. નકલી કચેરી, નકલી ટોલનાકું, નકલી એમ.એલ.એ./પી.એ., નકલી કલેક્ટરોના ઓર્ડર પણ થયા તે રીતે નકલી ડિગ્રી તો હતી પણ હવે ભૂતિયા શિક્ષકોની સાથે સાથે ભૂતિયા વિદ્યાર્થીઓનું બહુ મોટું નેટવર્ક છે. મારી માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે ચકાસણી કરાવજો. સરકાર તરફથી ઉચ્ચ શિક્ષણ માટે જે મદદ આપવામાં આવે છે તેનો હેતુ સારો છે કે ગરીબ, મધ્યમ વર્ગના યુવાનોને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક મદદ મળે પણ આજે કેટલીક ખાનગી યુનિવર્સિટીઓ અને કૉલેજોમાં ભૂતિયા વિદ્યાર્થીઓ રેકર્ડ ઉપર બતાવીને કરોડો રૂપિયાની શિષ્યવૃત્તિની સહાય હડપ કરી જવાનું એક કૌભાંડ ચાલી રહ્યું છે તેની તપાસ થવી જરૂરી છે. પ્રજાના પરસેવાના ટેક્સના પૈસા આપણે જે હેતુ માટે આપીએ છીએ તે હેતુના બદલે મુઠ્ઠીભર લોકો પોતાના ફાયદા માટે તેમાંથી કૌભાંડ કરી રહ્યા હોય તો તેની તપાસ કરવાની પણ જરૂરિયાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વહીવટી સરળતા બાબતે સુધારો લઇને આવ્યા છે પણ ફરીવાર નાના મોટા સુધારા માટે અહીંયા આવવું ન પડે. અમે સમર્થન કરીએ પણ સાથે સાથે શ્રી કિરીટભાઇએ જે ચિંતા વ્યક્ત કરી તેનો ખુલાસો કરજો. જો અત્યાર સુધી આપણા નિયમોની જોગવાઇ મુજબ તેનું નામ, સરનામું કે ટ્રસ્ટીના ફેરફાર માટે ગૃહમાં આવવું પડતું હતું તો આ પાટણની એમ.કે. યુનિવર્સિટીમાં કેવી રીતે ફેરફાર થઇ ગયો? આખું ખરીદ વેચાણ થયું તો તે જાણમાં છે કે કેમ? અને જો આપણી જાણમાં હોય તો વિધાનસભામાં એની ચર્ચા શા માટે આવી નથી એનું સ્પષ્ટીકરણ થાય અને ફરીથી કહું છું કે પ્રાથમિક શિક્ષણ હોય, માધ્યમિક શિક્ષણ હોય કે ઉચ્ચ શિક્ષણ હોય સરકારની પ્રાથમિક જવાબદારી છે. કદાચ બીજા બે પ્રોજેક્ટ ઓછા થશે તો ચાલશે પણ આપણા રાજ્યના વિદ્યાર્થીઓને સારામાં સારું ગુણવત્તાયુક્ત શિક્ષણ સસ્તું અને ઘરઆંગણે મળે એવી વ્યવસ્થાઓ ઊભી કરવી એ સરકારની પ્રાથમિકતા હોવી જોઇએ. નહીં કે આપણે સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોના ભોગે

પ્રાઈવેટ યુનિવર્સિટીઓને પ્રોત્સાહન આપીએ. શિક્ષણનું વેપારીકરણ કરવું એ આપણી પ્રાથમિકતા ન હોવી જોઇએ એની ચિંતા પણ આવનારા સમયમાં થાય એવી ખાસ વિનંતી.

સભાપતિશ્રી : *(xxx) શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રીકૌશિકભાઇ સુ. જૈન(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ તેમજ શ્રી પ્રફુલભાઈભાઇ પાનશેરીયાજી આજે જે ઠરાવ લાવ્યા છે કે, પ્રાઈવેટ યુનિવર્સિટીમાં નાના-મોટા સુધારા હોય તો એ ગૃહમાં ન આવે અને સરકાર દ્વારા જ એ સુધારા થઇ જાય એનું હું સમર્થન કરું છું અને આજે જે વિધેયક આવ્યું એ માત્ર પ્રાઈવેટ યુનિવર્સિટીમાં જે નાના-મોટા સુધારા હોય એ માટેનું જ હતું. પરંતુ, આ સભાગૃહમાં યુનિવર્સિટી આવી અને આ ખોટી યુનિવર્સિટીને મંજૂરી અપાઇ ગઇ છે એ પ્રકારની જે ચર્ચા થઇ તેને હું સમર્થન આપતો નથી અને આવનારા દિવસોમાં આવી સારી યુનિવર્સિટીઓ ગુજરાત રાજ્યમાં વધુમાં વધુ આવે અને સો કરતાં પણ વધારે યુનિવર્સિટી ગુજરાતમાં ચાલી રહી છે એને હું અભિનંદન પાઠવું છું. ભારત માતા કી જય.

ડો. દર્શિતાબેન પા. શાહ(રાજકોટ -પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, સરસ્વતી નમસ્તુભ્યમ. મા શારદાને વંદન. હું સૌ પ્રથમ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને માનનીય દંડકશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું કે, આજની આ ગુજરાતની પંદરમી વિધાનસભાના પાંચમાં સત્રમાં મને આ બિલ પર બોલવાનો મોકો આપ્યો. આજનો સમય એટલે Knowledge is a Currency અને એટલા માટે જ સમગ્ર ભારતના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૭૮માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે જાહેરાત કરી હતી કે, 'આવનારાં પાંચ વર્ષ દરમિયાન વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત ૭૫૦૦૦ જેટલી મેડિકલ સીટનો સમગ્ર ભારતમાં વધારો કરવામાં આવશે.' જેથી ભારતના વિદ્યાર્થીઓને ભારત બહાર ભણવા માટે જવું નહીં પડે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે આજે પણ આપણા વડાપ્રધાનશ્રી અત્યારે યુક્રેનમાં આપણા વિદ્યાર્થીઓને મળી રહ્યા છે. કહેવાય છે કે, Education is the most powerful weapon which you can change the world અને એટલા માટે જ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા વર્ષ ૨૦૦૯માં આ ગુજરાત ખાનગી યુનિવર્સિટીનો અધિનિયમ લાવવામાં આવ્યો. હમણાં કૉંગ્રેસના લોકો વાત કરતા હતા પણ વર્ષ ૧૯૬૨થી વર્ષ ૧૯૯૫ સુધીમાં ગુજરાતમાં માત્ર પાંચ યુનિવર્સિટી હતી. વર્ષ ૨૦૦૧ સુધી ૧૩ યુનિવર્સિટી હતી અને આજે વર્ષ ૨૦૨૪માં ૧૦૮ યુનિવર્સિટી છે. ૧૦૮ શબ્દ આપણે સાંભળીએ ત્યારે આપણા મનમાં એમ થાય કે ૧૦૮ એમ્બ્યુલન્સ જે જીવનદાતા છે એ જ રીતે સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓ માટે આ ૧૦૮ યુનિવર્સિટી શિક્ષણની જીવનદાતા છે. આ જે બિલ લઈને શિક્ષણમંત્રીશ્રી આવ્યા છે એ ખૂબ જરૂરી છે. જે રીતે વાત થઇ એ રીતે નાના-નાના ફેરફાર કરવા માટે દરેક વખતે યુનિવર્સિટીએ વિધાનસભા મંડળ સમક્ષ આવવું પડતું હતું. નામ બદલાવવા કે સ્થાન બદલાવવા માટે વિધાનસભા મંડળમાં આવવાનું, સ્પોન્સરિંગ બોડી બદલાવવી હોય તો વિધાનસભા મંડળમાં આવવાનું. એટલા માટે આ જે બિલ લાવવામાં આવ્યું છે એ ખૂબ સાતત્ત્યપૂર્ણ છે અને વહીવટી પ્રક્રિયા સરળ કરનારું છે. આપણે જાણીએ છીએ એ રીતે છેલ્લાં દસ વર્ષમાં મેડિકલ સીટમાં ૧૧૨ ટકાનો વધારો થયો છે. છેલ્લાં દસ વર્ષમાં મૅડિકલની પી.જી. સીટમાં ૧૨૭ ટકાનો વધારો થયો છે. છેલ્લાં દસ વર્ષમાં મેડિકલ કૉલેજમાં ૮૨ ટકાનો વધારો થયો છે. એટલા માટે ગુજરાત રાજ્યમાં તમામ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ ખૂબ સારી રીતે પ્રાપ્ત થઇ રહ્યું છે. કહેવાય છે ને કે, વિદ્વાન સર્વચન્તુ પૂજયન્તે. આજે આ બિલ ઉચ્ચ શિક્ષણ માટે લાવવું ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ એક આકાશ છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાતના તમામ વિદ્યાર્થીઓને આ શિક્ષણના માધ્યમથી પાંખો અપાઇ રહી છે. હમણાં અહીંયા જે વાત થઇ એના માધ્યમથી હું મારો પોતાનો જ દાખલો આપવા માગું છું. મારા ભાઇને માત્ર બે માર્ક ઓછા હતા અને ડેન્ટલ કૉલેજમાં એડમિશન લેવાનું હતું. ગુજરાત રાજ્યમાં માત્ર બે જ ડેન્ટલ કૉલેજ હતી એટલે એને એડમિશન ના મળી શક્યું. ત્યારે સાઉથની એક કૉલેજમાં અમે એડમિશન લીધું. વાલી તરીકે અમને હંમેશા ચિંતા રહે કે ત્યાં ખાવા-પીવાનું કેવું હશે? ત્યાં ભાષાના પ્રોબ્લેમ હશે. અભ્યાસના પ્રોબ્લેમ હશે. વાતાવરણ નવું હશે. વાલીઓ ચિંતામાં રહે અને વિદ્યાર્થીઓ પણ ચિંતામાં રહે. સમગ્ર છ મહિના સુધી ત્યાં એ વિદ્યાર્થી વ્યવસ્થિત રીતે અભ્યાસ ન કરી શકે. એટલા માટે થઇને આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા વર્ષ ૨૦૦૯માં ખાનગી યુનિવર્સિટીનો અધિનિયમ લાવવામાં આવ્યો. આપણે સૌ જાણીએ છીએ કે, આપણે બધા એ સામાજિક ઢાંચા નીચે છીએ કે જયાં દરેક મા-બાપને એવી ઈચ્છા હોય કે એની દીકરી એની નજર સામે રહે. આપણે જૂના દિવસો યાદ કરીએ તો દીકરોઓ માટે બી.એ., બી.કોમ, બી.એસ.સી. અને મૅડિકલ એન્જિનિયરિંગ આટલા જ કોર્સ હતા.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ અધિનિયમ આવવાથી તેમજ આ અધિનિયમના માધ્યમથી સમગ્ર ગુજરાતમાં સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, રેલ યુનિવર્સિટી, ફૉરેન્સિક યુનિવર્સિટી અને કદાચ દીકરીઓને ફેશન ડિઝાઈનિંગ કરવું હોય તો પહેલાં મહારાષ્ટ્ર રાજ્યમાં જવું પડતું હતું આજે તો એ પણ ગાંધીનગરમાં જ ઉપલબ્ધ છે. આજે ગુજરાત રાજ્યમાં

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

ધીરુભાઇ અંબાણી જેવી, પી.ડી.પી.યુ. જેવી, નિરમા જેવી ઉચ્ચ અને આંતરરાષ્ટ્રીય કક્ષાની યુનિવર્સિટી ઉપલબ્ધ છે. જેના માધ્યમથી ગુજરાતના તમામ વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામના મેળવી શકે છે. આ જમાનો એલ.પી.જી.નો છે. એલ.પી.જી. એટલે ગેસ નહીં પરંતુ એલ.પી.જી. એટલે લિબરાઇઝેશન, પ્રાઇવેટાઇઝેશન અને ગ્લોબલાઇઝેશન. અત્યારે વિરોધપક્ષના સભ્યશ્રીઓ જે કઇ વાત કરતા હતા એ બાબતે મારે એમને એક સત્ય હકીકત જણાવી છે કે, હું રાજકોટની ધારાસભ્ય છું. રાજકોટમાં મારવાડી યુનિવર્સિટી છે. જેમાં ૧૪૦૦૦ બાળકો અભ્યાસ કરે છે. ૧૪૦૦૦ બાળકોમાંથી ૪૦૦૦ બાળકો એવાં છે કે જે ગુજરાત રાજ્યની બહારના ૨૨ રાજ્યોના છે. ૮૦૦ બાળકો એવાં છે કે જેઓ આઉટ ઓફ ઇન્ડિયાની પર કન્ટ્રીના છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના લીધે અત્યારે સમગ્ર ગુજરાત રાજ્યમાં અને ભારત દેશમાં રીવર્સ ટ્રેન્ડિંગ ચાલુ થયું છે. બહારથી અહીંયા વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવે છે ત્યારે આપના માધ્યમથી એક વાત કહીશ કે, **કક્કાથી કોમ્પ્યુટર સુધી શીખે વેદ વિજ્ઞાન, કિશોરીઓની પાપા પગલીથી ઝળહળે ગુજરાત.** શાળા પ્રવેશોત્સવથી ચાલુ કરીને સેન્ટ્રલ ઓફ એકસેલન્સ સુધીનું ઉચ્ચ શિક્ષણ રાજ્ય સરકાર તથા શિક્ષણ મંત્રીશ્રીઓ દ્વારા અપાઇ રહ્યું છે ત્યારે હું રાજ્ય સરકારને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. આ બિલને હું સમર્થન આપું છું અને સર્વ સન્માનનીય સભાગૃહને આ બિલને સમર્થન આપવા માટે વિનંતી કરું છું. જય-જય ગરવી ગુજરાત. ભારત માતા કી જય. વંદે માતરમ્.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી સન-૨૦૨૪ ગુજરાત વિધેયક ક્રમાંક-૧૪, ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય શિક્ષણ મંત્રીશ્રી દ્વારા વારંવાર ખાનગી યુનિવર્સિટી સુધારા બિલ લઇને આવવાની જરૂરિયાત શા માટે પડે છે? શા માટે સરકારી યુનિવર્સિટીના બિલો ગૃહમાં રજૂ નથી થતા? ગુજરાતની અંદર માનનીય બહેને વાત કરી એમ ૧૦૮ યુનિવર્સિટીઓ છે એ ગૌરવની સારી બાબત છે પણ એમાં સરકારી યુનિવર્સિટી કેટલી? શું માત્ર અને માત્ર ખાનગી યુનિવર્સિટીઓ બનવાથી મધ્યમ વર્ગનાં ગુજરાતનાં જે બાળકો છે, ગરીબ વર્ગનાં બાળકો છે શું એમાં શિક્ષણ લઇ શકશે? શું એમના બાળકોને ડોકટરો, એન્જિનિયરો બનાવી શકશે? ઉચ્ચ અભ્યાસ કરાવી શકશે? નહીં કરાવી શકે. પહેલાં તો ખાનગી યુનિવર્સિટીઓ બનાવવાની માન્યતા આપીએ છીએ એનો વિરોધ નથી, આપો પણ એમાં વ્યવસ્થા કરો કે ગરીબ વર્ગનાં બાળકો છે, મધ્યમ વર્ગનાં બાળકો છે તો એનું ફીનું ધોરણ પણ સાથોસાથ નક્કી કરો. મનફાવે એવી ફી લે છે, સરકારનો કોઇ અંકુશ નથી. ઘણા બધા સમાચાર પત્રોમાં તમે વાંચ્યું હશે. ખાનગી યુનિવર્સિટીઓમાં જાતીય શોષણના અનેક બનાવો સામે આવ્યા છે. સરકારનું કોઇ નિયંત્રણ નથી. ત્યાં સંચાલકો આરોપીઓ બને છે, સરકારનું કોઇ નિયંત્રણ નથી. શોપિંગ સેન્ટરો હોય એમાં યુનિવર્સિટી ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે એલ.એલ.બી.ની ડિગ્રી જોઇતી હોય તો મારે કોલેજ જવાની જરૂર નથી. વગર કોલેજ ગયે મને ખાનગી યુનિવર્સિટીમાંથી ડિગ્રી મળે છે. આ પ્રકારે ખાનગી યુનિવર્સિટીનું આખું માળખું ગોઠવાયું છે. શિક્ષણની ગુણવત્તા ખાનગી યુનિવર્સિટીમાં કથળી ગઇ છે. આ બિલમાં આ પણ સંશોધન કરવાનો વિષય છે. માત્ર ખાનગી યુનિવર્સિટીમાં સુધારો કરવાથી ખાનગી યુનિવર્સિટીના બિલો લાવવાથી શિક્ષણનું સ્તર વધવાનું નથી. સારું ગુણવત્તાવાળું શિક્ષણ આપવાની જરૂર છે. આપણા ગુજરાતનાં બાળકોને જે ખાનગી યુનિવર્સિટીમાં જે રીતના અભ્યાસક્રમ ચાલે છે, હવે પહેલા તો એ વિષયના તજજ્ઞ પ્રાધ્યાપક જ હોતા નથી અને એ વિષયની ડિગ્રીઓ આપવામાં આવે છે, તો સરકારે એની ઉપર અંકુશ રાખ્યો નથી. કેમ એની કમિટી બનાવવામાં અવતી નથી કે તમારી આ જે કોલેજ છે એમાં મનોવિજ્ઞાનના પ્રાધ્યાપકો નથી તો એને પી.એચ.ડી.ની ડિગ્રી આપે છે એ બરાબર નથી. એ ખૂબ ચિંતાનો વિષય છે. મારે માનનીય શિક્ષણ મંત્રીશ્રીને એક વિનંતી કરવી છે.

શિક્ષણ મંત્રીશ્રી, આજે મારો બોટાદ જિલ્લો બન્યો એના ૧૩ વર્ષ થઇ ગયા. આજે ત્યાં એક પણ યુનિવર્સિટી નથી. આજે અમારા બોટાદ જિલ્લાનાં બાળકોને ભાવનગર ભણવા જવું પડે છે, અમદાવાદ ભણવા જવું પડે છે, ૧૩-૧૩ વર્ષ થઇ ગયા એક પણ સરકારી યુનિવર્સિટી નથી, કેમ એનો ઉકેલ લાવવાનું તમને મન નથી થતું? એટલે માનનીય શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે જે આવા નવરચિત જિલ્લાઓ જે છે એમાં પણ આપણે સરકારી યુનિવર્સિટીઓ ખોલવામાં આવે નહીં કે ખાનગી યુનિવર્સિટીઓ. સાથોસાથ જે ખાનગી યુનિવર્સિટીઓ જે છે જે ખરેખર માત્ર અને માત્ર શિક્ષણનો વેપાર કરવાનો ઉદ્દેશ રાખીને બેઠી છે, માત્ર અને માત્ર ડિગ્રીઓ વેચવાનું કાર્ય કરે છે તો આવી યુનિવર્સિટીઓ ઉપર પગલાં લેવાં જોઇએ, એની માન્યતા રદ કરવી જોઇએ અને આ શિક્ષણ વિભાગ દ્વારા થવું જોઇએ અને સાથોસાથ ૧૦૮ યુનિવર્સિટી છે એમાંથી જે સારું કામ કરે છે એ યુનિવર્સિટીને સરકાર પ્રોત્સાહન પણ આપે અને સારી ખાનગી યુનિવર્સિટીને સરકાર ગ્રાન્ટ પણ આપે પણ જે ડિગ્રી વેચવાનું જ કાર્ય કરે છે તો એની ઉપર સરકાર કાર્યવાહી કરે તેવી વિનંતી કરું છું. આ સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી પ્રફુલભાઇભાઇ પાનશેરીયા(રાજ્યકક્ષાના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી સુધારા વિધેયક જ્યારે ગૃહમાં રજૂ કરવામાં આવ્યું છે ત્યારે સાથી સભ્યશ્રીઓ સર્વશ્રી કેયુરભાઇ, શ્રી અમિતભાઇ શાહ, શ્રી કૌશિકભાઇ જૈન, ડો. દર્શિતાબેન શાહ, શ્રી કિરીટભાઇ, શ્રી અમિતભાઇ અને શ્રી ઉમેશભાઇ મકવાણા, દરેક લોકોએ પોતાના મત રજૂ કર્યા છે.

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૪

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જ્યારે શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ પર્ફોર્મન્સ અન્ય રાજ્યો કરતાં કરી રહ્યું છે ત્યારે આજે મને ગર્વ છે કે આ ગુજરાતની ધરતી પરથી જે યોજનાઓ, જે વિષયો અને જે રીતે આગળ વધી રહ્યા છીએ એ અન્ય રાજ્યના લોકો એનું અમલીકરણ કરી રહ્યા છે. ડો. કિરીટભાઇએ એમ.કે. યુનિવર્સિટીની વાત કરી. વર્ષ ૨૦૨૨માં જ્યારે ૧૧ યુનિવર્સિટીને આ જ ગૃહમાંથી મંજૂરી આપવામાં આવી હતી ત્યારે ૧૦ યુનિવર્સિટીઓ દ્વારા ૫ કરોડ રૂપિયાની ડિપોઝિટ ભરવાની હોય એ ભરાઇ ગઇ હતી. એમ.કે. યુનિવર્સિટીએ તા.૧૩-૬-૨૦૨૪ના દિવસે પૈસા ભર્યા છે. એની સ્લીપ નં. ૧૦૭૭૯૯ છે. શ્રી અમિતભાઇએ વાત કરી કે એમણે વેચી દીધી. આવી કોઇપણ પ્રકારની એમના સ્પોન્સરશિપનો ફેરફાર તા.૧૩-૬-૨૦૨૪ સુધીમાં હજી સુધી કાંઇ રાજ્ય સરકાર પાસે આવ્યું નથી. જ્યારે યુનિવર્સિટી બને છે ત્યારે એમનો એક્ટ છે. આ એક્ટ પ્રમાણે જ હંમેશા આપણે એકશન લીધા છે. એના માટેના એકશન લેવાની કામગીરી રાજ્ય સરકાર કરી રહી છે. આ એકટ પ્રમાણે વર્ષ ૨૦૦૯માં પ્રાઇવેટ યુનિવર્સિટી વિધેયક જ્યારે ગૃહમાં દાખલ કરવામાં આવ્યું ત્યારે કોઇપણ યુનિવર્સિટી જો એના વહીવટી ક્ષેત્રમાં નબળી પુરવાર થાય તો એના મેનેજમેન્ટ માટે આપણે એડમિનિસ્ટ્રેટર મૂકી શકીએ છીએ. એક સાબરમતિ યુનિવર્સિટીમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો. માત્ર ૬ પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે એલિગેશન હતું. આપણે સરકારી વહીવટી ક્ષેત્રના નિષ્ણાત મૂક્યા હતા અને ૬ વિદ્યાર્થીઓને ડિગ્રી આપેલ નથી. જે માનનીય કિરીટભાઇનો પ્રશ્ન છે એ પ્રમાણે ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી એક્ટ પ્રમાણે એના એકશન અને એની તપાસ કરીને અમે ચોક્કસ પ્રકારે કરીશું.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય ઉમેશભાઇએ કહ્યું કે, મારી વિનંતી છે કે આવી કોઇપણ યુનિવર્સિટી ડિગ્રી વેચતી હોય કે આ કે તે તો એ શબ્દો રેકર્ડ પરથી દૂર થવા જોઇએ. એક પ્રકારે સાબિતી સાથે એ કહેશે તો અમે ચોક્કસ એકશન લઇશું. આ ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે કોઇ ક્ષતિ હોય તો કેટલી બધી યુનિવર્સિટીઓ છે. એમની એડમિશન મેરિટ પ્રક્રિયા જોઇ લો. પ્રાઇવેટ યુનિવર્સિટીઓ વધી છે અને સરકારી યુનિવર્સિટી નથી એવું કહેવાયું. આ જ સદનમાં ૪ કલાક પહેલાં મેં જવાબ આપેલો 'શોધ' ની અંદર ૩૫૦૦ વિદ્યાર્થીઓને ૧૦૦ કરોડ રૂપિયા સહાય કરીને પી.એચ.ડી. કરવામાં અને ડોકટરેટ ડિગ્રી મેળવવાની હોય એમાં રાજ્ય સરકારે મદદ કરી હતી. યુવા સ્વાવલંબન યોજનાથી લઇને વિવિધ યોજનાઓ દ્વારા પ્રાઇવેટ યુનિવર્સિટીમાં પણ સરકાર વિદ્યાર્થીઓને સહાય કરે છે એ એમને ખ્યાલ હોવો જોઇએ. વાત રહી બિરસા મુંડા, આઇ.આઇ.ટી., ગુરુગોવિંદસિંહ યુનિવર્સિટી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, આઇ.આઇ.ટી. રામ, ચિલ્ડ્રન યુનિવર્સિટી આ બધી યુનિવર્સિટી રાજ્ય સરકાર દ્વારા જ્યારે કરવામાં આવી છે ત્યારે એમને ગયા વખતે આપણે કોલેજ અને યુનિવર્સિટીમાં નેક ફરજિયાત પ્રાઇવેટ કરવામાં આવ્યું. કોઇ જિલ્લામાં યુનિવર્સિટી હોય અથવા ભાઇએ કહ્યું કે ભાવનગર યુનિવર્સિટી સાથે કે રાજકોટ યુનિવર્સિટી સાથે આ યુનિવર્સિટીને વર્ષ ૨૦૦૯-૧૦માં વિદ્યાર્થીઓની સંખ્યા અને આજની સંખ્યા એટલો બધો વધારો થયો છે કે, કે જેના કારણે ડ્રોપ રેશિયો જે આપણે ઘટાડવા માગીએ છીએ, પહેલા ધોરણની અંદર ૧૦૦ બાળકો દાખલ થાય અને એ ૧૦૦ બાળકો ગ્રેજયુએશન પાસ થાય આ રાજય સરકારની નીતિ છે અને આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ બાબતમાં ચિંતિત છે. વર્ષ ૨૦૦૧માં ગુજરાતની અંદર ૧૯૯ બાળકો જન્મ લેતાં હતાં અને ૨૦ બાળકો તો પ્રવેશ નહોતા લેતાં. ૨૦ ટકાનો ડ્રોપ રેશિયો હતો. જે ઘટાડીને આજે આપણે ૧૦૦ બાળકો જન્મે અને ૧૦૦ બાળકોનું પહેલા ધોરણમાં નામાંકન થાય એ રાજય સરકાર ખૂબ ગંભીરતાથી વિચારીને અંત્યોદય સુધી શિક્ષણ પ્રાપ્ત થાય એ બાબતમાં વાત કરે છે. આ યુનિવરર્સિટી એકટ ૨૦૦૯ પ્રમાણે કોઇ યુનિવર્સિટીને એવી છૂટ આપી દેવામાં આવી નથી કે પોતે ડિગ્રી આપી દે કે પોતે ડિગ્રી વેચી દે. એક એક યુનિવર્સિટી ઉપર જે કમ્પ્લેઇન આવી હોય કે જે પ્રશ્ન આવ્યો હોય એના ઉપર એનો સંપૂર્ણ વહીવટ રાજય સરકાર લઇ લે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૪૩ની અંદર જે કહ્યું છે એ પ્રમાણે આપણે પૂર્ણ રીતે આ યુનિવર્સિટીનો વહીવટી ક્ષેત્રનો કબજો લઇ અને રાજય સરકાર એના વહીવટદારની નિમણૂક કરી શકે છે. માટે કયાંક ક્ષતિ હશે. ચોક્કસ પ્રકારે સજેશન આવકાર્ય છે પણ જે વિરોધપક્ષ વાત કરી રહ્યા છે ડિગ્રી વેચાય તો આ ગુજરાતના શિક્ષણ બાબતની અંદર બિલકુલ શોભનીય કે સારી વાત નથી. આવો એક પણ કિસ્સો અમને આપજો. અમે પર્સનલ મંત્રી તરીકે એની તપાસ કરાવીશું અને વિરોધપક્ષને કયાંય પણ ડિગ્રીમાં ક્ષતિ હોય તો તમે પર્સનલ એમને વાત કરી શકો માટે ગુજરાત જે દિશા તરફ જઇ રહ્યું છે, જે એજયુકેશન તરફ જઇ રહ્યું છે, જે મેડિકલ ક્ષેત્રે જઇ રહ્યું છે, એના મેરીટની અંદર શ્રી અમિતભાઇએ વાત કરી હતી કે પ્રવેશના હિસાબે, મને ગર્વ છે કે અમારી યુનિવર્સિટીની અંદર ગયા વખત કરતા આ વખતે પ્રવેશ વધ્યો છે. ગુજરાતના દરેક બાળકને શ્રેષ્ઠ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય એ માટે પી.પી.પી. મોડલને પણ દુનિયાભરની અંદર માત્ર ગુજરાત નહી, દુનિયાનો કોઇ દેશ હોય, કોઇ રાષ્ટ્ર હોય દરેક જગ્યાએ શિક્ષણક્ષેત્રે પી.પી.પી. મોડલ પર શ્રેષ્ઠ સુધારા લાવી શકયા છીએ. શ્રેષ્ઠ કામગીરી કરી રહ્યા છીએ. ત્યારે હું મિત્રો પાસેથી આશા રાખું છું કે હજી હું આ ગૃહની અંદર વાત કરી રહ્યો છું ત્યારે દરેક પ્રાઇવેટ યુનિવર્સિટી પર પ્રાઇવેટ યુનિવર્સિટી એકટ ૨૦૦૯ પ્રમાણે કંઇપણ ક્ષતિ હશે તો ચોક્કસ ધ્યાન દોરજો. કોઇ વાતનો ખ્યાલ ન હોય અને સરકાર ઉપર આક્ષેપ કરવા એ બરાબર નથી. આપણે શિક્ષણ ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યા છીએ અને ખૂબ શ્રેષ્ઠ પરિણામો લાવવા સારી રીતે આગળ વધીશું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

તા.૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)

શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક –૧૪, સન ૨૦૨૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧ દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી પ્રફુલભાઈભાઇ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૨૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી:સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૨૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ–૧૦૨)**

**જાતિ આધારિત વસતિ ગણતરી અંગે**

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૦૨ હેઠળ પ્રસ્તાવ રજૂ કરું છું કે–

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં "સામાજિક ન્યાય" માટે "જાતિ આધારિત વસ્તી ગણતરી" અનિવાર્ય બની ગઈ છે. રાજ્યમાં દિનપ્રતિદિન સામાજિક–આર્થિક અસમાનતા અને જાતિ આધારિત ભેદભાવ વધી રહ્યા છે, જે આપણા સૌના માટે ચિંતાનો વિષય છે. ચોક્કસ વર્ગ–વિસ્તારને વિકાસના મહત્તમ લાભ મળી રહ્યા છે. રાજ્યમાં સરકારી–સહકારી સંસ્થાઓમાં નોકરીઓ, ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ અને સંશાધનો અને બજેટમાં સમાન ભાગીદારી જોવા મળતી નથી અને અસમાનતા સ્પષ્ટ દેખાઈ આવે છે. રાજ્યના લોકો, જાતિ–સમૂહો વચ્ચેની આર્થિક, શૈક્ષણિક અને સામાજિક અસમાનતા દૂર કરવા જાતિઓ વચ્ચેની સામાજિક અસમાનતા ઓળખવી જરૂરી છે. વંચિત જાતિઓ/સમૂહોની ઓળખ થશે તો રાજ્યની નીતિ નિર્ધારિત, સંશાધનોનું ન્યાયિક વિતરણ અને યોજનાઓ બનાવવામાં મદદરૂપ થશે. રાજ્યમાં જાતિ આધારિત વસ્તી ગણતરી વગર સંશાધનોનું ન્યાયિક/સમાન વિતરણ શક્ય નથી. રાજ્યમાં ચોક્કસ જાતિ/સમૂહની વસ્તી વર્તમાન આર્થિક–શૈક્ષણિક સ્થિતિના આંકડા/વિગતો ન હોવાને કારણે ફક્ત SC/ST/OBC અનામત વ્યવસ્થાને આધારે, અનામત નીતિથી આ જાતિઓમાં સામાજિક–આર્થિક પરિસ્થિતિમાં કેટલું સકારાત્મક કે નકારાત્મક પરિવર્તન આવ્યું તે જાણી શકાતું નથી. જાતિ વસ્તી ગણતરીથી રાજ્યની પ્રવર્તમાન નીતિઓ–યોજનાઓના પાલન અને તેના પરિણામોની સાચી માહિતી મળશે. જાતિ ગણતરીના આંકડાઓથી રાજ્યના નીતિ નિર્માતાઓએ વર્તમાન નીતિઓ–બજેટમાં શું સુધારો કરવો તે પણ જાણી શકાશે અને સમાજનું સાચું ચિત્ર ઉભરી આવશે. સ્વતંત્ર ભારતની ૧૯૫૧ થી ૨૦૧૧ દરેક વસ્તી ગણતરીમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની ગણતરી/ડેટા/આંકડા એકઠા કરવામાં આવે છે, પરંતુ અન્ય પછાત વર્ગ અને અન્ય જાતિઓના આંકડા એકઠા કરવામાં આવતા નથી. ગ્રામ્ય અને શહેરી ક્ષેત્રના પરિવારોની આર્થિક સ્થિતિના આંકડા મેળવવા તથા પછાતપણાના સૂચકોની ઓળખ મેળવવી પણ જરૂરી છે. વસ્તી ગણતરી રાજ્યની વસ્તીનું સામાન્ય ચિત્ર આપે છે, જ્યારે સામાજિક–આર્થિક જાતિ ગણતરીથી રાજ્યની સહાયતા ઈચ્છતા/આધારિત સામાજિક સમૂહો/જાતિ સમૂહોને નિર્ધારિત કરવામાં ઉપયોગી બને છે. રાજ્યમાં સામાજિક,શૈક્ષણિક,આર્થિક અસમાનતા દૂર થાય, વંચિત જાતિ–સમૂહોને વિકાસના મૂળ પ્રવાહમાં ભાગીદાર બનાવી શકાય, જાતિ ગણતરીના આંકડાને આધારે રાજ્યની નીતિ–બજેટ આયોજનોમાં જરૂરી સુધારા વધારા કરવા રાજ્યના અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગ, લઘુમતી સમાજોની લાગણી–માંગણીને ધ્યાનમાં લઈ સરકાર જાતિ આધારીત વસ્તી ગણતરી કરાવે તે જરૂરી છે. નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા પણ અન્ય પછાત વર્ગને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં અનામત બેઠકો ફાળવવા સંદર્ભે રાજ્યોને અન્ય પછાત વર્ગોની ગણતરી કરવા ભલામણો કરેલ છે.

"**जिसकी जितनी संख्या भारी, उसकी उतनी हिस्सेदारी** ।" એ સિદ્ધાંતને ધ્યાનમાં રાખવામાં આવે. વર્ષ ૨૦૨૨માં નામદાર સુપ્રીમકોર્ટે આર્થિક રીતે પછાત (EWS)ને ૧૦% અનામતને માન્યતા આપી છે. EWS અનામતને બંધારણીય સમર્થન આપવા માટે જાતિ ગણતરીમાં અન્ય પછાત વર્ગોની સાથે ઉચ્ચ જાતિ, વર્ગોની ગણતરી કરવી પણ જરૂરી બને છે. "Collection of Statistics Act-2008" મુજબ રાજ્ય સરકારને જરૂરી ગણતરી કરી આંકડા એકઠા કરવાની સત્તા હોઈ રાજ્ય સરકાર સત્વરે "સામાજિક–આર્થિક ગણતરી" કરાવે તે માટે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પોઇન્ટ ઓફ ઓર્ડર**
**નામદાર સુપ્રીમકોર્ટના ચુકાદાના અર્થઘટન અંગે**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા: માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર મારફત આપનું અને ગૃહનું ધ્યાન દોરવા માગું છું. માનનીય અમીતભાઇએ જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કર્યો તેમાં નામદાર સુપ્રીમકોર્ટના નામે તેમનું એક ક્વોટેશન છે જે કોટ છે તે હું વાંચું છું. નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા પણ અન્ય પછાત વર્ગને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં અનામત બેઠકો ફાળવવા સંદર્ભે રાજયોને અન્ય પછાત વર્ગોની ગણતરી કરવા ભલામણ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્ટેટમેન્ટ છે તે misleading છે. સુપ્રીમકોર્ટનો જે quote છે તેનાથી જુદું છે એ ઉપરાંત ગૃહને પણ ગેરમાર્ગે દોરેલું છે. એનું જે ઓરીજીનલ ક્વોટેશન આ પ્રકારે છે કે, setting up a dedicated commission for collecting empirical data on OBC population specifying proportion of reservation and ensuring that the cumulative share of reserved seat do not breach 50% of the total seats. ગુજરાતીમાં આ પ્રમાણે છે કે ''નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા રાજય સરકારોને સમર્પિત આયોગની નિમણૂક કરવા જણાવેલ અને ઓ.બી.સી. વસતિના એમ્પિરિકલ એટલે પછાતપણાના જે પ્રયોગમૂલક સ્વરૂપ છે અને તેની અસરો તેનો ડેટાનો અભ્યાસ કરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ઓ.બી.સીના પ્રતિનિધિઓને પ્રતિનિધિત્વ આપવા આદેશ કર્યો છે.'' એમણે વસતિ ગણતરી કરવા નહીં પરંતુ એમ્પિરિકલ ડેટા છે તે ડેટા મેળવવાનો આદેશ કરેલો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે મહારાષ્ટ્ર સરકારે સીધું જ ૨૭ ટકા રિઝર્વેશન આપી દીધું, એટલા માટે કે ૫૦ ટકાની સિલિંગ સુપ્રીમકોર્ટે મૂકી હતી અને સ્વભાવિક છે કે આપણા રાજયમાં પણ ૫૦ ટકાની આસપાસ આપણી ઓ.બી.સી.ની વસતિ છે તે સ્વીકારાયેલી વાત છે એમ ત્યાં પણ એટલી જ વસતિ હતી તો ત્યાં એ ઓર્ડરને પણ સ્ટે કરી દીધો કે એમને એમ નહીં તમે એમ્પિરિકલ ડેટા લઇ આવો. એ ડેટા લઇ આવ્યા પછી ત્યાં ૨૭ ટકા રિઝર્વેશન માન્ય રહ્યું અને એ પણ ઓ.બી.સી. કમિશન મારફત. અહીંયા પણ આપણે જે સુપ્રીમકોર્ટનું જજમેન્ટ હતું એ પ્રમાણે ઓ.બી.સી. કમિશન ઝવેરી કમિશન નીમ્યું. તેણે જે ડેટા આપ્યો તે ડેટાને આધારે ૫૦ ટકાની લિમિટમાં આપણે ઓલરેડી રિઝર્વેશન આપેલું છે. એટલે જે મારો મુદ્દો આ જે શ્રી અમિતભાઇની જે અઢી લાઇન છે તેના પૂરતો છે તે misleading છે એટલુ હું ગૃહનું અને આપનું ધ્યાન દોરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમો અગિયારમી આવૃત્તિ પાનાં નંબર-૩૮ ઉપર નિયમ-૯૭(૧)ની જે જોગવાઇ છે. વાત તેમની સાચી છે જો ઓબ્ઝર્વેશન જે સુપ્રીમકોર્ટે કર્યું છે તે પ્રમાણેનું એ જજમેન્ટમાં કયાંક મીસ ઇન્ટરપ્રિટેશન થયું છે અને તેને કોટ જુદી રીતે કરાવ્યું છે. એટલે વાત તો સાચી છે. પણ નિયમ-૯૭(૧)માં લખેલું છે આ નિયમની જોગવાઇઓને આધીન રહીને કોઇ પણ સભ્ય નિયમ-૧૦૨ હેઠળના પ્રસ્તાવ સિવાયના પ્રસ્તાવને સુધારો કરવા માટે બે દિવસની સૂચના આપીને સુધારો રજૂ કરી શકશે. કોઇ પણ નિયમ હેઠળ પ્રસ્તાવ આવ્યો હોય તો એમાં બે દિવસની સૂચના હોય, પરંતુ નિયમ-૧૦૨ના પ્રસ્તાવમાં ક્યાંય આવી જોગવાઇ નથી. એ વાત સાચી છે પરંતુ આ નિયમોને આધીન આપણે આવો કોઇ સુધારો કરી શકતા નથી પરંતુ આ ખોટું અર્થઘટન છે એની ગૃહે ચોક્કસ નોંધ લેવી જોઇએ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ જે મુદ્દો ઉઠાવ્યો છે એમાં મારી પાસે સુપ્રીમકોર્ટના જજમેન્ટની કૉપી છે. આપ કહેશો તો હું એને ક્વૉટ કરીને અમે જે ડ્રાફ્ટ કરીને આપ્યો હતો એ મુજબ જ એનો અર્થ થાય છે અને એ મુજબ તમને પ્રોવાઇડ કરીશું. માનનીય અર્જુનભાઇએ જે ક્વૉટ કર્યો છે એ સમર્પિત આયોગને ધ્યાનમાં રાખીને ક્વૉટ કર્યો છે. જે કદાચ સરકારનું અર્થઘટન હશે પણ નામદાર સુપ્રીમકોર્ટે એમ કહ્યું છે કે અન્ય પછાત વર્ગોની વસતી ગણતરી કરો અથવા એનો અભ્યાસ કરી એનું જે યુનિટ નક્કી કર્યું છે એ મુજબ એની સંખ્યા નક્કી કરીને એના પ્રમાણમાં એને અનામત આપો. એના આધારે આપણે ઝવેરી કમિશનની નિમણૂક કરી.

અધ્યક્ષશ્રી : એમનો મુદ્દો માત્ર એટલો છે કે નામદાર સુપ્રીમ કોર્ટે આવું કહ્યું છે એવું નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમકોર્ટે એ રીતે જ કહ્યું છે કે કયા યુનિટમાં એની કેટલી વસતી છે એનો અભ્યાસ કરીને ૫૦ ટકાની મર્યાદામાં એને અનામત આપો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત અમિતભાઇ સ્વીકારી લે તો એનો સમય ન બગડે પણ અંગ્રેજીમાં ત્રણ જ લાઇન છે એ હું વાંચી જાઉં છું. In March, 2021, the Supreme Court asked State Government to comply with triple condition. Condition no. (1) setting up a dedication commission for collecting empirical data on the OBC population (2) specifying the portion of reservation and ensuring that cumulative share of the reserved seat do not breach 50% of total seats, આ એની ટ્રિપલ કન્ડિશન છે. આ બહુ સ્પષ્ટ છે. એનો બીજો કોઇ અર્થ નીકળી ન શકે. એમ્પિરિકલ ડેટા લેવાની જ વાત કરી છે. એ સિવાય ગણતરી કરવાની વાત કરી નથી.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇ ચાવડાએ જે પ્રસ્તાવ મૂક્યો છે એમાં પહેલી લાઇનમાં એમ લખ્યું છે કે 'ગુજરાતમાં ''સામાજિક ન્યાય'' માટે ''જાતિ આધારિત વસતી ગણતરી'' કરવી અનિવાર્ય છે.'

તા.૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪

પોઇન્ટ ઓફ ઓર્ડર

કોઇ પણ રાજ્ય સરકારને વસતી ગણતરીનો અધિકાર નથી. આ અધિકાર કેન્દ્ર સરકારનો અબાધિત અધિકાર છે. આ અગાઉ બિહાર રાજ્યમાં જ્ઞાતિ આધારિત વસતી ગણતરી કરવાનું નક્કી કરવામાં આવેલું હતું. છઠ્ઠી ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા બિહાર હાઇકોર્ટના જજમેન્ટ ઉપર સ્ટે આપવામાં આવેલ છે. હાલમાં રાજ્ય સરકારોને વસતી ગણતરીનો અધિકાર છે કે કેમ? એ નિર્ણય સુપ્રીમકોર્ટમાં પેન્ડિંગ છે. CWJC No 5542 of 2023 – the State Government to immediately stop caste based survey and ensure that the data already collected be secured and not share with anybody till final order is passed in the writ petition. જ્યાં સુધી આ પિટિશન આગળ ન ચાલે ત્યાં સુધી આમાં કોઇ પણ રાજ્ય સરકાર કશું કરી શકે નહિ. આ નામ. સુપ્રીમકોર્ટનું જજમેન્ટ છે. એની કૉપી પણ મારી પાસે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રમણભાઇ વોરા ખૂબ વિદ્વાન અને અનુભવી છે. મેં આખા પ્રસ્તાવના અંતમાં રાજ્ય સરકારની સત્તા છે એટલી જ, જાતિ આધારિત વસતી ગણતરી એવું મેં છેલ્લે લખ્યું નથી. આપણે કલેક્શન ઓફ સ્ટેટેસ્ટિક એક્ટ–૨૦૦૮ મુજબ રાજ્ય સરકારને જે સત્તા મળી છે એની આર્થિક–સામાજિક ગણતરી કરાવે એવી માગણી છે પણ સામાજિક ન્યાય માટે જાતિ આધારિત વસતી ગણતરી જરૂરી છે એવું મારું ક્વૉટ છે. કલેક્શન ઓફ સ્ટેટેસ્ટિક્સ એક્ટ–૨૦૦૮ મુજબ કાર્યવાહી થાય એવી માગણી છે.

અધ્યક્ષશ્રી:આ બાબતમાં બે વિષય આવ્યા. એક, માનનીય અર્જુનભાઇએ વાત કરી કે સુપ્રીમકોર્ટનું આવું જજમેન્ટ નથી તેનો ઉલ્લેખ પણ કર્યો. તે પ્રમાણેનું હોય તો મને લાગે છે કે ભવિષ્યમાં આ બાબતનો સુધારો કરીને ચોક્કસાઇ કરીને પછી જ પ્રસ્તાવ મૂકવો જોઇએ. ગૃહના ધ્યાનમાં સાચી બાબત મૂકવી જોઇએ. બીજું, આને સુધારા તરીકે ન લઇ શકાય. કારણ કે માનનીય સંસદીય મંત્રીશ્રીએ કલમ–૯૭(૧)ની જે વાત કરી છે તેની જોગવાઇ પહેલાં ન હતી, પરંતુ નિયમમાં જે સુધારો થયો, ખાસ કરીને વર્ષ ૧૯૮૬–૮૭માં નટવરલાલ શાહ નિયમોની સમિતિ માટેના પ્રમુખ હતા તે વખતે કેટલાક નિયમોમાં સુધારો કરવાની બાબત આવી. તે વખતે સુધારા ક્રમાંક–૧૩, નિયમ–૯૭(૧) નિયમ–૯૭માં પ્રસ્તાવ સુધારણા કરવા માટેની જે સમિતિ બની તેમાં સુધારો કરવા અંગે જે જોગવાઇઓ છે તેમાં નિયમ–૧૦૨ના પેટા નિયમ–(૭) મુજબ નિયમ–૧૦૨ હેઠળનો પ્રસ્તાવ ગૃહના મત માટે મૂકવાની જરૂર નથી અને તેથી આવા પ્રસ્તાવમાં સુધારા સૂચવવાની પરવાનગી આપવી નિરર્થક છે. સભ્યો નિયમ–૧૦૨ હેઠળના પ્રસ્તાવ ઉપર સુધારા રજૂ ન કરે તે હેતુથી નિયમ–૯૭નો પેટા નિયમ–(૧) સુધારવાનું સૂચવવામાં આવ્યું છે. સમિતિ આ સુધારાનો સ્વીકાર કરવા ભલામણ કરે છે અને માનનીય સંસદીય મંત્રીશ્રીએ વાત કરી. તદ્અનુસાર આ સચિવાલયની તા.૦૧/૦૯/૧૯૮૭ની અધિસૂચનાથી નિયમ–૯૭નો પેટા નિયમ–(૧)માં સુધારો કરી નિયમ–૧૦૨ હેઠળ છેલ્લા દિવસના પ્રસ્તાવમાં સુધારો કરી શકાશે નહીં તેમ ઠેરવ્યું છે. સુધારા તરીકે હું આ વાતને નિયમ–૯૭(૧) પ્રમાણે ન લઇ શકું પરંતુ અત્યારે જે સુપ્રીમકોર્ટના જજમેન્ટની બાબત આવી છે તે બંને બાબતો હું પાછળથી જોઇ લઇશ. હવે મેં આમાં જજમેન્ટ આપી દીધું છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે ક્વૉટેશન છે તેના પૂરતું ગૃહનું માત્ર ધ્યાન દોર્યું છે.

અધ્યક્ષશ્રી : હવે મને લાગે છે કે આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર લેવો ઠીક નથી. આ બાબતને હકારાત્મક લઇને ચર્ચા થાય તે બરાબર છે પરંતુ માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી છે તે વાત સાથે હું પણ સંમત થાઉં છું.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇએ જે આપ્યું છે તેમાં વર્ષ ૨૦૨૨માં નામદાર સુપ્રીમકોર્ટ આર્થિક રીતે પછાત (EWS) ને ૧૦ ટકા અનામત ..........

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ આપની વાત જ્યારે ચર્ચા થાય ત્યારે રજૂ કરજો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચાનો વિષય નથી. અનામતને માન્યતા આપી છે. આ અગાઉ સુપ્રીમકોર્ટના જજમેન્ટ પ્રમાણે ગુજરાત સરકાર ૫૦ ટકાથી વધારે અનામત આપી શકે નહીં. ગુજરાતમાં એસ.સી./એસ.ટી. ૨૨ ટકા, ઓ.બી.સી. ૨૭ ટકા એમ કુલ ૪૯ ટકાનું રિઝર્વેશન હતું. આ પહેલાં ગુર્જરો અને મરાઠાનું આંદોલન થયું છે. ગુજરાતમાં પણ વર્ષ ૨૦૧૫માં આંદોલન થયું છે. આ આંદોલનના સમર્થનમાં દેશની પાર્લામેન્ટમાં આર્થિક રીતે પછાત લોકોને ૧૦ ટકા અનામત આપવાની જાહેરાત કરી. દેશની પાર્લામેન્ટ એ સુપ્રીમ બોડી છે. એ સુપ્રીમ બોડીની જાહેરાતના અનુસંધાને નામદાર સુપ્રીમકોર્ટે તેને માન્ય રાખેલું છે. સુપ્રીમકોર્ટ પાસે કોઇ વિકલ્પ રહેતો નથી. માનનીય અમિતભાઇને આટલું કરેક્શન કરવા માટે કે આ સુપ્રીમ કોર્ટનો સુધારો નથી, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે, શ્રી નરેન્દ્રભાઇના મોદીના વડપણ હેઠળ EWSના પછાત લોકોને લાભ આપેલો છે.

**છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ–૧૦૨)(ક્રમશઃ)**
**જાતિ આધારિત વસતિ ગણતરી અંગે**

શ્રી અમિત ચાવડા (ક્રમશઃ): માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતને રાજકીય વિષય બનાવવાને બદલે પ્રસ્તાવ લાવવા પાછળનો મારો હેતુ એ જ હતો કે આપણે 'સબકા સાથ સબકા વિકાસ'ની વાત કરીએ છીએ. બાબાસાહેબ આંબેડકરના નેતૃત્વમાં બનેલા બંધારણ મુજબ દેશની તમામ સત્તા/સંપતિ પર બધાનો સરખો અધિકાર છે. આજે સરકારની તિજોરીમાં જે નાણાં જમા થાય છે એમાં પણ દરેક નાગરિકનું યોગદાન છે. એમાં જ્યારે બજેટ, કાયદા, નીતિઓ કે વિકાસના પ્લાન બનતા હોય ત્યારે સમાજના વંચિત સમૂહો છે એનું વિશેષ ધ્યાન રાખવું જોઇએ. પણ ક્યાંક એવી પરિસ્થિતિનું પણ નિર્માણ થયું છે કે ચોક્કસ વર્ગ કે વિસ્તારનો વિકાસ વધારે થાય અને બાકીના લોકો સાથે ભેદભાવભર્યુ વર્તન થતું હોય એવું રાજ્યના અનેક બજેટમાંથી સ્પષ્ટ જોઇ શકાય છે. એક જ દાખલો આપું તો, રાજ્યની પર ટકા વસ્તી ઓ.બી.સી. સમાજની છે તેમ છતાં એનું બજેટ જોઇએ તો એક ટકા રકમ પણ બજેટમાંથી ફાળવવામાં આવતી નથી. બંધારણની જોગવાઇ મુજબ એસ.સી. અને એસ.ટી.ની વસ્તી ગણતરી થાય છે. આ અંગેના આંકડાઓ હોય છે અને સામાજિક, આર્થિક સ્થિતિનો અભ્યાસ પણ હોય છે. એટલે એના માટેની યોજના, બજેટ કે વિકાસ કામો કરવાનાં હોય તો આ બાબતનો અંદાજ રહે છે. માનનીય અધ્યક્ષશ્રી, ઓ.બી.સી. વર્ગ, ઇ.ડબલ્યુ.એસ. વર્ગ કે અન્ય લોકોનો કોઇ અભ્યાસ થતો નથી. આ સમાજના આર્થિક, સામાજિક સ્થિતિના આંકડા કે ડેટા રાજ્ય સરકાર પાસે હોતા નથી. આજે પણ રાજ્યમાં બી.પી.એલ. યાદી અદ્યતન બની શકતી નથી. કારણ કે, એનો જે આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સરવે થવો જોઇએ એ ઘણાં વર્ષોથી થતો નથી. જો આ વિગતો આપણી પાસે હશે તો કયા સમાજની કેટલી વસ્તી, કયા ગામમાં અને કયા વિસ્તારમાં છે એની આર્થિક સ્થિતિ શું છે એ જાણી શકીશું. સામાજિક સ્થિતિ અને શૈક્ષણિક સ્થિતિના આધારે નીતિ નિર્ધારણ કરીશું તો હું માનું છું કે બધા વર્ગને આપણે ન્યાય આપી શકીશું. ફક્ત સૂત્ર આપવાથી બધાને વિકાસમાં સહભાગી બનાવી શકાય નહીં પણ એના માટેની ચોક્કસ નીતિઓ નિર્ધારિત કરવી પડશે. આ બધું જ કરવા માટે તમારી પાસે ડેટા, આંકડા અને એની સાચી પરિસ્થિતિ પણ હોવી જોઇએ. બંધારણે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. સમાજને અનામત આપી અને અનામત આપ્યા પછી એને રાજકીય અનામત મળી હોય, શિક્ષણમાં અનામત મળી હોય કે નોકરીમાં અનામત મળી હોય એનાથી એના સમાજના જીવનધોરણમાં શું ફેરફાર આવ્યો? એની આર્થિક, સામાજિક કે શૈક્ષણિક વ્યવસ્થાઓમાં કેટલા પોઝિટિવ અને નેગેટિવ પરિવર્તનો આવ્યા? અને આ સમાજની પેટા જ્ઞાતિઓ પણ હોય છે એમાં કયો વર્ગ વંચિત રહી ગયો? આ તમામ બાબતોનો અભ્યાસ થાય તેમજ એના આંકડા અને ડેટા હોય તો રાજ્ય સરકાર એના આવનારા કાર્યક્રમો, બજેટ કે નીતિઓનું નિર્ધારણ કરે એમાં ઉપયોગી થઇ શકે. સાથે–સાથે હાલની જે નીતિઓ છે એની આપણે વાતો કરીએ છીએ, બજેટ ફાળવીએ છીએ પણ ચોક્કસ સમૂહ સુધી એનો લાભ પહોંચ્યો છે કે નહીં? એ સમૂહોના જીવનધોરણમાં એની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયો છે કે નહીં? એનો ડેટા ક્યારે મળે? જ્યારે આપણે એની ગણતરી કરીએ અને એનો અભ્યાસ કરીએ. મારી રાજ્ય સરકારને જે સત્તા છે એના પૂરતી જ વિનંતી છે. કલેક્શન ઓફ સ્ટેટેસ્ટિક એક્ટ–૨૦૦૮ છે એમાં રાજ્ય સરકારને ડેમોગ્રાફિક રીતે સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સર્વે કરવાની સત્તા છે. મારી રાજ્ય સરકારને આ પ્રસ્તાવથી એટલી જ વિનંતી છે કે રાજ્ય સરકારને જે સત્તાઓ મળી છે એ મુજબ ગુજરાતની આ તમામ જ્ઞાતિઓ, સમૂહોની સામાજિક, આર્થિક ગણતરી કરવામાં આવે અને એના આધારે ડેટા પ્રસ્થાપિત થાય. અહીંયા જે સમર્પિત આયોગની વાત થઇ......

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂર્ણ થઇ ગયો છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ. સમર્પિત આયોગે રિપોર્ટ આપ્યો પણ આજ દિન સુધી આ રિપોર્ટ કોઇ પોર્ટલ પર પ્રસિદ્ધ કરવામાં આવતો નથી. એણે જે ભલામણો કરી છે એ મુજબ અમલ પણ થતો નથી. એટલા માટે જ આ સરવે થવો જરૂરી છે. જેથી, આ રાજ્યમાં કોને કેટલો લાભ મળ્યો.... પેલો બજેટનો હલવો બનતો હોય તો બનાવનારા કોણ છે?......

શ્રી રમણલાલ ઇ. વોરા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, જાતિ આધારિત વસ્તી ગણતરીની વાત અહીંયા ચાલે છે. આ જાતિ આધારિત વસ્તી ગણતરી પાછળ દેશમાં ખૂબ મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે. આ ષડયંત્રના ભાગ સ્વરૂપે આ ભારતનું બંધારણ નથી. વર્ષ ૨૦૨૪ની ચૂંટણીમાં આખા દેશમાં લહેરાવીને કહેવામાં આવ્યું છે, આમાં આમુખ નથી. જે * (xxx) બંધારણની સમજ ન પડે એના માટેનું સંક્ષિપ્ત વિવરણ એના આયોજકોએ કરેલું છે. આખા દેશમાં આ બતાવવામાં આવ્યું છે અને કહેવામાં આવ્યું છે કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર સત્તામાં આવશે તો અનામત જશે. આ જ વાત કોંગ્રેસના આદરણીય વિરોધપક્ષના નેતાશ્રી રાહુલ ગાંધીજીએ કરેલી છે. એમના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી મલ્લિકાર્જુન ખડગેએ આ વાત કરેલી છે.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા.૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

શ્રી રમણલાલ ઈ. વોરા : એસ.સી. અને એસ.ટી. વર્ગની દર દસ વર્ષે વસતી ગણતરી થાય છે, એ આપણે બધા જાણીએ છીએ. આંકડાઓનું શું કહેવું છે એ મારે તમારા ધ્યાન ઉપર મૂકવું છે. પ્રતિ વ્યકિતદીઠ ખરીદ શક્તિમાં શિડ્યુલ ટ્રાઇબનો વર્ષ ૨૦૧૧-૧૨નો આંકડો દર મહિને ૧૧૨૨ છે. એસ.સી.નો ખરીદશક્તિનો દર ૧૨૫૨ છે. હું આ વર્ષ ૨૦૧૧-૧૨ની વાત કરું છું. માનનીય નરેન્દ્રભાઇ મોદીના દસ વર્ષના શાસન પછી વર્ષ ૨૦૨૨-૨૩માં એસ.ટી.ની ખરીદશક્તિ ૧૧૨૨થી વધીને ૩૦૧૬ થઇ છે. એસ.સી.ની ખરીદશક્તિ ૧૨૫૨થી વધીને ૩૪૭૪ થઇ છે. આ દસ વર્ષના સમયગાળામાં ૬૦ વર્ષમાં કોની સરકારે શું કર્યું એ જોવાનું છે. જે વખતે ડૉ. બાબા સાહેબ આંબેડકરે બંધારણ આપ્યું ત્યારે એમની પહેલી વાત જાતિહીન સમાજ રચનાની હતી. બંધારણમાં સહી કર્યા પછી એમનું પહેલું વાક્ય હતું કે, અત્યાર સુધી મહારાણીના પેટમાંથી રાજા જન્મતાં હતા હવે મતપેટીમાંથી રાજા પેદા થશે. આ ડૉ. બાબા સાહેબ આંબેડકરનું સૂચન હતું. એમણે એ પણ કહેલું કે ભારતના બંધારણ કરતાં કોઇપણ દેશનું બંધારણ કેવું છે તે એના પાલનકર્તા ઉપર આધારિત છે. એનું ઇન્ટરપ્રિટેશન કેવી રીતે કરે છે? એ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે અત્યાર સુધીના સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં આદરણીય નરેન્દ્રભાઇ મોદીને બાદ કરતા ૩૫૬ની કલમ ૧૩૪ વખત લગાવીને ૧૩૪ સરકારોને પાડવામાં આવી છે. જે લોકો બાબા સાહેબ આંબેડકરની વાત કરે છે તેઓએ બાબા સાહેબ આંબેડકરને એક ઘડી પણ શાંતિથી સૂવા દીધા નથી. સાક્ષરતાનો દર....

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : આમાં સમય થોડો છે અને પોઇન્ટ ઓફ ઓર્ડરમાં કેટલીક ચર્ચા જતી રહેશે. મંત્રીશ્રીને સમય આપવાનું ઓછું થઇ જશે. બાકીના સભ્યશ્રીઓને કઇ રીતે સમય આપીશ?

શ્રી અમિત ચાવડા : માનનીય રમણભાઇએ જે ઉલ્લેખ કર્યો કે આ લોકોએ બાબા સાહેબ આંબેડકરને ચેનથી સૂવા દીધા નથી. બાબા સાહેબ આંબેડકર વિશ્વવિભૂતી છે એમને ચેનથી સૂવા ના દીધા. એ તો માનનીય રમણભાઇ તો જોવા ગયા નહીં હોય કે એમને કહેવા આવ્યા નહીં હોય.

અધ્યક્ષશ્રી : આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ડૉ. બાબા સાહેબ આંબેડકર માટે ચેનથી સૂવા દીધા નથી એવા શબ્દો રેકર્ડ ઉપર ન રહેવા જોઇએ. ડૉ. બાબા સાહેબ આંબેડકર એવી વિશ્વ વિભૂતી હતા કે એમની નિંદ કોઇ હરામ કરી શકે નહીં. એમણે બંધારણ બનાવ્યું એના લીધે આજે પણ ભલભલાની ઊંઘો ઉડી જાય છે. આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, મારું ધ્યાન બીજે હતું. હું જોવડાવી લઇશ. પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. એમણે કયા પરિપ્રેક્ષ્યમાં વાત કરી છે એ હું પાછળથી જોઇ લઇશ. આમાં સમય પૂરો નહીં થાય.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકરે, તા. ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૫૬ના રોજ દિલ્હી ખાતે ૨૬, અલીપુર રોડ ઉપર એમણે છેલ્લા શ્વાસ છોડ્યા. એમના પાર્થિવ દેહને મુંબઇ લઇ જવાનો હતો. ડો. બાબાસાહેબ આંબેડકર શ્રમ અને રોજગાર મંત્રી હતા, ડો. બાબાસાહેબ આંબેડકર કાયદા મંત્રી હતા, એમના પાર્થિવ દેહને દિલ્હીથી મુંબઇ લઇ જવાનું પ્લેન પંડિત જવાહરલાલ નહેરૂની સરકારે નહોતું આપ્યું. એ દિવસોમાં ડો. બાબાસાહેબ આંબેડકરના પાર્થિવ દેહને જયારે અગ્નિ સંસ્કાર આપવાનો હતો ત્યારે એક લાખ કરતાં વધારે લોકો ઘૂંટણભર પાણીની અંદર ઊભા રહીને એમને અગ્નીદાહ આપ્યો છે. સરકારે એમને યોગ્ય જગ્યાએ અગ્નિદાહ આપવાની વ્યવસ્થા કરી નહોતી અને એટલા માટે મારે કહેવું પડે છે કે વર્ષ ૧૯૫૫માં સ્વ. પંડિત જવાહરલાલ નહેરૂને ભારત રત્ન એવોર્ડ મળ્યો..(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારું આપ ચાલું રાખો..

શ્રી રમણલાલ ઈ. વોરા : પણ લીંક તૂટી જાય છે.

અધ્યક્ષશ્રી : તમે તમારી લીંક ના તૂટવા દેશો. તમે તમારા કામમાં ધ્યાન આપો.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૫૫માં પંડિત જવાહરલાલ નહેરૂને ભારત રત્નનો એવોર્ડ મળ્યો, મળવો જોઇએ. સન ૧૯૭૧માં સ્વ. શ્રીમતી ઇન્દિરાબેન ગાંધીને ભારત રત્ન એવોર્ડ મળ્યો, મળવો જોઇએ. સન ૧૯૮૪માં સ્વ. રાજીવ ગાંધીને એવોર્ડ મળ્યો, મળવો જોઇએ. ડો. બાબાસાહેબ આંબેડકરને કેમ નહીં? અત્યાર સુધી દલિતોના નામે વોટ બેંક કરીને સત્તા ઉપર બેઠેલા લોકોએ ડો. બાબાસાહેબ આંબેડકરને ભારત રત્નનો ઇલકાબ આપ્યો નહોતો. દિલ્હીના સેન્ટ્રલ હોલમાં ડો. બાબાસાહેબ આંબેડકરનું સ્ટેચ્યૂ મૂકવામાં આવ્યું નહોતું. ડો. બાબાસાહેબ આંબેડકર જયાં જન્મ્યા એ તીર્થભૂમિને કયારેય કોંગ્રેસે સ્વીકારી નથી અને એટલા માટે મેં કહ્યું કે પહેલી વખત ડો. બાબાસાહેબ આંબેડકરના બંધારણની શરૂઆત કોઇએ કરી હોય તો તત્કાલીન ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી છે. તેમણે સુરેન્દ્રનગરની પવિત્ર ધરતી ઉપરથી બંધારણ, સંવિધાનની યાત્રા કાઢીને આ બંધારણને એમણે મહત્ત્વ આપ્યું છે. અત્યાર સુધી દેશના લોકોને બંધારણીય દિવસ કયો એ ખબર નહોતી. તા.૨૬મી નવેમ્બરને બંધારણીય દિવસ તરીકે ઊજવીને ત્રણ દિવસ સુધી એની ચર્ચા આ દેશે પહેલી વખત કરી છે. મારો કહેવાનો મતલબ છે કે ડો. બાબાસાહેબ આંબેડકરને સાચી શ્રદ્ધાંજલિ આપવાનું કામ કર્યું નથી. આજે હમણાં સુપ્રીમકોર્ટે પણ કહ્યું છે કે જે લોકો પાંચ હજાર વર્ષોથી જે દલિત સમાજ અત્યાચારનો

ભોગ બનતો આવ્યો છે એ આઝાદીના હજી ૭૫ વર્ષ નથી થયાં અને ત્યાં સુધી તો તમે આગળ વધી ગયા અને એના માટે એસ.સી., એસ.ટી. બધા આગળ વધી ગયા, અમે પાછળ રહી ગયા.(અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે તમારો ચર્ચાનો સમય પૂરો થયો છે.(અંતરાય) તમે બેસો તમારે અત્યારે ચર્ચા ના હોય, આપનો પણ સમય પૂરો થયો છે. અહીંયા તમને ૧૦ મિનિટ આપેલી છે એટલી વાત છે. (અંતરાય) માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલ...

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી): માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી અમિતભાઇ ચાવડા જાતિ આધારિત વસ્તી ગણતરી કરવા માટેનો જે પ્રસ્તાવ નિયમ-૧૦૨ મુજબ લાવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય દંડકશ્રી, આપે સૂચના આપવી જોઇએ. જેટલા સભ્યશ્રીઓ વધારે બોલશે, મંત્રીશ્રીના જવાબનો સમય એટલો ઓછો થઇ જશે. આમાં વધારાનો સમય થઇ શકતો નથી. તમે કન્ટ્રોલ કરીને નક્કી કરજો. હું એકવાર ઘંટડી વગાડું છું. પછી તમારે નક્કી કરી લેવું પડે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જાતિ આધારિત ગણતરીનો વિષય આવે તો સ્વાભાવિક છે કે આદિવાસી સમાજમાંથી મારે આ ગૃહમાં મારા વિચારો રજૂ કરવા જોઇએ. આ દેશની અંદર જ્યારે પણ જાતિ આધારિત ગણના થઇ છે ત્યારે દરેક રાજ્ય ઉપર અને રાજ્ય પાસેથી એના એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી. છે એના પરથી ડેટા લેવામાં આવ્યા છે. વર્ષ ૧૯૫૧ થી ૨૦૧૧ સુધી મને લાગે છે કે મોટાભાગનું શાસન કોંગ્રેસનું રહ્યું છે. એમાં કદાચ આદરણીય અટલજી અમારા પ્રધાનમંત્રીનો સમય બાદ કરીએ. આટલા શાસનની અંદર આ ગૃહના ઘણા વડીલ સભ્યો પણ છે. શ્રી અમિતભાઇની વાત જ્યારે હું સાંભળતો હતો કે બંધારણીય રીતે જે રીતે એસ.ટી.ને એની રીતે હક્ક મળવો જોઇએ. પછી એ અનામતની વાત હોય કે એના વિસ્તારના વિકાસની વાત આવે. એસ.સી.ને પણ મળવો જોઇએ. હું આદિવાસી આગેવાન તરીકે કહું છું કે અમને આદિવાસીના ૧૫ ટકા પ્રમાણે મને લાગે છે કે ૨૧ જિલ્લામાં અમારો આદિવાસી સમાજ મળી આવે છે અને આજે ભારતના રાષ્ટ્રપતિએ જે તે સમયે થોડા સુધારા કરવા પડ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી પેટા જ્ઞાતિ ૩૧ છે અને આ ૩૧નો સમૂહ બન્યો અને એ વર્ગ બનીને એસ.ટી. જનજાતિ બની છે. જ્યારે આ જાતિની ગણતરી કરવામાં આવે ત્યારે મારે ગંભીરતાથી શ્રી રમણભાઇએ વાત કરી છે, અનુભવી માણસ છે ત્યારે અમે દરેક ઇલેકશનમાં સામનો કરીએ છીએ. આજે ગણતરી કરવા જાઓ તો અમુક લોકો રાજકીય સ્વાર્થના કારણે અમે હિન્દુ આદિવાસી છીએ છતાં એમ પ્રચાર કરે છે કે તમે હિન્દુ નથી. તમે ફક્ત આદિવાસી લખાવો. આવનારા દિવસોમાં કેવો વર્ગ વિગ્રહ થશે? અમારા આદિવાસી સમાજને ક્યાં લઇ જવા માગીએ છીએ? આ ગૃહમાં હું પણ ત્રીજી વખત ચૂંટાઇને આવું છું. આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ જે સમયે આ રાજ્યમાં ધૂરા સંભાળી એ સમયે એમણે પૂરો અભ્યાસ કર્યો. ભૂતકાળના શાસનમાં લાંબા સમય સુધી કોંગ્રેસનું શાસન રહ્યું તેમ છતાં આદિવાસી સમાજને મળેલ હક્કો પ્રમાણે એના વિસ્તારનો વિકાસ થયો નથી. એટલા માટે જ વનબંધુ પેકેજ બનાવ્યું અને ૧૫ ટકા વસ્તી પ્રમાણે અમારા વિસ્તારમાં આજે વિકાસ થઇ રહ્યો છે. એમાં જરા પણ બાંધછોડ નથી પણ પેટા જ્ઞાતિઓની ગણતરી કરશો તો આવનારા દિવસોમાં કેટલો વર્ગ વિગ્રહ થશે એ આપણે કલ્પના ન કરી શકીએ. એટલા માટે શ્રી અમિતભાઇ, તમારી વાત સાથે સહમત નથી. તમે જે ગણતરી કરી રહ્યા છો, ઓ.બી.સી.ને અન્યાય થતો નથી, એસ.સી.ને કોઇ અન્યાય થતો નથી. અમારા પ્રધાનમંત્રીશ્રી અને અમારા મુખ્યમંત્રીશ્રી, અમારા પ્રધાનમંત્રીની વાતમાં એક જ વાત આવે છે કે 'સૌનો સાથ સૌનો વિકાસ'. ક્યારેય પણ કોઇ જ્ઞાતિ માટે બોલ્યા નથી. એક જ વાત કરી છે કે મારો પરિવાર એટલે ૧૪૦ કરોડ જનતા આ દેશની છે એ મારો પરિવાર છે. ક્યારેય કોઇ જાતિ આધારિત વાત કરી નથી. શા માટે વર્ગ વિગ્રહની વાત આવે છે? શાના માટે ગણતરી કરવાની વાત કરો છો? છેલ્લાં ત્રણ વર્ષના આંકડાની વાત કરું તો વિકાસની વાત આવે ત્યારે આ ત્રણ વર્ષની અંદર એક વર્ષે રૂપિયા ૧૪,૬૩૮ કરોડનું બજેટ ટ્રાયબલ વિસ્તારમાં આપ્યું. બીજાં વર્ષે રૂપિયા ૧૮,૭૫૪ કરોડનું બજેટ આપ્યું અને ત્રીજા વર્ષે ૨૨,૦૨૨ કરોડ રૂપિયાનું બજેટ આદિવાસી વિસ્તારને મળ્યું. ક્યાં અન્યાય થયો?

માનનીય અધ્યક્ષશ્રી, આજે શિક્ષણની વાત કરીએ ભૂતકાળ તપાસું તો એક ગામમાં નહીં, ૨-૪ ગામ વચ્ચે નહીં, તાલુકામાં સાયન્સ શાળા હતી. આદિવાસી વિદ્યાર્થી અપેક્ષા રાખે કદાચ કોઇ સારી ફેકલ્ટીમાં જવા માટે સાયન્સ શાળા હોવી જોઇએને? આજે અમે ગર્વ સાથે કહી શકીએ કે દરેક જગ્યાએ સાયન્સ શાળા છે, દરેક તાલુકામાં સાયન્સ કોલેજ છે, અનેક પ્રકારની સુંદર શિક્ષણની વ્યવસ્થા ઊભી કરી છે અને માંડમાંડ અમને અત્યારે અનામતનો લાભ મળી રહ્યો છે ત્યાં તો કેટલાક લોકોના વિચાર બદલાવા લાગ્યા છે. બહુ જવાબદારીપૂર્વક કહું છું કે અમે બધા લોકો ભાઇચારાથી રહેનારા લોકો છીએ. આદિવાસી સમાજની અંદર કોઇપણ પ્રકારનો વર્ગવિગ્રહ નહીં થાય એની ચિંતા સતત કરવી જોઇએ અને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે એમાં અમને કોઇ શંકા નથી. આદિવાસીને ભરોસો હશે તો જ આ સભાગૃહની અંદર અમે ૨૩ ધારાસભ્યો આદિવાસી ચૂંટાયા છીએ. હું વિશેષ વાત કરતો નથી પણ શ્રી અમિતભાઇ આ પ્રસ્તાવ લઇને આવ્યા છે એ વાત સાથે અમે સંમત નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

તા.૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી કોંગ્રેસ પક્ષે જ્યારે સત્તામાં હતા ત્યારે જે ન કર્યું એની અત્યારે માગણી કરે છે. આટલાં વર્ષ વિચાર ન આવ્યો અત્યારે શું કરવા આવ્યો? એના કારણોમાં કાંઇક હશે એવું માનવાને કારણ છે. હું કોલેજમાં ભણતો હતો ત્યારે મેં એક સ્ટોરી વાંચી હતી એનું નામ હતું Rip van Wrinkle Published by Washington Irving. એમાં એક રાજકુમાર છે એને કોઇ વિચિત્ર માણસ ભટકાઇ ગયો અને એ લાંબી ઉંઘમાં દશકાઓ સુધી સૂતો રહે છે પછી જાગે છે એ જાગે છે ત્યારે દુનિયા બદલાઇ ગઇ હોય છે. એ સૂતો હતો ત્યારે રાજાશાહી હોય છે, જાતિવાદ હોય છે, શોષણ હોય છે અને જયારે જાગે છે ત્યારે લોકશાહી હોય છે. બધી જાતિઓ આગળ વધતી હોય છે. ડેમોક્રેસીની અંદર સૌને પોતાની વાત કરવાનો અધિકાર હોય છે અને છતાં પેલો જે માણસ રીંકલ છે એને આપણે સગવડતા ખાતર યુવરાજ કહીશું. એ યુવરાજને તો એવું છે કે હજી રાજાશાહી છે. જાતિવાદની અંદર લોકોને લડાવીએ તો ફરી પાછું આપણું શાસન આવે એટલે એ પહેલા તો પોતાના પરિવારમાં એસ્ટાબ્લિશ થવાની કોશિશ કરે છે એટલે સમજદાર વડીલોને દૂર કરી નાખે છે અને પછી માલિકી કરે છે. પછી અખતરાઓ કરે છે પણ એને લોકોનો ટેકો મળતો નથી એટલે ફરી પાછું જાતિવાદના નામે લડાવવાની રમત શરૂ કરે છે.

અહીંયા શ્રી અમિતભાઇ ચિંતા કરે છે કે જીસકી જીતની સંખ્યા ભારી, ઉસકી ઇતની હિસ્સેદારી. વાત સાચી છે. હું પણ ટેકો આપું છું. ઓ.બી.સી.ની વસ્તી ખૂબ સારી છે. જે યુવરાજ વાત કરે છે એની જાતિની વાત આપણે કરવી નથી, પરંતુ વર્તમાન વડાપ્રધાન છે એમણે તો સબકા સાથ સબકા વિકાસની વાત કરી. કોઇ જાતિવાદની વાત કરી નથી. છતાં એ ગરીબનો દીકરો, ચા વેચનારાનો દીકરો આજે વડાપ્રધાન છે. જેની વસ્તી વધારે છે એનો પ્રતિનિધિ છે અને એ પ્રતિનિધિ એટલે જ્ઞાન, ગરીબ, યુવા, અન્નદાતા અને નારી. સૌથી વધારે જેનો વિશ્વાસ સંપાદન કર્યો છે એ ત્યાં બેઠા છે. એટલે આની પાછળ શ્રી અમિતભાઇનો ઇરાદો એવો હોત કે આમાં કંઇ ફાયદો થાય એવો છે તો જરૂરથી ટેકો આપત. તમારી વાત એવી છે કે ગણતરી કરીને તમારું એમ કહેવું છે કે પર ટકાની વસ્તી છે. બધા સ્વીકારે છે કોણ ના પાડે છે? વધારેમાં વધારે સાડા સત્યાવીશ ટકા એને અનામત આપી શકાય છે. દરેક તબક્કાની અંદર સરકારે આપી દીધી છે અને કંઇ ઘટતું હોય તો શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર બેઠી છે. બધું કરવા માટે તૈયાર છે પણ આ તો વોટ મળતા નથી એટલા માટે કરવું છે તો ચાલશે નહીં અને આ મારીને ભાગી જવું એવી વાત છે. પ્રજાની વચ્ચે રહે, તમે મજૂરી કરો છો તો ત્યાં પણ મજૂરી કરવાનું કહો. એને સમજાવો કે ગરીબી કેવી રીતે હોય? મોદી સાહેબે ગરીબી જોઇ છે. એમણે તો સાત પેઢીમાં ગરીબી જોઇ નથી અને છતાં ગરીબોની વાત કરીને લેવું છે. છેલ્લી એક વાત કરી લઉં. માનનીય અધ્યક્ષશ્રી, જો કંઇક ઘટતું હોય તો માનનીય અમિતભાઇ અને સાથી મિત્રો અને તેઓ બધા મારા મિત્રો છે એટલે કહું છું કે, શ્રીમતી ભાનુબેને 'વિકસતિ જાતિઓ વિકાસના પંથે' તે અંગેની બહુ સરસ બુકલેટ બનાવી છે. જેમાં ઓ.બી.સી. જાતિઓ માટે શું શું કરી શકાય તે અંગેની માહીતી છે તે વાંચી જજો. ઘટતું હોય તો માનનીય ભાનુબેનને કહેજો. અહીં મુખ્યમંત્રીશ્રી અને શ્રી કનુભાઇ ઉદાર છે એટલે જે ઘટતું હશે તે કરી દેશે. બહેન તમે પણ જે બુકલેટ છે તે તમારી પાસે હોય તો બધા મિત્રોને મોકલાવજો તેવી મારી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇ આજે છેલ્લા દિવસનો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં એવું લાગે છે કે, આ પ્રસ્તાવથી જાતિ ગણતરી એક જ માત્ર દેશના વિકાસ માટેનો વિકલ્પ વધ્યો છે. તેમનો આખો પ્રસ્તાવ મેં વાંચ્યો છે. પ્રસ્તાવની અંદર એવું ફલિત થાય છે. આખા પ્રસ્તાવની અંદર જાતિ આધારિત વસતિ ગણતરી. એક જ પ્રકારનો એજન્ડા વર્ષોથી કોંગ્રેસે આ જ કર્યું છે. વર્ષ ૧૯૪૭થી આજ સુધી ભાગલા પાડો અને રાજ કરોની નીતિ અંગ્રેજો પાસેથી શીખ્યા હતા અને અંગ્રેજો શીખવાડતા ગયા હતા કે, લાંબુ રાજ કરવું હોય તો દેશને એક થવા દેશો નહીં, બે જ્ઞાતિઓને એક થવા દેશો નહીં. નહીં તો લાંબુ રાજ નહીં કરી શકો. આ તો સદનસીબ હતા, ભારતના સદનસીબ હતા કે ૨૧મી સદીનું પ્રભાત ગુજરાતથી પડ્યું.

